યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત
આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

ધર્મબિંદુ પ્રકરણ

શબ્દશઃ વિવેચન

ભાગ–૨



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ધર્મબિંદુ પ્રકરણ ભાગ-૨

શબ્દશઃ વિવેચન

❖ ગ્રંથકાર ❖

યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

❖ ટીકાકાર ❖

આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા


✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

* સંકલનકારિકા *

સ્મિતા ડી. કોઠારી

❖ પ્રકાશક ❖



શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ધર્મબિંદુ પ્રકરણ ભાગ-૨ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૮ ✦ વિ. સં. ૨૦૬૮ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૩૪૫-૦૦

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

卐 આર્થિક સહયોગ 卐

એક સદ્‌ગૃહસ્થ તરફથી – મુંબઈ

અમારા ધાર્મિક પ્રસ્થાનમાં નિમિત્ત બનેલા સૌ કલ્યાણમિત્રોને સાદર અર્પણ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૩૩

શ્રુતદેવતા ભુવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ

શનય-૨, લોઅર ગ્રાઉન્ડ ફ્લોર, ગાંધીગ્રામ સ્ટેશન સામે, અમદાવાદ. ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા,
શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૬૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ.

તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્‌ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. જૈનશાસન સ્થાપના
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. પ્રશ્નોત્તરી

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો (ગુજ.)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. सेवो पास संखेसरो (हिन्दी)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન

૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન

૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧

૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ–૧
૨. ધર્મતીર્થ ભાગ–૨

સંકલના

તૃતીય અધ્યાય :-

બીજા અધ્યાયમાં બતાવ્યું એ પ્રકારે સદ્ધર્મના શ્રવણથી યોગ્ય જીવ વિશેષ પ્રકારના કર્મમલ વગરનો બને છે. જેથી યુક્તિ અને અનુભવ અનુસાર ભગવાનના વચનનું રહસ્ય, સંસારની વ્યવસ્થા, સંસારના ઉચ્છેદના ઉપાયો તે મહાત્માને હાથમાં રહેલા પદાર્થની જેમ દેખાય છે. તેથી તે મહાત્માને સતત સંસારના ઉચ્છેદનું કારણ બને એવો મહાસંવેગ ઉત્પન્ન થાય છે. તેના કારણે તે મહાત્માને પોતાની ભૂમિકા અનુસાર ધર્મ સેવવાની ઉત્કટ ઇચ્છા થાય છે. તેથી પોતાની શક્તિનું સૂક્ષ્મ આલોચન કરીને તે મહાત્મા ઉત્તરની ભૂમિકાના કારણીભૂત ધર્મ સ્વીકારવા માટે તત્પર થાય છે. અને ભગવાને આવા જીવને જ દેશવિરતિ કે સર્વવિરતિ આપવાને યોગ્ય સ્વીકાર્યો છે. તેથી તેવા જીવને કઈ રીતે ધર્મ આપવો જોઈએ તેનું વિસ્તારથી વર્ણન ત્રીજા અધ્યાયમાં કરેલ છે.

વળી, ધર્મ સ્વીકારવાની પ્રવૃત્તિ એ ઉત્તરના ધર્મની નિષ્પત્તિને અનુકૂળ એવા વિમલભાવ સ્વરૂપ છે, પરંતુ માત્ર પ્રતિજ્ઞા લેવા સ્વરૂપ નથી કે ગ્રહણ કરાયેલી પ્રતિજ્ઞા અનુસાર માત્ર બાહ્ય આચરણા સ્વરૂપ નથી. તેથી અત્યંત સંવેગપૂર્વક જે મહાત્મા પોતાની ભૂમિકા અનુસાર વ્રત ગ્રહણ કરે છે ત્યારે તેઓનું ચિત્ત તે વ્રતગ્રહણના બળથી અને અપ્રમાદથી સ્વીકારાયેલા વ્રતના પાલનથી ઉત્તર-ઉત્તરના ભાવમાં જવા માટે અત્યંત અભિમુખ બને છે.

વળી, દેશવિરતિ કે સર્વવિરતિ ધર્મ સમ્યક્ત્વની પ્રાપ્તિ વગર ગ્રહણ કરવો ન્યાય્ય નથી. માટે મહાત્મા યોગ્ય જીવને કઈ રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય ? તે માટે પ્રથમ ઉપદેશ આપે છે. જેથી સમ્યક્ત્વને પામીને ભાવથી દેશવિરતિને અનુકૂળ ઉદ્યમ કરીને તે મહાત્મા ઉત્તર-ઉત્તરની ભૂમિકાને પામે.

વળી, સમ્યક્ત્વ પામ્યા પછી કેટલાક સાત્ત્વિક જીવો શીઘ્ર સર્વવિરતિને પ્રાપ્ત કરી શકે તેવા છે. આવા યોગ્ય જીવોને ઉપદેશક સર્વવિરતિનો તે રીતે જ સૂક્ષ્મ બોધ કરાવે છે જેથી સર્વવિરતિને ગ્રહણ કરીને શીઘ્ર સંસારનો ઉચ્છેદ કરે.

વળી, જેઓ સમ્યક્ત્વ પામ્યા પછી સર્વવિરતિના અર્થી છે છતાં સર્વવિરતિ માટે યત્ન કરી શકે તેવા નથી તેવા યોગ્ય જીવોને શ્રાવકધર્મના બાર વ્રતો અને તેના અતિચારોનો સૂક્ષ્મબોધ થાય તે રીતે વિસ્તારથી વર્ણન પ્રસ્તુત અધ્યાયમાં કરેલ છે તે પ્રમાણે શ્રાવકધર્મનો યથાર્થ બોધ કરીને જેઓ સ્વશક્તિ અનુસાર શ્રાવકધર્મ સેવે છે તેઓ સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. જેમ કોઈ વિષમ પર્વત હોય અને બુદ્ધિમાન વ્યક્તિ ક્રમસર એક એક ડગલાં દ્વારા ક્રમસર તે પર્વતનું આરોહણ કરીને પર્વતના શિખર ઉપર પહોંચે છે તેમ સૂક્ષ્મતત્ત્વને પામેલ સમ્યગ્દૃષ્ટિ જીવો પણ સ્વભૂમિકા અનુસાર દેશવિરતિને સ્વીકારીને અને પ્રતિદિન સર્વવિરતિધર્મના સૂક્ષ્મભાવોનું આલોચન કરીને, સાધુસામાચારીનું શ્રવણ કરીને અને સાધુધર્મનું

ભાવન કરીને ઉત્તર-ઉત્તરના ભાવોમાં આરોહણ કરે છે જેનાથી ચારિત્રને અનુકૂળ બળ સંચયવાળા થાય છે. તેથી દુષ્કર એવા ચારિત્ર માટે ભગવાને આદ્ય ભૂમિકામાં બળ સંચય કરવા માટે દેશવિરતિધર્મ બતાવેલ છે. આ પ્રકારે વર્ણન કરીને ગ્રંથકારશ્રીએ ત્રીજો અધ્યાય સમાપ્ત કર્યો છે.

ત્રીજા અધ્યાયના પદાર્થો સંક્ષેપથી આ પ્રમાણે છે –

યોગ્ય ઉપદેશકનાં ઉપદેશથી તત્ત્વને પામેલો શ્રોતા કેવા પ્રકારનાં મહાસત્ત્વવાળા બને છે ? તેની સ્પષ્ટતા શ્લોક-૧માં કરેલ છે. અને ઉપદેશ દ્વારા તત્ત્વને પામેલો જીવ કઈ રીતે ધર્મગ્રહણમાં પ્રવૃત્તિ કરે છે તેનું સ્વરૂપ શ્લોક-૨માં સ્પષ્ટ કરેલ છે.

વળી, વિવેકપૂર્વક ધર્મગ્રહણમાં પ્રવૃત્ત જીવ જ ધર્મગ્રહણ માટે યોગ્ય છે અન્ય નહિ તેની સ્પષ્ટતા શ્લોક-૩માં કરેલ છે.

ત્યારપછી તેવા યોગ્ય જીવને કઈ રીતે ઉપદેશકે ધર્મનું પ્રદાન કરવું જોઈએ તેની વિસ્તારથી વિધિ ગ્રંથકારશ્રીએ બતાવેલ છે, જે વર્ણનમાં દેશવિરતિ ધર્મનું તેના અતિચારોથી સહિત વિસ્તૃત વર્ણન છે.

આ પ્રકારનાં વિશેષ ગૃહસ્થધર્મનું પાલન સર્વવિરતિ ધર્મની પ્રાપ્તિ પ્રત્યે પ્રબળ કારણ છે તેની સ્પષ્ટતા શ્લોક-૪માં કરેલ છે. અને દેશવિરતિના પાલન દ્વારા મહાત્મા સર્વવિરતિની શક્તિનો સંચય કઈ રીતે કરે છે ? તેની સ્પષ્ટતા શ્લોક-૫ અને ૬માં કરેલ છે.

ચતુર્થ અધ્યાય :-

ત્રીજા અધ્યાયમાં વર્ણન કર્યું એવા પ્રકારનો શ્રાવકધર્મ અને તેના પૂર્વના અધ્યાયમાં બતાવેલ સામાન્ય ગૃહસ્થધર્મ તે બંનેને જે શ્રાવક વિધિપૂર્વક સેવે છે તે મહાત્મા તેના સેવનના બળથી ચારિત્રમોહનીયકર્મથી મૂકાય છે; કેમ કે ભગવાનની આજ્ઞા અનુસાર બે પ્રકારના ગૃહસ્થધર્મને સેવેલ છે તેના કારણે ભાવની વિશુદ્ધિ થાય છે અને ગૃહસ્થધર્મના સેવનકાળમાં ભાવચારિત્રના સૂક્ષ્મબોધપૂર્વક સદા તે ચારિત્રના સ્વરૂપથી તે મહાત્મા આત્માને ભાવિત કરે છે, તેથી દેશવિરતિના પાલનકાળમાં પૂર્ણચારિત્રના રાગની વૃદ્ધિ થવાને કારણે તે મહાત્મા સર્વવિરતિચારિત્રની યોગ્યતાને પામે છે; કેમ કે વિશુદ્ધ એવું થોડું પણ અનુષ્ઠાન વિધિશુદ્ધ પાલનને કારણે ઉત્તર-ઉત્તરના પાલનને અનુકૂળ શક્તિસંચયનું કારણ બને છે.

જેઓ સર્વવિરતિની શક્તિના સંચયવાળા થાય છે તેવા મહાત્માઓમાં કેવા ગુણો જોઈએ ? તેમણે કેવા ગુણવાન ગુરુ પાસે દીક્ષા લેવી જોઈએ ? દીક્ષા લેતાં પૂર્વે કુટુંબ સાથે કઈ રીતે ઉચિત વ્યવહાર કરવો જોઈએ ? દીક્ષા લેવા માટે શું ઉચિત વિધિ કરવી જોઈએ ? ઇત્યાદિનું વિસ્તારથી વર્ણન ચોથા અધ્યાયમાં કરેલ છે.

આ રીતે શુદ્ધ યોગપૂર્વક ગૃહસ્થાશ્રમને છોડીને જેઓ સંયમમાં યત્ન કરે છે તે સુખપૂર્વક સંયમની ધુરાને વહન કરવા સમર્થ બને છે અને જેઓ આ પ્રકારે યત્ન કર્યા વગર સાધુપણું ગ્રહણ કરે છે તેઓ શાસ્ત્રની બાધાથી સંયમમાં યત્ન કરનારા હોવાથી સાધુ પણ નથી અને ગૃહસ્થ પણ નથી. તેથી ઉભયભ્રષ્ટ એવા

તેઓને માટે સંસારના પરિભ્રમણની જ પ્રાપ્તિ છે, તેમ બતાવીને ગ્રંથકારશ્રીએ ચોથો અધ્યાય સમાપ્ત કરેલ છે.

ચોથા અધ્યાયના પદાર્થો સંક્ષેપથી આ પ્રમાણે છે –

પૂર્વમાં બતાવેલ ગૃહસ્થધર્મ પાળીને મહાત્મા કઈ રીતે સર્વવિરતિ ધર્મની શક્તિ પ્રાપ્ત કરે છે તે શ્લોક-૧ અને ૨માં બતાવેલ છે.

વળી, થોડું પણ વિશુદ્ધ અનુષ્ઠાન પ્રભુને સંમત છે તેથી દેશવિરતિનાં વિશુદ્ધ પાલન દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય કરીને સર્વવિરતિ ગ્રહણ કરવી ઉચિત છે તેની સ્પષ્ટતા શ્લોક-૩માં કરેલ છે.

ત્યારપછી સંયમ ગ્રહણ કરવા તત્પર થયેલા જીવે કેવા ગુણોની પ્રાપ્તિ કરીને કેવા ગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરવી જોઈએ ? જેથી જેમ પોતે દેશવિરતિનાં પાલન દ્વારા સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કર્યો છે તેમ ગુણસંપન્ન ગુરુનાં આલંબનના બળથી સુખપૂર્વક સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે અને તેવા મહાત્માએ કઈ રીતે દીક્ષા ગ્રહણ કરવી જોઈએ ? તેની વિધિ બતાવેલ છે.

અને જે મહાત્મા પ્રવ્રજ્યાના બળનો સંચય કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે તેઓ કઈ રીતે સંયમ પાળે છે અને કઈ રીતે પોતાના ઇષ્ટ કાર્યને પ્રાપ્ત કરે છે તેની સ્પષ્ટતા શ્લોક-૪ અને શ્લોક-૫માં કરેલ છે. અને જેઓ તેવું બળ સંચય કર્યા વગર સંયમ ગ્રહણ કરે છે તેઓ સાધુ વેશમાં હોવા છતાં સાધુ પણ નથી અને ગૃહસ્થ પણ નથી તેઓનો મનુષ્યજન્મ નિષ્ફળ છે, તેની સ્પષ્ટતા શ્લોક-૬માં કરેલ છે.

પંચમ અધ્યાય :-

ચોથા અધ્યાયને અંતે કહ્યું કે જેઓ પૂર્વમાં વર્ણન કર્યું એવું સાધુપણું ગ્રહણ કરી શકતાં નથી તેઓ સાધુપણું લઈને પણ શાસ્ત્રની બાધાથી પ્રવૃત્તિ કરે છે તેઓ સાધુ પણ નથી અને ગૃહસ્થ પણ નથી, તેથી હવે સાધુપણું દુષ્કર કેમ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જેમ મગર આદિ પ્રાણીઓથી ભરપૂર એવો મોટો સમુદ્ર બે ભુજાથી તરવો મુશ્કેલ છે તેમ સાધુપણું અતિદુષ્કર છે; કેમ કે સાધુપણું ગ્રહણ કર્યા પછી મોહ આપાદક કર્મો વિદ્યમાન હોવા છતાં, સતત અપ્રમાદભાવના બળથી મોહ આપાદક કર્મોને નિષ્ફળ કરવા ત્રણ ગુપ્તિના સામ્રાજ્યથી જે યત્ન કરી શકે તેઓ જ દુષ્કર એવો આ ભવસમુદ્ર તરી શકે છે.

કેમ ભવસમુદ્ર તરવો દુષ્કર છે ? તેથી કહે છે –

સાધુપણાનું ફળ જન્મ-મરણ આદિથી રહિત મોક્ષ છે, જે પરમાનંદ સ્વરૂપ છે. તેવો મોક્ષ પ્રાપ્ત કરવો દુષ્કર છે તેમાં આશ્ચર્ય નથી, છતાં જેઓને ભવસ્વરૂપનો સ્પષ્ટ બોધ છે, તત્ત્વથી ભવ પ્રત્યે વિરક્તિ છે અને મોક્ષનો ઉત્કટ રાગ છે તેઓ જ મોક્ષના ઉપાયભૂત વીતરાગભાવથી આત્માને સદા વાસિત કરીને સાધુધર્મનું પાલન કરી શકે છે. આ રીતની સાધુધર્મની દુષ્કરતા બતાવ્યા પછી સાધુધર્મના બે પ્રકારનું વર્ણન કરેલ છે. સાધુધર્મ બે પ્રકારનો છે : (૧) સાપેક્ષયતિધર્મ અને (૨) નિરપેક્ષયતિધર્મ. સાપેક્ષયતિધર્મવાળા

મહાત્માઓ સંયમજીવનમાં કઈ રીતે યત્ન કરે છે અને નિરપેક્ષયતિધર્મવાળા મહાત્માઓ સંયમજીવનમાં કઈ રીતે યત્ન કરે છે ? તેનું વિસ્તારથી વર્ણન પાંચમા અધ્યાયમાં કરેલ છે. અંતે સાધુધર્મનું પાલન કરનારા મહાત્માઓ કઈ રીતે ભાવસંલેખના કરે છે ? તે બતાવીને તે મહાત્માઓ અપ્રમાદના બળથી ધ્યાનમાં એકતાન થઈને આલોક અને પરલોકના હિતને કઈ રીતે પ્રાપ્ત કરે છે અને અંતે અત્યંત અસમંજસ એવા સંસારથી કઈ રીતે મુક્ત થાય છે ? તે પાંચમા અધ્યાયમાં બતાવેલ છે.

પાંચમા અધ્યાયના પદાર્થો સંક્ષેપથી આ પ્રમાણે છે –

સાધુપણું કેવું દુષ્કર છે ? તેની સ્પષ્ટતા દૃષ્ટાંતથી શ્લોક-૧માં કરેલ છે.

કેમ સાધુપણું દુષ્કર છે ? તે યુક્તિથી શ્લોક-૨માં બતાવેલ છે.

જો સાધુપણું દુષ્કર હોય તો મહાત્માઓ તેને કેમ સેવી શકે છે ? તેની સ્પષ્ટતા શ્લોક-૩માં કરેલ છે.

ત્યારપછી બે પ્રકારના યતિધર્મનું સ્વરૂપ ગ્રંથકારશ્રીએ વિસ્તારથી બતાવેલ છે. જેનાથી સાધુધર્મના અર્થી જીવોએ સાપેક્ષયતિધર્મ કઈ રીતે સેવવો જોઈએ જેથી ક્રમસર નિરપેક્ષયતિધર્મની શક્તિ પ્રગટે તેનો યથાર્થ બોધ થાય છે.

વળી, શક્તિને ગોપવ્યા વગર સાધુધર્મ પાળનારને અંતે કઈ રીતે સંલેખના કરવી જોઈએ તેનો પણ યથાર્થ બોધ કરાવ્યો છે.

ત્યારપછી ગ્રંથકારશ્રીએ વર્ણન કર્યું એ પ્રમાણે જેઓ અપ્રમાદભાવથી સાધુપણું સેવે છે તે મહાત્માઓ આ ભવમાં અને પરભવમાં કલ્યાણને પ્રાપ્ત કરે છે તેની સ્પષ્ટતા શ્લોક-૪માં કરેલ છે.

આ ભવમાં કેવા પ્રકારનાં કલ્યાણની પ્રાપ્તિ થાય છે ? અને પરભવમાં કેવા પ્રકારનાં કલ્યાણની પ્રાપ્તિ થાય છે ? તેની સ્પષ્ટતા શ્લોક ૫-૬માં કરેલ છે જે સાંભળીને યોગ્ય જીવોને દુષ્કર એવો પણ સાધુધર્મ સેવવાનો ઉત્સાહ થાય છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,
તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર,
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

– પ્રવીણચંદ્ર ખીમજી મોતા

સંપાદિકાનું કથન

આ ગ્રંથના કર્તા આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજા અને ટીકાકાર આચાર્યશ્રી મુનિચંદ્રસૂરિ મહારાજાને કોટિ કોટિ વંદન. પ્રસ્તુત ગ્રંથમાં શ્રાવકધર્મ અને સાધુધર્મનું વિસ્તારથી સ્વરૂપ બતાવેલ છે, જેના દ્વારા યોગ્ય જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિપૂર્વક દેશવિરતિધર્મ અને સર્વવિરતિધર્મ પાળવા સ્વભૂમિકા અનુસાર સમર્થ બની શકે છે.

પ્રસ્તુત ભાગ-૨માં સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પ્રથમ ઉપદેશ આપેલ છે. સમ્યક્ત્વ વગર દેશવિરતિધર્મ કે સર્વવિરતિધર્મ ગ્રહણ કરવો ન્યાય્ય નથી. વળી, ઉપદેશક યોગ્યજીવોને સર્વવિરતિધર્મનો સૂક્ષ્મ બોધ કરાવે છે, જેથી ચારિત્રને અનુકૂળ બળસંચયવાળા થાય. જો બળસંચય કર્યા વગર સાધુપણું ગ્રહણ કરવામાં આવે તો ઉભયભ્રષ્ટ થવાના કારણે સંસારપરિભ્રમણ જ કરે છે તેનું સુંદર વિવેચન કરીને સાધુપણાની દુષ્કરતા બતાવેલ છે.

વિવેચનકાર પંડિતવર્યશ્રી પ્રવીણભાઈ મોતાને કોટિ કોટિ પ્રણામ. સમગ્ર જીવન યોગસાધનામાં પસાર કરનાર તેઓશ્રીએ વિવિધ ગ્રંથોનું વાંચન ૧૦-૧૫ વખત કર્યા પછી વિવેચનનું કાર્ય કરીને આપણા ઉપર આ કાળમાં અત્યંત ઉપકાર કરેલ છે. ગ્રંથના વિવેચનકાર્ય સમયે પણ માત્ર ગ્રંથના લખાણના જ કાર્યને પ્રધાનતા આપવાને બદલે સ્વકલ્યાણ અને તત્ત્વજિજ્ઞાસુ સાધકને બોધ થાય તે માટે તેઓશ્રી સતત પ્રયત્નશીલ હોય છે.

આ ગ્રંથમાં સતત માર્ગદર્શન અને પ્રેરણા આપવા બદલ પૂ.સા. શ્રી ચારુનંદિતાશ્રીજી મહારાજ સાહેબનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી.

તત્ત્વજિજ્ઞાસુ જીવો સમ્યક્ત્વ, દેશવિરતિધર્મ અને સર્વવિરતિધર્મનું વર્ણન વાંચીને પોતાની સ્વભૂમિકા અનુસાર શક્તિ આદિને અનુરૂપ ધર્મનું યોગ્ય સેવન કરીને ભાવની ઉત્તરોત્તર વિશુદ્ધિ દ્વારા ધર્મના ફલરૂપે મોક્ષની પ્રાપ્તિ કરે એ જ અભ્યર્થના.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના અને વિવેચનકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તે બદલ 'મિચ્છા મિ દુક્કડમ્'.

વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,
તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર,
૧૨, બેન્ક ઑફ ઈન્ડિયા સોસાયટી,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

— સ્મિતા ડી. કોઠારી

અનુક્રમણિકા

શ્લોક નં.	વિષય	પાના નં.
	અધ્યાય-૩	**૧-૧૮૧**
૧.	વિવેકપૂર્વકની અપાયેલી દેશનાથી યોગ્ય જીવને થતા બોધનું સ્વરૂપ.	૧-૩
૨.	વિવેકપૂર્વકની દેશનાથી બોધ પામેલા જીવોની વિવેકપૂર્વકની ગુણસ્થાનકને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ.	૩-૪
૩.	દેશનાથી વિવેકસંપન્ન થયેલો જીવ જ વિશેષ પ્રકારના ધર્મને યોગ્ય.	૪-૬
સૂ. ૧-૩૫	વિશેષ પ્રકારના દેશવિરતિધર્મપ્રદાનનું સ્વરૂપ. સમ્યક્ત્વના અતિચારો, દેશવિરતિના વ્રતો અને અતિચારોનું વિસ્તારથી સ્વરૂપ.	૬-૧૦૨
૩૬-૯૩	વ્રતોને ગ્રહણ કર્યા પછી અતિચાર રહિત વ્રતપાલન માટે શ્રાવકને કર્તવ્ય ઉચિત પ્રવૃત્તિનું સ્વરૂપ.	૧૦૨-૧૭૬
૪.	વિવેકપૂર્વક સેવાયેલો વિશેષગૃહસ્થધર્મ સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ.	૧૭૬-૧૭૭
૫-૬.	દેશવિરતિથી કઈ રીતે સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે તેની માર્ગાનુસારી યુક્તિ.	૧૭૭-૧૮૧
	અધ્યાય-૪	**૧૮૨-૨૪૫**
૧-૨.	વિશેષ પ્રકારના ગૃહસ્થધર્મના ફળસ્વરૂપે ચારિત્ર આવારક કર્મોનો નાશ અને તેની યુક્તિ તથા ભાવચારિત્રની ક્રમસર પ્રાપ્તિ.	૧૮૨-૧૮૫
૩.	અલ્પ પણ વિશુદ્ધ અનુષ્ઠાનથી મહાન ફળની પ્રાપ્તિ અને યથાતથા ઘણા અનુષ્ઠાનથી ફળની અપ્રાપ્તિ.	૧૮૫-૧૮૭
સૂ. ૧-૪૩	યતિધર્મને સ્વીકારવાની વિધિનું વિસ્તારથી વર્ણન.	૧૮૭-૨૪૧
૪.	ભાવયતિનું સ્વરૂપ.	૨૪૧-૨૪૨
૫.	વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરવાથી થી ભાવયતિપણાની પ્રાપ્તિની યુક્તિ.	૨૪૨-૨૪૩
૬.	યતિધર્મ સ્વીકારીને સંયમવેષધારી સાધુને ગૃહસ્થધર્મ રહિત અને યતિધર્મરહિત હોવાથી સંસારફલની પ્રાપ્તિ.	૨૪૪-૨૪૫
	અધ્યાય-૫	**૨૪૬-૩૬૧**
૧-૨.	યતિધર્મની દુષ્કરતાનું સ્વરૂપ અને કેમ સાધુધર્મ દુષ્કર છે ? તેની યુક્તિ.	૨૪૬-૨૪૮

શ્લોક નં.	વિષય	પાના નં.
૩.	દુષ્કર પણ યતિધર્મનું પાલન કેવા જીવોથી શક્ય છે ? તેનું સ્વરૂપ.	૨૪૮-૨૫૦
સૂ. ૧-૮૨	સાપેક્ષયતિધર્મ અને નિરપેક્ષયતિધર્મનું વર્ણન.	૨૫૦-૩૩૮
૮૩-૯૮	ભાવસંલેખનાનું સ્વરૂપ.	૩૩૯-૩૫૬
૪.	સમ્યક્ રીતે સેવાયેલા યતિધર્મનું આલોક અને પરલોકનું ફળ.	૩૫૬-૩૫૮
૫.	સમ્યક્ રીતે સેવાયેલા યતિધર્મનું આલોકનું ફળ.	૩૫૮-૩૫૯
૬.	સમ્યક્ રીતે સેવાયેલા યતિધર્મના ફળરૂપે અત્યંત અસમંજસ એવા સંસારથી મુક્તિ.	૩૬૦-૩૬૧

❄ ❄ ❄

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

याकिनीमहत्तरासूनु प. पू. आचार्यदेव श्रीमद् हरिभद्रसूरीश्वरजी महाराजा विरचित
प. पू. आचार्यदेव मुनिचंद्रसूरीश्वरजी महाराजा कृत टीका समन्वित

ધર્મબિંદુ પ્રકરણ ભાગ-૨

શબ્દશઃ વિવેચન

ત્રીજો અધ્યાય

અવતરણિકા :-

व्याख्यातो द्वितीयोऽध्यायः, अथ तृतीय आरभ्यते, तस्य चेदमादिसूत्रम् –

અવતરણિકાર્થ :-

બીજો અધ્યાય વ્યાખ્યાન કરાયો. હવે ત્રીજો અધ્યાય આરંભ કરાય છે. અને તેનું આ આદિ સૂત્ર છે –

શ્લોક :-

सद्धर्मश्रवणादेवं नरो विगतकल्मषः ।
ज्ञाततत्त्वो महासत्त्वः परं संवेगमागतः ।।१।।

શ્લોકાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ધર્મના શ્રવણથી નર=શ્રોતા, વિગતકાલુષ્યવાળો, જ્ઞાતતત્ત્વવાળો, મહાસત્ત્વશાળી, પરમ સંવેગને પામેલો થાય છે. ।।૧।।

ટીકા :-

'सद्धर्मश्रवणात्' पारमार्थिकधर्माकर्णनात् 'एवम्' उक्तनीत्या 'नरः' श्रोता पुमान् 'विगतकल्मषः' व्यावृत्ततत्त्वप्रतिपत्तिबाधकमिथ्यात्वमोहादिमालिन्यः सन्, अत एव 'ज्ञाततत्त्वः' करकमलतलकलित-

निस्तलस्थूलामलमुक्ताफलवच्छास्त्रलोचनबलेनालोकितसकलजीवादिवस्तुवादः, तथा 'महत्' शुद्ध-श्रद्धानोन्मीलनेन प्रशस्यं 'सत्त्वं' पराक्रमो यस्य स तथा, 'परं' प्रकृष्टं 'संवेगम्' उक्तलक्षणमागतः ।।१।।

ટીકાર્થ :-

'सद्धर्मश्रवणात्' ..... उक्तलक्षणमागतः ।। આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સદ્ધર્મના શ્રવણથી= પારમાર્થિક ધર્મના શ્રવણથી, નર=શ્રોતારૂપી પુરુષ, વિગત કાલુષ્યવાળો છતો=તત્ત્વની પ્રાપ્તિનાં બાધક એવાં મિથ્યાત્વમોહાદિના માલિન્યથી રહિત છતો, આથી જ=મિથ્યાત્વમોહાદિના માલિન્યથી રહિત છે આથી જ, જ્ઞાતતત્ત્વવાળો=હાથના તળિયામાં રહેલા સ્થૂલ નિર્મલ મુક્તાફળની જેમ સદ્શાસ્ત્રરૂપી ચક્ષુના બળથી અવલોકન કર્યું છે સકલ જીવાદિ વસ્તુવાદ જેને એવો જ્ઞાતતત્ત્વવાળો, થાય છે અને મહાન=શુદ્ધ શ્રદ્ધાના ઉન્મીલનને કારણે પ્રશસ્ય, એવું સત્ત્વ=પરાક્રમ છે જેને તે તેવો છે=મહાસત્ત્વવાળો પર=પ્રકૃષ્ટ, પૂર્વમાં કહેવાયેલા લક્ષણવાળા સંવેગને પામેલો થાય છે. ।।૧।।

ભાવાર્થ :-

અધ્યાય-૧, ૨માં સામાન્યથી અને વિશેષથી જે ગૃહસ્થધર્મ બતાવ્યો એ રીતે, કોઈ ઉપદેશક યોગ્ય શ્રોતાને ધર્મનું સ્વરૂપ બતાવે, તો તે શ્રોતા તે ધર્મના શ્રવણથી કેવા ગુણવાળો થાય છે તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે અને તેવા ગુણવાળો શ્રોતા શું કરે છે ? તે શ્લોક-૨માં બતાવે છે, તેથી શ્લોક-૧, ૨નો એકવાક્યતાથી સંબંધ છે.

વળી, જે શ્રોતા અત્યંત ધર્મનો અર્થી છે અને શ્રોતાની બુદ્ધિ અનુસાર જે ઉપદેશક શ્રોતાને પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે યથાર્થ ધર્મનું પ્રકાશન કરે છે તેનાથી તે શ્રોતાને જિનવચન અનુસાર ધર્મનું સ્વરૂપ આગમ, યુક્તિ અને અનુભવથી યથાર્થ દેખાય છે, તેથી તે શ્રોતાના ચિત્તમાં મિથ્યાત્વમોહનીયકર્મનું અને શુદ્ધધર્મને સેવવામાં પ્રતિબંધક ચારિત્રમોહનીયકર્મનું માલિન્ય દૂર થાય છે અને શાસ્ત્રવચનના પરમાર્થને તે શ્રોતા જાણનારો થયેલો હોવાથી, જેમ કોઈ પુરુષ હાથમાં રહેલા નિર્મળ મુક્તાફળને યથાર્થ જોઈ શકે છે તેમ શાસ્ત્રચક્ષુથી નિર્મળ થયેલી દૃષ્ટિવાળો તે પુરુષ જીવ-અજીવાદિ નવતત્ત્વના પારમાર્થિક સ્વરૂપને શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર યથાર્થ જાણનારો બને છે. અને જિનવચનનાં રહસ્યને પામેલ એવા તે શ્રોતાને શુદ્ધ શ્રદ્ધા પ્રગટે છે. અર્થાત્ આ જિનવચન અનુસાર, મારી ભૂમિકા અનુરૂપ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને, હું મારા હિતને સાધું એવી શુદ્ધ શ્રદ્ધા પ્રગટે છે. જેના કારણે તે શ્રોતા આત્મકલ્યાણના ક્ષેત્રમાં મહાપરાક્રમવાળો બને છે.

વળી, જિનવચનના પરમાર્થનો યથાર્થ બોધ થયો હોવાથી તે શ્રોતા પ્રકૃષ્ટ સંવેગના પરિણામને પામેલો બને છે અર્થાત્ સમ્યક્ પ્રકારે ધર્મને સેવીને સુસાધુ થવાની શક્તિનો સંચય કરીને અને અંતે વીતરાગ તુલ્ય થઈને સંસારનો અંત કરું એવા સંવેગના પરિણામવાળો થાય છે.

આથી જ અરિહંતમાં ઉપાસ્યની બુદ્ધિ થાય છે, સુસાધુમાં ગુરુની બુદ્ધિ થાય છે અને સર્વજ્ઞે કહેલા ધર્મમાં ધર્મબુદ્ધિ થાય છે. આવા પરિણામવાળો શ્રોતા શું કરે છે ? તે આગળના શ્લોકમાં બતાવે છે. **॥૧॥**

અવતરણિકા :-

अवतीर्णः सन् किं करोतीत्याह –

અવતરણિકાર્થ :-

પ્રકૃષ્ટ સંવેગને કારણે માર્ગમાં અવતીર્ણ છતો શું કરે છે ? તે આગળના શ્લોકમાં કહે છે –

શ્લોક :-

धर्मोपादेयतां ज्ञात्वा संजातेच्छोऽत्र भावतः ।
दृढं स्वशक्तिमालोच्य ग्रहणे संप्रवर्त्तते ।।२।।

શ્લોકાર્થ :-

પ્રથમ શ્લોકમાં બતાવ્યું એવો પુરુષ ધર્મની ઉપાદેયતાને જાણીને, અહીં=ધર્મમાં, ભાવથી સંજાત ઇચ્છાવાળો=ભાવથી ધર્મને આત્મામાં નિષ્પન્ન કરવાની ઇચ્છાવાળો, દૃઢ=અતિસૂક્ષ્મ ઉપયોગથી સ્વશક્તિનું આલોચન કરીને ગ્રહણમાં=સ્વશક્તિ અનુસાર ધર્મના સ્વીકારમાં, સમ્યક્ પ્રવર્તે છે. ॥૨॥

ટીકા :-

'धर्मोपादेयताम्'

"एक एव सुहृद्धर्मो मृतमप्यनुयाति यः ।
शरीरेण समं नाशं सर्वमन्यत् तु गच्छति ।।१०२।।" **[योगदृष्टि०]**

इत्यादिवचनात् धर्मोपादेयभावं 'ज्ञात्वा' अवगम्य 'संजातेच्छः' लब्धचिकीर्षापरिणामः 'अत्र' धर्मे 'दृढम्' अतिसूक्ष्माभोगेन 'स्वशक्तिं' स्वसामर्थ्यमालोच्य विमृश्य 'ग्रहणे' वक्ष्यमाण-योगवन्दनादिशुद्धिविधिना प्रतिपत्तावस्यैव धर्मस्य 'संप्रवर्त्तते' सम्यक्प्रवृत्तिमाधत्ते, अदृढालोचने हि अयथाशक्ति धर्मग्रहणप्रवृत्तौ भङ्गसंभवेन प्रत्युतानर्थभाव इति दृढग्रहणं कृतमिति ।।२।।

ટીકાર્થ :-

'धर्मोपादेयताम्' ..... कृतमिति ।। ધર્મની ઉપાદેયતાને "એક જ મિત્ર ધર્મ છે જે મરેલાને પણ અનુસરે છે=ભવથી મૃત્યુને પામેલા જીવને પણ જન્માંતરમાં અનુસરે છે, અન્ય સર્વ શરીરની સાથે નાશ પામે છે. ।।૧૦૨।।" **(યોગદૃષ્ટિસમુચ્ચય)**

ઇત્યાદિ વચનથી ધર્મની ઉપાદેયતાને=ધર્મના ઉપાદેય ભાવને, જાણીને ભાવથી=માત્ર આચરણાથી નહિ પરંતુ ગુણસ્થાનકને સ્પર્શ કરે તેવા ભાવથી, સંજાત ઇચ્છાવાળો=ધર્મ કરવાના પ્રાપ્ત થયેલા ઇચ્છાના પરિણામવાળો, અહીં=ધર્મના વિષયમાં, દૃઢ=અતિશય સૂક્ષ્મ ઉપયોગથી, સ્વશક્તિનું=ધર્મ સ્વીકારવા વિષયક સ્વસામર્થ્યનું આલોચન કરીને ગ્રહણમાં=આગમમાં કહેવાશે એવા યોગવંદનાદિની શુદ્ધિની વિધિથી આ જ ધર્મના સ્વીકારમાં સંપ્રવર્તે છે=સમ્યક્ પ્રવૃત્તિને કરે છે.

અહીં દૃઢ શબ્દ કેમ કહ્યો ? તે સ્પષ્ટ કરે છે –

અદૃઢ આલોચનમાં અયથાશક્તિ ધર્મગ્રહણની પ્રવૃત્તિ થયે છતે, ભંગનો સંભવ હોવાને કારણે=ગ્રહણ કરાયેલા વ્રતના ભંગનો સંભવ હોવાને કારણે, ઊલ્ટો અનર્થનો ભાવ છે=ગ્રહણ કરાયેલા વ્રતના લાભના બદલે અનર્થનો ભાવ છે, એથી દૃઢ ગ્રહણ કરાયું છે=દૃઢ સ્વશક્તિનું સમાલોચન કરે એમ કહેવાયું છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨॥

❖ શ્લોકમાં રહેલ 'भावतः' શબ્દ ટીકામાં છૂટી ગયેલ છે તેને અમે ગ્રહણ કરીને અર્થ લખેલ છે.

ભાવાર્થ :-

પૂર્વશ્લોકમાં કહ્યું એવા ગુણને પ્રાપ્ત થયેલો પુરુષ નિર્મળ બોધને કારણે "ધર્મ જ આત્મા માટે ઉપાદેય છે" એવી સ્થિર બુદ્ધિવાળો થાય છે; કેમ કે તે વિચારે છે કે દેહની સાથે વિયોગરૂપ મૃત્યુ જ્યારે થશે ત્યારે વર્તમાનમાં જે કાંઈ ધનાદિ પોતાની પાસે છે તે સર્વનો નાશ થશે, પરભવમાં કોઈ સાથે આવશે નહિ, પરંતુ વિવેકપૂર્વક સેવાયેલો ધર્મ આત્મામાં ધર્મના ઉત્તમ સંસ્કારોને આધાન કરીને અને ધર્મસેવનકાળમાં બંધાયેલા પુણ્યને ગ્રહણ કરીને પરભવમાં જશે, તેથી બંધાયેલું પુણ્ય અને આત્મામાં પડેલા ધર્મના ઉત્તમ સંસ્કારો પરભવમાં સાથે આવે છે, માટે ધર્મ જ આત્મા માટે ઉપાદેય છે આવો નિર્ણય કરીને તે પુરુષ શુદ્ધ ધર્મ સેવવાની ઇચ્છાવાળો બને છે અને વિવેકચક્ષુવાળો હોવાથી અતિસૂક્ષ્મ ઉપયોગથી કયા પ્રકારનો ધર્મ સેવવાનું પોતાનામાં સામર્થ્ય છે તેનો નિર્ણય કરીને શાસ્ત્રમાં બતાવાયેલી વિધિથી સ્વભૂમિકા અનુરૂપ ધર્મને સ્વીકારવામાં સમ્યક્ પ્રવૃત્તિ કરે છે. જેથી સ્વશક્તિ અનુસાર ઉત્તમભાવોની નિષ્પત્તિનું કારણ બને તે પ્રકારે સ્વીકારાયેલાં વ્રતોનું પાલન કરીને ઉત્તર ઉત્તરના ધર્મની યોગ્યતાને પ્રાપ્ત કરે છે અને પૂર્ણધર્મ સેવીને સંસારનો અંત કરે છે. **॥૨॥**

અવતરણિકા :-

ननु किमर्थमस्यैव धर्मग्रहणसंप्रवृत्तिर्भण्यते इत्याह –

અવતરણિકાર્થ :-

શા માટે આને જ=શ્લોક-૧, ૨માં કહ્યું એવા પુરુષને જ, ધર્મગ્રહણની સમ્યક્ પ્રવૃત્તિ કહેવાય છે ? એથી કહે છે –

ભાવાર્થ :-

સામાન્યથી જે જીવોને ધર્મ સાંભળીને દેશવિરતિ આદિ જે ધર્મગ્રહણનો ઉત્સાહ થાય તે જીવ તે પ્રકારનો ધર્મ ગ્રહણ કરે એમ કહેવાના બદલે પૂર્વમાં વર્ણન કર્યું એવો ઉપદેશ સાંભળીને જે પુરુષ શ્લોક-૧, ૨માં કહ્યું એવા ગુણોને પામીને પોતાની શક્તિનું દૃઢ આલોચન કરીને ધર્મ ગ્રહણ કરે તો સમ્યક્ ધર્મની પ્રાપ્તિ થાય એમ કેમ કહ્યું ? એથી કહે છે –

શ્લોક :-

योग्यो ह्येवंविधः प्रोक्तो जिनैः परहितोद्यतैः ।
फलसाधनभावेन नातोऽन्यः परमार्थतः ।।३।।

શ્લોકાર્થ :-

જે કારણથી પરહિતમાં ઉદ્યત એવા જિનો વડે આવા પ્રકારનો=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારનો, જીવ ફલના સાધનભાવથી=ફલની નિષ્પત્તિ કરે એવા પરિણામથી યોગ્ય કહેવાયો છે. આનાથી અન્ય=પૂર્વમાં વર્ણન કર્યું એવા પુરુષથી અન્ય, પરમાર્થથી યોગ્ય નથી જ. ।।૯।।

ટીકા :-

'योग्यो' अर्हो भव्य इति योऽर्थः 'हि'र्यस्माद् 'एवंविधः' 'सद्धर्मश्रवणात्' इत्यादिग्रन्थोक्तविशेषणयुक्तः पुमान् धर्मप्रतिपत्तेः 'प्रोक्तः', कैरित्याह–'जिनैः' अर्हद्भिः 'परहितोद्यतैः' सकलजीवलोककुशलाधानधनैः, केन कारणेनेत्याह–'फलसाधनभावेन' योग्यस्यैव धर्मग्रहणफलं प्रति साधकभावोपपत्तेः, व्यतिरेकमाह - 'न' नैव 'अतः' धर्मग्रहीतुः 'अन्यः' पूर्वश्लोकद्वयोक्तविशेषणविकलः 'परमार्थतः' तत्त्ववृत्त्या योग्य इति ।।३।।

ટીકાર્થ :-

'योग्यो' ..... योग्य इति ।। योग्य=अर्ह=भव्य, એ પ્રમાણેનો જે અર્થ તે યોગ્ય, જે કારણથી આવા પ્રકારનો=सद्धर्मश्रवणात् ઇત્યાદિ ગ્રંથમાં કહેવાયેલ વિશેષણથી યુક્ત પુરુષ=પ્રસ્તુત અધ્યાયની પ્રથમ અને દ્વિતીય ગાથામાં કહેવાયેલા વિશેષણથી યુક્ત પુરુષ, ધર્મના સ્વીકારને યોગ્ય કહેવાયો છે.

કોના વડે કહેવાયો છે ? એથી કહે છે –

પરહિત ઉદ્યત એવા જિનો વડે=સકલ જીવલોકના કુશલ આધાનના ધનવાળા એવા તીર્થંકરો વડે, કહેવાયો છે.

કયા કારણથી તીર્થંકર વડે આવો જીવ યોગ્ય કહેવાયો છે ? એથી કહે છે –

ફલસાધનભાવના કારણે=આવો જીવ ફલની નિષ્પત્તિનું કારણ હોવાને કારણે તીર્થંકરો વડે યોગ્ય જીવ કહેવાયો છે; કેમ કે યોગ્યને જ ધર્મગ્રહણના ફલ પ્રત્યે સાધક ભાવની ઉપપત્તિ છે.

વ્યતિરેકને કહે છે –

આનાથી=આ ધર્મ ગ્રહણ કરનારથી, અન્ય=પૂર્વના બે શ્લોકમાં કહેવાયેલા વિશેષણથી રહિત જીવ, પરમાર્થથી=તત્ત્વવૃત્તિથી, યોગ્ય નથી જ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત અધ્યાયના શ્લોક-૧, ૨માં કહ્યું એવો જીવ સ્વશક્તિનું દૃઢ આલોચન કરીને વ્રતગ્રહણમાં સમ્યક્ પ્રવર્તે છે એમ કહ્યું. એનું કારણ પરહિતમાં ઉદ્યત એવા તીર્થંકરોએ આવા ગુણથી સંપન્ન જીવને વ્રતગ્રહણ કરવા માટે યોગ્ય કહ્યો છે; કેમ કે પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે ઉપદેશનું શ્રવણ કરીને તેના પરમાર્થને પામ્યા પછી પોતાની શક્તિ અનુસાર જો તે જીવ વ્રતગ્રહણ કરે તો તે વ્રતથી ઉત્તર ઉત્તરનાં ગુણસ્થાનકની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે. અને જે જીવ આવા ગુણોવાળો નથી તે ઉત્સાહમાં આવીને દેશવિરતિ આદિ વ્રતો ગ્રહણ કરે, તોપણ તે વ્રતોના પાલન દ્વારા, ઉત્તર ઉત્તરનાં ગુણસ્થાનકની પ્રાપ્તિરૂપ ફલને પરમાર્થથી પ્રાપ્ત કરતો નથી. આથી પૂર્વમાં વર્ણન કરાયેલા ગુણો વગરના જીવને તીર્થંકરોએ વ્રત ગ્રહણ કરવા માટે યોગ્ય કહ્યા નથી. **॥૩॥**

સૂત્ર :-

इति सद्धर्मग्रहणार्ह उक्तः, साम्प्रतं तत्प्रदानविधिमनुवर्णयिष्यामः

।।१/१३४।।

સૂત્રાર્થ :-

આ પ્રમાણે=પ્રસ્તુત અધ્યાયના શ્લોક-૧થી ૩માં કહ્યું એ પ્રમાણે, સદ્ધર્મના ગ્રહણ માટે, યોગ્ય પુરુષ કહેવાયો. હવે તેના પ્રદાનની વિધિનું=યોગ્ય જીવને ગુણસ્થાનકની નિષ્પત્તિ અર્થે સદ્ધર્મના પ્રદાનની વિધિનું, અમે વર્ણન કરીશું. ।।૧/૧૩૪।।

ટીકા :-

एतत् सुगममेव ।।१/१३४।।

ટીકાર્થ :-

આ સૂત્રનો અર્થ સુગમ છે માટે ટીકાકારશ્રીએ ટીકા કરેલ નથી. ।।૧/૧૩૪।।

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત અધ્યાયના શ્લોક-૧થી ૩ સુધી સદ્ધર્મના ગ્રહણ માટે યોગ્ય જીવ કેવા સ્વરૂપવાળો હોવો જોઈએ તેનું વર્ણન કર્યું. સદ્ધર્મને યોગ્ય જીવ સ્વશક્તિ અનુસાર વ્રત ગ્રહણ કરવા માટે તત્પર થાય ત્યારે ઉપદેશકે કેવા પ્રકારની વિધિપૂર્વક તેને દેશવિરતિ આદિ વ્રતો આપવાં જોઈએ; જેથી તે વિધિના બળથી તે મહાત્માને ગ્રહણ કરાયેલાં વ્રતો સમ્યક્ પરિણમન પામે, જેના બળથી તે મહાત્મા તે વ્રતોને પાળીને ઉત્તરના ઉત્તરના ગુણસ્થાનકને પ્રાપ્ત કરે. તે માટે વ્રતગ્રહણની વિધિનું સ્વરૂપ ગ્રંથકારશ્રી હવે બતાવે છે. **॥૧/૧૩૪॥**

અવતરણિકા :-

ननु धर्मः स्वचित्तपरिशुद्ध्यधीनः, तत्किमस्यैवं ग्रहणेनेत्याशङ्क्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે કે ધર્મ સ્વચિત્તની પરિશુદ્ધિને આધીન છે. તે કારણથી આના=ધર્મના, આ પ્રકારે=આગળમાં બતાવાય છે એ પ્રકારની વિધિથી ગ્રહણ વડે શું ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં ગ્રંથકારશ્રીએ પ્રતિજ્ઞા કરી કે સદ્ધર્મને આપવાની વિધિનું અમે વર્ણન કરીશું. ત્યાં કોઈક વિચારકને પ્રશ્ન થાય કે ધર્મ ગ્રહણ કરવા માટે વિધિની અપેક્ષા કેમ છે ? અર્થાત્ વિધિ વગર પણ સ્વચિત્તની પરિશુદ્ધિ થાય તો ધર્મ નિષ્પન્ન થઈ શકે છે, તેથી ધર્મને ગ્રહણ કરવા માટે કોઈ વિધિની અપેક્ષા નથી એ પ્રકારની શંકાના નિરાકરણ માટે કહે છે –

સૂત્ર :-

धर्मग्रहणं हि सत्प्रतिपत्तिमद्विमलभावकरणम् ।।२/१३५।।

સૂત્રાર્થ :-

જે કારણથી ધર્મનું ગ્રહણ સત્પ્રતિપત્તિવાળું=પોતાની શક્તિ અનુસાર શુદ્ધ સ્વીકારવાળું, વિમલ ભાવનું કરણ છે તે કારણથી તેના ગ્રહણમાં વિધિની અપેક્ષા છે એમ અધ્યાહાર છે. ॥૨/૧૩૫॥

ટીકા :-

'धर्मग्रहणम्' उक्तलक्षणं 'हिः' यस्मात् 'सत्प्रतिपत्तिमत्' दृढशक्तिपर्यालोचनादिना शुद्धाभ्युपगमवत्, किमित्याह–'विमलभावकरणं' स्वफलप्रसाधनावन्ध्यपरिणामनिमित्तं संपद्यते इत्येवमस्य ग्रहणविधिर्वक्तुमुपक्रम्यते इति ।।२/१३५।।

ટીકાર્થ :-

'ધર્મગ્રહણમ્' ..... ઇતિ ।। જે કારણથી પૂર્વમાં કહેલા લક્ષણવાળા ધર્મનું ગ્રહણ સત્પ્રતિપત્તિવાળું=શક્તિના દૃઢ પર્યાલોચન આદિથી શુદ્ધ સ્વીકારવાળું, વિમલભાવનું કરણ=સ્વફલના પ્રસાધનમાં અવંધ્ય પરિણામનું નિમિત્ત, પ્રાપ્ત થાય છે. એથી આ પ્રમાણે=આગળમાં કહેવાય છે એ પ્રમાણે, આની=ધર્મની, ગ્રહણ-વિધિને કહેવા માટે ઉપક્રમ કરાય છે=પ્રારંભ કરાય છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨/૧૩૫॥

ભાવાર્થ :-

પહેલા અધ્યાયના શ્લોક-૩માં ગ્રંથકારશ્રીએ ધર્મનું લક્ષણ કર્યું. આવા ધર્મનું ગ્રહણ માત્ર ઉપદેશ સાંભળીને પ્રતિજ્ઞા લેવાથી પ્રાપ્ત થતું નથી, પરંતુ તે ધર્મનાં પારમાર્થિક સ્વરૂપને જાણીને પૂર્વનાં અધ્યયનોમાં જે ધર્મદેશના આપવાની વિધિ બતાવી તે વિધિ અનુસાર ધર્મનું શ્રવણ કરીને જે મહાત્મા નિર્મળ મતિવાળા થયા છે, શાસ્ત્રવચન યુક્તિ અને સ્વઅનુભવથી જીવાદિ તત્ત્વોને જાણનારા થયા છે અને આ ભગવાનનું વચન સમ્યગ્ રીતે સેવાય તો મહાકલ્યાણનું કારણ છે એવી સ્થિર બુદ્ધિ થવાને કારણે સમ્યક્ પરાક્રમ ફોરવીને ગુણસ્થાનકની વૃદ્ધિ માટે તત્પર થયા છે; વળી, મોક્ષપ્રાપ્તિના અત્યંત અર્થી હોવાને કારણે સંવેગને પામેલા છે તેવા મહાત્મા કયાં વ્રતોને હું ગ્રહણ કરીશ તો શાસ્ત્રવિધિ અનુસાર પાલન કરીને ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરીશ એ પ્રકારે દૃઢ પર્યાલોચન કરે છે. જે ગુણસ્થાનકની ઉચિત આચરણા પોતે કરી શકે તેમ છે તેનો નિર્ણય સ્વબુદ્ધિથી, ગુરુના વચનથી અને નિમિત્તશુદ્ધિથી કરીને શુદ્ધપરિણામપૂર્વક વ્રતોને સ્વીકારે છે. આવા વ્રતોવાળું વિમલ ભાવનું કરણ તે ધર્મનું ગ્રહણ છે. અર્થાત્ જે વ્રતો તે ગ્રહણ કરે છે તે વ્રતોના પાલનથી તે તે ગુણસ્થાનકરૂપ ફળ પોતાનામાં અવશ્ય પ્રગટે તેનું અવંધ્યકારણ એવો નિર્મળ પરિણામ તેનું કારણ બને તેવું ધર્મનું ગ્રહણ છે, તેથી પોતાનાં ગ્રહણ કરાયેલાં વ્રતોને અનુરૂપ ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને તેવા પરિણામની નિષ્પત્તિ અર્થે વિશિષ્ટ વ્રતગ્રહણની વિધિ આવશ્યક છે; કેમ કે તે વ્રતગ્રહણની વિધિકાળમાં જો તે મહાત્મા વિધિમાં ઉપયુક્ત રહે તો તે વિધિના બળથી તે મહાત્મામાં વિશિષ્ટ પરિણામ નિષ્પન્ન થાય છે, જે પરિણામના બળથી ગ્રહણ કરાયેલ વ્રત તત્કાલ તે વ્રતને અનુરૂપ ગુણસ્થાનકની નિષ્પત્તિનું કારણ બને છે. માટે વ્રતગ્રહણની ક્રિયા તે વ્રતને અનુરૂપ ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને તેના માટે ઉપયોગી ઉચિતવિધિ જિનવચન અનુસાર બતાવવા માટેનો પ્રારંભ ગ્રંથકારશ્રી કરે છે. **॥૨/૧૩૫॥**

અવતરણિકા :-

તદેવ કથં સંપદ્યતે ? ઇત્યાહ –

અવતરણિકાર્થ :-

તે જ=પૂર્વસૂત્રમાં કહ્યું કે વિમલભાવકરણરૂપ ધર્મનું ગ્રહણ જ, કેવી રીતે પ્રાપ્ત થાય છે ? એથી કહે છે –

સૂત્ર :-

तच्च प्रायो जिनवचनतो विधिना ।।३/१३६।।

સૂત્રાર્થ :-

અને તે=સત્પ્રતિપત્તિવાળું વિમલભાવના કરણરૂપ ધર્મનું ગ્રહણ, પ્રાયઃ જિનવચનથી વિધિ દ્વારા નિષ્પન્ન થાય છે. ।।૩/૧૩૬।।

ટીકા :-

'तच्च' तत् पुनः सत्प्रतिपत्तिमद्धर्मग्रहणं 'प्रायो' बाहुल्येन, 'मरुदेव्यादौ' क्वचिदन्यथापि संभवात्, 'जिनवचनतो' वीतरागराद्धान्तात् यो 'विधिः' वक्ष्यमाणः तेन संपद्यते इति ।।३/१३६।।

ટીકાર્થ :-

'तच्च' ..... इति ।। વળી તે=સત્પ્રતિપત્તિવાળું, ધર્મનું ગ્રહણ=સત્પ્રતિપત્તિવાળું વિમલભાવના કરણરૂપ ધર્મનું ગ્રહણ, પ્રાયઃ=બહુલતાએ, જિનવચનથી=વીતરાગના સિદ્ધાંતથી, જે વક્ષ્યમાણ વિધિ છે તેનાથી પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે જિનવચનથી વિધિપૂર્વક જ પ્રાપ્ત થાય છે એમ ન કહેતાં પ્રાયઃ જિનવચનથી વિધિ દ્વારા પ્રાપ્ત થાય છે એમ કેમ કહ્યું ? એથી કહે છે –

મરુદેવાદિમાં ક્યારેક અન્યથા પણ=વ્રતગ્રહણની વિધિ વગર પણ, સંભવ છે=ગુણસ્થાનકની નિષ્પત્તિરૂપ ધર્મનો સંભવ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩/૧૩૬।।

ભાવાર્થ :-

ઉપદેશક દ્વારા યોગ્ય શ્રોતા ધર્મના પરમાર્થને જાણ્યા પછી સ્વશક્તિ અનુસાર ભગવાનના વચન અનુસાર વ્રત ગ્રહણ કરવા માટે તત્પર થાય ત્યારે તે વ્રતગ્રહણ વિષયક જે વિધિ ભગવાનના શાસનમાં બતાવાયી છે તે વિધિના પરમાર્થને જાણ્યા પછી મહાત્મા તે વિધિકાળમાં કરાતા સર્વ આચારોમાં અત્યંત પ્રણિધાનપૂર્વક ઉપયુક્ત થઈને વ્રતો ગ્રહણ કરે છે તે મહાત્મામાં તે વિધિના બળથી પૂર્વ કરતાં વિશિષ્ટ પ્રકારનો પરિણામ નિષ્પન્ન થાય છે જે પરિણામના બળથી તે મહાત્માને ગ્રહણ કરાયેલ વ્રત ભાવથી પરિણમન પામે છે. માટે ગ્રંથકારશ્રી વ્રતગ્રહણની વિધિ હવે પછી બતાવશે. **।।૩/૧૩૬।।**

અવતરણિકા :-

एवं सति यत् संजायते तदाह –

અવતરણિકાર્થ :-

આમ હોતે છતે=જિનવચન અનુસાર વિધિથી પ્રાયઃ સત્પ્રતિપત્તિવાળું ધર્મનું ગ્રહણ થાય છે, તેથી તે વિધિ પ્રમાણે કોઈ વ્રતગ્રહણ કરે એમ હોતે છતે, જે થાય છે તેને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું કે જિનવચન અનુસાર વિધિથી ધર્મનું ગ્રહણ સત્પ્રતિપત્તિવાળા વિમલ ભાવના કરણરૂપ બને છે, તેથી કોઈ મહાત્મા એ પ્રમાણે ધર્મ ગ્રહણ કરે તો જે પ્રાપ્ત થાય છે તેને કહે છે –

સૂત્ર :-

इति प्रदानफलवत्ता ।।४/१३७।।

સૂત્રાર્થ :-

આ રીતે પ્રદાનની ફલવત્તા છે=ગુરુ દ્વારા યોગ્ય જીવોને ધર્મપ્રદાનની સફળતા છે. ।।૪/૧૩૭।।

ટીકા :-

'इति' एवं सत्प्रतिपत्तिमतो विधिना धर्मग्रहणस्य विमलभावनिबन्धनतायां सत्यां 'प्रदानस्य'-वितरणस्य धर्मगोचरस्य गुरुणा क्रियमाणस्य शिष्याय 'फलवत्ता' शिष्यानुग्रहरूपफलयुक्तत्वमुपपद्यते, अन्यथोषरवसुन्धराबीजवपनमिव निष्फलमेव स्यादिति ।।४/१३७।।

ટીકાર્થ :-

'इति' ..... स्यादिति ।। આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, સત્પ્રતિપત્તિવાળા વિધિથી ધર્મના ગ્રહણનું વિમલ ભાવનું કારણપણું હોતે છતે, પ્રદાનનું=ગુરુ વડે શિષ્યને ધર્મ વિષયક કરાતા પ્રદાનની ફલવત્તા ઉપપન્ન થાય છે=શિષ્યના અનુગ્રહરૂપ ફલયુક્તપણું ઉપપન્ન થાય છે. અન્યથા=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે વિધિપૂર્વક વ્રતગ્રહણ કરવામાં ન આવે, તો ઊખર ભૂમિમાં બીજના વપનની જેમ નિષ્ફલ જ થાય=વ્રતગ્રહણ નિષ્ફલ જ થાય.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪/૧૩૭।।

ભાવાર્થ :-

યોગ્ય ગુરુ શ્રોતાની યોગ્યતા અનુસાર સદ્ધર્મનો ઉપદેશ આપ્યા પછી જે શ્રોતા સદ્ધર્મના પરમાર્થને

જાણનારો બન્યો છે, મહાસત્ત્વશાળી છે, અત્યંત સંવેગને પામેલો છે અને પોતાની શક્તિનું સમાલોચન કરીને વિધિપૂર્વક ધર્મ ગ્રહણ કરે તો પૂર્વસૂત્રમાં કહ્યું એ પ્રમાણે વ્રતગ્રહણકાળમાં વ્રત સમ્યક્ પરિણમન પામે તેને અનુરૂપ વિમલ ભાવનું કારણ જિનવચન અનુસાર સેવાયેલી વિધિ બને છે. તેથી વિધિપૂર્વક ગ્રહણ કરાયેલું વ્રત ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ફલની પ્રાપ્તિનું કારણ બને છે. જો તેવો યોગ્ય શ્રોતા પણ શાસ્ત્રમાં કહેલી વિધિ વગર તે વ્રતો ગ્રહણ કરે તો વ્રતગ્રહણની વિધિજન્ય શુભભાવ નહિ થવાને કારણે પ્રાયઃ તે વ્રત પરિણમન પામતું નથી, તેથી ઉખરભૂમિમાં બીજવપન તુલ્ય તે વ્રતગ્રહણ નિષ્ફલ બને છે.

અહીં વિશેષ એ છે કે વ્રતગ્રહણની વિધિ માત્ર સૂત્રોચ્ચારરૂપ કે કાયિક ક્રિયારૂપ નથી, પરંતુ સ્વીકારાતા વ્રતને સમ્યક્ પરિણમન પમાડવા માટે, તેની ઉચિત ભૂમિકાની નિષ્પત્તિનું કારણ બને તેવા પ્રકારની અંતરંગ પરિણતિને ઉલ્લસિત કરવાને અનુકૂળ ઉચિત કાયિક, વાચિક, માનસિક ક્રિયા રૂપે છે. માટે તે વિધિના પરમાર્થને યથાર્થ જાણીને જે મહાત્મા અત્યંત સુપ્રણિધાનપૂર્વક વ્રતની વિધિના પદે પદમાં અત્યંત ઉપયુક્ત થઈને યત્ન કરે તો તેઓ વડે ગ્રહણ કરાયેલાં વ્રતો તત્કાલ ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને છે. **॥૪/૧૩૭॥**

અવતરણિકા :-

प्रागविशेषतो धर्मो ग्राह्यतयोक्तः, तत्र च प्रायोऽभ्यस्तश्रावकधर्मो यतिधर्मयोग्यो भवतीति गृहस्थ-धर्मग्रहणमेवादौ बिभणिषुरिदमाह –

અવતરણિકાર્થ :-

પૂર્વમાં=શ્લોક-૧થી ૩માં અવિશેષથી=દેશવિરતિ, સર્વવિરતિરૂપ વિભાગ વગર, ધર્મ ગ્રાહ્યપણાથી કહેવાયો અને ત્યાં=સદ્ધર્મ ગ્રહણ કરવા માટે તત્પર થયેલા શ્રોતામાં, પ્રાયઃ અભ્યસ્ત શ્રાવકધર્મવાળો યતિધર્મ યોગ્ય થાય છે એથી આદિમાં ગૃહસ્થધર્મ ગ્રહણને જ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી આને=આગળમાં કહેવાય છે એ સૂત્રને, કહે છે –

ભાવાર્થ :-

તૃતીય અધ્યાયના પ્રારંભમાં કહ્યું કે જે શ્રોતા પૂર્વમાં વર્ણન કરાયેલા સદ્ધર્મના શ્રવણથી જ્ઞાતતત્ત્વવાળો થયેલો છે, મહાસત્વવાળો બનેલો છે અને પરમ સંવેગને પામેલો છે તે પોતાની શક્તિ અનુસાર ધર્મગ્રહણ કરવામાં પ્રવર્તે છે. ત્યાં દેશવિરતિ કે સર્વવિરતિના વિભાગ વગર ધર્મગ્રહણ કરવામાં પ્રવર્તે છે તેમ કહેલ છે; કેમ કે કોઈક મહાસત્ત્વશાળી જીવ ધર્મ સાંભળીને સર્વવિરતિ ગ્રહણ કરવામાં પોતાનું સામર્થ્ય જણાય તો સર્વવિરતિ પણ ગ્રહણ કરે. છતાં ધર્મનું ગ્રહણ અને સમ્યક્ પાલન અતિદુષ્કર છે, તેથી જેઓ શ્રાવકધર્મનું પાલન કરીને સર્વવિરતિને અનુકૂળ સંચિત વીર્યવાળા થયા છે તેઓ સર્વવિરતિ ધર્મને યોગ્ય થાય છે, તેથી ગ્રંથકારશ્રી સર્વવિરતિ ધર્મના ગ્રહણની વિધિનું કથન કરતાં પૂર્વે શ્રાવકધર્મના ગ્રહણને જ કહેવાની ઇચ્છાવાળા શ્રાવકધર્મને ગ્રહણ કરતાં પૂર્વે શું કરવું ઉચિત છે તે બતાવવા અર્થે કહે છે –

સૂત્ર :-

सति सम्यग्दर्शने न्याय्यमणुव्रतादीनां ग्रहणम्, नान्यथा ।।५/१३८।।

સૂત્રાર્થ :-

સમ્યગ્દર્શન હોતે છતે અણુવ્રતાદિનું ગ્રહણ ન્યાય્ય છે=ઉચિત છે, અન્યથા નહિ=સમ્યગ્દર્શન ન હોય તો અણુવ્રતાદિ ગ્રહણ કરવાં ઉચિત નથી. ।।૫/૧૩૮।।

ટીકા :-

'सति' વિદ્યમાને 'सम्यग्दर्शने' સમ્યક્ત્વલક્ષણે 'न्याय्यम्' उपपन्नम् 'अणुव्रतादीनां' અણુવ્રત-ગુણવ્રતશિક્ષાવ્રતાનાં 'ग्रहणम्' અભ્યુપગમઃ, 'न' નૈવ 'अन्यथा' સમ્યગ્દર્શને असति, નિષ્ફલપ્રસઙ્ગાત્, યથોક્તમ્ –

"सस्यानीवोषरे क्षेत्रे निक्षिप्तानि कदाचन ।

न व्रतानि प्ररोहन्ति जीवे मिथ्यात्ववासिते ।।१०३।।"

"संयमा नियमाः सर्वे नाश्यन्तेऽनेन पावनाः ।

क्षयकालानलेनेव पादपाः फलशालिनः ।।१०४।।" **[ ] इति ।।५/१३८।।**

ટીકાર્થ :-

'सति' ..... इति ।। વિદ્યમાન સમ્યગ્દર્શન હોતે છતે અણુવ્રતાદિનું=અણુવ્રતો, ગુણવ્રતો, શિક્ષાવ્રતોનું ગ્રહણ=સ્વીકાર, ન્યાય્ય છે=સંગત છે. અન્યથા=સમ્યગ્દર્શન નહિ હોતે છતે અણુવ્રતાદિનું ગ્રહણ કરવું ન્યાય્ય નથી જ; કેમ કે નિષ્ફલનો પ્રસંગ છે=ગ્રહણ કરાયેલા વ્રતોનાં નિષ્ફલનો પ્રસંગ છે. જે કારણથી કહેવાયું છે –

"ઉખરભૂમિમાં નિક્ષેપ કરાયેલા ધાન્યોની જેમ મિથ્યાત્વવાસિત જીવમાં વ્રતો ક્યારેય પ્રરોહ પામતાં નથી. ફલથી શોભતાં વૃક્ષો ક્ષયકાળવાળા પવનથી જેમ નાશ પામે છે તેમ આના દ્વારા=મિથ્યાત્વ દ્વારા, પવિત્ર એવા સંયમ અને નિયમો સર્વે નાશ પામે છે. ।।૧૦૩-૧૦૪।।" **()**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫/૧૩૮।।

ભાવાર્થ :-

યોગ્ય ઉપદેશક શ્રોતાની ભૂમિકા અનુસાર પૂર્વના અધ્યાયમાં બતાવ્યું તે પ્રમાણે સદ્ધર્મનું સ્વરૂપ બતાવે છે તે સાંભળીને તત્ત્વને પામેલો શ્રોતા શક્તિ અનુસાર દેશવિરતિ ગ્રહણ કરે તો તે દેશવિરતિનું ગ્રહણ શાસ્ત્રવિધિ અનુસાર કરવાથી તત્કાલ ભાવથી દેશવિરતિરૂપે પરિણમન પામે છે. આમ છતાં કોઈક શ્રોતા

ઉપદેશકના ઉપદેશ દ્વારા ધર્મગ્રહણ કરવાને સન્મુખ થયેલો હોય અને ભગવાને કહ્યા પ્રમાણે મોક્ષ અને મોક્ષમાર્ગમાં તેને સ્થિર રુચિ થયેલી ન હોય તેના કારણે માત્ર વ્રતગ્રહણ કરીને દેશવિરતિ પાલન કરવાને અભિમુખ પરિણામવાળો છે તેવા શ્રોતાને ઉપદેશક દેશવિરતિ આપે તો તેનામાં સમ્યગ્દર્શનનો પરિણામ નહિ હોવાને કારણે તેવા જીવો માટે અણુવ્રતોનું ગ્રહણ ન્યાય્ય નથી; કેમ કે તે શ્રોતાએ ભગવાનનાં વચનના પરમાર્થને શાસ્ત્રવચન દ્વારા, યુક્તિ દ્વારા અને અનુભવ દ્વારા સ્થિર નહિ કરેલ હોવાથી પારમાર્થિક દેશવિરતિના પરિણામમાં તેને રુચિ ઉત્પન્ન થઈ નથી, માત્ર બાહ્ય આચરણાત્મક ધર્મમાં તેને રુચિ થયેલ છે, તેથી તેવા શ્રોતાને સર્વવિરતિનું કારણ બને અને ક્રમે કરીને મોક્ષનું કારણ બને તેવી દેશવિરતિ વ્રતગ્રહણ કરવા માત્રથી નિષ્પન્ન થતી નથી, તેથી ઉપદેશકે એવા શ્રોતાને વ્રત આપતાં પૂર્વે જિનવચનનો સૂક્ષ્મ બોધ થાય એ પ્રકારે ઉપદેશ આપીને તેને વ્રત આપવાં ઉચિત ગણાય.

અહીં વિશેષ એ છે કે શાસ્ત્રમાં અપુનર્બંધકને પણ દીક્ષા લેવાના અધિકારી કહ્યા છે. તેનું કારણ કેટલાક શ્રોતા તેવી તીક્ષ્ણ બુદ્ધિવાળા નથી જેથી ઉપદેશ દ્વારા જિનવચનના પરમાર્થને સ્પર્શી શકે તોપણ માર્ગાનુસારી સ્થૂલબોધના કારણે તેઓને સર્વવિરતિધર્મની રુચિ થયેલી છે અને ગીતાર્થના સાન્નિધ્યના બળથી પ્રતિદિન નવું નવું શ્રુતઅધ્યયન અને સંયમની ઉચિત ક્રિયા દ્વારા તેઓને ક્રમસર સૂક્ષ્મ બોધ થાય છે, તેથી તેવા જીવો ગુણવાનના પારતંત્ર્યના બળથી પાછળથી સમ્યક્ત્વ પામશે અને તેની પ્રાપ્તિમાં ગ્રહણ કરાયેલ દીક્ષા અને ગીતાર્થ ગુરુનું પારતંત્ર્ય અને ગીતાર્થ ગુરુ પાસેથી પ્રાપ્ત થતું નવું નવું શ્રુત પ્રબળ કારણ છે, તેથી અપવાદથી તેવા જીવોને પણ માર્ગપ્રવેશ માટે દીક્ષા આપે છે છતાં સામાન્યથી જે શ્રોતા ઉપદેશકના ઉપદેશ દ્વારા સમ્યક્ત્વ પામી શકે તેમ છે તેવા શ્રોતાને તો સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવીને અણુવ્રતાદિનું પ્રદાન ઉચિત છે. **॥૫/૧૩૮॥**

અવતરણિકા :-

सम्यग्दर्शनमेव यथा स्यात् तथाऽऽह –

અવતરણિકાર્થ :-

સમ્યગ્દર્શન જ જે પ્રમાણે થાય તે પ્રમાણે કહે છે –

ભાવાર્થ :-

ઉપદેશક યોગ્ય શ્રોતાને ધર્મગ્રહણ કરવાને અભિમુખ થયેલો જાણીને જો તેનામાં સમ્યગ્દર્શન નથી તેવો નિર્ણય થાય તો જે રીતે તેને સમ્યગ્દર્શન થાય તે રીતે બતાવે છે –

સૂત્ર :-

जिनवचनश्रवणादेः कर्मक्षयोपशमादितः सम्यग्दर्शनम् ।।६/१३९।।

સૂત્રાર્થ :-

જિનવચનનાં શ્રવણાદિથી કર્મના ક્ષયોપશમના કારણે=જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મિથ્યાત્વમોહનીય આદિ કર્મના ક્ષયોપશમના કારણે સમ્યગ્દર્શન થાય છે એ પ્રમાણે ઉપદેશક શ્રોતાને કહે. ।।૬/૧૩૯।।

ટીકા :-

'जिनवचनश्रवणं' प्रतीतरूपमेव, 'आदि'शब्दात् तथाभव्यत्वपरिपाकापादितजीववीर्यविशेषलक्षणो निसर्गो गृह्यते, ततो जिनवचनश्रवणादेः सकाशात् यः 'कर्मक्षयोपशमादिः' कर्मणः ज्ञानावरण-दर्शनावरणमिथ्यात्वमोहादेः क्षयोपशमोपशमक्षयलक्षणो गुणः तस्मात् 'सम्यग्दर्शनं' तत्त्वश्रद्धानलक्षणं विपर्ययव्यावृत्तिकारि असदभिनिवेशशून्यं शुद्धवस्तुप्रज्ञापनानुगतं निवृत्ततीव्रसंक्लेशं उत्कृष्टबन्धाभावकृत् शुभात्मपरिणामरूपं समुज्जृम्भते, कर्मक्षयादिरूपं चेत्थमवसेयम् –

"खीणा निव्वायहुयासणो व्व छारपिहियव्व उवसंता ।

दरविज्झायविहाडियजलणोवम्मा खओवसमा ।।१०५।।" [ ]

'विघाटित' इति इतस्ततो विप्रकीर्ण इति ।।६/१३९।।

ટીકાર્થ :-

'जिनवचनश्रवणं' ..... इति ।। જિનવચનનું શ્રવણ પ્રતીતસ્વરૂપ જ છે=સ્પષ્ટ જ છે. આદિ શબ્દથી તથાભવ્યત્વના પરિપાકથી આપાદિત એવા જીવવીર્ય વિશેષરૂપ નિસર્ગનું ગ્રહણ કરાય છે. ત્યારપછી= જિનવચન શ્રવણ આદિનો અર્થ કર્યા પછી, તેનું યોજન કરે છે. જિનવચન શ્રવણાદિથી જે કર્મના ક્ષયોપશમ આદિ થાય છે=જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મિથ્યાત્વમોહનીય આદિ કર્મના ક્ષયોપશમરૂપ ગુણ તેનાથી તત્ત્વશ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન થાય છે. જે સમ્યગ્દર્શન વિપર્યયની વ્યાવૃત્તિને કરનાર છે, અસદ્ અભિનિવેશથી રહિત છે, શુદ્ધવસ્તુની પ્રજ્ઞાપનાથી યુક્ત છે, નિવૃત્ત થયેલા તીવ્ર સંક્લેશવાળું છે, ઉત્કૃષ્ટબંધના અભાવને કરનાર શુભ આત્મપરિણામરૂપ છે. અને કર્મક્ષયાદિનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું –

"બુઝાયેલા અગ્નિ જેવાં ક્ષીણ કર્મો છે, રાખથી ઢંકાયેલા અગ્નિ જેવાં ઉપશાંત કર્મો છે તથા કંઈક વિધ્યાત અને કંઈક વિજ્જાય વિહાડિય અગ્નિની ઉપમાવાળા=કંઈક બુઝાયેલા અને કંઈક વિખેરાયેલા અગ્નિની ઉપમાવાળાં, ક્ષયોપશમરૂપ કર્મો છે. ।।૧૦૫।।" **(વિશેષા. ૧૨૫૬)**

વિહાડિય=વિઘાટિત, એટલે આમતેમ, વિપ્રકીર્ણ=વિખેરાયેલ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬/૧૩૯।।

ભાવાર્થ :-

ઉપદેશક યોગ્ય શ્રોતાને દેશવિરતિનું સ્વરૂપ બતાવતા પૂર્વે સમ્યગ્દર્શનની નિષ્પત્તિ અર્થે કહે છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સમુદિત એવાં બે કારણોથી થાય છે : (૧) ભગવાનનાં વચનની યથાર્થ પ્રતીતિ થાય તે પ્રકારે શ્રવણની ક્રિયાથી અને (૨) વળી કેટલાક જીવોને તથાભવ્યત્વના પરિપાકને કારણે જીવવીર્યવિશેષરૂપ સ્વાભાવિક પરિણામથી એમ બે કારણોથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અર્થાત્ જિનવચનશ્રવણરૂપ અધિગમથી અને તથાભવ્યત્વના પરિપાકરૂપ નિસર્ગથી સમ્યગ્દર્શન થાય છે.

આશય એ છે કે યોગ્ય શ્રોતા જિનવચનને અત્યંત અવધાનપૂર્વક શ્રવણ કરે તો તેને પ્રતીતિ થાય છે કે "સંસારના આ સર્વ ભોગો મેં અનંતીવાર પ્રાપ્ત કર્યા, તેથી આ ભોગોથી જે આનંદ થાય છે તે અપૂર્વ નથી પરંતુ અનેક વખત મેં આ ભોગો પ્રાપ્ત કર્યા છે છતાં જીવને તૃપ્તિ થઈ નથી અને ભગવાનનાં દરેક વચનો જીવના અસંગભાવના પરમાર્થને બતાવનારાં છે અને તે સ્વરૂપે મેં જિનવચન અત્યાર સુધી અવધારણ કર્યું નથી, તેથી પૂર્વમાં કરાયેલું જિનવચનનું શ્રવણ અપૂર્વ ન હતું અને હમણાં પોતાનું જીવવીર્યવિશેષ એવું ઉલ્લસિત થવાને કારણે ભગવાનના દરેક વચનમાં અસંગભાવની સાથે એકવાક્યતાથી જોડાયેલ છે એ પ્રકારે પ્રતીત થવાથી તેને વિશ્વાસ થાય છે કે આ પ્રકારે જિનવચનનું શ્રવણ પૂર્વે મેં ક્યારેય કર્યું નથી. આથી જ હજી સુધી હું સંસારમાં છું અને હવે જિનવચનમાં જ અપૂર્વતા દેખાય છે, તેથી અપૂર્વતાની પ્રાપ્તિકૃત મને આનંદ થાય છે." તેથી તે જીવ અપૂર્વ અપૂર્વ એવા જિનવચનનાં પરમાર્થને જાણવા માટે અત્યંત ઉત્સાહિત થાય છે તેના કારણે તે જીવમાં તત્ત્વને જોવામાં બાધક એવાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને મિથ્યાત્વ મોહનીય અને અંતરાય કરનારાં કર્મોનો ક્ષયોપશમ થાય છે. તે ક્ષયોપશમજન્ય ભગવાનનું વચન જ એકાંતે કલ્યાણનું કારણ છે એવું સ્થિર શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન થાય છે.

આ સમ્યગ્દર્શનના કારણે (i) અનાદિથી બાહ્ય પદાર્થમાં જ સુખને જોનાર તુચ્છ વિપર્યાસ બુદ્ધિ હતી તેની વ્યાવૃતિને કરનાર આ સમ્યગ્દર્શન બને છે જેથી મુનિભાવમાં જ તે મહાત્માને સુખ દેખાય છે. (ii) વળી, આ સમ્યગ્દર્શન અસદ્ અભિનિવેશથી શૂન્ય છે અર્થાત્ ભગવાનના વચનથી વિપરીત એવા કોઈપણ પદાર્થમાં સ્વમતિ અનુસાર રુચિ કરવા રૂપ અસદ્ અભિનિવેશથી શૂન્ય છે. (iii) વળી, જિનવચન જે શુદ્ધ વસ્તુનું પ્રતિપાદન કરે છે તેને અનુસરનાર એવી રુચિ સ્વરૂપ છે. વળી, અસંગભાવ પ્રત્યે તીવ્ર પક્ષપાત થવાને કારણે પૂર્વમાં ભોગાદિના આકર્ષણને કારણે જે તીવ્ર સંક્લેશ થતો હતો તેનાથી નિવૃત્ત પરિણામવાળું સમ્યગ્દર્શન છે. (iv) વળી, ચિત્તમાં સંક્લેશ ઘણો અલ્પ થવાને કારણે ઉત્કૃષ્ટબંધના અભાવને કરનારું સમ્યગ્દર્શન છે; કેમ કે તીવ્ર સંક્લેશથી જ ઉત્કૃષ્ટબંધ થાય છે. વળી, સમ્યગ્દર્શન પ્રગટ્યા પછી જીવને આત્માની મુક્ત અવસ્થા અને સંસારમાં મુનિભાવની અવસ્થા જ સારરૂપ જણાય છે, અન્ય કાંઈ સારભૂત જણાતું નથી, તેથી શુભ આત્મ પરિણામરૂપ સમ્યગ્દર્શન છે.

સૂત્રમાં કહ્યું કે જિનવચનાદિના શ્રવણથી કર્મના ક્ષયોપશમાદિ થાય છે, તેથી ટીકાકારશ્રી કર્મનો ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ ત્રણનું સ્વરૂપ દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે –

જેમ અગ્નિ બુઝાયેલો હોય તો અગ્નિનો અભાવ છે એમ કહેવાય, તેમ જિનવચનાદિના શ્રવણથી જે કર્મનો નાશ થયો છે તે કર્મનો ક્ષય થયો છે એમ કહેવાય. જેમ અગ્નિને રાખથી ઢાંકી દેવામાં આવે તો તે અગ્નિ શાંત થયેલો છે તેમ જિનવચનાદિના શ્રવણથી જે કર્મ શાંત થયેલાં હોય તે કર્મોનો ઉપશમ છે. અને અગ્નિની જ્વાળામાં પાણી નાખવામાં આવે જેનાથી તે અગ્નિની જ્વાળાનો કંઈક ભાગ બુઝાઈ જાય અને સળગતો અગ્નિ પણ આમતેમ વેરવિખેર જેવો કંઈક બળતો દેખાય તેની જેમ જિનવચનાદિના શ્રવણથી તત્ત્વના અભિમુખ પરિણામને કારણે જે કર્મોમાંથી કેટલાંક કર્મો નાશ પામી જાય અને કેટલાંક કર્મો ક્ષીણશક્તિવાળા મંદ મંદ ઉદયમાં વર્તે છે તેવાં કર્મો ક્ષયોપશમવાળાં છે. **॥૬/૧૩૯॥**

અવતરણિકા :-

कीदृशमित्याह –

અવતરણિકાર્થ :-

કેવા પ્રકારનું સમ્યગ્દર્શન છે ? એથી કહે છે –

સૂત્ર :-

प्रशमसंवेगनिर्वेदाऽनुकम्पाऽऽस्तिक्याभिव्यक्तिलक्षणं तत् ।।७/१४०।।

સૂત્રાર્થ :-

પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યની અભિવ્યક્તિ લક્ષણવાળું તે=સમ્યગ્દર્શન, છે. ।।૭/૧૪૦।।

ટીકા :-

'प्रशमः' स्वभावत एव क्रोधादिक्रूरकषायविषविकारकटुफलावलोकनेन वा तन्निरोधः, 'संवेगो' निर्वाणाभिलाषः, 'निर्वेदो' भवादुद्वेजनम्, 'अनुकम्पा' दुःखितसत्त्वविषया कृपा, 'आस्तिक्यं' 'तदेव सत्यं निःशङ्कं यज्जिनैः प्रवेदितम्' इति प्रतिपत्तिलक्षणम्, ततः प्रशमसंवेगनिर्वेदाऽनुकम्पाऽऽस्तिक्यानामभिव्यक्तिः उन्मीलनं 'लक्षणं' स्वरूपसत्ताख्यापकं यस्य तत् तथा 'तदि'ति सम्यग्दर्शनम् ।।७/१४०।।

ટીકાર્થ :-

'प्रशमः' ..... सम्यग्दर्शनम् ।। પ્રશમ=સ્વભાવથી જ અથવા ક્રોધાદિ ક્રૂર કષાયરૂપ વિષના વિકારો રૂપ કટુફળના અવલોકનથી તેનો નિરોધ=ક્રૂર કષાયોનો નિરોધ, સંવેગ=નિર્વાણનો અભિલાષ, નિર્વેદ=ભવથી ઉદ્વેગ, અનુકંપા=દુઃખિત જીવો વિષયક દયા, આસ્તિક્ય=તે જ સત્ય છે, નિઃશંક છે જે

ભગવાન વડે કહેવાયું છે એ પ્રકારે સ્વીકારરૂપ આસ્તિક્ય. ત્યારપછી=પ્રશમ આદિનો અર્થ કર્યા પછી, સમાસ સ્પષ્ટ કરે છે – પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યની અભિવ્યક્તિ=ઉન્મીલનરૂપ, સ્વરૂપ સત્તા ખ્યાપક છે જેને=અનુમાપક છે જેને, તે તેવું છે=પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યની અભિવ્યક્તિ-વાળું છે, તે=સમ્યગ્દર્શન છે. ॥૭/૧૪૦॥

ભાવાર્થ :-

યોગ્ય ઉપદેશક શ્રોતાની બુદ્ધિ અનુસાર કહે કે જિનવચનના શ્રવણ આદિથી દર્શનમોહનીયનો ક્ષયોપશમ આદિ થાય છે, તેના કારણે તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટે છે. જેના ફળરૂપે જીવમાં પ્રશમ આદિ ભાવો પ્રગટે છે જે ભાવોના બળથી પોતાનામાં સમ્યગ્દર્શનનો પરિણામ છે કે નહિ, તેનો નિર્ણય આરાધક જીવ કરી શકે છે. પ્રશમ આદિ ભાવોનું સ્વરૂપ બતાવતાં કહે છે –

(૧) પ્રશમ :-

તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટેલ હોવાથી સ્વભાવથી જ કેટલાક જીવોમાં ક્રોધાદિ ક્રૂર કષાયોનો નિરોધ થાય છે. વળી, કેટલાક જીવોમાં તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટ્યા પછી તે જીવો વારંવાર ક્રોધાદિ ક્રૂર કષાયોના કટુ ફળનું અવલોકન કરે છે તેના કારણે તેવા કષાયો નિમિત્તને પામીને પણ સમ્યગ્દૃષ્ટિ જીવમાં ઉદ્ભવ પામતા નથી.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવોને અનંતાનુબંધી કષાયોનો ઉપશમ વર્તે છે, તેથી તેઓમાં નિમિત્તને પામીને રાગાદિ ભાવો ઉત્થિત થતા હોય, તોપણ તીવ્ર સંક્લેશ કરાવે તેવા રાગાદિ થતા નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવો નિર્મળ પ્રજ્ઞાને કારણે સદા વિચારે છે કે જ્યારે જ્યારે રાગાદિ ભાવો જીવમાં વર્તે છે ત્યારે તેના વિકારને કારણે તત્કાલ જ ક્લેશરૂપી ફળ મળે છે. વળી, તે વિકારોને કારણે દેહમાં પણ શારીરિક પ્રક્રિયાની વિકૃતિ થવાથી રોગાદિ ઉત્પન્ન થાય છે. વળી, કષાયોના ક્લેશના કારણે કર્મબંધ અને દુર્ગતિરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. આ રીતે ચિંતવન કરીને સમ્યગ્દૃષ્ટિ જીવો સદા કષાયોના નિરોધ માટે ઉદ્યમ કરનારા હોય છે, તેથી સમ્યગ્દૃષ્ટિ જીવોમાં અનંત સંસારનું કારણ બને તેવા અનંતાનુબંધી કષાયો સદા નિરોધને પામેલા હોય છે.

(૨) સંવેગ :-

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવોમાં તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટેલી હોવાથી સર્વકર્મરહિત આત્માની અવસ્થા તેને સુંદર જણાય છે, તેથી સંસારના નાશના અભિલાષરૂપ નિર્વાણનો અભિલાષ સમ્યગ્દૃષ્ટિ જીવોમાં સદા વર્તે છે જે સંવેગનો પરિણામ છે.

(૩) નિર્વેદ :-

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવો નિર્મળ દૃષ્ટિવાળા હોવાથી શાસ્ત્રવચન અનુસાર અનાદિકાળથી પોતાનો

આત્મા ચાર ગતિમાં પરિભ્રમણ કરીને જે પ્રકારે કદર્થના પામ્યો છે તેની યથાર્થ વિચારણા કરનારા હોય છે, તેથી ચાર ગતિના પરિભ્રમણની કદર્થનારૂપ ભવથી સદા ઉદ્વેગવાળા હોય છે અને તેના કારણે ચાર ગતિઓના પ્રાપ્તિના કારણીભૂત સંસારની પ્રવૃત્તિઓને દૂર કરીને યોગમાર્ગની પ્રવૃત્તિને સ્થિર કરવા માટે સદા પ્રયત્ન કરે છે જે નિર્વેદનો પરિણામ છે.

(૪) અનુકંપા :-

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવો તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિવાળા હોય છે, તેથી સંસારી જીવોનાં શારીરિક, માનસિક દુઃખોને જોઈને તેઓના પ્રત્યે કરુણાના પરિણામવાળા હોય છે. માટે જે જીવોનાં દુઃખોનું જે પ્રકારે નિવારણ પોતાનાથી શક્ય હોય તે પ્રકારે તેઓનાં દુઃખના નિવારણ માટે સમ્યગ્દૃષ્ટિ જીવો ઉચિત યત્ન કરે છે જે અનુકંપાનો પરિણામ છે.

(૫) આસ્તિક્ય :-

વળી, સમ્યગ્દૃષ્ટિજીવો સુપરીક્ષક હોવાથી તત્ત્વના માર્ગની સ્વશક્તિ અનુસાર પરીક્ષા કરીને સર્વજ્ઞે કહેલો માર્ગ શાસ્ત્રવચનથી, યુક્તિથી અને અનુભવથી નિર્ણય કરીને તેનો સ્વીકાર કરે છે, તેથી તેઓને સ્થિર શ્રદ્ધા હોય છે કે "સર્વજ્ઞે જે કાંઈ કહ્યું છે તે યુક્તિથી અને અનુભવથી સંગત છે માટે નિઃશંક છે, સત્ય છે.", તેથી પોતાની મંદ બુદ્ધિના કારણે કોઈક સ્થાનમાં સર્વજ્ઞનાં વચનોનો યથાર્થ અર્થ યુક્તિથી અને અનુભવથી નિર્ણય ન કરી શકે તોપણ ભગવાનના વચનમાં સ્થિર રુચિવાળા હોય છે. જે આસ્તિક્યનો પરિણામ છે.

આ પ્રશમ આદિ પાંચ ભાવોના બળથી જીવમાં સમ્યગ્દર્શન છે કે નહિ તેનો નિર્ણય થઈ શકે છે. માટે પ્રશમ આદિ સમ્યગ્દર્શનના નિર્ણય કરવાનાં લિંગો છે.

અહીં વિશેષ એ છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ સાથે આસ્તિક્ય ગુણ પ્રગટે છે અને ત્યારપછી ઉપર ઉપરના ગુણસ્થાનકમાં અનુકંપા આદિ ભાવો પ્રગટે છે એમ અન્ય ગ્રંથોમાં કહેલ છે, ત્યાં પ્રશમાદિ ભાવોનો અર્થ વિશેષ પ્રકારનો ગ્રહણ કરેલ છે, તેથી સમ્યક્ત્વની સાથે પ્રશમાદિ સર્વભાવો પ્રગટ થતા નથી પરંતુ ક્રમસર ગુણસ્થાનકની વૃદ્ધિથી પશ્ચાનુપૂર્વીથી પ્રશમાદિ ભાવો પ્રગટે છે. જ્યારે પ્રસ્તુત ગ્રંથમાં તો સમ્યગ્દૃષ્ટિ જીવને પોતાનામાં સમ્યક્ત્વ પ્રગટ્યું છે કે નહિ તેનો નિર્ણય કરવા માટે ઉપયોગી સમ્યગ્દર્શનનાં લિંગોનો બોધ કરાવવો છે, તેથી ઉપદેશકે, શ્રોતાને અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમથી થનારા પ્રશમ આદિ પાંચે ભાવોને ગ્રહણ કરીને સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવેલ છે જેથી જે જીવમાં સમ્યગ્દર્શન હોય તે જીવમાં અવશ્ય આ પાંચે ભાવો હોય છે તેવો નિર્ણય થાય છે. ફક્ત સમ્યગ્દૃષ્ટિ જીવ પણ સમ્યક્ત્વને લઈને અન્ય ભવમાં જાય અને ગર્ભાદિ અવસ્થામાં હોય ત્યારે દેહનો તે પ્રકારનો વિકાસ નહિ હોવાથી તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ હોવા છતાં વ્યક્તરૂપે પ્રશમ આદિ ભાવો દેખાતા નહિ હોવા છતાં તે સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યારે દેહથી વિકાસ પામે છે ત્યારે તેમનામાં વર્તતી નિર્મળ દૃષ્ટિને કારણે પ્રશમ આદિ ભાવો દેખાય છે. **॥૭/૧૪૦॥**

અવતરણિકા :-

એવં સમ્યગ્દર્શનસિદ્ધૌ યદ્ ગુરુણા વિધેયં તદાહ –

અવતરણિકાર્થ :-

આ રીતે=સૂત્ર-૬, ૭માં કહ્યું કે "જિનવચન શ્રવણ આદિથી પ્રશમ આદિ લક્ષણોવાળું સમ્યગ્દર્શન પ્રગટ થાય છે" એ રીતે, સમ્યગ્દર્શનની સિદ્ધિ થયે છતે=યોગ્ય શ્રોતામાં ઉપદેશના બળથી પ્રશમ આદિ ભાવોના પરિણામવાળું સમ્યગ્દર્શન પ્રગટ થયે છતે, ઉપદેશક ગુરુએ જે કરવું જોઈએ તેને કહે છે –

સૂત્ર :-

उत्तमधर्मप्रतिपत्त्यसहिष्णोस्तत्कथनपूर्वमुपस्थितस्य विधिनाऽणुव्रतादिदानम् ।।૮/૧૪૧।।

સૂત્રાર્થ :-

ઉપસ્થિત=ધર્મ ગ્રહણ કરવા માટે તત્પર અને ઉત્તમધર્મ સ્વીકારવા માટે અસમર્થ એવા શ્રોતાને=સર્વવિરતિ ગ્રહણ કરવા માટે અસમર્થ એવા શ્રોતાને, તેના કથનપૂર્વક=સ્વરૂપ અને ભેદાદિથી અણુવ્રતાદિના કથનપૂર્વક, વિધિથી અણુવ્રતાદિનું દાન કરવું જોઈએ. ।।૮/૧૪૧।।

ટીકા :-

इह भव्यस्य भवभीरोर्धर्मग्रहणोद्यममवलम्बमानस्य गुरुणा प्रथमं क्षमामार्दवादिर्यतिधर्मः सप्रपञ्चमुपवर्ण्य प्रदातुमुपस्थापनीयः, तस्यैव सर्वकर्मरोगविरेचकत्वात् यदा चासावद्यापि विषयसुखपिपासादिभिरुत्तमस्य क्षमामार्दवादेर्यति'धर्मस्य प्रतिपत्तिः' अभ्युपगमः तस्यामसहिष्णुः अक्षमः तदा तस्य 'तत्कथनपूर्वं' स्वरूपभेदादिभिस्तेषाम् अणुव्रतादीनां 'कथनं' प्रकाशनं 'पूर्वं' प्रथमं यत्र तत् तथा, क्रियाविशेषणमेतत्, 'उपस्थितस्य' ग्रहीतुमभ्युद्यतस्य, किमित्याह–'विधिना' वक्ष्यमाणेनाणुव्रतादिदानं कर्त्तव्यमिति ।।૮/૧૪૧।।

ટીકાર્થ :-

इह ..... कर्त्तव्यमिति ।। અહીં=ધર્મ પ્રદાનના વિષયમાં ભવથી ભીરુ, ધર્મગ્રહણ કરવા માટે અવલંબન કરતાં એવા ભવ્ય જીવને ગુરુએ પ્રથમ ક્ષમા-માર્દવ આદિ યતિધર્મ વિસ્તારપૂર્વક વર્ણન કરીને ગ્રહણ કરવા માટે તત્પર કરવો જોઈએ; કેમ કે તેનું જ=સર્વવિરતિ ધર્મનું જ સર્વકર્મરૂપી રોગનું વિરેચકપણું છે. અને જ્યારે હજુ પણ આ ભવભીરુ એવો શ્રોતા વિષયસુખની પિપાસાથી ઉત્તમધર્મના=ક્ષમામાર્દવ આદિ યતિધર્મના સ્વીકાર માટે અસમર્થ છે ત્યારે તેને તત્કથનપૂર્વક=સ્વરૂપ અને ભેદાદિ વડે અણુવ્રતાદિના

પ્રકાશનપૂર્વક, ઉપસ્થિત એવા શ્રોતાને=ધર્મગ્રહણ કરવા તત્પર એવા શ્રોતાને આગળમાં કહેવાશે એ પ્રકારની વિધિથી અણુવ્રતાદિનું દાન કરવું જોઈએ. સૂત્રમાં તત્કથનપૂર્વક એ ક્રિયાવિશેષણ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૮/૧૪૧॥

ભાવાર્થ :-

ઉપદેશક યોગ્ય શ્રોતાને પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે સંસારનું વાસ્તવિક સ્વરૂપ બતાવે, કર્મકૃત વિડંબના સંસારમાં જીવને કઈ રીતે થાય છે અને સંસારથી મુક્ત થયેલા જીવો સદા સુખી છે તેવો નિર્મળ બોધ યોગ્ય શ્રોતાને કરાવે અને તે સાંભળીને જે શ્રોતાને નિર્મળ મતિ પ્રગટેલી છે, તેથી સંસારના ઉચ્છેદના ઉપાયરૂપે ધર્મગ્રહણ કરવા તત્પર થયેલો હોય ત્યારે ઉપદેશક તે શ્રોતાને ક્ષમાદિ દસ પ્રકારનો યતિધર્મ તે રીતે બતાવે કે જેથી શ્રોતાને બોધ થાય કે "સંસારના ઉચ્છેદનો પ્રબળ ઉપાય જિનવચન અનુસાર સેવાયેલ દસ પ્રકારનો યતિધર્મ છે." અને તે સાંભળીને તે શ્રોતાને સર્વવિરતિ ધર્મ અત્યંત આદરવા યોગ્ય જણાય છતાં હજી ભોગની ઇચ્છા સંપૂર્ણ શાંત થઈ નથી, તેથી સર્વ ઉદ્યમથી પૂર્ણ ધર્મ સેવવા માટે તે શ્રોતા અસમર્થ જણાય તો ઉપદેશકે તેવા શ્રોતાને અણુવ્રતાદિરૂપ બાર પ્રકારનો શ્રાવકધર્મ વિસ્તારથી સમજાવવો જોઈએ અને તે શ્રોતાને સ્થિર નિર્ણય થાય કે આ શ્રાવક ધર્મના પાલનથી હું સર્વવિરતિ ધર્મની શક્તિનો સંચય કરી શકીશ માટે મારે શક્તિ અનુસાર અણુવ્રતાદિ ગ્રહણ કરવાં જોઈએ. અને તે શ્રોતા સ્વભૂમિકા અનુસાર અણુવ્રતાદિ ગ્રહણ કરવા માટે તત્પર થાય ત્યારે આગળમાં કહેવાશે એ પ્રકારની વિધિપૂર્વક ગુરુએ શ્રોતાને અણુવ્રતાદિ વ્રતો આપવાં જોઈએ.

અહીં વિશેષ એ છે કે ઉપદેશકના વચનથી કેટલાક યોગ્ય જીવો સમ્યગ્દર્શન પામે છે, આમ છતાં વ્રતો ગ્રહણ કરવા માટે અને વ્રતોનું પાલન કરવા માટે અસમર્થ હોય છે. તેવા શ્રોતા સર્વવિરતિની શક્તિના સંચય માટે નવું નવું શાસ્ત્રનું અધ્યયન, સુસાધુની ભક્તિ અને તીર્થંકરોની ભક્તિરૂપ દ્રવ્યસ્તવનું સેવન કરે છે, જેનાથી સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય છે.

વળી, કેટલાક શ્રોતા સમ્યક્ત્વને પામ્યા પછી સંસારના ઉચ્છેદનો પ્રબળ ઉપાય સર્વજ્ઞના વચનને પરતંત્ર થઈને સર્વવિરતિનું સેવન છે તેવો નિર્ણય થવા છતાં, સર્વવિરતિની શક્તિના સંચય અર્થે દેશથી શ્રાવકનાં વ્રતોને ગ્રહણ કરીને અને ક્રમસર તે વ્રતોને અતિશયિત કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. અને કેટલાક યોગ્ય શ્રોતાઓને સમ્યક્ત્વ પામ્યા પછી યોગ્ય ઉપદેશક સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરાવે ત્યારે તે જીવોનું સર્વવિરતિને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. તેવા મહાસાત્ત્વિક પુરુષો સર્વવિરતિને ગ્રહણ કરીને અત્યંત અપ્રમાદપૂર્વક સર્વવિરતિના પાલન દ્વારા ક્રમસર અસંગભાવની શક્તિનો સંચય કરે છે. આમ છતાં રાધાવેધને સાધવા જેવું અતિદુષ્કર સર્વવિરતિનું પાલન હોવાથી કલ્યાણના અર્થી જીવો પણ બહુલતાએ દેશવિરતિના પાલનથી જ પારમાર્થિક સર્વવિરતિના પાલનની શક્તિનો સંચય કરે છે, તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી ઉપદેશકે યોગ્ય જીવને અણુવ્રતાદિ કઈ રીતે આપવાં જોઈએ ? તેનું કથન પ્રસ્તુત સૂત્રમાં કરેલ છે. **॥૮/૧૪૧॥**

અવતરણિકા :-

અન્યથા પ્રદાને દોષમાહ –

અવતરણિકાર્થ :-

અન્યથા પ્રદાનમાં=ઉત્તમધર્મના પાલનની શ્રોતામાં શક્તિ છે કે નહિ તેનો નિર્ણય કર્યા વગર અણુવ્રતાદિના પ્રદાનમાં, દોષને કહે છે=દેશવિરતિ આપનાર ઉપદેશકને પ્રાપ્ત થતા અનર્થને કહે છે –

સૂત્ર :-

सहिष्णोः प्रयोगेऽन्तरायः ।।९/१४२।।

સૂત્રાર્થ :-

સહિષ્ણુને=સર્વવિરતિપાલનમાં સમર્થ શ્રોતાને, પ્રયોગમાં=અણુવ્રતાદિના દાનના વ્યાપારમાં, અંતરાય છે=સર્વવિરતિની પ્રાપ્તિમાં શ્રોતાને ઉપદેશક દ્વારા અંતરાય કરાયેલો થાય છે. ।।૯/૧૪૨।।

ટીકા :-

'सहिष्णोः' उत्तमधर्मप्रतिपत्तिसमर्थस्य 'प्रयोगे' अणुव्रतादिप्रदानव्यापारणे 'अन्तरायः' चारित्रप्रतिपत्तेः कृतो गुरुणा भवति, स च भवान्तरे आत्मनश्चारित्रदुर्लभत्वनिमित्तमिति ।।९/१४२।।

ટીકાર્થ :-

'सहिष्णोः' ..... निमित्तमिति ।। सहिष्णुने=ઉત્તમધર્મ સ્વીકારવામાં સમર્થ એવા શ્રોતાને, પ્રયોગમાં= અણુવ્રતાદિ પ્રદાનના વ્યાપારમાં ચારિત્રની પ્રાપ્તિનો અંતરાય ઉપદેશક વડે કરાયેલો થાય છે અને તે=ઉપદેશક વડે કરાયેલો અંતરાય ભવાંતરમાં પોતાને=ઉપદેશકને ચારિત્રના દુર્લભપણામાં નિમિત્ત છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૯/૧૪૨।।

ભાવાર્થ :-

યોગ્ય શ્રોતા સમ્યક્ત્વ પામ્યો છે અને વિશેષ ધર્મ પ્રાપ્ત કરવા માટે તત્પર થયેલો છે તેવો નિર્ણય કર્યા પછી જે ઉપદેશક સંપૂર્ણ નિરવદ્ય એવા ચારિત્રના પાલન માટે આ શ્રોતા સમર્થ છે કે નહિ તેનો નિર્ણય કર્યા વગર ધર્મને ગ્રહણ કરવાને સન્મુખ થયેલા યોગ્ય શ્રોતાને અણુવ્રતાદિ આપે તો તે શ્રોતા સર્વવિરતિ ગ્રહણ કરીને જે પ્રકારે મોહનું ઉન્મૂલન કરી શકે તે પ્રકારે દેશવિરતિના પાલનથી મોહનું ઉન્મૂલન કરી શકે નહિ, તેથી વિશેષ પ્રકારે મોહના ઉન્મૂલન માટે સમર્થ એવા શ્રોતાને ઉપદેશક દેશવિરતિ આપે તે દેશવિરતિનું

પ્રદાન તે શ્રોતાના વિશેષ પ્રકારના હિતમાં અંતરાયરૂપ બને છે, તેથી યોગ્ય જીવને સર્વવિરતિની પ્રાપ્તિમાં અંતરાય કરીને ઉપદેશક તેવા પ્રકારનું અંતરાયકર્મ બાંધે છે જેનાથી તે ઉપદેશકને ભવાંતરમાં ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ બને છે. **॥૯/૧૪૨॥**

અવતરણિકા :-

અત્રૈવોપચયમાહ –

અવતરણિકાર્થ :-

આમાં જ=શ્રોતાની સર્વવિરતિની શક્તિના સમાલોચન વગર દેશવિરતિના પ્રદાનથી જે દોષની પ્રાપ્તિ થાય છે એમાં જ, ઉપચયને કહે છે=અંતરાયથી અન્ય દોષની પ્રાપ્તિ થાય છે એને કહે છે –

સૂત્ર :-

अनुमतिश्चेतरत्र ।।१०/१४३।।

સૂત્રાર્થ :-

અને ઈતરત્ર=ગૃહસ્થ જે અણુવ્રત સ્વીકારે છે તેના ઈતર અંશમાં, અનુમતિ છે=દેશવિરતિ આપનાર ગુરુને અનુમતિ છે. ।।૧૦/૧૪૩।।

ટીકા :-

'अनुमतिः' अनुज्ञादोषः, 'च'कारो दूषणान्तरसमुच्चये, 'इतरत्र' अणुव्रतादिप्रतिपत्तौ प्रत्याख्यात-सावद्यांशात् योऽन्यः अप्रत्याख्यातः सावद्यांशः तत्रापद्यते, तथा च गुरोर्यावज्जीवं सर्वथा सावद्य-परिहारप्रतिज्ञाया मनाग् मालिन्यं स्यादिति तत्कथनपूर्वकमित्युक्तम् ।।१०/१४३।।

ટીકાર્થ :-

'अनुमतिः' ..... इत्युक्तम् ।। અનુમતિ છે=અનુજ્ઞા દોષ છે. સૂત્રમાં 'ચ'કાર દૂષણાંતર સમુચ્ચયમાં છે=દેશવિરતિ દાનમાં અંતરાયરૂપ જે દોષ થાય છે તેનાથી અન્ય દોષના સમુચ્ચયમાં છે.

શેમાં અનુમતિ છે ? તે સ્પષ્ટ કરે છે –

ઈતરમાં=અણુવ્રતાદિના સ્વીકારમાં જે સાવદ્ય અંશનું પચ્ચક્ખાણ કર્યું છે તે અંશથી જે અન્ય નહિ કરાયેલું પચ્ચક્ખાણ સાવદ્ય અંશ છે તેમાં, અનુમતિ ઉપપન્ન થાય છે. અને તે રીતે=ઉપદેશક ગુરુને ઈતર અંશમાં અનુમતિની પ્રાપ્તિ છે તે રીતે, ગુરુને યાવજ્જીવ સર્વથા સાવદ્યના પરિહારની પ્રતિજ્ઞાનું થોડું માલિન્ય થાય છે. એથી તત્કથનપૂર્વક એ પ્રમાણે કહેવાયું=સર્વવિરતિ કથનપૂર્વક દેશવિરતિ આપે એ પ્રમાણે અન્ય ગ્રંથોમાં કહેવાયું. ।।૧૦/૧૪૩।।

ભાવાર્થ :-

જે ઉપદેશક ઉપદેશની મર્યાદાને યથાર્થ જાણનારા છે તેવા ઉપદેશક ગુરુ યોગ્ય શ્રોતાને પૂર્વના અધ્યાયોમાં વર્ણન કર્યું એ પ્રકારે ઉપદેશ આપીને યોગ્ય શ્રોતાને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવે છે. અને સમ્યક્ત્વને પામેલો શ્રોતા છે તેવો નિર્ણય થયા પછી તે મહાત્મા વિશેષ ધર્મ કરવા માટે ઉત્થિત થયેલા તે શ્રોતાને સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરાવ્યા પછી જો તે શ્રોતા સર્વવિરતિના યથાર્થ સ્વરૂપને જાણીને સર્વવિરતિના પાલનની શક્તિવાળો થયો નથી તેવું જણાય ત્યારે તે શ્રોતાને તે ઉપદેશક મહાત્મા દેશવિરતિનું કથન કરે અને દેશવિરતિના યથાર્થ સ્વરૂપનો બોધ કરાવીને દેશવિરતિનું પ્રદાન કરે. આમ છતાં શાસ્ત્રના પરમાર્થને જાણનારા ઉપદેશક ક્યારેક અનાભોગથી સમ્યક્ત્વને પામેલા શ્રોતાને સર્વવિરતિનો બોધ કરાવ્યા વગર દેશવિરતિનું પ્રદાન કરે તો પૂર્વસૂત્રમાં બતાવ્યું તેમ તે ગુરુને અંતરાયકર્મના બંધના કારણે ભવાંતરમાં ચારિત્રની દુર્લભતા પ્રાપ્ત થાય છે.

વળી, જે યોગ્ય શ્રોતા સર્વવિરતિ ગ્રહણ કરીને અસંગભાવની શક્તિ સંચિત કરવા માટે સમર્થ છે તેવા શ્રોતાને વિચાર્યા વગર દેશવિરતિનું કથન કરીને જો તે ગુરુ દેશવિરતિનું પ્રદાન કરે તો તે શ્રોતાએ જે દેશવિરતિ ગ્રહણ કરી છે તેમાં જે અન્ય સાવદ્ય અંશ છે તે સાવદ્ય અંશની અનુમતિનો પ્રસંગ ગુરુને પ્રાપ્ત થાય. જેથી જે ગુરુએ સર્વસાવદ્યનો ત્યાગ કર્યો છે અને તેના કારણ સાવદ્યના સર્વથા કરણ-કરાવણ-અનુમોદનનું પાલન કરે છે તેવા પણ ગુરુને તે શ્રાવકના સાવદ્ય અંશમાં અનુમતિના દોષની પ્રાપ્તિ થાય, માટે તે ગુરુનું ચારિત્ર કંઈક અંશથી મલિન બને છે.

અહીં વિશેષ એ છે કે અત્યંત ઉપયોગપૂર્વક સ્વ-પરના કલ્યાણનું એકાંત કારણ બને તે રીતે અપ્રમાદભાવથી સર્વ ઉચિત ક્રિયા કરવાથી સર્વવિરતિનું પાલન થાય છે, તેથી ગીતાર્થ ગુરુ જેમ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ જિનવચનના સ્મરણ અનુસાર કરે છે તેમ યોગ્ય શ્રોતાને ઉપદેશની ક્રિયા પણ જિનવચન અનુસાર કરે છે, તેથી તે ઉપદેશની ક્રિયા શ્રોતાના કલ્યાણનું કારણ બને છે. તેમ ઉપદેશકના પોતાના પણ ચારિત્રની વિશુદ્ધિનું કારણ બને છે. આથી જે ઉપદેશક શ્રોતાની યોગ્યતા અનુસાર પૂર્વમાં વર્ણન કર્યું એવો ઉપદેશ આપીને શ્રોતાને સમ્યગ્દૃષ્ટિ બનાવે છે ત્યાં સુધીની તે ઉપદેશકની પ્રવૃત્તિ જિનવચનથી નિયંત્રિત હોવાથી સ્વ-પરના કલ્યાણનું કારણ હતી અને સમ્યક્ત્વને પામેલ યોગ્ય શ્રોતાને દેશવિરતિના પ્રદાન પૂર્વે સર્વવિરતિનો ઉપદેશ આપ્યા વગર તે મહાત્મા પ્રયત્ન કરે ત્યારે જિનવચનના નિયંત્રણમાં સ્ખલના થયેલી હોવાથી તે ગુરુના ચારિત્રમાં માલિન્ય પ્રાપ્ત થાય છે, તેથી જ શ્રોતાને સર્વવિરતિની પ્રાપ્તિમાં તે દેશવિરતિના પ્રદાનની ક્રિયા અંતરાયરૂપ બને છે અને "अनिषिद्धं अनुमतं" એ ન્યાયથી ગુરુને સાવદ્યની અનુમતિની પ્રાપ્તિ થાય છે. માટે જિનવચન વિષયક ઉપદેશની ક્રિયામાં થયેલો અનાભોગ ગુરુના ચારિત્રમાં માલિન્ય પ્રાપ્ત કરાવે છે. **॥૧૦/૧૪૩॥**

અવતરણિકા :-

અથૈતદ્વ્યતિરેકે દોષમાહ –

અવતરણિકાર્થ :-

હવે આના વ્યતિરેકમાં=સર્વવિરતિના સ્વીકાર માટે અસમર્થ શ્રોતાનો નિર્ણય હોતે છતે અણુવ્રતાદિના અકથનરૂપ વ્યતિરેકમાં, દોષને કહે છે –

સૂત્ર :-

अकथने उभयाफल आज्ञाभङ्गः ।।११/१४४।।

સૂત્રાર્થ :-

અકથનમાં=સર્વવિરતિ ગ્રહણ કરવા માટે અસમર્થ શ્રોતાને અણુવ્રતાદિધર્મના અકથનમાં, ઊભયના અફલરૂપ આજ્ઞાભંગ છે=યોગ્ય શ્રોતાને દેશવિરતિ અને સર્વવિરતિની અપ્રાપ્તિરૂપ અફલવાળો એવો આજ્ઞાભંગ દોષ છે. ।।૧૧/૧૪૪।।

ટીકા :-

यदि उत्तमधर्मप्रतिपत्त्यसहिष्णोः अणुव्रतादिलक्षणं धर्मं न कथयति गुरुः तदा 'अकथने उभयं' यतिश्राद्धधर्मलक्षणं 'न फलं' यस्यासौ 'उभयाफलः आज्ञाभङ्गः' भगवच्छासनविनाशनमत्यन्तदुरन्तं जायत इति । भगवदाज्ञा चेयम् –

"श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।
आत्मानं च परं च हि हितोपदेष्टाऽनुगृह्णाति ।।१०६।।" **[तत्त्वार्थकारिका ३०] इति ।।११/१४४।।**

ટીકાર્થ :-

यदि ..... इति ।। જો ઉત્તમધર્મની પ્રતિપત્તિ માટે અસહિષ્ણુ એવા શ્રોતાને=સંપૂર્ણ નિરવદ્ય ધર્મના સ્વીકાર માટે અસમર્થ એવા શ્રોતાને, ગુરુ અણુવ્રતાદિ ધર્મ ન કહે તો અકથનમાં યતિધર્મરૂપ અને શ્રાવકધર્મરૂપ ઉભય ફલ નથી એવો ઉભયના ફલના અભાવવાળો આજ્ઞાભંગ થાય છે=તે શ્રાવક દેશવિરતિનું પાલન કરીને સર્વવિરતિની શક્તિને પ્રાપ્ત કરે છે તે બંને ફલનો અભાવ થવાથી, ભગવાનના શાસનના વિનાશરૂપ અત્યંત ખરાબ ફલવાળો આજ્ઞાભંગ ગુરુને પ્રાપ્ત થાય છે.

કેમ ગુરુને આજ્ઞાભંગ પ્રાપ્ત થાય છે ? એથી કહે છે –

અને આ ભગવાનની આજ્ઞા છે –

"તે કારણથી આત્મગત શ્રમનો વિચાર કર્યા વગર શ્રેયનો સદા ઉપદેશ આપવો જોઈએ જે કારણથી હિતોપદેષ્ટા એવા ગુરુ પોતાને અને પરને અનુગ્રહ કરે છે. ।।૧૦૬।।" **(તત્ત્વાર્થકારિકા ૩૦)**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૧/૧૪૪।।

ભાવાર્થ :-

યોગ્ય ઉપદેશક શ્રોતાની સર્વવિરતિની શક્તિ નથી એવું જાણ્યા પછી તે શ્રોતાને અણુવ્રતાદિ ધર્મનું કથન ન કરે અને સંયમની અન્ય પ્રવૃત્તિમાં વ્યગ્ર રહે તો તે શ્રોતાને સર્વવિરતિરૂપ અને દેશવિરતિરૂપ ઉભય ધર્મની અપ્રાપ્તિ થાય; કેમ કે સર્વવિરતિ ધર્મને સાંભળીને સર્વવિરતિનું પોતાનું અસામર્થ્ય છે તેવું જાણ્યા પછી ઉપદેશક ગુરુ અન્ય પ્રવૃત્તિમાં વ્યગ્ર રહેવાથી તેને દેશવિરતિ ધર્મ ન કહે તો તે યોગ્ય શ્રોતા દેશવિરતિ ધર્મની પણ પ્રાપ્તિ કરી શકે નહિ અને ગુરુ પણ પરના કલ્યાણ પ્રત્યે ઉપેક્ષાવાળા થઈને અન્ય પ્રવૃત્તિમાં યત્ન કરે તો ભગવાનની આજ્ઞાના ભંગનો દોષ ગુરુને પ્રાપ્ત થાય; કેમ કે ભગવાનની આજ્ઞા છે કે જે મહાત્મા શાસ્ત્ર ભણીને સંપન્ન થયા છે અને શાસ્ત્રથી આત્માને ભાવિત કરીને સદા સમભાવની વૃદ્ધિ કરી શકે છે એવા મહાત્માને શ્રોતા પાસેથી કોઈ અપેક્ષા નથી, આમ છતાં પોતાને થતા શ્રમની ઉપેક્ષા કરીને શ્રોતાને અધિક અધિક ગુણની નિષ્પત્તિ થાય તેવો શ્રેયને કરનારો સદા ઉપદેશ આપવો જોઈએ અને જે ઉપદેશક યોગ્ય શ્રોતાને સર્વવિરતિનો ઉપદેશ આપવાથી શ્રાન્ત થયેલા હોય, તેથી દેશવિરતિના ઉપદેશની ઉપેક્ષા કરીને અન્ય સંયમની ઉચિત ક્રિયામાં યત્ન કરે તો તેવા ગુરુને યોગ્ય જીવને દેશવિરતિ આપીને સર્વવિરતિને અનુકૂળ વીર્યવાળો કરવો જોઈએ એ પ્રકારના તેના હિતની ઉપેક્ષા કરવા સ્વરૂપ આજ્ઞાભંગ રૂપ ફલની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે ગુણસંપન્ન ગુરુ સદા સમભાવને ધારણ કરનારા હોય છે અને સમભાવની વૃદ્ધિમાં ઉદ્યમ કરનારા હોય છે અને સુસાધુઓને સમભાવનો પરિણામ જેમ સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ પ્રત્યે હોય છે તેમ સર્વ જીવો પ્રત્યે પણ આત્મતુલ્ય બુદ્ધિ રૂપે હોય છે, તેથી શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયેલા સાધુ જિનવચનના અવલંબનથી સર્વ ઉચિત ક્રિયાઓ કરીને સમભાવની વૃદ્ધિ કરે છે તેમ પોતાની નિશ્રામાં રહેલા યોગ્ય શિષ્યને સારણા-વારણાદિ દ્વારા કે નવું નવું શાસ્ત્ર અધ્યયન કરાવવા દ્વારા સમભાવની વૃદ્ધિ થાય તેવો યત્ન કરે છે.

વળી, શ્રાવકમાં પણ જે જીવની જે પ્રકારની યોગ્યતા છે તે પ્રકારે તેઓના કલ્યાણ અર્થે અત્યંત ઉપયુક્ત થઈને યત્ન કરે છે અને તેમ કરવાથી જ તે ગીતાર્થ સાધુને સર્વ જીવો પ્રત્યેનો સમભાવ વર્તે છે. આમ છતાં અનાભોગથી પણ ક્યારેક સમ્યક્ત્વને પામેલા અને સર્વવિરતિ ગ્રહણ કરવા માટે અસમર્થ એવા શ્રોતાને અણુવ્રતાદિ ન કહે તો તે શ્રોતાના હિતની ઉપેક્ષા થવાથી તે મહાત્માના સમભાવમાં ગ્લાનિની પ્રાપ્તિ થાય છે અને ભગવાનની આજ્ઞા સમભાવની વૃદ્ધિ અર્થે શક્તિ અનુસાર અન્યના હિતના અર્થે ઉપદેશની પ્રવૃત્તિ કરવાનું કહે છે તે આજ્ઞાના ભંગની પ્રાપ્તિ તે ગુરુને પ્રાપ્ત થાય છે. ગુરુથી થયેલ તે આજ્ઞાભંગ દ્વારા શ્રોતાને જે વિશેષધર્મની પ્રાપ્તિ થવાની હતી તે વિશેષ ધર્મની અપ્રાપ્તિ થવાથી તેટલા અંશમાં ભગવાનના શાસનના વિનાશની પ્રાપ્તિ થઈ અને ભગવાનના શાસનનો જે વિનાશ થયો તે અત્યંત દુરંત ફલવાળો છે, તેથી ગુરુને તેના કારણે મહાઅનર્થની પ્રાપ્તિ થઈ શકે છે. **॥૧૧/૧૪૪॥**

અવતરણિકા :-

ननु सर्वसावद्ययोगप्रत्याख्यानाक्षमस्याणुव्रतादिप्रतिपत्तौ सावद्यांशप्रत्याख्यानप्रदाने कथमितरत्रांशे नानुमतिदोषप्रसङ्गो गुरोः इत्याशङ्क्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે – સર્વ સાવદ્યયોગના પચ્ચક્ખાણ કરવા માટે અસમર્થ એવા શ્રોતાના અણુવ્રતાદિના સ્વીકારમાં સાવદ્યના અંશના પ્રત્યાખ્યાનના પ્રદાનમાં=સાવદ્ય એવી પાપપ્રવૃત્તિના એક અંશના પચ્ચક્ખાણના દાનમાં, ગુરુને ઈતર અંશમાં=પચ્ચક્ખાણથી ઈતર અંશમાં અનુમતિ દોષનો પ્રસંગ કેમ નહિ થાય ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

સૂત્ર :-

भगवद्वचनप्रामाण्यादुपस्थितदाने दोषाभावः ।।१२/१४५।।

સૂત્રાર્થ :-

ભગવાનના વચનના પ્રામાણ્યથી ઉપસ્થિત એવા શ્રોતાને દાનમાં=અણુવ્રતાદિના દાનમાં, દોષનો અભાવ છે. ।।૧૨/૧૪૫।।

ટીકા :-

'उपासकदशादौ' हि भगवता स्वयमेव 'आनन्दादि'श्रमणोपासकानामणुव्रतादिप्रदानमनुष्ठितमिति श्रूयते, न च भगवतोऽपि तत्रानुमतिप्रसङ्ग इति प्रेर्यम्, भगवदनुष्ठानस्य सर्वाङ्गसुन्दरत्वेनैकान्ततो दोषविकलत्वात् इति 'भगवतो वचनस्य प्रामाण्यादुपस्थितस्य' ग्रहीतुमुद्यतस्य जन्तोरणुव्रतादिप्रदाने साक्षिमात्रभावमवलम्बमानस्य सावद्यांशानिरोधेऽपि नानुमतिप्रसङ्गो गुरोः, प्रागेव तस्य स्वयमेव तत्र प्रवृत्तत्वादिति ।।१२/१४५।।

ટીકાર્થ :-

'उपासकदशादौ' ..... प्रवृत्तत्वादिति ।। ઉપાસકદશાદિમાં "ભગવાન વડે સ્વયં જ આનંદાદિ શ્રાવકોને અણુવ્રતાદિ પ્રદાન કરાયેલ છે" એ પ્રમાણે સંભળાય છે અને ભગવાનને પણ ત્યાં=આપેલા અણુવ્રતાદિથી ઈતર અંશમાં, અનુમતિનો પ્રસંગ છે એ પ્રમાણે કહેવું નહિ; કેમ કે ભગવાનના અનુષ્ઠાનનું સર્વાંગ-સુંદરપણું હોવાને કારણે એકાંતથી દોષવિકલપણું છે. એથી ભગવાનના વચનના પ્રામાણ્યથી= ઉપાસકદશાંગસૂત્ર આદિના વચનરૂપ ભગવાનના વચનના પ્રામાણ્યથી, ઉપસ્થિતને=વ્રતગ્રહણ કરવા માટે તત્પર એવા જંતુને, અણુવ્રતાદિના પ્રદાનમાં સાક્ષી માત્ર ભાવને અવલંબન કરનાર ગુરુને સાવદ્યના અંશના અનિરોધમાં પણ=વ્રતને લેનારા શ્રાવક દ્વારા વ્રતથી અન્ય એવા સાવદ્યના અંશના

અનિરોધમાં પણ, અનુમતિનો પ્રસંગ નથી; કેમ કે પૂર્વમાં જ તેનું=વ્રતગ્રહણ કરનારનું, સ્વયં જ ત્યાં=સાવદ્ય અંશમાં, પ્રવૃત્તપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૧૨/૧૪૫॥

ભાવાર્થ :-

જે ઉપદેશક યોગ્ય શ્રોતા સર્વવિરતિ ગ્રહણ કરવા માટે અસમર્થ છે તેવું જાણ્યા પછી તેને અણુવ્રતાદિનું સ્વરૂપ બતાવીને દેશવિરતિનું પ્રદાન કરે ત્યારે જે અંશમાં શ્રાવકે સાવદ્ય અંશનું પચ્ચક્ખાણ કર્યું છે તેનાથી ઇતર અંશમાં ગુરુને અનુમતિનો દોષ પ્રાપ્ત થશે એ પ્રકારની કોઈને શંકા થાય તેના નિવારણ માટે કહે છે કે "ભગવાને સ્વયં આનંદાદિ શ્રાવકોને અણુવ્રતાદિ આપેલાં છે" તેમ સંભળાય છે. અને ભગવાનને ઇતર સાવદ્ય અંશમાં અનુમતિની પ્રાપ્તિ થઈ શકે નહિ; કેમ કે ભગવાન વીતરાગ છે, તેથી સર્વ ઉચિત જ પ્રવૃત્તિ કરનારા હોય છે અને ઉચિત પ્રવૃત્તિમાં સાવદ્યની અનુમતિનો પ્રસંગ પ્રાપ્ત થઈ શકે નહિ, તેથી જેમ ભગવાને સર્વવિરતિમાં અસમર્થ એવા શ્રાવકોને દેશવિરતિનું પચ્ચક્ખાણ આપ્યું તે વખતે જે અંશમાં આનંદાદિ શ્રાવકોએ પચ્ચક્ખાણ કર્યું નથી તે અંશમાં ભગવાન સાક્ષી માત્ર ભાવવાળા હતા, પરંતુ તેઓ દેશવિરતિ પાળીને સંસારનાં સુખોને ભોગવે તેવા અનુમોદનના પરિણામવાળા ન હતા, તેથી ભગવાનનાં અણુવ્રતાદિના દાનમાં અનુમતિનો દોષ નથી, તેમ વિવેકી ઉપદેશક પણ વ્રત લેનારા સર્વવિરતિ ગ્રહણ કરવા માટે અસમર્થ જણાય ત્યારે તે શ્રોતાને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તદ્અર્થે દેશવિરતિ આપે છે ત્યારે ઇતર અંશમાં ગુરુ સાક્ષી માત્ર ભાવનું અવલંબન કરનારા હોય છે. તેથી ગૃહસ્થ જે દેશવિરતિની મર્યાદા પ્રમાણે ભોગાદિ કરશે તેમાં ગુરુને અનુમતિની પ્રાપ્તિ થશે નહિ. **॥૧૨/૧૪૫॥**

અવતરણિકા :-

कुत एतदिति चेदुच्यते –

અવતરણિકાર્થ :-

કેમ આ છે ?=ઉપદેશક સર્વવિરતિ ગ્રહણ કરવા માટે અસમર્થને દેશવિરતિ પ્રદાન કરે તો ઇતર અવિરતિના અંશમાં તેને સાક્ષીભાવ માત્ર છે, અનુમતિ નથી એ કેમ છે ? એ પ્રમાણે કોઈ પ્રશ્ન કરે તો ઉત્તર આપે છે –

સૂત્ર :-

गृहपतिपुत्रमोक्षज्ञातात् ॥१३/१४६॥

સૂત્રાર્થ :-

ગૃહપતિના પુત્રના મોક્ષના=વિમોચનના, દૃષ્ટાંતથી ગુરુને અવિરતિ અંશમાં સાક્ષીભાવ માત્ર છે માટે અનુમતિ નથી. ॥૧૩/૧૪૬॥

ટીકા :-

'गृहपतेः' वक्ष्यमाणकथानकाभिधास्यमाननामधेयस्य श्रेष्ठिनः राजगृहाद् यः 'पुत्राणां मोक्षो' विमोचनं तदेव 'ज्ञातं' दृष्टान्तः तस्मात्, भावार्थश्च कथानकगम्यः, तच्चेदम्–

समस्ति सकलसुरसुन्दरीमनोहरविलासोपहासप्रदानप्रवणसीमन्तिनीजनकटाक्षच्छटाक्षेपोपलक्ष्यमाणनिखिलरामणीयकप्रदेशो देशो मगधाभिधानः, तत्र च तुषारगिरिशिखरधवलप्रासादमालाविमलकूटकोटिभिरकालेऽपि शरदभ्रलीलां कुर्वाणमिव बभूव वसन्तपुरं नाम नगरम्, तस्य च पालयिता सेवावसरसरभसप्रणतनिखिलभूपालविमलमौलिमुकुटकोटीविलग्नमाणिक्यमयूखव्राताभिरञ्जितक्रमकमलयुगलः चण्डदोर्दण्डव्यापारितमण्डलाग्रखण्डितारातिमत्तमातङ्गकुम्भस्थलगलितमुक्ताफलप्रकरप्रसारिताशेषसंग्राममहीमण्डलः समजायत जितशत्रुनामा नृपतिः, तस्य च सकलजननयनमनोहारिणी पूर्वभवपरम्परोपार्जितपुण्यप्राग्भारनिर्मापितफलसंबन्धानुकारिणी विबुधवधूविलासावलेपापहारिणी बभूव प्रेयसी धारिणी, तया च सार्द्धमसौ महीपतिः प्रणताशेषक्षितिपतिः दूरतो निराकृतनिकृतिर्मनोहरपञ्चप्रकारभोगान् भुञ्जानो महान्तमनेहसमनैषीत् । इतश्च तत्रैव पुरे प्रचुरतर द्विपद-चतुष्पदा-ऽपद-हिरण्य-सुवर्ण-धन-धान्य-शङ्ख-शिला-मुक्ता-प्रवाल-पद्मराग–वैडूर्य-चन्द्रकान्तेन्द्रनील-महानील-राजपट्टप्रभृतिप्रवरपदार्थ-सार्थपरिपूर्णसमृद्धिसमुपहसितश्रीकण्ठसखदर्पोद्रेको दीना-ऽनाथा-ऽन्ध-पङ्गुप्रमुखप्राणिप्रणाशिताशेष शोकः समजनि समुद्रदत्ताभिधानो निखिलवणिग्वर्गप्रधानो गुणगणगरिष्ठः श्रेष्ठी, तस्य चाश्रय इव लावण्यगुणानाम्, उदाहरणमिव सर्वश्रेयोवस्तूनाम्, महानिधानमिव पुण्यरत्नानाम्, भूषणमिव स्वकुलसन्ततेः, पादप इव सौकुमार्यवनलतायाः, समभवत् सुमङ्गलाभिधाना सधर्मचारिणी, तस्यामसौ निबिडबद्धानुरागो जीवलोकोद्भवप्राज्यवैषयिकशर्मसागरोदरमध्यमग्नोऽनल्पं कालमतिवाहयाञ्चकार, प्रस्तावे च समजनि षट् तयोर्विंशदसमाचारसमाचरणपवित्राः पुत्राः क्रमेण प्रियङ्कर-क्षेमङ्कर-धनदेव-सोमदेव-पूर्णभद्र-माणिभद्रनामानः षट्, ते च निसर्गतः एव गुरुजनविनयपरायणाः परमकल्याणप्रदानप्रवणपरिशुद्धत्रिवर्गबद्धानुरागाः अनुरागभरसमाकृष्यमाणकीर्तिकामिनीबाढोपगूढाः सकलसज्जनमनःसंतोषकातुच्छसमुच्छलद्दयादाक्षिण्यप्रायप्राज्यगुणालङ्कृतशरीराः शरीरसौन्दर्योत्कर्षतिरस्कृतमकरकेतनलावण्यदर्पातिरेकाः वणिग्जनोचितव्यवहारसारतया पितरमतिदूरमतिक्रान्तकुटुम्बचिन्ताभारमकार्षुः ।

अन्यदा च धारिणी देवी अन्तःपुरान्तः नरपतौ पटुपटहप्रवादनप्रवृत्ते अनेककरणभङ्गसंसङ्गसुन्दरं राजहृदयानन्दातिरेकदायकं नृत्यविधिं व्यधात्, ततः संतोषभरतरलितमनाः महीपतिः प्रियायै वरं प्रायच्छत्, सा चोवाच यथा–देव! अद्यापि तवान्तिक एव वरस्तिष्ठतु, प्रस्तावे याचिष्ये इति, एवं च

गच्छति काले समाययौ अन्यदा कामुकलोकविलासोल्लाससाहाय्यकारी कौमुदीदिवसः, विज्ञप्तश्च देव्या वसुन्धराधिपतिः—देव! क्रियतां वरेण प्रसादः यथाऽद्य कर्पूरपूरप्रतिभशशधरकरनिकर-परिपूरितनिखिलाशायां निशायामिमां नगरीं गरीयसा स्वपरिवारेण शेषान्तःपुरेण च परिकरिता सती त्रिकचतुष्कादिरमणीयप्रदेशसौन्दर्यावलोकनकुतूहलेनास्खलितप्रसरा परिभ्रमामीति, तदन्वेव राजा सर्वत्र नगरे पटहप्रदानपूर्वकं सकलपुरुषव्यक्तीनां रजनिनगरनिर्वासनाज्ञामुद्घोषयामास, ततः प्रातःक्षणादारभ्य यथासंवाहं सर्वेष्वपि पुरुषेषु नगराद् बहिर्गन्तुं प्रवृत्तेषु समुचितसमये स्वयमेव महीपतिर्मन्त्रिप्रमुखनगरप्रधाननरपरिकरपरिकरितो नगराद् बहिरैशानदिग्भागवर्त्तिनि 'मनोरमोद्याने' जगाम, ते च षडपि श्रेष्ठिसूनवो लेख्यककरणव्यग्रा 'एते व्रजाम एते व्रजामः' इति निबिडनिबद्धा-भिसन्धयोऽपि सन्ध्यासमयं यावदापण एव तस्थुः ।

इतश्चास्ताचलचूडामलञ्चकार सहस्रकरः, ते च त्वरापरिगता यावदायान्ति गोपुरसमीपे तावत् तज्जीविताशयेव सहोभयकपाटपुटसङ्घटनेन निरुद्धानि प्रतोलीद्वाराणि, तदनु चकितचकिताः केनाप्यलक्ष्यमाणास्ते प्रत्यावृत्य हट्टान्तर्गतगुप्तभूमीगृहैकदेशे निलिल्यिरे, धारिण्यपि रात्रौ कृतोदारशृङ्गाराऽन्तःपुरेण सह निर्गतनरे नगरे यथाभिप्रायमभिरेमे, संजाते च प्रातःसमये, समुत्थिते कमलखण्डप्रबोधप्रदानप्रवणे किंशुककुसुमसमच्छायातुच्छोच्छलद्रागरञ्जितदिग्मण्डले जगदेकनेत्रे मित्रे, नगराभ्यन्तरमप्रविष्टेष्वेव पुरुषेषु महीपालो नगरारक्षकानादिदेश यथा—निभालयत नगरम्, मा न कश्चिदस्मदाज्ञाभङ्गकारी मानवः समजनीति । सम्यग् गवेषयद्भिश्च तैः कृतान्तदूतैरिव प्रापिरे श्रेष्ठिनन्दनाः निवेदिताश्च तत्समयमेव राज्ञः, ततोऽसौ कुपितकृतान्तभीषणभृकुटिभङ्गसङ्ग-ललाटपट्टमाधाय तच्छ्रेष्ठिपुत्रवधाय तान् व्यापारयाञ्चकार, अत्रान्तरे समाकर्ण्याकाण्डे एव मुद्गरा-घातपातसदृशमेतं वृत्तान्तं श्रेष्ठी श्रान्त इव भ्रान्त इव पीडित इव करिमकरनिकरकरास्फालन-समुच्छलद्बहलजलकल्लोलाकुलितमहाजलनिधिमध्यसंभिन्नयानपात्रान्तर्लीयमानमानव इव किंकर्त्तव्यतामूढः क्षणं कामप्यवस्थां दारुणामन्वभूत्, तदनु निराकृत्य कातरनरविलसितम्, अपास्य स्त्रीजनोचितं शोकावेगम्, समालम्ब्य धीरनरोचितं धैर्यम्, अवगणय्य दीनभावम्, नगरप्रधानान्यलोकसहायः प्रवररत्नभृतभाजनव्यग्रपाणिः सहसैव राज्ञो विज्ञापनायोपतस्थौ, विज्ञप्तवांश्च यथा—देव! न कुतोऽपि चित्तदोषादमी मत्पुत्रा नगरादनिर्गमभाजो बभूवुः, किन्तु तथाविधलेख्यकव्यग्रतया निर्गन्तुमपारयता-मादित्यास्तमयसमयागमे च प्रचलितानामप्यमीषां प्रतोलीद्वारपिधानवशेन निर्गमो नाभूत्, अतः क्षम्यतामेकोऽपराधः, क्रियतां प्रियपुत्रजीवितव्यप्रदानेन प्रसादः, एवं च पुनः पुनः भण्यमानोऽपि राजा अवन्ध्यकोपमात्मानं मन्यमानो यदा न मोक्तुमुत्सहते तदा तत्कोपनिर्यापणायैकपुत्रोपेक्षणेन

પञ्च मोचयितुमारब्धाः, यदा तानपि न मुञ्चति तदा द्वयोरुपेक्षणेनैव चत्वारः, एवं तदमोचनेऽपि त्रयो द्वौ यावच्छेषोपेक्षणेन एको ज्येष्ठ इति, ततः संनिहितामात्य-पुरोहिताद्यत्यन्ताभ्यर्थनेन निर्मूलकुलोच्छेदो महते पापायेति पर्यालोचेन च मनाग् मन्दीभूतकोपोद्रेको महीपतिर्ज्येष्ठं पुत्रमेकं मुमोचेति ।

अयमत्रार्थोपनयः – यथा 'तद्वसन्तपुरं' नगरं तथा संसारः, यथा राजा तथा श्रावकः, यथा स श्रेष्ठी तथा गुरुः, यथा च षट् पुत्रास्तथाऽमी षट् जीवनिकायाः, यथा च तस्य पितुः शेषपुत्रोपेक्षणेनैकं पुत्रं मोचयतोऽपि न शेषपुत्रवधानुमतिः एवं गुरुर्निजपुत्रप्रायान् षडपि जीवनिकायांस्तैस्तैः प्रव्रज्योत्साहनोपायैर्गृहस्थतया तद्वधप्रवृत्तात् श्रावकात् मोचयति, यदा चासौ नाद्यापि तान् मोक्तुमुत्सहते तदा ज्येष्ठपुत्रप्रायं त्रसकायं शेषोपेक्षणेन मोचयतोऽपि गुरोर्न शेषकायवधानुमतिदोष इति ।।१३/१४६।।

ટીકાર્થ :-

'गृहपतेः' ..... मुमोचेति । ગૃહપતિનો=કહેવાશે એવા કથાનકના કહેવાનારા નામવાળા શ્રેષ્ઠીના રાજગૃહથી જે પુત્રોનું વિમોચન તે જ દૃષ્ટાંતથી ગુરુને અનુમતિ નથી એમ અન્વય છે. અને ભાવાર્થ કથાનકથી ગમ્ય છે અને તે=કથાનક, આ છે –

શેઠના પુત્રોને છોડાવવાના દૃષ્ટાંતથી અણુવ્રતો વગેરે આપવામાં ગુરુને અનુમતિદોષનો પ્રસંગ ન આવે. પુત્રોને છોડાવવા વિષે શેઠનું દૃષ્ટાંત આ પ્રમાણે છે –

મગધ નામનો દેશ હતો. એ દેશનો મનોહર એવો સર્વ પ્રદેશ સર્વસુંદરીઓના મનોહર વિલાસોને હસી નાખવામાં=ઝાંખા પાડવામાં, તત્પર એવી સ્ત્રીઓના કટાક્ષોને ફેંકવાની પરંપરાથી ઓળખાઈ રહ્યો હતો, અર્થાત્ તે દેશની સ્ત્રીઓ સુરસુંદરીઓથી પણ અધિક સારા મનોહર વિલાસો કરતી હતી, અને વારંવાર કટાક્ષો ફેંકતી હતી. તે દેશમાં હિમાલય પર્વતનાં શિખરો જેવા સફેદ મહેલોની શ્રેણિઓ ઉપર રહેલાં નિર્મલ કોડો શિખરોના=અગ્રભાગોના, કારણે અકાળે પણ શરદૃતુનાં વાદળાંઓના વિલાસને કરતું હોય તેવું વસંતપુર નામનું નગર હતું. જિતશત્રુ નામનો રાજા તે નગરનું રક્ષણ કરતો હતો. સેવાના અવસરે રાજાઓ તેમના ચરણોમાં હર્ષ સહિત નમતા હતા. તેના ચરણે નમેલા સર્વ રાજાઓના મસ્તકે પહેરેલા નિર્મલ મુકુટના અગ્રભાગે જડેલા માણિક્યરત્નનાં કિરણોથી તેના બે ચરણરૂપી કમલો રંગાયેલાં હતાં. યુદ્ધમાં તેની પ્રચંડ ભુજાઓથી ચલાવાયેલી તલવારની ધારથી શત્રુઓના ઉન્મત્ત હાથીઓના કુંભસ્થલ ખંડિત થઈ જતા હતા. ખંડિત થયેલા એ કુંભસ્થલોમાંથી મોતીઓનો સમૂહ નીચે પડી જતો હતો. યુદ્ધભૂમિનો સંપૂર્ણ ઘેરાવો નીચે પડેલાં એ મોતીઓથી વ્યાપ્ત બની જતો હતો. તે રાજાને ધારિણી નામની પત્ની હતી. એ ધારિણી સર્વ લોકોનાં નેત્ર અને મનનું આકર્ષણ કરતી હતી, પૂર્વભવોની પરંપરામાં ઉપાર્જન કરેલા પુણ્યસમૂહ વડે નિર્માણ કરેલા

ફલસંબંધને અનુસરનારી હતી, અર્થાત્ પૂર્વભવમાં બાંધેલાં પુણ્યકર્મોનાં ફલોને=સુખને, ભોગવતી હતી. દેવીઓના વિલાસના ગર્વને પણ દૂર કરનારી હતી, અર્થાત્ દેવીઓથી પણ અધિક વિલાસ કરનારી હતી. જેને સર્વ રાજાઓ નમેલા છે અને જેણે દૂરથી દીનતાનો ત્યાગ કર્યો છે એવા તે રાજાએ તે રાણીની સાથે પાંચ પ્રકારનાં વિષયસુખોને ભોગવતાં ઘણો કાળ પસાર કર્યો.

આ તરફ તે જ નગરમાં સમુદ્રદત્ત નામનો શેઠ હતો. તેની પાસે નોકરો, પશુઓ, ભૂમિ, ચાંદી, સોનું, ધન, ધાન્ય, શંખ, પથ્થર, મોતી, પરવાળાં, પદ્મરાગમણિ, વૈડૂર્યમણિ, ચંદ્રકાંતમણિ, ઈંદ્રનીલમણિ, મહાનીલમણિ, રાજપટ્ટમણિ વગેરે ઉત્તમ વસ્તુઓનો સમૂહ ઘણો હતો. આવી પરિપૂર્ણ સમૃદ્ધિથી તેણે કુબેરના પણ અતિશય ગર્વનો તિરસ્કાર કર્યો હતો. તેણે ગરીબ, અનાથ, અંધ અને લૂલાં, પાંગળાં વગેરે પ્રાણીઓના સર્વ પ્રકારના શોકને દૂર કર્યો હતો. તે સર્વ વેપારી વર્ગમાં મુખ્ય હતો અને ગુણસમૂહથી અત્યંત શ્રેષ્ઠ હતો. તેની સુમંગલા નામની પત્ની હતી. તે સુમંગલા જાણે સુંદર ગુણોનું ભાજન હોય તેવી હતી, જાણે સર્વ કલ્યાણકારી વસ્તુઓનું દૃષ્ટાંત હોય તેવી હતી, જાણે પુણ્યરૂપી રત્નોનું મહાનિધાન હોય તેવી હતી, જાણે સ્વકુલની સંતતિનું આભૂષણ હોય તેવી હતી, અને જાણે કોમલતારૂપી વનલતાનું=કોમલતારૂપી વનલતાને ચઢવા માટે, વૃક્ષ હોય તેવી હતી. તે શેઠને તે પત્નીમાં ગાઢ રાગ બંધાયો હતો. જીવલોકમાં ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠ વિષયસુખરૂપી સાગરના મધ્યભાગમાં મગ્ન બનેલા તે શેઠે ઘણો કાળ પસાર કર્યો. અવસરે તેમને ક્રમે કરીને પ્રિયંકર, ક્ષેમંકર, ધનદેવ, સોમદેવ, પૂર્ણભદ્ર અને મણિભદ્ર નામના છ પુત્રો થયા. તે પુત્રો નિર્મલ આચારોના પાલનથી પવિત્ર હતા, સ્વભાવથી જ ગુરુજનનો વિનય કરવામાં તત્પર હતા, પરમકલ્યાણને આપવામાં તત્પર અને વિશુદ્ધ એવા ત્રિવર્ગમાં=ધર્મ, અર્થ અને કામમાં અનુરાગવાળા હતા, ઘણા અનુરાગથી આકર્ષાતી કીર્તિરૂપી કામિનીનું અત્યંત આલિંગન કરનારા હતા, સર્વ સજ્જનોના મનને સંતોષ પમાડનારા અતિશય ઊછળતી દયા અને દાક્ષિણ્યતા જેવા શ્રેષ્ઠ ગુણોથી સુશોભિત શરીરવાળા હતા, કામદેવને લાવણ્યના કારણે થયેલા અતિશય ગર્વનો તેમણે પોતાના અતિશય શરીરસૌંદર્યથી તિરસ્કાર કર્યો હતો, તેઓ વેપારી લોકને ઉચિત વ્યવહાર કરવામાં યોગ્ય હતા, આથી તેમણે પિતાને કુટુંબચિંતાના બોજાથી અતિશય મુક્ત કર્યા હતા.

એકવાર રાજા અંતઃપુરની અંદર સુંદર વાજિંત્ર વગાડી રહ્યો હતો ત્યારે ધારિણી રાણીએ કરણના અનેક પ્રકારોની સાથે સુમેળ થવાથી સુંદર અને રાજાના હૃદયને અતિશય આનંદ આપનારું નૃત્ય કર્યું. તેથી અતિશય પ્રસન્ન મનવાળા રાજાએ રાણીને વરદાન માંગવાનું કહ્યું. રાણીએ કહ્યું કે હે દેવ ! હમણાં આ વરદાન આપની પાસે જ રહો, અવસરે એ વરદાન હું માંગી લઈશ. આ રીતે સમય પસાર થઈ રહ્યો હતો ત્યારે એકવાર કામીજનોને વિલાસ કરવાના ઉલ્લાસમાં સહાય કરનાર કૌમુદીપર્વનો દિવસ આવ્યો. આ અવસરે રાણીએ રાજાને વિનંતિ કરી કે હે દેવ ! વરદાન આપીને મારા પર કૃપા કરો.

વરદાનની માગણી આ પ્રમાણે કરી –

આજે કપુરના પુંજ જેવાં ચંદ્રકિરણોના સમૂહથી જેમાં બધી દિશાઓ પરિપૂર્ણ બનેલી છે એવી રાત્રિમાં પોતાના મોટા પરિવારથી અને બાકીના અંતઃપુરથી પરિવરેલી હું ત્રિક અને ચતુષ્ક વગેરે રમણીય પ્રદેશોનાં સૌંદર્યોને જોવાના કુતૂહલથી આ નગરીમાં પરિભ્રમણ કરું અને આ પ્રમાણે પરિભ્રમણ કરતી મને કોઈ રોકે નહીં. ત્યાર બાદ તરત જ આખા રાજ્યમાં પટહ વગડાવીને બધી જ જાતના પુરુષોને રાત્રે નગરમાંથી બહાર નીકળી જવાની આજ્ઞાની ઘોષણા કરાવી. તેથી પ્રાતઃકાલથી આરંભી પોતપોતાની અનુકૂળતા પ્રમાણે બધાય લોકો નગરની બહાર જવા લાગ્યા. તે વખતે મંત્રી વગેરે નગરના મુખ્ય માનવોથી પરિવરેલો રાજા જાતે જ નગરની બહાર ઈશાનખૂણામાં રહેલા મનોરમ નામના ઉદ્યાનમાં આવ્યો.

એ છએ શ્રેષ્ઠિપુત્રો નામું લખવામાં વ્યસ્ત હતા. એથી "હમણાં જઈએ છીએ, હમણાં જઈએ છીએ" એ પ્રમાણે જવાના પાકા વિચારવાળા હોવા છતાં સાંજના સમય સુધી દુકાનમાં જ રહ્યા. આ તરફ સૂર્યે અસ્તાચલ પર્વતના શિખરને શોભાવ્યું, અર્થાત્ સૂર્યાસ્ત થઈ ગયો. ઉતાવળા થયેલા તે છ શ્રેષ્ઠિપુત્રો જેટલામાં નગરના દરવાજાની પાસે આવે છે, તેટલામાં જાણે તેમની જીવવાની આશાની સાથે હોય તેમ બંને કમાડ ભેગાં થવાથી પોળના દરવાજા બંધ થઈ ગયા, અર્થાત્ જેમ પોળના દરવાજા બંધ થઈ ગયા તેમ તેમની જીવવાની આશા પણ બંધ થઈ ગઈ. ત્યાર પછી ભય પામેલા તે શ્રેષ્ઠિપુત્રો કોઈથી પણ ઓળખી ન શકાય તે રીતે પાછા ફરીને દુકાનમાં રહેલા ગુપ્ત ભોંયરામાં એક સ્થાનમાં સંતાઈ ગયા. ધારિણી રાણી પણ રાતે શ્રેષ્ઠ શૃંગારવાળી અંતઃપુરની સ્ત્રીઓ સાથે પુરુષોથી રહિત નગરીમાં પોતાની ઈચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગી. પ્રાતઃકાલ થતાં કમલવનને વિકસિત કરવામાં તત્પર, કેસૂડાના કાંતિવાળા અતિશય ઊછળતા એવા રંગથી દિશાઓના મંડલને રંગી નાખનાર અને જગતના એક નેત્ર સ્વરૂપ એવા સૂર્યનો ઉદય થયો. પુરુષો નગરમાં પ્રવેશ કરે એ પહેલાં જ રાજાએ નગરરક્ષકોને આજ્ઞા કરી. તે આ પ્રમાણે :- નગરમાં જુઓ કે અમારી આજ્ઞાનો ભંગ કરનાર કોઈ પુરુષ છે કે નહિ ? જાણે યમદૂતો હોય એવા તેમણે સારી રીતે તપાસ કરતાં છ શ્રેષ્ઠિપુત્રોને પકડ્યા. તેમણે તે જ સમયે રાજાને આ બીના જણાવી. તેથી રાજાએ કોપ પામેલા યમરાજની ભયંકર ભ્રૂકુટિ જેવું લલાટપટ્ટ કરીને તે છ શ્રેષ્ઠિપુત્રોનો વધ કરવા નગરરક્ષકોને આજ્ઞા કરી.

આ દરમિયાન મુદ્ગરનો પ્રહાર થવા સમાન આ વૃત્તાંતને અચાનક સાંભળીને શ્રેષ્ઠી જાણે થાકી ગયો હોય, જાણે ભમી રહ્યો હોય, જાણે પીડાવાળો થયો હોય તેવો થઈ ગયો. તથા સમુદ્રમાં હાથી જેવા મોટા ઘણા મગરમચ્છો પૂંછડાને પછાડે, એથી સમુદ્રમાં પાણીના ઘણા તરંગો ઊછળવા માંડે, મહાસમુદ્રના મધ્યભાગમાં રહેલ વહાણ એ તરંગોથી ઘેરાઈ જાય અને એથી ભાંગી જાય, તેમાં રહેલ મનુષ્ય ડૂબવા લાગે ત્યારે જેમ હવે શું કરવું ? એમ મૂઢ બની જાય તેમ તે શ્રેષ્ઠી હવે શું કરવું ? એમ મૂઢ બનીને કોઈક ભયંકર અવસ્થાને પામ્યો. ત્યાર બાદ તેણે કાયર મનુષ્યને યોગ્ય ચેષ્ટાનો ત્યાગ કર્યો, સ્ત્રીજનને યોગ્ય શોકના વેગને દૂર કર્યો, ધીર પુરુષને યોગ્ય ધીરતાનું આલંબન લીધું, દીનતાની

અવગણના કરી. પછી જલદી નગરના મુખ્ય અન્ય માણસોની સહાય લઈને અને શ્રેષ્ઠ રત્નોથી ભરેલું પાત્ર હાથમાં લઈને રાજાને વિનંતિ કરવા માટે રાજાની પાસે આવ્યો. પછી તેણે આ પ્રમાણે વિનંતિ કરી :- હે દેવ ! મારા આ પુત્રો કોઈ પણ માનસિક દોષથી નગરની બહાર નીકળ્યા નથી એવું નથી. કિંતુ તેવા પ્રકારનો હિસાબ લખવામાં વ્યગ્ર હોવાથી (વહેલા) નીકળી શક્યા નહિ. સૂર્યાસ્ત થવાનો સમય આવ્યો ત્યારે નગરની બહાર નીકળવા માટે તેઓ ચાલ્યા, પણ પોળના દરવાજા બંધ થઈ જવાના કારણે તેઓ નીકળી શક્યા નહિ. આથી આ એક અપરાધને માફ કરો. મારા પ્રિય પુત્રોને જીવન આપવા વડે કૃપા કરો. આ પ્રમાણે વારંવાર કહેવા છતાં પોતાને સફલ કોપવાળો=મારો કોપ ક્યારેય પણ નિષ્ફળ ન જાય એમ માનતો, રાજા જ્યારે પુત્રોને છોડવા ઉત્સાહિત ન થયો ત્યારે શ્રેષ્ઠીએ રાજાના કોપની શાંતિ માટે એક પુત્રની ઉપેક્ષા કરીને પાંચ પુત્રોને છોડાવવાનો પ્રારંભ કર્યો. જ્યારે પાંચ પુત્રોને પણ છોડતો નથી ત્યારે બે પુત્રોની ઉપેક્ષા કરીને ચાર પુત્રોને છોડાવવાનો પ્રારંભ કર્યો. આ પ્રમાણે ચારને પણ ન છોડ્યા એટલે ત્રણ, બે અને છેવટે પાંચની ઉપેક્ષા કરીને એક મોટા પુત્રને છોડવાની વિનંતિ કરી. તેથી નજીકમાં રહેલા મંત્રી અને પુરોહિત વગેરેની અતિશય પ્રાર્થનાથી અને "મૂળમાંથી કુળનો ઉચ્છેદ કરવો એ મોટા પાપ માટે થાય છે" એમ વિચારીને જેના ક્રોધની તીવ્રતા કંઈક ઓછી થઈ છે એવા રાજાએ એક મોટા પુત્રને છોડ્યો.

अयमत्रार्थोपनयः ..... मतिदोष इति ।। આ=આગળમાં બતાવે છે એ, આમાં=કથામાં, અર્થનો ઉપનય છે –

જે પ્રમાણે તે વસંતપુર નગર છે તે પ્રમાણે સંસાર છે. જે પ્રમાણે રાજા છે તે પ્રમાણે શ્રાવક છે, જે પ્રમાણે શ્રેષ્ઠી છે તે પ્રમાણે ગુરુ છે અને જે પ્રમાણે છ પુત્રો છે તે પ્રમાણે આ છ જીવનિકાય છે. અને જે પ્રમાણે તે પિતાના શેષ પુત્રોની ઉપેક્ષાથી એક પુત્રને મુકાવતાં પણ શેષ પુત્રના વધની અનુમતિ નથી એ રીતે ગુરુ નિજપુત્ર જેવા છ જીવનિકાયને તે તે પ્રવ્રજ્યાના ઉત્સાહના ઉપાય વડે ગૃહસ્થપણાથી તદ્વધમાં પ્રવૃત્ત એવા શ્રાવકથી=છ જીવનિકાયના વધમાં પ્રવૃત્ત એવા શ્રાવકથી મુકાય છે. જ્યારે આ=શ્રાવક હજી પણ તેઓને મૂકવા માટે ઉત્સાહિત થતો નથી ત્યારે જ્યેષ્ઠપુત્ર જેવા ત્રસકાયને શેષની ઉપેક્ષાથી=ત્રસ સિવાયના પૃથ્વી આદિ શેષની ઉપેક્ષાથી મુકાવતા ગુરુને પણ શેષ કાયના વધની અનુમતિનો દોષ નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૩/૧૪૬।।

ભાવાર્થ :-

યોગ્ય ઉપદેશક શ્રોતાને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી ધર્મ કરવા માટે તત્પર જાણે તો તેને સર્વવિરતિનો ઉપદેશ આપે, તે સાંભળીને સર્વવિરતિના પાલન માટેનું તે શ્રોતામાં અસામર્થ્ય જણાય ત્યારે તે શ્રોતાને દેશવિરતિનું સ્વરૂપ બતાવીને દેશવિરતિનું વિધિપૂર્વક પ્રદાન કરે, ત્યારે સ્વીકારાયેલા વિરતિના દેશ અંશથી ઇતર અંશમાં ગુરુને અનુમતિનો દોષ નથી તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

અને જેમ દૃષ્ટાંતમાં વસંતપુર નગર બતાવ્યું તેમ પ્રસ્તુતમાં સંસાર નગર છે. અને જેમ દૃષ્ટાંતમાં રાજા બતાવ્યો તેમ પ્રસ્તુતમાં શ્રાવક રાજાસ્થાને છે. અને જેમ દૃષ્ટાંતમાં શ્રેષ્ઠી બતાવ્યો તેમ પ્રસ્તુતમાં શ્રેષ્ઠી ગુરુસ્થાને છે અને જેમ તે રાજાએ તે શ્રેષ્ઠીના પુત્રોને વધ માટે આદેશ કર્યો તેમ છ કાયના પાલન કરનારા ગુરુ માટે સંસારવર્તી છ કાયના સર્વ જીવો પુત્રસ્થાને છે, તેથી જેમ વિવેકી પિતા પુત્રનું ઉચિત રીતે પાલન કરીને તેનું હિત કરે છે તેમ ગુરુ છ કાયના જીવોનું પાલન કરીને તેઓનું હિત કરે છે. આથી જ સાધુ પૃથ્વી આદિ જીવોની હિંસાના વર્જન દ્વારા તેઓનું હિત કરે છે. વળી, જે મનુષ્ય આદિ યોગ્ય જીવો છે તેઓને ભગવાનના શાસનનું તત્ત્વ બતાવીને તેઓનું હિત કરે છે. અને જે જીવો ધર્મ પામે તેવા નથી તેઓને પણ પોતાનાથી દુર્લભબોધિ આદિની પ્રાપ્તિ ન થાય તે પ્રકારના હિતનો યત્ન કરે છે, તેથી ગુરુ છ કાયના પાલક છે. અને તેમના પુત્ર જેવા તે છ કાયના વધમાં રાજા તુલ્ય શ્રાવક પ્રવૃત્ત છે અને તે શ્રાવકને ઉચિત ઉપદેશ આપવા દ્વારા સમ્યક્ત્વ આદિના ક્રમથી દેશવિરતિ પ્રદાન કરે ત્યારે તે શ્રાવકના દેશવિરતિના પાલનથી મોટા પુત્ર તુલ્ય ત્રસજીવોનું રક્ષણ કરે છે. આમ છતાં જેમ તે પિતાને મોટા પુત્રને છોડાવતાં શેષપુત્રોની હિંસાની અનુમતિ નથી, પરંતુ તે હિંસાથી શેષપુત્રોનું રક્ષણ અશક્ય જણાવાથી મોટા પુત્રને છોડાવે છે. તેમ શ્રાવક દ્વારા છ કાયનું પાલન અશક્ય જણાવાથી ગુરુ તેને ત્રસ કાયના પાલનનો ઉપદેશ આપે છે, તેથી શ્રાવક દ્વારા થતી શેષ કાયના વધની અનુમતિનો સાધુને દોષ નથી. **॥૧૩/૧૪૬॥**

અવતરણિકા :-

विधिनाऽणुव्रतादिप्रदानमित्युक्तं प्रागतस्तमेव दर्शयति –

અવતરણિકાર્થ :-

વિધિપૂર્વક અણુવ્રતાદિનું પ્રદાન કરવું જોઈએ એ પ્રમાણે પૂર્વમાં કહેવાયું=સૂત્ર-૮માં કહેવાયું, તેને જ બતાવે છે –

સૂત્ર :-

योगवन्दननिमित्तदिगाकारशुद्धिर्विधिः ।।१४/१४७।।

સૂત્રાર્થ :-

યોગ, વંદન, નિમિત્ત, દિક્ અને આકારની શુદ્ધિ વિધિ છે. ॥૧૪/૧૪૭॥

ટીકા :-

इह 'शुद्धि'शब्दः प्रत्येकमभिसंबध्यते, ततो योगशुद्धिर्वन्दनशुद्धिर्निमित्तशुद्धिर्दिक्शुद्धिराकारशुद्धिश्च विधिः अणुव्रतादिप्रतिपत्तौ भवति, तत्र योगाः कायवाङ्मनोव्यापारलक्षणाः, तेषां 'शुद्धिः' सोपयोगात्वरगमननिरवद्यभाषणशुभचिन्तनादिरूपा, 'वन्दन'शुद्धिः अस्खलितामिलितप्रणि-

पातादिदण्डकसमुच्चारणाऽसंभ्रान्तकायोत्सर्गकरणलक्षणा, 'निमित्त'शुद्धिः तत्कालोच्छलित-शङ्खपणवादिनिनादश्रवणपूर्णकुम्भभृङ्गारच्छत्रध्वजचामराद्यवलोकनशुभगन्धाघ्राणादिस्वभावा, 'दिक्'शुद्धिः प्राच्युदीचीजिनजिनचैत्याद्यधिष्ठिताशासमाश्रयणस्वरूपा, 'आकार'शुद्धिस्तु राजाद्य-भियोगादिप्रत्याख्यानापवादमुक्तीकरणात्मिकेति ।।१४/१४७।।

ટીકાર્થ :-

इह ..... करणात्मिकेति ।। અહીં=સૂત્રમાં, શુદ્ધિ શબ્દ પ્રત્યેકની સાથે સંબંધ કરાય છે, તેથી યોગશુદ્ધિ, વંદનશુદ્ધિ, નિમિત્તશુદ્ધિ, દિક્‌શુદ્ધિ અને આકારશુદ્ધિ અણુવ્રતાદિના સ્વીકારમાં વિધિ છે. ત્યાં=પાંચ શુદ્ધિમાં કાય, વાણી અને મનોવ્યાપારરૂપ યોગો તેઓની શુદ્ધિ સોપયોગ અને અત્વરાવાળું ગમન, નિરવદ્યભાષણ, શુભચિંતાદિરૂપ શુદ્ધિ છે. વંદનની શુદ્ધિ અસ્ખલિત, અમિલિત, પ્રણિપાત આદિ દંડકના સમુચ્ચારણ અને અસંભ્રાન્ત કાયોત્સર્ગના કરણરૂપ છે. નિમિત્તશુદ્ધિ : તે કાળમાં=વ્રતગ્રહણ-કાળમાં ઉચ્છલિત=ઊઠેલા શંખ, પણવાદિના=શંખ-નગારા આદિના, ધ્વનિનું શ્રવણ, પૂર્ણકુંભ, ભૃંગાર, છત્ર, ધ્વજ, ચામર આદિના અવલોકન અને શુભગંધના આઘ્રાણાદિ સ્વભાવવાળી છે. દિક્‌શુદ્ધિ : પૂર્વ દિશા કે ઉત્તરદિશારૂપ જિન કે જિનચૈત્યાદિથી અધિષ્ઠિત એવી દિશાના આશ્રયણ સ્વરૂપ છે. વળી, આકારશુદ્ધિ રાજાદિ અભિયોગાદિ પ્રત્યાખ્યાનના અપવાદના મુક્તીકરણ આત્મક છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૪/૧૪૭।।

ભાવાર્થ :-

ગુરુ યોગ્ય શ્રોતાને વિધિપૂર્વક અણુવ્રતાદિનું પ્રદાન કરે તે વખતે પાંચ પ્રકારની શુદ્ધિપૂર્વક વ્રતગ્રહણ કરવામાં આવે તો વિધિની શુદ્ધિને કારણે વ્રતગ્રહણકાળમાં વર્તતા શુભઅધ્યવસાયથી વ્રત પ્રાયઃ ભાવથી પરિણમન પામે છે અને વ્રતને ભાવથી પરિણમન પમાડવા અર્થે પાંચ પ્રકારની શુદ્ધિ આવશ્યક છે.

(૧) યોગશુદ્ધિ :-

મન-વચન-કાયાના વ્યાપારની શુદ્ધિ કરનાર શ્રાવક વ્રતગ્રહણ કરવા માટે જાય છે ત્યારે પોતાના મન-વચન-કાયાના યોગો અત્યંત નિરવદ્ય થાય તે માટે અત્યંત ઉપયોગપૂર્વક અત્વરાવાળું ગમન કરે, અને વ્રતગ્રહણના સર્વ ક્રિયાકાળમાં અત્યંત ઉપયોગપૂર્વક અત્વરાપૂર્વક ગમન કરે તો કાયાની શુદ્ધિની પ્રાપ્તિ થાય છે.

વળી, વ્રતગ્રહણની પ્રવૃત્તિકાળમાં પ્રસંગે કાંઈ બોલવું પડે તો નિરવદ્ય ભાષણપૂર્વક બોલે, પણ જે તે વચન બોલે નહિ તે વ્રતગ્રહણકાળમાં અપેક્ષિત વાક્‌શુદ્ધિ છે.

વળી, વ્રતગ્રહણ કરવા માટે તત્પર થયેલ હોય ત્યારે શુભચિંતવનાદિરૂપ મનોયોગો પ્રવર્તાવે. અર્થાત્ આ દેશવિરતિના વ્રતોને ગ્રહણ કરીને હું તે રીતે પાલન કરીશ જેથી શીઘ્ર સર્વવિરતિની શક્તિનો સંચય

થાય તે રૂપ શુભ ચિંતવન કરે અને વ્રતોના પરિણામથી મન અત્યંત ભાવિત થાય તે પ્રમાણે વ્રતોના સ્વરૂપને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારે તે મનોવ્યાપારની શુદ્ધિ છે.

(૨) વંદનશુદ્ધિ :-

વળી, શ્રાવકને વ્રતગ્રહણકાળમાં તીર્થંકરો આદિને વંદનપૂર્વક વ્રતો ઉચ્ચરાવાય છે, તે વંદનની શુદ્ધિ છે જે આવશ્યક છે. અને વ્રતગ્રહણકાળમાં શ્રાવક દેશવિરતિ ગ્રહણ કરતી વખતે જે પ્રણિપાત આદિ દંડક બોલે છે તે સર્વ અસ્ખલિત, અમિલિત ઉચ્ચારણપૂર્વક જિનગુણના પ્રણિધાનથી બોલે જેથી ભગવાનના ગુણોથી વાસિત થયેલું ચિત્ત હોવાથી ગ્રહણ કરાતાં વ્રતો શીઘ્ર પરિણમન પામે.

વળી, વ્રત ગ્રહણ કરતી વખતે કાયોત્સર્ગ કરાય છે તે પણ ચિત્તના સંભ્રમરહિત, કાયોત્સર્ગ મુદ્રામાં જે શુભચિંતવન કરાય છે તેમાં અત્યંત ઉપયુક્ત થઈને કરે તો વંદનશુદ્ધિની પ્રાપ્તિ થાય.

(૩) નિમિત્તશુદ્ધિ :-

શ્રાવક વ્રત ગ્રહણ કરવા માટે તત્પર થયેલ હોય ત્યારે શુભ શુકન થાય તે નિમિત્તશુદ્ધિ છે. જેમ શંખનો ધ્વનિ સંભળાય, કોઈ વાજિંત્રો સંભળાય અથવા પાણીથી ભરેલો કુંભ લઈને કોઈ સ્ત્રી સન્મુખ આવેલી હોય કે છત્ર-ચામર આદિનું દર્શન થાય કે તે વખતે શુભ ગંધ આદિ આવે તે સર્વ નિમિત્તો સૂચન કરે છે કે દુષ્કર એવું ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ આ વ્રત અવશ્ય પોતે સ્વપરાક્રમ દ્વારા પાલન કરી શકશે.

(૪) દિશાશુદ્ધિ :

પૂર્વદિશા અને ઉત્તરદિશા એ બે દિશામાં જિન અને જિનચૈત્યો ઘણાં છે, તેથી તેમના પ્રત્યેના ભક્તિના પરિણામપૂર્વક તે દિશાને સન્મુખ રહીને વ્રતો ગ્રહણ કરવામાં આવે તો તીર્થંકર આદિ પ્રત્યે બહુમાન ભાવની વૃદ્ધિ થવાથી શ્રાવકને વ્રતો શીઘ્ર પરિણામ પામે છે.

(૫) આકારશુદ્ધિ :

શ્રાવક વ્રતગ્રહણ કરતી વખતે વ્રત જે પ્રકારે ગ્રહણ કર્યાં છે તે પ્રમાણે પરિપૂર્ણ પાલન થાય, તેમાં કોઈ દોષ ન લાગે તે અર્થે રાજાદિના અભિયોગાદિનો અપવાદ રાખીને વ્રતગ્રહણ કરવામાં આવે તો તે વ્રત-ગ્રહણકાળમાં આકારશુદ્ધિને કારણે પોતે દૃઢ રીતે વ્રતપાલન કરી શકશે તેવો વિશ્વાસ ઉત્પન્ન થાય છે, તેથી વ્રતગ્રહણની વિધિથી જ ભાવથી વ્રત પરિણમન પામવાની સંભાવના રહે છે. **॥૧૪/૧૪૭॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને પૂર્વમાં અણુવ્રત પ્રદાનની વિધિ બતાવી. તે વિધિમાં અવશેષ વિધિનો સમુચ્ચય કરતાં કહે છે –

સૂત્ર :-

उचितोपचारश्च ।।१५/१४८।।

સૂત્રાર્થ :-

અને ઉચિત ઉપચાર=અણુવ્રત ગ્રહણ કર્યા પછી ઉચિત ઉપચાર વિધિ છે. ।।૧૫/૧૪૮।।

ટીકા :-

'उचितो' देवगुरुसाधर्मिकस्वजनदीनाऽनाथादीनामुपचारार्हाणां यो यस्य योग्य 'उपचारो' धूप-पुष्पवस्त्रविलेपनाऽऽसनदानादिगौरवात्मकः, स 'च, विधि'रित्यनुवर्त्तत इति ।।१५/१४८।।

ટીકાર્થ :-

'उचितो' ..... इति ।। ઉચિત=ઉપચાર યોગ્ય એવા દેવ, ગુરુ, સાધર્મિક, સ્વજન, દીન, અનાથાદિનો જેનો જે યોગ્ય છે તેવો ધૂપ, પુષ્પ, વસ્ત્ર, વિલેપન, આસન આદિનો ગૌરવાત્મક ઉપચાર અને તે વિધિ છે એ પ્રમાણે વિધિ શબ્દ પૂર્વસૂત્રમાંથી અનુવર્તન પામે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૫/૧૪૮।।

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું એ વ્રતગ્રહણકાળમાં કરવાની ઉચિતિ વિધિ બતાવી. હવે વ્રતગ્રહણ કર્યા પછી વિશેષ પ્રકારનો ઉચિત વ્યવહાર કરવો જોઈએ; જેથી ગ્રહણ કરાયેલાં વ્રતો સમ્યક્ પરિણમન પામે. તે વિધિ બતાવતાં કહે છે કે શ્રાવક વ્રતગ્રહણ કર્યા પછી પોતાને તે વ્રતો અત્યંત પરિણમન પામે તે અર્થે ઉત્તમ દ્રવ્યોથી વિશેષ પ્રકારે ભગવાનની ભક્તિ કરે અને ગુણવાન એવા ગુરુની ભક્તિ કરે. જેથી તીર્થંકરો અને સુસાધુના બહુમાનના કારણે ચારિત્રમોહનીય શિથિલ થાય, જેથી દેશવિરતિ શીઘ્ર પરિણમન પામે અને પરિણમન પામેલ હોય તો વિશેષ પરિણમન પામે; કેમ કે તીર્થંકરો અને સુસાધુની ભક્તિથી વિશેષ પ્રકારનો સર્વવિરતિને અભિમુખ પરિણામ ઉલ્લસિત થાય છે.

વળી, જે ગુણવાન એવા સાધર્મિકો છે તેઓના ગુણો પ્રત્યેના બહુમાનથી તેમની ભક્તિ કરવામાં આવે તો ગુણો પ્રત્યેના પક્ષપાતના અતિશયના કારણે પણ સ્વીકારાયેલાં વ્રતો શીઘ્ર પરિણમન પામે છે અને પરિણમન પામેલાં વ્રતો નિર્મળ થાય છે.

વળી, સ્વજન, દીન-અનાથ આદિનો પણ દાનાદિ દ્વારા ઉચિત સત્કાર કરવામાં આવે તો તેઓને પણ સ્વીકારાયેલા ધર્મ પ્રત્યે આદર થવાનો સંભવ રહે છે, તેથી અન્ય જીવોના કલ્યાણના શુભ આશયપૂર્વક કરાયેલો સ્વજનાદિનો સત્કાર પણ વ્રતની નિર્મળતામાં કારણ બને છે. **॥૧૫/૧૪૮॥**

અવતરણિકા :-

અથાણુવ્રતાદીન્યેવ ક્રમેણ દર્શયન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે અણુવ્રતાદિને જ ક્રમથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ઉપદેશક યોગ્ય શ્રોતાને કઈ વિધિથી અણુવ્રતો આપે તેનું સ્વરૂપ સૂત્ર-૧૪, ૧૫માં બતાવ્યું. હવે વ્રતગ્રહણ કરતાં પૂર્વે ધર્મગ્રહણ કરવા માટે તત્પર થયેલા યોગ્ય જીવને ઉપદેશક વ્રતગ્રહણ કરતાં પૂર્વે જે અણુવ્રતાદિનું સ્વરૂપ બતાવે છે તેવું સ્વરૂપ ગ્રંથકારશ્રી ક્રમસર બતાવે છે –

સૂત્ર :-

स्थूलप्राणातिपातादिभ्यो विरतिरणुव्रतानि पञ्च ।।१६/१४९।।

સૂત્રાર્થ :-

સ્થૂલપ્રાણાતિપાત આદિથી વિરતિ પાંચ અણુવ્રતો છે. ।।૧૬/૧૪૯।।

ટીકા :-

इह प्राणातिपातः प्रमत्तयोगात् प्राणिव्यपरोपणरूपः, स च स्थूलः सूक्ष्मश्च, तत्र सूक्ष्मः पृथिव्यादिविषयः, स्थूलश्च द्वीन्द्रियादित्रसगोचरः, स्थूलश्चासौ प्राणातिपातश्चेति स्थूलप्राणातिपातः, 'आदि'शब्दात् स्थूलमृषावादाऽदत्तादानाऽब्रह्मपरिग्रहाः परिगृह्यन्ते, ते च प्रायः प्रतीतरूपा एव, ततस्तेभ्यः 'स्थूलप्राणातिपातादिभ्यः' पञ्चभ्यो महापातकेभ्यो 'विरतिः' विरमणम्, किमित्याह– साधुव्रतेभ्यः सकाशात् 'अणूनि' लघूनि 'व्रतानि' नियमरूपाणि अणुव्रतानि, कियन्तीत्याह–'पञ्चे'ति पञ्चसंख्यानि पञ्चाणुव्रतानीति, बहुवचननिर्देशेऽपि यद् 'विरति'रित्येकवचननिर्देशः स सर्वत्र विरतिसामान्यापेक्षयेति ।।१६/१४९।।

ટીકાર્થ :-

इह प्राणातिपातः ..... विरतिसामान्यापेक्षयेति ।। અહીં=વિરતિમાં, પ્રાણાતિપાત પ્રમત્તયોગથી પ્રાણીવ્યપરોપણરૂપ છે=પ્રાણીની હિંસારૂપ છે અને તે સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે ભેદથી છે. ત્યાં સૂક્ષ્મ પ્રાણાતિપાત પૃથ્વી આદિ વિષયવાળો છે અને સ્થૂલ પ્રાણાતિપાત બેઇન્દ્રિયાદિ ત્રસવિષયવાળો છે.

આ રીતે સ્થૂલ પ્રાણાતિપાતનો અર્થ કર્યા પછી સૂત્રમાં કહેલા 'स्थूलप्राणातिपातादिभ्यो'નો સમાસ સ્પષ્ટ કરે છે –

સ્થૂલ એવા પ્રાણાતિપાત એ સ્થૂલપ્રાણાતિપાત આદિ શબ્દથી સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ અબ્રહ્મ અને સ્થૂલ પરિગ્રહ ગ્રહણ થાય છે. તે પ્રાયઃ પ્રતીતરૂપ જ છે, તેથી ટીકાકારશ્રી તેનું વર્ણન કરતા નથી.

'ततस्तेभ्यः'નો સમાસ સ્પષ્ટ કરે છે –

તેનાથી=સ્થૂલપ્રાણાતિપાત આદિથી=પાંચ મહાપાપોથી, વિરમણ વિરતિ છે અને તે વિરતિ સાધુનાં વ્રતોથી અણુવ્રતોરૂપ છે અને તે સંખ્યાથી પાંચ અણુવ્રતોરૂપ છે. અહીં અણુવ્રતોમાં બહુવચનનો પ્રયોગ હોવા છતાં પણ જે વિરતિ એ પ્રકારનો એકવચનનો પ્રયોગ છે તે સર્વત્ર=પાંચે અણુવ્રતોમાં, વિરતિ સામાન્યની અપેક્ષાથી છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૧૬/૧૪૯॥

ભાવાર્થ :-

આત્મા આત્માના ભાવોમાં જવા માટે યત્નમાં પ્રમાદ કરે તે પ્રમત્તયોગ છે અને પ્રમત્તયોગથી જે જીવોની હિંસા તે પ્રાણાતિપાત છે. તેથી જે શ્રાવક અણુવ્રત સ્વીકારે તે સંપૂર્ણ અહિંસાના પાલનના શક્તિસંચય અર્થે દેશવિરતિ ગ્રહણ કરે ત્યારે શ્રાવકની સર્વ ઉચિત ક્રિયાકાળમાં પૃથ્વી આદિ જીવોની હિંસા શક્ય તેટલી કેમ ઓછી થાય અને ત્રસકાયના જીવોનું પાલન કેમ થાય ? તેને અનુરૂપ અપ્રમાદભાવથી મન-વચન-કાયાની સર્વ ઉચિત ક્રિયા કરે તે સ્થૂલ પ્રાણાતિપાતથી વિરમણરૂપ પહેલું અણુવ્રત છે.

વળી, વિવેકી શ્રાવક સંપૂર્ણ મૃષાવાદના પરિહારપૂર્વક નિરવદ્ય ભાષા બોલનાર સાધુની જેમ સૂક્ષ્મ મૃષાવાદના પરિહારરૂપ મહાવ્રતની શક્તિનો સંચય થાય તે રીતે પોતાની ભૂમિકા અનુસાર સ્થૂલ મૃષાવાદનો પરિહાર કરે તો તે બીજા અણુવ્રતરૂપ વિરતિનો પરિણામ છે.

વળી, વિવેકી શ્રાવક ચાર પ્રકારના તીર્થંકરઅદત્ત આદિથી વિરામ પામેલા સુસાધુની જેવી શક્તિના સંચય અર્થે સ્થૂલથી પરદ્રવ્યના અગ્રહણરૂપ અદત્તાદાનનું વિરમણ કરે તે ત્રીજા અણુવ્રત રૂપ વિરતિનો પરિણામ છે.

વળી, સંપૂર્ણ ત્રણે યોગથી કામવિકારનું શમન કરીને આત્માના મૂળ સ્વરૂપમાં ઉદ્યમ કરનારા સુસાધુના બ્રહ્મરૂપ મહાવ્રતને પ્રગટ કરવાના અભિલાષરૂપ સ્વશક્તિ અનુસાર બ્રહ્મચર્યના પાલનમાં વિવેકી શ્રાવક જે ઉદ્યમ કરે છે તે ચોથા અણુવ્રતરૂપ વિરતિનો પરિણામ છે.

વળી, જે સાધુઓ દેહથી માંડીને બાહ્ય સર્વ પરિગ્રહ વગરના છે, માત્ર ધર્મના ઉપકરણરૂપે દેહ આદિને ધારણ કરે છે અને બાહ્ય સર્વ પરિગ્રહના ત્યાગના બળથી સર્વત્ર મમત્વના ઉચ્છેદ માટે સતત ઉદ્યમ કરી રહ્યા છે અને દેહાદિ સર્વમાં નિર્મમ ભાવ વર્તે તે રીતે સર્વ પરિગ્રહથી રહિત છે તેવા સર્વ પરિગ્રહ રહિત અવસ્થાના પ્રતિસંધાનપૂર્વક સ્વભૂમિકા અનુસાર બાહ્ય પરિગ્રહનો સંકોચ કરીને જે સ્થૂલથી પરિગ્રહપરિમાણવ્રત શ્રાવક ગ્રહણ કરે છે તે વિવેકી શ્રાવકને પાંચમા અણુવ્રતરૂપ વિરતિનો પરિણામ છે.

આ અણુવ્રતોના પાલન દ્વારા શ્રાવક બાહ્ય પદાર્થો પ્રત્યેના પ્રતિબંધને ટાળીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તેવો યત્ન સદા કરે છે. આ પ્રકારનાં અણુવ્રતોનું સ્વરૂપ ઉપદેશક શ્રોતાને વ્રતપ્રદાન પૂર્વે શ્રોતાના ક્ષયોપશમ અનુસાર સમજાવે છે. **॥૧૬/૧૪૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અણુવ્રતોને બતાવ્યા પછી શ્રાવકનાં ગુણવ્રતોને બતાવવા 'તથા'થી સમુચ્ચય કરે છે –

સૂત્ર :-

दिग्व्रतभोगोपभोगमानाऽनर्थदण्डविरतयस्त्रीणि गुणव्रतानि ।।१७/१५०।।

સૂત્રાર્થ :-

દિગ્વ્રત, ભોગ-ઉપભોગનું માન=પરિમાણ, અને અનર્થદંડની વિરતિ ત્રણ ગુણવ્રતો છે. ।।૧૭/૧૫૦।।

ટીકા :-

दिशो ह्यनेकप्रकाराः शास्त्रे वर्णिताः, तत्र सूर्योपलक्षिता पूर्वा, शेषाश्च पूर्वदक्षिणादिकाः सप्त, तथा ऊर्ध्वमधश्च द्वे, एवं दशसु दिक्षु विषये गमनपरिमाणकरणलक्षणं 'व्रतं' नियमो 'दिग्व्रतम्,' भुज्यते सकृदेवासेव्यते यदशनादि तद्भोगः, पुनः पुनर्भुज्यते वसनविलयादि यत् तदुपभोगः, ततो भोगश्चोपभोगश्च भोगोपभोगौ तयो'र्मानं' परिमाणं 'भोगोपभोगमानम्', 'अर्थः' प्रयोजनं धर्म-स्वजनेन्द्रियगतशुद्धोपकारस्वरूपम्, तस्मै अर्थाय दण्डः सावद्यानुष्ठानरूपः, तत्प्रतिषेधादनर्थदण्डः, स च चतुर्द्धा–अपध्यानाचरितप्रमादाचरितहिंस्रप्रदानपापकर्मोपदेशभेदात्, तस्य विरतिः 'अनर्थ-दण्डविरतिः,' ततः दिग्व्रतं च भोगोपभोगमानं चानर्थदण्डविरतिश्चेति समासः, किमित्याह– 'त्रीणि' त्रिसंख्यानि 'गुणव्रतानि' गुणाय उपकाराय व्रतानि भवन्ति, गुणव्रतप्रतिपत्तिमन्तरेणाणुव्रतानां तथाविधशुद्ध्यभावादिति ।।१७/१५०।।

ટીકાર્થ :-

दिशः ..... अभावादिति ।। દિશા અનેક પ્રકારની શાસ્ત્રમાં વર્ણન કરાયેલી છે ત્યાં સૂર્યઉપલક્ષિત પૂર્વ દિશા છે, શેષ પૂર્વ-દક્ષિણ આદિ સાત દિશા અને ઊર્ધ્વ-અધઃ બે દિશા છે. આ રીતે દશ દિશાના વિષયમાં ગમનના પરિમાણને કરવા રૂપ વ્રત દિગ્વ્રત છે. એક વખત જે ભોગવાય તે અશનાદિ ભોગ છે. ફરી ફરી જે વસ્ત્ર-વિલયાદિ ભોગવાય તે ઉપભોગ છે.

ત્યારપછી=ભોગ ઉપભોગનો અર્થ કર્યા પછી, બાકીનો સમાસ સ્પષ્ટ કરે છે –

ભોગ અને ઉપભોગ તે ભોગોપભોગ. તેમનું માન=પરિમાણ, તે ભોગોપભોગમાન છે. અર્થ= પ્રયોજન=ધર્મ સ્વજન ઈન્દ્રિયગત શુદ્ધ ઉપકારના સ્વરૂપવાળું પ્રયોજન, તેના માટે જે સાવદ્યઅનુષ્ઠાનરૂપ દંડ તેના પ્રતિષેધથી અનર્થદંડ અને તે=અનર્થદંડ ચાર પ્રકારનો છે. અપધ્યાનથી આચરિત, પ્રમાદથી આચરિત, હિંસાના સાધનના પ્રદાનથી અને પાપકર્મના ઉપદેશના ભેદથી ચાર પ્રકારનો છે. તેની વિરતિ તે અનર્થદંડની વિરતિ છે.

ત્યારપછી તે ત્રણેયનો સમાસ સ્પષ્ટ કરે છે –

દિગ્વ્રત, ભોગોપભોગમાન અને અનર્થદંડની વિરતિ એ પ્રમાણેનો સમાસ છે. અને આ ત્રણ ગુણવ્રતો છે=ગુણ માટે=ઉપકાર માટે, વ્રતો છે; કેમ કે ગુણવ્રતના સ્વીકાર વગર અણુવ્રતોની તેવા પ્રકારની શુદ્ધિનો અભાવ છે=વિશેષ વિશેષ પ્રકારના વિરતિનું કારણ બને તેવા પ્રકારની શુદ્ધિનો અભાવ છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૭/૧૫૦।।

ભાવાર્થ :-

ઉપદેશકના વચનથી સમ્યક્ત્વને પામ્યા પછી ધર્મ સેવવા માટે તત્પર થયેલ યોગ્ય જીવમાં સર્વવિરતિના પાલનની શક્તિ ન જણાય ત્યારે ગીતાર્થ ગુરુ દેશવિરતિનો બોધ કરાવે છે તેમાં પાંચ અણુવ્રતોનું સ્વરૂપ ગીતાર્થ ગુરુ યોગ્ય શ્રોતાને કઈ રીતે બતાવે છે ? તેનું સ્વરૂપ સંક્ષેપથી ગ્રંથકારશ્રીએ પૂર્વના સૂત્રમાં બતાવ્યું. હવે તે સ્વીકારાયેલાં પાંચ અણુવ્રતો ઉત્તરોત્તર વૃદ્ધિને પામીને સર્વવિરતિનું કારણ બને તેના માટે ત્રણ ગુણવ્રતો બતાવે છે, જે ગુણવ્રતો અણુવ્રતોને વિશુદ્ધ બનાવીને સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બનવામાં પ્રબળ કારણ બને છે.

ત્રણ ગુણવ્રતોનાં નામ અનુક્રમે આ છે – (૧) **દિગ્વ્રત,** (૨) **ભોગોપભોગનું પરિમાણ અને** (૩) **અનર્થદંડની વિરતિ.**

(૧) દિગ્વ્રત :-

ભગવાનના વચનથી ભાવિત વિવેકી શ્રાવક સૂક્ષ્મબોધવાળા હોય છે, તેથી સતત મોહની સામે સુભટની જેમ યત્ન કરતા સાધુના પરિણામના અત્યંત અર્થી હોય છે અને સામાયિકના પરિણામવાળા સાધુ કાંટાથી આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ અત્યંત યતનાપૂર્વક દેહની ક્રિયા કરે છે જેથી સાધુને સંવરનો પરિણામ હોવાથી સાધુની સર્વ ચેષ્ટા સંપૂર્ણ નિરવદ્ય હોય છે. તેવી નિરવદ્ય ચેષ્ટા શ્રાવક માટે અશક્ય હોવાથી દેશવિરતિના પાલનને કરનાર શ્રાવક પણ તપાવેલા લોઢાના ગોળાની જેમ છ કાયની હિંસા કરનાર છે. છતાં અણુવ્રતો દ્વારા જે કાંઈ હિંસાની નિવૃત્તિ કરે છે તે દશ દિશાના ગમન આદિના પરિમાણ દ્વારા વિશેષ રીતે નિવર્તન કરે છે; કેમ કે દિશાના પરિમાણના અભાવને કારણે અણુવ્રતોની મર્યાદા અનુસાર શ્રાવકનો

ત્રસના પાલનનો જે અધ્યવસાય છે તેનાથી અન્ય જીવોના રક્ષણનો પરિણામ અણુવ્રત પરિણામમાં પ્રાપ્ત થતો નથી. અને દિશાનું પરિમાણ કરવાથી તે મર્યાદાથી અધિક ક્ષેત્રમાં આરંભ-સમારંભના પરિણામથી નિવર્તનનો અધ્યવસાય થાય છે. તેથી વિવેકી શ્રાવક દિગ્વ્રત ગ્રહણ કરીને આરંભની વૃત્તિમાં જ સંકોચ કરે છે.

(૨) ભોગોપભોગનું પરિમાણ :-

સર્વવિરતિવાળા સાધુ કેવળ સંયમની વૃદ્ધિના અર્થે આહાર-વસ્ત્રાદિનો ઉપયોગ કરે છે પરંતુ ભોગના પરિણામથી સાધુ આહાર વાપરતા નથી અને વસ્ત્રાદિનો ઉપભોગ કરતા નથી. માટે સાધુને સદા અભોગનો જ પરિણામ છે અને તેવો જ પરિણામ શ્રાવકને અત્યંત પ્રિય છે છતાં અનાદિના સંસ્કારોને કારણે ભોગઉપભોગનો પરિણામ પણ સર્વથા નિવર્તન પામતો નથી, તેથી પાંચ અણુવ્રતને સ્વીકાર્યા પછી હિંસાના પરિણામના કારણભૂત ભોગઉપભોગના પરિણામમાં સંકોચ કરવા અર્થે શ્રાવક ભોગઉપભોગની સામગ્રીમાં પરિમાણની મર્યાદા કરે છે જેથી ભોગઉપભોગનો પરિણામ અલ્પઅલ્પતર થાય અને અંતે સર્વથા અભોગનો પરિણામ પ્રગટે જે સર્વવિરતિના પરિણામરૂપ છે.

(૩) અનર્થદંડ વિરતિ :-

શ્રાવકને જીવવધનો સાવદ્ય પરિણામ છે, ભોગોપભોગનો સાવદ્ય પરિણામ છે અને સાધુને જીવવધનો પરિણામ સર્વથા નથી; કેમ કે પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનનો સંવર છે. અને સંયમવૃદ્ધિના પ્રયોજનથી કોઈ ક્રિયા કરે છે ત્યારે ષટ્કાયના પાલન માટે અત્યંત યતનાપૂર્વક ગમનાગમનની પ્રવૃત્તિ કરે છે. શ્રાવક પણ સાધુની જેમ સર્વથા સાવદ્યના પરિહારની ઇચ્છાવાળા છે, આમ છતાં ભોગઉપભોગની લાલસા સર્વથા ગઈ નથી, તેથી ભોગઉપભોગ અર્થે સાવદ્ય પ્રવૃત્તિ કરે છે જે અર્થદંડરૂપ છે; કેમ કે ભોગોપભોગરૂપ ફલ અર્થે તે સાવદ્ય પ્રવૃત્તિ કરે છે; છતાં તેની નિવૃત્તિ અર્થે અભ્યાસરૂપે ભોગપભોગનો સંકોચ કરે છે અને અર્થદંડથી વિપરીત એવા અનર્થદંડની નિવૃત્તિ શ્રાવક કરે છે, જે અનર્થદંડની નિવૃત્તિ ચાર પ્રકારની છે.

(૧) અપધ્યાનથી આચરણ કરાયેલી પ્રવૃત્તિ (૨) પ્રમાદથી આચરણ કરાયેલી પ્રવૃત્તિ (૩) હિંસાના સાધનોના પ્રદાનથી અને (૪) પાપકર્મના ઉપદેશથી.

(૧) અપધ્યાનથી આચરણ કરાયેલી પ્રવૃત્તિ :-

શ્રાવકને ભોગઉપભોગની લાલસા છે છતાં શ્રાવક તેનો સંકોચ કરે છે પરંતુ તે લાલસાની વૃદ્ધિ થાય એવા અપધ્યાનનું આચરણ શ્રાવક કરે નહિ. અને જો ભોગ-ઉપભોગના પરિણામની વૃદ્ધિ થાય એવા વિપરીત ચિંતવનરૂપ અપધ્યાન કરે તો અનર્થદંડની પ્રાપ્તિ થાય. તે અનર્થદંડની પ્રાપ્તિના વિરમણરૂપ વ્રત ગ્રહણ કરવાથી અપધ્યાનનો પરિણામ અટકે છે જેથી ગ્રહણ કરાયેલાં અણુવ્રતોને ગુણકારી અનર્થદંડની વિરતિ બને છે.

(૨) પ્રમાદથી આચરણ કરાયેલી પ્રવૃત્તિ :-

જીવે અનાદિથી પ્રમાદનું સેવન કર્યું છે, તેથી અત્યંત મોક્ષના અર્થી સાધુ પણ પ્રમાદવશ થાય ત્યારે સર્વવિરતિમાં અતિચારને પ્રાપ્ત કરે છે, તેમ શ્રાવકનો પણ અનાદિ ભવઅભ્યસ્ત પ્રમાદનો સ્વભાવ છે, તેથી જો સદા પોતાનાં વ્રતોનું સ્મરણ કરીને સર્વવિરતિને અનુકૂળ શક્તિ સંચય માટે યત્ન ન કરે તો લીધેલાં વ્રતોમાં પણ પ્રમાદને વશ સ્ખલનાઓ થાય છે અને પ્રમાદના સંસ્કારોના કારણે નિષ્પ્રયોજન એવી પણ આરંભ-સમારંભ કરવાની વૃત્તિ ઉલ્લસિત થાય છે જે અનર્થદંડ છે. તેથી જે શ્રાવક અનર્થદંડની વિરતિનું વ્રતગ્રહણ કરે તે શ્રાવક પ્રમાદ આચરી અનર્થદંડને સ્મૃતિમાં લાવીને સદા પોતાના વ્રતોમાં અપ્રમાદથી યત્ન કરવા ઉદ્યમ કરે છે, તેથી પ્રમાદ-આચરિત અનર્થદંડની વિરતિ દેશવિરતિને અતિશયિત કરવા માટે ગુણકારી બને છે.

(૩) હિંસાનાં સાધનોનું પ્રદાન :-

શ્રાવક સર્વવિરતિની શક્તિના સંચય અર્થે અહિંસાદિ પાંચ અણુવ્રતો સ્વીકારે છે, તેથી વિરતિધર શ્રાવકને હિંસા પ્રત્યે સદા જુગુપ્સા રહે છે અને તે જુગુપ્સાને કારણે જ ક્રમસર પોતાના જીવનમાં સાવદ્ય પ્રવૃત્તિઓ અલ્પઅલ્પતર થાય તેવો યત્ન કરે છે. આમ છતાં અનાભોગથી કે અવિચારકતાથી અન્ય જીવોની હિંસાનું કારણ બને તેવા હિંસાનાં સાધનો અન્ય સાથેના પ્રીતિ આદિના સંબંધના કારણે આપે તો તે સાવદ્ય પ્રવૃત્તિમાં પોતાના ભોગાદિના પ્રયોજન વગર નિરર્થક કર્મબંધની પ્રાપ્તિમાં તે શ્રાવક કારણ બને છે, તેથી વિવેકી શ્રાવક તેવાં સાધનો પ્રાયઃ પોતાની પાસે રાખે નહિ અને અત્યંત આવશ્યકતા હોય તો સાધનો રાખે, છતાં તેવાં સાધનો "મારી પાસે છે માટે આવશ્યકતા જણાય તો લઈ જજો" ઇત્યાદિ વચન દ્વારા અન્યને પ્રદાન કરે નહિ. ફક્ત દાક્ષિણ્યને કારણે અને વિવેકપૂર્વક તે સાધનોનો ઉપયોગ કરે તેવા હોય તો ધર્મની મલિનતા ન થાય તે પ્રકારે આપે તો દોષની પ્રાપ્તિ થાય નહિ.

(૪) પાપકર્મનો ઉપદેશ :-

શ્રાવક સ્વભૂમિકા અનુસાર સાવદ્ય પ્રવૃત્તિના સંકોચ અર્થે અણુવ્રતાદિ સ્વીકારે છે અને શક્તિ અનુસાર અધિક અધિક સંકોચ કરવાનો શ્રાવકને અત્યંત અભિલાષ હોય છે, તેથી અન્ય જીવોને સાવદ્ય પ્રવૃત્તિવિષયક દિશા બતાવવા રૂપે કોઈ કથન કરે નહિ અર્થાત્ "આ કાર્ય તમે આ રૂપે કરશો તો તેનું ફળ તમને પ્રાપ્ત થશે" એ પ્રકારની સંસારની પ્રવૃત્તિવિષયક કોઈ ઉપદેશ અન્યને કહે નહિ જેથી કોઈ પ્રયોજન વગર કર્મબંધનું કારણ બને તેવા અનર્થદંડની પ્રાપ્તિ થાય નહીં.

પ્રસ્તુત સૂત્રમાં બતાવેલાં ત્રણ ગુણવ્રતોથી અણુવ્રતોની તેવી શુદ્ધિ થતી હોવાને કારણે શ્રાવકનાં ગુણવ્રતો અણુવ્રતોને અતિશય કરવામાં પ્રબળ કારણ છે જેથી તે અણુવ્રતોના પાલનથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય છે. **॥૧૭/૧૫૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

શ્રાવકનાં અણુવ્રતો અને ગુણવ્રતો બતાવ્યા પછી ઉપદેશક શ્રાવકને શિક્ષાવ્રતનું સ્વરૂપ બતાવે છે તેનો સમુચ્ચય 'તથા'થી કહે છે –

સૂત્ર :-

सामायिकदेशावकाशपोषधोपवासाऽतिथिसंविभागश्चत्वारि शिक्षापदानि ।।१८/१५१।।

સૂત્રાર્થ :-

સામાયિક, દેશઅવકાશ, પૌષધોપવાસ, અતિથિસંવિભાગ ચાર શિક્ષાપદો છે=સાધુધર્મના અભ્યાસનાં સ્થાનો છે. ।।૧૮/૧૫૧।।

ટીકા :-

'समानां' मोक्षसाधनं प्रति सदृशसामर्थ्यानां सम्यग्दर्शनज्ञानचारित्राणाम् 'आयो' लाभः 'समस्य' वा रागद्वेषान्तरालवर्त्तितया मध्यस्थस्य सतः 'आयः' सम्यग्दर्शनादिलक्षणः समायः, 'साम्नो' वा सर्वजीवमैत्रीभावलक्षणस्य 'आयः' सामायः, सर्वत्र स्वार्थिकेकण्प्रत्ययोपादानात् 'सामायिकं' सावद्ययोगपरिहारनिरवद्ययोगानुष्ठानरूपो जीवपरिणामः । 'देशे' विभागे प्राक्प्रतिपन्नदिग्व्रतस्य योजनशतादिपरिमाणरूपस्य 'अवकाशो' गोचरो यस्य प्रतिदिनं प्रत्याख्येयतया तत् तथा, पोषं धत्ते 'पोषधः' अष्टमी-चतुर्दश्यादिः पर्वदिवसः, 'उपे'ति सह अपवृत्तदोषस्य सतो गुणैराहार-परिहारादिरूपैर्वासः उपवासः, यथोक्तम् –

"अपवृत्तस्य दोषेभ्यः सम्यग्वासो गुणैः सह ।
उपवासः स विज्ञेयो न शरीरविशोषणम् ।।१०७।।" **[ब्रह्मप्रकरणे २४१] इति ।**

ततः पोषधेषूपवासः 'पोषधोपवासः' । 'अतिथयो' वीतरागधर्मस्थाः साधवः साध्व्यः श्रावकाः श्राविकाश्च, तेषां न्यायागतकल्पनीयादिविशेषणानामन्नपानादीनां संगतवृत्त्या 'विभजनं' वितरणं 'अतिथिसंविभागः,' तथा च उमास्वातिवाचकविरचितश्रावकप्रज्ञप्तिसूत्रं यथा–"अतिथिसंविभागो नाम अतिथयः साधवः साध्व्यः श्रावकाः श्राविकाश्च, एतेषु गृहमुपागतेषु भक्त्याऽभ्युत्थानाऽऽसनदानपादप्रमार्जन-नमस्कारादिभिरर्चयित्वा यथाविभवशक्ति अन्नपानवस्त्रौषधाऽऽलयादिप्रदानेन संविभागः कार्यः" **[ ] इति, 'ततः'**

सामायिकं च देशावकाशं च पोषधोपवासश्चातिथिसंविभागश्चेति समासः, 'चत्वारी'ति चतुःसंख्यानि, किमित्याह–'शिक्षापदानि', शिक्षा साधुधर्माभ्यासः, तस्य 'पदानि' स्थानानि भवन्ति ।।१८/१५१।।

ટીકાર્થ :-

'समानां' ..... भवन्ति ।। મોક્ષની સાધના પ્રત્યે સદૃશસામર્થ્યવાળા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ સમનો આય=લાભ અથવા સમાય=રાગ-દ્વેષ અન્તરાલવર્તીપણાથી મધ્યસ્થ છતાં પુરુષને જે સમ્યગ્દર્શનાદિ રૂપ આય તે સમાય અથવા સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવરૂપ સમનો આય સામાય, સર્વત્ર=સામાયની ત્રણ પ્રકારની વ્યુત્પત્તિ બતાવી તે ત્રણેયમાં, સ્વાર્થ અર્થમાં 'ઇકણ્' પ્રત્યયનું ગ્રહણ હોવાથી સામાયિક=સાવદ્ય યોગના પરિહારપૂર્વક નિરવદ્ય યોગના અનુષ્ઠાનરૂપ જીવનો પરિણામ.

સામાયિકનો અર્થ કર્યા પછી દેશઅવકાશનો અર્થ કરે છે –

દેશમાં=યોજનશતાદિ પરિમાણરૂપ પૂર્વમાં સ્વીકારાયેલા દિશાવ્રતના વિભાગમાં, પ્રતિદિન પ્રત્યાખ્યેયપણાથી અવકાશ=વિષય છે જેને તે તેવું છે=દેશઅવકાશ છે.

દેશઅવકાશનું સ્વરૂપ બતાવ્યા પછી પૌષધઉપવાસનું સ્વરૂપ બતાવે છે –

પોષને=ધર્મના પોષણને આપે તે પૌષધ=શ્રાવકને સેવવા યોગ્ય એવો અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વ દિવસ. અપવૃત્તદોષવાળા છતા એવા પુરુષને આહારના પરિહારાદિ ગુણોની સાથે વાસ તે ઉપવાસ. જે પ્રમાણે કહેવાયું છે –

"દોષથી અપવૃત્ત એવા પુરુષને=દોષથી નિવૃત્ત એવા પુરુષને ગુણોની સાથે સમ્યગ્વાસ તે ઉપવાસ જાણવો. શરીરનું વિશોષણ નહિ=બાહ્ય તપ દ્વારા શરીરનું શોષણ ઉપવાસ નથી. ।।૧૦૭।।" **(બ્રહ્મપ્રકરણ ૨૪૧)**

ત્યારપછી=પૌષધનો અને ઉપવાસનો અર્થ કર્યા પછી પૌષધ, ઉપવાસનો સમાસ બતાવે છે –

પૌષધોમાં=અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વ દિવસોમાં, ઉપવાસ=ઉપવસન, તે પૌષધ ઉપવાસ છે.

અતિથિઓ વીતરાગધર્મમાં રહેલાં સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા તેઓને ન્યાયથી પ્રાયઃ કલ્પનીય આદિ વિશેષણવાળા અન્નપાનાદિની સંગતવૃત્તિથી વિભજન=વિતરણ અતિથિસંવિભાગ છે અને તે પ્રમાણે ઉમાસ્વાતિવાચકરચિત શ્રાવકપ્રજ્ઞપ્તિ સૂત્ર છે જે આ પ્રમાણે છે –

"અતિથિસંવિભાગ એટલે અતિથિ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા છે. ઘરે આવેલા આ બધાને=સાધુ, સાધ્વી આદિને ભક્તિથી અભ્યુત્થાન, આસનપ્રદાન, પાદપ્રમાર્જન, નમસ્કાર આદિ વડે અર્ચન કરીને યથાવૈભવ=પોતાના વૈભવની શક્તિ અનુસાર અન્ન, પાણી, વસ્ત્ર, ઔષધ, આલય આદિના=નિવાસસ્થાન આદિના, પ્રદાનથી સંવિભાગ કરવો જોઈએ."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

ત્યારપછી=સામાયિક આદિ ચાર શિક્ષાવ્રતોના અર્થ કર્યા પછી ચારેયનો સમાસ સ્પષ્ટ કરે છે –

સામાયિક, દેશઅવકાશ, પૌષધઉપવાસ અને અતિથિસંવિભાગ એ પ્રમાણે સમાસ છે. ચાર=ચાર સંખ્યાવાળાં શિક્ષાપદો છે=સાધુ ધર્મના અભ્યાસરૂપ શિક્ષા તેનાં સ્થાનો છે. ॥૧૮/૧૫૧॥

ભાવાર્થ :-

સર્વવિરતિના અર્થી શ્રાવક સર્વવિરતિના શક્તિસંચય અર્થે પાંચ મહાવ્રતને અનુરૂપ કંઈક શક્તિસંચય થાય તે માટે પાંચ અણુવ્રતને ગ્રહણ કરે છે અને તે અણુવ્રતને અતિશયિત કરવા માટે ત્રણ ગુણવ્રત ગ્રહણ કરે છે અને સાધુ ધર્મના વિશિષ્ટ અભ્યાસ અર્થે ચાર શિક્ષાવ્રત ગ્રહણ કરે છે જે શિક્ષાવ્રતના બળથી તે મહાત્માઓ શીઘ્ર સર્વવિરતિને અનુકૂળ સંચિત વીર્યવાળા બને છે. તે શિક્ષાવ્રત ચાર છે.

(૧) સામાયિક :-

સામાયિક શબ્દની ત્રણ પ્રકારે વ્યુત્પત્તિ ટીકાકારશ્રીએ કરેલ છે.

(i) સામાયિકની પ્રથમ પ્રકારે વ્યુત્પત્તિ :-

મોક્ષની નિષ્પત્તિ પ્રત્યે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર સદૃશ સામર્થ્યવાળા છે, તેથી સમ છે અને તેનો લાભ તે સમાય છે. સમાયમાં સ્વાર્થમાં ઇકણ્ પ્રત્યય લાગેલ છે, તેથી સામાયિક શબ્દ બનેલ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્મામાં જિનવચન અનુસાર પદાર્થને જોવાની નિર્મળ દૃષ્ટિરૂપ સમ્યગ્દર્શન છે, ભગવાને કહેલા શાસ્ત્રવચનથી સમ્યગ્જ્ઞાન થયેલું છે અને તે જ્ઞાનથી નિયંત્રિત સર્વ ઉચિત આચરણાઓ જે મહાત્મા કરે છે તે ત્રણ, સમાન સામર્થ્યથી=સમાન પરિણામથી જીવને મોક્ષ પ્રત્યે ગમન કરાવે છે.

આશય એ છે કે જીવમાં સમ્યગ્દર્શન પ્રગટે છે ત્યારે સર્વકર્મરહિત એવી મુક્ત અવસ્થા જીવને સારભૂત જણાય છે અને તેના ઉપાયભૂત ત્રણ ગુપ્તિ સારભૂત જણાય છે. તેથી સમ્યગ્દૃષ્ટિવાળા મહાત્માને મોક્ષ અને મોક્ષના ઉપાય પ્રત્યે તીવ્ર રુચિનો પરિણામ છે જે સ્વસામર્થ્યરૂપ સદા મોક્ષને અભિમુખ યત્ન કરવા માટે જીવને ઉત્સાહિત કરે છે.

વળી, જિનવચનના શાસ્ત્રના અધ્યયનથી જે સૂક્ષ્મબોધ થાય છે તે જ્ઞાન પણ તે મહાત્માને મોક્ષ અને મોક્ષના ઉપાય પ્રત્યે તીવ્ર પ્રયત્ન કરાવવા ઉત્સાહિત કરે છે. અને સમ્યગ્ચારિત્ર પણ મોક્ષ અને મોક્ષના ઉત્તર ઉત્તરના ઉપાયને પ્રાપ્ત કરાવવા માટે તીવ્ર ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરાવે છે, તેથી રત્નત્રયી મોક્ષની નિષ્પત્તિ પ્રત્યે સદૃશ સામર્થ્યવાળી છે, માટે સમ છે. અને તેનો લાભ જેનાથી થાય તે સામાયિક છે. અર્થાત્ સદૃશ સામર્થ્યવાળી રત્નત્રયીનો લાભ જે ક્રિયાથી થાય તેવી ક્રિયા જે શ્રાવક કરે છે તે સામાયિક નામનું શિક્ષાવ્રત છે, તેથી જે શ્રાવક પોતાની શક્તિ અનુસાર સામાયિક ઉચ્ચરાવીને પોતાના આત્મામાં રત્નત્રયીની વૃદ્ધિ થાય તેવા સૂક્ષ્મબોધપૂર્વક સામાયિક કાળમાં યત્ન કરે તો તે સામાયિકની ક્રિયા સંપૂર્ણ નિરવદ્ય જીવનરૂપ સાધુધર્મની પ્રાપ્તિ માટે અભ્યાસરૂપ બને છે.

(ii) સામાયિકની બીજા પ્રકારે વ્યુત્પત્તિ :-

સામાયિકનો બીજો અર્થ કર્યો કે રાગદ્વેષની અંતરાલવર્તીપણાથી મધ્યસ્થ છતાં, એવા સમપરિણામવાળા

પુરુષને સમ્યગ્દર્શન આદિ લક્ષણ આય તે સમાય અને તેને ઇકણ્ પ્રત્યય લાગવાથી સામાયિક શબ્દ બને છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જે શ્રાવક સામાયિકના ક્રિયાકાળમાં બાહ્ય કોઈ પદાર્થ પ્રત્યે રાગદ્વેષ ન થાય અને વીતરાગ અને વીતરાગ થવાના ઉપાયભૂત ગુણો પ્રત્યે રાગ ધારણ કરીને અને તે ગુણોની નિષ્પત્તિ પ્રત્યે થતી સ્ખલનામાં દ્વેષ ધારણ કરીને સામાયિકની ક્રિયાઓ કરે છે ત્યારે સંસારના સર્વ ભાવો પ્રત્યે મધ્યસ્થ પરિણામવાળા હોય છે અને તેવા શ્રાવકને તે સામાયિકની ક્રિયાથી જે રત્નત્રયીની વૃદ્ધિ પ્રાપ્ત થાય છે તે સામાયિક છે.

(iii) સામાયિકની ત્રીજા પ્રકારે વ્યુત્પત્તિ :-

સામાયિકનો ત્રીજો અર્થ કર્યો કે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવરૂપ સમપરિણામનો લાભ તે સમાય છે. તેથી જે શ્રાવક સામાયિકના ક્રિયાકાળ દરમ્યાન છ કાયના જીવો પ્રત્યે આ સર્વ જીવો પોતાના તુલ્ય છે એ પ્રકારનો પરિણામ ઉલ્લસિત થાય એ પ્રકારના ભાવોથી આત્માને વાસિત કરે છે તેવો સામાયિકનો પરિણામ સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવની વૃદ્ધિ દ્વારા સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને છે.

આ ત્રણ અર્થોથી શું ફલિત થાય ? તે કહે છે –

મન-વચન-કાયાના સાવદ્યયોગના પરિહારપૂર્વક પાંચ ઇન્દ્રિય અને મનના સંવરરૂપ નિરવદ્યયોગ સ્વરૂપ અનુષ્ઠાન કરે એવો જીવનો પરિણામ સામાયિક છે.

(૨) દેશાવગાસિકવ્રત :-

બીજું શિક્ષાવ્રત દેશઅવકાશ છે. તેનો અર્થ કરતાં ટીકાકારશ્રી કહે છે –

દેશમાં=યોજનશતાદિ પરિમાણ રૂપ પૂર્વમાં સ્વીકારાયેલા દિગ્વ્રતરૂપ છઠ્ઠા ગુણવ્રતના વિભાગમાં પ્રતિદિન અવકાશ છે જેને=પ્રત્યાખ્યેયપણાથી વિષય છે જેને તે દેશઅવકાશવ્રત છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે વિવેકસંપન્ન શ્રાવકને જ્ઞાન છે કે આત્મા માટે સંપૂર્ણ મન-વચન-કાયાનો રોધ કરીને વીતરાગભાવને અનુકૂળ સર્વવિરતિમાં ઉદ્યમ કરવો તે જ એકાંતે હિતાવહ છે, પરંતુ પોતે સર્વસાવદ્યની નિવૃત્તિ કરીને સદા ત્રણ ગુપ્તિમાં રહી શકે તેમ નથી, તેથી સદા સમભાવની વૃદ્ધિમાં ઉદ્યમ કરી શકતો નથી અને અસમભાવના પરિણામવાળો શ્રાવક ગમે તેટલી પાપની નિવૃત્તિ કરે તોપણ તપાવેલા ગોળા જેવો અન્ય જીવને પીડા કરનાર છે. અને પોતે પોતાના દેશમાં રહેલો હોવા છતાં પોતાના સાવદ્ય પરિણામને કારણે આખા જગતના જીવો પ્રત્યે હિંસાનું કારણ પોતે બને છે, તેથી પોતાની પ્રવૃત્તિથી જીવોની હિંસાના નિરોધ અર્થે દિક્પરિમાણવ્રત ગ્રહણ કરે છે, જે દિક્પરિમાણવ્રત જાવજ્જીવ હોઈ શકે અને તેવી શક્તિ ન હોય તો શક્તિ અનુસાર દીર્ઘકાલ અવધિવાળું પણ હોઈ શકે. અને તે વ્રત અનુસાર મન-વચન-કાયાથી તે ક્ષેત્રમાં જવાની જે નિવૃત્તિ શ્રાવક કરે છે તે અતિપરિમિત ક્ષેત્ર નથી પરંતુ પોતાના જીવનકાળ દરમ્યાન કે પોતાના દીર્ઘકાળના વ્રત દરમ્યાન જેટલો સંકોચ પોતે કરી શકે તેટલા પરિમાણવાળું છઠ્ઠું વ્રત છે અને તે વ્રતમાં પ્રતિદિન શક્તિ અનુસાર સંકોચ કરવા અર્થે શ્રાવક દેશઅવકાશરૂપ શિક્ષાવ્રત ગ્રહણ કરે

છે. તે દેશઅવકાશવ્રતમાં શ્રાવક પ્રતિદિન જેટલી ક્ષેત્રની મર્યાદા અલ્પ કરી શકે તે પ્રમાણે અલ્પ કરીને તેનાથી બહાર કાયાથી જવાનો નિષેધ કરે છે, વચનથી કોઈને મોકલવાનો નિષેધ કરે છે કે કોઈને બોલાવવાનો નિષેધ કરે છે અને મનથી પણ તે ક્ષેત્રમાં જઈને હું અમુક કાર્ય કરીશ ઇત્યાદિ વિચારવાનો નિષેધ કરે છે. આ રીતે દેશઅવકાશ વ્રતગ્રહણ કરે તો તેનો તપ્ત અયોગોલક તુલ્ય=તપાવેલા લોખંડના ગોળા તુલ્ય જે હિંસક ભાવ છે તે હિંસકભાવ તે દિવસ માટે અતિમર્યાદિત ક્ષેત્રવાળો થવાથી સંવરભાવને પ્રાપ્ત કરે છે અને આ વ્રતગ્રહણ કરનાર શ્રાવકને સદા ઇચ્છા હોય છે કે જગતના સર્વ ભાવો પ્રત્યે સમભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે ત્રણ ગુપ્તિના પરિણામવાળો હું થઈશ ત્યારે સર્વથા નિરવદ્યયોગવાળો બનીશ. ત્યાં સુધી મારામાં જે કાંઈ સાવદ્યયોગ છે તેને ક્ષેત્રથી સંકોચ કરીને હું સીમિત કરું જેથી નિરવદ્યયોગની શક્તિનો સંચય થાય.

વળી, શ્રાવક સાવદ્યયોગવાળા છે, તેથી જ ક્ષેત્રનો સંકોચ કરીને નિરવદ્યયોગની શક્તિનો સંચય કરે છે જ્યારે છઠ્ઠા ગુણસ્થાનકવાળા યોગી સર્વથા નિરવદ્યયોગવાળા છે, તેથી જ તેઓ ગમન આદિ વિષયક કોઈ પણ ક્ષેત્રનો સંકોચ કરતા નથી.

(૩) પૌષધોપવાસ :-

પૌષધ એટલે અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વ દિવસ અને તે પર્વદિવસરૂપ પૌષધમાં ઉપવસન=ગુણોની સાથે વસન તે પૌષધોપવાસ. આ પ્રકારનો પૌષધોપવાસ શબ્દનો સમાસ છે. પૌષધ શબ્દની વ્યુત્પત્તિ એ છે કે જે ધર્મના પોષણને આપે તે પૌષધ અને શ્રાવકને પૂર્ણધર્મ અત્યંત પ્રિય છે, તેથી પૂર્ણધર્મની શક્તિસંચય અર્થે અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વ દિવસમાં શક્તિ અનુસાર ચાર પ્રકારના ઉપવાસને કરે છે, તેથી પર્વદિવસ શ્રાવકના ધર્મને પોષણ કરનાર છે, તેથી પર્વદિવસ ધર્મના પોષણને કરે છે માટે પૌષધ છે.

વળી, ઉપવાસનો અર્થ કરે છે કે શ્રાવક આરંભ-સમારંભ દોષથી અપવૃત્ત થઈને ગુણોની સાથે સમ્યક્‌વાસ કરે તે ઉપવાસ છે. શરીરના શોષણરૂપ બાહ્ય ઉપવાસ એ ઉપવાસ નથી. આ પૌષધોપવાસ ચાર પ્રકારના છે.

૧. શરીરસત્કારનો ત્યાગ ૨. વ્યાપારનો ત્યાગ ૩. અબ્રહ્મનો ત્યાગ ૪. આહારનો ત્યાગ.

શરીરસત્કારાદિ ચાર પ્રકારના દોષને પોષક પ્રવૃત્તિના ત્યાગપૂર્વક વીતરાગતા આદિ ગુણોની વૃદ્ધિને અનુકૂળ યત્ન એ પર્વદિવસોમાં કરાતો પૌષધ ઉપવાસ છે.

આશય એ છે કે સર્વવિરતિવાળા સાધુ જેમ કર્મબંધના કારણભૂત શરીરસત્કારનો ત્યાગ કરીને દેહ પ્રત્યે નિર્મમ ભાવવાળા થાય છે, અબ્રહ્મનો ત્યાગ કરીને આત્માના બ્રહ્મભાવમાં જવાના ભાવવાળા થાય છે, વળી, સાધુ દેહને પોષક એવા આહારનો આજીવન ત્યાગ કરીને માત્ર સંયમની વૃદ્ધિનું કારણ બને તે રીતે ઉચિત આહાર ગ્રહણ કરે છે. પરમાર્થથી તો આહારગ્રહણકાળમાં કે આહારઅગ્રહણકાળમાં સાધુ પોતાના અણાહારીભાવની વૃદ્ધિમાં જ યત્ન કરે છે, તેથી ભિક્ષા માટે જાય ત્યારે વિચારે છે કે સંયમને ઉપષ્ટંભક આહાર મળશે તો સ્વાધ્યાયાદિમાં ઉદ્યમ કરીને સંયમની વૃદ્ધિ કરીશ અને નહિ મળે તો બાહ્ય તપ કરીને સંયમની વૃદ્ધિ કરીશ, તેથી સાધુ સદા આહારના ત્યાગવાળા જ છે. વળી, સાધુ પાંચે ઇન્દ્રિયોના અને પાંચે

ઇન્દ્રિયને અવલંબીને મન-વચન-કાયાના વ્યાપારનો ત્યાગ કરીને આત્માના અસંગભાવની પ્રાપ્તિનું કારણ બને તે રીતે શ્રુતવચનથી કે શ્રુતાનુસાર ઉચિત આચરણાથી, સદા આત્માને વાસિત કરીને તે પ્રકારે સંસારિક ભાવોથી અવ્યાપારવાળા થાય છે. તેમ શ્રાવક પણ સાધુની જેમ જ પૌષધકાળ દરમ્યાન આત્માના અસંગભાવમાં જવા માટે ઉદ્યમ કરીને શરીરસત્કારાદિ ક્રિયાઓનો ત્યાગ કરીને અવ્યાપારવાળા થાય છે. ફક્ત સાધુ કર્મબંધને અનુકૂળ શરીરસત્કારાદિ ચારે ક્રિયાઓનો ત્યાગ કરીને સાંસારિક ભાવોના અવ્યાપારવાળા સદા હોય છે અને શ્રાવક પૌષધ દરમ્યાન સાધુ જેવા હોય છે, તેથી સાધુની અવ્યાપારની પ્રવૃત્તિ કાળમર્યાદાવાળી નથી અને શ્રાવકની અવ્યાપારની પ્રવૃત્તિ કાળમર્યાદાવાળી છે. આથી સર્વથા સાધુ તુલ્ય શ્રાવક નથી પરંતુ સાધુ તુલ્ય થવા માટે શ્રાવક અભ્યાસ કરે છે.

અહીં ચાર પ્રકારના પૌષધમાં મુખ્ય પૌષધ અવ્યાપારરૂપ છે અને તેના અંગભૂત શરીરસત્કારાદિ ત્રણ વ્યાપારો છે. સાધુ અવ્યાપારવાળા હોવાથી જ ચારે પૌષધ સેવનાર શ્રાવકની જેમ જાવજ્જીવ વર્તે છે અને શ્રાવકમાં તે ચારે વ્યાપાર સેવવાની શક્તિ ન હોય તો એક, બે પ્રકારે પણ પૌષધોપવાસરૂપ વ્રત સ્વીકારે છે. શક્તિ સંચિત થાય તો ચારે પ્રકારના પૌષધ સ્વીકારે જેનાથી સર્વવિરતિના અભ્યાસરૂપ શિક્ષાવ્રતનું પાલન થાય.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે આહારના ત્યાગથી શ્રાવક અભોજન ભાવનાથી આત્માને ભાવિત કરીને આહારસંજ્ઞાનો ઉચ્છેદ કરવા પ્રયત્ન કરે છે, શરીરસત્કારના ત્યાગથી આત્માના અશરીર સ્વભાવની ભાવનાથી આત્માને ભાવિત કરીને પરિગ્રહ સંજ્ઞાનો ઉચ્છેદ કરવા પ્રયત્ન કરે છે, અબ્રહ્મના ત્યાગથી આત્માના અવેદ સ્વભાવની ભાવનાથી આત્માને ભાવિત કરીને મૈથુન સંજ્ઞાનો ત્યાગ કરવા પ્રયત્ન કરે છે અને અવ્યાપાર દ્વારા આત્માને અક્રિય સ્વભાવની ભાવનાથી ભાવિત કરીને આત્માના શુદ્ધ સ્વભાવમાં સ્થિર થવા યત્ન કરે છે.

(૪) અતિથિસંવિભાગવ્રત :-

અતિથિ ભગવાનના શાસનમાં રહેલાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા છે. તેઓ ઘરે આવ્યાં હોય ત્યારે ભક્તિથી અભ્યુત્થાન કરવામાં આવે, આસનપ્રદાન કરવામાં આવે, પાદપ્રમાર્જન કરવામાં આવે અને નમસ્કાર આદિથી તેમની પૂજા કરીને શક્તિ અનુસાર તેમને કલ્પે એવાં અન્ન-પાન-વસ્ત્ર-વસતિ આદિના પ્રદાન દ્વારા સંવિભાગ કરવામાં આવે તે અતિથિસંવિભાગવ્રત છે.

સાધુ-સાધ્વી-શ્રાવક શ્રાવિકા ગુણસંપન્ન જીવો છે અને સદા મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત છે. સાધુ-સાધ્વી નિરવદ્ય જીવન જીવવાવાળાં છે જ્યારે શ્રાવક-શ્રાવિકા સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવાની ઇચ્છાવાળાં છે અને શક્તિ અનુસાર નિરવદ્ય જીવન જીવવાની શક્તિનો સંચય કરનારાં છે. આ પ્રકારના તેઓના ગુણોના સ્મરણપૂર્વક કરાયેલી ઉત્તમ ભક્તિથી સર્વવિરતિની પ્રાપ્તિ પ્રત્યેના બહુમાનના કારણે સર્વવિરતિની પ્રાપ્તિનું પ્રબળ કારણ અતિથિસંવિભાગવ્રત બને છે, તેથી સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવાના અભ્યાસરૂપ અતિથિસંવિભાગવ્રત છે.

અહીં વિશેષ એ છે કે વીરભગવાન સંયમઅવસ્થામાં કેવળજ્ઞાન પામ્યા ન હતા ત્યારે ક્ષપકશ્રેણીને

અનુકૂળ મહાઉદ્યમ કરનારા હતા; છતાં ક્ષપકશ્રેણીના પરિણામને પામેલા ન હતા તે વખતે તેમના તેવા સંયમગુણને સામે રાખીને જીરણશેઠને તેમના પ્રત્યે ભક્તિનો પરિણામ પ્રગટે છે; તેથી ભગવાનને દાન આપવાના પરિણામ દ્વારા જીરણશેઠ ક્ષપકશ્રેણીને અનુકૂળ શક્તિસંચયવાળા થયા તેમ શ્રાવક-શ્રાવિકા સર્વવિરતિવાળાં નહિ હોવા છતાં સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય કરવા માટે સતત ઉદ્યમવાળાં હોવાથી તે ગુણના પ્રતિસંધાનપૂર્વક શ્રાવક-શ્રાવિકાની ભક્તિથી પણ શ્રાવક સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે, તેથી શ્રાવક-શ્રાવિકાને અપાતા દાન દ્વારા પણ સાધુધર્મના અભ્યાસરૂપ અતિથિસંવિભાગરૂપ શિક્ષાવ્રતનું પાલન થાય છે. **॥૧૮/૧૫૧॥**

અવતરણિકા :-

ततश्च –

અવતરણિકાર્થ :-

ત્યારપછી –

ભાવાર્થ :-

સૂત્ર-૧૪માં ઉપદેશકે સર્વવિરતિમાં અસમર્થ એવા શ્રોતાને કઈ વિધિથી અણુવ્રત આપવાં જોઈએ તે બતાવ્યું. ત્યારપછી અણુવ્રત આપતા પૂર્વે તેઓને અણુવ્રતનું સ્વરૂપ કઈ રીતે બતાવવું જોઈએ ? તે સૂત્ર-૧૬થી ૧૮ સુધી બતાવ્યું. અણુવ્રતનું સ્વરૂપ બતાવ્યા પછી શું કરવું જોઈએ ? તે બતાવે છે –

સૂત્ર :-

एतदारोपणं दानं यथाऽर्हं, साकल्यवैकल्याभ्याम् ।।१९/१५२।।

સૂત્રાર્થ :-

યથાયોગ્ય=વ્રત ગ્રહણ કરનારની યોગ્યતા અનુસાર સાકલ્ય-વૈકલ્ય દ્વારા આનું આરોપણ=વ્રતનું આરોપણ દાન છે. ॥૧૯/૧૫૨॥

ટીકા :-

इह तेषामणुव्रतादीनां प्रागुक्तलक्षणे धर्मार्हे प्राणिनि यदारोपणं उक्तविधिनैव निक्षेपणम्, तत् किमित्याह–'दानं' प्रागुपन्यस्तमभिधीयते, कथमित्याह–'यथार्हं' यथायोग्यम्, काभ्यामित्याह–'साकल्य-वैकल्याभ्याम्,' साकल्येन समस्ताणुव्रतगुणव्रतशिक्षापदाध्यारोपलक्षणेन वैकल्येन वा अणुव्रता-दीनामन्यतमारोपणेनेति ।।१९/१५२।।

ટીકાર્થ :-

इह ..... आरोपणेनेति ।। અહીં=દેશવિરતિના પ્રદાનમાં, તેઓનું=અણુવ્રતાદિનું, પૂર્વમાં કહેલા

લક્ષણવાળા ધર્મયોગ્ય એવા પ્રાણીમાં જે આરોપણ=સૂત્ર-૧૪, ૧૫માં બતાવેલ વિધિથી જે નિક્ષેપણ, પૂર્વમાં કહેલું દાન કહેવાય છે. કેવી રીતે દાન કરવું જોઈએ ? એથી કહે છે – યથાયોગ્ય સાકલ્ય-વૈકલ્ય દ્વારા=સમસ્ત અણુવ્રત-ગુણવ્રત અને શિક્ષાપદના અધ્યારોપરૂપ સાકલ્યથી અથવા અણુવ્રતાદિના અન્યતમ આરોપણરૂપ વૈકલ્યથી દાન કરવું જોઈએ એમ અન્વય છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૧૯/૧૫૨॥

ભાવાર્થ :-

ઉપદેશક યોગ્ય જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી સર્વવિરતિ ગ્રહણ કરવાની શક્તિ જે શ્રોતામાં નથી તેવો નિર્ણય થાય ત્યારે તે શ્રોતાને પૂર્વમાં કહેલાં ૧૨ અણુવ્રતાદિનું સ્વરૂપ બતાવે છે. અને જે શ્રોતા સમ્યક્ત્વને પામેલ છે તે શ્રોતા "મનુષ્યભવનું સાફલ્ય સંપૂર્ણ નિરવદ્ય જીવન છે તેવી સ્થિર બુદ્ધિવાળા છે આમ છતાં સર્વવિરતિની શક્તિ નથી, તેથી સર્વવિરતિના શક્તિના સંચયના ઉપાયઅર્થે પોતાની શક્તિ અનુસાર, શક્તિ હોય તો ૧૨ વ્રત ગ્રહણ કરે છે અને શક્તિ ન હોય તો પોતાની શક્તિ અનુસાર તે ૧૨ વ્રતમાંથી એક-બે વ્રતો પણ ગ્રહણ કરે છે. અને ઉપદેશક તેવા યોગ્ય શ્રોતાને સૂત્ર-૧૪, ૧૫માં કહેલ વિધિથી જ તે વ્રતોનું દાન કરે છે, જેથી તીવ્ર સંવેગ પામેલ એવો તે શ્રોતા તત્કાલ તે વિધિના બળથી જે વ્રતો સ્વીકારે છે, તે વ્રતને અનુકૂળ દેશવિરતિ આવારક કર્મના વિગમનને કારણે, ભાવથી દેશવિરતિના પરિણામને સ્પર્શે છે; કેમ કે ઉપદેશ દ્વારા તીવ્ર સંવેગને પામેલ અને દેશવિરતિ ભાવને અનુકૂળ એવી યોગશુદ્ધિ આદિ ક્રિયાઓમાં સમ્યક્ યત્ન કરીને તે મહાત્મા એ વ્રત ગ્રહણ કરે છે, તેથી વિધિકાળમાં પ્રવર્તતા વિશુદ્ધ ઉપયોગના બળથી અપ્રત્યાખ્યાનાવરણીયકર્મોનો ક્ષયોપશમ થાય છે, જેથી સમ્યક્ત્વપ્રાપ્તિકાળમાં જે સંવરભાવ હતો તે વ્રતના ગ્રહણથી અતિશયતાને પામે છે, તેથી ભાવથી દેશવિરતિ ગુણસ્થાનક સ્પર્શે છે. **॥૧૯/૧૫૨॥**

અવતરણિકા :-

એવં સમ્યક્ત્વમૂલકેષ્વણુવ્રતાદિષુ સમારોપિતેષુ યત્ કરણીયં તદાહ –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વસૂત્રમાં કહ્યું એ રીતે, સમ્યક્ત્વ મૂળ અણુવ્રતાદિ સમારોપણ કરાયે છતે=ગુરુ દ્વારા શ્રોતામાં સમારોપણ કરાયે છતે, જે કર્તવ્ય છે=વ્રત ગ્રહણ કરનાર શ્રોતાને જે ઉચિત કૃત્ય કર્તવ્ય છે તેને કહે છે –

સૂત્ર :-

गृहीतेष्वनतिचारपालनम् ।।२०/१५३।।

સૂત્રાર્થ :-

ગ્રહણ કરાયે છતે=સમ્યક્દર્શનપૂર્વક શક્તિ અનુસાર અણુવ્રતાદિ ગ્રહણ કરાયે છતે, અનતિચાર પાલન કરવું જોઈએ. ॥૨૦/૧૫૩॥

ટીકા :-

'गृहीतेषु' प्रतिपन्नेषु सम्यग्दर्शनादिषु गुणेषु किमित्याह–निरतिचारपालनमिति, अतिचारो विराधना देशभङ्ग इत्येकोऽर्थः, अविद्यमानोऽतिचारो येषु तानि 'अनतिचाराणि,' तेषाम् 'अनुपालनं' धरणं कार्यम्, अतिचारदोषोपघातेन हि कुवातोपहतसस्यानामिव स्वफलप्रसाधनं प्रत्यसमर्थत्वादमीषामिति ।।२०/१५३।।

ટીકાર્થ :-

'गृहीतेषु' ..... अमीषामिति ।। ગ્રહણ કરાયે છતે=સમ્યક્દર્શન આદિ ગુણોનો સ્વીકાર કરાયે છતે નિરતિચાર પાલન કરવું જોઈએ.

અતિચારનો અર્થ સ્પષ્ટ કરે છે –

અતિચાર, વિરાધના, દેશભંગ એક અર્થ છે=એકાર્થવાચી શબ્દો છે.

નિરતિચારપાલનનો અર્થ સ્પષ્ટ કરે છે –

અવિદ્યમાન અતિચાર છે જેઓમાં તે અનતિચારવાળા છે, તેઓનું=તે વ્રતોનું, અનુપાલન કરવું જોઈએ=ધારણ કરવું જોઈએ; કેમ કે અતિચાર દોષના ઉપઘાતથી કુવાયુથી હણાયેલા ધાન્યની જેમ સ્વફલની પ્રાપ્તિ પ્રત્યે આમનું=વ્રતોનું, અસમર્થપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૦/૧૫૩।।

ભાવાર્થ :-

ઉપદેશક યોગ્ય શ્રોતાને તેની શક્તિ અનુસાર બધાં અણુવ્રતો કે કેટલાંક અણુવ્રતો વિધિપૂર્વક આપે છે તેમ પૂર્વમાં કહ્યું. તે રીતે વ્રતો આપ્યા પછી ઉપદેશક શ્રોતાને તીવ્ર સંવેગ પેદા થાય તે રીતે વ્રતોનું માહાત્મ્ય બતાવે છે અને આ વ્રતોનું નિરતિચારપાલન કરનારા સાત્ત્વિક પુરુષોનાં દૃષ્ટાંતો બતાવે છે અને કહે છે કે જે વ્રતો સ્વીકારાયેલાં છે તેમાં કોઈ અતિચાર ન લાગે તે રીતે સ્વીકારાયેલાં વ્રતોનું પાલન કરવું જોઈએ; કેમ કે જેમ ધાન્ય ઊગેલું હોય અને કુત્સિત વાયુ વાય અર્થાત્ વાવાઝોડું થાય તો તેનાથી હણાયેલા તે ધાન્યના છોડો ઉચિત ધાન્ય નિષ્પન્ન કરવા સમર્થ બનતા નથી, તેમ સ્વીકારાયેલાં વ્રતોમાં કુત્સિત વાયુ તુલ્ય વ્રતોમાં સ્ખલના પમાડે તેવા જીવના પરિણામથી હણાયેલા ક્ષયોપશમ ભાવના પરિણામવાળા તે વ્રતો કર્મના ઉદયથી મલિનતાને પામીને પોતાના ફળને આપવા સમર્થ બનતા નથી, તેથી અતિચારથી કલંકિત થયેલાં વ્રતો ગુણસ્થાનકની વૃદ્ધિને અને સર્વવિરતિના શક્તિના સંચયરૂપ ફળને આપવા માટે સમર્થ બનતાં નથી, પરંતુ વ્રતગ્રહણકાળમાં તીવ્ર સંવેગથી વ્રતનો પરિણામ પ્રગટ થયેલો હોય તે પણ મલિન થઈને નાશ પામે છે. માટે વ્રતો સ્વીકાર્યા પછી સદા વ્રતોની મર્યાદાનું સ્મરણ કરીને અને 'વ્રતોના અતિચારો કંટકસ્થાનીય છે તેથી દેશચારિત્રરૂપ દેહનો વિનાશ કરનાર છે' તેમ ભાવન કરીને, અતિચારના પરિહાર માટે ઉદ્યમ કરવો જોઈએ, તે પ્રકારે ગુરુ યોગ્ય શ્રોતાને ઉપદેશ આપે છે. **॥૨૦/૧૫૩॥**

અવતરણિકા :-

અનતિચારપાલનમિત્યુક્તમ્, અથાતિચારાનેવાહ –

અવતરણિકાર્થ :-

અનતિચાર પાલન કરવું જોઈએ એમ પૂર્વસૂત્રમાં કહ્યું. હવે અતિચારોને બતાવે છે=ઉપદેશક શ્રોતાને વ્રતોમાં લાગતા અતિચારોને બતાવે છે –

સૂત્ર :-

शङ्काकाङ्क्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टेरतिचाराः ।।२१/१५४।।

સૂત્રાર્થ :-

શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, અન્યદૃષ્ટિની પ્રશંસા, સંસ્તવ સમ્યગ્દૃષ્ટિના અતિચારો છે. ।।૨૧/૧૫૪।।

ટીકા :-

इह 'शङ्का काङ्क्षा विचिकित्सा' च 'ज्ञानाद्याचारकथन'मिति सूत्रव्याख्योक्तलक्षणा एव, 'अन्यदृष्टीनां' सर्वज्ञप्रणीतदर्शनव्यतिरिक्तानां शाक्यकपिलकणादाऽक्षपादादिप्रणीतमतवर्त्तिनां पाषण्डिनां प्रशंसासंस्तवौ 'अन्यदृष्टिप्रशंसासंस्तवौ,' तत्र 'पुण्यभाज एते' 'सुलब्धमेषां जन्म' 'दयालव एते' इत्यादिका 'प्रशंसा', 'संस्तव'श्चेह संवासजनितः परिचयः वसनभोजनदानाऽऽलापादिलक्षणः परिगृह्यते, न स्तवरूपः, तथा च लोके प्रतीत एव संपूर्वः स्तौतिः परिचये, असंस्तुतेषु प्रसभं भयेषु [ ] इत्यादाविवेति, ततः शङ्का च काङ्क्षा च विचिकित्सा च अन्यदृष्टिप्रशंसासंस्तवौ चेति समासः, किमित्याह–'सम्यग्दृष्टेः' सम्यग्दर्शनस्य 'अतिचारा' विराधनाप्रकाराः संपद्यन्ते, शुद्धतत्त्वश्रद्धानबाधाविधायित्वादिति ।।२१/१५४।।

ટીકાર્થ :-

इह ..... विधायित्वादिति ।। અહીં=સમ્યક્ત્વમાં શંકા, કાંક્ષા અને વિચિકિત્સા, "જ્ઞાનાદિ આચારનું કથન" એ પ્રકારના સૂત્ર-૨/૧૧ની વ્યાખ્યામાં કહેવાયેલા લક્ષણવાળા જ છે. અન્ય દૃષ્ટિઓનું=સર્વજ્ઞપ્રણીત દર્શનથી વિપરીત એવા શાક્ય, કપિલ, કણાદ, અક્ષપાદ આદિ પ્રણિત મતવર્તી એવા પાખંડીઓની પ્રશંસા અને સંસ્તવ અન્યદૃષ્ટિ પ્રશંસા સંસ્તવ છે. ત્યાં=પાખંડીઓની પ્રશંસા સંસ્તવમાં, 'આ લોકો પુણ્યવાળા છે', 'આ લોકોનો જન્મ સુલબ્ધ છે', 'આ લોકો દયાળુ છે', ઈત્યાદિ પ્રકારની

પ્રશંસા છે અને અહીં=સંસ્તવમાં, સંસ્તવ સંવાસજનિત વસ્ત્રદાન, ભોજનદાન, આલાપઆદિરૂપ પરિચય ગ્રહણ કરાય છે, સ્તવનરૂપ નહિ. અને તે પ્રકારે=સંસ્તવ, પરિચય છે તે પ્રકારે લોકમાં પ્રતીત જ છે; કેમ કે સમ્ પૂર્વક સ્તુ ધાતુ પરિચયમાં છે. 'असंस्तुतेषु प्रसभं भयेषु' ઈત્યાદિ વાક્યમાં 'સ્તવ' શબ્દ પરિચય અર્થમાં છે તેની જેમ અહીં પણ સંસ્તવ શબ્દ પરિચય અર્થમાં છે.

'इति' શબ્દ શંકા આદિ પાંચે પદોના અર્થના કથનની સમાપ્તિ માટે છે.

ત્યારપછી=શંકા આદિ પાંચે પદોનો અર્થ કર્યા પછી, શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદૃષ્ટિ પ્રશંસા સંસ્તવ એ પ્રમાણે સમાસ છે.

શંકા આદિ શું છે ? એથી કહે છે –

સમ્યગ્દૃષ્ટિના=સમ્યક્દર્શનના અતિચારો=વિરાધનાના પ્રકારો પ્રાપ્ત થાય છે; કેમ કે શુદ્ધ તત્ત્વના શ્રદ્ધાના બાધનું વિધાયિપણું છે=શંકાદિ અતિચારોનું શુદ્ધ તત્ત્વના શ્રદ્ધાનને મલિન કરવાપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૧/૧૫૪॥

ભાવાર્થ :-

ઉપદેશક યોગ્ય શ્રોતાને સમ્યક્ત્વના અતિચાર બતાવતાં કહે છે કે ભગવાનના વચનમાં લેશ પણ શંકા થાય તો સમ્યક્ત્વ મલિન થાય છે. જેઓને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે કે 'જીવના એકાંત હિતનું કારણ સર્વજ્ઞનું વચન છે અને સર્વજ્ઞના વચનથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ છે', તેઓ ભગવાનના વચનમાં શંકારહિત હોવાથી જિનવચનના પરમાર્થને જાણવા માટે જિનવચન અનુસાર પ્રવૃત્તિ કરવામાં શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરે છે. જેઓ જિનવચનને જાણવા માટે યત્ન કરતા નથી અથવા જિનવચનને જાણીને શક્તિના પ્રકર્ષથી સ્વશક્તિ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરતા નથી તેઓને જિનવચનમાં વ્યક્ત કે અવ્યક્ત શંકા છે અથવા જિનવચનમાં અનાભોગ છે અથવા વિપરીત બોધ છે. અર્થાત્ જિનવચન એકાંતે હિતકારી છે તેવો સ્પષ્ટ બોધ નથી તે અનાભોગ છે અથવા જિનવચન એકાંતે હિતકારી નથી તેવો વિપરીત નિર્ણય છે, તેથી સંશય અનધ્યવસાય અને અનાભોગનો પરિહાર કરીને સૂક્ષ્મ બુદ્ધિથી જિનવચન કઈ રીતે એકાંતે હિતકારી છે તેનો નિર્ણય કરવા યત્ન કરવો જોઈએ. જેથી યોગમાર્ગની પ્રવૃત્તિમાં દૃઢ યત્ન થાય.

અહીં શંકા શબ્દથી અનાભોગનું ઉપલક્ષણથી ગ્રહણ છે અને વિપર્યાસ એ અતિચારરૂપ નથી, પણ મિથ્યાત્વરૂપ જ છે.

વળી, શંકા, કાંક્ષા અને વિચિકિત્સાનું સ્વરૂપ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં જ્ઞાનાદિ આચારના કથનરૂપ સૂત્ર-૨/૧૧માં કરેલ છે, તેથી ટીકાકારશ્રીએ તેનો અર્થ અહીં કરેલ નથી. વળી, અન્ય દર્શનવાળા જીવોનું પ્રશંસા અને સંસ્તવ સમ્યક્ત્વના અતિચાર છે એમ ઉપદેશક કહે અને તેમાં પોતાના કોઈક પરિચિયવાળા હોય તેઓ ધર્મપરાયણ જીવન જીવતા હોય અને પ્રકૃતિથી દયાળુ સ્વભાવવાળા હોય તેમને જોઈને વિચાર આવે કે "આ લોકો પુણ્યશાળી છે, આ લોકોનો જન્મ સફળ છે અને આ લોકો દયાળુ છે." જેમ તામલી

તાપસ ધર્મપરાયણ પ્રકૃતિવાળા હતા અને પોતાના મનુષ્યભવને સફળ કરવા માટે તાપસી દીક્ષા ગ્રહણ કરી તાપસધર્મવાળાની તે પ્રકારની જીવનવ્યવસ્થા જોઈને પ્રશંસા કરવામાં આવે તો ભગવાનના વચનથી નિયંત્રિત વિવેકવાળા જીવોની ઉચિત પ્રવૃત્તિથી વિપરીત એવી તેઓની પ્રવૃત્તિમાં પ્રશંસાનો પરિણામ થાય, તેથી સમ્યક્ત્વમાં મલિનતા આવે.

વસ્તુતઃ ભગવાનનો ધર્મ જેઓએ સૂક્ષ્મ બુદ્ધિથી પ્રાપ્ત કર્યો છે અને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા છે તેઓ જ પુણ્યશાળી છે, તેઓનો જ મનુષ્યભવ સફળ છે અને તેઓની દયા વિવેકવાળી છે માટે વિવેકના અભાવવાળા જીવોમાં કંઈક માર્ગાનુસારી ગુણ હોય તોપણ વિપર્યાસથી યુક્ત હોવાથી પ્રશંસાપાત્ર નથી. ફક્ત વિવેકસંપન્ન વ્યક્તિ તેઓના વિપર્યાસ અને માર્ગાનુસારી ભાવનો વિભાગ કરીને તેઓના માર્ગાનુસારી ભાવમાત્રમાં રુચિ ધરાવતા હોય અને ઉચિત સ્થાને વિવેકપૂર્વક પ્રશંસા કરે તો અતિચારની પ્રાપ્તિ થાય નહિ. અન્યથા સમ્યક્ત્વમાં મલિનતા આવે; કેમ કે વિવેક વગરની તેઓની પ્રવૃત્તિમાં પણ અનુમોદનાથી મિથ્યાત્વના અનુમોદનની પ્રાપ્તિ થાય.

વળી, મિથ્યાદૃષ્ટિ જીવો સાથે સંવાસજનિત પરિચય કરવામાં આવે અર્થાત્ વસ્ત્રદાન, ભોજનદાન કે આલાપસંલાપ કરવામાં આવે તો સમ્યક્ત્વમાં અતિચારની પ્રાપ્તિ થાય; કેમ કે તેઓના વિપરીત ધર્મ પ્રત્યે પણ અનુમોદનાનો પરિણામ થાય. માટે શક્તિ અનુસાર મિથ્યાદૃષ્ટિ જીવો સાથે પરિચયનો ત્યાગ કરવો જોઈએ. અને શંકા આદિ પાંચ અતિચારો ભગવાનના વચનરૂપ શુદ્ધ તત્ત્વમાં શ્રદ્ધાનરૂપ નિર્મળભાવને બાધ કરનાર હોવાથી સમ્યગ્દર્શનના વિરાધનના પ્રકારો કહેવાયા છે. **॥૨૧/૧૫૪॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

સમ્યક્ત્વના અતિચાર કહ્યા પછી ૧૨ પ્રકારનાં વ્રતોના અતિચારોની સંખ્યાનો નિર્દેશ કરે છે –

સૂત્ર :-

વ્રતશીલેષુ પञ્ચ પञ્ચ યથાક્રમમ્ ।।૨૨/૧૫૫।।

સૂત્રાર્થ :-

વ્રતોમાં અને શીલોમાં=પાંચ અણુવ્રતો અને ત્રણ ગુણવ્રતો, અને ચાર શિક્ષાવ્રતોરૂપ શીલોમાં યથાક્રમ પાંચ પાંચ અતિચાર થાય છે. ।।૨૨/૧૫૫।।

ટીકા :-

'વ્રતેષુ' અણુવ્રતેષુ 'શીલેષુ' ચ ગુણવ્રતશિક્ષાપદલક્ષણેષુ 'પञ્ચ પञ્ચ યથાક્રમં' યથાપરિપાટિ અતિચારા ભવન્તીતિ સર્વત્રાનુવર્ત્તતે ઇતિ ।।૨૨/૧૫૫।।

ટીકાર્થ :-

'व्रतेषु' ..... इति ।। વ્રતોમાં=અણુવ્રતોમાં અને શીલોમાં=ગુણવ્રત શિક્ષાપદરૂપ શીલોમાં, યથાક્રમ= યથાપરિપાટિ, પાંચ પાંચ અતિચારો થાય છે, એ પ્રમાણે સર્વત્ર અનુવર્તન પામે છે=અધ્યાહારથી ગ્રહણ થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૨/૧૫૫॥

અવતરણિકા :-

तत्र प्रथमाणुव्रते –

અવતરણિકાર્થ :-

ત્યાં=૧૨ વ્રતોમાં, પ્રથમ અણુવ્રતવિષયક અતિચારો બતાવે છે –

સૂત્ર :-

बन्धवधच्छविच्छेदाऽतिभारारोपणाऽन्नपाननिरोधाः ।।२३/१५६।।

સૂત્રાર્થ :-

બંધ, વધ, છવિચ્છેદ, અતિભારનું આરોપણ, અન્નપાનનો નિરોધ અતિચારો છે. ॥૨૩/૧૫૬॥

ટીકા :-

स्थूलप्राणातिपातविरतिलक्षणस्याणुव्रतस्य बन्धो वधः छविच्छेदोऽतिभारारोपणमन्नपाननिरोधश्चेत्यतिचाराः, तत्र 'बन्धो' रज्जुदामकादिना संयमनम्, 'वधः' कशादिभिर्हननम्, 'छविः' त्वक्, तद्योगाच्छरीरमपि छविः, तस्य 'छेदः' असिपुत्रिकादिभिः पाटनम्, तथाऽतीव भारो='अतिभारः' प्रभूतस्य पूगफलादेर्गवादिपृष्ठादौ 'आरोपणम्,' तथा 'अन्नपानयोः'=भोजनोदकयोः 'निरोधः'=व्यवच्छेदः अन्नपाननिरोधः, एते च क्रोधलोभादिकषायमलकलङ्किकतान्तःकरणस्य प्राणिप्राणप्रहाणनिरपेक्षस्य सतो जन्तोरतिचारा भवन्ति, सापेक्षस्य तु बन्धादिकरणेऽपि सापेक्षत्वान्नातिचारत्वमेषामिति । अत्र चायम् आवश्यकचूर्ण्याद्युक्तो विधिः–

"बन्धो द्विपदानां चतुष्पदानां वा स्यात्, सोऽप्यर्थायानर्थाय वा, तत्रानर्थाय तावन्नासौ विधातुं युज्यते, अर्थाय पुनरसौ द्विविधः स्यात्, सापेक्षो निरपेक्षश्च, तत्र निरपेक्षो नाम यन्निश्चलमत्यर्थं बध्यते, सापेक्षः पुनर्यद् दामग्रन्थिना यश्च बद्धः सन् शक्यते प्रदीपनकादिषु विमोचयितुं वा छेत्तुं वा, एवं तावच्चतुष्पदानां बन्धः । द्विपदानां पुनरेवम् – दासो वा दासी वा चौरो वा पाठादिप्रमत्तपुत्रो वा यदि बध्यते तदा सविक्रमेणैव बन्धनीयो रक्षणीयश्च तथा यथाऽग्निभयादिषु न विनश्यति । तथा ते किल द्विपदचतुष्पदाः श्रावकेण संग्रहीतव्याः ये अबद्धा एवासत इति १।

वधोऽपि तथैव, नवरं निरपेक्षवधो निर्दयताडना, सापेक्षवधः पुनरेवम्–आदित एव भीतपर्षदा श्रावकेण भवितव्यम्, यदि पुनर्न करोति कोऽपि विनयं तदा तं मर्माणि मुक्त्वा लतया दवरकेण वा सकृद् द्विर्वा ताडयेदिति २।

छविच्छेदोऽपि तथैव, नवरं निरपेक्षो हस्तपादकर्णनासिका यन्निर्दयं छिनत्ति, सापेक्षः पुनर्यद् गण्डं वाऽरुर्वा छिन्द्याद्वा दहेद्वेति ३।

तथाऽतिभारो नारोपयितव्यः, पूर्वमेव हि या च द्विपदादिवाहनेन जीविका सा श्राद्धेन मोक्तव्या, अथान्याऽसौ न भवेत् तदा द्विपदो यं भारं स्वयमुत्क्षिपत्यवतारयति च तं वाह्यते, चतुष्पदस्य तु यथोचितभारादसौ किञ्चिदूनः क्रियते, हलशकटादिषु पुनरुचितवेलायामसौ मुच्यत इति ४।

तथा भक्तपानव्यवच्छेदो न कस्यापि कर्त्तव्यः, तीक्ष्णबुभुक्षो ह्यन्यथा म्रियते, सोऽप्यर्थानर्थादिभेदो बन्धवत् द्रष्टव्यः, नवरं सापेक्षो रोगचिकित्सार्थं स्यात्, अपराधकारिणि च वाचैव वदेत् 'अद्य ते न दास्यते भोजनादि,' शान्तिनिमित्तं वोपवासं कारयेत् ५।

किं बहुना? यथा मूलगुणस्य प्राणातिपातविरमणस्यातिचारो न भवति तथा सर्वत्र यतनया यतितव्यमिति ।"

ननु प्राणातिपात एव व्रतिना प्रत्याख्यातः, ततो बन्धादिकरणेऽपि न दोषो, विरतेरखण्डितत्वात् अथ बन्धादयोऽपि प्रत्याख्यातास्तदा तत्करणे व्रतभङ्ग एव, विरतिखण्डनात् किञ्च, बन्धादीनां प्रत्याख्येयत्वे विवक्षितव्रतेयत्ता विशीर्येत, प्रति व्रतं पञ्चानामतिचारव्रतानामाधिक्यादित्येवं न बन्धादीनामतिचारतेति, अत्रोच्यते, सत्यम्, प्राणातिपात एव प्रत्याख्यातो न बन्धादयः, केवलं तत्प्रत्याख्यानेऽर्थतस्तेऽपि प्रत्याख्याता एव द्रष्टव्याः, तदुपायत्वात् तेषाम्, न च बन्धादिकरणेऽपि व्रतभङ्गः, किं त्वतिचार एव, कथम्?,

इह द्विविधं व्रतम्–अन्तर्वृत्त्या बहिर्वृत्त्या च, तत्र मारयामीति विकल्पाभावेन यदा कोपाद्यावेशात् परप्राणप्रहाणमविगणयन् बन्धादौ प्रवर्त्तते न च प्राणघातो भवति तदा दयावर्जिततया विरत्य-नपेक्षप्रवृत्तित्वेन अन्तर्वृत्त्या व्रतस्य भङ्गः, प्राणिघाताभावाच्च बहिर्वृत्त्या पालनमिति देशस्य 'भञ्जनात्' देशस्यैव च पालनादतिचारव्यपदेशः प्रवर्तते, तदुक्तम् –

"न मारयामीति कृतव्रतस्य विनैव मृत्युं क इहातिचारः? ।
निगद्यते यः कुपितो वधादीन् करोत्यसौ स्यान्नियमेऽनपेक्षः ।।१०८।।
मृत्योरभावान्नियमोऽस्ति तस्य कोपाद् दयाहीनतया तु भङ्गः ।
देशस्य भङ्गादनुपालनाच्च पूज्या अतिचारमुदाहरन्ति ।।१०९।।" [ ] **इति ।**

यच्चोक्तं 'व्रतेयत्ता विशीर्यते' इति, तदयुक्तम्, विशुद्धाहिंसादिविरतिसद्भावे हि बन्धादीनामभाव एवेति, तदेवं बन्धादयोऽतिचारा एवेति, बन्धादिग्रहणस्य चोपलक्षणत्वान्मन्त्रतन्त्रप्रयोगादयोऽन्येऽप्येवमत्रातिचारतया दृश्या इति ।।२३/१५६।।

ટીકાર્થ :-

स्थूलप्राणातिपातविरति ..... दृश्या इति ।। સ્થૂલપ્રાણાતિપાતવિરતિલક્ષણ અણુવ્રતનાં બંધ, વધ, છવિચ્છેદ, અતિભારનું આરોપણ, અન્નપાનનો નિરોધ અતિચારો છે. ત્યાં=પાંચ અતિચારોમાં, રજ્જુદામકાદિથી સંયમન બંધન છે=દોરડા આદિથી બાંધવાની ક્રિયા છે. ચાબકાદિથી મારવું એ વધ છે. છવિ=ચામડી, તેના યોગથી શરીર પણ છવિ કહેવાય. તેનું છેદન=છરી આદિથી છેદન, એ છવિચ્છેદ છે. અતિભારનું આરોપણ=સોપારી આદિ ઘણા ભારનું બળદ આદિની પીઠ ઉપર આરોપણ. અને અન્નપાનનો નિરોધ=વ્યવચ્છેદ, એ અન્નપાનનો નિરોધ છે. અને આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, ક્રોધ, લોભાદિક કષાય મલથી કલંકિત અંતઃકરણવાળા પ્રાણીના પ્રાણનાશના નિરપેક્ષ છતાં એવા જંતુના અતિચારો થાય છે. વળી, સાપેક્ષને=પશુ આદિના હિતની અપેક્ષાવાળા શ્રાવકને, બંધાદિકરણમાં પણ સાપેક્ષપણું હોવાથી આમનું=બન્ધાદિનું, અતિચારપણું નથી. અહીં=અતિચારના વિષયમાં આવશ્યકચૂર્ણિ આદિમાં કહેવાયેલી આ વિધિ છે –

"બંધ બે પગવાળા મનુષ્યને અને ચાર પગવાળા પ્રાણીને કરાય છે તે પણ પ્રયોજન માટે કે પ્રયોજન વગર કરાય છે. ત્યાં પ્રયોજન વગર બંધ કરવો યોગ્ય નથી. વળી પ્રયોજન માટે આ=બંધ, બે પ્રકારનો છે. સાપેક્ષ અને નિરપેક્ષ. ત્યાં નિરપેક્ષ બંધ જે અત્યંત નિશ્ચલ બંધાય છે. વળી જે દોરડા આદિથી બંધાય છે અને જે બંધાયો છતો અગ્નિ આદિમાં વિમોચન કરવા માટે કે છેદવા માટે શક્ય છે તે સાપેક્ષબંધ છે. આ પ્રમાણે ચાર પગવાળા પ્રાણીને બંધ છે. વળી, બે પગવાળા મનુષ્યને બંધ આ પ્રમાણે છે – દાસ, દાસી અથવા ચોર અથવા ભણવા આદિમાં પ્રમત્ત પુત્ર જો બાંધવામાં આવે તો શિથિલપણાથી જ બાંધવું જોઈએ, અને અગ્નિ આદિ ભયમાં જે પ્રમાણે વિનાશ ન થાય તે રીતે રક્ષણ કરવું જોઈએ. અને શ્રાવકે તે જ દાસ-દાસી અને પશુ સંગ્રહવાં જોઈએ, જેઓ બંધાયા વગર જ રહે છે. ।।૧।।

વધ પણ તે પ્રકારે છે=બંધની જેમ જ સાપેક્ષ-નિરપેક્ષ છે. કેવળ નિરપેક્ષ વધ નિર્દય તાડના છે. વળી, સાપેક્ષ વધ આ પ્રમાણે છે – શ્રાવકે પ્રથમથી જ ભીત પરિવારવાળા થવું જોઈએ=તેવો દાસ, દાસી આદિનો પરિવાર રાખવો જોઈએ, જેઓને તાડન કરવાનો પ્રસંગ ન આવે; પરંતુ શ્રાવકથી ડરીને સ્વાભાવિક ઉચિત કૃત્યો કરે. વળી, જો કોઈપણ દાસ-દાસી આદિ વિનય ન કરે તો મર્મસ્થાનોને છોડીને લાતથી કે દોરડાથી એક-બે વખત તાડન કરે. ।।૨।।

છવિચ્છેદ પણ તે જ પ્રમાણે=સાપેક્ષ-નિરપેક્ષ છે. કેવળ હસ્ત, પાદ, કર્ણ, નાસિકા જે નિર્દયરૂપે છેદે છે, તે નિરપેક્ષ છવિચ્છેદ છે. વળી, જે ગૂમડું, ઘા વગેરેને છેદે કે બાળે તે સાપેક્ષ છવિચ્છેદ છે. ।।૩।।

વળી, અતિભારનું આરોપણ કરવું જોઈએ નહિ. અને શ્રાવકે પૂર્વમાં જ દ્વિપદાદિના વાહન દ્વારા=દાસ-દાસીઓના ભારવહન દ્વારા કે પશુઓના ભારવહન દ્વારા જે આજીવિકા છે તેને છોડવી જોઈએ. હવે અન્ય એવી આ=આજીવિકા, ન થાય તો મનુષ્ય જે ભારને સ્વયં ગ્રહણ કરી શકે અને ઉતારી શકે તે ભારને વહન કરાવવો જોઈએ. વળી, પશુ

આદિને પણ જેટલો ઉચિત ભાર હોય તેનાથી કાંઈક ન્યૂન ભાર વહન કરાવવો જોઈએ. અને હળ, ગાડા આદિમાં આ=પશુ, ઉચિત વેળામાં મુક્ત કરવો જોઈએ. ।।૪।।

અને આહારપાણીનો વ્યવચ્છેદ કોઈને પણ કરવો જોઈએ નહિ. તીક્ષ્ણ બુભુક્ષાવાળો, અન્યથા મરી પણ જાય. તે પણ=આહારપાણીનો વ્યવચ્છેદ પણ, અનર્થ આદિ ભેદવાળો બંધની જેમ જાણવો=બંધની જેમ પ્રયોજનથી કે અપ્રયોજનથી આહાર આદિ વ્યવચ્છેદ જાણવો. કેવળ રોગચિકિત્સા માટે આહાર વ્યવચ્છેદ સાપેક્ષ કરાય. અપરાધમાં વળી વાણીથી જ કહેવાય, "આજે તને ભોજન આદિ અપાશે નહિ." અથવા શાંતિનિમિત્ત ઉપવાસ કરાવે. ।।૫।।

વધારે શું કહેવું ? પ્રાણાતિપાત મૂળ વ્રતમાં અતિચાર ન થાય તે રીતે સર્વત્ર=સર્વ પ્રવૃત્તિઓમાં, યતનાથી પ્રયત્ન કરવો જોઈએ."

'इति' શબ્દ આવશ્યકચૂર્ણિમાં કહેવાયેલ વિધિની સમાપ્તિ માટે છે.

'ननु'થી શંકા કરે છે કે દેશવિરતિધર શ્રાવકે પ્રાણના અતિપાતનું જ પચ્ચક્ખાણ કર્યું છે=ત્રસ જીવોના પ્રાણના નાશનું જ પચ્ચક્ખાણ કર્યું છે, તેથી બંધાદિકરણમાં પણ દોષ નથી; કેમ કે વિરતિનું અખંડિતપણું છે અને બંધાદિનું જો પચ્ચક્ખાણ કરાયું છે તો તેના કરણમાં=બન્ધાદિના કરણમાં, વ્રતભંગ જ છે; કેમ કે વિરતિનું ખંડન છે. વળી, બંધાદિનું પ્રત્યાખ્યેયપણું હોતે છતે=બન્ધાદિનું પચ્ચક્ખાણ હોતે છતે, વિવક્ષિત વ્રતની મર્યાદા નાશ પામે છે; કેમ કે પ્રતિવ્રત પાંચ અતિચારરૂપ વ્રતોનું=પાંચ પાંચ અતિચારોના પરિહારરૂપ વ્રતોનું, આધિક્ય છે. એ રીતે=પૂર્વમાં સ્પષ્ટતા કરી એ રીતે, બંધાદિની અતિચારતા નથી.

'इति' શબ્દ પૂર્વપક્ષની શંકાની સમાપ્તિ માટે છે.

અહીં=પૂર્વપક્ષીની શંકામાં, ઉત્તર અપાય છે. તારી વાત સાચી છે. પ્રાણાતિપાત જ પ્રત્યાખ્યાત છે. બંધાદિ પ્રત્યાખ્યાત નથી. ફક્ત પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાનમાં અર્થથી તે પણ=બન્ધાદિ પણ, પ્રત્યાખ્યાન કરાયેલાની જેવા જાણવા; કેમ કે તેઓનું=બંધાદિનું પ્રત્યાખ્યાનનું ઉપાયપણું છે= પ્રાણાતિપાત પરિહાર વ્રતના રક્ષણનું ઉપાયપણું છે અને બંધાદિકરણમાં પણ વ્રતભંગ નથી પણ અતિચાર જ છે.

કેમ વ્રતભંગ નથી અને અતિચાર છે ? એથી કહે છે –

અહીં બે પ્રકારનાં વ્રત છે. અંતર્વૃત્તિથી અને બહિર્વૃત્તિથી. ત્યાં=બે પ્રકારનાં વ્રતમાં, 'હું મારી નાખું' એ પ્રકારના વિકલ્પના અભાવથી જ્યારે કોપાદિના આવેશથી, પરના પ્રાણના નાશને વિચાર્યા વગર, બંધાદિમાં પ્રવર્તે છે અને પ્રાણનો નાશ થતો નથી=પરના પ્રાણનો નાશ થતો નથી, ત્યારે દયાથી રહિતપણું હોવાના કારણે, વિરતિની અપેક્ષા વગર પ્રવૃત્તિ હોવાથી, અંતર્વૃત્તિથી વ્રતનો ભંગ છે અને પ્રાણના નાશનો અભાવ હોવાથી બહિર્વૃત્તિથી પાલન છે, તેથી દેશના ભંગના કારણે અને દેશના જ પાલનને કારણે અતિચારનો વ્યપદેશ છે. તે કહેવાયું છે –

"હું મારીશ નહિ એ પ્રકારે વ્રતવાળા શ્રાવકને મૃત્યુ વગર જ=વધાદિને માટે કરાતા યત્નના વિષયભૂત જીવના મૃત્યુ વગર જ, અહીં=વ્રતમાં, શું અતિચાર છે ? ઉત્તર અપાય છે –

કોપ પામેલો એવો જે શ્રાવક બંધાદિ કરે છે એ શ્રાવક નિયમમાં=સ્વીકારાયેલા વ્રતના નિયમમાં, અનપેક્ષાવાળો છે=વ્રતના પાલનની અપેક્ષાવાળો નથી. મૃત્યુના અભાવને કારણે નિયમ છે=વ્રતનું નિયમ રક્ષિત છે. તેના કોપથી દયાહીનપણાને કારણે વળી ભંગ છે=વ્રતનો ભંગ છે. દેશથી ભંગને અને દેશથી અનુપાલનને કારણે પૂજ્યો અતિચાર કહે છે. ॥૧૦૮-૧૦૯॥" ()

અને જે કહેવાયું='ન્નનુ'થી શંકા વડે જે કહેવાયું "વ્રતની મર્યાદા તૂટશે" અર્થાત્ બંધાદિને વ્રત સ્વીકારશો તો પાંચ અણુવ્રતોને બદલે બંધાદિનો પરિહાર પણ વ્રત થવાથી ૨૫ વ્રતોની પ્રાપ્તિરૂપ આપત્તિ આવશે તે અયુક્ત છે; કેમ કે વિશુદ્ધહિંસાદિવિરતિના સદ્ભાવમાં બંધાદિનો અભાવ જ છે.

આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, બંધાદિ અતિચાર જ છે અને બંધાદિના ગ્રહણનું= અતિચારરૂપે બંધાદિના ગ્રહણનું, ઉપલક્ષણપણું હોવાથી મંત્ર, તંત્ર પ્રયોગ આદિ અન્ય પણ આ રીતે=બન્ધાદિની જેમ અહીં પહેલા અણુવ્રતમાં, અતિચારપણાથી જાણવા.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૩/૧૫૬॥

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિની શક્તિના સંચય અર્થે સંપૂર્ણ પ્રાણાતિપાતની વિરતિ કરી શકે તેમ નથી, તેથી દેશથી પ્રાણાતિપાતની વિરતિ માટે ઉદ્યમ કરે છે. તે ઉદ્યમ દ્વારા સર્વ જીવો પ્રત્યે પોતાનો દયાળુ સ્વભાવ નાશ પામે નહિ તે અર્થે પોતાનાથી શક્ય એવા ત્રસજીવોનાં પાપોનો નિષેધ કરે છે અને તેવા શ્રાવકે પોતાની આજીવિકા માટે શક્ય હોય તો પશુપાલનનાં કૃત્યો કરવા જોઈએ નહિ; કેમ કે તેમાં બંધવધાદિના પ્રસંગો પ્રાપ્ત થાય. છતાં અન્ય રીતે આજીવિકાનો નિસ્તાર ન થતો હોય તો પોતાના દયાળુ સ્વભાવને વ્યાઘાતક ન થાય તે રીતે અંતરંગ યતનાપૂર્વક પશુ આદિ પાસેથી કૃત્યો કરાવવાં જોઈએ અને વ્રતના પરિણામમાં પ્રમાદને વશ વધબંધાદિ શ્રાવક કરે તો અંતરંગ દયાના પરિણામનો નાશ થવાથી ભાવથી વ્રતનો ભંગ થાય છે. બહારથી જીવનો વધ થયો નથી, તેથી વ્યવહારથી વ્રતના અતિચાર કહેવાય છે અને તે રીતે થયેલા અતિચારનું પ્રાયશ્ચિત્ત શ્રાવકને પ્રાપ્ત થાય છે.

વળી, જે શ્રાવક પોતાના વ્રતમાં અતિદૃઢ યત્નવાળા છે તેઓ તથાવિધ સંયોગથી પશુ આદિ રાખતા હોય તોપણ દયાળુ થઈને સર્વ પ્રવૃત્તિ કરે છે અને વાહનાદિમાં જવાના પ્રસંગ સિવાય, ગૃહકૃત્યમાં કે ગમન આદિમાં ત્રસ જીવોની હિંસા ન થાય તે રીતે ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરે છે જેથી જીવરક્ષાના પરિણામની વૃદ્ધિ દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય થાય છે. વળી, પૃથ્વીકાય આદિના વિષયમાં પણ શ્રાવક અવશ્ય શક્તિ અનુસાર યતના કરે છે. જેથી પૃથ્વીકાય આદિ જીવ પ્રત્યે પણ શ્રાવકનો કાંઈક દયાળુ ભાવ વર્તે છે. સ્વજનાદિ સાથે પણ નિરર્થક કોપાદિ કરે નહીં પરંતુ દયાળુ સ્વભાવથી જ સર્વત્ર પ્રવૃત્તિ કરે અન્યથા પ્રથમ અણુવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. **॥૨૩/૧૫૬॥**

અવતરણિકા :-

અથ દ્વિતીયસ્ય –

અવતરણિકાર્થ :-

હવે ઉપદેશક વ્રત સ્વીકારનાર શ્રાવકને બીજા અણુવ્રતના અતિચાર બતાવે છે –

સૂત્ર :-

मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासापहारस्वदारमन्त्रभेदाः ।।२४/१५७।।

સૂત્રાર્થ :-

મિથ્યા ઉપદેશ, રહસ્યનું અભ્યાખ્યાન, કૂટલેખ ક્રિયા, થાપણનો અપહાર, સ્વદારાનો મંત્રભેદ બીજા અણુવ્રતના અતિચારો છે. ।।૨૪/૧૫૭।।

ટીકા :-

मिथ्योपदेशश्च रहस्याभ्याख्यानं च कूटलेखक्रिया च न्यासापहारश्च स्वदारमन्त्रभेदश्चेति समासः । तत्र 'मिथ्योपदेशो' नाम अलीकवादविषय उपदेशः-'इदमेवं चैवं च ब्रूहि' इत्यादिकमसत्याभिधान-शिक्षणम् १। 'रहस्याभ्याख्यानं' रहः एकान्तस्तत्र भवं 'रहस्यं' रहोनिमित्तं तच्च 'तदभ्याख्यानं' चेति समासः, एतदुक्तं भवति–रहसि मन्त्रयमाणानवलोक्याभिधत्ते 'एते हि इदं चेदं च राजादिविरुद्धं मन्त्रयन्ते' इति २। 'कूटलेखस्य' असद्भूतार्थसूचकाक्षरलेखनस्य करणं 'कूटलेखक्रिया' ३। 'न्यासापहार' इति, 'न्यासः' परगृहे रूपकादेर्निक्षेपः, तस्य 'अपहारः' अपलापः ४। 'स्वदारमन्त्रभेद' इति, 'स्वदाराणाम्' उपलक्षणत्वान्मित्रादीनां च 'मन्त्रस्य' गुप्तभाषितस्य 'भेदो' बहिः प्रकाशनम् इति ५। अत्र च मिथ्योपदेशो यद्यपि 'मृषा न वादयामि' इत्यत्र, 'न वदामि न वादयामि'इत्यत्र वा व्रते भङ्ग एव, 'न वदामि' इति व्रतान्तरे तु न किञ्चन, तथापि सहसाकाराऽनाभोगाभ्यामतिक्रमव्यतिक्रमा-ऽतिचारैर्वा मृषावादे परप्रवर्त्तनव्रतस्यातिचारोऽयम्, अथवा व्रतसंरक्षणबुद्ध्या परवृत्तान्तकथन-द्वारेण मृषोपदेशं यच्छतोऽतिचारोऽयम्, व्रतसव्यपेक्षत्वान्मृषावादे परप्रवर्त्तनाच्च भग्नाभग्नरूपत्वाद् व्रतस्येति ।

ननु रहस्याभ्याख्यानमसद्दोषाभिधानरूपत्वेन प्रत्याख्यातत्वाद् भङ्ग एव, न त्वतिचार इति, सत्यम्, किन्तु यदा परोपघातकमनाभोगादिनाऽभिधत्ते तदा संक्लेशाभावेन व्रतानपेक्षत्वाभावान्न

व्रतस्य भङ्गः, परोपघातहेतुत्वाच्च भङ्ग इति भङ्गाभङ्गरूपोऽतिचारः, यदा पुनस्तीव्र-संक्लेशादभ्याख्याति तदा भङ्गो व्रतनिरपेक्षत्वात्, आह च –

"सहसाभक्खाणाई जाणंतो जइ करेइ तो भंगो ।
जइ पुणऽणाभोगाईहिंतो तो होइ अइयारो ।।११०।।" [ ]

कूटलेखकरणं तु यद्यपि 'कायेन मृषावादं न करोमि' इत्यस्य 'न करोमि न कारयामि' इत्यस्य वा व्रतस्य भङ्ग एव, व्रतान्तरे तु न किञ्चन, तथापि सहसाकारादिनाऽतिक्रमादिना वाऽतिचारः, अथवा मृषावाद इति मृषाभणनं मया प्रत्याख्यातमिदं पुनर्लेखनमिति भावनया मुग्धबुद्धे-र्व्रतसव्यपेक्षस्यातिचार इति ।

न्यासापहारे पुनरदत्तादानं साक्षादेव भवति, मृषावादव्रतातिचारत्वं चास्य 'न त्वदीयं मम समीपे किञ्चिदपि' इत्यनाभोगादिनाऽपह्नुवानस्य स्यादिति ।

स्वदारमन्त्रभेदः पुनरनुवादरूपत्वेन सत्यत्वात् यद्यपि नातिचारो घटते तथापि मन्त्रितार्थ-प्रकाशनजनितलज्जादितः स्वदारादेर्मरणादिसंभवेन परमार्थतस्तस्यासत्यत्वात् कथञ्चिद् भङ्गरूप-त्वादतिचार एवेति ।।२४/१५७।।

ટીકાર્થ :-

मिथ्योपदेशश्च ..... एवेति ।। મિથ્યાઉપદેશ, રહસ્યનું કથન, કૂટલેખની ક્રિયા, થાપણનો અપહાર અને સ્વદારાનો મંત્રભેદ એ પ્રમાણે સમાસ છે –

ત્યાં=બીજા અણુવ્રતના પાંચ અતિચારોમાં મિથ્યાઉપદેશ એટલે જૂઠું બોલવા વિષયક ઉપદેશ "આ વસ્તુ આ રીતે અને આ રીતે તું બોલજે" એ પ્રકારે જૂઠું બોલવાનું શિક્ષણ આપવું. ।।૧।।

રહસ્યનું કથન, રહ=એકાંત, ત્યાં થનારું તે રહસ્ય=એકાંત નિમિત્ત, અને રહસ્યમાં થનારું તે, અને તેનું કથન, એ પ્રમાણે સમાસ છે. આ કહેવાયેલું થાય છે – એકાંતમાં મંત્રણા કરનારને જોઈને કહે છે – આ લોકો આ અને આ રાજાદિ વિરુદ્ધ મંત્રણાઓ કરે છે. ।।૨।।

કૂટલેખનું=અસદ્‌ભૂત અર્થના સૂચક એવા અક્ષરના લેખનનું કરવું એ કૂટલેખનક્રિયા છે. ।।૩।।

ન્યાસનો અપહાર. ન્યાસ એટલે પરના ઘરમાં ધનનો નિક્ષેપ, તેનો અપહાર=અપલાપ. અર્થાત્ બીજા દ્વારા પોતાની પાસે થાપણ મૂકેલી હોય અને તેનો અપલાપ કરવો એ ન્યાસનો અપહાર છે. ।।૪।।

સ્વદારા મંત્રભેદ=પોતાની સ્ત્રી અને ઉપલક્ષણથી મિત્ર, સ્વજન આદિના ગુપ્ત રીતે કરાયેલા કથનનો ભેદ=બહિર્પ્રકાશન એ સ્વદારામંત્રભેદ છે. ।।૫।।

અને અહીં મિથ્યા ઉપદેશ જો કે હું મૃષા બોલાવીશ નહિ એ પ્રકારના પચ્ચક્ખાણમાં અથવા હું મૃષા બોલીશ નહિ, બોલાવીશ નહિ એ પ્રકારના પચ્ચક્ખાણમાં ભંગ જ છે. વળી હું મૃષા બોલીશ નહિ એટલા જ પચ્ચક્ખાણમાં કોઈ રીતે ભંગ નથી તોપણ સહસાત્કાર દ્વારા, અનાભોગ દ્વારા કે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર દ્વારા મૃષાવાદમાં પરના પ્રવર્તનના વ્રતનો આ અતિચાર છે. અથવા વ્રતના સંરક્ષણની બુદ્ધિથી પરના વૃત્તાંતના કથન દ્વારા મૃષા ઉપદેશને આપતા શ્રાવકને આ અતિચાર છે; કેમ કે વ્રતનું સાપેક્ષપણું હોવાથી અને મૃષાવાદમાં પરનું પ્રવર્તન હોવાથી વ્રતનું ભગ્ન-અભગ્નપણું છે.

'નનુ'થી શંકા કરે છે – રહસ્યઅભ્યાખ્યાન અસદ્દોષના અભિધાનરૂપપણારૂપે પચ્ચક્ખાણ કરેલ હોવાથી ભંગ જ છે, પરંતુ અતિચાર નથી.

ગ્રંથકારશ્રી તેને કહે છે – તારી વાત સાચી છે, પરંતુ જ્યારે પરના ઉપઘાતક એવું રહસ્યનું અભ્યાખ્યાન અનાભોગાદિથી કહે છે ત્યારે સંક્લેશનો અભાવ હોવાને કારણે વ્રતના અનપેક્ષપણાનો અભાવ હોવાથી વ્રતનો ભંગ નથી અને પરના ઉપઘાતનો હેતુ હોવાથી ભંગ છે એથી ભંગઅભંગરૂપ અતિચાર છે. વળી, જ્યારે તીવ્ર સંક્લેશથી કહે છે ત્યારે વ્રતનિરપેક્ષપણું હોવાથી ભંગ છે. અને કહે છે –

"સહસા અભ્યાખ્યાનને જાણતો="મને સ્પષ્ટ નિર્ણય નથી પરંતુ હું કલ્પના કરીને આ પ્રમાણે કહું છું એ સહસા અભ્યાખ્યાન છે" એમ જાણતો જો કરે તો વ્રતનો ભંગ છે અને જો વળી, અનાભોગાદિથી કરે તો અતિચાર છે. ॥૧૧૦॥" ()

કૂટલેખનું કરણ જો કે કાયાથી મૃષાવાદ ન કરું એ વ્રતવાળાને અથવા ન કરવું અને ન કરાવવું એ વ્રતવાળાને ભંગ જ છે. અન્યવ્રતમાં વળી,=વાચાથી મૃષાવાદ ન બોલું એ વ્રતમાં ભંગ નથી તોપણ સહસાત્કાર આદિથી કે અતિક્રમ આદિથી અતિચાર છે. અથવા મૃષાવાદ એટલે મૃષા બોલવું એ મારા વડે પચ્ચક્ખાણ કરાયું છે. વળી, આ લેખન છે=મૃષાલેખન છે એ પ્રકારની ભાવનાથી વ્રતસાપેક્ષ મુગ્ધબુદ્ધિવાળા શ્રાવકને અતિચાર છે.

થાપણ-અપહારમાં વળી સાક્ષાત્ જ અદત્તાદાન થાય છે અને આનું=ન્યાસ-અપહારનું, 'તારું મારી પાસે કંઈ પણ નથી' એ પ્રકારે અનાભોગાદિથી અપલાપ કરનારને મૃષાવાદનું અતિચારપણું થાય છે.

સ્વદારામંત્રભેદ વળી, અનુવાદરૂપપણું હોવાથી સત્યપણું હોવાને કારણે જો કે અતિચાર ઘટતો નથી તોપણ મંત્રણા કરાયેલા અર્થના પ્રકાશનથી જનિત લજ્જાદિથી સ્વદારા આદિને મરણાદિનો સંભવ હોવાને કારણે પરમાર્થથી તેનું અસત્યપણું હોવાને કારણે કથંચિત્ ભંગરૂપપણું હોવાથી અતિચાર જ છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૪/૧૫૭॥

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિના સંચયના અર્થે દેશવિરતિને ગ્રહણ કરે છે અને સર્વવિરતિમાં સૂક્ષ્મ પણ મૃષાવાદનો અત્યંત પરિહાર છે. તેવા મૃષાવાદનો પરિહાર મારા માટે શક્ય નથી તેમ જાણીને સ્વશક્તિ અનુસાર સ્થૂલ મૃષાવાદનો પરિહાર જે શ્રાવક કરે છે અને તેના દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય કરવા યત્ન કરે છે તે શ્રાવક ભાષા ઉપર અત્યંત કાબૂ રાખીને સર્વત્ર વિવેકપૂર્વક જ બોલે; જેથી નિષ્પ્રયોજન કોઈની પીડાનું કારણ બને તેવો વચનપ્રયોગ થાય નહિ. આમ છતાં, વ્રતધારી શ્રાવક પણ જ્યારે પ્રમાદવશ હોય ત્યારે અનાદિના સંસ્કારને કારણે કષાયને વશ થઈને અનાભોગ આદિથી મિથ્યા ઉપદેશ આદિ કરે ત્યારે બીજું વ્રત મલિન થાય છે. માટે સ્વીકારાયેલા વ્રતના શુદ્ધિના અર્થી શ્રાવકે બીજા વ્રતના અતિચારોના સ્વરૂપને જાણીને તે અતિચારો અનાભોગ આદિથી પણ ન થાય તેવો યત્ન કરવો જોઈએ. જેથી ભાષા સમિતિની શક્તિનો સંચય થાય અને ક્રમે કરીને સર્વવિરતિની પ્રાપ્તિ થાય. **॥૨૪/૧૫૭॥**

અવતરણિકા :-

अथ तृतीयस्य –

અવતરણિકાર્થ :-

હવે ઉપદેશક વ્રત સ્વીકારનાર શ્રાવકને ત્રીજા અણુવ્રતના અતિચાર બતાવે છે –

સૂત્ર :-

स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रमहीनाधिकमानोन्मानप्रतिरूपक-व्यवहाराः ।।२५/१५८।।

સૂત્રાર્થ :-

સ્તેનપ્રયોગ, ચોર દ્વારા લાવેલી વસ્તુનું ગ્રહણ, વિરુદ્ધ રાજ્યનો અતિક્રમ, હીન-અધિક માન ઉન્માન અને પ્રતિરૂપક વ્યવહાર=નકલી વસ્તુનું વેચાણ એ ત્રીજા વ્રતના અતિચારો છે. ।।૨૫/૧૫૮।।

ટીકા :-

स्तेनप्रयोगश्च तदाहृतादानं च विरुद्धराज्यातिक्रमश्च हीनाधिकमानोन्मानानि च प्रतिरूपक-व्यवहारश्चेति समासः । तत्र 'स्तेनाः' चौरास्तेषां 'प्रयोगो' व्यापारणं 'हरत यूयम्' इत्यनुज्ञाप्रदानम् १। तथा 'तैराहृतस्य' कुङ्कुमादिद्रव्यस्या'ऽऽदानं' संग्रहः २। 'विरुद्धः' स्वकीयस्य राज्ञः प्रतिपन्थी, तस्य 'राज्यं' कटकं देशो वा, तत्रा'ऽतिक्रमः' स्वराजभूमिसीमातिलङ्घनेन क्रमणं प्रवेशः 'विरुद्धराज्यातिक्रमः' ३। 'हीने' स्वभावापेक्षाया न्यूने 'अधिके' वा 'मानोन्माने' कुडवादितुलारूपे

भवतो 'हीनाधिकमानोन्माने' ४। शुद्धेन व्रीह्यादिना घृतादिना वा 'प्रतिरूपकं' सदृशं पलञ्ज्यादि वसादि वा द्रव्यं तेन 'व्यवहारो' विक्रयरूपः स 'प्रतिरूपकव्यवहार' इति ५। इह स्तेनप्रयोगो यद्यपि 'चौर्यं न करोमि न कारयामि' इत्येवंप्रतिपन्नव्रतस्य भङ्ग एव तथापि 'किमधुना यूयं निर्व्यापारास्तिष्ठथ? यदि वो भक्तकादि नास्ति तदाऽहं ददामि, भवदानीतमोषस्य च यदि विक्रायको न विद्यते तदाऽहं विक्रेष्यामि' इत्येवंविधवचनैश्चौरान् व्यापारयतः स्वकल्पनया तद्व्यापारणं परिहरतो व्रतसापेक्ष-स्यासावतिचारः १।

तथा स्तेनाहृतं काणकक्रयेण लोभदोषात् प्रच्छन्नं गृह्णंश्चौरो भवति, यदाह –

"चौरश्चौरापको मन्त्री भेदज्ञः काणकक्रयी ।
अन्नदः स्थानदश्चैव चौरः सप्तविधः स्मृतः ।।१११।।" []

ततश्चौर्यकरणाद् व्रतभङ्गः, 'वाणिज्यमेव मया विधीयते, न चौरिका'इत्यध्यवसायेन च व्रतानपेक्षत्वाभावाद् न भङ्ग इति भङ्गाभङ्गरूपोऽतिचारः २।

विरुद्धराज्यातिक्रमस्तु यद्यपि स्वस्वामिनाऽननुज्ञातस्य परकटकादिप्रवेशस्य "सामी जीवादत्तं तित्थयरेणं तहेव य गुरूहिं" [नवपदप्रक० ३८] इत्यदत्तादानलक्षणयोगेन विरुद्धराज्यातिक्रमकारिणां च चौर्यदण्डयोगेनादत्तादानरूपत्वाद् भङ्ग एव तथापि विरुद्धराज्यातिक्रमं कुर्वता 'मया वाणिज्यमेव कृतम् न चौर्यम्' इति भावनया व्रतसापेक्षत्वात् लोके च चौरोऽयमिति व्यपदेशाभावादतिचारोऽय-मिति ३।

तथा हीनाधिकमानोन्मानव्यवहारः प्रतिरूपकव्यवहारश्च परव्यंसनेन परधनग्रहणरूपत्वाद् भङ्ग एव, केवलं 'क्षत्रखननादिकमेव चौर्यम्, कूटतुलादिव्यवहारतत्प्रतिरूपव्यवहारौ तु वणिक्कलैव' इति स्वकीयकल्पनया व्रतरक्षणोद्यततयाऽतिचार इति ४-५।

अथवा स्तेनप्रयोगादयः पञ्चाप्यमी व्यक्तचौर्यरूपा एव, केवलं सहसाकारादिना अतिक्रम-व्यतिक्रमादिना वा प्रकारेण विधीयमाना अतिचारतया व्यपदिश्यन्ते इति । न चैते राजसेवकादीनां न संभवन्ति, तथाहि–आद्ययोः स्पष्ट एव तेषां संभवः, विरुद्धराज्यातिक्रमस्तु यदा सामन्तादिः स्वस्वामिनो वृत्तिमुपजीवति तद्विरुद्धस्य च सहायीभवति तदा तस्यातिचारो भवति, कूटतुलादयस्तु यदा भाण्डागारद्रव्याणां विनिमयं कारयति तदा राज्ञोऽप्यतिचाराः स्युरिति ।।२५/१५८।।

ટીકાર્થ :-

स्तेनप्रयोगश्च ..... स्युरिति ।। ચોરને નવી વસ્તુ લાવવા માટે વ્યાપારવાળો કરવો એ સ્તેનપ્રયોગ

છે. ।।૧।। તેના વડે લવાયેલનું આદાન. ।।૨।। વિરુદ્ધ રાજ્યનો અતિક્રમ ।।૩।। હીન અધિક માન-ઉન્માન ।।૪।। અને પ્રતિરૂપકવ્યવહાર ।।૫।। એ પ્રમાણે સમાસ છે. ત્યાં=પાંચ અતિચારમાં, ચોરોનો પ્રયોગ=વ્યાપાર=તમે હરણ કરીને લાવો એ પ્રકારે અનુજ્ઞાનું પ્રદાન (તે સ્તેનપ્રયોગ.) ।।૧।। અને ચોરો દ્વારા લાવેલા કુમકુમ આદિ=કેશર આદિ, દ્રવ્યોનું ગ્રહણ (તે તદાહતઆદાન.) ।।૨।। વિરુદ્ધ=પોતાના રાજાના પ્રતિપંથી, તેનું રાજ્ય=કટક અથવા દેશ, ત્યાં અતિક્રમ=પોતાના રાજ્યની ભૂમિની સીમાના અતિલંઘનથી ક્રમણ=પ્રવેશ તે વિરુદ્ધ રાજ્યાતિક્રમ છે. ।।૩।। હીન=સ્વભાવની અપેક્ષાએ ન્યૂન અથવા અધિક એવા માન-ઉન્માનમાં=કુડવાદિતુલારૂપ માન-ઉન્માન થાય છે તે હીન અધિક માન-ઉન્માન છે. ।।૪।। શુદ્ધ એવા ધાન્યાદિ સાથે કે ઘી સાથે પ્રતિરૂપક=સદૃશ્ય એવાં પલંજ્યાદિ કે વસાદિ દ્રવ્યો તેનાથી વિક્રય રૂપ વ્યવહાર તે પ્રતિરૂપકવ્યવહાર છે. ।।૫।।

અહીં=ત્રીજા વ્રતના અતિચારમાં, ચોરનો પ્રયોગ જો કે ચોરી કરું નહિ અને ચોરી કરાવું નહિ એ પ્રકારના સ્વીકારાયેલા વ્રતનો ભંગ જ છે તોપણ હમણાં તમે નિર્વ્યાપારવાળા બેઠા છો અથવા જો ભોજન આદિ ન હોય તો હું આપું અને તમારા વડે ચોરીને લાવેલા વસ્તુનો ખરીદનાર કોઈ ન હોય તો હું વેચી આપીશ આ પ્રકારના વચન વડે ચોરોને વ્યાપાર કરાવતા અને સ્વકલ્પનાથી ચોરીને કરાવવાના વ્યાપારનો પરિહાર કરતા વ્રત સાપેક્ષ એવા શ્રાવકને અતિચાર થાય છે. ।।૧।।

અને ચોર વડે લાવેલું અલ્પ દ્રવ્યથી લોભના દોષને કારણે પ્રચ્છન્ન ગ્રહણ કરતો ચોર થાય છે. જે કારણથી કહેવાયું છે –

"ચોર, ચોરી કરાવનાર, ચોરને સલાહ આપનાર, ભેદને જાણનાર=ચોરીના જુદા જુદા ઉપાયને જાણનાર, કાણકક્કયી=ચોરીનો માલ સસ્તામાં ખરીદ કરનાર, ચોરને ભોજન આપનાર અને ચોરને સ્થાન આપનાર એમ સાત પ્રકારના ચોર કહેવાયેલા છે. ।।૧૧૧।।" ()

તેથી ચોરી કરવાથી વ્રતભંગ છે અને વ્યાપાર જ મારા વડે કરાય છે, ચોરી કરાતી નથી એ પ્રકારના અધ્યવસાયથી વ્રતના અનપેક્ષપણાનો અભાવ હોવાથી ભંગ નથી એથી ભંગાભંગરૂપ અતિચાર છે. ।।૨।।

વિરુદ્ધ રાજ્યનો અતિક્રમ જો કે વળી પોતાના સ્વામીના અનનુજ્ઞાત પરકટકાદિ પ્રવેશનું સ્વામી-જીવઅદત્ત, તીર્થંકર વડે અદત્ત અને ગુરુ વડે અદત્ત એ પ્રકારના અદત્તાદાનના લક્ષણના યોગથી અને વિરુદ્ધ રાજ્ય અતિક્રમ કરનારાઓને ચૌર્યદંડનો યોગ હોવાથી, અદત્તાદાનરૂપપણું હોવાના કારણે ભંગ જ છે, તોપણ વિરુદ્ધ રાજ્ય અતિક્રમને કરનારા મારા વડે વાણિજ્ય જ કરાયું છે, ચૌર્ય નહિ એ પ્રકારની ભાવનાથી વ્રતસાપેક્ષપણું હોવાના કારણે અને લોકમાં "આ ચોર છે" એ પ્રકારના વ્યપદેશનો અભાવ હોવાથી આ અતિચાર છે=વિરુદ્ધ રાજ્યાતિક્રમ ત્રીજા વ્રતનો અતિચાર છે. ।।૩।।

અને હીન-અધિક માન-ઉન્માનનો વ્યવહાર અને પ્રતિરૂપકવ્યવહાર પરને ઠગેલ હોવાથી પરધનના ગ્રહણરૂપપણું હોવાથી ભંગ જ છે. ફક્ત ખાતર કરવું આદિ જ ચોરી છે, કૂટતુલા આદિ વ્યવહાર અને

તેના પ્રતિરૂપક વ્યવહાર વણિક કલા જ છે એ પ્રકારે સ્વકીયકલ્પનાથી વ્રતરક્ષણમાં ઉદ્યતપણું હોવાને કારણે અતિચાર છે. ॥૪-૫॥

અથવા સ્તેનપ્રયોગ આદિ પાંચે પણ આ વ્યક્તચોરીરૂપ જ છે. ફક્ત સહસાત્કાર આદિથી કે અતિક્રમ, વ્યતિક્રમ આદિ પ્રકારથી કરાતા અતિચારપણાથી કહેવાય છે અને આ=અદત્તાદાનના અતિચારો, રાજસેવક આદિને સંભવતા નથી, એમ નહિ; તે આ પ્રમાણે –

પ્રથમ બેનો સ્પષ્ટ જ તેઓને સંભવ છે. અને વિરુદ્ધ રાજ્યાતિક્રમ વળી, જ્યારે સામંત આદિ સ્વસ્વામીની વૃત્તિ ઉપર જીવે છે તેના વિરુદ્ધના સહાયક થાય છે ત્યારે તેને અતિચાર થાય છે.

વળી, કૂટતુલ આદિ જ્યારે ભાંડાગાર દ્રવ્યનો=ભંડારના દ્રવ્યનો, વિનિમય કરાવે છે ત્યારે રાજાને પણ અતિચાર થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૫/૧૫૮॥

ભાવાર્થ :-

સાધુ સંયમજીવનમાં સૂક્ષ્મ પણ અદત્તાદાનનો દોષ ન લાગે તદ્અર્થે સંયમની વૃદ્ધિનું કારણ બને તેવાં જ આહાર-વસ્ત્રાદિ ગ્રહણ કરે છે અને ગ્રહણ કરાયેલાં આહાર-વસ્ત્ર આદિ દ્વારા સંયમની વૃદ્ધિ થાય તે પ્રકારનો જ યત્ન કરે છે; જેથી તીર્થંકર અદત્તદાનાદિ દોષોનો પરિહાર થાય છે અને તેવું પૂર્ણ અદત્તાદાન વિરમણ શ્રાવકને પ્રાપ્ત કરવું છે. તેના અભ્યાસ અર્થે સ્થૂલથી અદત્તાદાનની વિરતિ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય વિવેકી શ્રાવક કરે છે. તેવા વિવેકી શ્રાવકો લોભાદિ કષાયને વશ સ્થૂલ અદત્તાદાન વિરતિમાં મલિનતા થાય તે રીતે ધનવૃદ્ધિ અર્થે ક્યારેય યત્ન કરે નહિ, પરંતુ અત્યંત નીતિપૂર્વક ધન કમાઈને જીવનવ્યવહાર ચલાવે. આમ છતાં ક્યારેક નિમિત્તને પામીને લોભકષાયને વશ સ્તેનપ્રયોગાદિ અતિચારો સેવે તો તેના વ્રતોનું માલિન્ય થાય છે, તેથી શ્રાવકે તે અતિચારોને નિપુણતાપૂર્વક જાણીને પોતાના જીવનમાં તેનો પરિહાર કરવા માટે યત્ન કરવો જોઈએ. તે અર્થે ઉપદેશક શ્રાવકને વ્રતો આપ્યા પછી ત્રીજા વ્રતના અતિચારો કઈ રીતે થાય છે તેનો બોધ કરાવે છે. જેથી અતિચારના પરિહારપૂર્વક ત્રીજા વ્રતનું પાલન કરીને શ્રાવક શીઘ્ર સર્વવિરતિની શક્તિનો સંચય કરે. **॥૨૫/૧૫૮॥**

અવતરણિકા :-

अथ चतुर्थाणुव्रतस्य स्वदारसंतोषलक्षणस्य परदारपरिहाररूपस्य चातिचाराः –

અવતરણિકાર્થ :-

હવે સ્વસ્ત્રીસંતોષરૂપ અને પરસ્ત્રીના પરિહારરૂપ ચોથા અણુવ્રતના અતિચારોને કહે છે –

સૂત્ર :-

परविवाहकरणेत्वरपरिगृहीताऽपरिगृहीतागमनाऽनङ्गक्रीडातीव्रकामाभिलाषाः

॥૨૬/૧૫૯॥

સૂત્રાર્થ :-

પરવિવાહકરણ, ઇત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા અને તીવ્ર કામ-અભિલાષ એ પાંચ ચોથા અણુવ્રતના અતિચારો છે. ।।૨૬/૧૫૯।।

ટીકા :-

इत्वरपरिगृहीता चापरिगृहीता च इत्वरपरिगृहीतापरिगृहीते, तयोर्गमने इत्वरपरिगृहीताऽपरिगृहीतागमने, ततः परविवाहकरणं च इत्वरपरिगृहीताऽपरिगृहीतागमने चानङ्गक्रीडा च तीव्रकामाभिलाषश्चेति समासः, इह 'परेषां' स्वापत्यव्यतिरिक्तानां जनानां 'विवाहकरणं' कन्याफललिप्सया स्नेहसंबन्धादिना वा परिणयनविधानं 'परविवाहकरणम्,' इह च स्वापत्येष्वपि संख्याभिग्रहो न्याय्यः, तथा 'इत्वरी' अयनशीला भाटीप्रदानेन स्तोककालं परिगृहीता 'इत्वरपरिगृहीता' वेश्या, तथा 'अपरिगृहीता' वेश्यैव (न) गृहीतान्यसत्कभाटिः कुलाङ्गना च अनाथेति, तयो'र्गमनम्' आसेवनम् 'इत्वरपरिगृहीताऽपरिगृहीतागमनम्,' तथा 'अङ्गं' देहावयवोऽपि मैथुनापेक्षया योनिर्मेहनं च, तद्व्यतिरिक्तानि 'अनङ्गानि' कुचकक्षोरुवदनादीनि, तेषु 'क्रीडा' रमणम् 'अनङ्गक्रीडा', अथवा अनङ्गः कामः, तस्य तेन वा क्रीडा अनङ्गक्रीडा स्वलिङ्गेन निष्पन्नप्रयोजनस्याहार्यैश्चर्मादिघटितप्रजननैर्योषिदवाच्यदेशासेवनमित्यर्थः, तथा 'कामे' कामोदयजन्ये मैथुने अथवा 'सूचनात् सूत्रम्' इति न्यायात् 'कामेषु' कामभोगेषु, तत्र कामौ शब्दरूपे, भोगा गन्धरसस्पर्शाः, तेषु 'तीव्राभिलाषः' अत्यन्ततदध्यवसायित्वं यतो वाजीकरणादिनाऽनवरतसुरतसुखार्थं मदनमुद्दीपयतीति, एतान् समाचरन्नतिचरति चतुर्थाणुव्रतमिति । इह च द्वितीयतृतीयातिचारौ स्वदारसंतोषिण एव नेतरस्य, शेषास्तु द्वयोरपीति, एतदेव च सूत्रानुपाति, यदाह–"सदारसंतोसस्स इमे पंच अइयारा" [उपासक०] इत्यादि । भावना चेयमत्र–भाटीप्रदानेनेत्वरकालस्वीकारेण स्वकलत्रीकृत्य वेश्यां भुञ्जानस्य स्वकीयकल्पनया स्वदारत्वेन व्रतसापेक्षचित्तत्वान्न भङ्गः अल्पकालपरिग्रहाच्च वस्तुतोऽस्वकलत्रत्वाद् भङ्ग इति भङ्गाभङ्गरूपोऽतिचारः, अपरिगृहीतागमनं त्वनाभोगादिनाऽतिक्रमादिना वाऽतिचारः, परदारवर्जिनो नैतावतिचारौ, इत्वरकालपरिगृहीताऽपरिगृहीतयोर्वेश्यात्वेनानाथकुलाङ्गनायास्त्वनाथतयैवापरदारत्वादिति ।।

अपरे त्वाहुः–इत्वरपरिगृहीतागमनं स्वदारसंतोषवतोऽतिचारः, अपरिगृहीतागमनं तु परदारवर्जिनः, तत्र प्रथमभावना पूर्ववत्, द्वितीयभावना त्वेवम्-अपरिगृहीता नाम वेश्या, तां यदा गृहीतान्यसत्कभाटिकामभिगच्छति तदा परदारगमनजन्यदोषसंभवात् कथञ्चित् परदारत्वाच्च भङ्गो वेश्यात्वाच्चाभङ्गो भङ्गाभङ्ग इत्यतिचारः ।।

अन्ये पुनरन्यथा प्राहुः –

"परदारवज्जिणो पंच होन्ति तिन्नि उ सदारसंतुट्ठे ।
इत्थीए तिन्नि पंच व भंगविगप्पेहिं नायव्वं ।।११२।।" **[सम्बोधप्रकरणे ७।४१]**

इह भावना–परेण इत्वरकालं या परिगृहीता वेश्या तद्गमनमतिचारः परदारवर्जिनः, कथञ्चित् तस्याः परदारत्वात्, तथा अपरिगृहीतायाः अनाथकुलाङ्गनाया एव यद् गमनं तदपि तस्यैवातिचारः, लोके परदारत्वेन तस्या रूढत्वात्, तत्कामुककल्पनया च परस्य भर्त्रादेरभावेनापरदारत्वात् । शेषास्तूभयोरपि स्युः, तथाहि–स्वदारसंतोषिणः स्वकलत्रेऽपि तदितरस्य तु वेश्यास्वकलत्रयोरपि यदनङ्गरतं तत् साक्षादप्रत्याख्यातमपि न विधेयम्, यतोऽसावत्यन्तपापभीरुतया ब्रह्मचर्यं चिकीर्षुरपि यदा वेदोदयासहिष्णुतया तद्विधातुं न शक्नोति तदा यापनामात्रार्थं स्वदारसंतोषादि प्रतिपद्यते, मैथुनमात्रेणैव च यापनायाः संभवादनङ्गरतमर्थतः प्रत्याख्यातमेव, एवं परविवाहतीव्रकामाभिलाषावपीति, अतः कथञ्चित् प्रत्याख्यातेषु प्रवृत्तेरतिचारता तेषाम् ।

अन्ये त्वनङ्गक्रीडामेवं भावयन्ति–स हि निधुवनमेव व्रतविषय इति स्वकीयकल्पनया तत् परिहरन् स्वदारसंतोषी वेश्यादौ परदारवर्जकस्तु परदारेष्वालिङ्गनादिरूपामनङ्गक्रीडां कुर्वन् कथञ्चिदेवातिचरति व्रतं व्रतसापेक्षत्वादिति । तथा स्वदारसंतोषवता स्वकलत्राद् इतरेण च स्वकलत्रवेश्याभ्यामन्यत्र मनोवाक्कायैर्मैथुनं न कार्यं न च कारणीयमित्येवं यदा प्रतिपन्नं व्रतं भवति तदा परविवाहकरणतः तत्कारणमर्थतोऽनुष्ठितं भवति, तद्व्रती च मन्यते 'विवाह एवायं मया विधीयते, न मैथुनम्' इति ततो व्रतसापेक्षत्वादतिचार इति ।

ननु परविवाहकरणे कन्याफललिप्सा कारणमुक्तं तत्र किं सम्यग्दृष्टिरसौ व्रती मिथ्यादृष्टिर्वा?, यदि सम्यग्दृष्टिस्तदा तस्य न सा संभवति, सम्यग्दृष्टित्वादेव, अथ मिथ्यादृष्टिस्तदा मिथ्यादृष्टेरणुव्रतानि न भवन्त्येवेति कथं सा परविवाहकरणलक्षणातिचारकारणमिति, सत्यम्, केवलमव्युत्पन्नावस्थायां साऽपि संभवति, किञ्च, यथाभद्रकस्य मिथ्यादृशोऽपि सन्मार्गप्रवेशनायाभिग्रहमात्रं ददत्यपि गीतार्थाः, यथा 'आर्यसुहस्ती' रङ्कस्य सर्वविरतिं दत्तवान् । इदं च परविवाहवर्जनं स्वापत्यव्यतिरिक्तेष्वेव न्याय्यम्, अन्यथाऽपरिणीता कन्या स्वच्छन्दचारिणी स्यात्, ततः शासनोपघातः स्याद्, विहितविवाहा तु कृतव्रतबन्धत्वेन न तथा स्यादिति, यच्चोक्तं 'स्वापत्येष्वपि संख्याभिग्रहो न्याय्यः' तच्चिन्तकान्तरसद्भावे सुतसङ्ख्यापूर्त्तौ वाऽपत्यान्तरोत्पत्तिपरिहारोपायत इति ।

अपरे त्वाहुः–'परः' अन्यो यो विवाहः, आत्मन एव विशिष्टसंतोषाभावात् योषिदन्तराणि प्रति

विवाहान्तरकरणं तत् परविवाहकरणम्, अयं च स्वदारसंतोषिण इति । स्त्रियास्तु स्वपुरुषसंतोष-परपुरुषवर्जनयोर्न भेदः, स्वपुरुषव्यतिरेकेणान्येषां सर्वेषां परपुरुषत्वात्, ततः परविवाहकरणा-ऽनङ्गक्रीडातीव्रकामाभिलाषाः स्वदारसंतोषिण इव स्वपुरुषविषये स्युः । द्वितीयस्तु यदा स्वकीयपतिः सपत्न्या वारकदिने परिगृहीतो भवति तदा सपत्नीवारकमतिक्रम्य तं परिभुञ्जानाया अतिचारः । तृतीयस्त्वतिक्रमादिना परपुरुषमभिसरन्त्याः समवसेयः, ब्रह्मचारिणस्त्वतिक्रमादिनाऽतिचार इति ।।२६/१५९।।

ટીકાર્થ :-

इत्वरपरिगृहीता ..... अतिचार इति ।।

સૂત્રમાં રહેલો સમાસ સ્પષ્ટ કરે છે –

ઇત્વરપરિગૃહીત સ્ત્રી અને અપરિગૃહીત સ્ત્રી તે ઇત્વરપરિગૃહીતા અને અપરિગૃહીતા કહેવાય. તેઓનું ગમન તે ઇત્વરગૃહીતગમન અને અપરિગૃહીતગમન છે. ત્યારપછી= ગમન શબ્દનો સંબંધ ઇત્વરપરિગૃહીતાગમન અને અપરિગૃહીતાગમન સાથે બતાવ્યા પછી, અવશેષસમાસ સ્પષ્ટ કરે છે -

પરવિવાહકરણ, ઇત્વરપરિગૃહીતા, અપરિગૃહીતા, અનંગક્રીડા અને તીવ્રકામ અભિલાષા એ પ્રમાણે સમાસ છે. અહીં=ચોથા અણુવ્રતના પાંચ અતિચારોમાં, (૧) સ્વપુત્રથી વ્યતિરિક્ત એવા બીજા લોકોનું વિવાહનું કરણ=કન્યાદાનના ફલની ઇચ્છાથી કે સ્નેહસંબંધ આદિથી લગ્નનું કરાવવું, એ પરવિવાહકરણ છે. અને અહીં=ચોથા અણુવ્રતમાં, પોતાના પુત્રાદિના વિષયમાં પણ લગ્ન કરાવવા વિષયક સંખ્યાનો અભિગ્રહ ન્યાય્ય છે. (તેથી અન્યના લગ્ન કરાવવામાં અતિચારની પ્રાપ્તિ છે.) અને (૨) ઇત્વરી=ગમન સ્વભાવવાળી ભાડું આપીને થોડા સમય માટે ગ્રહણ કરાયેલી વેશ્યા, તે ઇત્વરપરિગૃહીતા કહેવાય. અને (૩) અપરિગૃહીતા=અન્ય વડે ભાડું આપીને નહિ ગ્રહણ કરાયેલી વેશ્યા જ અને અનાથ એવી કુલીન સ્ત્રી, તેઓનું ગમન=આસેવન, તે ઇત્વરપરિગૃહીત અને અપરિગૃહીત એવી સ્ત્રીનું ગમન છે. (૪) અને અંગ=દેહનો અવયવ, પણ ભોગની અપેક્ષાએ યોનિ કે પુરુષ ચિહ્ન અંગ છે તેનાથી વ્યતિરિક્ત અનંગો છે. કુચ, કક્ષા, ઊરુ, વદન આદિ અનંગો છે તેમાં ક્રીડા=રમણ, તે અનંગક્રીડા છે અથવા અનંગ એટલે કામ. તેની અથવા તેની સાથે ક્રીડા તે અનંગક્રીડા છે=પોતાના લિંગની સાથે નિષ્પન્ન પ્રયોજનવાળા પુરુષની અન્ય સાધનથી ભોગની પ્રવૃત્તિ તે અનંગક્રીડા છે. (૫) અને કામમાં=કામોદયજન્ય મૈથુનમાં, અથવા 'સૂચનાત્ સૂત્ર' એ ન્યાયથી કામભોગમાં તીવ્ર અભિલાષ ત્યાં=કામભોગમાં, કામ શબ્દ અને રૂપ સ્વરૂપ છે અને ગંધ, રસ, સ્પર્શ ભોગ સ્વરૂપ છે. તે કામભોગમાં તીવ્ર અભિલાષ=અત્યંત તદ્અધ્યવસાયપણું=કામભોગમાં અત્યંત આસક્તિપણું, તે ચોથા વ્રતનો અતિચાર છે. જે કારણથી વાજીકરણ આદિ દ્વારા સતત સ્ત્રીસુખના માટે મદનનું ઉદ્દીપન કરે છે માટે કામભોગમાં તીવ્ર અભિલાષ અતિચારરૂપ છે.

આ પરવિવાહ આદિને આચરતો પુરુષ ચોથા અણુવ્રતને મલિન કરે છે. અને અહીં=પાંચ અતિચારોમાં બીજો અને ત્રીજો અતિચાર=ઈત્વરપરિગૃહીતા અને અપરિગૃહીતાગમન રૂપ બીજો અને ત્રીજો અતિચાર, સ્વસ્ત્રીમાં સંતોષના વ્રતને લેનાર શ્રાવકને જ છે, ઇતરને નહિ=જેણે તે પ્રકારનું વ્રત ગ્રહણ કર્યું નથી તેને બીજો-ત્રીજો અતિચાર પ્રાપ્ત થતો નથી. વળી શેષ ત્રણ અતિચારો બન્નેને છે=સ્વદારાસંતોષ વ્રતવાળાને અને પરસ્ત્રીના વિરમણના વ્રતવાળા એવા બન્નેને પણ છે. આ પ્રમાણે આ જ=બીજો-ત્રીજો અતિચાર સ્વદારાસંતોષીને છે, અન્યને નહિ એ જ સૂત્ર અનુપાતી છે=શાસ્ત્રસંમત છે, જેને કહે છે –

"સ્વદારાસંતોષવાળાને આ પાંચ અતિચારો છે". (ઉપાસકદશાંગસૂત્ર) ઇત્યાદિ.

અને અહીં=ચોથા અણુવ્રતના વિષયમાં, બીજા-ત્રીજા અતિચારવિષયક આ ભાવના છે – ભાડું આપીને અલ્પકાળના સ્વીકારથી પોતાની સ્ત્રી કરીને વેશ્યાને ભોગવનારને પોતાની કલ્પનાથી, પોતાને સ્ત્રીપણું હોવાને કારણે, વ્રતસાપેક્ષ ચિત્તપણું હોવાથી ભંગ નથી અને અલ્પકાળ માટે ગ્રહણ હોવાથી વસ્તુતઃ પોતાની સ્ત્રી નહિ હોવાથી ભંગ છે, એથી ભંગાભંગરૂપ અતિચાર છે. અને અપરિગૃહીત એવી સ્ત્રીના ગમનમાં અનાભોગાદિથી કે અતિક્રમાદિથી અતિચાર છે. વળી, પરસ્ત્રીનું વર્જન કરનારા શ્રાવકને આ બે અતિચારો નથી; કેમ કે અલ્પકાળ માટે પરિગૃહીત કે અપરિગૃહીત એવી વેશ્યાનું અપરસ્ત્રીપણું છે, પરસ્ત્રીપણું નથી. અને અનાથ એવી કુલીન સ્ત્રીનું અનાથપણું હોવાના કારણે જ પરસ્ત્રીપણું નથી.

વળી, બીજા કહે છે : ઈત્વરપરિગૃહીતા સ્ત્રીનું ગમન સ્વદારાસંતોષવાળા પુરુષને અતિચાર છે. અને અપરિગૃહીતા સ્ત્રીનું ગમન પરદારાવર્જી એવા શ્રાવકને અતિચાર છે. ત્યાં પ્રથમની ભાવના પૂર્વની જેમ જાણવી. વળી, બીજાની ભાવના આ પ્રમાણે છે – અપરિગૃહીત એવી વેશ્યા, તેને જ્યારે બીજા વડે ભાડાથી ગ્રહણ કરાયેલી હોય ત્યારે પરસ્ત્રીના ગમનજન્ય દોષનો સંભવ હોવાથી અને કથંચિત્ પરસ્ત્રીપણું હોવાથી ભંગ છે અને વેશ્યાપણું હોવાથી અભંગ છે, તેથી ભંગાભંગરૂપ અતિચાર છે.

વળી, અન્ય અન્યથા કહે છે –

"પરદારાના ત્યાગ કરનાર શ્રાવકને પાંચ અતિચાર થાય છે. વળી, સ્વદારાસંતોષવાળા શ્રાવકને ત્રણ અતિચાર થાય છે. અને સ્ત્રીને ત્રણ અથવા પાંચ ભંગવિકલ્પોથી જાણવા. ।।૧૧૨।।" (સંબોધપ્રકરણ ૭/૪૧)

અહીં ભાવના આ પ્રમાણે છે – પર દ્વારા ઈત્વરકાલ માટે જે ગ્રહણ કરાયેલી વેશ્યા, તેના ગમનનો અતિચાર પરદારા વર્જન કરનાર શ્રાવકને છે; કેમ કે કોઈક અપેક્ષાએ વેશ્યાનું પરસ્ત્રીપણું છે.

અને અપરિગૃહીત એવી અનાથ કુલીન સ્ત્રીનું જ જે ગમન તે પણ પરદારા વર્જન કરનાર શ્રાવકનો જ અતિચાર છે; કેમ કે લોકમાં અનાથ, કુલાંગના પરસ્ત્રી રૂપે રૂઢ છે. અને તેની કામનાવાળા પુરુષ વડે કલ્પનાથી પર એવા ભર્તાદિના અભાવના કારણે અપરદારા છે. વળી, શેષ

ત્રણ વિકલ્પો ઉભયને પણ પ્રાપ્ત થાય. તે આ પ્રમાણે –

સ્વદારાસંતોષીને પોતાની સ્ત્રીમાં પણ અને તેનાથી ઇતર એવા પરસ્ત્રીવિરમણવાળાને વેશ્યામાં કે પોતાની સ્ત્રીમાં પણ જે અનંગક્રીડા છે તે સાક્ષાત્ પચ્ચક્ખાણ કરાયેલ નથી તોપણ અનંગક્રીડા કરવી જોઈએ નહિ. જે કારણથી શ્રાવક અત્યંત પાપભીરુપણાને કારણે, બ્રહ્મચર્યના ઇચ્છાવાળો પણ જ્યારે વેદના ઉદયના અસહિષ્ણુપણાને કારણે બ્રહ્મચર્ય કરવાને સમર્થ નથી ત્યારે વેદના શમન માત્ર માટે સ્વદારાસંતોષ આદિ વ્રતો સ્વીકારે છે અને કામ માત્રથી જ સંતોષનો સંભવ હોવાને કારણે અનંગક્રીડા અર્થથી પચ્ચક્ખાણ જ કરાયેલ છે એ રીતે પરવિવાહ અને તીવ્રકામનો અભિલાષ પણ પ્રત્યાખ્યાન જ કરાયેલો છે. આથી કોઈક રીતે પ્રત્યાખ્યાન કરાયેલામાં પ્રવૃત્તિ હોવાથી તેઓની=અનંગક્રીડા આદિ ત્રણની, અતિચારતા છે.

વળી, અન્ય=અન્યઆચાર્ય, અનંગક્રીડાને આ રીતે ભાવન કરે છે – ભોગક્રિયા જ વ્રતનો વિષય છે એ રીતે સ્વકીય કલ્પનાથી તેનો પરિહાર કરતો સ્વદારાસંતોષી શ્રાવક વેશ્યાદિમાં અનંગક્રીડા કરે. વળી, પરદારાવર્જક પરદારામાં આલિંગનાદિરૂપ અનંગક્રીડા કરે તો કથંચિત્ જ વ્રતનો અતિચાર કરે છે; કેમ કે વ્રતસાપેક્ષ છે અને સ્વદારાસંતોષવાળા વડે સ્વસ્ત્રીથી કે પરદારાવિરમણવ્રતવાળા શ્રાવક વડે પોતાની સ્ત્રીથી અને વેશ્યાથી અન્યત્ર મન-વચન-કાયા વડે મૈથુન કરવું જોઈએ નહિ અને કરાવવું જોઈએ નહિ એ પ્રમાણે જ્યારે વ્રત સ્વીકારાયું છે ત્યારે પરવિવાહ કરાવવાથી મૈથુનનું કરાવવું અર્થથી કરાયેલું થાય છે અને તેના વ્રતવાળા માને છે કે મેં આ વિવાહ જ કરાવ્યો છે, મૈથુન કરાવ્યું નથી. એથી વ્રતસાપેક્ષપણું હોવાને કારણે અતિચાર છે.

'ननु'થી શંકા કરે છે – પરવિવાહ કરાવવામાં કન્યાના ફળની લિપ્સા કારણ કહેવાયું ત્યાં શું આ સમ્યગ્દૃષ્ટિ વ્રતવાળો છે કે મિથ્યાદૃષ્ટિ વ્રતવાળો છે ? જો સમ્યગ્દૃષ્ટિ વ્રતવાળો હોય તો તેને કન્યાફળની લિપ્સા સંભવે નહિ; કેમ કે સમ્યગ્દૃષ્ટિપણું છે. હવે જો મિથ્યાદૃષ્ટિ છે તો મિથ્યાદૃષ્ટિને અણુવ્રતો હોતાં નથી જ. એથી કેવી રીતે તે=કન્યાફળની લિપ્સા પરવિવાહકરણ લક્ષણ અતિચારનું કારણ બને ?

તેનો ઉત્તર આપતાં કહે છે – તારી વાત સાચી છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિને કન્યાફળની લિપ્સા સંભવે નહિ. ફક્ત અવ્યુત્પન્નદશામાં તે પણ સંભવે છે=કન્યાફળની લિપ્સા સંભવે છે. વળી, યથાભદ્રક એવા મિથ્યાદૃષ્ટિને પણ સન્માર્ગના પ્રવેશ માટે ગીતાર્થો અભિગ્રહ માત્ર આપે પણ છે. જે પ્રમાણે આર્યસુહસ્તિસૂરિએ ભિખારીને સર્વવિરતિ આપેલી (તે પ્રમાણે અવ્યુત્પન્નદશામાં ભદ્રક પ્રકૃતિવાળા મિથ્યાદૃષ્ટિ વડે ગ્રહણ કરાયેલા વ્રતમાં કન્યાફળની લિપ્સા સંભવે છે.) અને આ પરવિવાહનું વર્જન સ્વપુત્રથી વ્યતિરિક્તમાં જ ન્યાય્ય છે. અન્યથા નહિ પરણાવેલી કન્યા સ્વચ્છન્દચારી થાય, તેથી શાસનનો ઉડ્ડાહ થાય. વળી, કરાયેલા વિવાહવાળી કન્યા કરાયેલા વ્રતના બંધનપણાથી તેવી ન થાય=સ્વછંદચારી ન થાય. અને જે કહેવાયું : પોતાના પુત્રોમાં પણ સંખ્યાનો અભિગ્રહ ન્યાય્ય છે તે

પુત્રોની ચિંતા કરનારા એવા અન્યના સદ્‌ભાવમાં છે અથવા પુત્રની સંખ્યાની પૂર્તિમાં અન્ય પુત્રોની ઉત્પત્તિના પરિહારના ઉપાયથી=પોતાના જેટલા પુત્રો છે તેનાથી નવા પુત્રો હવે નહીં થાય; કેમ કે હવે પોતે બ્રહ્મચર્ય પાળે છે, તેથી સંખ્યાનો નિયમ છે.

વળી, બીજા કહે છે : પર=અન્ય, એવો જે વિવાહ=પોતાને જ વિશિષ્ટ સંતોષના અભાવને કારણે અન્ય સ્ત્રીઓની પ્રત્યે વિવાહ અંતરનું કરણ તે પરવિવાહકરણ છે. અને આ=આ પ્રકારનું પર વિવાહનું કરણ સ્વદારાસંતોષી પુરુષને અતિચાર છે. વળી, સ્ત્રીઓને સ્વપુરુષસંતોષ અને પરપુરુષવર્જનનો ભેદ નથી; કેમ કે સ્વપુરુષથી વ્યતિરિક્ત અન્ય સર્વ પુરુષ તેના માટે પરપુરુષ છે, તેથી પરવિવાહકરણ, અનંગક્રીડા, તીવ્રકામઅભિલાષ, સ્વદારાસંતોષી પુરુષની જેમ સ્વપુરુષના વિષયમાં સ્ત્રીને અતિચારો થાય. વળી, બીજો અતિચાર=ઇત્વરપરિગૃહીતાગમનરૂપ અતિચાર. જ્યારે પોતાનો પતિ સપત્નીના વારાના દિવસમાં ગ્રહણ કરાય છે ત્યારે સપત્નીના વારાને અતિક્રમીને તેને ભોગવતી સ્ત્રીને અતિચાર થાય. વળી, ત્રીજો અતિચાર=અપરિગૃહીતાગમનરૂપ ત્રીજો અતિચાર અતિક્રમાદિ દ્વારા પરપુરુષને અનુસરતી સ્ત્રીને જાણવો. વળી, બ્રહ્મચારીને અતિક્રમાદિથી અતિચાર છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૬/૧૫૯॥

ભાવાર્થ :-

સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યા પછી સર્વવિરતિના અત્યંત અર્થી એવા શ્રાવક સર્વવિરતિની શક્તિના સંચય અર્થે બાર વ્રતો શક્તિ અનુસાર ગ્રહણ કરે છે. તેમાં બ્રહ્મચર્યની શક્તિ હોય તો અવશ્ય જાવજ્જીવનું બ્રહ્મચર્ય ગ્રહણ કરે છે અને પૂર્ણ બ્રહ્મચર્યની શક્તિ ન હોય તો સ્વશક્તિ અનુસાર અબ્રહ્મની પ્રવૃત્તિમાં નિયંત્રણ થાય તે પ્રકારે વ્રત ગ્રહણ કરે છે. અને તે વ્રતને નિષ્ઠાથી પાળીને બ્રહ્મચર્યની શક્તિનો સંચય કરે છે. તેવા શ્રાવકે પોતાના ચોથા વ્રતમાં અતિચાર ન લાગે તે માટે પરવિવાહકરણ આદિ અતિચારોના યથાર્થ સ્વરૂપને જાણીને તેના પરિહાર માટે યત્ન કરવો જોઈએ. આમ છતાં સમ્યક્ત્વ પામ્યા પછી બ્રહ્મચર્યની શક્તિ ન હોય અને કામ અતિશય પીડે તેવો હોય ત્યારે વેશ્યા આદિ સાથે પણ સંગમ કરનારા શ્રાવકો હોય છે છતાં વિવેકને કારણે શક્ય એટલું નિયંત્રણ કરવા યત્ન કરે છે. એવા શ્રાવકોને આશ્રયીને વેશ્યાગમન આદિ વિષયક પણ મર્યાદા હોય છે, તેથી તે મર્યાદાનો ભંગ ન કરે તો અતિચાર થાય નહિ તેને સામે રાખીને ઇત્વરપરિગૃહીતાના અને અપરિગૃહીતાના વિકલ્પો પાડેલ છે. **॥૨૬/૧૫૯॥**

અવતરણિકા :-

અથ પઞ્ચમાણુવ્રતસ્ય –

અવતરણિકાર્થ :-

હવે પાંચમા અણુવ્રતના અતિચારો કહે છે –

સૂત્ર :-

क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यप्रमाणातिक्रमाः ।।२७/१६०।।

સૂત્રાર્થ :-

ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય=ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ કુપ્ય=ગૃહસામગ્રી તેના પ્રમાણનો અતિક્રમ પાંચમા અણુવ્રતના અતિચારો છે. ।।૨૭/૧૬૦।।

ટીકા :-

क्षेत्रवास्तुनोः हिरण्यसुवर्णयोः धनधान्ययोः दासीदासयोः कुप्यस्य च प्रमाणातिक्रमा इति समासः, तत्र 'क्षेत्रं' सस्योत्पत्तिभूमिः, तच्च सेतुकेतूभयभेदात् त्रिविधम्, तत्र सेतुक्षेत्रम्, अरघट्टादिसेक्यम्, केतुक्षेत्रं तु आकाशोदकनिष्पाद्यम्, उभयक्षेत्रं तु तदुभयनिष्पाद्यम् । 'वास्तु' पुनरगारं ग्रामनगरादि च, तत्रागारं त्रिविधम्–खातमुच्छ्रितं खातोच्छ्रितं च, तत्र खातं भूमिगृहादि, उच्छ्रितम् उच्छ्रयेण कृतम्, उभयं भूमिगृहस्योपरि प्रासादः, एतयोश्च क्षेत्रवास्तुनोः प्रमाणस्य क्षेत्रान्तरादिमीलनेन अतिक्रमोऽतिचारो भवति, तथाहि–किलैकमेव क्षेत्रं वास्तु वेत्यभिग्रहवतोऽधिकतरतदभिलाषे सति व्रतभङ्गभयात् प्राक्तनक्षेत्रादिप्रत्यासत्रं तद् गृहीत्वा पूर्वेण सह तस्यैकत्वकरणार्थं वृत्त्याद्यपनयनेन तत् तत्र योजयतो व्रतसापेक्षत्वात् कथञ्चिद्विरतिबाधनाच्चातिचार इति १। तथा 'हिरण्यं' रजतम्, 'सुवर्णं' हेम, एतत्परिमाणस्य अन्यवितरणेनातिक्रमोऽतिचारो भवति, यथा केनापि चतुर्मासाद्यवधिना हिरण्यादिपरिमाणं विहितम्, तत्र च तेन तुष्टराजादेः सकाशात् तदधिकं तल्लब्धम्, तच्चान्यस्मै व्रतभङ्गभयात् प्रददाति 'पूर्णेऽवधौ ग्रहीष्यामि' इति भावनयेति व्रतसापेक्षत्वादतिचार इति २।

तथा 'धनं' गणिमधरिममेयपरिच्छेद्यभेदाच्चतुर्विधम्, तत्र गणिमं पूगफलादि, धरिमं गुडादि, मेयं घृतादि, परिच्छेद्यं माणिक्यादि, 'धान्यं' व्रीह्यादि, एतत्प्रमाणस्य बन्धनतोऽतिक्रमोऽतिचारो भवति, यथा हि किल कृतधनादिपरिमाणस्य कोऽपि लभ्यमन्यद्वा धनादि ददाति, तच्च व्रतभङ्गभयाच्चतुर्मास्यादिपरतो गृहगतधनादिविक्रये वा कृते ग्रहीष्यामीति भावनया बन्धनेन नियन्त्रणेन रज्ज्वादिसंयमनेन सत्यङ्कारदानादिरूपेण वा स्वीकृत्य तद्गेह एव स्थापयतीत्यतोऽतिचारः ३। तथा दासीदासप्रमाणातिक्रम इति, सर्वद्विपदचतुष्पदोपलक्षणमेतत्, तत्र द्विपदं पुत्रकलत्रदासीदासकर्मकरशुकसारिकादि, चतुष्पदं गवोष्ट्रादि, तेषां यत् परिमाणं तस्य गर्भाधानविधापनेनातिक्रमोऽतिचारो भवति, यथा किल केनापि संवत्सराद्यवधिना द्विपदचतुष्पदानां परिमाणं कृतम्, तेषां च संवत्सरमध्य एव प्रसवे अधिकद्विपदादिभावाद् व्रतभङ्गः स्यादिति तद्भयात् कियत्यपि

काले गते गर्भग्रहणं कारयतो गर्भस्थद्विपदादिभावेन बहिर्गततदभावेन च कथञ्चिद् व्रतभङ्गादतिचारः ४। तथा 'कुप्यम्' आसनशयनादिगृहोपस्करः, तस्य यन्मानं तस्य पर्यायान्तरारोपणेनातिक्रमोऽतिचारो भवति, यथा किल केनापि 'दश करोटकानि' इति कुप्यस्य परिमाणं कृतम्, ततस्तेषां कथञ्चिद् द्विगुणत्वे भूते सति व्रतभङ्गभयात् तेषां द्वयेन द्वयेन एकैकं महत्तरं कारयतः पर्यायान्तरकरणेन संख्यापूरणात् स्वाभाविकसंख्याबाधनाच्चातिचारः । अन्ये त्वाहुः—तदर्थित्वेन 'विवक्षितकालावधेः परतोऽहमेतत् करोटकादि कुप्यं ग्रहीष्याम्यतो नान्यस्मै देयम्' इति पराप्रदेयतया व्यवस्थापयत इति ५। यथाश्रुतत्वेन चैषामभ्युपगमे भङ्गातिचारयोर्न विशेषः स्यादिति तद्विशेषोपदर्शनार्थं मीलनवितरणादिना भावना दर्शितेति । यच्च क्षेत्रादिपरिग्रहस्य नवविधत्वेन नवसङ्ख्यातिचारप्राप्तौ पञ्चसङ्ख्यत्वमुक्तं तत् सजातीयत्वेन शेषभेदानामत्रैवान्तर्भावात्, शिष्यहितत्वेन च प्रायः सर्वत्र मध्यमगतेर्विवक्षितत्वात् पञ्चकसङ्ख्ययैवातिचारपरिगणनम्, अतः क्षेत्रवास्त्वादिसङ्ख्यया-ऽतिचाराणामगणनमुपपन्नमिति ।।२७/१६०।।

ટીકાર્થ :-

क्षेत्र-वास्तुनोः ..... उपपन्नमिति ।। ક્ષેત્ર-વાસ્તુનો, હિરણ્ય-સુવર્ણનો, ધન-ધાન્યનો, દાસી-દાસનો અને કુપ્યનો પ્રમાણનો અતિક્રમ એ પ્રમાણે સમાસ છે. ત્યાં=ક્ષેત્રાદિમાં, ક્ષેત્ર ધાન્યની ઉત્પત્તિભૂમિ અને તે સેતુ-કેતુ અને ઉભયના ભેદથી ત્રણ પ્રકારનો છે. ત્યાં=ત્રણ પ્રકારનાં ક્ષેત્રોમાં, સેતુક્ષેત્ર અરઘટ્ટાદિથી સિંચીને ખેતી કરવા યોગ્ય ક્ષેત્ર છે. કેતુક્ષેત્ર આકાશ-પાણીથી નિષ્પાદ્ય ભૂમિ છે=વર્ષાના પાણીથી ખેતી કરવા યોગ્ય ક્ષેત્ર છે. અને ઉભયક્ષેત્ર=અરઘટ્ટાદિથી અને વર્ષાના પાણીથી એમ ઉભયથી ખેતી કરવા યોગ્ય ક્ષેત્ર છે.

વળી, વાસ્તુ=અગાર અર્થાત્ ગૃહ, ગ્રામ, નગરાદિ છે. ત્યાં ઘર ત્રણ પ્રકારનું છે. ખાત, ઉચ્છ્રિત અને ખાત-ઉચ્છ્રિત છે. ત્યાં=ત્રણ પ્રકારના ઘરમાં ખાત=ભૂમિગૃહાદિ અર્થાત્ ભૂમિમાં નીચે કરાયેલું ભોંયરું આદિ છે, ઉચ્છ્રિત=ભૂમિ ઉપર બાંધેલું અને ખાત ઉચ્છ્રિત=ભૂમિગૃહ અને ભૂમિ ઉપરનો પ્રાસાદ છે.

આ બન્નેનાં=ક્ષેત્ર અને વાસ્તુનાં, પ્રમાણો ક્ષેત્રાન્તરાદિના મિલન દ્વારા અતિક્રમ=અતિચાર, થાય છે. તે આ પ્રમાણે – એક જ ક્ષેત્ર અથવા વાસ્તુ માટે રાખવું એ પ્રકારના અભિગ્રહવાળાને અધિકતર તેનો અભિલાષ થયે છતે વ્રતભંગના ભયથી પૂર્વના ક્ષેત્રાદિની નજીક તેને ગ્રહણ કરીને પૂર્વની સાથે તેના એકત્વકરણ માટે વૃત્તિ આદિના અપનયનથી તે=નવું ક્ષેત્ર, ત્યાં=જૂના ક્ષેત્રમાં, યોજન કરતાં પુરુષનું વ્રતસાપેક્ષપણું હોવાથી અને કોઈક રીતે વિરતિનો બાધ થતો હોવાથી અતિચાર છે. ।।૧।।

હિરણ્ય=રૂપું, સુવર્ણ આના પરિણામનું અન્યના વિતરણ દ્વારા અતિક્રમ=અતિચાર થાય છે. જે પ્રમાણે કોઈના વડે ચાર મહિના આદિની અવધિથી હિરણ્ય આદિનું પરિમાણ કરાવ્યું અને તેમાં=હિરણ્ય

આદિમાં ખુશ થયેલા રાજાદિ પાસેથી તે પુરુષ વડે તેનાથી અધિક=પોતાના નક્કી કરેલા પરિમાણથી અધિક તે પ્રાપ્ત થયું=હિરણ્ય આદિ પ્રાપ્ત થયું. અને તેને=તે હિરણ્ય આદિને વ્રતભંગના ભયથી પૂર્ણ અવધિ થયે છતે ગ્રહણ કરીશ એ ભાવનાથી અન્યને આપે છે, એથી વ્રતસાપેક્ષપણું હોવાથી અતિચાર છે. ॥૨॥

ધન=ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ ભેદથી ચાર પ્રકારનો છે. તેમાં=ચાર પ્રકારના ધનમાં, ગણિમ સોપારી આદિ છે. ધરિમ=ગુડાદિ છે. મેય ઘી આદિ છે. પરિચ્છેદ્ય માણેક આદિ છે. ધાન્ય ચોખાદિ છે. આના પ્રમાણનો=ધન-ધાન્યાદિના પ્રમાણનો બંધનથી=મર્યાદાથી અતિક્રમ અતિચાર છે.

જે પ્રમાણે કરાયેલા ધનાદિપરિમાણવાળા પુરુષને કોઈ લભ્ય કે અન્ય ધનાદિ આપે અને તે વ્રતભંગના ભયથી ચારમાસાદિ પછી અથવા ઘરમાં રહેલા ધનાદિનો વિક્રય થયે છતે ગ્રહણ કરીશ એ ભાવનાથી બંધનથી અથવા નિયંત્રણથી અથવા રજ્જુ આદિના સંયમથી અથવા સત્ય ચિહ્નદાનાદિરૂપથી સ્વીકાર કરીને તેના ઘરમાં જ=આપનારના ઘરમાં જ સ્થાપન કરે છે એથી અતિચાર છે. ॥૩॥

અને દાસ-દાસીનાં પ્રમાણનો અતિક્રમ એ સર્વ બે પગવાળાં અને ચાર પગવાળાં ઉપલક્ષણ છે. ત્યાં બે પગવાળાં પુત્ર, સ્ત્રી, દાસી, દાસ કામ કરનાર શુક=પોપટ, અને સારિકા=મૈના, આદિ છે. ચાર પગવાળાં ગાય, ઊંટ આદિ છે. તેઓનું જે પરિમાણ તેના ગર્ભાધાન વિધાપનથી અતિક્રમ અતિચાર છે. જે પ્રમાણે કોઈના વડે પણ વરસ આદિ અવધિથી બે પગ અને ચતુષ્પદનું પરિમાણ કરાયું અને તેનો જ સંવત્સર મધ્યમાં જ પ્રસવ થયે છતે અધિક બે પગ આદિનો ભાવ થવાથી વ્રતભંગ થાય, એથી તેના ભયથી કેટલોક પણ કાળ વહે છતે ગર્ભ ગ્રહણ કરાવતા પુરુષને ગર્ભસ્થ દ્વિપદાદિના ભાવથી, અને બહિર્ગત તેના અભાવથી=દ્વિપદાદિના અભાવથી કથંચિત્ વ્રતભંગ થવાથી અતિચાર થાય છે. ॥૪॥

અને કુપ્ય=આસન, શયન આદિ ગૃહની સામગ્રી, તેનું જે માન તેનું પર્યાયઅંતરથી આરોપણ તેનાથી અતિક્રમ અતિચાર છે. જે પ્રમાણે કોઈ વડે પણ દશ કથરોટ એ પ્રમાણે કુપ્ય પરિમાણ કરાવ્યું. ત્યાર પછી કોઈક રીતે તેનું દ્વિગુણપણું થયે છતે વ્રતભંગના ભયથી તેઓના બે-બે વડે એક એક મોટી કથરોટ કરાવતા પુરુષને પર્યાયાન્તરના કરણથી સંખ્યાનું પૂરણ થવાથી સ્વાભાવિક સંખ્યાનો અબાધ થવાને કારણે અતિચાર છે.

વળી અન્ય કહે છે – તેના અર્થીપણાને કારણે=પોતાની કથરોટ આદિની સંખ્યાથી અધિક સંખ્યાના અર્થીપણાને કારણે, વિવક્ષિત કાલની અવધિથી=પોતાની પ્રતિજ્ઞાની કાલની મર્યાદાથી પછી હું આ કથરોટ આદિ કુપ્ય ગ્રહણ કરીશ, આથી પરને આપવું નહીં એ પ્રમાણે અપ્રદેયપણાથી=બીજા કોઈને નહિ આપવી, અમુક સમય પછી હું લઈ જઈશ એ રીતે સ્થાપન કરે છે, એ અતિચાર છે. ॥૫॥

યથાશ્રુતપણાથી આમનું=ક્ષેત્ર-વાસ્તુ અતિચારોનો સ્વીકાર કરાયે છતે=સૂત્રમાં જે પ્રમાણે ક્ષેત્ર-

વાસ્તુ આદિનો અતિક્રમ બતાવ્યો એ પ્રકારે અર્થ કરાયે છતે ભંગ-અતિચારનો ભેદ ન થાય એથી તેના વિશેષને બતાવવા માટે મીલન-વીતરણ આદિ વડે ભાવના દર્શાવાઈ. અને જે ક્ષેત્રાદિ પરિગ્રહનું નવવિધપણાથી નવસંખ્યાના અતિચારની પ્રાપ્તિ હોતે છતે પાંચ સંખ્યાપણું કહેવાયું તે સજાતીયપણાથી શેષ ભેદોનો પાંચમા અંતર્ભાવ કરવાથી છે.

કેમ ક્ષેત્રાદિ નવ ભેદ ન કરતાં પાંચ ભેદ કર્યા ? તેથી કહે છે –

શિષ્યના હિતપણાને કારણે પ્રાયઃ સર્વજ્ઞ મધ્યમગતિનું વિવક્ષિતપણું હોવાથી પાંચ સંખ્યાથી જ અતિચારનું પરિગણન છે. આથી ક્ષેત્ર-વાસ્તુ આદિ સંખ્યાથી અતિચારોનું અગણન ઉપપન્ન છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૭/૧૬૦॥

ભાવાર્થ :-

આત્માના અપરિગ્રહ સ્વભાવને પ્રગટ કરવા માટે આત્માથી ભિન્ન એવા દેહથી માંડીને સર્વ બાહ્ય પદાર્થોનો ત્યાગ કરીને, આત્માના અપરિગ્રહ સ્વભાવને ભાવન કરવા અર્થે સદા સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે મમત્વ ન થાય તે પ્રકારે સાધુ યત્ન કરે છે. અને તેવા અપરિગ્રહ સ્વભાવને જ પ્રગટ કરવાના અર્થી સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર શ્રાવકો હોય છે, તેથી પોતાને બાહ્ય પદાર્થો પ્રત્યે જે મમત્વ છે તેના કારણે જે પરિગ્રહને ધારણ કર્યો છે તેને નિયત પરિમાણવાળો કરીને શક્તિની વૃદ્ધિ થાય તો અધિક અધિક સંકોચ કરવા યત્ન કરે છે. અને તેવા શ્રાવકો જે પ્રમાણે પોતાનું સત્ત્વ જણાય તે પ્રમાણે પરિગ્રહનું પરિમાણ કરે છે. તે પરિગ્રહ પરિમાણમાં કોઈ અતિચાર ન લાગે તેના માટે પરિગ્રહ પરિમાણવ્રતના અતિચારોને સૂક્ષ્મ બુદ્ધિથી જાણવા યત્ન કરે છે અને તે અતિચારોના પરિહારપૂર્વક પરિગ્રહપરિમાણવ્રતને પાળીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. આમ છતાં, ક્યારેક લોભાદિને વશ પોતાના પરિગ્રહપરિમાણવ્રતમાં અતિચાર લાગે તો મલિન થયેલું તે વ્રત ઉત્તર ઉત્તરની ગુણસ્થાનકની ભૂમિકામાં જવા સમર્થ બને નહિ; તેથી અનાભોગ આદિથી પણ કોઈ અતિચાર લાગેલો હોય તો તેની શુદ્ધિ કરીને દેશવિરતિવ્રતને નિર્મળ કરે છે. તે માટે ઉપદેશક શ્રાવકને વ્રત પ્રદાન કર્યા પછી તે વ્રતોના અતિચારોનું સ્વરૂપ બતાવે છે. **॥૨૭/૧૬૦॥**

અવતરણિકા :-

अथ प्रथमगुणव्रतस्य –

અવતરણિકાર્થ :-

હવે પ્રથમ ગુણવ્રતના અતિચારો કહે છે અર્થાત્ દેશવિરતિ ઉચ્ચરાવ્યા પછી તે તે વ્રતોના અતિચારનો શ્રાવકને યથાર્થ બોધ થાય તે અર્થે ક્રમપ્રાપ્ત ગુણવ્રતોના અતિચારોને કહે છે –

સૂત્ર :-

ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तर्धानानि ।।२८/१६१।।

સૂત્રાર્થ :-

ઊર્ધ્વ, અધઃ, તિર્યગ્, વ્યતિક્રમ=ઊર્ધ્વદિશાનો વ્યતિક્રમ, અધ્વદિશાનો વ્યતિક્રમ, તિર્યગ્ દિશાનો વ્યતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ=પ્રતિજ્ઞા કરાયેલા ક્ષેત્ર કરતાં અધિક ક્ષેત્રમાં ગમન, સ્મૃતિનું અન્તર્ધાન= ગ્રહણ કરાયેલા વ્રતની મર્યાદાની સ્મૃતિનો અભાવ એ પાંચ દિક્પરિમાણ વ્રતના અતિચારો છે. ।।૨૮/૧૬૧।।

ટીકા :-

'ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमाश्च क्षेत्रवृद्धिश्च स्मृत्यन्तर्धानं' चेति समासः, तत्र ऊर्ध्वाधस्तिर्यक्क्षेत्र-व्यतिक्रमलक्षणास्त्रयोऽतिचाराः, एते च आनयने विवक्षितक्षेत्रात् परतः स्थितस्य वस्तुनः परहस्तेन स्वक्षेत्रप्रापणे, प्रेषणे वा ततः परेण, उभये वा आनयनप्रेषणलक्षणे सति संपद्यन्ते, अयं चानयना-दावतिक्रमो 'न कारयामि' इत्येवंविहितदिग्व्रतस्यैव संभवति, तदन्यस्य तु आनयनादावनतिक्रम एव, तथाविधप्रत्याख्यानाभावादिति १-२-३। तथा 'क्षेत्रस्य' पूर्वादिदेशस्य दिग्व्रतविषयस्य ह्रस्वस्य सतो 'वृद्धिः' वर्द्धनम्, पश्चिमादिक्षेत्रान्तरपरिमाणप्रक्षेपेण दीर्घीकरणं क्षेत्रवृद्धिः, किल केनापि पूर्वापरदिशोः प्रत्येकं योजनशतं गमनपरिमाणं कृतम्, स चोत्पन्नप्रयोजन एकस्यां दिशि नवतिं व्यवस्थाप्यान्यस्यां तु दशोत्तरं योजनशतं करोति, उभाभ्यामपि प्रकाराभ्यां योजनशतद्वयरूपस्य परिमाणस्याव्याहतत्वादित्येवमेकत्र क्षेत्रं वर्द्धयतो व्रतसापेक्षत्वादतिचारः ४। तथा कथञ्चिदति-व्याकुलत्वप्रमादित्वमत्यपाटवादिना 'स्मृतेः' स्मरणस्य योजनशतादिरूपदिक्परिमाणविषयस्यान्तर्धानं भ्रंशः स्मृत्यन्तर्धानमिति ५।

इह वृद्धसंप्रदायः—ऊर्ध्वं यत् प्रमाणं गृहीतं तस्योपरि पर्वतशिखरे वृक्षे वा मर्कटः पक्षी वा वस्त्रमाभरणं वा गृहीत्वा व्रजेत्, तत्र तस्य न कल्पते गन्तुम्, यदा तु तत्पतितमन्येन वाऽऽनीतं तदा कल्पते ग्रहीतुम्, एतत् पुनरष्टापदोज्जयन्तादिषु भवेत्, एवमधः कूपादिषु विभाषा, तथा यत् तिर्यक्प्रमाणं गृहीतं तत् त्रिविधेन करणेन नातिक्रमितव्यम्, क्षेत्रवृद्धिश्च न कर्त्तव्या, कथम्?, असौ पूर्वेण भाण्डं गृहीत्वा गतो यावत् तत् परिमाणम्, ततः परतो भाण्डमर्घं लभते इतिकृत्वा अपरेण यानि योजनानि तानि पूर्वदिक्परिमाणे क्षिपति, यदि च स्मृत्यन्तर्धानात् परिमाणमतिक्रान्तो भवेत् तदा ज्ञाते निवर्तितव्यं परतश्च न गन्तव्यम्, अन्योऽपि न विसर्जनीयः, अथानाज्ञया कोऽपि गतो भवेत् तदा यत् तेन लब्धं स्वयं विस्मृत्य गतेन वा तत्र गृह्यते इति ।।२८/१६१।।

ટીકાર્થ :-

'ऊर्ध्वाधः ..... गृह्यते इति ।। ઊર્ધ્વ, અધો, તિર્યગ્ વ્યતિક્રમો=ઉલ્લંઘનો, ક્ષેત્રની વૃદ્ધિ અને સ્મૃતિનું

અંતર્ધાન એ પ્રમાણે સમાસ છે=સૂત્રમાં રહેલા સમાસનો વિગ્રહ છે. ત્યાં=દિક્પરિમાણરૂપ છઠ્ઠા વ્રતમાં, ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ ક્ષેત્રના વ્યતિક્રમરૂપ ત્રણ અતિચારો છે. અને વિવક્ષિત ક્ષેત્રથી આનયન=લાવવામાં, પરક્ષેત્રમાં રહેલી વસ્તુને બીજા દ્વારા સ્વક્ષેત્રમાં પ્રાપણમાં=લાવવામાં અને મોકલવામાં=તે ક્ષેત્રથી પર વડે અન્ય ક્ષેત્રમાં મોકલવામાં અથવા આનયન-પ્રેષણરૂપ ઉભય કરાયે છતે આ પ્રાપ્ત થાય છે=આ ત્રણ અતિચારો પ્રાપ્ત થાય છે. અને આ=પૂર્વમાં કહ્યો એ આનયનાદિમાં થયેલો અતિક્રમ, 'હું બીજા પાસેથી કરાવીશ નહિ' એ પ્રકારના દિગ્વ્રતવાળા પુરુષને જ સંભવ છે. . વળી, તેનાથી અન્ય પુરુષને=જે પુરુષે માત્ર પોતે જ તે ક્ષેત્રમાં નહીં જવાનું વ્રત લીધું છે તે પુરુષને, આનયન આદિમાં અનતિક્રમ જ છે=વ્રતનું ઉલ્લંઘન નથી જ; કેમ કે તેવા પ્રકારના પચ્ચક્ખાણનો અભાવ છે=બીજા પાસેથી પણ નહીં મંગાવવું એવા પ્રકારના પચ્ચક્ખાણનો અભાવ છે. ॥૧-૨-૩॥

અને ક્ષેત્રનું=દિગ્વ્રતના વિષયવાળી પૂર્વાદિ દિશાનું, અલ્પપણું હોતે છતે વધારવું=પશ્ચિમ આદિ ક્ષેત્રાન્તરના પરિમાણના પ્રક્ષેપથી દીર્ઘ કરવું એ ક્ષેત્રવૃદ્ધિ. ખરેખર, કોઈના વડે પણ પૂર્વ અને પશ્ચિમ દિશાનું પ્રત્યેક સો યોજન ગમન પરિમાણ કરાયું. અને અધિક જવાના ઉત્પન્ન થયેલા પ્રયોજનવાળો એવો તે એક દિશામાં નેવું યોજન સ્થાપન કરીને અન્ય દિશામાં ૧૦ અધિક સો યોજન કરે છે. બન્ને પણ પ્રકારથી ૨૦૦ યોજનરૂપ પરિમાણનું અવ્યાહતપણું હોવાથી=ભંગ થયેલ નહિ હોવાથી, એક ક્ષેત્રમાં વધારતા પુરુષને વ્રત સાપેક્ષપણું હોવાથી અતિચાર છે. ॥૪॥

અને અતિવ્યાકુળપણાને કારણે, પ્રમાદીપણાને કારણે, મતિના અપટુપણાદિપણાના કારણે સ્મૃતિનું= સો યોજન આદિ રૂપ દિક્પરિમાણના વિષયભૂત વ્રતના સ્મરણનું, અંતર્ધાન=ભ્રંશ તે સ્મૃતિ, અંતર્ધાન છે. ॥૫॥

અહીં=દિક્પરિમાણ વ્રતના અતિચારોમાં, વૃદ્ધનો સંપ્રદાય આ પ્રમાણે છે –

ઊર્ધ્વમાં જે પ્રમાણ ગ્રહણ કરાયું તેના ઉપરમાં પર્વતના શિખરમાં કે વૃક્ષમાં, વાંદરો કે પક્ષી, વસ્ત્ર કે આભરણને ગ્રહણ કરીને જાય ત્યાં=તે સ્થાનમાં તેને=દિક્પરિમાણવ્રતવાળા પુરુષને જવું કલ્પતું નથી. વળી, જ્યારે તે વસ્ત્ર કે આભરણ પડે અથવા અન્ય દ્વારા લઈ આપવામાં આવે ત્યારે ગ્રહણ કરવું કલ્પે છે. આ વળી, અષ્ટાપદ-ઉજ્જયન્તાદિમાં થાય. એ રીતે નીચે પણ કૂપાદિમાં વિભાષા જાણવી અર્થાત્ પોતાના પ્રતિજ્ઞા કરાયેલા ક્ષેત્રની મર્યાદા જાણવી. અને જે તિર્યક્ પ્રમાણ ગ્રહણ કરાયું તે ત્રિવિધકરણથી=મન-વચન-કાયથી અતિક્રમિત કરાવું જોઈએ નહિ અને ક્ષેત્રવૃદ્ધિ કરવી જોઈએ નહિ=અન્ય દિશામાં સંકોચ કરીને અન્ય દિશામાં ક્ષેત્રવૃદ્ધિ કરવી જોઈએ નહિ.

કેવી રીતે ક્ષેત્રવૃદ્ધિ કરવી જોઈએ નહિ ? તે સ્પષ્ટ કરે છે –

આ=વ્રતધારી શ્રાવક પૂર્વથી ભાજનને ગ્રહણ કરીને જ્યાં સુધી તેનું પરિમાણ છે=ક્ષેત્રનું પરિમાણ છે ત્યાં સુધી ગયો ત્યારપછી ભાજન અર્ધપ્રાપ્ત થયું એથી કરીને અપરદિશાથી જે યોજનો છે તેને પૂર્વ દિશાના પરિમાણમાં ક્ષેપ કરે છે=નાખે છે (એ પ્રમાણે ક્ષેત્રવૃદ્ધિ કરવી જોઈએ નહિ.) અને જો

સ્મૃતિના ભ્રંશથી પરિમાણ અતિક્રાન્ત થાય તો જ્ઞાન થયે છતે પાછું ફરવું જોઈએ અને આગળ જવું જોઈએ નહિ અને બીજાને પણ મોકલવું જોઈએ નહિ. હવે અજ્ઞાનપણાથી કોઈપણ શ્રાવક ગયેલો થાય તો જે તેના વડે પ્રાપ્ત થયું અને સ્વયં વિસ્મરણથી ગયેલા એવા તેના વડે ગ્રહણ કરવું જોઈએ નહિ=તે સ્થાનમાં જે વસ્તુ ખરીદ કરવાની છે તેનું ગ્રહણ કરવું જોઈએ નહિ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૮/૧૬૧॥

ભાવાર્થ :-

શ્રાવક સમ્યક્ત્વને પામેલો હોય છે, તેથી જીવની મોક્ષઅવસ્થા સિવાય તેને અન્ય કાંઈ સુંદર જણાતું નથી અને મોક્ષના ઉપાયભૂત સંપૂર્ણ નિરારંભ જીવન છે તેવી સ્થિર બુદ્ધિના કારણે શ્રાવક સંપૂર્ણ નિરારંભ જીવન જીવવાની શક્તિના સંચય અર્થે દેશવિરતિ ગ્રહણ કરે છે. દેશવિરતિમાં સ્વીકારાયેલા પાંચ અણુવ્રતના પરિણામને અતિશયિત કરવા માટે દિક્પરિમાણવ્રતરૂપ પ્રથમ ગુણવ્રત સ્વીકારે છે, તેથી શ્રાવક સદા વિચારે છે કે દેશવિરત પણ શ્રાવક તપાવેલા ગોળા જેવો હોવાથી સર્વક્ષેત્રમાં જઈને આરંભ કરે તેવી પરિણતિવાળો છે. તે પરિણતિને સંકોચ કરીને પરિમિત ક્ષેત્રના આરંભના પરિણામને નિષ્પન્ન કરવા અર્થે દિક્પરિમાણવ્રત શ્રાવક ગ્રહણ કરે છે, જેથી શ્રાવકનો દેશવિરતિકાળમાં વર્તતો આરંભનો પરિણામ પણ પરિમિત ક્ષેત્રથી નિયંત્રિત થવાને કારણે અને સર્વવિરતિના નિરારંભ જીવન પ્રત્યેના આકર્ષણને કારણે ઘણા આરંભની મર્યાદાનો સંકોચવાળો બને છે. આવા શ્રાવકો પોતાના સ્વીકારાયેલા દિક્પરિમાણવ્રતની મર્યાદાને સદા સ્મરણમાં રાખીને દેશવિરતિની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. જેથી દિક્પરિમાણવ્રતથી થયેલો સંવર ભાવ ક્યારેય મલિન થાય નહિ પરંતુ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિનું કારણ બને. આથી પોતે સ્વીકારેલા પરિમિત ક્ષેત્રનું કોઈ ઉલ્લંઘન ન થાય તોપણ વ્રતના સ્મરણના અભાવમાં સ્મૃતિઅંતર્ધાન નામનો અતિચાર પ્રાપ્ત થાય તો વ્રત મલિન બને છે. માટે વિવેકસંપન્ન શ્રાવકે દિક્પરિમાણવ્રતના અતિચારોનો સમ્યક્ બોધ કરીને વ્રત મલિન થઈને નાશ ન પામે તે માટે સ્વીકારેલા વ્રતની મર્યાદાનું સદા સ્મરણ કરવું જોઈએ. આમ છતાં અનાદિનો પ્રમાદ સુઅભ્યસ્ત છે, તેથી સર્વવિરતિના અર્થી વિવેકી શ્રાવકને પણ કોઈક નિમિત્તને વશ થઈને, કષાયનો ઉદય થાય ત્યારે વ્રતના પરિણામને મલિન કરે તેવા પાંચ અતિચારોમાંથી કોઈક અતિચાર થાય છે અને તે પાંચ અતિચારના કથનના ઉપલક્ષણથી તેવા પ્રકારના અન્ય પણ કોઈ અતિચાર સંભવે છે તેનો બોધ કરીને શ્રાવકે તે અતિચારોના પરિહાર માટે સદા યત્ન કરવો જોઈએ. તેના માટે ઉપદેશક શ્રાવકને દિક્પરિમાણવ્રતના અતિચારોનો બોધ કરાવે છે. **॥૨૮/૧૬૧॥**

અવતરણિકા :-

अथ द्वितीयस्य –

અવતરણિકાર્થ :-

હવે ઉપદેશક શ્રોતાને દેશવિરતિ આપ્યા પછી બીજા ગુણવ્રતના અતિચારો બતાવે છે –

સૂત્ર :-

सचित्तसंबद्धसंमिश्राऽभिषवदुष्पक्वाहाराः ।।२९/१६२।।

સૂત્રાર્થ :-

સચિત્ત આહાર, સંબદ્ધ=સચિત્તથી સંબદ્ધ આહાર, સંમિશ્ર=સચિત્તથી સંમિશ્ર આહાર, અભિષવ=સુરાસંધાનાદિ આહાર અને દુષ્પક્વ આહાર એ ભોગોપભોગ પરિમાણ વ્રતના અતિચારો છે. ।।૨૯/૧૬૨।।

ટીકા :-

सचित्तं च संबद्धं च संमिश्रं च अभिषवश्च दुष्पक्वाहारश्चेति समासः । इह च सचित्तादौ निवृत्तिविषयीकृतेऽपि प्रवृत्तावतिचाराभिधानं व्रतसापेक्षस्यानाभोगाऽतिक्रमादिनिबन्धनप्रवृत्त्या दृष्टव्यम्, अन्यथा भङ्ग एव स्यात् । तत्र 'सचित्तं' कन्दमूलफलादि, तथा 'संबद्धं' प्रतिबद्धं सचित्तवृक्षेषु गुन्दादि पक्वफलादि वा, तद्भक्षणं हि सावद्याहारवर्जकस्य सावद्याहारप्रवृत्तिरूपत्वादनाभोगादिनाऽतिचारः, अथवाऽस्थिकं त्यक्ष्यामि तस्यैव सचेतनत्वात् कटाहं तु भक्षयिष्यामि तस्याचेतनत्वादिति, तथा 'संमिश्रम्' अर्द्धपरिणतजलादि सद्यःपिष्टकणिकादि वा, 'अभिषवः' सुरासन्धानादि, 'दुष्पक्वाहारश्च' अर्द्धस्विन्नपृथुकादि, एतेऽपि अतिचारा अनाभोगादतिक्रमादिना वा सम्मिश्राद्युपजीवनप्रवृत्तस्य भवन्ति, अन्यथा पुनर्भङ्ग एवेति ।

इह भोगोपभोगमानलक्षणं गुणव्रतमन्यत्र भोजनतो गुणव्रतं यदुच्यते तदपेक्षयैवातिचारा उपन्यस्ताः, शेषव्रतपञ्चपञ्चातिचारसाधर्म्याद्, अन्यथाऽन्यत्रावश्यकनिर्युक्त्यादौ कर्मतोऽपीदमभिधीयते, तत्र 'कर्म' जीविकार्थमारम्भस्तदाश्रित्य खरकर्मादीनां निस्त्रिंशजनोचितकठोरारम्भाणां कोट्टपालगुप्तिपालत्वादीनां वर्जनं परिमाणं वा कार्यमिति । अत्र चाङ्गारकर्मादयः पञ्चदशातिचारा भवन्ति, तदुक्तम् –

"इंगाले वणसाडीभाडीफोडीसु वज्जए कम्मं ।

वाणिज्जं चेव य दंतलक्खरसकेसविसविसयं ।।११३।।

एवं खु जंतपीलणकम्मं नेलंछणं च दवदाणं ।

सरदहतलायसोसं असईपोसं च वज्जेज्जा ।।११४।।" **[श्रावकप्रज्ञप्तौ २८७-२८८]**

भावार्थस्तु वृद्धसंप्रदायादवसेयः, स चायम्–"'अङ्गारकर्मे'ति अङ्गारान् कृत्वा विक्रीणीते, तत्र षण्णां जीवनिकायानां वधः स्यात् ततस्तन्न कल्पते १। 'वनकर्म' यद्वनं क्रीणाति ततस्तच्छित्त्वा विक्रीय मूल्येन जीवति, एवं पत्रादीन्यपि प्रतिषिद्धानि भवन्ति २। 'शकटीकर्म' यच्छाकटिकत्वेन जीवति, तत्र गवादीनां वध-

बन्धादयो दोषाः स्युः ३। 'भाटीकर्म' यद् भाटकमादाय स्वकीयेन शकटादिना परभाण्डं वहत्यन्येषां वा शकट-बलीवर्दादीनर्पयतीति ४। 'स्फोटीकर्म' ओड्डत्वम्, यद्वा हलेन भूमेः स्फोटनम् ५। 'दन्तवाणिज्यं' यत् पूर्वमेव पुलिन्द्राणां मूल्यं ददाति 'दन्तान्मे यूयं दद्यात' इति, ततस्ते हस्तिनो घ्नन्ति 'अचिरादसौ वाणिजक एष्यति' इति कृत्वा, एवं कर्मकराणां शङ्खमूल्यं ददाति, पूर्वानीतांस्तु क्रीणाति ६। लाक्षावाणिज्यमप्येवमेव, दोषस्तु तत्र कृमयो भवन्ति ७। रसवाणिज्यं कल्पपालत्वम्, तत्र सुरादावनेके दोषाः मारणाऽऽक्रोशवधादयः ८। 'केशवाणिज्यं' यद् दास्यादीन् गृहीत्वाऽन्यत्र विक्रीणीते, अत्राप्यनेके दोषाः परवशित्वादयः ९। 'विषवाणिज्यं'-विषविक्रयः, स च न कल्पते, यतस्तेन बहूनां जीवानां विराधना स्यात् १०। 'यन्त्रपीडनकर्म' तिलेक्षुयन्त्रादिना तिलादिपीडनम् ११। 'निर्लाञ्छनकर्म' गवादीनां वर्द्धितककरणम् १२। 'दवदानकर्म' यद्वनदवं ददाति क्षेत्ररक्षणनिमित्तं यथोत्तरापथे,' दग्धे हि तत्र तरुणं तृणमुत्तिष्ठति, तत्र च सत्त्वशतसहस्राणां वधः स्यात् १३। 'सरोह्रदतडागपरिशोषणं' यत् सरःप्रभृतीनि शोषयति १४। 'असतीपोषणं' यद् योनिपोषका दासीः पोषयन्ति तत्संबन्धिनीं च भाटीं गृह्णन्ति यथा 'गोल्लविषय' इति १५।"

दिङ्मात्रदर्शनं चैतत् बहुसावद्यानां कर्मणामेवंजातीयानाम्, न पुनः परिगणनमिति । इह चैवं विंशतिसंख्यातिचाराभिधानमन्यत्रापि पञ्चातिचारसंख्यया तज्जातीयानां व्रतपरिणामकालुष्य-निबन्धनविधीनामपरेषां संग्रहो द्रष्टव्य इति ज्ञापनार्थम्, तेन स्मृत्यन्तर्धानादयो यथासंभवं सर्वव्रतेष्वतिचारा दृश्या इति । नन्वङ्गारकर्मादयः कस्मिन् व्रतेऽतिचाराः ? खरकर्मव्रत इति चेत्तर्हि व्रतविषयस्यातिचाराणां च कः परस्परं विशेषः ? खरकर्मरूपत्वादङ्गारकर्मादीनाम्, अत्रोच्यते, खरकर्मादय एवैतेऽतः खरकर्मादिव्रतिना परिहार्याः, यदा पुनरेतेष्वेवानाभोगादिना प्रवर्त्तते तदा खरकर्मव्रतातिचारा भवन्ति, यदा त्वाकुट्ट्या तदा भङ्गा एवेति ।।२९/१६२।।

ટીકાર્થ :-

सचित्तं च संबद्धं..... भङ्गा एवेति ।। સચિત્ત, સંબદ્ધ, સંમિશ્ર, અભિષવ, અને દુષ્પક્વાહાર એ પ્રમાણે સમાસ છે=સૂત્રનો સમાસ છે. અને અહીં=ભોગોપભોગ પરિમાણવ્રતમાં સચિત્ત આદિ નિવૃત્તિના વિષય કરાયે છતે પણ=સચિત્ત આદિના ત્યાગનું પચ્ચક્ખાણ કરાયે છતે પણ, પ્રવૃત્તિમાં=સચિત્ત આદિના ભોગની પ્રવૃત્તિમાં અતિચારનું કથન વ્રતસાપેક્ષવાળા શ્રાવકને અનાભોગ, અતિક્રમાદિની પ્રવૃત્તિથી જાણવું. અન્યથા= અનાભોગાદિ વગર સચિત્ત આદિનું ગ્રહણ કરે તો ભંગ જ થાય. ત્યાં=સચિત્ત આદિ અતિચારોમાં સચિત્ત કંદમૂળ, ફલાદિ છે. અને સંબદ્ધ=સચિત્ત વૃક્ષમાં પ્રતિબદ્ધ, એવાં ગુંદાદિ અથવા પક્વફલાદિ છે. તેનું ભક્ષણ સાવદ્યઆહારના વર્જક એવા શ્રાવકને=જીવસંસક્ત આહારના વર્જન કરતા એવા શ્રાવકને, અનાભોગાદિથી સાવદ્યઆહારની પ્રવૃત્તિરૂપપણું હોવાથી અતિચાર છે. અથવા અસ્થિકનો હું ત્યાગ કરીશ=પાકા ફળનાં અંદરમાં રહેલાં બીજાદિનો હું ત્યાગ

કરીશ; કેમ કે તેનું સચેતનપણું છે. વળી કટાહને=ઠળિયાને છોડીને ઉપરના ભાગને ભક્ષણ કરીશ કારણ કે તેનું અચેતનપણું છે. આ પ્રમાણે સચિત્ત સંબદ્ધ વાપરવાથી અતિચાર થાય છે. અને સંમિશ્ર=અર્ધપરિણતજલાદિ અથવા તાત્કાલિક પીસાયેલા કણિકાદિ=લોટ આદિ. અભિષવ= સુરાસંધાનાદિ=દારૂ અને જીવસંસક્ત એવા અથાણાદિ. દુષ્પક્વાહાર=અર્ધ સીઝાયેલા એવા ખાદ્યપદાર્થો. આ પણ અતિચારો અનાભોગાદિથી કે અતિક્રમાદિથી સંમિશ્રાદિ ઉપજીવનમાં પ્રવૃત્ત એવા શ્રાવકને થાય છે. અન્યથા=અનાભોગાદિ વગર, જાણવા છતાં ભક્ષણ કરે તો વ્રતની મર્યાદાનું ઉલ્લંઘન થયેલું હોવાથી ભંગ છે.

ભોગોપભોગમાન લક્ષણ ગુણવ્રત અન્યત્ર=ભોજનથી ગુણવ્રત જે કહેવાયું છે તેની અપેક્ષાએ જ અહીં=પ્રસ્તુત સૂત્રમાં, અતિચારો કહેવાયા છે; કેમ કે શેષ વ્રતના પાંચ પાંચ અતિચારોનું સાધર્મ્ય છે. અન્યથા=ભોજનથી ગુણવ્રત ગ્રહણ કરવામાં ન આવે તો અન્યત્ર આવશ્યક નિર્યુક્તિ આદિમાં કર્મથી પણ આ=ભોગોપભોગમાન ગુણવ્રત કહેવાયું છે. ત્યાં=અન્યત્ર આવશ્યક નિર્યુક્તિ આદિમાં કર્મ= જીવિકા માટે આરંભ છે=આજીવિકા માટે આરંભ છે, તેને આશ્રયીને ખરકર્માદિનું ક્રૂર લોકોને ઉચિત એવા કઠોર આરંભરૂપ કોટવાલ, ગુપ્તિ પાલક આદિનું વર્જન અથવા પરિમાણ કરવું જોઈએ. અર્થાત્ ભોગોપભોગ પરિમાણ વ્રતમાં આવા ખરકર્માદિવાળા આરંભ-સમારંભનું વર્જન કરવું જોઈએ અથવા શક્ય ન હોય તો પરિમાણ કરવું જોઈએ એમ આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે. અને અહીં=આવશ્યક નિર્યુક્તિમાં આજીવિકાના અર્થે કરાતી ક્રિયાઓને આશ્રયીને ભોગોપભોગ પરિમાણ વ્રત કહ્યું એમાં, અંગારકર્માદિ પંદર અતિચારો છે તે કહેવાયું છે –

"અંગારકર્મ, વનકર્મ, સાટી કર્મ, ભાટી કર્મ, સ્ફોટી કર્મ, વર્જવા જોઈએ. અને દંત લાક્ષા, રસ, કેશ અને વિષવિષયવાળું વાણિજ્ય છે. યંત્રપીલણકર્મ, નિર્લાંછનકર્મ, દવદાનકર્મ, સરોવર, હ્રદ તથા તળાવનું શોષણ અને અસતીનું પોષણ વર્જવું જોઈએ. ।।૧૧૩-૧૧૪।।" **(શ્રાવકપ્રજ્ઞપ્તિસૂત્ર, ગાથા-૨૮૭-૨૮૮)**

વળી, ભાવાર્થ વૃદ્ધ સંપ્રદાયથી જાણવો અને તે=પંદર કર્માદાનનો ભાવાર્થ આ છે –

"અંગારકર્મ=અંગાર કરીને વેચે છે તે અંગારકર્મ. ત્યાં=અંગારકર્મમાં છ જીવ નિકાયનો વધ થાય, તેથી તે=અંગારકર્મ શ્રાવકને કલ્પતું નથી ।।૧।।

વનકર્મ=જે વનની ખરીદી કરે છે ત્યારપછી વૃક્ષોને છેદીને, વેચીને મૂલ્યથી જીવે છે. આ રીતે=વનકર્મનો નિષેધ કર્યો એ રીતે પત્રાદિ છેદીને વેચવાનો પ્રતિષેધ કરાય છે. ।।૨।।

શકટીકર્મ=જે ગાડાંઓ વગેરે કરીને તેનાથી આજીવિકા કરે છે અર્થાત્ ભારવહન આદિનાં કૃત્યો કરીને આજીવિકા કરે છે તે શકટીકર્મ છે. ત્યાં=શકટીકર્મમાં ગાયાદિના વધ-બંધાદિ દોષો થાય. ।।૩।।

ભાટીકર્મ=જે ભાટકને ગ્રહણ કરીને=ભાડાને ગ્રહણ કરીને, પોતાના ગાડા આદિ દ્વારા પરના ભારને વહન કરે છે અથવા અન્યોને ગાડાં, બળદ આદિ આપે છે તે ભાટીકર્મ છે. ।।૪।।

સ્ફોટીકર્મ=ભૂમિને ફોડવું અથવા હળથી ભૂમિનું સ્ફોટન=ખેતી કરવી. ।।૫।।

દંતવાણિજ્ય=પૂર્વમાં જ ભીલોને જે મૂલ્ય આપે છે=તમારે મને હાથીના દાંતો આપવાના. તે શરતે મૂલ્ય આપે છે, તેથી તેઓ=ભીલાદિ, હાથીઓને હણે છે.

કેમ હાથીઓને હણે છે ? તેથી કહે છે –

શીઘ્ર આ=દંતવાણિજ્ય કરનાર પુરુષ, વાણિજક=નવો ધંધો આપશે એથી કરીને હાથીને હણે છે. એ રીતે કર્મકરોને=શંખ આદિ લાવનારાઓને શંખનું મૂલ્ય આપે છે અને પૂર્વમાં લાવેલ શંખોની ખરીદી કરે છે તે દંતવાણિજ્ય છે. ॥૬॥

લાક્ષાવાણિજ્ય પણ એ રીતે જ છે=દંતવાણિજ્યની જેમ જ લાક્ષાવાણિજ્ય છે. વળી, ત્યાં=લાખના વ્યાપારમાં, દોષ કૃમિઓ હોય છે=લાક્ષાનિષ્પત્તિમાં ઘણા જીવોનો સંહાર થાય છે. ॥૭॥

રસવાણિજ્ય=કલ્પપાલપણું=દારૂ વેચવાનો ધંધો. તેમાં=સુરાદિમાં અનેક પ્રકારના મારણ, આક્રોશ, વધાદિ દોષો છે. ॥૮॥

કેશવાણિજ્ય=દાસી આદિને ગ્રહણ કરીને જે અન્યત્ર વેચે છે તે કેશવાણિજ્ય છે. અહીં પણ=કેશવાળા માણસો આદિને વેચવાના ધંધામાં પણ, પરવશીપણું આદિ અનેક દોષો છે. ॥૯॥

વિષવાણિજ્ય=વિષનું વેચાણ, અને તે=વિષનું વેચાણ શ્રાવકને કલ્પતું નથી. જે કારણથી તેના વડે=વિષ વડે, ઘણા જીવોની વિરાધના થાય. ॥૧૦॥

યંત્રપીડનકર્મ=તલ, શેરડી વગેરેના યંત્રાદિથી તલ આદિનું પીડન. ॥૧૧॥

નિર્લાંછનકર્મ=ગાય આદિનું વર્દ્ધિતકકરણ=અંગછેદન આદિનું કરણ. ॥૧૨॥

દવદાનકર્મ : વનમાં અગ્નિને જે કરે છે તે દવદાનકર્મ છે.

શેના માટે કરે છે ? તે સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે ઉત્તરપથમાં વન બાળે છતે ત્યાં મોટું તૃણ ઊગે છે અને તેમાં=વનને બાળવામાં, ઘણા જીવોનો વધ થાય છે. ॥૧૩॥

સરોવર તળાવનું પરિશોષણ : જે સરોવર વગેરેને શોષે છે. ॥૧૪॥

અસતીનું પોષણ : જે કારણથી દુરાચારી એવી દાસીને પોષે છે અને તેના દુરાચાર સંબંધી ભાડાને ગ્રહણ કરે છે જે પ્રમાણે ગોલ્લવિષયમાં અસતીઓનું પોષણ થાય છે ॥૧૫॥

અને આ=૧૫ કર્માદાન, આવા જાતિવાળા બહુ સાવદ્ય કર્મોનું માત્ર દિશાદર્શનરૂપ છે, તેથી તે સર્વનો પરિહાર કરવો જોઈએ. વળી, ૧૫ની સંખ્યાની મર્યાદા રાખવા માટે પરિગણન કરેલ નથી=અન્ય સાવદ્ય કર્મોની સ્વતંત્ર ગણના કરેલ નથી પરંતુ શ્રાવકે તે સર્વનું વર્જન કરવું જોઈએ. અને અહીં=ભોગોપભોગવ્રતમાં આ રીતે ૨૦ સંખ્યાના અતિચારોનું કથન અન્યત્ર પણ=અન્ય વ્રતોમાં પણ પાંચ અતિચારની સંખ્યાનું તેના જાતીયમાં વ્રતપરિણામના કાલુષ્યના કારણ એવા બીજા પણ અતિચારોનો સંગ્રહ જાણવો એ જણાવવા માટે છે, તેથી સ્મૃતિઅંતર્ધાન આદિ સર્વ વ્રતોમાં યથાસંભવ અતિચાર જાણવા.

'ननु'થી શંકા કરે છે કે અંગારકર્માદિ કયા વ્રતમાં અતિચાર છે ? ખરકર્મવ્રતમાં અતિચાર છે એમ કહેવામાં આવે તો વ્રતના વિષયનો અને અતિચારોનો શું પરસ્પર ભેદ છે ? અર્થાત્ કંઈ ભેદ નથી; કેમ કે અંગારકર્મ આદિનું ખરકર્માદિરૂપપણું છે=આરંભ સમારંભની ક્રિયારૂપપણું છે, તેથી અંગારકર્માદિને અતિચાર ન કહેવાય, વ્રતભંગ જ કહેવાય એ પ્રકારનો શંકાકારનો આશય છે.

તેમાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે –ખરકર્માદિ જ આ છે=અંગારકર્માદિ છે. આથી ખરકર્માદિ વ્રતવાળા શ્રાવકે અંગારકર્માદિ વર્જવા જોઈએ. વળી, જ્યારે અંગારકર્માદિમાં અનાભોગ આદિથી પ્રવર્તે છે ત્યારે ખરકર્મવ્રતનાં અતિચારો થાય છે. વળી, જ્યારે આકુટ્ટીથી પ્રવર્તે છે=આ અંગારકર્માદિ મારા વ્રત પ્રમાણે ત્યાજ્ય છે એમ જાણવા છતાં લોભને વશ અંગારકર્માદિમાં પ્રવર્તે છે ત્યારે ભંગ જ છે=વ્રતનો ભંગ જ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૯/૧૬૨॥

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિના શક્તિના સંચયના અર્થી છે, તેથી સંપૂર્ણ ભોગોપભોગના ત્યાગપૂર્વક, નિરવદ્ય સંયમજીવન જીવવા માટે અભિલાષવાળા છે, તેથી સંપૂર્ણ નિરવદ્ય જીવનની શક્તિના સંચયના અંગરૂપ ભોગોપભોગનું પરિમાણ બે રીતે કરે છે : (૧) ભોજનને આશ્રયીને કરે છે. તેના સચિત્ત આદિ પાંચ અતિચારો છે. અને (૨) આજીવિકા અર્થે જે વ્યાપાર આદિ કરે છે તે પણ ભોગોપભોગનું અંગ છે, તેથી જે વ્યાપારનાં કૃત્યોમાં ઘણા આરંભ-સમારંભ હોય તેવાં કૃત્યોનો ત્યાગ કરીને ભોગોપભોગ પરિમાણ વ્રત ગ્રહણ કરે છે અને તેના પંદર પ્રકારનાં કર્માદાન કૃત્યો છે, જેના વ્યાપારમાં ઘણો આરંભ-સમારંભ થાય છે, તેથી તે ૧૫ કર્માદાનના ત્યાગનું પચ્ચક્ખાણ કર્યા પછી અનાભોગ આદિથી તેવું કોઈ કૃત્ય થાય, તો વ્રતમાં અતિચાર લાગે છે અને તે અતિચારોનું જ્ઞાન કરીને શ્રાવક વ્રતના માલિન્યનો પરિહાર કરે છે, જેથી આરંભ-સમારંભનાં કૃત્યોથી કંઈક સંવરભાવને પામીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય છે.

વળી, આહારાદિની પ્રવૃત્તિમાં પણ સચિત્ત આદિનો ત્યાગ કરીને શ્રાવક ભોગોપભોગ પરિમાણવ્રતનું પચ્ચક્ખાણ કરે છે, જેના દ્વારા સંવરભાવને પ્રાપ્ત કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે, તે આહાર આદિના પચ્ચક્ખાણમાં પણ અનાભોગ આદિથી કોઈ અતિચાર ન થાય તે માટે સચિત્ત આદિ પાંચ અતિચારોનું જ્ઞાન કરે છે અને યત્નપૂર્વક અતિચારોનો પરિહાર કરીને સંવરભાવની વૃદ્ધિ કરે છે; જેથી ક્રમે કરીને સંપૂર્ણ નિરારંભ જીવનની પ્રાપ્તિ થાય. **॥૨૯/૧૬૨॥**

અવતરણિકા :-

अथ तृतीयस्य –

અવતરણિકાર્થ :-

યોગ્ય શ્રોતાને વ્રત આપ્યા પછી ક્રમપ્રાપ્ત ત્રીજા ગુણવ્રતના અતિચારો ઉપદેશક કહે છે –

સૂત્ર :-

कन्दर्पकौत्कुच्यमौखर्याऽसमीक्ष्याधिकरणोपभोगाधिकत्वानि ।।३०/१६३।।

સૂત્રાર્થ :-

કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્ય=વિચાર્યા વગર અધિકરણ, ઉપભોગનું અધિકપણું એ ત્રીજા ગુણવ્રતના અતિચારો છે. ।।૩૦/૧૬૩।।

ટીકા :-

कन्दर्पश्च कौत्कुच्यं च मौखर्यं चासमीक्ष्याधिकरणं चोपभोगाधिकत्वं चेति समासः, तत्र 'कन्दर्पः' कामः, तद्धेतुर्विशिष्टो वाक्प्रयोगोऽपि कन्दर्प एव, मोहोद्दीपकं वाक्कर्मेति भावः, इह च सामाचारी-श्रावकस्याट्टट्टहासो न कल्पते कर्त्तुम्, यदि नाम हसितव्यं तदेषदेवेति १। तथा 'कुत्कुचः' कुत्सित-संकोचनादिक्रियायुक्तः, तद्भावः 'कौत्कुच्यम्' अनेकप्रकारमुखनयनादिविकारपूर्विका परिहासादि-जनिता भण्डानामिव विडम्बनक्रियेत्यर्थः, अत्र सामाचारी–तादृशानि भणितुं न कल्पन्ते यादृशै-र्लोकस्य हास उत्पद्यते, एवं गत्या गन्तुं स्थानेन वा स्थातुमिति । एतौ च कन्दर्पकौत्कुच्याख्या-वतिचारौ प्रमादाचरितव्रतस्यावसेयौ, प्रमादरूपत्वात् तयोः २। तथा मुखमस्यास्तीति मुखरस्तद्-भावः कर्म वेति 'मोखर्यं' धार्ष्ट्यप्रायमसभ्यासत्यासंबद्धप्रलापित्वम्, अयं च पापोपदेशव्रतस्या-तिचारो, मौखर्ये सति पापोपदेशसंभवात् ३। तथा 'असमीक्ष्यै'व तथाविधकार्यमपर्यालोच्यैव प्रवण-तया यद् व्यवस्थापितमधिकरणं वास्युदूखल-शिलापुत्रक-गोधूमयन्त्रकादि तद् 'असमीक्ष्याधिकरणम्' । अत्र सामाचारी–श्रावकेण न संयुक्तानि शकटादीनि धारयितव्यानीति, अयं च हिंस्रप्रदानव्रत-स्यातिचारः ४।

तथा 'उपभोगस्य' उपलक्षणत्वाद् भोगस्य च उक्तनिर्वचनस्याधिकत्वम् अतिरिक्तता 'उपभोगा-धिकत्वम्,' इहापि सामाचारी–उपभोगातिरिक्तानि यदि बहूनि तैलामलकानि गृह्णाति तदा तल्लौल्येन बहवः स्नातुं तडागादौ व्रजन्ति, ततश्च पूतरकादिवधोऽधिकः स्याद्, एवं ताम्बूलादिष्वपि विभाषा, न चैवं कल्पते, ततः को विधिरुपभोगे? तत्र स्नाने तावद् गृहे एव स्नातव्यम्, नास्ति चेत्तत्र सामग्री तदा तैलामलकैः शिरो घर्षयित्वा तानि च सर्वाणि झाटयित्वा तडागादीनां तटे निविष्टोऽञ्जलिभिः स्नाति, तथा येषु पुष्पादिषु कुन्थ्वादयः सन्ति तानि परिहरतीति, अयं च प्रमादाचरितव्रत एव, विषयात्मकत्वादस्य ५। अपध्यानाचरितव्रते त्वानाभोगादिना अपध्याने प्रवृत्तिरतिचार इति स्वयम-भ्यूह्यम्, कन्दर्पादय आकुट्ट्या क्रियमाणा भङ्गा एवावसेया इति ।।३०/१६३।।

ટીકાર્થ :-

કન્દર્પશ્ચ ..... એવાવસેયા ઇતિ ।। કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્ય અધિકરણ અને ઉપભોગનું અધિકપણું એ પ્રમાણે સમાસ છે=સૂત્રનો સમાસ છે. ત્યાં કંદર્પ કામ છે. તેનું કારણ એવો વિશિષ્ટ વાક્પ્રયોગ પણ કંદર્પ જ છે અર્થાત્ મોહનું ઉદ્દીપક એવું વાક્કર્મ છે એ પ્રકારનો ભાવ છે. અને અહીં=અનર્થદંડવિરમણવ્રતના વિષયમાં, સામાચારી છે – શ્રાવકે જોરથી હાસ્ય કરવું કલ્પતું નથી. જો હસવું પડે તેવું હોય તો સહેજ જ હસવું જોઈએ. ।।૧।। અને કૌત્કુચ્ય=કુત્સિત સંકોચનાદિ ક્રિયાથી યુક્ત તેનો ભાવ કૌત્કુચ્ય અર્થાત્ અનેક પ્રકારના મુખ-ચક્ષુ આદિના વિકારપૂર્વક પરિહાસાદિ-જનિત ભાંડની જેમ વિડંબનક્રિયા. અહીં સામાચારી છે=કૌત્કુચ્યના વિષયમાં સામાચારી છે. તેવા પ્રકારનું બોલવું કલ્પતું નથી, જેનાથી લોકોને હાસ્ય ઉત્પન્ન થાય. એ રીતે ગતિથી જવા માટે કે સ્થાનથી રહેવા માટે પણ શ્રાવકને કલ્પતું નથી જેનાથી લોકોને હાસ્ય થાય. અને આ બન્ને=કંદર્પ અને કૌત્કુચ્ય પ્રમાદ આચરિત વ્રતના અતિચાર જાણવા=પ્રમાદની આચરણાના ત્યાગરૂપ વ્રતના અતિચારો જાણવા; કેમ કે તે બન્નેનું પ્રમાદરૂપપણું છે. ।।૨।। અને મુખ છે જેને તે મુખર; તેનો ભાવ અથવા તેનું કર્મ તે મૌખર્ય=ધૃષ્ટતાવાળું અસભ્ય, અસત્ય, અસંબંધ પ્રલાપીપણું મૌખર્ય છે. અને આ=મૌખર્ય, પાપોપદેશવ્રતનો=પાપોપદેશ વિરમણવ્રતનો અતિચાર છે; કેમ કે મુખરપણું હોતે છતે પાપોપદેશનો સંભવ છે. ।।૩।। અને અસમીક્ષ્ય જ=તેવા પ્રકારના કાર્યનો વિચાર કર્યા વગર જ પ્રવણપણાથી=કાર્ય કરે એ પ્રકારના સમર્થપણાથી, જે વ્યવસ્થાપિત અધિકરણ વાસી=રંધો, ઉદૂખલ=ખાંડણી, શિલાપુત્રક=વાટવાનો પત્થર, ગોધૂમયંત્રાદિ=ઘંટી આદિ રૂપ અધિકરણ તે અસમીક્ષ્ય અધિકરણ છે. અહીં સામાચારી છે – શ્રાવકે સંયુક્ત ગાડાં આદિ ધારણ કરવાં જોઈએ નહીં. અને આ=અસમીક્ષ્ય અધિકરણ એ હિંસાના દાનના વ્રતનો અતિચાર છે=હિંસાના સાધનના દાનના વિરમણવ્રતનો અતિચાર છે.

અને ઉપભોગનું ઉપલક્ષણપણું હોવાથી પૂર્વમાં કહેલા સ્વરૂપવાળા ભોગનું અધિકપણું=અતિરિક્તતા તે ઉપભોગ અધિકપણું છે. અહીં પણ સામાચારી છે. ઉપભોગની અતિરિક્તતા જો ઘણા તેલ-આમળાને ગ્રહણ કરે ત્યારે તેના લૌલ્યપણાથી ઘણું સ્નાન કરવા માટે તળાવ આદિમાં જાય છે અને તેનાથી પોરા વગેરેનો અધિક વધ થાય છે. આ રીતે તાંબૂલાદિમાં પણ વિભાષા છે=વિકલ્પ છે. અને આ પ્રમાણે=અતિશય ભોગ કરવા શ્રાવકને કલ્પતા નથી, તેથી ઉપભોગમાં શું વિધિ છે ? ત્યાં સ્નાનના વિષયમાં ઘરમાં સ્નાન કરવું જોઈએ. અને જો ત્યાં=ઘરમાં નહાવાની સામગ્રી નથી તો તેલ આમળા વડે શિરનું ઘર્ષણ કરીને તે સર્વને=આમળાને ઝાટકીને=ખંખેરીને તળાવ આદિના તટમાં બેઠેલો અંજલિ વડે સ્નાન કરે. અને જે પુષ્પાદિમાં કુંથુ આદિ હોય તેનો પરિહાર કરે. અને આ=અધિક પ્રમાણમાં ભોગ-ઉપભોગનો પરિહાર કરવો એ પ્રમાદઆચરિત વ્રત જ છે; કેમ કે અધિક ભોગ-ઉપભોગનું પ્રમાદઆચરણનું વિષયપણું છે. વળી, અપધ્યાન આચરિત વ્રતમાં અનાભોગ

આદિથી અપધ્યાનવિષયક પ્રવૃત્તિ અતિચાર છે. એ પ્રમાણે સ્વયં વિચારવું. કંદર્પ આદિ આકુટ્ટીથી કરાતા=આ વ્રતનાં દોષો છે તેવું સ્પષ્ટ જાણવા છતાં કરવામાં, ભંગ જ જાણવો.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૦/૧૬૩॥

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિની શક્તિના સંચય અર્થે ભોગવિલાસ આદિનો ક્રમસર સંકોચ કરે છે અને જેને કોઈ પ્રયોજન નથી તેવાં નિરર્થક પાપો ન થાય તેના માટે અનર્થદંડવિરમણવ્રત સ્વીકારે છે; જેમાં પ્રમાદ આચરણનો ત્યાગ કરવાનું વ્રત હોય છે, પાપોપદેશના ત્યાગનું વ્રત હોય છે, હિંસાનાં સાધનો બીજાને નહિ આપવાનું વ્રત હોય છે અને જીવનમાં નિરર્થક વિચારણા થાય એવા અપધ્યાનનાં ત્યાગનું વ્રત હોય છે. આ રીતે અનાવશ્યક પાપોનો પરિહાર કરીને શ્રાવક સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. આમ છતાં અનાદિના સંસ્કારના કારણે અનાભોગ આદિથી કંદર્પ આદિ અતિચારોનું સેવન ન થાય તેના માટે વ્રત આપ્યા પછી ઉપદેશક અનર્થદંડવિરમણવ્રતના પાંચ અતિચારોનો બોધ કરાવે છે જેથી વિવેકી શ્રાવક તેનો પરિહાર કરીને શીઘ્ર સર્વવિરતિની શક્તિનો સંચય કરી શકે. **॥૩૦/૧૬૩॥**

અવતરણિકા :-

अथ प्रथमशिक्षापदस्य –

અવતરણિકાર્થ :-

હવે શ્રાવકને વ્રતો આપ્યા પછી સંયમની શિક્ષા માટે સેવાતાં ચાર શિક્ષાવ્રતોમાંથી પ્રથમ સામાયિક નામના શિક્ષાવ્રતના અતિચારો ઉપદેશક બતાવે છે –

સૂત્ર :-

योगदुष्प्रणिधानाऽनादरस्मृत्यनुपस्थापनानि ॥३१/१६४॥

સૂત્રાર્થ :-

યોગદુષ્પ્રણિધાનો=મન-વચન-કાયાના યોગોનું સામાયિકના પરિણામથી વિપરીત પ્રવર્તન, અનાદર, સ્મૃતિઅનુપસ્થાપન, એ પાંચ સામાયિક વ્રતના અતિચારો છે. ॥૩૧/૧૬૪॥

ટીકા :-

योगदुष्प्रणिधानानि च अनादरश्च स्मृत्यनुपस्थानं चेति समासः । तत्र 'योगाः' मनोवचन-कायाः, तेषां 'दुष्प्रणिधानानि' सावद्ये प्रवर्त्तनलक्षणानि योगदुष्प्रणिधानानि, एते त्रयोऽतिचाराः, 'अनादरः' पुनः प्रबलप्रमादादिदोषाद् यथाकथञ्चित् करणं कृत्वा वाऽकृतसामायिककार्यस्यैव तत्क्षणमेव पारणमिति, 'स्मृत्यनुपस्थापनं पुनः' स्मृतेः सामायिककरणावसरविषयायाः कृतस्य वा सामायिकस्य

प्रबलप्रमाददोषादनुपस्थापनम् अनवतारणम्, एतदुक्तं भवति-'कदा मया सामायिकं कर्त्तव्यम्, कृतं मया सामायिकं न वा' इत्येवंरूपस्य स्मरणस्य भ्रंश इति । ननु मनोदुष्प्रणिधानादिषु सामायिकस्य निरर्थकत्वादभाव एव प्रतिपादितो भवति, अतिचारश्च मालिन्यरूपो भवतीति कथं सामायिकाभावे? अतो भङ्गा एवैते नातिचाराः, सत्यम्, किन्त्वनाभोगतोऽतिचारत्वमिति । ननु द्विविधं त्रिविधेन सावद्यप्रत्याख्यानं सामायिकम्, तत्र च मनोदुष्प्रणिधानादौ प्रत्याख्यानभङ्गात् सामायिकाभाव एव, तद्भङ्गजनितं प्रायश्चित्तं च स्यात्, मनोदुष्प्रणिधानं च दुष्परिहार्यम्, मनसोऽनवस्थितत्वाद्, अतः सामायिकप्रतिपत्तेः सकाशात् तदप्रतिपत्तिरेव श्रेयसीति, नैवम्, यतः सामायिकं द्विविधं त्रिविधेन प्रतिपन्नम्, तत्र मनसा सावद्यं न करोमीत्यादीनि षट् प्रत्याख्यानानि इत्यन्यतरभङ्गेऽपि शेषसद्भावान्न सामायिकस्यात्यन्ताभावः, मिथ्यादुष्कृतेन मनोदुष्प्रणिधानमात्रशुद्धेश्च, सर्वविरतिसामायिकेऽपि तथाऽभ्युपगतत्वात्, यतो गुप्तिभङ्गे मिथ्यादुष्कृतं प्रायश्चित्तमुक्तम्, यदाह- - "बीओ उ असमिओ मि त्ति कीस सहसा अगुत्तो वा" [आव० नि० १४३९] द्वितीयोऽतिचारः समित्यादिभङ्गरूपोऽनुतापेन शुद्ध्यतीत्यर्थः, इति न प्रतिपत्तेरप्रतिपत्तिर्गरीयसीति । किञ्च, सातिचारानुष्ठानादप्यभ्यासतः कालेन निरतिचारमनुष्ठानं भवतीति सूरयः । यदाह—"अभ्यासोऽपि प्रायः प्रभूतजन्मानुगो भवति शुद्धः" [षोडशक० १३।१३] ।।३१/१६४।।

ટીકાર્થ :-

योगदुष्प्रणिधानानि ..... भवति शुद्धः" ।। યોગદુષ્પ્રણિધાનો, અનાદર, સ્મૃતિઅનુપસ્થાન એ પ્રમાણે સમાસ છે=એ પ્રમાણે સૂત્રનો સમાસ છે. ત્યાં=સામાયિકના પાંચ અતિચારોમાં, યોગ મન-વચન-કાયા છે, તેઓનું દુષ્પ્રણિધાન=સાવદ્યમાં પ્રવર્તનરૂપ દુષ્પ્રણિધાન, યોગદુષ્પ્રણિધાન છે. આ ત્રણ સામાયિકના અતિચાર છે.

અનાદર : વળી, અનાદર પ્રબળ પ્રમાદ આદિ દોષના કારણે જેમ તેમ કોઈ રીતે સામાયિકને કરીને તત્ક્ષણ જ પારવું= સામાયિકનો સમય પૂર્ણ થાય કે તરત જ પારવું એ અનાદર છે. અથવા અકૃત સામાયિકના કાર્યવાળાનું જ=સામાયિક ગ્રહણ કર્યા પછી સામાયિકને ઉચિત સ્વાધ્યાય આદિ જેણે કર્યો નથી તેવા સામાયિક કરનારનું તે ક્ષણમાં જ પારવું એ અનાદર છે.

સ્મૃતિઅનુપસ્થાન : વળી, સ્મૃતિનું અનુપસ્થાપન=સામાયિકના કરણના અવસરવાળા વિષયનું અથવા કરાયેલ સામાયિકનું પ્રબળ પ્રમાદ દોષના કારણે અનુપસ્થાપન=અનવતારણ. આ કહેવાયેલું થાય છે – ક્યારે મારે સામાયિક કરવું જોઈએ અથવા મારા વડે સામાયિક કરાયું કે નહિ એ પ્રકારના સ્મરણનો ભ્રંશ એ સ્મૃતિઅનુપસ્થાપન છે.

'ननु'થી શંકા કરે છે – મનોદુષ્પ્રણિધાન આદિમાં સામાયિકનું નિરર્થકપણું હોવાથી અભાવ જ પ્રતિપાદન કરાયેલો થાય છે=સામાયિકનો અભાવ જ પ્રતિપાદન કરાયેલો થાય છે. અને સામાયિકના અભાવમાં માલિન્યરૂપ અતિચાર કેવી રીતે થાય ? અર્થાત્ અતિચાર થાય નહિ. આથી ભંગ જ છે. આ=મનોદુષ્પ્રણિધાન આદિ, અતિચાર નથી.

તે શંકાનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત સાચી છે, પરંતુ અનાભોગથી અતિચારપણું છે.

'ननु'થી શંકા કરે છે – દ્વિવિધ-ત્રિવિધથી સાવદ્યનું પ્રત્યાખ્યાન સામાયિક છે અને ત્યાં=સામાયિકના પ્રત્યાખ્યાનમાં, મનોદુષ્પ્રણિધાન આદિમાં પ્રત્યાખ્યાનનો ભંગ હોવાથી સામાયિકનો અભાવ જ છે અને તેના ભંગજનિત પ્રાયશ્ચિત્ત થાય=પ્રતિજ્ઞા કરાયેલા સાવદ્યના પરિહારનાં ભંગજનિત પ્રાયશ્ચિત્ત થાય. અને મનના દુષ્પ્રણિધાનનો પરિહાર કરવો દુષ્કર છે; કેમ કે મનનું અનવસ્થિતપણું છે. આથી સામાયિકના સ્વીકારથી સામાયિકનો અસ્વીકાર જ શ્રેયકાર છે એ પ્રમાણે ન કહેવું; જે કારણથી સામાયિક દ્વિવિધ-ત્રિવિધથી સ્વીકારાયેલું છે ત્યાં મન દ્વારા સાવદ્ય ન કરવું ઈત્યાદિ છ પચ્ચક્ખાણ છે એથી અન્યતરના ભંગમાં પણ શેષનો સદ્ભાવ હોવાથી સામાયિકનો અત્યન્તાભાવ નથી અને મિથ્યાદુષ્કૃતથી મનોદુષ્પ્રણિધાન માત્રની શુદ્ધિ છે; કેમ કે સર્વવિરતિ સામાયિકમાં પણ તે પ્રમાણે સ્વીકાર્યું છે=મનોદુષ્પ્રણિધાન માત્રની શુદ્ધિ મિથ્યાદુષ્કૃતથી થાય છે એ પ્રમાણે સ્વીકાર્યું છે જે કારણથી ગુપ્તિના ભંગમાં મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્ત કહેવાયું છે. જેને કહે છે –

"અને બીજો અસમિત છું કઈ રીતે ? સહસા, અગુપ્ત હોવાથી" **(આવશ્યક નિર્યુક્તિ, ગાથા ૧૪૩૯) એ પ્રમાણે સમિતિ આદિના ભંગરૂપ બીજો અતિચાર અનુતાપથી શુદ્ધ થાય છે, તેથી સામાયિકના સ્વીકારથી સામાયિકનો અસ્વીકાર શ્રેષ્ઠ નથી. વળી સાતિચાર અનુષ્ઠાનથી પણ અભ્યાસથી કાળ દ્વારા=કંઈક સમય પસાર થયા પછી નિરતિચાર અનુષ્ઠાન થાય છે એ પ્રમાણે સૂરિ કહે છે. જેને કહે છે –** "અભ્યાસ પણ પ્રાયઃ ઘણા જન્મોથી અનુસરાયેલો શુદ્ધ થાય છે." **(ષોડશક-૧૩/૧૩) ॥૩૧/૧૬૪॥**

ભાવાર્થ :-

સામાયિકનો પરિણામ સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ આદિ સર્વભાવો પ્રત્યે સમભાવના પરિણામરૂપ છે અને શ્રાવક જ્યારે પ્રણિધાનઆશયપૂર્વક સામાયિક ગ્રહણ કરે છે ત્યારે સર્વભાવો પ્રત્યેના સમભાવના પરિણામ પ્રત્યેના તીવ્ર રાગપૂર્વક સંકલ્પ કરે છે કે આ પ્રકારના સમભાવના પરિણામમાં વૃદ્ધિ થાય એ પ્રકારે જ સામાયિક દરમ્યાન હું સર્વ ઉચિત ક્રિયાઓ કરીશ. તેથી સામાયિકના પરિણામના કાળ દરમ્યાન શ્રાવકનું ચિત્ત ક્રોધાદિ ચાર કષાયોના ઉન્મૂલનને અનુકૂળ ક્ષમા, માર્દવ, આર્જવ અને નિરીહિતારૂપ ચાર ભાવોની સતત વૃદ્ધિ થાય તે પ્રકારના દૃઢ પ્રણિધાનપૂર્વક સર્વ ઉચિત ક્રિયામાં પ્રવર્તે છે. આમ છતાં, અનાભોગાદિથી ઉપયોગમાં સ્ખલના થાય તો પાંચ પ્રકારના અતિચારોમાંથી કોઈક અતિચારની પ્રાપ્તિ શ્રાવકને થઈ શકે છે તે બતાવવા અર્થે ઉપદેશક વ્રત આપ્યા પછી શ્રાવકને સામાયિકમાં થતા પાંચ અતિચારનું સ્વરૂપ બતાવે છે –

(૧) મનોયોગદુષ્પ્રણિધાન :-

સામાયિક દરમ્યાન શ્રાવક ક્ષમાદિ ચાર ભાવોની વૃદ્ધિ થાય તે રીતે સ્વાધ્યાયાદિમાં દૃઢ પ્રણિધાનપૂર્વક યત્ન કરે છે. આમ છતાં મનોયોગ સ્વાધ્યાયથી અન્યત્ર જાય અથવા સ્વાધ્યાયમાં મન વર્તતું હોય, છતાં ક્ષમાદિની વૃદ્ધિને અનુકૂળ અંતરંગ યત્ન ન થાય તો લક્ષ તરફ જવાના સુપ્રણિધાનથી વિપરીત મનોયોગ છે, તેથી સામાયિકમાં મનોયોગદુષ્પ્રણિધાન નામના અતિચારની પ્રાપ્તિ થાય છે. વળી, શ્રાવક આ પ્રકારના મનોયોગદુષ્પ્રણિધાનને અનાભોગાદિથી કરે તો અતિચારની પ્રાપ્તિ થાય. અને જાણવા છતાં મનદુષ્પ્રણિધાનના નિવર્તન માટે યત્ન ન કરે તો વ્રતભંગ થાય.

(૨) વચનયોગદુષ્પ્રણિધાન :-

વળી, સામાયિક કાળ દરમ્યાન શ્રાવક સ્વાધ્યાયાદિ ઉચિત કૃત્યોમાં જ વચનયોગને પ્રવર્તાવે છે, જેના દ્વારા સમભાવની વૃદ્ધિ થાય છે. આમ છતાં અનાભોગાદિથી સમભાવની વૃદ્ધિનું કારણ ન બને તે રીતે સ્વાધ્યાયાદિથી અન્યત્ર વચનયોગ પ્રર્વતે અથવા સ્વાધ્યાયાદિમાં પણ સમભાવની વૃદ્ધિના પ્રણિધાનમાં અતિશયતા થાય તે રીતે વચનયોગમાં યત્ન ન કરે, પરંતુ સમભાવની વૃદ્ધિનું કારણ ન બને તે રીતે સ્વાધ્યાયાદિમાં વચનયોગને પ્રવર્તાવે તો વચનદુષ્પ્રણિધાન નામના અતિચારની પ્રાપ્તિ થાય. વળી, અનાભોગ, સહસાત્કારથી વચનદુષ્પ્રણિધાન થાય તો અતિચારની પ્રાપ્તિ કહેવાય અને વચનદુષ્પ્રણિધાન છે તેમ જાણવા છતાં તેના પરિહાર માટે યત્ન કરવામાં ન આવે તો સામાયિક વ્રતમાં ભંગ થાય છે.

(૩) કાયયોગદુષ્પ્રણિધાન :-

વળી, સામાયિક દરમ્યાન શ્રાવક કાયયોગને સ્થિર કરીને ગૌતમ આદિ મહામુનિઓ જે રીતે આસનવિશેષમાં બેસીને ધર્મધ્યાનની વૃદ્ધિ કરતા હતા તેનું સ્મરણ કરીને તે રીતે સ્વશક્તિ અનુસાર ઉચિત આસનમાં બેસે અને કાયાથી પણ સ્થિર રહે તે રીતે યત્ન કરે જે કાયગુપ્તિ સ્વરૂપ છે. તે કાયગુપ્તિ દ્વારા શ્રાવક સમભાવની વૃદ્ધિ કરે છે અને કોઈક પ્રયોજનથી કાયાની ચેષ્ટા કરવાની હોય ત્યારે કંટક આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ ચક્ષુથી જીવોનું અવલોકન કરે અને જીવ ન દેખાય તો યતનાપૂર્વક પૂંજીને કાયાને તે પ્રમાણે પ્રવર્તાવે; જેથી સમભાવની હાનિ થાય નહિ. આમ છતાં અનાભોગાદિથી કાયાની કોઈક ચેષ્ટા થાય તો તે ચેષ્ટા સામાયિકની પરિણામની વૃદ્ધિને અનુકૂળ નહિ હોવાથી કાયદુષ્પ્રણિધાનરૂપ બને. વળી, અનાભોગ, સહસાત્કારથી કાયદુષ્પ્રણિધાન થાય તો તે સામાયિકનો અતિચાર છે અને કાયદુષ્પ્રણિધાનના પરિહારમાં ઉપેક્ષા કરવામાં આવે તો સામાયિક વ્રતનો ભંગ છે.

(૪) અનાદર :-

પ્રબળ પ્રમાદ આદિ દોષને કારણે તે પ્રકારે કોઈક રીતે સામાયિકને કરે અને જેવો સામાયિકનો કાળ પૂરો થાય કે તત્ક્ષણ જ સામાયિકને પારી લે, તે સામાયિકની ક્રિયા દરમ્યાન અનાદર નામનો દોષ છે.

આશય એ છે કે સામાયિકના પ્રારંભના પૂર્વથી જ સામાયિક પ્રત્યેનો રાગ ઉલ્લસિત થાય અને શુદ્ધ સામાયિક કરવાનો દૃઢ અભિલાષ થાય તે રીતે અપ્રમાદપૂર્વક શ્રાવકે સામાયિક કરવું જોઈએ, પરંતુ જે શ્રાવકે સામાયિક કરવાનું વ્રત લીધેલું છે અને તે વ્રતના સ્મરણથી સામાયિક કરવા માટે પ્રયત્ન કરે છે તોપણ અતિપ્રમાદી સ્વભાવને કારણે=મનકૃત અનુત્સાહરૂપ અતિપ્રમાદી સ્વભાવને કારણે અને અતિઆળસુ સ્વભાવને કારણે=શરીરકૃત જડતારૂપ અતિઆળસુ સ્વભાવને કારણે, જે પ્રકારે સામાયિકની ક્રિયામાં યત્ન કરવો જોઈએ તે રીતે કરે નહિ પરંતુ યથાતથા કોઈક રીતે સામાયિકની ક્રિયા કરે અને યથાતથા સ્વાધ્યાયાદિની ક્રિયા કરે, તથા જેવું સામાયિક પૂરું થાય તત્ક્ષણ જ પારે તો તે સામાયિક પ્રત્યે અનાદરનો પરિણામ હોવાથી અનાદરદોષના નામનો સામાયિકનો અતિચાર છે. અથવા સામાયિક ગ્રહણ કરીને સામાયિકમાં સ્વાધ્યાયાદિ કોઈ ઉચિત કાર્ય કરે નહિ અને જેવો સામાયિકનો સમય પૂરો થાય તત્ક્ષણ સામાયિક પારી લે તે સામાયિકનો અનાદર પરિણામ છે, માટે અતિચાર છે.

વસ્તુતઃ સામાયિક પ્રત્યે જે શ્રાવકોને અત્યંત રાગ છે તેઓ જેમ નવકારશી આદિ પચ્ચક્ખાણ પણ તેનો સમય થયા પછી કંઈક વિલંબનથી પાળે છે તેથી જ પચ્ચક્ખાણ પાળવામાં 'તિરિયં' બોલાય છે તેમ સામાયિકનો કાળ પૂરો થયા પછી પણ સામાયિકના રાગવાળા શ્રાવકો વિશેષ કારણ ન હોય તો સામાયિકનો 'અંતર્મુહૂર્ત કાળ' પૂરો થયા પછી પણ કંઈક અધિક કાળ સામાયિકમાં યત્ન કરીને પછી પારે છે, જેથી સામાયિક પ્રત્યેનો પોતાના હૈયામાં વર્તતો રાગ વૃદ્ધિ પામે છે, છતાં મુગ્ધદશાવાળા જીવો વ્રત લીધા પછી સામાયિક પૂરું થાય તત્ક્ષણ જ પારે તો સામાયિક પ્રત્યે અનાદરનો પરિણામ હોવાથી અનાદરદોષ નામનો સામાયિકનો અતિચાર પ્રાપ્ત થાય છે. વિવેકસંપન્ન જીવ તો સામાયિક પ્રત્યેનો હૈયામાં વર્તતો આદર પરિણામ સામાયિક ગ્રહણ કરતાં પૂર્વે જ વિશેષથી ઉલ્લસિત કરીને સામાયિક કરે છે જેથી અનાદર નામનો અતિચાર પ્રાપ્ત થાય નહિ. ક્વચિત્ અનાભોગ આદિથી અનાદર થઈ શકે. વળી, પ્રમાદના કારણે સામાયિક કાળ દરમ્યાન ઉચિત કૃત્યોમાં અનાદર વર્તતો હોય અને તેની ઉપેક્ષા કરવામાં આવે તો વ્રતભંગની જ પ્રાપ્તિ થાય. ફક્ત સામાયિકના કૃત્યમાં અનાભોગ આદિથી થયેલો અનાદર જ અતિચાર છે.

(૫) સ્મૃતિઅનુપસ્થાપન :-

શ્રાવક ઉચિત કાળે સંયોગ અનુસાર અવશ્ય સામાયિક કરે છે, તેથી સામાયિકનો અવસર થયો છે તેનું સ્મરણ કરીને તે કાળે અવશ્ય સામાયિક કરે. જેથી પ્રતિદિન તે નિયતકાળ દરમ્યાન મારે સામાયિક કરવું છે તે પ્રકારની સ્મૃતિ રહે છે. આમ છતાં કોઈક પ્રમાદી શ્રાવક પોતાને સામાયિક કરવાનો અવસર થયો હોય, છતાં તેને યાદ કરે નહિ અને આગળપાછળ અનુકૂળતા અનુસાર સામાયિક કરે, તે સ્મૃતિઅનુપસ્થાપન રૂપ સામાયિકનો અતિચાર છે અથવા પોતે સામાયિક કરેલું હોય પણ ચિત્ત તે પ્રકારનું અન્ય પ્રવૃત્તિમાં વ્યગ્ર હોય તો પોતે સામાયિક કર્યું છે કે નહિ તેનું સ્મરણ ન થાય તે સ્મૃતિઅનુપસ્થાપન દોષ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકે પ્રતિદિન નિયતકાળે સામાયિક કરવાનો સંકલ્પ કરવો જોઈએ. અને સામાયિકકાળના સ્મરણપૂર્વક નિયત કાળે સામાયિક કરવું જોઈએ અને પોતે સામાયિક કર્યું છે તેનું ઉત્તરમાં

સ્મરણ રહેવું જોઈએ. આમ છતાં જે પ્રમાદી શ્રાવકો છે તે "ઉચિત કાળે મારે સામાયિક કરવું છે તેવી સ્મૃતિને રાખતા નથી" અને કર્યા પછી પણ તેનું વિસ્મરણ થાય છે તે સામાયિકના અતિચારરૂપ દોષ છે. પ્રાજ્ઞ શ્રાવક પ્રાયઃ આવો અતિચાર સેવે નહિ. ક્વચિત્ અનાભોગ આદિથી આવો અતિચાર થઈ શકે પરંતુ સ્મૃતિઅનુપસ્થાપન દોષ પ્રત્યે ઉપેક્ષા કરે તો ઉચિત કાળે મારે સામાયિક કરવું છે એ પ્રકારના ગ્રહણ કરેલા સામાયિક વ્રતમાં ભંગ પ્રાપ્ત થાય.

વળી, સામાન્યથી શ્રાવક માટે અનાદર અને સ્મૃતિઅનુપસ્થાપન દોષનો પરિહાર થઈ શકે, પરંતુ સામાયિક દરમ્યાન મનથી પણ દોષનો પરિહાર કરવો અતિદુષ્કર છે, તેથી સામાયિકના ભંગના ભયથી કોઈકને સામાયિક કરવાનો અનુત્સાહ થાય તેના સમાધાન માટે ટીકાકારશ્રી કહે છે કે જે શ્રાવક શક્તિ અનુસાર અતિચારોનો પરિહાર કરવા યત્ન કરે છે અને ક્વચિત્ મનથી સામાયિકના પરિણામમાં યત્ન ન થાય તો મનથી સાવદ્યની પ્રાપ્તિ હોવા છતાં અન્ય યોગોથી સાવદ્યની નિવૃત્તિ હોવાના કારણે સામાયિકનો અત્યંત અભાવ થતો નથી.

વળી, જે શ્રાવક સામાયિક દરમ્યાન જે મનથી અતિચારો થયા છે તેનું સ્મરણ કરીને તેના પ્રત્યે જુગુપ્સા થાય તે પ્રકારે 'મિચ્છા મિ દુક્કડમ્' કરે તો તે દોષોની શુદ્ધિ થાય છે. માટે આદ્ય ભૂમિકામાં મનથી કદાચ અતિચાર લાગે તોપણ તે અતિચારોનું સ્મરણ કરીને શુદ્ધ કરવામાં આવે તો કાળે કરીને અભ્યાસથી નિરતિચાર સામાયિકની પણ પ્રાપ્તિ થાય છે. **॥૩૧/૧૬૪॥**

અવતરણિકા :-

अथ द्वितीयस्य –

અવતરણિકાર્થ :-

દેશાવગાસિક નામના શ્રાવકના બીજા શિક્ષાવ્રતના અતિચારો વ્રત આપ્યા પછી ઉપદેશક શ્રાવકને બતાવે છે –

સૂત્ર :-

आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्गलक्षेपाः ।।३२/१६५।।

સૂત્રાર્થ :-

આનયનપ્રયોગ અને પ્રેષ્યપ્રયોગ, શબ્દઅનુપાત અને રૂપઅનુપાત અને પુદ્ગલક્ષેપ એ બીજા શિક્ષાવ્રતના પાંચ અતિચારો છે. ।।૩૨/૧૬૫।।

ટીકા :-

आनयनं च प्रेष्यश्च आनयनप्रेष्यौ, तयोः प्रयोगावानयनप्रेष्यप्रयोगौ, तथा शब्दरूपयोरनुपातौ

शब्दरूपानुपातौ, आनयनप्रेष्यप्रयोगौ च शब्दरूपानुपातौ च पुद्गलक्षेपश्चेति समासः, तत्रानयने विवक्षितक्षेत्राद् बहिर्वर्त्तमानस्य सचेतनादिद्रव्यस्य विवक्षितक्षेत्रप्रापणे 'प्रयोगः' स्वयं गमने व्रतभङ्गभयादन्यस्य स्वयमेवाऽगच्छतः संदेशादिना व्यापारणमानयनप्रयोगः, तथा 'प्रेष्यस्य' आदेश्यस्य 'प्रयोगो' विवक्षितक्षेत्राद् बहिः प्रयोजनाय स्वयं गमने व्रतभङ्गभयादन्यस्य व्यापारणं 'प्रेष्यप्रयोगः,' तथा 'शब्दस्य' कासितादे 'रूपस्य' स्वशरीराकारस्य विवक्षितक्षेत्राद् बहिर्व्यवस्थितस्याह्वानीयस्याह्वानाय श्रोत्रे दृष्टौ 'चानुपातः' अवतारणमिति योऽर्थः, अयमत्र भावः—विवक्षितक्षेत्राद् बहिर्वर्त्तमानं कञ्चन नरं व्रतभङ्गभयादाह्वातुमशक्नुवन् यदा काशितादिशब्दश्रावणस्वकीयरूपसंदर्शनद्वारेण तमाकारयति तदा व्रतसापेक्षत्वाच्छब्दानुपातरूपानुपातावतिचाराविति, तथा 'पुद्गलस्य' शर्करादेर्नियमितक्षेत्राद् बहिर्वर्त्तिनो जनस्य बोधनाय तदभिमुखं 'प्रक्षेपः पुद्गलप्रक्षेपः,' देशावकाशिकव्रतं हि गृह्यते मा भूद् गमनागमनादिव्यापारजनितः प्राण्युपमर्द इत्यभिप्रायेण, स च स्वयं कृतोऽन्येन वा कारित इति न कश्चित् फले विशेषः, प्रत्युत गुणः स्वयं गमने ईर्यापथविशुद्धेः, परस्य पुनरनिपुणत्वात् तदशुद्धिरिति । इह चाद्यद्वयमव्युत्पन्नबुद्धित्वेन सहसाकारादिना वा अन्त्यत्रयं तु व्याजपरस्यातिचारतां यातीति ।

इहाहुर्वृद्धाः—दिग्व्रतसंक्षेपकरणमणुव्रतादिसंक्षेपकरणस्याप्युपलक्षणं द्रष्टव्यम्, तेषामपि संक्षेपस्यावश्यं कर्त्तव्यत्वात्, प्रति व्रतं च संक्षेपकरणस्य भिन्नव्रतत्वेन द्वादश व्रतानीति सङ्ख्याविरोधः स्यादिति, अत्र केचिदाहुः—दिग्व्रतसंक्षेप एव देशावकाशिकम्, तदतिचाराणां दिग्व्रतानुसारितयैवोपलम्भाद्, अत्रोच्यते, यथोपलक्षणतया शेषव्रतसंक्षेपकरणमपि देशावकाशिकमुच्यते तथोपलक्षणतयैव तदतिचारा अपि तदनुसारिणो द्रष्टव्याः, अथवा प्राणातिपातादिसंक्षेपकरणेषु बन्धादय एवातिचारा घटन्ते, दिग्व्रतसंक्षेपे तु संक्षिप्तत्वात् क्षेत्रस्य शब्दानुपातादयोऽपि स्युरिति भेदेन दर्शिताः, न च सर्वेषु व्रतभेदेषु विशेषतोऽतिचारा दर्शनीयाः, रात्रिभोजनादिव्रतभेदेषु तेषामदर्शितत्वादिति ।।३२/१६५।।

टीकार्थ :-

आनयनं च ..... तेषामदर्शितत्वादिति ।। આનયન અને પ્રેષ્ય એ આનયનપ્રેષ્ય છે. તે બેનો પ્રયોગ આનયન-પ્રેષ્યપ્રયોગ છે=આનયનપ્રયોગ છે, પ્રેષ્યપ્રયોગ છે. અને શબ્દ અને રૂપનો અનુપાત તે શબ્દ-રૂપઅનુપાત છે=શબ્દઅનુપાત અને રૂપઅનુપાત છે. આનયન-પ્રેષ્યપ્રયોગ, શબ્દ-રૂપઅનુપાત અને પુદ્ગલક્ષેપ એ પ્રમાણે સમાસ છે=સૂત્રનો સમાસ છે. ત્યાં=પાંચ અતિચારોમાં આનયન વિષયક=વિવક્ષિત ક્ષેત્રથી બહાર વર્તમાન એવા સચેતન આદિ દ્રવ્યનું વિવક્ષિત ક્ષેત્રમાં પ્રાપણ

વિષયક, પ્રયોગ=સ્વયં ગમનમાં વ્રતભંગનો ભય હોવાને કારણે સ્વયં જ નહીં જતાં અન્યને સંદેશાદિ દ્વારા વ્યાપારવાળા કરવા એ, આનયનપ્રયોગ છે. અને પ્રેષ્યનો=આદેશ આપવા યોગ્ય એવા પુરુષનો પ્રયોગ અર્થાત્ વ્યાપારવાળા કરવા=વિવક્ષિત ક્ષેત્રથી બહારના પ્રયોજન માટે સ્વયં ગમનમાં વ્રતભંગના ભયથી અન્યને વ્યાપારવાળા કરવા, એ પ્રેષ્યપ્રયોગ છે. અને શબ્દનું=ખોંખારા આદિનું, અને રૂપનું=સ્વશરીરના આકારાદિનું, વિવક્ષિત ક્ષેત્રથી બહાર રહેલા બોલાવવા યોગ્ય એવા પુરુષને બોલાવવા માટે કાનમાં કે દૃષ્ટિમાં અનુપાત=બોલાવવા યોગ્ય પુરુષના કાનમાં શબ્દનો અનુપાત, અને બોલાવવા યોગ્ય પુરુષની દૃષ્ટિમાં પોતાના રૂપનો અનુપાત એ શબ્દ રૂપ અનુપાત અતિચાર છે. આ અહીં ભાવ છે. વિવક્ષિત ક્ષેત્રથી બહિર્વર્તતા કોઈક પુરુષને વ્રતભંગના ભયથી બોલાવવા માટે અસમર્થ એવો શ્રાવક ખોંખારા આદિ શબ્દ શ્રવણ દ્વારા કે પોતાના રૂપનાં દર્શન દ્વારા તેને બોલાવે છે ત્યારે વ્રતસાપેક્ષપણું હોવાથી શબ્દ અનુપાત અને રૂપ અનુપાત અતિચારો છે. અને શર્કરાદિ પુદ્ગલનો નિયમિત ક્ષેત્રથી બહિર્વર્તિ એવા પુરુષને બોધન માટે=હું અહીં છું એ પ્રકારનો બોધ કરાવવા અર્થે તેને અભિમુખ પ્રક્ષેપ કરે તે પુદ્ગલ પ્રક્ષેપ છે. દેશાવગાસિકવ્રત ગમન-આગમનાદિ વ્યાપારજનિત પ્રાણી ઉપમર્દન ન થાવ એ અભિપ્રાયથી ગ્રહણ કરાય છે. અને તે=ગમન આદિ વ્યાપાર સ્વયં કરાયો કે અન્ય વડે કરાવાયો તેના ફળમાં કોઈ ભેદ નથી. ઊલ્ટું સ્વયં ગમનમાં ઈર્યાપથની શુદ્ધિ હોવાથી લાભ છે. વળી પરનું અનિપુણપણું હોવાથી તેની અશુદ્ધિ છે=ઈર્યાપથની અશુદ્ધિ છે. એથી અન્યને બોલાવવામાં અધિક દોષની પ્રાપ્તિ છે. અને અહીં=બીજા શિક્ષાવ્રતના પાંચ અતિચારોમાં, પ્રથમના બે અતિચારો અવ્યુત્પન્નબુદ્ધિના કારણે=વ્રતના મર્યાદાના વિષયમાં સૂક્ષ્મબોધના અભાવના કારણે અને સહસાત્કાર આદિ દ્વારા અતિચારને પામે છે. અને અંતના ત્રણ અતિચારો=શબ્દઅનુપાત, રૂપઅનુપાત અને પુદ્ગલપ્રક્ષેપરૂપ ત્રણ અતિચારો, આત્માને ઠગવામાં તત્પર એવા શ્રાવકની અતિચારતાને પામે છે.

અહીં વૃદ્ધો કહે છે – દિગ્વ્રતસંક્ષેપકરણ, અણુવ્રતાદિના સંક્ષેપકરણોનું ઉપલક્ષણ જાણવું; કેમ કે તેઓના પણ=અણુવ્રતાદિના પણ, સંક્ષેપનું અવશ્ય કર્તવ્યપણું છે.

અહીં દિગ્વ્રતનું સંક્ષેપકરણ અન્ય વ્રતોનું ઉપલક્ષણ કેમ છે ? એથી કહે છે –

અને પ્રતિવ્રતને આશ્રયીને સંક્ષેપકરણનું ભિન્નવ્રતપણાથી બાર વ્રતો એ પ્રકારની સંખ્યાનો વિરોધ થાય, તેથી દેશાવગાસિક વ્રતના ઉપલક્ષણથી અન્ય વ્રતોનો સંક્ષેપ ગ્રહણ કરવો.

અહીં કેટલાક કહે છે – દિગ્વ્રતનો સંક્ષેપ જ દેશાવગાસિક છે; કેમ કે દેશાવગાસિક વ્રતના અતિચારોનું દિગ્વ્રતના અનુસારીપણાથી જ ઉપલંભ છે.

આ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે – જે પ્રમાણે ઉપલક્ષણપણાથી=દિગ્વ્રતના ઉપલક્ષણપણાથી શેષવ્રતનું સંક્ષેપકરણ પણ દેશાવગાસિક કહેવાય છે તે પ્રમાણે ઉપલક્ષણપણાથી જ=દેશાવગાસિક વ્રતના ઉપલક્ષણપણાથી જ, તેના અતિચારો પણ=શેષવ્રતના અતિચારો પણ,

તેના અનુસારી જ જાણવા=શેષવ્રત અનુસારી જ જાણવા. અથવા પ્રાણાતિપાતાદિ સંક્ષેપકરણમાં બંધાદિ જ અતિચારો ઘટે છે. દિગ્વ્રતના સંક્ષેપમાં વળી ક્ષેત્રનું સંક્ષેપપણું હોવાથી શબ્દાનુપાત આદિ પણ અતિચારો થાય. એથી ભેદથી બતાવાયા છે=દિગ્વ્રતના અતિચારોથી દેશાવગાસિક વ્રતના અતિચારો ભેદથી બતાવાયા છે, અને સર્વ વ્રતના ભેદોમાં વિશેષથી અતિચારો બતાવવાના નથી; કેમ કે રાત્રીભોજન આદિ વ્રતના ભેદોમાં તેઓનું=અતિચારોનું, અદર્શિતપણું છે અર્થાત્ અતિચારો બતાવાયા નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૨/૧૬૫॥

ભાવાર્થ :-

શ્રાવક સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવાના અત્યંત અભિલાષવાળા હોય છે અને સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવા માટે સંયમ ગ્રહણ કરીને સતત વીતરાગના વચનપૂર્વક ક્ષમાદિ ભાવોને અનુકૂળ યત્ન કરવામાં આવે તો સંપૂર્ણ નિરવદ્ય જીવન સંભવે. તેવા નિરવદ્ય જીવનના શક્તિના સંચય અર્થે દેહ સાથેના સંબંધની બુદ્ધિને અને ધનાદિ સાથેના સંબંધની બુદ્ધિને સંકોચ કરવા અર્થે શ્રાવક પ્રતિદિન કેટલાક કાળ માટે ક્ષેત્રનો સંકોચ સ્વશક્તિ અનુસાર કરે છે, તેથી તેટલા કાળ સુધી અત્યંત પરિમિત ક્ષેત્રથી બહારના ક્ષેત્રના આરંભ-સમારંભ કરવાને અનુકૂળ ચિત્તવૃત્તિનો શ્રાવકને સંકોચ પ્રાપ્ત થાય છે; કેમ કે વ્રતકાળ દરમ્યાન નિયત પરિમાણવાળા ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાંથી કોઈ વસ્તુને લાવવાની કે મોકલવાની કે બહારના ક્ષેત્રમાં કોઈ કાર્ય કરવાની ઇચ્છાનો નિરોધ થાય છે, જેના બળથી ચિત્તમાં આરંભ-સમારંભના નિરોધ કરવાનું સામર્થ્ય પ્રગટે છે. આમ છતાં સુષુપ્ત રીતે ચિત્તમાં વર્તતા બાહ્ય પદાર્થોના સંગના પરિણામને કારણે અનાભોગાદિથી કોઈ શ્રાવક બહારના ક્ષેત્રમાંથી કોઈક પાસે કોઈક વસ્તુ મંગાવે કે બહારના ક્ષેત્રનું કામ કરવા માટે કોઈક માણસને મોકલે તો પરમાર્થથી વ્રતભંગ થાય છે; તોપણ અનાભોગાદિથી સ્ખલના હોય તો તે અતિચાર કહેવાય અને સૂક્ષ્મબોધનો અભાવ હોય તો પોતે બહારના ક્ષેત્રમાં જતો નથી એવી બુદ્ધિ હોવાથી પોતે વ્રતભંગ કરતો નથી એમ જણાય છે માટે આનયન અને પ્રેષ્ય પ્રયોગમાં અતિચારની પ્રાપ્તિ છે.

વળી, શબ્દઅનુપાત, રૂપઅનુપાત અને પુદ્ગલનો પ્રક્ષેપ એ ખરેખર વ્રતભંગ રૂપ જ છે, છતાં બલવાન ઇચ્છાના કારણે બહારનું કાર્ય કરવાનો પરિણામ થાય છે ત્યારે પણ શ્રાવક સ્વયં ગમન કરતો નથી પરંતુ શબ્દાદિ દ્વારા બહારની વ્યક્તિને બોલાવવાનો યત્ન કરે છે; તેથી કંઈક વ્રતના રક્ષણનો પરિણામ છે, માટે અતિચાર છે. વસ્તુતઃ અતિચારના પરિહારપૂર્વક વિશુદ્ધ ભાવથી દિશાનો સંકોચ કરવામાં આવે, તો જ સંવર ભાવની પ્રાપ્તિ થાય, જે ક્રમસર સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને.

વળી, જેમ ૧૨ વ્રતમાંથી દિક્પરિણામવ્રતનો સંક્ષેપ દેશાવગાસિકવ્રત દ્વારા કરીને સર્વવિરતિનો અભ્યાસ થાય છે તેમ ઉપલક્ષણથી અન્ય પણ હિંસાદિ વ્રતોનો કિંચિત્કાળ માટે સંકોચ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થઈ શકે છે, માટે તે સંકોચ પણ બીજા શિક્ષાવ્રતમાં અંતર્ભાવ પામે છે. **॥૩૨/૧૬૫॥**

અવતરણિકા :-

અથ તૃતીયસ્ય –

અવતરણિકાર્થ :-

વળી, ઉપદેશક શ્રાવકને વ્રત આપ્યા પછી સર્વવિરતિના અભ્યાસ અર્થે સેવાતા પૌષધ ઉપવાસ રૂપ ત્રીજા શિક્ષાવ્રતનાં અતિચારો બતાવે છે –

સૂત્ર :-

अप्रत्युपेक्षिताप्रमार्जितोत्सर्गाऽऽदाननिक्षेपसंस्तारोपक्रमणाऽनादरस्मृत्यनुपस्थापनानि ।।३३/१६६।।

સૂત્રાર્થ :-

અપ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત ઉત્સર્ગ, અપ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત આદાનનિક્ષેપ, સંથારાનું ઉપક્રમણ, અનાદર અને સ્મૃતિઅનુપસ્થાપન એ પાંચ પૌષધ ઉપવાસરૂપ ત્રીજા શિક્ષાવ્રતના અતિચારો છે. ।।33/૧૬૬।।

ટીકા :-

इह पदेऽपि पदसमुदायोपचाराद् अप्रत्युपेक्षितपदेनाप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितः स्थण्डिलादिभूमिदेशः परिगृह्यते, अप्रमार्जितपदेन तु स एवाप्रमार्जितदुष्प्रमार्जित इति, तथा उत्सर्गश्चादाननिक्षेपौ चेति उत्सर्गादाननिक्षेपाः, ततोऽप्रत्युपेक्षिताप्रमार्जिते स्थण्डिलादावुत्सर्गादाननिक्षेपाः अप्रत्युपेक्षिता-प्रमार्जितोत्सर्गादाननिक्षेपाः, ततस्ते च संस्तारोपक्रमणं चानादरश्च स्मृत्यनुपस्थापनं चेति समासः, तत्राप्रत्युपेक्षिते प्रथमत एव लोचनाभ्यामनिरीक्षिते 'दुःप्रत्युपेक्षिते' तु प्रमादाद् भ्रान्तलोचनव्यापारेण न सम्यग् निरीक्षिते तथा 'अप्रमार्जिते' मूलत एव वस्त्राञ्चलादिना अपरामृष्टे दुष्प्रमार्जिते त्वर्द्धप्रमार्जिते स्थण्डिलादौ यथार्हमुत्सर्गो मूत्रपुरीषादीनामुज्झनीयानाम्, 'आदाननिक्षेपौ' च पौषधोपवासो-पयोगिनो धर्मोपकरणस्य पीठफलकादेर्द्वावतिचारौ स्यातामेताविवेति १-२। इह 'संस्तारोपक्रमणम्' इति संस्तारकशब्दः शय्योपलक्षणम्, तत्र 'शय्या' शयनं सर्वाङ्गीणं वसतिर्वा 'संस्तारकः' अर्द्धतृतीयहस्तपरिमाणः, ततः संस्तारकस्य प्रस्तावादप्रत्युपेक्षितस्याप्रमार्जितस्य चोपक्रमः उपभोगः अतिचारोऽयं तृतीयः ३। 'अनादरस्मृत्यनुपस्थाने' पुनर्द्वौ चतुर्थपञ्चमावतिचारौ ४-५ सामायिका-तिचाराविव भावनीयाविति । इह संस्तारोपक्रमे इयं वृद्धसमाचारी–कृतपौषधोपवासो नाप्रत्युपेक्षितां शय्यामारोहति, संस्तारकं वा पौषधशालां वा सेवते, दर्भवस्त्रं वा शुद्धवस्त्रं वा भूम्यां संस्तृणाति,

कायिकाभूमेश्चागतः पुनरपि संस्तारकं प्रत्युपेक्षतेऽन्यथाऽतिचारः स्यात्, एवं पीठादिष्वपि विभाषेति ।।३३/१६६।।

ટીકાર્થ :-

इह पदेऽपि ..... विभाषेति ।। અહીં પદમાં પણ પદના સમુદાયનો ઉપચાર હોવાથી અપ્રત્યુપેક્ષિત પદ દ્વારા અપ્રત્યુપેક્ષિત દુષ્પ્રત્યુપેક્ષિત સ્થંડિલ આદિ ભૂમિનો દેશ ગ્રહણ થાય છે. વળી, અપ્રમાર્જિત પદથી તે જ=સ્થંડિલ આદિ ભૂમિ દેશ જ અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત ગ્રહણ થાય છે. અને ઉત્સર્ગ અને આદાન-નિક્ષેપ એ ઉત્સર્ગ આદાનનિક્ષેપ છે. ત્યારપછી=અપ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત ઉત્સર્ગ-આદાન નિક્ષેપનો સમાસ બતાવ્યા પછી, તેટલા સ્થાનનો પરસ્પર સંબંધવાળો સમાસ બતાવે છે –

અપ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત સ્થંડિલ આદિમાં ઉત્સર્ગ અને આદાનનિક્ષેપ એ અપ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત ઉત્સર્ગ આદાનનિક્ષેપ છે. ત્યારપછી=આટલાનો સમાસ બતાવ્યા પછી, તે=પૂર્વમાં બતાવેલો સમાસ, અને સંથારાનું ઉપક્રમણ, અનાદર અને સ્મૃતિનું અનુપસ્થાપન એ પ્રમાણે સમાસ છે=સૂત્રનો સમાસ છે. ત્યાં=ત્રીજા શિક્ષાવ્રતના પાંચ અતિચારોમાં, અપ્રત્યુપેક્ષિતમાં=પ્રથમથી જ ચક્ષુ દ્વારા અનિરીક્ષિતમાં, વળી દુષ્પ્રત્યુપેક્ષિતમાં ભ્રાંત લોચન વ્યાપારથી સમ્યક્ નહિ જોવાયેલામાં અને અપ્રમાર્જિતમાં=મૂળથી જ વસ્ત્રના છેડા આદિથી અપ્રમાર્જિત કરાયેલામાં. વળી, દુષ્પ્રમાર્જિત કરાયેલામાં=અર્ધ પ્રમાર્જિત સ્થંડિલ આદિમાં ત્યાગ કરવા યોગ્ય એવાં મૂત્ર, મળ, આદિનો યથાયોગ્ય ઉત્સર્ગ=ત્યાગ, અને આદાન-નિક્ષેપ=પૌષધઉપવાસના ઉપયોગી એવા ધર્મ ઉપકરણનું પીઠ-ફલક આદિનું ગ્રહણ અને સ્થાપન આ બે અતિચારો થાય=એક ઉત્સર્ગ અને બીજું આદાન-નિક્ષેપ એ બે અતિચારો થાય. ।।૧-૨।। અહીં=ત્રીજા શિક્ષાવ્રતના અતિચારમાં, 'સંથારાનું ઉપક્રમણ' છે તેમાં સંથારો શબ્દ શય્યાનું ઉપલક્ષણ છે, ત્યાં=સંસ્તારક શબ્દમાં શય્યા=શયન અથવા સર્વાંગીણ વસતિ છે. અને સંથારો અઢી હાથ પ્રમાણ છે. ત્યારપછી=સંથારાનું સ્વરૂપ બતાવ્યા પછી, સંથારાનો પ્રસ્તાવ હોવાને કારણે અપ્રત્યુપેક્ષિત, અપ્રમાર્જિત એવા સંથારાનો ઉપક્રમ=ઉપભોગ, અતિચાર છે. આ ત્રીજો અતિચાર છે. ।।૩।। અનાદર, અને સ્મૃતિઅનુપસ્થાન વળી, બે ચોથો અને પાંચમો અતિચાર છે. સામાયિકના અતિચારની જેમ આ બે અતિચારોનું ભાવન કરવું. ।।૪-૫।। અહીં સંથારા ઉપક્રમણના વિષયમાં=સંથારાના ઉપભોગના વિષયમાં, આ વૃદ્ધ સામાચારી છે. કરાયેલા પૌષધ ઉપવાસવાળો શ્રાવક અપ્રત્યુપેક્ષિત એવી શય્યામાં=વસતિમાં આરોહણ કરે નહિ અથવા સંથારાને કે પૌષધશાળાને સેવે નહિ. દર્ભવસ્ત્રને અથવા શુદ્ધવસ્ત્રને ભૂમિમાં પાથરે અને કાયિકભૂમિથી=માત્રુ આદિની ભૂમિથી આવેલો ફરી પણ સંથારાને પ્રત્યુપેક્ષ કરે અન્યથા અતિચાર થાય. એ રીતે પીઠાદિમાં પણ વિભાષા છે=વિકલ્પ છે અર્થાત્ પીઠાદિને પણ પૂંજી-પ્રમાર્જીને તેના ઉપર બેસે અને માત્રુ આદિ ભૂમિથી આવ્યા પછી ફરી પૂંજી-પ્રમાર્જીને બેસે એ વિકલ્પ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૩/૧૬૬।।

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિના શક્તિના સંચય અર્થે પૌષધ ઉપવાસ વ્રત ગ્રહણ કરે છે અર્થાત્ પર્વતિથિરૂપ પૌષધમાં ગુણોની સાથે વાસ થાય તે રીતે યત્ન કરે છે, જેથી પૌષધકાળ દરમ્યાન ઉચિત સ્વાધ્યાય આદિ દ્વારા સર્વવિરતિની શક્તિના સંચયને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થાય તે રીતે સ્વાધ્યાય આદિ સર્વપ્રવૃત્તિઓ કરે છે, તેથી ઉચિત વસતિમાં યતનાપૂર્વક બેસીને આત્માને ભગવાનનાં વચનોથી સતત વાસિત કરે છે. આમ છતાં મળ-મૂત્રાદિ અર્થે શુદ્ધ ભૂમિમાં પરઠવવા માટે જવું પડે ત્યારે નિપુણતાપૂર્વક ભૂમિને જોઈને અને અપ્રમાદપૂર્વક પ્રમાર્જન કરીને મલાદિ પરઠવે તો પૌષધવ્રતમાં મલિનતા પ્રાપ્ત થાય નહિ. આમ છતાં પ્રમાદને વશ પૂરી ભૂમિને જોયા વગર તથા પ્રમાર્જના કર્યા વગર અનાભોગાદિથી પરઠવે તો અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, ધર્મવૃદ્ધિના અર્થે કોઈ વસ્તુને ગ્રહણ કરવી પડે તો તે ગ્રહણ અને સ્થાપન પણ અત્યંત પ્રમાર્જના આદિ વિધિપૂર્વક કરે તો દોષ પ્રાપ્ત થાય નહિ. અનાભોગ આદિથી ધર્મના ઉપકરણને યથાર્થ પ્રમાર્જના આદિ કર્યા વગર ગ્રહણ-સ્થાપન કરે તો અતિચારની પ્રાપ્તિ થાય. વળી, સંથારા ઉપર કે પૌષધશાળા આદિમાં પણ ઉચિત પ્રમાર્જના આદિપૂર્વક આરોહણ કરે તો દોષ લાગે નહિ. અન્યથા અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, અનાદર અને સ્મૃતિઅનુપસ્થાપન દોષ પણ સામાયિકની જેમ પૌષધમાં જાણવા. આ સર્વ દોષોનું યથાજ્ઞાન કરીને જે શ્રાવક શક્તિને ગોપવ્યા વગર પૌષધ દરમ્યાન ગુણવૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળા થાય છે તેઓમાં સર્વવિરતિની શક્તિનો સંચય થાય છે. **॥33/૧૬૬॥**

અવતરણિકા :-

अथ चतुर्थस्य –

અવતરણિકાર્થ :-

ઉપદેશક શ્રાવકને વ્રત આપ્યા પછી શિક્ષાવ્રતના અતિચારોમાંથી ક્રમપ્રાપ્ત ચોથા શિક્ષાવ્રતના અતિચારોનો બોધ કરાવે છે –

સૂત્ર :-

सचित्तनिक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ।।૩૪/૧૬૭।।

સૂત્રાર્થ :-

સચિત્તમાં નિક્ષેપ, પિધાન=સાધુને આપવા યોગ્ય વસ્તુનું સચિત્ત વસ્તુથી પિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલ-અતિક્રમ. એ ચોથા શિક્ષાવ્રતના અતિચારો છે. ॥૩૪/૧૬૭॥

ટીકા :-

सचित्तनिक्षेपपिधाने च परव्यपदेशश्च मात्सर्यं च कालातिक्रमश्चेति समासः, तत्र 'सचित्ते' सचेतने पृथिव्यादौ 'निक्षेपः' साधुदेयभक्तादेः स्थापनं सचित्तनिक्षेपः, तथा 'सचित्तेनैव' बीजपूरादिना 'पिधानं' साधुदेयभक्तादेरेव स्थगनं सचित्तपिधानम् । तथा 'परस्य' आत्मव्यतिरिक्तस्य 'व्यपदेशः' परकीयमिदमन्नादिकमित्येवमदित्सावतः साधुसमक्षं भणनं 'परव्यपदेशः,' तथा 'मत्सरः' असहनं साधुभिर्याचितस्य कोपकरणम्, तेन रङ्केण याचितेन दत्तमहं तु किं ततोऽपि हीन इत्यादिविकल्पो वा, सोऽस्यास्तीति मत्सरी, तद्भावो 'मात्सर्यम्,' तथा 'कालस्य' साधूचितभिक्षासमयस्यातिक्रमः अदित्सयाऽनागतभोजनपश्चाद्भोजनद्वारेणोल्लङ्घनं कालातिक्रमोऽतिचार इति । भावना पुनरेवम्- यदाऽनाभोगादिनाऽतिक्रमादिना वा एतानाचरति तदाऽतिचारोऽन्यदा तु भङ्ग इति ।।३४/१६७।।

ટીકાર્થ :-

सचित्तनिक्षेपपिधाने ..... भङ्ग इति ।। સચિત્તમાં નિક્ષેપ અને સચિત્ત વસ્તુથી પિધાન, પરનો વ્યપદેશ, માત્સર્ય અને કાલનો અતિક્રમ એ પ્રમાણે સમાસ છે=સૂત્રનો સમાસ છે. ત્યાં સચિત્તમાં=સચેતન એવા પૃથ્વી આદિમાં, સાધુને આપવા યોગ્ય ભક્તાદિનો નિક્ષેપ=સ્થાપન સચિત્ત નિક્ષેપ છે. અને સચિત્ત જ બીજપૂરાદિથી સાધુને આપવા યોગ્ય ભક્તાદિનું પિધાન=સ્થગન એ સચિત્ત પિધાન છે. અને પરનો=પોતાનાથી અન્યનો, વ્યપદેશ=પરકીય આ અન્નાદિ છે એ પ્રમાણે નહિ આપવાની ઇચ્છાથી સાધુ સમક્ષ કથન પરવ્યપદેશ છે. અને મત્સર=અસહન=સાધુથી યાચના કરાયેલા શ્રાવકનું કોપનું કરણ, અથવા યાચના કરાયેલા એવા તે રંક વડે=સામાન્ય માણસ વડે અપાયું છે, હું તેનાથી પણ હીન છું ઇત્યાદિ વિકલ્પ, તે=મત્સર છે આને એ મત્સરી. તેનો ભાવ માત્સર્ય. અને કાળનો સાધુ-ઉચિત ભિક્ષાસમયનો અતિક્રમ. નહિ આપવાની ઇચ્છાથી અનાગત ભોજન કે પશ્ચાત્ભોજન દ્વારા ઉલ્લંઘન કાલઅતિક્રમ અતિચાર છે. વળી, ભાવના આ પ્રમાણે છે –

જ્યારે અનાભોગ આદિથી કે અતિક્રમાદિથી આને=અતિચારને સેવે છે ત્યારે અતિચાર છે, અન્યદા ભંગ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૪/૧૬૭।।

ભાવાર્થ :-

વિવેકી શ્રાવક દેશવિરતિ ગ્રહણ કરીને સદા સર્વવિરતિની શક્તિના સંચય માટે ઉદ્યમ કરે છે અને તેમાં પણ વિશેષથી શિક્ષાવ્રતનું સેવન સર્વવિરતિની શિક્ષારૂપ હોવાથી શીઘ્ર સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને તે રીતે સેવે છે. શ્રાવક અતિથિસંવિભાગવ્રત ગ્રહણ કરીને સદા અભિલાષ કરે છે કે મારા માટે કરાયેલ ભોગ્ય વસ્તુથી ઉત્તમ પાત્રોની ભક્તિ કરીને તેના દ્વારા હું સંયમની શક્તિનાં બાધક કર્મોનો નાશ કરવા સમર્થ બનું

અને તેવી અભિલાષાવાળા શ્રાવકો સુસાધુની ભક્તિ કરવાના અત્યંત અર્થી હોય છે, તેથી સુસાધુની ભક્તિમાં અંતરાય થાય તેવા સચિત્ત નિક્ષેપ આદિ દોષોને જાણીને સદા પરિહાર કરવા યત્ન કરે છે. આમ છતાં ગૃહકાર્યમાં રત હોવાથી અનાભોગ, સહસાત્કારથી સાધુને આપી શકાય એવા અને પોતાના માટે કરાયેલા એવા ભોજન આદિને સચિત્ત વસ્તુમાં સ્થાપન કરે તો, કોઈક નિમિત્તે મહાત્મા પધારે તો તે મહાત્માની પોતે ભક્તિ કરી શકે નહિ, તેથી અતિથિસંવિભાગવ્રતવાળા શ્રાવકે સદા સ્મૃતિ રાખીને સચિત્ત વસ્તુ ઉપર ભોજન આદિના ભાજનને મૂકવા જોઈએ નહિ.

વળી, આહારાદિના ભાજન ઉપર સચિત્ત વસ્તુનું સ્થાપન કરવું જોઈએ નહિ. જે શ્રાવક આ પ્રકારનો ઉચિત વિવેક રાખતા નથી તેઓને મહાત્મા ન પધાર્યા હોય તોપણ તે પ્રકારની સાધુની ભક્તિમાં વિઘ્નભૂત સચિત્ત નિક્ષેપ કે સચિત્ત પિધાન અતિચારરૂપ બને છે.

વળી, કોઈક સારી વસ્તુ હોય અને લોભને વશ સાધુને વહોરાવવાનો ભાવ ન થાય ત્યારે સાધુ સાંભળે તે રીતે કોઈકને કહે કે આ વસ્તુ અન્યની છે માટે વહોરાવી શકાય તેમ નથી. સામાન્યથી વિવેકી શ્રાવકનો આવો પરિણામ ન થાય તોપણ સુષુપ્ત લોભના પરિણામને વશ અનાભોગાદિથી આવો વચનપ્રયોગ થાય તો અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, કોઈ સાધુ કોઈક કારણે કોઈક આવશ્યક વસ્તુની યાચના કરે અને અસહિષ્ણુ સ્વભાવને કારણે મત્સર ભાવ થાય તો તે પણ વ્રતમાં અતિચારરૂપ બને. અથવા કોઈ સામાન્ય માણસે સાધુને સારી વસ્તુ આપેલી હોય અને શ્રાવકને પરિણામ થાય કે હું તેનાથી હીન છું અર્થાત્ તે આપનાર વ્યક્તિ કરતાં હું અધિક છું એ પ્રકારના મત્સર ભાવથી વહોરાવે તો તે પણ વ્રતમાં અતિચારરૂપ બને. સામાન્યથી વિરતિધર શ્રાવકને આવા પરિણામ થાય નહિ. પણ અનાદિના અભ્યસ્ત ભાવો નિમિત્તને પામીને કંઈક પ્રગટ થાય છે ત્યારે શ્રાવકને પણ આવો મત્સરનો ભાવ થાય છે જેના કારણે સુસાધુને અપાયેલું દાન પણ ચારિત્રનાં પ્રતિબંધક કર્મોનો નાશ કરવા સમર્થ બનતું નથી.

વળી, લોભને વશ શ્રાવક સાધુ આવવાનો સમય થયો હોય તેના પૂર્વે જ ભોજન કરે અથવા સાધુ ભિક્ષાચર્યા માટે આવી ગયા હોય ત્યારપછી જ ભોજન તૈયાર કરે જેથી દાન આપવાનો પ્રસંગ ન આવે એ પ્રકારે લોભને વશ કાલાતિક્રમ કરીને ભોજન કરે તો પ્રસંગે અતિથિસંવિભાગ કરનાર શ્રાવકને પણ પોતે વહન કરાયેલા વ્રતમાં કાલાતિક્રમનો અતિચાર પ્રાપ્ત થાય છે. **॥૩૪/૧૬૭॥**

અવતરણિકા :-

एवमणुव्रतगुणव्रतशिक्षापदानि तदतिचारांश्चाभिधाय प्रस्तुते योजयन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, અણુવ્રત=પાંચ અણુવ્રત, ગુણવ્રત=ત્રણ ગુણવ્રત, અને શિક્ષાપદોને=ચાર શિક્ષાપદોને, અને તેના અતિચારોને કહીને પ્રસ્તુતમાં યોજનને કહે છે=વિશેષથી ગૃહસ્થધર્મમાં યોજનને કહે છે –

સૂત્ર :-

एतद्रहिताणुव्रतादिपालनं विशेषतो गृहस्थधर्मः ।।३५/१६८।।

સૂત્રાર્થ :-

આનાથી રહિત અણુવ્રતાદિનું પાલન=અતિચારોથી રહિત અણુવ્રતાદિનું પાલન, વિશેષથી ગૃહસ્થધર્મ છે. ।।૩૫/૧૬૮।।

ટીકા :-

'एतैः' अतिचारै रहितानामणुव्रतादीनामुपलक्षणत्वात् सम्यक्त्वस्य च पालनम्, किमित्याह– 'विशेषतो गृहस्थधर्मो' भवति यः शास्त्रादौ प्राक् सूचित आसीदिति ।।३५/१६८।।

ટીકાર્થ :-

'एतैः' ..... आसीदिति ।। આ અતિચારોથી રહિત અણુવ્રતાદિનું પાલન અને ઉપલક્ષણપણું હોવાથી સમ્યક્ત્વનું પાલન વિશેષથી ગૃહસ્થધર્મ છે જે શાસ્ત્રની આદિમાં પૂર્વમાં સૂચન કરાયેલું હતું.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૫/૧૬૮।।

ભાવાર્થ :-

અત્યાર સુધી શ્રાવકનાં ૧૨ વ્રતો અને તેના પૂર્વે સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવ્યું. તે સર્વનું અતિચાર રહિત સમ્યક્ પાલન એ ગૃહસ્થનો વિશેષ ધર્મ છે જેનાં સેવનથી શ્રાવક અલ્પકાળમાં સર્વવિરતિની શક્તિનો સંચય કરીને સંસારનો અંત કરે છે એ પ્રકારે ઉપદેશક યોગ્ય શ્રોતાને કહે, જેથી પોતે સ્વીકારેલા સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રતોને નિરતિચાર પાળવા માટે ઉદ્યમ કરીને આત્મહિત સાધી શકે. **॥૩૫/૧૬૮॥**

અવતરણિકા :-

आह–उक्तविधिना प्रतिपन्नेषु सम्यक्त्वाणुव्रतादिष्वतिचाराणामसंभव एव, तत्कथमुक्तम् एतद्रहिताणुव्रतादिपालनमित्याशङ्क्याह –

અવતરણિકાર્થ :-

'आह'થી શંકા કરે છે – પૂર્વમાં વર્ણન કરાયેલી વિધિથી સ્વીકારાયેલા સમ્યક્ત્વ અને અણુવ્રતાદિમાં અતિચારોનો અસંભવ જ છે. તે કારણથી કેમ કહેવાયું કે આનાથી રહિત=અતિચારથી રહિત અણુવ્રતાદિનું પાલન કરવું જોઈએ ? એ પ્રકારની શંકા કરીને કહે છે –

ભાવાર્થ :-

જે ઉપદેશક સંસારથી અત્યંત ભય પામેલા યોગ્ય શ્રોતાને સંસારના નિસ્તારના ઉપાયરૂપ સમ્યક્ત્વ અને અણુવ્રતાદિનો પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે યથાર્થ બોધ કરાવીને અને જે પ્રકારે વ્રતસ્વીકારની વિધિ

શાસ્ત્રમાં બતાવી છે એ વિધિથી સમ્યક્ત્વ સહિત અણુવ્રતાદિનું પ્રદાન કરે છે, તે શ્રોતા શાસ્ત્રવિધિ અનુસાર ઉપયુક્ત થઈને વ્રતો ગ્રહણ કરે, ત્યારે પ્રવર્ધમાન એવા વિશિષ્ટ ઉપયોગને કારણે તે શ્રોતાને સ્વીકારાયેલાં વ્રતો તત્કાળ ભાવથી પરિણમન પામે છે. વળી, ઉપદેશકે સ્વીકારાયેલાં વ્રતોના નાશના કારણભૂત સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રતોના અતિચારો શ્રોતાને બતાવેલ છે જે સાંભળીને તે શ્રોતાને તે અતિચારો પ્રત્યે અત્યંત જુગુપ્સા થાય છે અને ભાવથી વ્રતપરિણમન પામેલા હોવાના કારણે તેવા શ્રોતાને સ્વીકારાયેલા વ્રતમાં અતિચારનો સંભવ જ નથી. આમ છતાં પૂર્વસૂત્રમાં ગ્રંથકારશ્રીએ બતાવ્યું તે પ્રમાણે ઉપદેશક શ્રોતાને કહે કે આ અતિચારોથી રહિત અણુવ્રતાદિનું પાલન વિશેષથી ગૃહસ્થધર્મ છે. ત્યાં શંકા થાય કે જે સ્વીકારાયેલા વ્રતમાં અતિચારનો સંભવ જ ન હોય તેવા વ્રતમાં અતિચારથી રહિત તેનું પાલન વિશેષથી ગૃહસ્થધર્મ છે એમ કેમ કહ્યું ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

સૂત્ર :-

क्लिष्टकर्मोदयादतिचाराः ।।३६/१६९।।

સૂત્રાર્થ :-

ક્લિષ્ટ કર્મોના ઉદયથી અતિચારો થાય છે એ પ્રકારે ઉપદેશક શ્રોતાને કહે છે. ।।૩૬/૧૬૯।।

ટીકા :-

'क्लिष्टस्य' सम्यक्त्वादिप्रतिपत्तिकालोत्पन्नशुद्धिगुणादपि सर्वथाऽव्यवच्छिन्नानुबन्धस्य 'कर्मणो' मिथ्यात्वादेरुदयाद् विपाकात् सकाशादतिचाराः शङ्कादयो वधबन्धादयश्च संपद्यन्ते, इदमुक्तं भवति- यदा तथाभव्यत्वपरिशुद्धिवशादत्यन्तमननुबन्धीभूतेषु मिथ्यात्वादिषु सम्यक्त्वादि प्रतिपद्यते तदाऽतिचाराणामसंभव एव, अन्यथा प्रतिपत्तौ तु स्युरप्यतिचारा इति ।।३६/१६९।।

ટીકાર્થ :-

'क्लिष्टस्य' ..... इति ।। ક્લિષ્ટ કર્મના=સમ્યક્ત્વ આદિના સ્વીકારના કાળમાં ઉત્પન્ન થયેલા શુદ્ધિના ગુણથી પણ સર્વથા અવ્યવચ્છિન્ન અનુબંધવાળા મિથ્યાત્વ આદિ કર્મના ઉદયથી=વિપાકથી, અતિચારો=શંકાદિ અને વધ-બંધાદિ અતિચારો પ્રાપ્ત થાય છે. આ કહેવાયેલું થાય છે – જ્યારે તેવા પ્રકારના તથાભવ્યત્વના પરિશુદ્ધિના વશથી અત્યંત અનનુબંધીભૂત મિથ્યાત્વાદિ હોતે છતે સમ્યક્ત્વાદિ સ્વીકારે છે=શ્રાવક સ્વીકારે છે, ત્યારે અતિચારોનો અસંભવ જ છે. અન્યથા, વળી=અત્યંત અનનુબંધી મિથ્યાત્વાદિ થયા ન હોય તો, સ્વીકારમાં પણ=વ્રતના સ્વીકારમાં પણ, અતિચારો થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૬/૧૬૯।।

ભાવાર્થ :-

ઉપદેશકના ઉચિત ઉપદેશથી જે શ્રાવકનું ચિત્ત અત્યંત ભાવિત બનેલું છે અને તેના કારણે પ્રત્યક્ષથી

દેખાતા પદાર્થની જેમ ચાર ગતિના પરિભ્રમણની વિડંબના તે મહાત્માને સદા દેખાય છે અને તેના કારણે તે મહાત્માને સંસારના ઉચ્છેદના ઉપાયની અત્યંત અભિલાષા થાય છે. તે અત્યંત અભિલાષાના કારણે સ્વભૂમિકા અનુસાર સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રતોનાં સ્વરૂપને તે મહાત્મા અત્યંત સંવેગપૂર્વક જાણે અને સમ્યક્ત્વ સહિત તે ૧૨ વ્રતો કઈ રીતે ઉત્તર ઉત્તરની વૃદ્ધિને પ્રાપ્ત કરીને સર્વવિરતિમાં પરિણમન પામશે ? તેના સૂક્ષ્મ મર્મને ઉપદેશક પાસેથી ગ્રહણ કરે અને પોતાની શક્તિનું સમ્યક્ સમાલોચન કરીને આ વ્રતો મારે અણીશુદ્ધ પાળીને શીઘ્ર સંસારનો અંત કરવો છે તેવા બદ્ધ પરિણામરૂપ તીવ્ર સંવેગથી તે વ્રતોને ગ્રહણ કરવા માટે અભિમુખ થાય અને વ્રતગ્રહણની શાસ્ત્રવિધિના સૂક્ષ્મ મર્મને ગીતાર્થ ગુરુ પાસેથી યથાર્થ જાણીને અત્યંત ઉપયુક્ત થઈને વિધિપૂર્વક તે વ્રતો ગ્રહણ કરે અને તે વ્રતગ્રહણની વિધિકાળમાં જો તે મહાત્માને વ્રતોનો તીવ્ર પક્ષપાત ઉલ્લસિત થાય તો સમ્યક્ત્વયુક્ત ૧૨ વ્રતોનાં પ્રતિબંધક કર્મનો વ્રતગ્રહણકાળમાં જેમ ક્ષયોપશમ થાય છે, તેમ અતિચાર આપાદક એવાં કર્મોની પણ અનુબંધ શક્તિનો વિચ્છેદ થાય છે. તેવા જીવોનું તથાભવ્યત્વ તેવા પ્રકારનું પરિશુદ્ધ છે જેથી વ્રતગ્રહણ કર્યા પછી સમ્યક્ત્વમાં કે દેશવિરતિમાં લેશ પણ અતિચારની પ્રાપ્તિ થતી નથી. પરંતુ જે શ્રાવકો સંસારના સ્વરૂપને જાણીને સંસારથી ઉદ્વિગ્ન થયા છે અને ઉપદેશકના વચનથી સમ્યક્ત્વને પામ્યા છે અને સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી છે અને તેના ઉપાયરૂપે સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રતોને વિધિપૂર્વક ગ્રહણ કરે છે, આમ છતાં વ્રતગ્રહણકાળમાં વિશેષ પ્રકારના શુદ્ધિના અભાવને કારણે જેમ તે ગ્રહણ કરાયેલા વ્રતો ક્ષયોપશમ ભાવને પામે છે તેમ તે વ્રતોમાં અતિચાર આપાદક એવા પ્રમાદનું નિવર્તન નહિ થયેલું હોવાથી તેઓનાં મિથ્યાત્વાદિ કર્મોમાં અનુબંધનો વ્યવચ્છેદ થતો નથી, તેથી તેવા શ્રાવકો જ્યારે જ્યારે અત્યંત સાવધાનતાપૂર્વક વ્રતો પાળે છે ત્યારે ત્યારે અતિચારો પ્રાપ્ત થતા નથી પરંતુ વ્રતપાલનકાળમાં અનાદિની મોહવાસનાને કારણે જ્યારે જ્યારે બાહ્ય પદાર્થો સાથે ચિત્ત સંશ્લેષવાળું બને છે ત્યારે તે શ્રાવકને વ્રતોમાં અતિચારની પ્રાપ્તિ થાય છે અને તે અતિચાર આપાદક ક્લિષ્ટ કર્મો દેશવિરતિના પાલન દ્વારા સર્વવિરતિની શક્તિના સંચયમાં કરાતા યત્નમાં વ્યાઘાત બને છે. તેથી અતિચારથી કલુષિત થયેલા તે વ્રતો ઉત્તર ઉત્તરની ભૂમિકાની પ્રાપ્તિમાં તો કારણ થતાં નથી પરંતુ જો કોઈ શ્રાવક સાવધાન ન થાય તો વ્રતગ્રહણકાળમાં જે વ્રતોનો ક્ષયોપશમ ભાવ થયેલો તેનો પણ નાશ થાય છે, તેથી ઉપદેશક વ્રતોના અતિચારો બતાવ્યા પછી શ્રોતાને કહે છે કે ક્લિષ્ટ કર્મના ઉદયથી અતિચારો થશે તો સંસારના ઉચ્છેદ માટે કરાયેલો યત્ન શીઘ્ર ફલવાન થશે નહિ માટે સર્વ ઉદ્યમથી અતિચારના પરિહાર માટે ઉદ્યમ કરવો જોઈએ. **॥૩૬/૧૬૯॥**

અવતરણિકા :-

तर्हि कथमेषां निवारणमित्याशङ्क्याह –

અવતરણિકાર્થ :-

તો=ક્લિષ્ટ કર્મના ઉદયથી અતિચારો થાય છે તો, કેવી રીતે એમનું=અતિચારનું નિવારણ થાય ? એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

સૂત્ર :-

विहितानुष्ठानवीर्यतस्तज्जयः ।।३७/१७०।।

સૂત્રાર્થ :-

વિહિત અનુષ્ઠાનરૂપ વીર્યથી તેનો જય કરવો જોઈએ=અતિચારોનો જય કરવો જોઈએ એમ ઉપદેશક શ્રોતાને કહે છે. ।।૩૭/૧૭૦।।

ટીકા :-

'विहितानुष्ठानं' प्रतिपन्नसम्यक्त्वादेर्नित्यानुस्मरणादिलक्षणं तदेव 'वीर्यं' जीवसामर्थ्यं तस्मात्, किमित्याह–'तज्जयः', 'तेषाम्' अतिचाराणां 'जयः' अभिभवः संपद्यते, यतो विहितानुष्ठानं सर्वापराधव्याधिविरेचनौषधं महदिति ।।३७/१७०।।

ટીકાર્થ :-

'विहितानुष्ठानं' ..... महदिति ।। સ્વીકારાયેલા સમ્યક્ત્વાદિના નિત્ય અનુસ્મરણાદિરૂપ વિહિત અનુષ્ઠાન તે જ વીર્ય=જીવનું સામર્થ્ય, તેનાથી તેનો જય પ્રાપ્ત થાય છે=અતિચારોનો જય અર્થાત્ અભિભવ પ્રાપ્ત થાય છે, જે કારણથી સર્વ અપરાધરૂપ વ્યાધિના વિરેચનનું મહાન ઔષધ વિહિત અનુષ્ઠાન છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૭/૧૭૦।।

ભાવાર્થ :-

શ્રાવક સ્વીકારાયેલાં વ્રતોના પાલન દ્વારા સર્વવિરતિનો સંચય કરીને અવિરતિ આપાદક કર્મોનો નાશ કરવા માટે શક્તિનો સંચય કરે છે. આમ છતાં સત્તામાં રહેલા વ્રતના અતિચારોનાં આપાદક ક્લિષ્ટ કર્મો વિપાકમાં આવે તો સ્વીકારાયેલાં વ્રતો સર્વવિરતિની શક્તિના સંચયમાં સમર્થ બનતાં નથી, તેથી તે ક્લિષ્ટ કર્મોના જય અર્થે શું કરવું જોઈએ ? એ પ્રકારની જિજ્ઞાસાથી શ્રાવક ગુરુને પૃચ્છા કરે છે, ત્યારે ગુરુ કહે છે – "સ્વીકારાયેલા સમ્યક્ત્વથી યુક્ત એવાં બાર વ્રતોનાં સ્વરૂપનું નિત્ય સ્મરણ આદિ કરવું જોઈએ, એ પ્રમાણે શાસ્ત્રમાં વિહિત છે અને જેઓ વ્રતોના રક્ષણના ઉપાય અર્થે શાસ્ત્રમાં વિહિત એવું અનુષ્ઠાન સેવે છે તે અનુષ્ઠાનનું સેવન જીવનું સદ્વીર્ય છે. તે સદ્વીર્યના બળથી અતિચારોનો જય થાય છે; કેમ કે અતિચારઆપાદક કર્મો જીવને પ્રમાદી કરીને અતિચાર ઉત્પન્ન કરે છે અને અતિચારોથી ભય પામેલ શ્રાવક અતિચારોના આપાદક એવા પ્રમાદના નિવારણના ઉપાયરૂપે વિહિત અનુષ્ઠાનનું દૃઢ અવલંબન લે છે ત્યારે તે અતિચારઆપાદક ક્લિષ્ટ કર્મ પણ તેના સદ્વીર્યથી નાશ પામે છે, તેથી અતિચારોનો ઉદ્ભવ થતો નથી."

કેમ અતિચારોનો ઉદ્ભવ થતો નથી ? તેમાં ટીકાકારશ્રી યુક્તિ આપતાં કહે છે –

વ્રતમાં થનારા સર્વ અપરાધરૂપ અતિચારો વ્યાધિ છે અને તે વ્યાધિને નાશ કરવાનું મહાન ઔષધ સર્વજ્ઞે કહેલ વિહિત અનુષ્ઠાન છે, તેથી જે શ્રાવક આગળમાં બતાવાશે તે નિત્યસ્મરણાદિ વિહિત અનુષ્ઠાન પ્રતિદિન સેવે છે તેને અતિચાર થવાનો સંભવ રહેતો નથી. ક્વચિત્ તે વિહિત અનુષ્ઠાનમાં દૃઢ ઉદ્યમ થયો ન હોય તો, ક્યારેક સ્ખલના થાય તોપણ તે વિહિત અનુષ્ઠાનના સેવનના બળથી તે અતિચારો શીઘ્ર નિવર્તન પામે છે. **॥૩૭/૧૭૦॥**

अवतरणिका :-

एतद्विषयमेवोपदेशमाह –

અવતરણિકાર્થ :-

આના વિષય જ=વિહિત અનુષ્ઠાન વિષય જ, ઉપદેશને કહે છે –

सूत्र :-

अत एव तस्मिन् यत्नः ।।३८/१७१।।

સૂત્રાર્થ :-

આથી જ=વિહિત અનુષ્ઠાનરૂપ વીર્યથી જ અતિચારનો જય થાય છે આથી જ, તેમાં=વિહિત અનુષ્ઠાનમાં, યત્ન કરવો જોઈએ. ॥૩૮/૧૭૧॥

टीका :-

'अत एव' विहितानुष्ठानवीर्यस्यातिचारजयहेतुत्वादेव 'तस्मिन्' विहितानुष्ठाने 'यत्नः' सर्वोपाधिशुद्ध उद्यमः कार्य इति ।। अन्यत्राप्युक्तम् –

"तम्हा निच्चसईए बहुमाणेणं च अहिगयगुणंमि ।
पडिवक्खदुगुंछाए परिणइआलोयणेणं च ।।११५।।"

[तस्मात् नित्यस्मृत्या बहुमानेन वाऽधिकृतगुणे ।
प्रतिपक्षजुगुप्सया परिणत्यालोचनेन च ।।१।।]

"तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए य ।
उत्तरगुणसद्धाए य एत्थ सया होइ जइयव्वं ।।११६।।"

[तीर्थकरभक्त्या सुसाधुजनपर्युपासनया च ।
उत्तरगुणश्रद्धया अत्र सदा भवति यतितव्यम् ।।२।।]

"एवमसंतो वि इमो जायइ जाओ य ण पडइ कयां वि ।
ता एत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वो ।।११७।।" **[पञ्चा.१।३६-३७-३८] त्ति ।।**

[एवमसन्नप्ययं जायते जातश्च न पतति कदाचित् ।

तद् अत्र बुद्धिमता अप्रमादो भवति कर्त्तव्यः ।।३।।] **इति ।।३८/१७१।।**

ટીકાર્થ :-

'अत एव' ..... इति ।। આથી જ=વિહિત અનુષ્ઠાનરૂપ વીર્યનું અતિચારના જયનું હેતુપણું હોવાથી જ, તેમાં=વિહિત અનુષ્ઠાનમાં, યત્ન=સર્વ ઉપાધિથી શુદ્ધ ઉદ્યમ=મન-વચન અને કાયારૂપ ત્રણે યોગોરૂપ ઉપાધિથી શુદ્ધ ઉદ્યમ કરવો જોઈએ. અન્યત્ર પણ=પંચાશક આદિ અન્ય ગ્રંથમાં પણ. કહેવાયું છે –

"તે કારણથી=ક્લિષ્ટ કર્મોના ઉદયથી અતિચારો થાય છે તે કારણથી, નિત્યસ્મૃતિથી=સ્વીકારાયેલાં વ્રતોના નિત્ય સ્મરણથી, અધિકૃત ગુણમાં બહુમાનથી=પોતાનાથી સ્વીકારાયેલા વ્રતોથી થતા ગુણોમાં બહુમાનથી, પ્રતિપક્ષમાં જુગુપ્સાથી=પોતાનાં સ્વીકારાયેલાં વ્રતોથી વિરુદ્ધ આચરણામાં જુગુપ્સાથી, પરિણતિના આલોચનથી=સ્વીકારાયેલાં વ્રતોને અનુરૂપ પોતાના ચિત્તની પરિણતિ વર્તે છે કે નહિ તેના સમ્યક્ આલોચનથી, તીર્થંકરની ભક્તિથી, સુસાધુજનની પર્યુપાસનાથી અને ઉત્તરગુણની શ્રદ્ધાથી=સ્વીકારાયેલાં વ્રતોથી ઉપર ઉપરની ભૂમિકાનાં વ્રતો પ્રત્યે તીવ્ર પક્ષપાતથી, અહીં=વ્રતના વિષયમાં સદા યત્ન કરવો જોઈએ. આ રીતે=પૂર્વના બે શ્લોકોમાં બતાવ્યું એ રીતે, અવિદ્યમાન પણ આ=વ્રતગ્રહણકાળમાં ભાવથી નહિ પ્રગટેલો દેશવિરતિનો પરિણામ, થાય છે=નિત્યસ્મૃતિઆદિના બળથી આવિર્ભાવ પામે છે અને પ્રગટ થયેલો=વ્રતગ્રહણકાળમાં ઉલ્લસિત થયેલા વીર્યને કારણે ભાવથી પ્રગટ થયેલો દેશવિરતિનો પરિણામ, ક્યારેય પડતો નથી, તે કારણથી=વ્રતની નિષ્પત્તિનું કારણ અને સંરક્ષણનું કારણ નિત્યસ્મૃતિ આદિ છે તે કારણથી, અહીં=નિત્ય સ્મૃતિ આદિમાં, બુદ્ધિમાન પુરુષે=સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી પુરુષે, અપ્રમાદ કરવો જોઈએ. ।।૧૧૫-૧૧૬-૧૧૭।।" **(પંચાશક ૧/૩૬-૩૭-૩૮)**

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૮/૧૭૧।।

ભાવાર્થ :-

ઉપદેશક વ્રત આપ્યા પછી શ્રાવકને વ્રતોનાં અતિચારો બતાવે છે અને કહે છે કે ક્લિષ્ટ કર્મના ઉદયથી અતિચારો થાય છે માટે વિહિત અનુષ્ઠાનમાં દૃઢ યત્ન કરીને તેનો જય કરવો જોઈએ, એમ ભગવાને કહેલ છે.

કઈ રીતે દૃઢ યત્ન કરવો જોઈએ ? તે સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે –

સર્વ ઉપાધિથી શુદ્ધ ઉદ્યમ કરવો જોઈએ. અર્થાત્ વિહિત અનુષ્ઠાનમાં તદ્ચિત્ત, તદ્લેશ્યા, તદ્મન, તદ્અર્પિત માનસ થાય તે રીતે શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરવો જોઈએ.

તે વિહિત અનુષ્ઠાન શું છે ? તે ટીકાકારશ્રી પંચાશકની સાક્ષીથી બતાવે છે –

(૧) નિત્યસ્મરણ :-

વ્રતગ્રહણ કર્યા પછી શ્રાવકે પોતાનાં સ્વીકારાયેલાં વ્રતોનું નિત્યસ્મરણ કરવું જોઈએ. આથી જ શ્રાવક

નિદ્રામાંથી જાગે કે તુરત જ પોતાનાં સ્વીકારાયેલાં વ્રતો કયા છે ? તેનું યથાર્થ પાલન થાય છે કે નહિ ? અને તે વ્રતોના પાલન દ્વારા સર્વવિરતિને અનુકૂળ બળ સંચય થાય છે કે નહિ ? ઇત્યાદિનું સ્મરણ કરે છે જેથી વ્રતોની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય.

(૨) અધિકૃત ગુણમાં બહુમાન :-

શ્રાવક પોતાનાં સ્વીકારાયેલાં વ્રતોના નિરતિચાર પાલન દ્વારા ઉત્તરોત્તર વૃદ્ધિને પામે તે માટે પોતાનાથી સ્વીકારાયેલા વ્રતોના પાલનથી થતા ગુણોમાં અત્યંત બહુમાન ધારણ કરે છે, વારંવાર તે ગુણોનું સ્મરણ કરે છે જેથી દુષ્કર પણ વ્રતોનું પાલન સુકર બને છે.

(૩) પ્રતિપક્ષની જુગુપ્સા :-

શ્રાવક સ્વીકારેલા વ્રતોના પાલન દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય કરીને, સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી હોય છે, તેથી પોતાનાં સ્વીકારાયેલાં વ્રતોને મલિન કરે તેવા પ્રતિપક્ષ ભાવો પ્રત્યે સદા જુગુપ્સા કરે છે. આથી જ અતિચાર આલોચન સૂત્રમાં ઉસ્સુત્તો, ઉમગ્ગો આદિ વચન દ્વારા વ્રતની વિપરીત આચરણા પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે શ્રાવક બોલે છે કે જે કોઈ અતિચારો થયા છે તે ઉત્સૂત્રરૂપ છે, ઉન્માર્ગરૂપ છે, અશ્રાવક પ્રાયોગ્ય છે ઇત્યાદિ દ્વારા પ્રતિપક્ષ પ્રત્યે જ શ્રાવક જુગુપ્સા દૃઢ કરે છે.

(૪) પરિણતિ આલોચન :-

શ્રાવકને માત્ર વ્રતોના સ્વીકારથી કે વ્રતોના બાહ્ય પાલનથી સંતોષ નથી, પરંતુ વ્રતોના પાલન દ્વારા બાહ્ય પદાર્થો પ્રત્યેનો સંગ ભાવ પોતાને ક્ષીણ ક્ષીણતર થાય છે કે નહિ તેની ચિંતા હોય છે, તેથી શ્રાવક હંમેશાં પોતાના ચિત્તની પરિણતિ પોતાના સ્વીકારાયેલા વ્રતો દ્વારા ઉત્તર ઉત્તરની ભૂમિકાને અનુરૂપ પ્રગટ થાય છે કે નહિ તેનું આલોચન કરે છે અને સમ્યગ્ સેવાયેલા વ્રતોના ફળરૂપ પરિણતિ આગામી સુંદર ભવોની પરંપરા છે અને પ્રમાદથી સેવાયેલા વ્રતોની પરિણતિ આગામી ભવોમાં અનર્થોની પ્રાપ્તિ છે તેનું આલોચન શ્રાવક કરે છે.

(૫) તીર્થંકરની ભક્તિ :-

તીર્થંકર વીતરાગ સર્વજ્ઞ છે અને પોતાના તુલ્ય થવાના ઉપાયરૂપે જ તીર્થંકરોએ સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ આદિ વ્રતો બતાવ્યાં છે અને પોતે પણ તે સર્વ વ્રતોને પાળીને પૂર્ણતાને પામ્યા છે, તેથી મારે પણ તેમના તુલ્ય થવું છે એ પ્રકારના અધ્યવસાયથી પૂર્ણપુરુષ એવા તીર્થંકરની શ્રાવક સદા ભક્તિ કરે છે જેથી તીર્થંકરના વચન અનુસાર સ્વીકારાયેલાં વ્રતોના સમ્યક્ પાલનને અનુકૂળ શક્તિનો સંચય થાય.

(૬) સુસાધુજનની પર્યુપાસના :-

સુસાધુઓ ભગવાનનાં વચનને પરતંત્ર થઈને તીર્થંકર તુલ્ય થવા અર્થે સદા ઉદ્યમવાળા છે અને શ્રાવકને પણ સુસાધુ તુલ્ય થવું છે, તેથી દેશવિરતિનાં વ્રતોનું પાલન કરે છે અને તે દેશવિરતિનું પાલન સર્વવિરતિને અનુકૂળ શક્તિના સંચયનું કારણ બને, તદ્ અર્થે શ્રાવક હંમેશાં જિનવચન અનુસાર ચાલનારા સાધુઓનો

સમાગમ કરે છે, તેમની ભક્તિ કરે છે અને તેમની પાસેથી હંમેશાં સ્વશક્તિ અનુસાર શાસ્ત્રનો અભ્યાસ કરે છે જેથી સ્વીકારાયેલાં વ્રતોનું સમ્યક્ પાલન થાય અને સર્વવિરતિને અનુકૂળ બળનું પોતાનામાં આધાન થાય.

(૭) ઉત્તરગુણની શ્રદ્ધા :-

શ્રાવક સ્વભૂમિકા અનુસાર જે વ્રતો સ્વીકાર્યાં છે તેનાથી ઉત્તર ઉત્તરની ભૂમિકાનાં વ્રતો પ્રત્યે તીવ્ર રુચિ ધારણ કરે છે અને સદા વિચારે છે કે સ્વીકારાયેલાં વ્રતો દ્વારા શક્તિ સંચય થાય તો ઉત્તર ઉત્તરનાં વ્રતોને ગ્રહણ કરું જેથી શીઘ્ર સંસારનો અંત થાય.

આ પ્રમાણે સાત વસ્તુમાં સદા યત્ન કરવામાં આવે તો કદાચ વ્રતગ્રહણકાળમાં વીર્યનો પ્રકર્ષ ન થવાથી ભાવથી વ્રતનો પરિણામ પ્રાપ્ત થયો ન હોય, છતાં આ સાત વસ્તુમાં કરાયેલા યત્નથી ભાવથી વ્રતનો પરિણામ પ્રગટ થાય છે. વ્રતગ્રહણકાળમાં ભાવથી વ્રતનો પરિણામ થયો હોય તો પૂર્વમાં વર્ણન કરાયેલા નિત્યસ્મૃતિઆદિ સાત વસ્તુમાં કરાયેલા યત્નથી તે પરિણામ નાશ પામતો નથી, માટે સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી પુરુષે સદા નિત્યસ્મૃતિઆદિમાં અપ્રમાદથી યત્ન કરવો જોઈએ જેથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય. **॥૩૮/૧૭૧॥**

અવતરણિકા :-

साम्प्रतं सम्यक्त्वादिगुणेष्वलब्धलाभाय लब्धपरिपालनाय च विशेषतः शिक्षामाह –

અવતરણિકાર્થ :-

હવે સમ્યક્ત્વાદિ ગુણોમાં અલબ્ધની પ્રાપ્તિ માટે અને પ્રાપ્તના પરિપાલન માટે વિશેષથી શિક્ષાને= ઉપાયને, બતાવે છે –

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું કે અતિચારોના નાશ માટે શાસ્ત્રમાં વિહિત એવા નિત્યસ્મૃત્યાદિમાં યત્ન કરવો જોઈએ. હવે પોતે જે સમ્યક્ત્વાદિ વ્રતો સ્વીકાર્યાં છે તેમાં જે ગુણો ભાવથી પ્રગટ થયા નથી તેની પ્રાપ્તિ માટે અને જે ગુણો પોતે સ્વીકાર્યા છે અને ભાવથી જે ગુણોની પ્રાપ્તિ થઈ છે તેના રક્ષણ માટે વિશેષથી શું કરવું જોઈએ ? તે ઉપદેશક યોગ્ય શ્રોતાને બતાવે છે –

સૂત્ર :-

सामान्यचर्याऽस्य ।।३९/१७२।।

સૂત્રાર્થ :-

આને=સ્વીકારાયેલા વિશેષ ગૃહસ્થધર્મવાળા એવા શ્રાવકને, સામાન્ય ચર્યા સેવવી જોઈએ. ॥૩૯/૧૭૨॥

ટીકા :-

'सामान्या' प्रतिपन्नसम्यक्त्वादिगुणानां सर्वेषां प्राणिनां साधारणा सा चासौ 'चर्या' च चेष्टा 'सामान्यचर्या', 'अस्य' प्रतिपन्नविशेषगृहस्थधर्मस्य जन्तोरिति ।।३९/१७२।।

ટીકાર્થ :-

'सामान्या' ..... जन्तोरिति ।। સામાન્ય=સ્વીકારાયેલા સમ્યક્ત્વાદિ ગુણવાળા સર્વપ્રાણીઓનાં સાધારણ, એવી જે આ ચર્યા તે સામાન્ય ચર્યા. આને=સ્વીકારાયેલા વિશેષ ગૃહસ્થધર્મવાળા શ્રાવકે સેવવી જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૯/૧૭૨॥

ભાવાર્થ :-

વળી, ઉપદેશક વ્રત સ્વીકારનાર શ્રાવકને કહે છે કે જેમ શ્રાવકે વ્રતના નિરતિચાર પાલન અર્થે નિત્યસ્મૃત્યાદિ વિહિત અનુષ્ઠાનમાં ઉદ્યમ કરવો જોઈએ તેમ વ્રત સ્વીકારનારા સર્વ શ્રાવકોની સાધારણ એવી જે ઉચિત પ્રવૃત્તિઓ છે તેમાં ઉદ્યમ કરવો જોઈએ, તેથી જે ગુણો પોતાનામાં પ્રગટ થયા ન હોય તે ગુણો પ્રગટ થાય છે અને જે ગુણો પોતાનામાં પ્રગટ થયા હોય તે ગુણોનું પરિપાલન થાય છે અને સર્વ શ્રાવકની સાધારણ સામાન્ય ચર્યા શું છે ? તે ગ્રંથકારશ્રી સ્વયં આગળનાં સૂત્રોમાં બતાવે છે. **॥૩૯/૧૭૨॥**

અવતરણિકા :-

कीदृशीत्याह –

અવતરણિકાર્થ :-

કેવા પ્રકારની શ્રાવકની સામાન્ય ચર્યા છે ? એથી કહે છે –

સૂત્ર :-

समानधार्मिकमध्ये वासः ।।४०/१७३।।

સૂત્રાર્થ :-

સમાન ધાર્મિકના વચમાં વસવું જોઈએ. ॥૪૦/૧૭૩॥

ટીકા :-

'समानाः' तुल्यसमाचारतया सदृशाः उपलक्षणत्वादधिकाश्च ते 'धार्मिका'श्चेति समासः, तेषां 'मध्ये वासः' अवस्थानम्, तत्र चायं गुणः–यदि कश्चित् तथाविधदर्शनमोहोदयाद्धर्माच्च्यवते ततस्तं स्थिरीकरोति, स्वयं वा प्रच्यवमानः तैः स्थिरीक्रियते, पठ्यते च –

"यद्यपि निर्गतभावस्तथाप्यसौ रक्ष्यते सद्भिरन्यैः ।
वेणुर्विलूनमूलोऽपि वंशगहने महीं नैति ।।११८।।" [ ] **।।૪૦/૧૭૩।।**

ટીકાર્થ :-

'समानाः' ..... नैति ।।" ।। સમાન=તુલ્ય સમાચારપણાથી સદશ, ઉપલક્ષણપણું હોવાથી અધિક, એવા તે ધાર્મિક એ પ્રમાણેનો સમાન ધાર્મિક શબ્દનો સમાસ છે. તેઓના મધ્યમાં વાસ=અવસ્થાન. અને તેમાં=સમાન ધાર્મિકના મધ્યના વાસમાં આ ગુણ છે. જો કોઈ તેવા પ્રકારના દર્શનમોહના ઉદયથી ધર્મથી પાત પામે છે તેથી=પાતથી તેને સ્થિર કરે છે અથવા સ્વયં પાત પામતો તેઓના વડે સ્થિર કરાય છે અને કહેવાય છે –

"જો કે નિર્ગતભાવ છે=પોતાનામાંથી ચાલ્યો ગયેલો ભાવ છે તોપણ અન્ય સજ્જનો વડે આ= નિર્ગતભાવ રક્ષણ કરાય છે. મૂળ ઊખડી ગયેલો પણ વાંસ વંશગહનમાં=વાંસના ગાઢ જંગલમાં પૃથ્વી પર પડતો નથી. ।।૧૧૮।।" **() ।।૪૦/૧૭૩।।**

ભાવાર્થ :-

ઉપદેશક સ્વીકારાયેલા વ્રતવાળા શ્રાવકને વ્રત રક્ષણના ઉપાયરૂપે કહે છે કે શ્રાવકે પોતાના તુલ્ય અને પોતાનાથી અધિક ધર્મપાલન કરનારા શ્રાવકો સાથે સદા પરિચય કરવો જોઈએ. જેથી પરસ્પર ઉચિત ધર્મોના વાર્તાલાપ દ્વારા પોતાનાં સ્વીકારાયેલાં વ્રતોનું રક્ષણ થાય છે. વળી, તેવા સમાન ધાર્મિક શ્રાવકોમાંથી કોઈક શ્રાવકને પ્રમાદ દોષ પ્રાપ્ત થાય ત્યારે સતત સંસારના ઉચ્છેદ માટેનો ઉત્સાહ શિથિલ બને તેવા પ્રકારના દર્શનમોહનીયકર્મનો ઉદય થાય તો તે શ્રાવક ધર્મથી પાત પામે છે અર્થાત્ સર્વ ઉદ્યમથી સંસારના ઉચ્છેદ માટે જે પૂર્વે સમ્યક્ત્વના બળથી યત્ન કરતો હતો તે શિથિલ બને છે તે વખતે તે શ્રાવકને પોતે સ્થિર કરી શકે છે જેથી યોગ્ય જીવના સ્થિરીકરણકૃત મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, પોતે પણ પ્રમાદવશ પડીને ધર્મમાં શિથિલ પરિણામવાળો થાય ત્યારે જિનવચન અનુસાર જે તેવા પ્રકારનો દર્શનમોહનીયનો ક્ષયોપશમ પૂર્વમાં હતો તે વિનાશ પામે છે અને તેના કારણે પોતે મંદ ધર્મી બને છે. તે વખતે તે અન્ય શ્રાવકો તેને સ્થિર કરે છે. માટે સમાન ધાર્મિકની સાથે વસવાથી સદા પરસ્પર તત્ત્વની આલોચના થાય છે, જેના કારણે સ્વીકારાયેલાં વ્રતોનું સમ્યક્ પાલન થાય છે.

અહીં વિશેષ એ છે કે જે જીવોમાં નિર્મળ કોટિનું સમ્યગ્દર્શન છે તે જીવો સદા જિનવચનનાં રહસ્યને જાણવા માટે અને શક્તિ અનુસાર સેવવા માટે અપ્રમાદથી યત્ન કરે છે અને જ્યારે સ્વીકારાયેલા વ્રતોમાં ઉચિત યત્ન શિથિલ થાય છે ત્યારે તે પ્રકારનો દર્શનમોહનીયનો ઉદય થાય છે જેના કારણે સંસારનો અત્યંત ભય નાશ પામે છે અને ઉત્તરોત્તરનાં ગુણસ્થાનકમાં જવા માટે ઉત્સાહ શિથિલ થાય છે. અને તુલ્ય ગુણવાળાનો સહવાસ કે અધિક ગુણવાળાનો સહવાસ તે પ્રકારના પાતથી રક્ષણ કરે છે. **।।૪૦/૧૭૩।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

वात्सल्यमेतेषु ।।૪૧/૧૭૪।।

સૂત્રાર્થ :-

આ બધામાં=સાધર્મિકોમાં વાત્સલ્ય કરવું જોઈએ. ।।૪૧/૧૭૪।।

ટીકા :-

'वात्सल्यम्' अन्नपानताम्बूलादिप्रदानग्लानावस्थाप्रतिजागरणादिना सत्करणं 'एतेषु' साधर्मिकेषु कार्यम्, तस्य प्रवचनसारत्वात्, उच्यते च –

"जिनशासनस्य सारो जीवदया निग्रहः कषायाणाम् ।

साधर्मिकवात्सल्यं भक्तिश्च तथा जिनेन्द्राणाम् ।।११९।।" [ ] **।।૪૧/૧૭૪।।**

ટીકાર્થ :-

'वात्सल्यम्' ..... जिनेन्द्राणाम् ।।" ।। આમાં=સાધર્મિકોમાં, વાત્સલ્ય કરવું જોઈએ=અન્ન, પાન, તાંબૂલ આદિનું પ્રદાન, ગ્લાન અવસ્થામાં પ્રતિજાગરણ આદિથી સત્કાર કરવો જોઈએ; કેમ કે તેનું=સાધર્મિક વાત્સલ્યનું, પ્રવચનનું સારપણું છે. અને કહેવાયું છે –

"જિનશાસનનો સાર - જીવદયા, કષાયોનો નિગ્રહ, સાધર્મિકનું વાત્સલ્ય અને જિનેન્દ્રોની ભક્તિ છે. ।।૧૧૯।।" () **।।૪૧/૧૭૪।।**

ભાવાર્થ :-

વ્રતપાલનના ઉપાયરૂપે સામાન્ય ચર્યા બતાવતાં કહ્યું કે સમાન ધાર્મિક કે અધિકગુણવાળા સાધર્મિકો સાથે પરિચય કરવો જોઈએ. હવે એવા સાધર્મિકોની ભક્તિ કરવી જોઈએ. એ પણ વ્રતના રક્ષણનો ઉપાય છે; કેમ કે પોતાના તુલ્ય કે પોતાનાથી અધિક એવા ગુણવાન સાધર્મિકોને જોઈને જેઓને તેઓ પ્રત્યે ભક્તિ વર્તે છે તેઓમાં ગુણો પ્રત્યેનો પક્ષપાત દૃઢ થાય છે અને તેના કારણે સદા ઉત્સાહપૂર્વક ગુણમાં યત્ન થાય છે.

વળી, ગુણવાન પુરુષોની ભક્તિકાળમાં પણ ગુણનો પક્ષપાત વૃદ્ધિ થાય છે. જેથી સ્વીકારાયેલાં વ્રતોનું રક્ષણ થાય છે અને સમ્યક્ પાલન થાય છે. **।।૪૧/૧૭૪।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

धर्मचिन्तया स्वपनम् ।।४२/१७५।।

સૂત્રાર્થ :-

ધર્મની ચિંતાથી સૂવું એ પણ વ્રતધારી શ્રાવકોની સામાન્ય ચર્યા છે એમ અન્વય છે. ।।૪૨/૧૭૫।।

ટીકા :-

'धर्मचिन्तया'

"धन्यास्ते वन्दनीयास्ते तैस्त्रैलोक्यं पवित्रितम् ।
यैरेष भुवनक्लेशी काममल्लो विनिर्जितः ।।१२०।।" [ ]

इत्यादिशुभभावनारूपया 'स्वपनं' निद्राङ्गीकारः, शुभभावनासुप्तो हि तावन्तं कालमवस्थित-शुभपरिणाम एव लभ्यत इति ।।४२/१७५।।

ટીકાર્થ :-

'धर्मचिन्तया' ..... इति ।। ધર્મચિંતાથી=

"તેઓ ધન્ય છે, તેઓ વંદનીય છે, તેઓ વડે ત્રણ લોક પવિત્ર કરાયા છે, જેઓ વડે ભુવનને ક્લેશ કરાવનાર આ કામરૂપી મલ્લ જિતાયો છે. ।।૧૨૦।।" ()

ઇત્યાદિ=આવા પ્રકારના અન્ય પણ પદાર્થો ઇત્યાદિથી ગ્રહણ કરવા અને તેવી શુભભાવના રૂપ ધર્મચિંતાથી નિદ્રાનો સ્વીકાર કરવો. જે કારણથી શુભભાવનાથી સૂતેલો તેટલા કાળ સુધી=નિદ્રાકાળ સુધી અવસ્થિત શુભપરિણામવાળો જ પ્રાપ્ત થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૨/૧૭૫।।

ભાવાર્થ :-

વળી, શ્રાવકે વ્રતપાલન અને વ્રતની વૃદ્ધિ અર્થે સૂતા પૂર્વે ધર્મચિંતાથી આત્માને ભાવિત કરવો જોઈએ; કેમ કે અત્યંત ઉપયોગપૂર્વક કરાયેલી ધર્મચિંતાથી વાસિત થયેલું ચિત્ત નિદ્રાકાળ દરમ્યાન તેવા અવસ્થિત

શુભ પરિણામવાળું રહે છે. જેથી નિદ્રામાં કંઈક ચેતના મંદ હોવા છતાં ધર્મની વૃદ્ધિને અનુકૂળ ચિત્ત સતત વર્તે છે. આ પ્રકારની વ્રતધારીઓની સામાન્ય ચર્યાનું પાલન કરવાથી સ્વીકારેલાં વ્રતોનું અપ્રમાદથી પાલન થાય છે; કેમ કે નિદ્રાકાળમાં પણ શુભપરિણામથી ધર્મની શક્તિનો જ સંચય થાય છે. **॥૪૨/૧૭૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

नमस्कारेणावबोधः ।।૪૩/૧૭૬।।

સૂત્રાર્થ :-

નમસ્કારથી જાગવું જોઈએ. ।।૪૩/૧૭૬।।

ટીકા :-

'नमस्कारेण' सकलकल्याणपुरपरमश्रेष्ठिभिः परमेष्ठिभिरधिष्ठितेन नमो अरहंताणमित्यादिप्रतीतरूपेण 'अवबोधो' निद्रापरिहारः, परमेष्ठिनमस्कारस्य महागुणत्वात्, पठ्यते च –

"एष पञ्चनमस्कारः सर्वपापप्रणाशनः ।

मङ्गलानां च सर्वेषां प्रथमं भवति मङ्गलम् ।।१२१।।" **[ ] इति ।।૪૩/૧૭૬।।**

ટીકાર્થ :-

'नमस्कारेण' ..... इति ।। નમસ્કારથી=સકલ કલ્યાણનું કારણ એવું જે નગર તેમાં રહેનારા પરમ શ્રેષ્ઠિ એવા પરમેષ્ઠિથી અધિષ્ઠિત નમો અરિહંતાણં ઈત્યાદિ પ્રતીતરૂપ નમસ્કારથી નિદ્રાનો પરિહાર કરવો જોઈએ; કેમ કે પરમેષ્ઠિ નમસ્કારનું મહા ગુણપણું છે અને કહેવાય છે –

"આ પાંચનો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વમંગલમાં પ્રથમ મંગલ છે. ।।૧૨૧।।" **()**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૩/૧૭૬।।

ભાવાર્થ :-

શ્રાવકે નિદ્રા પૂરી થયા પછી નમસ્કારનાં સ્મરણપૂર્વક નિદ્રાનો પરિહાર કરવો જોઈએ અર્થાત્ જાગતાની સાથે પ્રથમ નમસ્કારનું સ્મરણ કરવું જોઈએ. તે નમસ્કાર કેવો છે તે સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે –

સર્વ કલ્યાણને કરનાર એવું જિનશાસનરૂપી જે નગર તેમાં વસનારા પરમ શ્રેષ્ઠિ એવા પંચપરમેષ્ઠિ છે;

કેમ કે શ્રાવક-શ્રાવિકા આદિ જિનશાસનરૂપી નગરમાં વસે છે અને તે જિનશાસનરૂપી નગર સકલ કલ્યાણનું કારણ છે, તોપણ તેમાં વસનારા પરમશ્રેષ્ઠિઓ તો=પરમ શ્રીમંત તો, અરિહંત આદિ પાંચ જ છે. તે આ રીતે –

અરિહંત ચાર અતિશયવાળા છે. સિદ્ધ ભગવંતો પૂર્ણ કલ્યાણને પામેલા હોવાથી પૂર્ણગુણવાળા છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સર્વ ઉદ્યમથી કલ્યાણ માટે યત્ન કરનારા છે, માટે અંતરંગ સમૃદ્ધિથી આ પાંચે પરમ શ્રીમંત છે અને તેવા પરમ શ્રીમંતરૂપ પરમેષ્ઠિથી અધિષ્ઠિત નવકારમંત્ર છે, તેથી જે શ્રાવક સૂક્ષ્મ બુદ્ધિથી પંચપરમેષ્ઠિનાં સ્વરૂપનાં સમાલોચનપૂર્વક જાગે છે તેવા શ્રાવકને આ જગતમાં પંચપરમેષ્ઠિ જ મહાશ્રીમંત જણાય છે અને તેઓને નમસ્કાર કરીને તેઓના તુલ્ય થવાની શક્તિનો સંચય કરે છે જેના બળથી સ્વીકારાયેલાં વ્રતોના સમ્યક્ પાલનનું સદ્વીર્ય સદા ઉલ્લસિત રહે છે. **॥૪૩/૧૭૬॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

प्रयत्नकृतावश्यकस्य विधिना चैत्यादिवन्दनम् ।।४४/१७७।।

સૂત્રાર્થ :-

પ્રયત્નકૃત આવશ્યકવાળા શ્રાવકે=દેહનાં આવશ્યક કૃત્યોને કરેલા એવા શ્રાવકે વિધિથી ચૈત્યાદિનું વંદન કરવું જોઈએ. ।।૪૪/૧૭૭।।

ટીકા :-

'प्रयत्नेन' प्रयत्नवता कृतान्यावश्यकानि मूत्रपुरीषोत्सर्गाङ्गप्रक्षालनशुद्धवस्त्रग्रहणादीनि येन स तथा, तस्य 'विधिना' पुष्पादिपूजासंपादनमुद्रान्यसनादिना प्रसिद्धेन 'चैत्यवन्दनं' प्रसिद्धरूपमेव, 'आदि'शब्दान्मातापित्रादिगुरुवन्दनं च, यथोक्तम् –

"चैत्यवन्दनतः सम्यक् शुभो भावः प्रजायते ।
तस्मात् कर्मक्षयः सर्वः ततः कल्याणमश्नुते ।।१२२।।" **[ ] इत्यादीति ।।४४/१७७।।**

ટીકાર્થ :-

'प्रयत्नेन' ..... इत्यादीति ।। પ્રયત્નથી=પ્રયત્નવાળા એવા શ્રાવકથી, મૂત્ર-મળનો ઉત્સર્ગ, અંગનું પ્રક્ષાલન, શુદ્ધ વસ્ત્રના ગ્રહણાદિરૂપ આવશ્યક જેના વડે કરાયા છે તે તેવા છે=પ્રયત્નકૃત આવશ્યકવાળા

છે, તેવા શ્રાવકને વિધિ વડે=પુષ્પાદિ પૂજા-સંપાદન મુદ્રાન્યસનાદિ પ્રસિદ્ધ એવી વિધિ વડે, પ્રસિદ્ધ એવું ચૈત્યવંદન કરવું જોઈએ.

'चैत्यवंदनादि'માં રહેલા 'आदि' શબ્દથી માતા-પિતા આદિ ગુરુવર્ગને વંદન કરવું જોઈએ.

જે પ્રમાણે કહેવાયું છે –

"ચૈત્યવંદનથી સમ્યક્ શુભભાવ થાય છે તેનાથી કર્મક્ષય અને તેનાથી=કર્મક્ષયથી જીવ સર્વ કલ્યાણને પ્રાપ્ત કરે છે. ॥૧૨૨॥" **() આદિ.**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૪/૧૭૭॥

ભાવાર્થ :-

ઉપદેશક શ્રાવકને દેશવિરતિના સમ્યક્ પાલન અર્થે સામાન્ય ચર્યા બતાવતાં કહે છે કે શ્રાવકે જાગતાની સાથે નમસ્કાર મંત્રનું સ્મરણ કર્યા પછી દેહનાં મલ-મૂત્ર આદિ આવશ્યક કૃત્ય કરવાં જોઈએ, જેથી શરીરપીડાને કારણે ભગવદ્ભક્તિમાં વ્યાઘાત ન થાય. ત્યારપછી શ્રાવક અંગનું પ્રક્ષાલન કરે, શુદ્ધ વસ્ત્રો ધારણ કરે અને ભગવાનની ભક્તિની ઉચિત સામગ્રીપૂર્વક પોતાના ગૃહચૈત્યમાં જાય અને ઉચિત ભક્તિ સંપાદન કર્યા પછી ચૈત્યવંદન કરે અને ચૈત્યવંદન કર્યા પછી માતા-પિતા આદિ ગુરુવર્ગને વંદન કરે. જેથી સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવાની શક્તિનો સંચય થાય છે અને ચૈત્યવંદન તો ગુણના પ્રકર્ષવાળા તીર્થંકરોના ગુણગાન સ્વરૂપ છે જેનાથી સર્વોત્તમ પુરુષ પ્રત્યે તીવ્રરાગ રૂપ શુભભાવ થાય છે. અને વીતરાગ પ્રત્યે થયેલા તીવ્રરાગથી સંયમ પ્રત્યેના પ્રતિબંધક કર્મોનો ક્ષય થાય છે. અને શુભભાવથી થયેલા કર્મના ક્ષયના કારણે જીવને સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ આ લોકમાં પણ ઉત્તમ ચિત્ત અને ઉત્તમ પુણ્યનો વિપાક પ્રાપ્ત થાય છે અને ભવાંતરમાં પણ સદ્ગતિઓની પરંપરા દ્વારા તીર્થંકર તુલ્ય અવસ્થાની પ્રાપ્તિ થાય છે. માટે શ્રાવકે દેહની શુદ્ધિપૂર્વક પ્રાતઃકાળમાં પ્રથમ વિધિપૂર્વક ચૈત્યવંદનાદિ કરવું જોઈએ. **॥૪૪/૧૭૭॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

सम्यक् प्रत्याख्यानक्रिया ॥४५/१७८॥

સૂત્રાર્થ :-

સમ્યક્ પ્રત્યાખ્યાન કરવું જોઈએ. ॥૪૫/૧૭૮॥

ટીકા :-

'सम्यगि'ति क्रियाविशेषणम्, ततः 'सम्यग्' यथा भवति तथा मानक्रोधाऽनाभोगादिदोषपरिहारवशात् 'प्रत्याख्यानस्य' मूलगुणगोचरस्योत्तरगुणगोचरस्य च 'क्रिया' ग्रहणरूपा, परिमितसावद्यासेवनेऽपि अपरिमितपरिहारेण प्रत्याख्यानस्य महागुणत्वात्, यथोक्तम् –

"परिमितमुपभुञ्जानो ह्यपरिमितमनन्तकं परिहरंश्च ।
प्राप्नोति परलोके ह्यपरिमितमनन्तकं सौख्यम् ।।१२३।।" [ ] **इति ।।४५/१७८।।**

ટીકાર્થ :-

'सम्यगि'ति ..... इति ।। सम्यक् એ प्रत्याख्यान ક્રિયાનું વિશેષણ છે=પચ્ચક્ખાણ ગ્રહણ કરવાની ક્રિયાનું વિશેષણ છે, તેથી સમ્યક્ જે પ્રમાણે થાય=સમ્યક્ જે પ્રકારે પ્રત્યાખ્યાનની ક્રિયા થાય, તે પ્રમાણે માન, ક્રોધ, અનાભોગ આદિ દોષના પરિહારથી મૂળગુણવિષયક અને ઉત્તરગુણવિષયક પ્રત્યાખ્યાનની ગ્રહણરૂપ ક્રિયા કરવી જોઈએ; કેમ કે પરિમિત સાવદ્યના આસેવનમાં પણ અપરિમિતના પરિહારથી=અપરિમિત એવા સાવદ્યના પરિહારથી, પ્રત્યાખ્યાનનું મહાન ગુણપણું છે. જે કારણથી કહેવાયું છે –

"પરિમિતને ભોગવતો અને અપરિમિત અનંતનો પરિહાર કરતો શ્રાવક પરલોકમાં અપરિમિત એવા અનંત સુખને પ્રાપ્ત કરે છે. ।।૧૨૩।।" **()**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૫/૧૭૮।।

ભાવાર્થ :-

શ્રાવકે ઊઠ્યા પછી ચૈત્યવંદન આદિ ઉચિત ક્રિયા કર્યા પછી પોતાની શક્તિ અનુસાર સમ્યક્ પચ્ચક્ખાણ કરવું જોઈએ.

કઈ રીતે સમ્યગ્ પચ્ચક્ખાણ થાય ? એથી કહે છે –

માન-ક્રોધાદિ કષાયોનો અને અનાભોગાદિ દોષોનો પરિહાર કરીને પોતાના સ્વીકારાયેલા મૂળગુણ-ઉત્તરગુણ વિષયક દિવસ દરમ્યાન સંકોચ થાય તે પ્રકારની ક્રિયારૂપ પચ્ચક્ખાણ કરવું જોઈએ, જેનાથી પોતાના જીવનમાં દિવસ દરમ્યાન પરિમિત સાવદ્યનું સેવન થાય અને અપરિમિત એવા સાવદ્યનો પરિહાર થાય. જેના કારણે સંવરભાવનો પરિણામ વૃદ્ધિ પામે છે. જેથી પચ્ચક્ખાણ મહાન ગુણવાળું બને છે.

આશય એ છે કે શ્રાવક સ્વશક્તિ અનુસાર ૧૨ વ્રતો સ્વીકાર્યા પછી પ્રતિદિન તે વ્રતોના વિષયભૂત સાવદ્ય પ્રવૃત્તિનો વિશેષ વિશેષ સંકોચ થાય તે પ્રકારે પચ્ચક્ખાણ ગ્રહણ કરે અને તે પચ્ચક્ખાણ ગ્રહણ કરવામાં કેવળ સંપૂર્ણ નિરવદ્ય પ્રવૃત્તિની શક્તિનો સંચય થાય તે પ્રકારના પ્રતિસંધાનથી પચ્ચક્ખાણ ગ્રહણ કરે, પરંતુ કષાયને વશ થઈને પચ્ચક્ખાણ ગ્રહણ ન કરે અથવા આ પચ્ચક્ખાણ દ્વારા મારે અંતરંગ રીતે

સંવરની વૃદ્ધિ કરવી છે તે વિષયમાં અનાભોગાદિ દોષ પ્રાપ્ત ન થાય તે રીતે પચ્ચક્ખાણ ગ્રહણ કરે, જેથી પચ્ચક્ખાણ ગ્રહણ કર્યા પછી પચ્ચક્ખાણની કાલાવધિ સુધી તે તે પ્રકારના ત્યાગ કરાયેલા સાવદ્યનું સેવન મનથી, વચનથી કે કાયાથી ન થાય તે પ્રકારનું દૃઢ વીર્ય ઉલ્લસિત થાય જેનાથી સ્વીકારાયેલું પચ્ચક્ખાણ મહાનિર્જરાનું કારણ બને છે અને પુણ્યાનુબંધીપુન્ય દ્વારા પરલોકમાં મહાસુખનું કારણ બને છે **॥૪૫/૧૭૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

यथोचितं चैत्यगृहगमनम् ।।४६/१७९।।

સૂત્રાર્થ :-

યથોચિત ચૈત્યગૃહગમન કરવું જોઈએ. ॥૪૬/૧૭૯॥

ટીકા :-

'यथोचितं' यथायोग्यं 'चैत्यगृहगमनं' चैत्यगृहे जिनभवनलक्षणे अर्हद्बिम्बवन्दनाय प्रत्याख्यान-क्रियानन्तरमेव गमनमिति, इह द्विविधः श्रावको भवति – ऋद्धिमांस्तदितरश्च, तत्रर्द्धिमान् राजादिरूपः, स सर्वस्वपरिवारसमुदायेन व्रजति, एवं हि तेन प्रवचनप्रभावना कृता भवति, तदितरोऽपि स्वकुटुम्बसंयोगेनेति, समुदायकृतानां कर्मणां भवान्तरे समुदायेनैवोपभोगभावात् ।।४६/१७९।।

ટીકાર્થ :-

'यथोचितं' ..... भोगभावात् ।। યથોચિત=પોતાની યોગ્યતા અનુસાર, ચૈત્યગૃહગમન કરવું જોઈએ= જિનભવનરૂપ ચૈત્યગૃહમાં અરિહંતના બિંબના વંદન માટે, પ્રત્યાખ્યાનની ક્રિયા કર્યા પછી તરત જ ગમન કરવું જોઈએ. અહીં=ચૈત્યગૃહગમનના વિષયમાં, બે પ્રકારના શ્રાવકો છે – (૧) ઋદ્ધિવાળા અને (૨) ઋદ્ધિ રહિત. ત્યાં ઋદ્ધિમાન રાજાદિરૂપ શ્રાવક સર્વસ્વપરિવારના સમુદાયથી ચૈત્યાલયમાં જાય છે. આ રીતે તેના વડે પ્રવચનની પ્રભાવના કરાયેલી થાય છે અને તેનાથી ઇતર પણ સ્વકુટુંબના સંયોગથી ચૈત્યાલયમાં જાય છે; કેમ કે સમુદાયથી કરાયેલાં કૃત્યોના ઉપભોગની પ્રાપ્તિ ભવાંતરમાં સમુદાયથી જ છે. ॥૪૬/૧૭૯॥

ભાવાર્થ :-

શ્રાવક ગૃહચૈત્યમાં ચૈત્યવંદન આદિ કરીને પચ્ચક્ખાણ કર્યા પછી ઉચિત વિધિથી જિનભવનરૂપ ચૈત્યગૃહમાં અર્થાત્ સંઘના ચૈત્યગૃહમાં જાય છે. જો તે શ્રાવક ઋદ્ધિમાન હોય તો સર્વ પોતાના પરિવાર સહિત જાય છે અને ઋદ્રિપૂર્વક તે શ્રાવકને ચૈત્યાલય જતાં જોઈને યોગ્ય જીવોને થાય છે કે આ ભાગ્યશાળી જીવો ભગવાનની ભક્તિ અર્થે કેવા વૈભવપૂર્વક જાય છે. તે જોઈને તેઓને પણ ભગવાનની ભક્તિ કરવાનો પરિણામ થાય છે, તેથી ભગવાનના શાસનની પ્રભાવના થાય છે; કેમ કે યોગ્ય જીવોમાં ધર્મપ્રાપ્તિનાં બીજોનું આધાન થાય છે. વળી જેઓ ઋદ્ધિમાન નથી તેઓ પણ પોતાના કુટુંબ સાથે ચૈત્યાલયમાં જાય છે. જે ઉત્તમ કાર્ય સમુદાયમાં તેઓ કરે છે તેના ફળરૂપે તેનું ધર્મી એવું કુટુંબ જન્માંતરમાં પણ સાથે ધર્મપરાયણ થઈને એકઠું થાય છે જેથી એકબીજાને ધર્મની વૃદ્ધિમાં પરસ્પર કારણભાવને પ્રાપ્ત કરે છે. **॥૪૬/૧૭૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

विधिनाऽनुप्रवेशः ।।४७/१८०।।

સૂત્રાર્થ :-

વિધિથી અનુપ્રવેશ કરે=ચૈત્યગૃહમાં પ્રવેશ કરે. ॥૪૭/૧૮૦॥

ટીકા :-

'विधिना' विधानेन चैत्यगृहे प्रवेशः कार्यः, अनुप्रवेशविधिश्चायम्–"सच्चित्ताणं दव्वाणं विउस्सरणयाए १, अचित्ताणं दव्वाणं अविउस्सरणयाए २, एगसाडिएणं उत्तरासंगेणं ३, चक्खुफासे अंजलिपग्गहेणं ४, मणसो एगत्तीकरणेणं ५" **[भगवतीसूत्रे २/५, ज्ञाताधर्मकथाङ्गे प्रथमाध्ययने पृ.४२, पं.१७] [सचित्तानां द्रव्याणां व्युत्सर्जनतया अचित्तानां द्रव्याणामव्युत्सर्जनतया एकशाटिकेनोत्तरासङ्गेन चक्षुः स्पर्शे अञ्जलिप्रग्रहेण मनस एकत्वीकरणेन] ति ।।४७/१८०।।**

ટીકાર્થ :-

विधिना ..... ति ।। વિધિથી=શાસ્ત્રમાં કહેલ વિધિથી ચૈત્યગૃહમાં પ્રવેશ કરવો જોઈએ. અનુપ્રવેશની વિધિ આ છે – "(૧) સચિત્ત દ્રવ્યોના ત્યાગથી, (૨) અચિત્ત દ્રવ્યોના અત્યાગથી, (૩) એકસાટિક ઉત્તરાસંગથી,

(૪) ચક્ષુથી જિનપ્રતિમાનાં દર્શન થતાં અંજલિના પ્રગ્રહથી=બે હાથ જોડીને નમસ્કાર કરવાથી, (૫) મનના એકાગ્રકરણથી=વીતરાગના ગુણોને અભિમુખ મન પ્રસર્પણ પામે તે પ્રકારના મનના દૃઢ વ્યાપારથી, ચૈત્યગૃહમા પ્રવેશ કરવો જોઈએ એમ અન્વય છે." **(ભગવતીસૂત્ર-૨/૫, જ્ઞાતાધર્મકથા પ્રથમ અધ્યયન, પૃ. ૪૨, પં. ૧૭).**

'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ॥૪૭/૧૮૦॥

ભાવાર્થ :-

શ્રાવક પચ્ચક્ખાણ કર્યા પછી શાસનની પ્રભાવના થાય તે રીતે કે પોતાનું કુટુંબ ધર્મપરાયણ થાય તે રીતે કુટુંબ સાથે ચૈત્યગૃહમાં જાય ત્યારે શાસ્ત્રમાં બતાવાયેલી વિધિ અનુસાર ચૈત્યગૃહમાં પ્રવેશ કરે. અને તે પ્રવેશની વિધિનાં પાંચ અંગો છે.

પોતાના દેહ ઉપર ધારણ કરાયેલ માલા આદિ સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરે જેનાથી ભગવાન પ્રત્યેનો ઉચિત વિનય સચવાય છે. વળી, અલંકાર આદિ અચિત્ત દ્રવ્યોને ધારણ કરી રાખે, જેનાથી પોતે શોભાયમાન થવાને કારણે તે પ્રકારની ભગવાનની પૂજામાં ભાવની વૃદ્ધિ થાય છે. વળી, શ્રાવક એકસાટિકવાળું ઉત્તરાસંગ=ખેસને ધારણ કરીને જિનાલયમાં પ્રવેશ કરે જે ખેસ દ્વારા પૂંજવા આદિની ક્રિયા કરીને જીવરક્ષા કરી શકે છે. અને જિનાલયમાં પ્રવેશ કરતી વખતે ચક્ષુથી પ્રતિમાનાં દર્શન થાય કે તરત બે હાથ જોડીને જિનને નમસ્કાર કરે. વળી, જિનાલયમાં પ્રવેશતી વખતે દૃઢ પ્રણિધાન કરે કે જિનાલયની પ્રવૃત્તિકાળમાં પોતાનું ચિત્ત વીતરાગના ગુણના સ્મરણપૂર્વક તેમના પ્રત્યેના ભક્તિના ભાવની વૃદ્ધિ થાય તે રીતે સર્વ ક્રિયામાં પ્રવર્તે. આ પ્રકારની ઉચિત વિધિપૂર્વક ચૈત્યગૃહમાં પ્રવેશ કરવાથી ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે અને વીતરાગ પ્રત્યેની ભક્તિ કરવાની ઉચિત ક્રિયામાં દૃઢ પક્ષપાત ઉત્પન્ન થાય છે, જે મહાનિર્જરાનું કારણ છે. **॥૪૭/૧૮૦॥**

અવતરણિકા :-

તત્ર ચ –

અવતરણિકાર્થ :-

અને ત્યાં=ચૈત્યગૃહમાં, શું કરવું જોઈએ ? તે બતાવે છે –

સૂત્ર :-

उचितोपचारकरणम् ॥४८/१८१॥

સૂત્રાર્થ :-

ઉચિત ઉપચારને કરવું જોઈએ. ॥૪૮/૧૮૧॥

ટીકા :-

'उचितस्य' अर्हद्बिम्बानां योग्यस्य 'उपचारस्य' पुष्पधूपाद्यभ्यर्चनलक्षणस्य 'करणं' विधानम् ।।४८/१८१।।

ટીકાર્થ :-

'उचितस्य' ..... विधानम् ।। અર્હત્ બિંબોને યોગ્ય એવા ઉચિત પુષ્પ, ધૂપાદિથી અભ્યર્ચનારૂપ ઉપચારને કરવું જોઈએ. ।।૪૮/૧૮૧।।

ભાવાર્થ :-

શ્રાવક વિધિપૂર્વક ચૈત્યાલયમાં પ્રવેશ કર્યા પછી પોતાની શક્તિ અનુસાર પૂજાની સર્વ સામગ્રીથી ભગવાનની ભક્તિ કરે. જેથી પૂજાકાળમાં ભગવાનના ગુણો પ્રત્યેનો બહુમાન ભાવ તે તે ક્રિયાથી પ્રવર્ધમાન થાય છે. અને પૂજાકાળમાં શ્રાવક ભાવન કરે છે કે ભગવાન યોગનિરોધ કરીને સિદ્ધ અવસ્થાને પામેલા છે તેમની તે અવસ્થા આત્મા માટે અત્યંત ઉપાદેય છે; કેમ કે યોગનિરોધથી આત્મા સર્વ દુઃખોનો અંત કરે છે અને પૂર્ણસુખમય મોક્ષની પ્રાપ્તિ કરે છે. આ અવસ્થાને પામેલા ભગવાન જન્મથી માંડીને નિર્મળ મતિ-શ્રુત-અવધિજ્ઞાનવાળા હતા, અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનારા હતા, મહાસત્ત્વશાળી હતા અને ઉચિતકાળે સંસારના ઉચ્છેદના ઉપાયરૂપે સંયમને ગ્રહણ કરેલ ત્યારે નિર્મળ કોટીનું મનઃપર્યવજ્ઞાન પ્રગટ હતું અને આ ચાર પ્રકારના નિર્મળજ્ઞાનના બળથી ભગવાન કર્મનાશ માટે મહા પરાક્રમ ફોરવીને અસંગભાવને પામ્યા અને અંતે વીતરાગ-સર્વજ્ઞ થયા. જગતના જીવોના ઉપકાર અર્થે તીર્થની સ્થાપના કરી અને ભવના અંતે યોગનિરોધ કરીને સર્વ કર્મથી મુક્ત થયા. માટે આવા ઉત્તમ પુરુષની હું ભક્તિ કરીને તેમની આજ્ઞાના પાલનને અનુકૂળ સંચિત વીર્યવાળો થાઉં; અને તેમની જેમ મહાપરાક્રમ ફોરવીને સંસારનો અંત કરું એ પ્રકારના પ્રણિધાનપૂર્વક શ્રાવક ભગવાનની ભક્તિ કરે, જેથી પ્રદીર્ઘકાળ સુધી ભગવાનના ગુણોના ચિંતવનથી તદ્ભાવને અભિમુખ જતું પોતાનું ચિત્ત ચૈત્યવંદન કરવાને અનુકૂળ ભૂમિકાને પ્રાપ્ત કરે. **॥૪૮/૧૮૧॥**

અવતરણિકા :-

ततो –

અવતરણિકાર્થ :-

ત્યારપછી ઉચિત સામગ્રીથી ભગવાનની પૂજા કર્યા પછી, શ્રાવક શું કરે ? તે બતાવે છે –

સૂત્ર :-

भावतः स्तवपाठः ।।४९/१८२।।

સૂત્રાર્થ :-

ભાવથી સ્તવનો પાઠ કરે. ।।૪૯/૧૮૨।।

ટીકા :-

दरिद्रनिधिलाभादिसंतोषोपमानोपमेयाद् 'भावतो' भावात् संतोषलक्षणात् 'स्तवानां' गम्भीराभिधेयानां सद्भूतगुणोद्भावनाप्रधानानां नमस्कारस्तोत्रलक्षणानां 'पाठः' समुचितेन ध्वनिना समुच्चारणम् ।।४९/१८२।।

ટીકાર્થ :-

दरिद्रनिधि ..... समुच्चारणम् ।। દરિદ્ર પુરુષને નિધિના લાભાદિથી થયેલા સંતોષના ઉપમાનથી ઉપમેય એવા સંતોષરૂપ ભાવથી સ્તવનાનો પાઠ કરે=ગંભીર અભિધેય છે જેમાં અને સદ્ભૂત ગુણોની ઉદ્ભાવના છે પ્રધાન જેમાં એવા નમસ્કાર સ્તોત્રરૂપ પાઠ સમુચિત ધ્વનિથી ઉચ્ચારણપૂર્વક કરે. ।।૪૯/૧૮૨।।

ભાવાર્થ :-

જેમ કોઈ દરિદ્ર પુરુષને મહાન નિધાનનો લાભ થાય ત્યારે તેને અત્યંત હર્ષ થાય છે. તેમ તત્ત્વના જાણકાર શ્રાવકને બોધ છે કે પોતે અંતરંગ ગુણસંપત્તિથી દરિદ્ર છે આથી જ તુચ્છ એવા ભોગોમાંથી આનંદ લઈને દરિદ્ર અવસ્થા તુલ્ય સંસારની વિડંબનાને પ્રાપ્ત કરે છે. આમ છતાં દરિદ્ર એવા પણ મને લોકોત્તમ પુરુષ એવા તીર્થંકરોના સ્વરૂપનો બોધ થયો છે જે મહાનિધાનની પ્રાપ્તિતુલ્ય છે; કેમ કે જેમ દરિદ્ર પુરુષ નિધાનની પ્રાપ્તિથી દરિદ્રતાનો ત્યાગ કરીને સમૃદ્ધિવાળો બને છે તેમ લોકોત્તમ પુરુષની સ્તવના કરીને હું પણ સંસારના પરિભ્રમણના કારણીભૂત એવી મારી દરિદ્ર અવસ્થાનો ત્યાગ કરીને ભગવાનની સ્તવનાના બળથી સમૃદ્ધિવાળો થઈશ, તેથી ધનની પ્રાપ્તિ તુલ્ય મહાનિધાન જેવા ભગવાનને પામીને સંતોષકૃત ભાવથી ભગવાનની સ્તવના કરે છે.

કેવી સ્તવના કરે છે ? એથી કહે છે –

જે સ્તવનાનાં સૂત્રોમાં ગંભીર એવા ભાવો અભિધેય છે અને ભગવાનના સદ્ભૂત ગુણોનું પ્રધાન વર્ણન છે જેમાં એવા ભગવાનને નમસ્કાર કરનારાં સ્તોત્રોથી ભગવાનની સ્તુતિ શ્રાવક કરે અને સાંભળનારને પણ અત્યંત પ્રીતિ થાય તેવાં રમ્ય તે સ્તોત્રોનું ઉચિત ધ્વનિથી ઉચ્ચારણ કરે. આ રીતે સ્તુતિ કરીને શ્રાવક સર્વવિરતિની મહાશક્તિનો સંચય કરે છે. આથી જ શ્રાવકને દ્રવ્યસ્તવ ભાવસ્તવની પ્રાપ્તિરૂપ ચારિત્રનું કારણ બને છે. **।।૪૯/૧૮૨।।**

અવતરણિકા :-

ततः –

અવતરણિકાર્થ :-

ત્યારપછી=સૂત્ર-૪૮-૪૯માં કહ્યું તેમ જિનબિંબની ઉચિત ભક્તિ અને સ્તવપાઠ કર્યા પછી, શ્રાવક અન્ય શું કરે ? તે બતાવે છે –

સૂત્ર :-

चैत्यसाधुवन्दनम् ।।५०/१८३।।

સૂત્રાર્થ :-

ચૈત્ય અને સાધુને વંદન કરે. ।।૫૦/૧૮૩।।

ટીકા :-

'चैत्यानाम्' अर्हद्बिम्बानामन्येषामपि भावार्हत्प्रभृतीनां 'साधूनां' च व्याख्यानाद्यर्थमागतानां वन्दनीयानां 'वन्दनम्' अभिष्ट्वनं प्रणिपातदण्डकादिपाठक्रमेण द्वादशावर्त्तवन्दनादिना च प्रसिद्धरूपेणैवेति ।।५०/१८३।।

ટીકાર્થ :-

'चैत्यानाम्' ..... प्रसिद्धरूपेणैवेति ।। અરિહંતનાં ચૈત્યોને=અન્ય પણ ભાવઅરિહંત વગેરેનાં જિનબિમ્બોને અને વ્યાખ્યાન આદિ અર્થે આવેલા વંદનીય એવા સાધુઓને વંદન કરે=જિનપ્રતિમાને પ્રણિપાત દંડકાદિનાં પાઠના ક્રમથી વંદન કરે. અને પ્રસિદ્ધરૂપ એવા દ્વાદશાવર્તવંદન આદિથી સાધુઓને વંદન કરે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૦/૧૮૩।।

ભાવાર્થ :-

વળી, ચૈત્યગૃહમાં ગયા પછી તે ચૈત્યગૃહમાં મુખ્ય જિનપ્રતિમાની સ્તવના કર્યા પછી શ્રાવક ભાવઅરિહંત વગેરેની અન્ય પણ પ્રતિમાને વંદન કરે છે. નમુત્થુણં સૂત્રાદિના પાઠના ક્રમથી ચૈત્યવંદનની ક્રિયાથી વંદન કરે છે, જેથી વિશેષ પ્રકારના ભગવાનના ગુણોના પ્રણિધાન દ્વારા ભાવની વિશુદ્ધિ થાય છે. વળી, કોઈ સુસાધુ તે ચૈત્યગૃહ આદિના સ્થાને આવેલા હોય અને તે ચૈત્યગૃહના બર્હિમંડપ આદિમાં વ્યાખ્યાન આદિ પ્રયોજનથી બિરાજમાન હોય તો તેઓને પણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા દ્વાદશાવર્ત આદિથી વંદન કરે. જેથી સર્વવિરતિને અનુકૂળ મહાવીર્યનો સંચય થાય; કેમ કે સાધુના વિદ્યમાન ગુણોના સ્મરણપૂર્વક વંદન ક્રિયાકાળમાં તેમના પ્રત્યેનો વધતો જતો બહુમાનનો ભાવચારિત્રના પ્રતિબંધક કર્મોના નાશનું કારણ બને છે. **।।૫૦/૧૮૩।।**

અવતરણિકા :-

ततः –

અવતરણિકાર્થ :-

ત્યારપછી શ્રાવક અન્ય શું કરે ? તે બતાવે છે –

સૂત્ર :-

गुरुसमीपे प्रत्याख्यानाभिव्यक्तिः ।।५१/१८४।।

સૂત્રાર્થ :-

ત્યારપછી=સાધુને વંદન કર્યા પછી સાધુ પાસે પ્રત્યાખ્યાનની અભિવ્યક્તિ=સૂત્ર-૪૫માં કહેલ તે પ્રમાણે શ્રાવક પચ્ચક્ખાણને ગ્રહણ કર્યા પછી તે પચ્ચક્ખાણને ફરી ગુરુ પાસેથી ગ્રહણ કરે. ।।૫૧/૧૮૪।।

ટીકા :-

तथाविधशुद्धसमाचारसाधुसमीपे प्रागेव गृहादौ गृहीतस्य 'प्रत्याख्यानस्य अभिव्यक्तिः' गुरोः साक्षिभावसंपादनाय प्रत्युच्चारणम् ।।५१/१८४।।

ટીકાર્થ :-

तथाविध ..... प्रत्युच्चारणम् ।। તેવા પ્રકારના શુદ્ધ સમાચારવાળા સાધુની સમીપમાં=વર્તમાનકાળને અનુરૂપ ભગવાને કહેલા જે શુદ્ધ સમાચાર છે તેવા પ્રકારના શુદ્ધ સમાચારને પાળનારા સાધુની પાસે શ્રાવક પૂર્વમાં જે પચ્ચક્ખાણ ગ્રહણ કરેલું તે પચ્ચક્ખાણને ગુરુ પાસે ફરી ગ્રહણ કરે છે અર્થાત્ પોતાના સ્વીકારાયેલા પચ્ચક્ખાણમાં ગુરુના સાક્ષીભાવના સંપાદન માટે ફરી ગુરુ સમીપે પચ્ચક્ખાણ ગ્રહણ કરે છે. ।।૫૧/૧૮૪।।

ભાવાર્થ :-

શ્રાવક સાધુને વંદન કર્યા પછી જો તે સાધુ કાળને અનુરૂપ શુદ્ધ સમાચારને પાળનારા હોય તો તેવા મહાત્મા પાસે પૂર્વમાં ગ્રહણ કરાયેલા પચ્ચક્ખાણને ફરી ગ્રહણ કરે છે જેથી શ્રાવકને અધ્યવસાય થાય છે કે ગુણવાન એવા ગુરુની સાક્ષીએ મેં આ પચ્ચક્ખાણ કર્યું છે માટે પચ્ચક્ખાણની મર્યાદામાં પણ મનથી, વચનથી અને કાયાથી સહેજ પણ સ્ખલના ન થાય તે પ્રકારે મારે ઉદ્યમ કરવો જોઈએ. જેથી સ્વીકારાયેલું પચ્ચક્ખાણ ઉત્તર ઉત્તરની વિરતિની વૃદ્ધિ દ્વારા મહાકલ્યાણનું કારણ બને. **।।૫૧/૧૮૪।।**

અવતરણિકા :-

ततः –

અવતરણિકાર્થ :-

ત્યારપછી શ્રાવક અન્ય શું કરે ? તે બતાવે છે –

સૂત્ર :-

जिनवचनश्रवणे नियोगः ।।५२/१८५।।

સૂત્રાર્થ :-

ત્યારપછી જિનવચનના શ્રવણમાં નિયોગ કરવો જોઈએ=નિયમ=વ્યાપાર કરવો જોઈએ. ।।૫૨/૧૮૫।।

ટીકા :-

'संप्राप्तसम्यग्दर्शनादिः प्रतिदिनं साधुजनात् सामाचारीं शृणोति' इति श्रावक इत्यन्वर्थसंपादनाय 'जिनवचनश्रवणे नियोगो' नियमः कार्य इति ।।५२/१८५।।

ટીકાર્થ :-

'संप्राप्तसम्यग्दर्शनादिः ..... कार्य इति ।। संप्राप्त सम्यग्दर्शन આદિવાળા શ્રાવક પ્રતિદિન સાધુ પાસેથી સામાચારીને=સાધુની સામાચારીને, સાંભળનારા છે એ પ્રકારના શ્રાવક શબ્દના અન્વર્થ સંપાદન માટે=શ્રાવક શબ્દના પારમાર્થિક અર્થના સંપાદન માટે, જિનવચનના શ્રવણમાં નિયોગ કરવો જોઈએ=નિયમ=વ્યાપાર કરવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૨/૧૮૫।।

ભાવાર્થ :-

જે શ્રાવક ભગવાનના વચનના સૂક્ષ્મ પરમાર્થને જાણનારા છે અને શક્તિ અનુસાર સર્વવિરતિની શક્તિમાં સંચય અર્થે દેશવિરતિનું પાલન કરે છે તેવા શ્રાવકો સંપ્રાપ્ત સમ્યગ્દર્શન આદિવાળા છે અને તેવા શ્રાવકોને પ્રતિદિન સાધુ પાસેથી સર્વવિરતિની સામાચારીને સાંભળવી જોઈએ જેથી સર્વવિરતિવાળા મહાત્મા કેવા ઉત્તમ આચારોને પાળીને સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમ કરી રહ્યા છે તેનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય એ પ્રકારના શ્રાવક શબ્દના વ્યુત્પત્તિ અર્થની મર્યાદા છે. જેથી શ્રાવકે સુસાધુને યોગ હોય તો તેમની પાસે જઈને સાધુના ઉચિત આચારોનું નિત્ય શ્રવણ કરવું જોઈએ જેથી સાધુ-સામાચારીના પારમાર્થિક સ્વરૂપનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય અને સાધુજીવનના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યેના પક્ષપાતને કારણે સર્વવિરતિનાં આવારક કર્મોનો શીઘ્ર ક્ષય થાય જેથી ભાવથી સર્વવિરતિની શીઘ્ર પ્રાપ્તિ થાય.

વળી કોઈ તેવા સંયોગને કારણે સાધુ પાસેથી સાધુસામાચારીના શ્રવણનો અવસર પ્રાપ્ત ન થાય તોપણ વિવેકી શ્રાવકે અવશ્ય પ્રતિદિન સાધુસામાચારીના સૂક્ષ્મ-સૂક્ષ્મતર પરમાર્થને જાણવા અને તે ભાવો પ્રત્યે પક્ષપાતની વૃદ્ધિ થાય તે રીતે તેને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ, જેથી વિદ્યમાન સમ્યગ્દર્શન નિર્મળ-નિર્મળતર થાય. **।।૫૨/૧૮૫।।**

અવતરણિકા :-

ततः –

અવતરણિકાર્થ :-

ત્યારપછી શ્રાવક અન્ય શું કરે ? તે બતાવે છે –

સૂત્ર :-

सम्यक् तदर्थालोचनम् ।।५३/१८६।।

સૂત્રાર્થ :-

ત્યારપછી સમ્યક્ તદ્અર્થનું આલોચન કરવું જોઈએ=સુસાધુ પાસેથી જે સુસાધુની સામાચારીનું શ્રવણ કરેલું છે તેના અર્થનું આલોચન કરવું જોઈએ. ।।૫૩/૧૮૬।।

ટીકા :-

'सम्यक्' संदेहविपर्ययाऽनध्यवसायपरिहारेण 'तदर्थस्य' वचनाभिधेयस्य (आलोचनम्=)पुनः पुनर्विमर्शनम्, अन्यथा "वृथा श्रुतमचिन्तितम्" [ ] **इति वचनात् न कश्चिच्छ्रवणगुणः स्यादिति ।।५३/१८६।।**

ટીકાર્થ :-

'सम्यक्' ..... स्यादिति ।। सम्यक्=संदेह, विपर्यय अने अनध्यवसायना परिहारथी, ते अर्थनुं=उपदेशना श्रवणथी प्राप्त थयेला पदार्थनुं, फरी फरी विमर्शन करवुं जोईओ. अन्यथा=श्रुतनुं फरी फरी विमर्शन न करवामां आवे तो अचिन्तित श्रुत वृथा छे ओ प्रकारनुं वचन होवाथी कोई श्रवणनो गुण न थाय=उपदेशना श्रवणथी कोई लाभ न थाय.

'इति' शब्द टीकानी समाप्ति अर्थे छे. ।।५३/१८६।।

ભાવાર્થ :-

વિવેકસંપન્ન શ્રાવક માત્ર સાધુની સામાચારી સાંભળીને સંતોષ પામતા નથી, પરંતુ શક્તિના પ્રકર્ષથી સાધુની સામાચારીને સ્મૃત્તિમાં રાખવા યત્ન કરે છે અને તે સાધુ સામાચારીના યથાર્થ તાત્પર્યમાં ક્યાંય સંદેહ ન રહે, ક્યાંય વિપર્યય ન થાય અને ક્યાંય અસ્પષ્ટ બોધરૂપ અનધ્યવસાય ન રહે તે રીતે અવધારણ કરે છે અને સાધુ પાસેથી તે સામાચારીને યથાર્થ અવધારણ કર્યા પછી ફરી ફરી તે સાધુ સામાચારીનો વિમર્શ કરે છે અર્થાત્ આ સાધુ સામાચારી કઈ રીતે સંગભાવમાંથી આત્માને બહાર કાઢીને અસંગભાવને પ્રાપ્ત કરાવે છે, અને પ્રાપ્ત થયેલા અસંગભાવને ઉત્તરોત્તર અતિશયિત કરે છે, જેના બળથી તે સામાચારી પાળનારા મહાત્માઓને અંતરંગ સ્વસ્થતાનું સુખ વધે છે તેના સૂક્ષ્મ મર્મને જાણવા માટે શ્રાવક સદા વિમર્શ કરે છે. અને જો તે પ્રમાણે સાધુ-સામાચારીને શ્રવણ કર્યા પછી શ્રાવક વિમર્શ ન કરે તો તે શ્રવણ કરેલી સાધુ-સામાચારીથી શ્રાવકને કોઈ ગુણ થાય નહિ; કેમ કે શાસ્ત્રમાં કહેલું છે કે "અચિન્તિત એવું શ્રુત વૃથા છે", તેથી એ ફલિત થાય કે સમ્યક્ રીતે ચિંતવન કરાયેલું શ્રુત ગુણશ્રેણીની વૃદ્ધિ દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને છે. માટે શ્રાવકે સાધુ-સામાચારી સાંભળ્યા પછી તેના અર્થનું સદા આલોચન કરવું જોઈએ, જેથી કલ્યાણની પ્રાપ્તિ થાય. **॥૫૩/૧૮૬॥**

અવતરણિકા :-

ततः –

અવતરણિકાર્થ :-

ત્યારપછી શ્રાવક અન્ય શું કરે ? તે બતાવે છે –

સૂત્ર :-

आगमैकपरता ।।५४/१८७।।

સૂત્રાર્થ :-

ત્યારપછી આગમએકપરતા=આગમને સન્મુખ રાખીને તેના વચન અનુસાર સર્વ ક્રિયાઓ કરવી જોઈએ. ।।૫૪/૧૮૭।।

ટીકા :-

'आगमो' जिनसिद्धान्तः स एवैको न पुनरन्यः कश्चित् सर्वक्रियासु 'परः' प्रधानो यस्य स तथा, तस्य भावः 'आगमैकपरता,' सर्वक्रियास्वागममेवैकं पुरस्कृत्य प्रवृत्तिरिति भाव इति ।।५४/१८७।।

ટીકાર્થ :-

'आगमो' ..... भाव इति ।। સર્વ ક્રિયાઓમાં આગમ=જિનસિદ્ધાંત, તે એક પર છે=પ્રધાન છે, વળી અન્ય કંઈ નહિ જેને તે તેવું છે=આગમએકપર છે, તેનો ભાવ એ આગમએકપરતા=સર્વ ક્રિયાઓમાં આગમને જ એક આગળ કરીને પ્રવૃત્તિ કરવી એ પ્રકારનો ભાવ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૪/૧૮૭।।

ભાવાર્થ :-

વિવેકસંપન્ન શ્રાવક સ્વભૂમિકા અનુસાર દેશવિરતિને ગ્રહણ કર્યા પછી તે દેશવિરતિ સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને તે રીતે સેવવાના અત્યંત અર્થી હોય છે; પરંતુ માત્ર સ્વીકારાયેલી દેશવિરતિમાં સંતોષ વૃત્તિવાળા હોતા નથી; તેથી શ્રાવક સાધુ પાસે પ્રતિદિન સાધુની સામાચારી સાંભળે છે તે સાધુસામાચારીનાં સૂક્ષ્મ અર્થોનું આલોચન કરે છે અને વિચારે છે કે કઈ રીતે મારી દેશવિરતિનું પાલન શીઘ્ર સર્વવિરતિનું કારણ બને તે અર્થે સાધુ પાસેથી શ્રવણ કરાયેલી સાધુસામાચારીને સદા સ્મૃતિમાં રાખીને તેની પ્રાપ્તિનું એક કારણ બને તે રીતે આગમએકપર થઈને સર્વ પ્રવૃત્તિઓ કરે છે. આથી જ વિવેકસંપન્ન શ્રાવક ભગવાનની પૂજા કરવા માટે યત્ન કરે ત્યારે પણ સાધુ પાસેથી શ્રવણ કરેલી સાધુ સામાચારી દ્વારા મહાત્માઓ કઈ રીતે ભગવાનનાં વચનને પરતંત્ર થઈને સર્વ સંગથી પર થઈ રહ્યા છે, તેને સ્મરણમાં રાખીને વિચારે છે કે

ભગવાન સર્વ સંગથી પર અવસ્થાની પરાકાષ્ઠાને પામેલા છે માટે તેમની પૂજાથી મારામાં પણ આવી ઉત્તમ સામાચારી પાળવાની શક્તિ પ્રગટે. આ રીતે શ્રાવક અંતરંગ ઉદ્યમમાં તત્પર થઈને આગમવચન અનુસાર પોતાની દેશવિરતિની સર્વ ક્રિયાઓ કરે છે, જેથી પૂજાની ક્રિયા કે દેશવિરતિની અન્ય સર્વ ક્રિયાઓ સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચયનું પ્રબળ કારણ બને છે. **॥૫૪/૧૮૭॥**

અવતરણિકા :-

ततः –

અવતરણિકાર્થ :-

ત્યારપછી શ્રાવક અન્ય શું કરે ? તે બતાવે છે –

સૂત્ર :-

श्रुतशक्यपालनम् ।।५५/१८८।।

સૂત્રાર્થ :-

ત્યારપછી શ્રુતનું=આગમથી પ્રાપ્ત થયેલા અર્થનું શક્ય પાલન કરવું જોઈએ. ।।૫૫/૧૮૮।।

ટીકા :-

'श्रुतस्य' आगमादुपलब्धस्य 'शक्यस्य' अनुष्ठातुं पार्यमाणस्य 'पालनम्' अनुशीलनं सामायिक-पौषधादेरिति ।।५५/१८८।।

ટીકાર્થ :-

'श्रुतस्य' ..... पौषधादेरिति ।। શ્રુતના=આગમના, શ્રવણથી ઉપલબ્ધ એવા અર્થના, શક્યનું=અનુષ્ઠાન કરવા માટે શક્ય હોય એવા અનુષ્ઠાનનું પાલન કરવું જોઈએ=સામાયિક-પૌષધ આદિ અનુષ્ઠાનોનું પાલન કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૫/૧૮૮।।

ભાવાર્થ :-

મોક્ષપ્રાપ્તિના અત્યંત અર્થી એવા શ્રાવકો દેશવિરતિ ગ્રહણ કર્યા પછી સાધુ પાસે પ્રધાનરૂપે સાધુ-સામાચારી સાંભળે છે અને તે સાધુ-સામાચારી પાળવાની શક્તિ દેશવિરતિનાં સામાયિક, પૌષધ આદિ અનુષ્ઠાનોથી કઈ રીતે પ્રગટ થાય છે તેના રહસ્યને સુસાધુ પાસેથી પૃચ્છા આદિ કરીને નિર્ણય કરે છે અને નિર્ણીત થયેલા અર્થોનું આલોચન કરવા દ્વારા પોતાની સામાયિક આદિની ક્રિયાઓ સર્વવિરતિ સાથે કારણરૂપે એકવાક્યતાથી કઈ રીતે સંબંધિત છે ? તેના પરમાર્થને જાણીને અને પુનઃ પુનઃ ભાવન કરીને

સ્થિર કરે છે. ત્યારપછી જે દેશવિરતિનાં અનુષ્ઠાનો પોતાનાથી શક્ય હોય તે અનુષ્ઠાનોનું તે રીતે પાલન કરે છે, જેથી ઉત્તર ઉત્તરનાં અનુષ્ઠાનોની શક્તિનો સંચય થાય; પરંતુ પ્રમાદને વશ થઈને માત્ર સામાયિક પૌષધ આદિ ક્રિયાઓ કરીને સંતોષ પામતા નથી. આ પ્રકારનું શ્રાવકનું અનુષ્ઠાન શક્યના પાલનરૂપ બને છે. **॥૫૫/૧૮૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अशक्ये भावप्रतिबन्धः ।।५६/१८९।।

સૂત્રાર્થ :-

અશક્યમાં ભાવથી પ્રતિબંધ કરવો જોઈએ. ॥૫૬/૧૮૯॥

ટીકા :-

'अशक्ये' पालयितुमपार्यमाणे तथाविधशक्तिसामग्र्यभावात् साधुधर्माभ्यासादौ 'भावेन' अन्तःकरणेन 'प्रतिबन्धः' आत्मनि नियोजनम्, तस्यापि तदनुष्ठानफलत्वात्, यथोक्तम् –

"नार्या यथाऽन्यसक्तायास्तत्र भावे सदा स्थिते ।
तद्योगः पापबन्धश्च तथा मोक्षेऽस्य दृश्यताम् ।।१२४।।" **[योगबिन्दौ २०४]**

'तद्योग' इति अन्यप्रसक्तनारीव्यापारः स्वकुटुम्बपरिपालनादिरूप इति ।।५६/१८९।।

ટીકાર્થ :-

'अशक्ये' ..... इति ।। અશક્યમાં=તેવા પ્રકારની શક્તિ અને સામગ્રીના અભાવને કારણે પાલન કરવા માટે અસામર્થ્યવાળા એવા સાધુધર્મના સેવન આદિમાં, ભાવથી=અંતઃકરણથી, પ્રતિબંધ કરવો જોઈએ=આત્મામાં નિયોજન કરવું જોઈએ; કેમ કે તેનું પણ=ભાવથી આત્મામાં અનુષ્ઠાનના નિયોજનનું પણ, તદ્ અનુષ્ઠાનફલપણું છે=કૃત્યથી શક્ય નથી તેવા અનુષ્ઠાનનું ફલપણું છે.

જે કારણથી કહેવાયું છે –

"જે પ્રમાણે ભાવથી સદા સ્થિત હોતે છતે અન્યમાં આસક્ત એવી સ્ત્રીનો તેમાં યોગ છે=અન્ય પુરુષમાં ભાવથી યોગ છે અને પાપબંધ છે તે પ્રમાણે આને=સમ્યગ્દૃષ્ટિને મોક્ષમાં જાણવું. ॥૧૨૪॥" **(યોગબિન્દુ-૨૦૪)**

ઉદ્ધરણના શ્લોકમાં તદ્યોગ=અન્યમાં પ્રસક્ત નારીનો વ્યાપાર છે અને સમ્યગ્દૃષ્ટિનો સ્વકુટુંબ-પરિપાલનાદિરૂપ વ્યાપાર છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૫૬/૧૮૯॥

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું કે મોક્ષના અર્થી શ્રાવકો જિનવચન શ્રવણ કર્યા પછી શક્ય એવાં અનુષ્ઠાનોનું પાલન કરે છે. વળી, તે શક્ય પાલન ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને તદ્અર્થે શ્રાવકો જે અનુષ્ઠાન પોતાનાથી શક્ય નથી તેવા સાધુધર્મ આદિમાં પણ ભાવથી પ્રતિબંધને ધારણ કરે છે.

આશય એ છે કે વિવેકસંપન્ન શ્રાવક મોક્ષનો ઉપાય સાક્ષાત્ યોગનિરોધ છે તેવું જાણે છે અને તેની પ્રાપ્તિનો ઉપાય કેવળજ્ઞાન છે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિનો એક ઉપાય વીતરાગતા છે અને વીતરાગતાની પ્રાપ્તિ પૂર્ણ સાધુધર્મના પાલનથી જ થઈ શકે, તેથી મોક્ષના અર્થી એવા શ્રાવકો પૂર્ણ સાધુધર્મના પાલન માટે શક્તિ હોય તો અવશ્ય તેના સ્વીકાર માટે યત્ન કરે; પરંતુ તેવા પ્રકારની શારીરિક શક્તિ ન હોય કે તેવા પ્રકારના નિરવદ્ય મન-વચન-કાયાના યોગો પોતે કરી શકે તેમ ન હોય કે તેવા પ્રકારના નિરવદ્ય મન-વચન-કાયાના યોગોને કરવાને અનુકૂળ બાહ્ય સામગ્રીનો અભાવ હોય તેથી સાધુધર્મના અત્યંત અર્થી શ્રાવક પણ કદાચ બાહ્યથી સંયમમાં યત્ન કરે તોપણ તે પ્રકારના સંયમના પરિણામને ઉલ્લસિત ન કરી શકે તેમ જણાય ત્યારે સાધુધર્મનો સ્વીકાર ન કરે, પરંતુ ભાવથી તે સાધુધર્મના સ્વરૂપનું ચિંતન કરીને તેના પ્રત્યેનો પોતાનો રાગનો પરિણામ સદા વૃદ્ધિવાળો કરે છે.

વળી, દ્રવ્યથી સાધુધર્મની ક્રિયાનું સેવન ન હોય તોપણ વારંવાર ચિત્તમાં સાધુધર્મના ગુણોથી આત્માને વાસિત કરવાનો વ્યાપાર સાધુધર્મના પ્રતિબંધક કર્મોનો નાશ કરે છે, તેથી સાધુધર્મના સેવનના ફળને પણ પ્રાપ્ત કરે છે. આથી જ ભાવનાં પ્રકર્ષથી જો ચિત્તનો પ્રતિબંધ સાધુધર્મમાં થાય તો સાધુધર્મ સેવનારા મુનિની જેમ તે મહાત્મા પણ સાધુધર્મના સેવનના ફળ સદૃશ શીઘ્ર સંસારનાં પારરૂપ ફળને પામે છે. જેમ બળભદ્ર મુનિના સાધુધર્મ પ્રત્યેના અત્યંત રાગને કારણે કઠિયારાને પણ બળભદ્ર મુનિની જેમ પાંચમા દેવલોકની પ્રાપ્તિ અને એકાવતારીપણાની પ્રાપ્તિ થઈ.

અહીં યોગબિન્દુના પાઠની સાક્ષી આપી. તેનાથી એ પ્રાપ્ત થાય કે જેમ કોઈ સ્ત્રીને અન્ય પુરુષ પ્રત્યે ભાવથી ચિત્ત સદા રાગવાળું હોય અને તે સ્ત્રી તેવા સંજોગોને વશ પતિની સેવા કરતી હોય તોપણ ભાવથી અન્ય પુરુષમાં રાગ હોવાને કારણે અન્ય પુરુષ વિષયક ભાવથી વ્યાપાર છે અને પાપબંધ થાય છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની શક્તિ અનુસાર મોક્ષને અનુકૂળ અનુષ્ઠાન સેવે છે અને જ્યાં પોતાની શક્તિ નથી ત્યાં તે ઉત્તમ ધર્મનું ચિંતન કરીને ભાવથી રાગને ધારણ કરે છે. તેથી તેવા પ્રકારના સંયોગમાં પોતાના કુટુંબનું પરિપાલન કરે છે ત્યારે પણ મોક્ષ અને મોક્ષના ઉપાયોમાં તેનું ચિત્ત હોવાથી જેમ તે સ્ત્રી પાપબંધ કરે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્જરારૂપ ફળને પ્રાપ્ત કરે છે. માટે જે અનુષ્ઠાનમાં પોતાની શક્તિ ન હોય તે અનુષ્ઠાનમાં મહાત્મા પોતાના આત્માને ભાવથી નિયોજન કરે છે, તે મહાત્મા તે અનુષ્ઠાનના ફળને પામે છે. **॥૫૬/૧૮૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

तत्कर्त्तृषु प्रशंसोपचारौ ।।५७/१९०।।

સૂત્રાર્થ :-

તેના કર્તા પુરુષોમાં=પોતાનાથી જે અનુષ્ઠાન શક્ય નથી તે અનુષ્ઠાન કરનારા મહાત્માઓ વિષયક, પ્રશંસા અને ઉપચાર કરવો જોઈએ. ।।૫૭/૧૯૦।।

ટીકા :-

'तत्कर्त्तृषु' आत्मानमपेक्ष्याशक्यानुष्ठानविधायिषु पुरुषसिंहेषु 'प्रशंसोपचारौ', प्रशंसा मुहुर्मुहुर्गुणगणोत्कीर्त्तनरूपा, उपचारश्च तदुचितान्नपानवसनादिना साहाय्यकरणमिति ।।५७/१९०।।

ટીકાર્થ :-

'तत्कर्त्तृषु' ..... साहाय्यकरणमिति ।। પોતાની અપેક્ષાએ જે અનુષ્ઠાન અશક્ય છે તે અનુષ્ઠાન કરનારા પુરુષસિંહોમાં પ્રશંસા અને ઉપચાર કરવો જોઈએ=વારંવાર તેઓના ગુણના સમુદાયના સ્મરણપૂર્વક ઉત્કીર્તનરૂપ પ્રશંસા કરવી જોઈએ અને ઉપચાર કરવો જોઈએ=તેમને ઉચિત એવાં અન્ન-પાન-વસ્ત્રાદિ દ્વારા તેઓનાં તે ઉચિત કૃત્યોમાં સહાય કરવી જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૭/૧૯૦।।

ભાવાર્થ :-

શ્રાવકે પોતાની શક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાન સેવીને ઉત્તર ઉત્તરનાં અનુષ્ઠાનની શક્તિના સંચય અર્થે તે અશક્ય અનુષ્ઠાનમાં ભાવથી પ્રતિબંધ કરવો જોઈએ એમ પૂર્વસૂત્રમાં કહ્યું અને તે પ્રતિબંધને અતિશય કરવા અર્થે પોતાનાથી અશક્ય એવાં અનુષ્ઠાનો જે મહાત્માઓ સેવીને વીતરાગભાવને અનુકૂળ આત્માની શક્તિનો સંચય કરી રહ્યા છે તેવા ઉત્તમ પુરુષોની વારંવાર પ્રશંસા કરવી જોઈએ કે આ મહાત્માઓનો જન્મ સફળ છે, જેથી મહાપરાક્રમથી આવાં દુષ્કર અનુષ્ઠાનો સેવીને આત્મહિત સાધે છે. આ પ્રકારે વારંવાર તેવા મહાત્માઓનાં ઉત્તમ અનુષ્ઠાનોની પ્રશંસા કરવાથી તે અનુષ્ઠાનોનો પક્ષપાત અધિક અધિક થાય છે જેથી શીઘ્ર તે અનુષ્ઠાનનાં પ્રતિબંધક કર્મોનો ક્ષયોપશમ પ્રગટે છે.

વળી, જેમ તેવા અનુષ્ઠાન કરનારા ઉત્તમ પુરુષોની શ્રાવક પ્રશંસા કરે, તેમ પોતાની શક્તિ અનુસાર તેવા ઉત્તમ પુરુષોની ઉચિત ભક્તિ કરે.

કઈ રીતે ઉચિત ભક્તિ કરે ? તે બતાવતાં કહે છે –

તેઓને ધર્મ કરવામાં સહાયક થાય તેવાં ઉચિત અન્ન-પાન-વસ્ત્ર આદિ દ્વારા સંયમવૃદ્ધિમાં સહાયક થવા દ્વારા ભક્તિ કરે, જેનાથી તેઓના સંયમનાં ઉત્તમ ભાવો પ્રત્યેનો પોતાનો પક્ષપાત અધિક અધિકતર થાય છે, જેથી શીઘ્ર તેવા ગુણોની પ્રાપ્તિનું કારણ બને તેવો પુણ્યસંચય અને ક્ષયોપશમ ભાવ પ્રગટે છે. **॥૫૭/૧૯૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

निपुणभावचिन्तनम् ।।५८/१९१।।

સૂત્રાર્થ :-

નિપુણ ભાવોનું ચિંતવન કરવું જોઈએ. ॥૫૮/૧૯૧॥

ટીકા :-

'निपुणानाम्' अतिसूक्ष्मबुद्धिगम्यानां 'भावानां' पदार्थानामुत्पादव्ययध्रौव्यस्वभावानां बन्धमोक्षादीनां वाऽनुप्रेक्षणम्, यथा –

"अनादिनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणम् ।
उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले ।।१२५।।" [ ]

तथा –

"स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथा गात्रम् ।
रागद्वेषाक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम् ।।१२६।।" **[प्रशम.५५] इत्यादीति ।।५८/१९१।।**

ટીકાર્થ :-

'निपुणानाम्' ..... इत्यादीति ।। અતિ સૂક્ષ્મ બુદ્ધિગમ્ય એવા નિપુણ ભાવોનું=પદાર્થોના ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સ્વભાવનું અથવા બંધ-મોક્ષાદિ ભાવોનું અનુપ્રેક્ષણ કરવું જોઈએ.

કઈ રીતે અનુપ્રેક્ષણ કરવું જોઈએ ? તે 'યથા'થી બતાવે છે –

"અનાદિ અનંત એવા દ્રવ્યમાં સ્વપર્યાયો પ્રતિક્ષણ જલમાં=સમુદ્રમાં, જલકલ્લોલની જેમ ઉન્મજ્જન પામે છે, નિમજ્જન પામે છે. ।।૧૨૫।।" ()

અને

"સ્નેહથી યુક્ત એવા શરીરવાળા પુરુષનાં ગાત્ર જે પ્રમાણે રેણુથી= રજકણથી, શ્લેષ પામે છે એ રીતે રાગ-દ્વેષથી યુક્ત જીવને કર્મબંધ થાય છે ઇત્યાદિ ભાવોનું ચિંતવન કરવું જોઈએ. ।।૧૨૬।।" **(પ્રશમ.૫૫) ઇત્યાદિ.**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૮/૧૯૧।।

ભાવાર્થ :-

વળી, શ્રાવક જેમ પોતાની શક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાન કરે છે અને ઉપર ઉપરનાં અનુષ્ઠાન સેવવા અર્થે ભાવથી પ્રતિબંધને ધારણ કરે છે અને તેવા ઉચિત અનુષ્ઠાન સેવનારા પુરુષોની હંમેશાં વારંવાર પ્રશંસા કરે છે અને તેઓની ભક્તિ કરે છે તેમ શ્રાવક સંસારથી નિસ્તાર પામવા માટે ભગવાનના શાસનમાં બતાવાયેલા સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય એવા પદાર્થોનું વારંવાર ચિંતવન કરે છે, જેથી સંસારના વાસ્તવિક સ્વરૂપનો સ્પષ્ટ સ્પષ્ટતર બોધ થાય, જેથી તત્ત્વથી ભાવિત થયેલી શ્રાવકની મતિ શીઘ્ર સંસારને પાર પામી શકે. કઈ રીતે સૂક્ષ્મ બુદ્ધિગમ્ય ભાવોનો શ્રાવક વિચાર કરે છે તે ટીકાકારશ્રી બતાવે છે –

જગતવર્તી દરેક પદાર્થો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવવાળા છે, તેથી પોતાનો આત્મા પણ કઈ રીતે ધ્રુવ છે અને કઈ રીતે નવા નવા ભાવોરૂપે ઉત્પન્ન થઈ રહ્યો છે અને કઈ રીતે પૂર્વના ભાવોનો વ્યય થઈ રહ્યો છે તેનું સૂક્ષ્મ બુદ્ધિથી આલોચન કરે, તો તેને જણાય કે શ્રાવકનાં આ અનુષ્ઠાનોના સેવન દ્વારા મેં મારા આત્માને આ રીતે ઉત્તમ ભાવોથી ઉત્પન્ન કર્યો છે અને પૂર્વમાં સંસારને અનુકૂળ ભાવો હતા તેનો યત્નપૂર્વક મેં વ્યય કર્યો છે, જેથી ધ્રુવ એવો મારો આત્મા આ રીતે બંધનાં કારણોનો ત્યાગ કરીને મોક્ષને અનુકૂળ ભાવોનો સંચય કરી શક્યો છે. વળી, તેમાં શક્તિ અનુસાર પ્રયત્ન ન થયો હોય તો પોતાના નિપુણ ચિંતવન દ્વારા શ્રાવકને પોતાના થયેલા પ્રમાદની સ્મૃતિ થાય છે, તેથી શક્તિ અનુસાર પ્રમાદના પરિહાર માટે શ્રાવકનું વીર્ય ઉલ્લસિત થાય છે.

વળી, તે શ્રાવક વિચારે છે કે મારો આત્મા અનાદિકાળનો છે અને અનંતકાળ સુધી શાશ્વત રહેનારો છે અને તેમાં પ્રતિક્ષણ સ્વપર્યાયો પ્રગટ થાય છે અને પૂર્વના પર્યાયો શાંત થાય છે. જેમ સમુદ્રમાં જલના કલ્લોલો પૂર્વના શાંત થાય છે અને નવા નવા કલ્લોલો ઊઠે છે, તેમ આત્મામાં પૂર્વ પૂર્વના અવસ્થાના પર્યાયો નાશ પામે છે અને નવા નવા પર્યાયો પ્રગટ થાય છે. માટે કર્મવાળી અવસ્થાવાળો મારો આત્મા સદા સંસારના વિડંબનાના પર્યાયોમાં જ ફર્યા કરે છે અને તેનું કારણ કર્મબંધ છે.

કઈ રીતે કર્મબંધ થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

જેમ તેલાદિ પદાર્થોથી યુક્ત શરીર હોય તો ધૂળના રજકણો શરીર ઉપર લાગે છે, તેમ રાગ-દ્વેષના સંશ્લેષના પરિણામવાળો જીવ કર્મ બાંધે છે. આ રીતે બુદ્ધિને સ્પર્શે તે રીતે પદાર્થવ્યવસ્થાનું વારંવાર શ્રાવક ચિંતવન કરે તો શ્રાવકનું કર્મના ઉચ્છેદનું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે અને તે શ્રાવકનું ચિત્ત નિપુણભાવોના ચિંતવન દ્વારા વીતરાગતાને અનુકૂળ ઉત્તમભાવોથી પોતે વાસિત બને તેવો દૃઢ યત્ન કરી શકે છે. **॥૫૮/૧૯૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

गुरुसमीपे प्रश्नः ।।५९/१९२।।

સૂત્રાર્થ :-

ગુરુના સમીપમાં પ્રશ્ન કરવો જોઈએ. ॥૫૯/૧૯૨॥

ટીકા :-

यदा पुनर्निपुणं चिन्त्यमानोऽपि कश्चिद् भावोऽतिगम्भीरतया स्वयमेव निश्चेतुं न पार्यते तदा 'गुरोः' संविग्नगीतार्थस्य वृत्तस्थस्य च 'समीपे प्रश्नो' विशुद्धविनयविधिपूर्वकं पर्यनुयोगः कार्यः, यथा 'भगवन्! नावबुद्धोऽयमर्थोऽस्माभिः कृतयत्नैरपि, ततोऽस्मान् बोधयितुमर्हन्ति भगवन्तः' इति ।।५९/१९२।।

ટીકાર્થ :-

यदा ..... इति ।। જ્યારે વળી નિપુણ વિચાર કરાતો કોઈક ભાવ અતિગંભીરપણું હોવાને કારણે સ્વયં જ નિર્ણય કરી શકાતો નથી ત્યારે સંવિગ્ન ગીતાર્થ અને ચારિત્રના પરિણામમાં રહેલા એવા ગુરુની સમીપમાં પ્રશ્ન કરવો જોઈએ=વિશુદ્ધ વિનયપૂર્વક અને વિધિપૂર્વક પૃચ્છા કરવી જોઈએ.

કઈ રીતે પૃચ્છા કરવી જોઈએ ? તે 'યથા'થી બતાવે છે –

હે ભગવાન ! કરાયેલા પ્રયત્નવાળા પણ અમારા વડે આ અર્થ નિર્ણીત થયો નથી, તેથી અમને ભગવાન એવા તમે બોધ કરાવો.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૫૯/૧૯૨॥

ભાવાર્થ :-

શ્રાવકો મોક્ષના અર્થી હોય છે, તેથી પ્રતિદિન જિનવચન સાંભળે છે અને જિનવચનમાં વિશદ બોધવાળા એવા તેઓ શાસ્ત્રવચનથી પોતાને અત્યંત ભાવિત કરવા અર્થે નિપુણતાપૂર્વક સૂક્ષ્મભાવોનું ચિંતવન કરે છે, જેથી શાસ્ત્રવચનથી, યુક્તિથી અને અનુભવથી શાસ્ત્રમાં કહેલા પદાર્થોનો મર્મસ્પર્શી બોધ થાય. આમ છતાં, નિપુણ રીતે ચિંતવન કરાતા પદાર્થનો કોઈક સ્થાનમાં નિર્ણય ન થાય તે સંભવે; કેમ કે સર્વજ્ઞે કહેલા ભાવો અતિગંભીર છે, તેથી તેવી પટુપ્રજ્ઞાના અભાવથી કોઈક સ્થાનમાં સ્પષ્ટ નિર્ણય ન થાય તો કલ્યાણના અર્થી શ્રાવકો તે અર્થને જાણવા પ્રત્યે ઉપેક્ષા કરતા નથી પરંતુ સંવેગના પરિણામવાળા ગીતાર્થ ગુરુ પાસે ઉચિત વિનયપૂર્વક પોતાને અનિર્ણીત પદાર્થવિષયક પૃચ્છા કરે છે. અને ગુરુ પણ શ્રાવકની મતિને અનુરૂપ તે પદાર્થનો સૂક્ષ્મ બોધ કરાવે છે. **॥૫૯/૧૯૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

निर्णयावधारणम् ।।६०/१९३।।

સૂત્રાર્થ :-

નિર્ણયમાં અવધારણ કરવું જોઈએ. ॥૬૦/૧૯૩॥

ટીકા :-

'निर्णयस्य' निश्चयकारिणो वचनस्य गुरुणा निरूपितस्य 'अवधारणं' दत्तावधानतया ग्रहणम् । भणितं चान्यत्रापि –

"सम्मं वियारियव्वं अट्ठपयं भावणापहाणेणं ।
विसए य ठावियव्वं बहुसुयगुरुणो सयासाओ ।।१२७।।" **[पञ्चव० ८६५] त्ति ।**
[सम्यग् विचारयितव्यमर्थपदं भावनाप्रधानेन ।
विषये च स्थापयितव्यं बहुश्रुतगुरोः सकाशात् ।।१।।] **।।६०/१९३।।**

ટીકાર્થ :-

'निर्णयस्य' ..... त्ति ।। નિર્ણયનું=ગુરુથી નિરૂપિત નિશ્ચયકારી એવા વચનનું, અવધારણ=અત્યંત ઉપયોગપણાથી ગ્રહણ કરવું જોઈએ.

અન્યત્ર પણ કહેવાયું છે –

"ભાવના પ્રધાનથી અર્થપદોની સમ્યક્ વિચારણા કરવી જોઈએ. બહુશ્રુત એવા ગુરુ પાસેથી વિષયમાં=વિચારણા કરાયેલા અર્થરૂપ વિષયમાં, સ્થાપન કરવું જોઈએ=આત્માને સ્થાપન કરવું જોઈએ. ॥૧૨૭॥" **(પંચવસ્તુક ગાથા-૮૬૫)**

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ॥૬૦/૧૯૩॥

ભાવાર્થ :-

અત્યંત કલ્યાણના અર્થી શ્રાવકો નિપુણતાપૂર્વક સૂક્ષ્મ ભાવોથી ચિંતવન કરે છે, જે સ્થાનમાં પોતે તેનો નિર્ણય કરી શકતા નથી તેવા ગંભીર સ્થાનો વિષે ગુરુ સમીપ પૃચ્છા કરે છે અને ગુરુપણ તે શ્રાવકને પુછાયેલા તે સ્થાનોનો યથાર્થ નિર્ણય થાય તે રીતે કથન કરે છે. અને તત્ત્વના અર્થી શ્રાવક અત્યંત ઉપયોગપૂર્વક તે અર્થોનું અવધારણ કરે છે.

તેમાં સાક્ષીરૂપે કહે છે –

ભાવના પ્રધાનથી અર્થપદની સમ્યક્ વિચારણા કરવી જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકે માત્ર જાણવા માટે પૃચ્છા કરવાની નથી પણ નિર્ણીત થયેલા પદાર્થોથી આત્માને અત્યંત ભાવિત કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તે રીતે આત્માને સંપન્ન કરવો છે, તેથી આત્મકલ્યાણ માટે ઉપયોગી એવાં અર્થપદોની આત્માને સ્પર્શે એ પ્રકારે શ્રાવકે સમ્યક્ વિચારણા કરવી જોઈએ. અને બહુશ્રુત એવા ગુરુ પાસેથી તે પદાર્થોનો નિર્ણય કરીને આત્માને તે પદના ઉચિત અર્થમાં સ્થાપન કરવો જોઈએ જેથી તે પદાર્થથી ભાવિત થયેલો આત્મા ઉત્તરોત્તરના ગુણસ્થાનકને પ્રાપ્ત કરે. **॥૬૦/૧૯૩॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

ग्लानादिकार्याभियोगः ।।६१/१९४।।

સૂત્રાર્થ :-

ગ્લાનાદિ સાધુ કે સાધર્મિક આદિનાં કૃત્યોમાં અભિયોગ કરવો જોઈએ. ॥૬૧/૧૯૪॥

ટીકા :-

'ग्लानादीनां' ग्लानबालवृद्धाऽऽगमग्रहणोद्यतप्राघूर्णकादिलक्षणानां साधुसाधर्मिकाणां यानि 'कार्याणि' प्रतिजागरणौषधाऽन्नपानवस्त्रप्रदानपुस्तकादिसमर्पणोपाश्रयनिरूपणादिलक्षणानि, तेषु 'अभियोगो' दत्तावधानता विधेयेति ।।६१/१९४।।

ટીકાર્થ :-

'ग्लानादीनां' ..... विधेयेति ।। ગ્લાન-બાલ-વૃદ્ધ-શાસ્ત્ર ભણવામાં તત્પર પ્રાઘૂર્ણકાદિરૂપ સાધુ-સાધર્મિકનાં જે કૃત્યો=પ્રતિજાગરણ, ઔષધ, અન્ન, પાન, વસ્ત્રપ્રદાન, પુસ્તકાદિ સમર્પણ, વસતિ આદિનું દાન વગેરે કૃત્યો, તેમાં અભિયોગ=અત્યંત યત્ન, કરવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૧/૧૯૪।।

ભાવાર્થ :-

શ્રાવકો સૂક્ષ્મ પદાર્થોથી આત્માને ભાવિત કરે છે, તેમ પોતાના ગુણોની વૃદ્ધિ અર્થે ગ્લાન સાધુ કે સાધર્મિકો હોય અથવા બાળ, વૃદ્ધ એવા સાધુ-સાધર્મિકો હોય અથવા શાસ્ત્ર ભણવામાં તત્પર એવા સાધુ-સાધર્મિક હોય અથવા વિહાર કરીને નવા આવેલા સાધુઓ હોય કે ધર્મક્ષેત્રમાં નવા પ્રવેશ પામેલા સાધર્મિકો હોય તેઓની ધર્મવૃદ્ધિ માટે જે જે પ્રકારની આવશ્યકતા જણાય તે પ્રમાણે સર્વ ઉચિત કૃત્યો વિવેકી શ્રાવક કરે છે, જેથી સાધુઓ સ્વભૂમિકા અનુસાર ઉત્તર ઉત્તરના સંયમની વૃદ્ધિ કરવામાં સમર્થ બને અને શ્રાવકો પણ સ્વ-સ્વભૂમિકા અનુસાર વિશેષ ધર્મ સેવવા સમર્થ બને. તે પ્રકારની ઉચિત ચિંતા કરવાથી સદ્ધર્મ પ્રત્યેનો પક્ષપાત વધે છે અને યોગ્ય જીવોના કલ્યાણમાં બળવાન નિમિત્ત થવાથી જન્માંતરમાં પોતાને વિશેષ પ્રકારના યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે. માટે શ્રાવકે શક્તિને ગોપવ્યા વગર ગ્લાનાદિ સાધુ કે સાધર્મિકની ઉચિત વૈયાવચ્ચ કરવી જોઈએ. **॥૬૧/૧૯૪॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

कृताकृतप्रत्युपेक्षा ।।६२/१९५।।

સૂત્રાર્થ :-

કૃત-અકૃતની પ્રત્યુપેક્ષા કરવી જોઈએ. ।।૬૨/૧૯૫।।

ટીકા :-

'कृतानामकृतानां' च चैत्यकार्याणां ग्लानादिकार्याणां च 'प्रत्युपेक्षा' निपुणाभोगविलोचनव्यापारेण गवेषणम्, तत्र कृतेषु करणाभावादकृतकरणायोद्यमो विधेयः, अन्यथा निष्फलशक्तिक्षयप्रसङ्गादिति ।।६२/१९५।।

ટીકાર્થ :-

'कृतानामकृतानां' ..... प्रसङ्गादिति ।। कृत कृत्योनुं अने अकृत कृत्योनुं=चैत्यसंबंधी अने ग्लानादि संबंधी जे कृत्यो छे तेमांथी कयां कृत्यो में कर्यां छे अने कयां कृत्यो थई शके तेम होवा छतां में कर्यां नथी ? तेनी प्रत्युपेक्षा करवी जोईए=निपुण उपयोगपूर्वक गवेषणा करवी जोईए. अने प्रत्युपेक्षा कर्या पछी तेमां कृतमां, करणनो अभाव होवाथी=करवानुं बाकी नहि होवाथी, अकृतमां करवानो उद्यम करवो जोईए. अन्यथा=अकृत एवां कृत्योमां शक्ति होवा छतां प्रयत्न न करवामां आवे तो निष्फळ एवी पोतानी शक्तिना क्षयनो प्रसंग छे.

'इति' शब्द टीकानी समाप्ति अर्थे छे. ।।६२/१९५।।

ભાવાર્થ :-

અત્યાર સુધી જે જે કૃત્યો ગ્રંથકારશ્રીએ શ્રાવકને કર્તવ્યરૂપે બતાવ્યાં, તે સર્વ કૃત્યોમાંથી જે જે કૃત્યો કરવાની પોતાની શક્તિ છે, તેનું સમ્યક્ સમાલોચન કરીને શ્રાવક વિચારણા કરે કે, મારાથી થઈ શકે તેવાં શાસ્ત્રઅધ્યયન, ચૈત્યનાં કૃત્યો, ગ્લાનાદિનાં કૃત્યો શક્તિ અનુસાર મેં કર્યાં છે કે નહિ અને જે કૃત્યો થઈ શકે તેવાં હોય છતાં મેં ન કર્યાં હોય તો ફરી સ્મરણ કરીને મારે તે કૃત્યો કરવા ઉદ્યમ કરવો જોઈએ. અને શક્તિ હોવા છતાં ઉચિત કૃત્યોમાં શ્રાવક યત્ન ન કરે તો શ્રાવકની નિષ્ફળ થયેલી શક્તિ ક્ષય પામે, અર્થાત્ તે શ્રાવકને જન્માંતરમાં કલ્યાણ માટે અત્યંત ઉપકારક એવી વિશેષ શક્તિ પ્રાપ્ત થશે નહિ; કેમ કે આ ભવમાં પ્રાપ્ત થયેલી શક્તિનો સદ્ઉપયોગ નહિ કરેલ હોવાથી જન્માંતરમાં તે તે પ્રકારની શક્તિની વિકલતાની પ્રાપ્તિ થાય. માટે શ્રાવકે સૂક્ષ્મ ઉપયોગપૂર્વક કયા કયા પ્રકારની પોતાની શક્તિઓ છે ? તેનો વિચાર કરવો જોઈએ અને જે જે પ્રકારની પોતાની શક્તિઓ છે તે સર્વનો નિર્ણય કરીને સદા પોતાની પૂર્ણશક્તિને સર્વ ઉચિત કૃત્યોમાં પ્રવર્તાવવી જોઈએ. જેથી જન્માંતરમાં કલ્યાણનું કારણ બને તેવી આ ભવ કરતાં પણ વિશેષ પ્રકારની ઉચિત શક્તિઓની પ્રાપ્તિ થાય. **॥૬૨/૧૯૫॥**

સૂત્ર :-

ततश्च उचितवेलयाऽऽगमनम् ।।६३/१९६।।

સૂત્રાર્થ :-

અને ત્યારપછી ઉચિત વેળાથી ગૃહાદિમાં આગમન કરે. ॥૬૩/૧૯૬॥

ટીકા :-

'उचितवेलया' हट्टव्यवहारराजसेवादिप्रस्तावलक्षणया 'आगमनं' चैत्यभवनाद् गुरुसमीपाद् वा गृहादाविति ।।६३/१९६।।

ટીકાર્થ :-

'उचितवेलया' ..... गृहादाविति ।। દુકાનનો વ્યાપાર કે રાજસેવાદિના પ્રસ્તાવરૂપ ઉચિતવેળાથી ચૈત્યભવનથી કે ગુરુ સમીપથી ગૃહાદિમાં આવવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૩/૧૯૬।।

ભાવાર્થ :-

વળી, શ્રાવક સાધુની જેમ માત્ર ધર્મ સેવનાર નથી; પરંતુ સાધુની જેમ પૂર્ણધર્મ સેવવાના અર્થી છે. જ્યાં સુધી સાધુની જેમ પૂર્ણધર્મ સેવવા શક્તિસંપન્ન નથી ત્યાં સુધી જીવનનિર્વાહ અર્થે, કુટુંબપાલન અર્થે કે તે પ્રકારના ધનાદિના લોભાદિથી પ્રેરાઈને વ્યાપાર આદિ કૃત્ય કરતા હોય અને તેને ઉચિતવેળાએ ચૈત્યભવનથી કે ગુરુ સમીપથી ગૃહાદિમાં ન આવે તો અર્થઅર્જન આદિનાં કૃત્યો સીદાય જેથી ક્લેશ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. માટે વિચારશીલ શ્રાવકે ચૈત્યભવનનાં કે ગુરુ સમીપનાં કૃત્યો તે રીતે કરવા જોઈએ કે જેથી ધનઅર્જન આદિની ક્રિયામાં વ્યાઘાત ન થાય અને ચિત્ત તે પ્રકારના ક્લેશને પ્રાપ્ત ન કરે, તે રીતે સર્વ ઉચિત કૃત્યો કરવાં જોઈએ. **॥૬૩/૧૯૬॥**

અવતરણિકા :-

ततो –

અવતરણિકાર્થ :-

ત્યારપછી શ્રાવકે શું કરવું જોઈએ ? તે બતાવે છે –

સૂત્ર :-

धर्मप्रधानो व्यवहारः ।।६४/१९७।।

સૂત્રાર્થ :-

ત્યારપછી=વ્યાપાર અર્થે દુકાનાદિમાં જાય પછી, ધર્મપ્રધાન વ્યાપાર કરવો જોઈએ. ।।૬૪/૧૯૭।।

ટીકા :-

'कुलक्रमागतम्' इत्यादिसूत्रोक्तानुष्ठानरूपो व्यवहारः कार्यः ।।६४/१९७।।

ટીકાર્થ :-

'कुलक्रमागतं' ..... कार्यः ।। કુલક્રમઆગત ઈત્યાદિ પ્રથમ અધ્યયનના ત્રીજા સૂત્રમાં કહેવાયેલ અનુષ્ઠાનરૂપ ધનઅર્જનરૂપ વ્યવહાર કરવો જોઈએ. ।।૬૪/૧૯૭।।

ભાવાર્થ :-

શ્રાવક પોતાના ધર્મને કે પોતાના કુલને કલંક લાગે તેવા ધનઅર્જનના વ્યાપારો કરે નહિ; પરંતુ પ્રસ્તુત ગ્રંથના પ્રથમ અધ્યયનના ત્રીજા સૂત્રમાં બતાવ્યું એ પ્રમાણે ન્યાયપૂર્વક, શિષ્ટલોકોને સંમત એવાં વ્યાપાર-વાણિજ્ય કે રાજસેવાદિ કૃત્યો કરે કે જેથી અક્લેશપૂર્વક ધનની પ્રાપ્તિ થાય અને શ્રાવકના જીવનમાં શક્તિ અનુસાર દાનપ્રધાન ધર્મને સેવી શકે; કેમ કે શ્રાવકને માટે દાનશીલાદિ ચાર પ્રકારના ધર્મમાંથી પ્રધાન દાનધર્મ છે, તેથી નીતિપૂર્વક અને ઉચિત વિધિથી પ્રાપ્ત થયેલા ધનના બળથી ભગવદ્ભક્તિ, સાધુભક્તિ કે સાધર્મિકની ભક્તિ કરીને ગુણની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે. **।।૬૪/૧૯૭।।**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

द्रव्ये सन्तोषपरता ।।६५/१९८।।

સૂત્રાર્થ :-

દ્રવ્યમાં સંતોષપરતા કરવી જોઈએ=સંતોષમાં તત્પર થવું જોઈએ. ।।૬૫/૧૯૮।।

ટીકા :-

'द्रव्ये' धनधान्यादौ विषये 'सन्तोषप्रधानता', परिमितैनैव निर्वाहमात्रहेतुना द्रव्येण सन्तोषवता धार्मिकेण भवितव्यमित्यर्थः, असन्तोषस्यासुखहेतुत्वात् । यदुच्यते –

"अत्युष्णात् सघृतादन्नादच्छिद्रात् सितवाससः ।
अपरप्रेष्यभावाच्च शेषमिच्छन् पतत्यधः ।।१२८।।" **[ ] इति ।**

तथा –

"सन्तोषामृततृप्तानां यत् सुखं शान्तचेतसाम् ।
कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम्? ।।१२९।।" **[ ] इति ।। ।६५/१९८।।**

ટીકાર્થ :-

'દ્રવ્યે' ..... ઇતિ ।। દ્રવ્યમાં=ધન-ધાન્યાદિ વિષયમાં, સંતોષપ્રધાનતા=પરિમિત જ નિર્વાહ માત્ર હેતુ એવા દ્રવ્યથી સંતોષવાળા ધાર્મિક જીવોએ થવું જોઈએ; કેમ કે અસંતોષનું અસુખનું હેતુપણું છે=અસંતુષ્ટ જીવ અધિક અધિક ધનાદિમાં ઉદ્યમ કરીને શ્રમાદિરૂપ દુઃખની પ્રાપ્તિ કરે તેમાં અસંતોષનું હેતુપણું છે.

જે કારણથી કહેવાયું છે –

"અતિઉષ્ણ એવા ઘીયુક્ત અન્નથી અને અછિદ્રવાળાં વસ્ત્રોથી અને પરના ચાકર ભાવના અભાવથી શેષને ઇચ્છતો અધઃ પડે છે. ।।૧૨૮।।" ()

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

તથા –

"સંતોષઅમૃતથી તૃપ્ત શાંતચિત્તવાળા જીવોને જે સુખ છે તે=તે સુખ, ધનલુબ્ધ આમતેમ દોડતા પુરુષોને ક્યાંથી હોય ? અર્થાત્ હોઈ શકે નહિ. ।।૧૨૯।।" ()

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ।।૬૫/૧૯૮।।

ભાવાર્થ :-

મોક્ષના અર્થી શ્રાવકે સદા વિચારવું જોઈએ કે સર્વ બાહ્ય પદાર્થોની સર્વથા ઇચ્છા વગરના અસંગ અનુષ્ઠાનવાળા મુનિઓને જે સુખ છે તેવું સુખ સંસારવર્તી કોઈ જીવોને સંભવે નહિ. અને તેવા સુખની પ્રાપ્તિનાં ઉપાયરૂપે ભગવાને સર્વવિરતિરૂપ સંયમને કહેલ છે, પરંતુ પોતાનામાં સર્વવિરતિસંયમને અનુકૂળ સંતોષ પ્રગટ્યો નથી, તેથી શરીરના શાતાના અર્થે ભોગનાં સાધનોની ઇચ્છા વર્તે છે અને તેના અર્થે ધનસંચય આદિમાં ઉદ્યમ કરીને પોતે ક્લેશને પામે છે તોપણ અધિક ક્લેશના વારણ અર્થે પોતાને આજીવિકામાં ઉપઘાત ન થાય તેવું ધન આદિ પ્રાપ્ત થયું હોય તો તેમાં સંતોષને ધારણ કરીને અધિક અધિક ઉપાર્જનના ક્લેશના પરિહાર અર્થે ઉદ્યમ કરવો જોઈએ. જેથી અસંતોષની કદર્થના થાય નહિ, આ પ્રમાણે શ્રાવક ભાવન કરે તો અધિક લોભની વૃત્તિ શાંત થાય છે. **।।૬૫/૧૯૮।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

ધર્મે ધનબુદ્ધિઃ ।।૬૬/૧૯૯।।

સૂત્રાર્થ :-

ધર્મમાં ધનબુદ્ધિ કરવી જોઈએ. ॥૬૬/૧૯૯॥

ટીકા :-

'धर्मे' श्रुतचारित्रात्मके सकलाभिलषिताविकलसिद्धिमूले 'धनबुद्धिः' 'मतिमतां धर्म एव धनम्' इति परिणामरूपा निरन्तरं निवेशनीयेति ।।६६/१९९।।

ટીકાર્થ :-

'धर्मे' ..... निवेशनीयेति ।। સકલ અભિલષિતના અવિકલ એવા સિદ્ધિના મૂલભૂત એવા શ્રુત-ચારિત્રાત્મક ધર્મમાં ધનબુદ્ધિ કરવી જોઈએ અર્થાત્ મતિમાન પુરુષનો ધર્મ જ ધન છે એ પ્રકારના પરિણામરૂપ ધનમાં નિરંતર બુદ્ધિનો નિવેશ કરવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૬૬/૧૯૯॥

ભાવાર્થ :-

વળી, શ્રાવક જેમ બાહ્ય દ્રવ્યમાં સંતોષને ધારણ કરે તેમ અંતરંગ રીતે ધર્મરૂપી ધનની વૃદ્ધિ માટે અવશ્ય યત્ન કરે અને જો તે પ્રકારનો કોઈ ઉદ્યમ ન કરે તો પોતાની આજીવિકાનું સાધન પ્રાપ્ત થઈ જાય અને ધનઉપાર્જન માટે કોઈ યત્ન ન કરે તો પ્રમાદને પોષણ કરીને સંસારની વૃદ્ધિને પ્રાપ્ત કરે, તેથી શ્રાવકે વિચારવું જોઈએ કે સંસારનું તુચ્છ ધન માત્ર આલોકનાં જ અસારભૂત સુખોને પ્રાપ્ત કરાવી શકે છે. જ્યારે શ્રુતચારિત્ર રૂપ ધર્મ સમ્યક્ સેવવામાં આવે તો જીવને જે કાંઈ અભિલષિત છે તે સર્વ અભિલષિતની પ્રાપ્તિનું અવિકલ કારણ શ્રુતચારિત્ર ધર્મ છે માટે જે કાંઈ પણ પોતાના જીવનમાં ધન કમાવા માટેના સંયોગો હોય તે સર્વ સંયોગોનો ઉપયોગ શ્રુતચારિત્ર રૂપ ધર્મની પ્રાપ્તિમાં જ કરવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે શ્રુતજ્ઞાન ભગવાનનાં વચન રૂપ છે અને જે શ્રાવક પોતાના સંયોગ અનુસાર શ્રુતધર્મના મર્મને યથાર્થ જાણવા યત્ન કરે છે તે યથાર્થ બોધાત્મક જ્ઞાન શ્રુતધર્મ છે. અને તે શ્રુતથી આત્માને વાસિત કરવા યત્ન કરે છે તે ચારિત્ર રૂપ ધર્મ છે. આ રીતે શ્રુતઅધ્યયન અને તેનાથી વાસિત થયેલા પરિણામરૂપ ચારિત્ર એ બંને શ્રુત-ચારિત્ર રૂપ ધર્મ આત્મામાં સંસ્કારરૂપે રહે છે. તે શ્રુત-ચારિત્ર માટે કરાતા યત્નકાળમાં બંધાયેલું ઉત્તમ કોટિનું પુણ્ય આત્મા સાથે રહે છે. તે પુણ્ય અને શ્રુત-ચારિત્રના સંસ્કારથી સહિત પોતાનો આત્મા અન્ય ભવમાં જાય છે, તે પુણ્યરૂપ અને શ્રુત-ચારિત્રના સંસ્કારરૂપ ધર્મ આત્માની સર્વ અભિલષિત પ્રાપ્તિનું અવિકલ કારણ છે, તેથી તે મહાત્મા જન્માંતરમાં ઉત્તમ ભોગો, ઉત્તમ સામગ્રી અને અંતે પૂર્વ પૂર્વ કરતાં અધિક અધિક ધર્મનું અર્જન કરીને મોક્ષસુખને પામે છે. **॥૬૬/૧૯૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

शासनोन्नतिकरणम् ।।६७/२००।।

સૂત્રાર્થ :-

શાસનની ઉન્નતિને કરવી જોઈએ. ।।૬૭/૨૦૦।।

ટીકા :-

'शासनस्य' निखिलहेयोपादेयभावाविर्भावेन भास्करकल्पस्य जिननिरूपितवचनरूपस्य 'उन्नतिः' उच्चैर्भावस्तस्याः 'करणं' सम्यग्न्यायव्यवहरणयथोचितजनविनयकरणदीनानाथाभ्युद्धरणसुविहित-यतिपुरस्करणपरिशुद्धशीलपालनजिनभवनविधापनयात्रास्नात्रादिनानाविधोत्सवसम्पादनादिभिरुपायैः, तस्यातिमहागुणत्वादिति । पठ्यते च –

"कर्तव्या चोन्नतिः सत्यां शक्ताविह नियोगतः ।

अवन्ध्यं कारणं ह्येषा तीर्थकृन्नामकर्मणः ।।१३०।।" **[हा० अष्टके २३।८] इति ।। ।६७/२००।।**

ટીકાર્થ :-

'शासनस्य' ..... इति ।। સંપૂર્ણ હેય ઉપાદેય ભાવના આવિર્ભાવથી સૂર્ય જેવા જિનથી કહેવાયેલા વચનરૂપ શાસનની ઉન્નતિ કરવી જોઈએ=ઉચ્ચ એવો જે ભાવ તે રૂપ જે ઉન્નતિ તે કરવી જોઈએ.

કઈ રીતે શાસનની ઉન્નતિ કરવી જોઈએ ? તેથી કહે છે –

સમ્યક્ ન્યાયપૂર્વકનો ધનઅર્જન આદિનો વ્યાપાર, યથાઉચિતજનોના વિનયનું કરવું, દીનઅનાથનું ઉદ્ધરણ, સુવિહિત એવા સાધુઓનું પુરસ્કરણ=ભક્તિ, પરિશુદ્ધ એવા શીલનું પાલન, જિનભવનનું કરણ, યાત્રા-સ્નાત્રાદિ નાના પ્રકારના ઉત્સવના સંપાદન આદિ ઉપાયો વડે શાસનની ઉન્નતિ કરવી જોઈએ; કેમ કે તેનું=શાસનની ઉન્નતિનું અતિમહાન ગુણપણું છે. અને કહેવાય છે –

"અહીં=જિનશાસનમાં શક્તિ હોતે છતે નક્કી ઉન્નતિ કરવી જોઈએ. હિ=જે કારણથી, આ=શાસનની ઉન્નતિ તીર્થંકરનામકર્મનું અવન્ધ્ય કારણ છે. ।।૧૩૦।।" **(હરિભદ્રસૂરિવિરચિત અષ્ટક પ્રકરણ ૨૩/૮)**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૭/૨૦૦।।

ભાવાર્થ :-

વળી, શ્રાવકે પોતાની શક્તિ અનુસાર ભગવાનના શાસનની ઉન્નતિ કરવી જોઈએ.

કઈ રીતે ભગવાનના શાસનની ઉન્નતિ કરવી જોઈએ ? તે બતાવતાં કહે છે –

(૧) સમ્યક્ ન્યાયપૂર્વકનો ધનઅર્જન આદિનો વ્યાપાર :-

વિવેકસંપન્ન શ્રાવક પોતાની ભૂમિકા અનુસાર જે કાંઈ પ્રવૃત્તિ કરે તે સર્વ અતિ ઉચિત વિવેકવાળી હોય જેથી શિષ્ટ લોકોને તેની તે પ્રવૃત્તિ જોઈને ભગવાનના શાસન પ્રત્યે બહુમાન થાય છે જે શાસનની ઉન્નતિકરણ રૂપ છે અને ઉચિત પ્રવૃત્તિ તરીકે શ્રાવક જે ધનાર્જનાદિની પ્રવૃત્તિઓ કરે તે સમ્યક્ ન્યાયપૂર્વકના વ્યવહારથી કરે, જેથી ધર્મી એવા તે શ્રાવકના વ્યવહારથી ભગવાનનું શાસન શિષ્ટ લોકોને શ્રેષ્ઠ ભાસે.

(૨) યથાઉચિત જનોનો વિનય :-

વળી, પોતાના ઔચિત્ય અનુસાર શ્રાવક સર્વજનો સાથે ઉચિત વિનય કરે, જેને જોઈને શિષ્ટ પુરુષોને જણાય કે ભગવાનના શાસનને પામીને આ મહાત્મા ઉત્તમ પ્રકૃતિવાળા બન્યા છે.

(૩) દીન-અનાથનું ઉદ્ધરણ :-

વળી, શ્રાવક દયાળુ સ્વભાવવાળા હોય જેથી દીન-અનાથ આદિનો શક્તિ અનુસાર ઉદ્ધાર કરે જેના વર્તનથી દીનાદિમાં પણ કોઈ યોગ્ય હોય તો તેને ધર્મ પ્રત્યે પ્રીતિ થવાથી તેનામાં ધર્મબીજનું આધાન થાય જેથી શાસનની ઉન્નતિની પ્રાપ્તિ થાય.

(૪) સુસાધુનું પુરસ્કરણ :-

વળી, વિવેકી શ્રાવક ભગવાનનાં વચન અનુસાર ચાલનારા સુસાધુના સ્વરૂપને જાણનારા હોય છે અને તેવા સુસાધુની હંમેશાં ભક્તિ કરે જેથી તે સુસાધુ સંયમધર્મનું સારી રીતે પાલન કરીને વિશેષ વિશેષ પ્રકારના ધર્મને સેવી શકે, તેથી શાસનની ઉન્નતિ થાય; કેમ કે અન્ય જીવોમાં શાસનનું વિશેષ પરિણમન એ જ શાસનની ઉન્નતિ છે.

(૫) પરિશુદ્ધ શીલનું પાલન :-

વળી, શ્રાવક સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી હોવાથી જે વ્રતો પોતે ગ્રહણ કર્યાં છે તેના સ્વરૂપનો સૂક્ષ્મ બોધ કરીને તેમાં કોઈ અતિચાર ન લાગે તે રીતે યત્ન કરે અને અનાભોગાદિથી થયેલા અતિચારોનું સમ્યગ્ બોધ કરીને શુદ્ધિ કરે તો તેના શીલનું પાલન પરિશુદ્ધ બને. તે પરિશુદ્ધ શીલનું પાલન ઉત્તર ઉત્તરના શીલની પ્રાપ્તિ દ્વારા શીઘ્ર સર્વવિરતિનું કારણ બને જેથી તે શ્રાવકમાં ભગવાનના શાસનની ઉન્નતિ થાય અને તેને જોઈને અન્ય જીવોને પણ શાસનની પ્રાપ્તિ થાય, તેથી પરિશુદ્ધ શીલનું પાલન શાસનની ઉન્નતિનું કારણ બને.

(૬) જિનભવનનું કરાવણ :-

શ્રાવકને ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે, તેથી શક્તિસંપન્ન શ્રાવક પોતાની શક્તિ અનુસાર શાસ્ત્રવિધિને જાણીને જિનભવન કરાવે. શાસ્ત્રવિધિ અનુસાર કરાયેલ જિનભવન વીતરાગ પ્રત્યેના વધતા જતા બહુમાનને કારણે સર્વવિરતિનું શીઘ્ર કારણ બને છે, તેથી પોતાના આત્મામાં જિનશાસનની ઉન્નતિ થાય છે અને તે જિનભવનના નિર્માણથી યોગ્ય જીવો પણ ભગવાનના શાસન પ્રત્યે રાગવાળા થાય છે. તેઓમાં પણ જિનશાસનની પ્રાપ્તિનું બીજ પડે છે, તેથી શાસનની ઉન્નતિ થાય છે. માટે ઉચિત પ્રયત્નપૂર્વક અને અંતરંગ વિવેકપૂર્વક કરાયેલા જિનભવનથી શાસનની ઉન્નતિ થાય છે.

(૭) યાત્રા સ્નાત્રાદિ વિવિધ પ્રકારના ઉત્સવ સંપાદન :-

વિવેકસંપન્ન શ્રાવક વીતરાગ પ્રત્યે અત્યંત ભક્તિવાળા હોય છે અને વીતરાગ પ્રત્યેની અત્યંત ભક્તિની વૃદ્ધિ અર્થે અત્યંત વિવેકપૂર્વક તીર્થયાત્રાએ જાય, અત્યંત વિવેકપૂર્વક સ્નાત્રાદિ કરે કે સ્વશક્તિ અનુસાર ઉચિત ઉત્સવો કરે તે સર્વમાં ભગવાન પ્રત્યે વધતી જતી ભક્તિ હોવાના કારણે પોતાના આત્મામાં ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે જેથી પોતાના આત્માને આશ્રયીને શાસનની ઉન્નતિ થાય છે. વળી, વિવેકપૂર્વકની તે પ્રવૃત્તિને જોઈને અન્ય યોગ્ય જીવોને પણ ભગવાનના શાસન પ્રત્યે જે બહુમાન આદિ થાય છે તેનાથી તે જીવોમાં ભગવાનના શાસનની પ્રાપ્તિનાં કારણીભૂત બીજ પડે છે જે શાસનની ઉન્નતિ સ્વરૂપ છે. અને જે શ્રાવકો અતિવિવેકપૂર્વક શાસનની ઉન્નતિને કરે છે તેઓને તે સર્વ કૃત્યકાળમાં વીતરાગ પ્રત્યેનો વધતો જતો બહુમાન ભાવ વર્તે છે અને તે બહુમાન ભાવને કારણે તે મહાત્મા તીર્થંકરનામકર્મની પણ પ્રાપ્તિ કરી શકે છે. માટે શ્રાવકે સર્વ ઉચિત કૃત્યો કરીને શાસનની ઉન્નતિ કરવી જોઈએ. **॥૬૭/૨૦૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

विभवोचितं विधिना क्षेत्रदानम् ।।६८/२०१।।

સૂત્રાર્થ :-

પોતાનાં વૈભવને ઉચિત એવું વિધિપૂર્વક ક્ષેત્રને=સુસાધુઓને દાન કરવું જોઈએ. ॥૬૮/૨૦૧॥

ટીકા :-

'વિભવોચિતં' સ્વવિભવાનુસારેણ 'વિધિના' અનન્તરમેવ નિર્દેક્ષ્યમાણેન 'ક્ષેત્રેભ્યો' નિર્દેક્ષ્યમાણેભ્ય એવ 'દાનં' અન્નપાનૌષધવસ્ત્રપાત્રાદ્યુચિતવસ્તુવિતરણમ્ ।।૬૮/૨૦૧।।

ટીકાર્થ :-

'વિભવોચિતં' ..... વસ્તુવિતરણમ્ ।। વૈભવને ઉચિત=પોતાના વૈભવના અનુસારથી, આગળના સૂત્રમાં બતાવાશે એ વિધિથી ક્ષેત્રને=આગળમાં બતાવાશે એ સુસાધુરૂપ ક્ષેત્રને, અન્ન, પાન, ઔષધ, વસ્ત્ર, પાત્રાદિ ઉચિત વસ્તુનું દાન કરવું જોઈએ. ।।૬૮/૨૦૧।।

ભાવાર્થ :-

શ્રાવકો પોતાને પ્રાપ્ત થયેલું ધન ઉચિત પાત્રરૂપ ક્ષેત્રમાં વપરાય તો તે ધન સફળ છે તેવી બુદ્ધિ ધારણ કરે છે. વળી, શ્રાવકને સુપાત્ર સાધુ જણાય છે; કેમ કે જે મહાત્માઓ સર્વ ઉદ્યમથી સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમ કરનારા છે તેવા ઉત્તમ પાત્ર પ્રત્યે ભક્તિના અતિશયથી તેઓના સંયમના ઉપષ્ટંભક બને એવું વસ્ત્રનું દાન કરવામાં આવે તો તેનાથી તેઓના સંયમની જે વૃદ્ધિ થાય તેનો અનુમોદનનો પરિણામ દાનકાળમાં શ્રાવકના ચિત્તમાં વર્તે છે અને સુસાધુના સંયમની અનુમોદના જેટલા વિવેકપૂર્વક અને જેટલા ભક્તિના અતિશયથી થાય છે તેટલા પ્રમાણમાં સંયમની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મો નાશ પામે છે. આથી જ મહાયોગી એવા વીર ભગવાનને પારણાના ઉલ્લાસના બળથી જીરણ શેઠને ક્ષપકશ્રેણીને આસન્ન ભાવવાળો પરિણામ પ્રાપ્ત થયો. માટે શ્રાવકે વિવેકપૂર્વક ક્ષેત્રમાં દાન કરવું જોઈએ. **॥૬૮/૨૦૧॥**

અવતરણિકા :-

વિધિં ક્ષેત્રં ચ સ્વયમેવ નિર્દિશન્નાહ –

અવતરણિકાર્થ :-

વિધિને અને ક્ષેત્રને સ્વયં જ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વ સૂત્રમાં કહ્યું કે શ્રાવકે વિધિપૂર્વક અને ક્ષેત્રને દાન કરવું જોઈએ, તેથી શ્રાવકને દાનવિષયક વિધિ શું છે તે પ્રસ્તુત સૂત્રમાં બતાવે છે અને દાનનું ક્ષેત્ર શું છે તે આગળના સૂત્રમાં બતાવે છે –

સૂત્ર :-

सत्कारादिर्विधिर्निःसङ्गता च ।।૬૯/૨૦૨।।

સૂત્રાર્થ :-

સત્કાર આદિ અને નિઃસંગતા વિધિ છે. ।।૬૯/૨૦૨।।

ટીકા :-

सत्करणं 'सत्कारः' अभ्युत्थानाऽऽसनप्रदानवन्दनरूपो विनयः, स आदिर्यस्य देशकालाराधन-विशुद्धश्रद्धाविष्करणदानक्रमानुवर्तनादेः कुशलानुष्ठानविशेषस्य स तथा, किमित्याह–'विधि'र्वर्तते, 'निःसङ्गता' ऐहिकपारलौकिकफलाभिलाषविकलतया सकलक्लेशलेशाकलङ्कितमुक्तिमात्राभि-सन्धिता, 'च'कारः समुच्चये ।।६९/२०२।।

ટીકાર્થ :-

सत्करणं ..... समुच्चये ।। સત્કરણ એ સત્કાર છે=અભ્યુત્થાન, આસનપ્રદાન, વંદનરૂપ વિનય તે આદિ છે જેને=દેશ, કાલનું આરાધન, વિશુદ્ધ શ્રદ્ધાનું આવિષ્કરણ, દાનક્રમનાં અનુવર્તન આદિ કુશલ અનુષ્ઠાન વિશેષ રૂપ જેને, તે તેવું છે=સત્કાર આદિ વિધિ છે અને નિઃસંગતા=ઐહિક અને પારલૌકિક ફલના અભિલાષના વિકલપણાથી સકલ ક્લેશના લેશથી અકલંકિત એવી મુક્તિમાત્રની અભિસન્ધિતા એ વિધિ છે, એમ અન્વય છે. ।।૬૯/૨૦૨।।

ભાવાર્થ :-

શ્રાવક પોતાના વૈભવને અનુરૂપ સુપાત્રમાં કઈ રીતે દાન આપે ? તેની વિધિ બતાવે છે –

સુસાધુ પોતાના ગૃહે પધારે ત્યારે પ્રથમ અભ્યુત્થાન કરે. પછી તેમને બેસવા માટે આસન પ્રદાન કરે, તેને ઉચિત જણાય તો બેસે અને ત્યારપછી તેમને વંદન કરે. આ પ્રકારનો વિનય કરે તે આદિનું કૃત્ય છે. ત્યારપછી દેશકાળને અનુરૂપ તેમનું આરાધન કરે. અર્થાત્ તેઓની પાસેથી ધર્મશ્રવણ આદિ સંયોગને અનુરૂપ કરે. અને તેઓનાં વચનમાં વિશુદ્ધ શ્રદ્ધાને અભિવ્યક્ત કરે. અર્થાત્ તેઓ પાસેથી બતાવાયેલો સુધર્મ યથાર્થ જાણીને 'આ તેમ જ છે' એ પ્રકારની પોતાની શ્રદ્ધાને પ્રગટ કરે. ત્યારપછી અન્ન-પાનાદિ ક્રમને ઓળંગ્યા વિના તેમને વહોરાવે અર્થાત્ તેમના સંયમને ઉપષ્ટંભક થાય તેવાં અન્ન-પાનાદિ જે નિર્દોષ પોતાની પાસે હોય તેમાંથી જે શ્રેષ્ઠ હોય તેને પ્રથમ વહોરાવે અને તે ક્રમ અનુસાર દરેક વસ્તુ તેમને વહોરાવે. જેથી સારી વસ્તુ તેમને કલ્પે તેમ જણાય તો વિશેષથી પોતાને લાભ થાય પરંતુ ક્રમવગર જે તે વસ્તુ વહોરાવે તો તે વહોરાવવામાં અવિધિદોષની પ્રાપ્તિ થાય.

વળી, વસ્ત્ર-પાત્ર આદિ પણ જે સાધુજનને ઉચિત હોય અને પોતાની પાસે તે નિર્દોષ હોય તો સાધુને અવશ્ય વહોરાવે.

વળી, જે સુપાત્ર સાધુઓ છે તેમને વહોરાવતી વખતે તેમના આચારોથી અભિવ્યક્ત થતા મોક્ષને અનુકૂળ ગુણોને સ્મૃતિમાં રાખીને વિચારે કે આ મહાત્માઓની ભક્તિ કરીને સર્વ ક્લેશ રહિત એવી મુક્તિને હું પ્રાપ્ત કરું, તેથી એ પ્રાપ્ત થાય કે આલોક કે પરલોકના કોઈપણ ફળની આશા રાખ્યા વગર સુપાત્રમાં વર્તતા ગુણોને સ્મરણમાં રાખીને તેમના પ્રત્યેનો બહુમાન ભાવ વધે તે રીતે વહોરાવે અને

સુસાધુના ગુણો પ્રત્યેનો વધતો જતો બહુમાનભાવ સર્વસંગથી પર આત્માને કરીને મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થનાર છે માટે હું આ મહાત્માની ભક્તિ કરીને શીઘ્ર મોક્ષફળને પામું એ પ્રકારના નિઃસંગતાના ભાવપૂર્વક વહોરાવે તે દાનની વિધિ છે.

પ્રસ્તુત સૂત્રમાં સત્કાર આદિ વિધિ બતાવી તે બહિરંગ આચરણારૂપ છે અને નિઃસંગતારૂપ બતાવી તે દાનકાળમાં વર્તતા ઉત્તમ ચિત્તરૂપ છે. **॥૬૯/૨૦૨॥**

સૂત્ર :-

वीतरागधर्मसाधवः क्षेत्रम् ।।७०/२०३।।

સૂત્રાર્થ :-

વીતરાગના ધર્મપ્રધાન સાધુઓ ક્ષેત્ર છે=દાનને યોગ્ય પાત્ર છે. ॥૭૦/૨૦૩॥

ટીકા :-

'वीतरागस्य' जिनस्य 'धर्मः' उक्तनिरुक्तः, तत्प्रधानाः 'साधवो' वीतरागधर्मसाधवः 'क्षेत्रं' दानार्हं पात्रमिति, तस्य च विशेषलक्षणमिदम् –

"क्षान्तो दान्तो मुक्तो जितेन्द्रियः सत्यवागभयदाता ।

प्रोक्तस्त्रिदण्डविरतो विधिग्रहीता भवति पात्रम् ।।१३१।।" [ ] **।।७०/२०३।।**

ટીકાર્થ :-

'वीतरागस्य' ..... पात्रम् ।। વીતરાગનાં=જિનનાં, પૂર્વમાં કહેલાં લક્ષણવાળો ધર્મ તે છે પ્રધાન જેને એવા સાધુઓ વીતરાગધર્મસાધુઓ ક્ષેત્ર છે=દાનને યોગ્ય પાત્ર છે, અને તેમનું=પાત્રનું, વિશેષ લક્ષણ આ છે –

"શાંત=ક્ષમાવાળા, દાંત=આત્માને નિગ્રહ કરનારા, મુક્ત=લોભપરિણામથી રહિત, જિતેન્દ્રિય=ઇન્દ્રિયના સંયમવાળા, સત્યવાગ્=સત્યવચન બોલનાર, અભયદાતા=છ કાયના જીવોને અભય આપનારા, કહેવાયેલા ત્રિદંડથી વિરત=મન-વચન-કાયાના દંડથી વિરત, વિધિથી આહાર આદિને ગ્રહણ કરનારા પાત્ર છે=દાનને યોગ્ય પાત્ર છે. ॥૧૩૧॥" () **॥૭૦/૨૦૩॥**

ભાવાર્થ :-

શ્રાવકને દાન આપવા યોગ્ય પાત્ર વીતરાગ ધર્મને સેવનારા સુસાધુઓ છે જેઓ સદા મન-વચન-કાયાને ગુપ્ત રાખીને જિનવચનથી નિયંત્રિત સર્વ ઉચિત ક્રિયાઓ કરીને આત્માને વીતરાગ ભાવથી ભાવિત કરે છે અને વીતરાગ થવામાં ઉપષ્ટંભક એવાં આહાર-વસ્ત્ર આદિને ગ્રહણ કરે છે, તેઓ શ્રાવક માટે ભક્તિનાં ઉત્તમ પાત્ર છે, તેથી તેઓની ભક્તિ કરીને શ્રાવક સુખપૂર્વક સંસારસાગરને તરે છે. **॥૭૦/૨૦૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

दुःखितेष्वनुकम्पा यथाशक्ति द्रव्यतो भावतश्च ।।७१/२०४।।

સૂત્રાર્થ :-

દુઃખિતોમાં યથાશક્તિ દ્રવ્યથી અને ભાવથી અનુકંપા શ્રાવકે કરવી જોઈએ. ।।૭૧/૨૦૪।।

ટીકા :-

'दुःखितेषु' भवान्तरोपात्तपापपाकोपहितातितीव्रक्लेशावेशेषु देहिष्वनुकम्पा कृपा कार्या 'यथाशक्ति' स्वसामर्थ्यानुरूपम्, 'द्रव्यतः' तथाविधग्रासादेः सकाशात्, 'भावतो' भीषणभवभ्रमणवैराग्यसम्पादनादि-रूपात्, 'चः' समुच्चये, दुःखितानुकम्पा हि तदुपकारत्वेन धर्मैकहेतुः । यथोक्तम् –

"अन्योपकारकरणं धर्माय महीयसे च भवतीति ।
अधिगतपरमार्थानामविवादो वादिनामत्र ।।१३२।।" [ ] **इति ।।७१/२०४।।**

ટીકાર્થ :-

'दुःखितेषु' ..... इति ।। દુઃખિત જીવોમાં=પૂર્વભવમાં બાંધેલા પાપના વિપાકથી ઉપહિત એવા અતિ તીવ્ર ક્લેશના આવેશવાળા દુઃખિત જીવોમાં, યથાશક્તિ=પોતાના સામર્થ્યને અનુરૂપ, અનુકંપા કરવી જોઈએ.

કઈ રીતે અનુકંપા કરવી જોઈએ ? તેથી કહે છે –

તેવા પ્રકારની આહારાદિ સામગ્રીરૂપ દ્રવ્યથી અને ભીષણ એવા ભવભ્રમણમાં વૈરાગ્ય સંપાદન આદિરૂપ ભાવથી અનુકંપા કરવી જોઈએ.

સૂત્રમાં 'च' શબ્દ છે તે દ્રવ્ય અને ભાવના સમુચ્ચય અર્થમાં છે.

દુઃખિતોમાં દયા કેમ કરવી જોઈએ ? એથી કહે છે –

દુઃખિતોમાં કરાતી અનુકંપા તેમના ઉપકારકપણાથી ધર્મનો એક હેતુ છે=દયા કરનાર એવા શ્રાવકમાં ધર્મનિષ્પત્તિનું એક કારણ છે.

જે કારણથી કહેવાયું છે –

"અન્યના ઉપકારનું કરણ મહાન ધર્મ માટે થાય છે. અધિગત પરમાર્થવાળા વાદીઓને=અન્ય દર્શનકારોને, આમાં વિવાદ નથી=અન્ય જીવોમાં અનુકંપા કરવી જોઈએ એમાં વિવાદ નથી. ।।૧૩૨।।" ()

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૧/૨૦૪।।

ભાવાર્થ :-

શ્રાવકે દયાળુ ચિત્ત નિષ્પન્ન કરવા અર્થે અને નિષ્પન્ન થયેલા દયાળુ ચિત્તને અતિશયિત કરવા માટે પોતાની શક્તિ અનુસાર દુઃખિત જીવોમાં દયા કરવી જોઈએ.

સંસારના જીવો દુઃખિત કેમ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ટીકાકારશ્રી કહે છે –

જે જીવોએ પૂર્વભવમાં પાપ કરેલ છે અને તેના ઉદયના કારણે અતિ તીવ્ર ક્લેશના આવેગવાળા છે અને શારીરિક, માનસિક આદિ દુઃખ અનુભવે છે તેવા જીવોને શ્રાવકે તેઓનાં દુઃખો દૂર થાય તેવી આહાર આદિની સામગ્રી આપીને દયા કરવી જોઈએ.

વળી, જેઓ કંઈક ભદ્રક પ્રકૃતિવાળા છે તેવા જીવોની જેમ આહારાદિ દ્વારા શ્રાવક દુઃખ દૂર કરે છે તેમ તેઓની ભૂમિકા અનુસાર આ ભવભ્રમણ અતિ ભીષણ છે તેમ વિવેકપૂર્વક બતાવીને તેઓને ભવથી વિરક્ત ભાવ થાય અને ભવના નિસ્તારના ઉપાયોને સેવવાનો પરિણામ થાય તે પ્રકારે તેઓની ભાવથી અનુકંપા શ્રાવક કરે. આ પ્રકારના દયાળુ ચિત્તથી શ્રાવકને વિશિષ્ટ પુણ્ય બંધાય છે જેથી જન્માંતરમાં ઉત્તમ ધર્મની પ્રાપ્તિનું કારણ બને અને વર્તમાનમાં પણ દયા ભાવની વૃદ્ધિથી ગુણસ્થાનકની વૃદ્ધિ થાય.

આ પ્રકારનો ઉપદેશ શ્રાવકને ગીતાર્થ સાધુ આપે છે. **।।૭૧/૨૦૪।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

लोकापवादभीरुता ।।૭૨/૨૦૫।।

સૂત્રાર્થ :-

લોકના અપવાદની ભીરુતા શ્રાવકે ધારણ કરવી જોઈએ. ।।૭૨/૨૦૫।।

ટીકા :-

'लोकापवादात्' सर्वजनापरागलक्षणात् 'भीरुता' अत्यन्तभीतभावः, किमुक्तं भवति? निपुणमत्या

विचिन्त्य तथा तथोचितवृत्तिप्रधानतया सततमेव प्रवर्तितव्यं यथा यथा सकलसमीहितसिद्धिविधायि जनप्रियत्वमुज्जृम्भते, न पुनः कथञ्चिदपि जनापवादः, तस्य मरणान्निर्विशिष्यमाणत्वात्, तथा चावाचि –

"वचनीयमेव मरणं भवति कुलीनस्य लोकमध्येऽस्मिन् ।
मरणं तु कालपरिणतिरियं च जगतोऽपि सामान्या ।।१३३।।" [ ] **इति ।।७२/२०५।।**

टीकार्थ :-

'लोकापवादात्' ..... इति ।। सर्व लोकोना अपरागरूप अर्थात् तिरस्काररूप लोकअपवादथी, भीरुता=अत्यंत भीतभाव धारण करवो जोईओ.

शुं कहेवायेलुं थाय छे ? ते बतावे छे –

निपुण मतिथी विचार करीने ते ते प्रकारे उचित प्रवृत्तिना प्रधानपणाथी सतत ज प्रवर्तवुं जोईओ. जे जे प्रकारे सकल ईष्टनी सिद्धिने करनार जनप्रियत्वपणुं प्रगट थाय, परंतु कोईपण रीते जनअपवाद न थाय ते रीते यत्न करवो जोईओ; केम के तेनुं=लोकनी निंदानुं, मरणथी निर्विशेषपणुं छे.

अने ते प्रमाणे कहेवायुं छे –

"कुलीन पुरुषने आलोकमां वचनीय ज=निंदनीय ज, मरण छे. वळी, मरण काळपरिणतिरूप छे अने ए=काळ-परिणतिरूप मरण, जगतने पण सामान्य छे. ।।१३३।।" **()**

'इति' शब्द टीकानी समाप्ति अर्थे छे. ।।७२/२०५।।

भावार्थ :-

श्रावके शिष्ट लोकोमां निंदा थाय तेवुं कोई कार्य करवुं जोईओ नहि अने क्यारेक लोभादिने वश थईने तेवा प्रकारनां कृत्यो करवानुं मन थाय तोपण निपुण मतिथी विचारवुं जोईओ के मारी आ अनुचित प्रवृत्तिथी लोकमां हुं निंदापात्र बनीश. माटे लोभादिने वश क्यारेक तेवी प्रवृत्ति करवानो अध्यवसाय थाय तो पण तेना परिहारपूर्वक ते ते प्रकारनी उचित प्रवृत्तिमां प्रधानपणाथी सतत यत्न करवो जोईओ; जेथी सर्व कल्याणनुं कारण एवुं जनप्रियपणुं प्राप्त थाय.

आशय ओ छे के धर्मीजननी उचित प्रवृत्ति जोईने घणा योग्य जीवोने बीजाधानादि थाय छे अने तेनी अनुचित प्रवृत्ति जोईने घणा जीवोने तेना धर्म प्रत्ये निंदानो परिणाम थाय छे. माटे शिष्ट लोकमां पोते निंदानुं कारण न बने ते रीते श्रावके सर्व प्रवृत्ति करवी जोईओ. अने विचारवुं जोईओ के लोकमां निंदापात्र कृत्य करवुं ते मरण तुल्य छे जेथी निमित्तोने पामीने पण अनुचित प्रवृत्ति थाय नहि. **।।७२/२०५।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

गुरुलाघवापेक्षणम् ।।७३/२०६।।

સૂત્રાર્થ :-

ગુરુલાઘવનો વિચાર કરવો જોઈએ. ।।૭૩/૨૦૬।।

ટીકા :-

सर्वप्रयोजनेषु धर्मार्थकामरूपेषु तत्तत्कालादिबलालोचनेन प्रारब्धुमिष्टेषु प्रथमत एव मतिमता 'गुरोः' भूयसो गुणलाभपक्षस्य दोषलाभपक्षस्य 'च लघो'श्च तदितररूपस्य भावो गुरुलाघवं तस्य निपुणतया 'अपेक्षणम्' आलोचनं कार्यमिति ।।७३/२०६।।

ટીકાર્થ :-

सर्वप्रयोजनेषु ..... कार्यमिति ।। तत् तत् कालादिबलना आलोचनथी प्रारब्ध करवा माटे ईष्ट એવા ધર્મ અર્થ કામરૂપ સર્વ પ્રયોજનમાં પ્રથમથી જ મતિમાન એવા પુરુષે ગુરુનો=ઘણા ગુણલાભરૂપ પક્ષનો, અને દોષલાભરૂપ પક્ષનો અને લઘુનો=તેના ઈતરરૂપ પક્ષનો, ભાવ તે ગુરુ-લાઘવ, તેનું નિપુણપણાથી આલોચન કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૩/૨૦૬।।

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિના અર્થી હોય છે અને સર્વવિરતિ પૂર્ણ ધર્મના પાલનરૂપ છે અને પોતાની પૂર્ણધર્મના પાલનની શક્તિ નથી, તેથી તેની શક્તિના સંચયઅર્થે શ્રાવક ધર્મ સેવે છે અને શ્રાવક ગૃહસ્થ-અવસ્થામાં પોતાનો કેવા પ્રકારનો કાળ છે, કેવા પ્રકારની શારીરિક શક્તિ છે, કેવા પ્રકારનું ક્ષેત્ર છે ? તે સર્વ પ્રકાર વિષયક બળનું આલોચન કરીને પોતાને ઇષ્ટ હોય તે કાર્યનો આરંભ કરે.

મતિમાન શ્રાવકે કાર્યના આરંભ પૂર્વે વિચારવું જોઈએ કે આ કાર્યથી પોતાને કેવા પ્રકારના ગુણોનો લાભ થશે અને કેવા પ્રકારના દોષોનો લાભ થશે ? વળી, કઈ પ્રવૃત્તિ કરવાથી ઓછા ગુણનો લાભ થશે કે ઓછા દોષનો લાભ થશે તેનું નિપુણ પ્રજ્ઞાથી આલોચન કરવું જોઈએ અને જે પ્રવૃત્તિમાં અધિક ગુણનો લાભ હોય અથવા જે પ્રવૃત્તિમાં દોષની પ્રાપ્તિ હોવા છતાં અલ્પ દોષની પ્રાપ્તિ હોય એવું કાર્ય કરવું જોઈએ.

જેમ, અર્થઉપાર્જન આદિની ઇચ્છા થાય અને તેના માટે યત્ન ન કરે તો ચિત્ત ધર્મનાં અન્ય કૃત્યોમાં પણ સ્થિર થાય નહિ અને નીતિપૂર્વક ધન કમાઈને ઉત્તમ કાર્યોમાં વ્યય કરવા દ્વારા ઘણા ધર્મની પ્રાપ્તિ જણાય ત્યારે અર્થઉપાર્જનનું કૃત્ય અલ્પ દોષની પ્રાપ્તિ અને ઘણા ગુણની પ્રાપ્તિનું કારણ હોવાથી વિવેકપૂર્વક શ્રાવક અર્થઉપાર્જન કરે; કેમ કે અર્થઉપાર્જનકાળમાં ધનની વૃદ્ધિનો પરિણામ છે જે ક્લેશરૂપ છે; અર્થોપાર્જન માટે કરાતો શ્રમ ક્લેશરૂપ છે, છતાં ચિત્ત અર્થોપાર્જનની પ્રવૃત્તિથી જ શાંત થાય તેમ છે અને ધન દ્વારા ઉચિત ધર્મ આદિ પ્રવૃત્તિ કરીને વિશેષ સુંદર થાય તેમ છે, તેથી તેવા શ્રાવક માટે તે પ્રવૃત્તિ ઉચિત છે.

વળી, જે શ્રાવકનું ચિત્ત અત્યંત નિરવદ્ય ભાવમાં જવા સમર્થ છે તેવા શ્રાવકને અર્થઉપાર્જન આદિથી ધર્મમાં ધનના વ્યય દ્વારા અલ્પ ચિત્તની વિશુદ્ધિ જણાય અને ધનઉપાર્જનમાં ઘણો ક્લેશ જણાય અને તેના બદલે સામાયિક આદિ ઉચિત કૃત્ય કરીને અધિક નિઃસંગવાળું ચિત્ત કરી શકે તેવા શ્રાવક માટે ધર્મપ્રધાન ક્રિયાઓ કલ્યાણનું કારણ બને છે અને ધનઅર્જનના ક્લેશપૂર્વક ધર્મના ક્ષેત્રમાં ધનના વ્યય દ્વારા અલ્પચિત્તશુદ્ધિ જણાય છે તેવા શ્રાવકે ધર્મપ્રધાન જ ઉદ્યમ કરવો ઉચિત ગણાય. **॥૭૩/૨૦૬॥**

અવતરણિકા :-

ततः किमित्याह –

અવતરણિકાર્થ :-

ત્યારપછી=પૂર્વ સૂત્રમાં કહ્યું કે શ્રાવક સર્વ પ્રયોજનોમાં ગુરુ-લાઘવનો વિચાર કરે ત્યારપછી, શું ?=શું કરે ? એને કહે છે –

સૂત્ર :-

बहुगुणे प्रवृत्तिः ।।७४/२०७।।

સૂત્રાર્થ :-

બહુગુણવાળા પ્રયોજનમાં પ્રવૃત્તિ કરે. ॥૭૪/૨૦૭॥

ટીકા :-

प्रायेण हि प्रयोजनानि गुणदोषलाभमिश्राणि, ततो 'बहुगुणे' प्रयोजने 'प्रवृत्तिः' व्यापारः, तथा चार्षम् –

"अप्पेण बहुमेसेज्जा, एयं पंडियलक्खणं ।
सव्वासु पडिसेवासु, एयं अट्ठपयं विऊ ।।१३४।।" [ ]

[अल्पेन बहुं आसादयेत् एतत् पण्डितलक्षणम् ।
सर्वासु प्रतिसेवासु एतदर्थपदं विदुः ।।१।।] **।।७४/२०७।।**

ટીકાર્થ :-

પ્રાયેણ ..... વિરુ ।। પ્રાયઃ પ્રયોજનો ગુણના અને દોષના લાભથી મિશ્રિત હોય છે, તેથી બહુગુણવાળાં પ્રયોજનોમાં શ્રાવકે પ્રવૃત્તિ કરવી જોઈએ=વ્યાપાર કરવો જોઈએ. અને તે પ્રમાણે આર્ષ છે=બહુગુણવાળા પ્રયોજનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ એ પ્રમાણે શાસ્ત્રવચન છે.

"અલ્પથી=અલ્પ વ્યયથી ઘણું પ્રાપ્ત કરે એ પંડિતનું લક્ષણ છે. સર્વ પ્રતિસેવામાં આ અર્થપદને=આ તાત્પર્યને, જાણે=વિચારક પુરુષ જાણે. ।।૧૩૪।।" **() ।।૭૪/૨૦૭।।**

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં ઉપદેશકે શ્રાવકને ઉપદેશ આપતાં કહ્યું કે શ્રાવકોએ સર્વ પ્રયોજનોમાં ગુરુ-લાઘવનો વિચાર કરવો જોઈએ.

ત્યારપછી શ્રાવકે શું કરવું જોઈએ ? તે બતાવતાં કહે છે –

શ્રાવકનાં ધર્મ-અર્થ અને કામરૂપ જે પ્રયોજનો છે તેમાં જે સંપૂર્ણ નિરવદ્ય આચરણારૂપ સામાયિક આદિ વિશિષ્ટ ક્રિયાઓ છે અને જે ક્રિયાઓ દ્વારા શક્તિના પ્રકર્ષથી સમભાવની વૃદ્ધિ શ્રાવક કરી શકે છે તે પ્રવૃત્તિવાળું પ્રયોજન ગુણ-દોષથી મિશ્ર નથી, પરંતુ એકાંતે ગુણવૃદ્ધિનું કારણ છે. પરંતુ જે શ્રાવક તે પ્રકારના સંચિત વીર્યવાળા નથી, તેથી સામાયિક આદિ પ્રવૃત્તિ કરે તોપણ તેવા ગુણની પ્રાપ્તિ ન કરી શકે અને અન્ય ઉચિત ધર્મની પ્રવૃત્તિ કરે તો ગુણની પ્રાપ્તિ કરી શકે તેવા હોય છે, તેથી શ્રાવકનાં ધર્મ-અર્થ અને કામરૂપ સર્વ પ્રયોજનોમાં પ્રાયઃ ગુણદોષની પ્રાપ્તિ હોય છે; કેમ કે તે તે પ્રવૃત્તિમાં મોક્ષને અનુકૂળ પ્રયત્ન કરી શકે છે, છતાં અલ્પ સત્ત્વને કારણે પ્રસંગે પ્રસંગે સ્ખલના પામીને કંઈક કર્મબંધ કરે છે, તેથી શ્રાવકનાં સર્વ પ્રયોજનો પ્રાયઃ ગુણ અને દોષની પ્રાપ્તિથી મિશ્ર હોય છે. તે વખતે શ્રાવકે જે પ્રવૃત્તિમાં અધિક ગુણ દેખાય અને અલ્પ દોષ દેખાય તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ. અને તેમાં સાક્ષી આપે છે –

પંડિત પુરુષનું લક્ષણ છે કે અલ્પ વ્યયથી ઘણા લાભને પ્રાપ્ત કરે. આથી જ જે પંડિત પુરુષ છે તેવા સાધુઓ સાધ્વાચારની અપવાદરૂપ સર્વ પ્રતિસેવામાં આ અર્થપદને જાણે છે અર્થાત્ અલ્પ વ્યયથી ઘણો લાભ છે, તેનો નિર્ણય કરીને અપવાદિક આચરણા કરે છે, પરંતુ માત્ર આવશ્યકતા છે અને નિર્દોષની પ્રાપ્તિ નથી એ પ્રમાણે વિચારીને અપવાદનું સેવન કરતા નથી તેમ વિવેકસંપન્ન શ્રાવક ઉત્સર્ગથી સંયમ ગ્રહણ કરવું ઉચિત છે એ પ્રમાણે જાણે છે, છતાં પોતાનું ઉત્સર્ગમાર્ગ સેવવાનું સામર્થ્ય નથી તેથી કામની પ્રવૃત્તિ કરે ત્યારે પણ ગુરુ-લાઘવનો વિચાર કરે. આથી જ વિવેકસંપન્ન શ્રાવક કામની ઇચ્છા થાય ત્યારે પણ ભગવાનનાં વચનને યાદ કરે છે અને વિચારે છે કે ભગવાને "सल्लं कामा विषं कामा....." ઇત્યાદિ કહ્યું છે. તે સૂત્રનું ભાવન કરીને કામની ઇચ્છા શાંત ન થાય તો ચિત્ત ક્લેશને પામીને આત્મહિત સાધી શકે નહિ; કેમ કે અન્ય ધર્મની પ્રવૃત્તિ પણ શિથિલ થાય છે, તેથી વિવેકપૂર્વક અશક્ય પરિહાર જણાય એટલી જ કામની પ્રવૃત્તિ કરીને વિશેષ પ્રકારે ધર્મના સેવન માટે શ્રાવક યત્ન કરે છે. જેથી કામની પ્રવૃત્તિ ક્ષીણ ક્ષીણતર થાય, તેથી વિવેકસંપન્ન શ્રાવકની કામની પ્રવૃત્તિ પણ ગુરુ-લાઘવના આલોચનપૂર્વક બહુ ગુણવાળી હોય છે, તે રીતે અર્થ-ઉપાર્જન આદિની પ્રવૃત્તિ પણ ગુરુ-લાઘવના આલોચનપૂર્વકની હોય છે. **।।૭૪/૨૦૭।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

चैत्यादिपूजापुरःसरं भोजनम् ।।७५/२०८।।

સૂત્રાર્થ :-

ચૈત્યાદિ પૂજાપૂર્વક ભોજન કરવું જોઈએ. ।।૭૫/૨૦૮।।

ટીકા :-

પ્રાપ્તે ભોજનકાલે 'चैत्यानाम्' અર્હદ્બિમ્બલક્ષણાનામ્ 'આદિ'શબ્દાત્ સાધુસાધર્મિકાણાં ચ 'પૂજા' પુષ્પધૂપાદિભિરન્નપાનપ્રદાનાદિભિશ્ચોપચરણં સા પુરઃસરા યત્ર તચ્ચૈત્યાદિપૂજાપુરઃસરં ભોજનમ્ અત્રોપજીવનમ્, યતોઽન્યત્રાપિ પઠ્યતે –

"जिणपूओचियदाणं परियणसंभालणा उचियकिच्चं ।
ठाणुववेसो य तहा पच्चक्खाणस्स संभरणं ।।१३५।।" [ ]

[जिनपूजोचितदानं परिजनस्मरणं उचितकृत्यम् ।
स्थानोपवेशनं च तथा प्रत्याख्यानस्य संस्मृतिः ।।१।।] **।।७५/२०८।।**

ટીકાર્થ :-

પ્રાપ્તે ..... संभरणं ।। ભોજનકાળ પ્રાપ્ત થયે છતે અરિહંતના બિંબ સ્વરૂપ ચૈત્યાદિ પૂજાપૂર્વક ભોજન કરવું જોઈએ એમ અન્વય છે. અને 'चैत्यादि'માં 'आदि' શબ્દથી સાધુ, સાધર્મિકની પૂજાને ગ્રહણ કરવું.

કઈ રીતે પૂજા કરવી ? તે સ્પષ્ટ કરે છે –

પુષ્પ-ધૂપ આદિથી ચૈત્યની પૂજા કરવી, અન્ન-પાન પ્રદાન આદિથી સાધુ-સાધર્મિકની પૂજા કરવી તે છે મુખ્ય જેમાં તે ચૈત્યાદિપૂજાપૂર્વક ભોજન છે.

જે કારણથી અન્યત્ર પણ કહેવાયું છે –

"જિનપૂજા, ઉચિત દાન, પરિજનની સંભાલના, ઉચિત કૃત્ય, સ્થાનમાં બેસવું અને પચ્ચક્ખાણનું સ્મરણ કરવું, ત્યારપછી ભોજન કરવું. ।।૧૩૫।।" **() ।।૭૫/૨૦૮।।**

ભાવાર્થ :-

વળી, શ્રાવક ભોજનની પ્રવૃત્તિ કરતાં પૂર્વે ભગવાનની પૂજા કરે, સાધુ-સાધ્વીની શક્તિ અનુસાર સાધર્મિકની ભક્તિ કરે અને ત્યારપછી ભોજનની પ્રવૃત્તિ કરે. જેથી ભગવાનના ગુણોથી વાસિત થયેલું અને સુસાધુ અને સાધર્મિકની ભક્તિથી ઉલ્લસિત થયેલા ગુણના પક્ષપાતવાળું ચિત્ત બને, ત્યારપછી વિવેકપૂર્વક ભોજન કરે જેથી ભોજનની ક્રિયામાં પણ બહુ કર્મબંધ થાય નહિ. વળી, અન્યત્ર પણ કહ્યું છે એ પ્રમાણે ભોજન કરતાં પૂર્વે જિનપૂજા, ઉચિત દાન, પરિજનની સંભાળ, ઉચિત કૃત્ય, સ્થાનમાં બેસવું અને પોતે કરેલ પચ્ચક્ખાણનું સ્મરણ કરે જેથી પચ્ચક્ખાણ પ્રત્યે વિશેષ પક્ષપાત થાય, જેથી ભોજનની ક્રિયા પણ ધર્મના અંગરૂપ બને. **॥૭૫/૨૦૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

तदन्वेव प्रत्याख्यानक्रिया ।।७६/२०९।।

સૂત્રાર્થ :-

ત્યારપછી જ=ભોજન કર્યા પછી તરત જ, પ્રત્યાખ્યાનની ક્રિયા કરે. ॥૭૬/૨૦૯॥

ટીકા :-

'तदन्वेव' भोजनानन्तरमेव 'प्रत्याख्यानक्रिया' द्विविधाद्याहारसंवरणरूपा ।।७६/२०९।।

ટીકાર્થ :-

'तदन्वेव' ..... संवरणरूपा ।। ત્યારપછી તરત જ=ભોજનની સમાપ્તિ પછી, તરત જ પ્રત્યાખ્યાનની ક્રિયા કરે=બે પ્રકારના આદિ આહારના સંવરણરૂપ પ્રત્યાખ્યાનની ક્રિયા કરે. ॥૭૬/૨૦૯॥

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિના અત્યંત અર્થી હોય છે. સર્વવિરતિકાળમાં મુનિ સર્વથા આહાર વાપરતા નથી, પરંતુ સંયમના અંગભૂત જ દેહના પાલન માટે આવશ્યક જણાય તેટલી જ આહારની બહારની પ્રવૃત્તિ કરે છે, અંતરંગ તો સદા આહારસંજ્ઞાથી પર હોય છે. શ્રાવકને પણ સાધુની જેમ આહારસંજ્ઞાના ઉચ્છેદની અત્યંત ઇચ્છા છે; કેમ કે આહારસંજ્ઞા જીવના મોહના પરિણામરૂપ હોવાથી જીવને પીડાકારી છે અને તેના ઉચ્છેદના અર્થી એવા શ્રાવક ભોજન કર્યા પછી ચાર પ્રકારના આહારમાંથી બે પ્રકારના આદિ જે કાંઈ આહારનો

ત્યાગ પોતે કરી શકે તેમ હોય તેનું પચ્ચક્ખાણ ગ્રહણ કરે છે, જેના બળથી એટલી માત્રામાં આહારસંજ્ઞા કંઈક કંઈક મંદ થાય છે. જેના બળથી સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય છે. **॥૭૬/૨૦૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

शरीरस्थितौ प्रयत्नः ।।७७/२१०।।

સૂત્રાર્થ :-

શરીરની સ્થિતિમાં પ્રયત્ન કરે. ॥૭૭/૨૧૦॥

ટીકા :-

'शरीरस्थितौ' उचिताभ्यङ्गसंवाहनस्नानादिलक्षणायां 'यत्नः' आदरः, तथा च पठ्यते –

"धर्मार्थकाममोक्षाणां शरीरं कारणं यतः ।

ततो यत्नेन तद्रक्ष्यं यथोक्तैरनुवर्तनैः ।।१३६।।" [ ] **इति ।।१६६।। ।।७७/२१०।।**

ટીકાર્થ :-

'शरीरस्थितौ' ..... इति ।। ઉચિત અભ્યંગ=તેલ આદિનું મર્દન, સંવાહન=સમ્યગ્ રીતે વહન કરવું અને સ્નાનાદિરૂપ શરીરની સ્થિતિમાં યત્ન કરવો જોઈએ. અને તે રીતે કહેવાય છે –

"જે કારણથી ધર્મ-અર્થ-કામ અને મોક્ષરૂપ પુરુષાર્થનું શરીર કારણ છે, તે કારણથી યત્નપૂર્વક યથોક્ત અનુવર્તન વડે તેનું રક્ષણ કરવું જોઈએ. ॥૧૩૬॥" **()**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૭૭/૨૧૦॥

ભાવાર્થ :-

સાધુ શરીર પ્રત્યે સર્વથા નિરપેક્ષ છે, તેથી સદા પૂર્ણધર્મને સેવી શકે છે અને પૂર્ણધર્મના પાલન અર્થે સહાયક એવા દેહનું એટલું જ પાલન કરે છે કે જેટલો સંયમમાં દેહ ઉપયોગી બને. તે સિવાય સાધુને શરીરની શાતાનો મોહ નથી, શરીરનો મોહ નથી, કેવલ પૂર્ણધર્મના પ્રકર્ષની પ્રાપ્તિની ઇચ્છા છે. અને શ્રાવકને પણ તેવું સાધુપણું જ અત્યંત પ્રિય છે, તોપણ દેહ પ્રત્યેનું મમત્વ છે, અને શાતાની અર્થિતા છે, તેથી જ શ્રાવક ગૃહવાસમાં રહે છે, અને શરીર દ્વારા ધર્મ આદિ ચારે પુરુષાર્થને શક્તિ અનુસાર સાધવા યત્ન કરે છે અને તે પુરુષાર્થમાં પણ શ્રાવક પ્રધાન રીતે ધર્મ અને મોક્ષ પુરુષાર્થને સાધવા યત્ન કરે છે. આમ

છતાં શ્રાવકનું શરીરબળ તૂટે તો શ્રાવક ચારે પુરુષાર્થો સાધી શકે નહિ; કેમ કે શરીર પ્રત્યેના મમત્વના કારણે ધર્મ આદિ પુરુષાર્થમાં શ્રાવક દૃઢ યત્ન કરી શકે નહિ; જેથી વર્તમાનમાં પણ ક્લેશને પામે અને ભાવિનું પણ વિશેષ હિત સાધી શકે નહિ, તેથી ધર્મ આદિ પુરુષાર્થના રક્ષણ અર્થે શ્રાવકે પોતાના દેહનું સારી રીતે રક્ષણ થાય તે માટે યત્ન કરવો જોઈએ. માટે ઉચિત તેલમર્દન આદિ કે સ્નાનાદિ ક્રિયાઓ શ્રાવક માટે કર્તવ્ય છે.

અહીં વિશેષ એ છે કે સાધુ દેહ પ્રત્યે સર્વથા નિરપેક્ષ છે, તેથી દેહની સામાન્ય પ્રતિકૂળતામાં તેઓનો ધર્મ વ્યાઘાત પામતો નથી, પરંતુ દેહની સામાન્ય પ્રતિકૂળતા પણ ધર્મને ઉપષ્ટંભક બને છે; કેમ કે સાધુ હંમેશાં નિરપેક્ષ ભાવનાથી ભાવિત રહે છે. આમ છતાં, નિરપેક્ષ ભાવ અત્યંત સ્થિર થયો ન હોય અને વિશેષ પ્રકારના રોગાદિ થાય ત્યારે સંઘયણના અલ્પબળના કારણે ધર્મમાં દૃઢ યત્ન ન થઈ શકે તો સાધુ વ્યાધિ આદિની ઉચિત ચિકિત્સા કરે, જ્યારે શ્રાવકને દેહમાં પ્રતિબંધ છે, તેથી દેહના વ્યાઘાતમાં સ્વસ્થતાપૂર્વક કોઈ પુરુષાર્થને સાધી શકે નહિ. માટે શ્રાવક સર્વવિરતિની શક્તિના સંચય અર્થે પણ દેહનું સ્વભૂમિકા અનુસાર પાલન કરે તે ઉચિત છે. **॥૭૭/૨૧૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

तदुत्तरकार्यचिन्ता ।।૭૮/૨૧૧।।

સૂત્રાર્થ :-

તેના ઉત્તર કાર્યની ચિંતા કરવી જોઈએ. ।।૭૮/૨૧૧।।

ટીકા :-

'तस्याः' शरीरस्थितेरुत्तराणि उत्तरकालभावीनि यानि 'कार्याणि' व्यवहारकरणादीनि तेषां 'चिन्ता' तप्तिरूपा कार्या इति ।।૭૮/૨૧૧।।

ટીકાર્થ :-

'तस्याः' ..... कार्या इति ।। શરીરની સ્થિતિના ઉત્તર=ઉત્તરકાલભાવી જે વ્યવહારકરણ આદિ કાર્યો છે તેની ચિંતા કરવી જોઈએ=તપ્તિરૂપ=પુષ્ટિરૂપ, વિચારણા કરવી જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૮/૨૧૧।।

ભાવાર્થ :-

શ્રાવક સ્વભૂમિકા અનુસાર ધર્મ-અર્થાદિમાં પુરુષાર્થ કરીને આલોકમાં સુખી રહે છે અને પરલોકમાં પણ સુખી થાય છે. જો શ્રાવક પોતાની ભૂમિકાનો વિચાર કરીને શરીરને સાચવવાનાં ઉચિત કૃત્યો કર્યા પછી, ઉત્તરકાલભાવી ધન-અર્જન આદિ ઉચિત કૃત્યો ન કરે તો આલોકમાં પણ ક્લેશ થવાના પ્રસંગો આવે અને આજીવિકાના વિનાશના કારણે ધર્મ પણ સમ્યગ્ સેવી શકે નહિ, તેથી શરીરને સાચવ્યા પછી જીવનવ્યવસ્થાનાં સર્વ ઉચિત કૃત્યોનું સમ્યગ્ સમાલોચન કરીને તેમાં યત્ન કરે જેથી આલોકમાં પણ ક્લેશ પ્રાપ્ત ન થાય અને ઉચિત ધર્મપરાયણ થઈને પરલોકના પણ હિતને સાધી શકે. **॥૭૮/૨૧૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

कुशलभावनायां प्रबन्धः ।।७९/२१२।।

સૂત્રાર્થ :-

કુશલભાવનામાં પ્રબંધ કરે=પ્રકૃષ્ટ યત્ન કરે. ॥૭૯/૨૧૨॥

ટીકા :-

'कुशलभावनायाम्'

"सर्वेऽपि सन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् पापमाचरेत् ।।१३७।।" [ ]

इत्यादिशुभचिन्तारूपायां 'प्रबन्धः' प्रकर्षवृत्तिः ।।७९/२१२।।

ટીકાર્થ :-

'कुशलभावनायाम्' ..... प्रकर्षवृत्तिः ।। "સર્વ જીવો સુખી થાઓ; સર્વ જીવો રોગરહિત થાઓ. સર્વ જીવો કલ્યાણને જોનારા થાઓ; કોઈ પાપનું આચરણ ન કરો. ॥૧૩૭॥" **() ઈત્યાદિ શુભચિંતારૂપ કુશલભાવનામાં પ્રબંધ કરે=પ્રકર્ષવાળો યત્ન કરે. ॥૭૯/૨૧૨॥**

ભાવાર્થ :-

શ્રાવકને હંમેશાં ઉત્તમ ચિત્ત નિષ્પન્ન કરવાની અત્યંત ઇચ્છા હોય છે, છતાં ધનાદિના પ્રતિબંધને કારણે

ક્ષુદ્રાદિ ભાવો કે આર્તધ્યાન આદિ ભાવો થવાની સંભાવના રહે છે અને તેના નિવારણ અર્થે શ્રાવકે અનેક પ્રકારની કુશલ ભાવનાઓથી આત્માને ભાવિત કરવો જોઈએ.

તે કુશલ ભાવનામાંથી એક કુશલ ભાવના ટીકાકારશ્રી બતાવે છે –

જગતના જીવો સુખી થાઓ; જગતના જીવો રોગરહિત થાઓ; આત્મહિતને જોનારા થાઓ અને જગતના જીવો કોઈ પાપ ન કરો એ પ્રકારની ભાવના શ્રાવકે કરવી જોઈએ, જેથી સર્વ જીવો પ્રત્યે દયાનો સ્વભાવ પ્રગટે.

આ સિવાય પણ સંસારના સ્વરૂપના ચિંતવનની કે સર્વવિરતિના સંચયનું કારણ બને તેવી પણ કુશલ ભાવનાઓ શ્રાવક કરે; જેથી સદા તત્ત્વથી ભાવિત ચિત્ત રહે. **॥૭૯/૨૧૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

शिष्टचरितश्रवणम् ।।૮૦/૨૧૩।।

સૂત્રાર્થ :-

શિષ્ટ ચરિત્રનું શ્રવણ કરવું જોઈએ. ।।૮૦/૨૧૩।।

ટીકા :-

'शिष्टचरितानां' 'शिष्टचरितप्रशंसा' इति प्रथमाध्यायसूत्रोक्तलक्षणानां 'श्रवणं' निरन्तरमाकर्णनम्, तच्छ्रवणे हि तद्गताभिलाषभावान्न कदाचिद् लब्धगुणहानिः सम्पद्यत इति ।।૮૦/૨૧૩।।

ટીકાર્થ :-

'शिष्टचरितानां' ..... सम्पद्यत इति ।। શિષ્ટના આચારોનું=શિષ્ટના ચરિત્રની પ્રશંસા એ પ્રકારના પ્રથમ અધ્યાયના ચૌદમા સૂત્રમાં કહેવાયેલા લક્ષણવાળા શિષ્ટના આચારોનું, નિરંતર શ્રવણ કરવું જોઈએ; હિ=જે કારણથી તેના શ્રવણમાં શિષ્ટના આચારવિષયક અભિલાષા થવાને કારણે ક્યારેય પણ પ્રાપ્ત થયેલા ગુણની હાનિ થાય નહિ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૮૦/૨૧૩।।

ભાવાર્થ :-

પ્રસ્તુત ગ્રંથના પ્રથમ અધ્યાયના-૧૪મા સૂત્રમાં બતાવ્યા તેવા શિષ્ટ પુરુષના આચારોનું કે સ્વભૂમિકા

અનુસાર વિશેષ પ્રકારના શ્રાવકાચારને પાળનારા શ્રાવકોનાં ચરિત્રોનું કે સુસાધુ આદિ ઉત્તમ પુરુષોનાં ચરિત્રોનું હંમેશાં સ્વભૂમિકાની ઉચિત પ્રવૃત્તિની વૃદ્ધિ થાય તે રીતે શ્રવણ કરવું જોઈએ. જેથી તેવા ઉત્તમ પુરુષ થવાનો અભિલાષ પોતાનામાં પ્રગટ થાય; જેના કારણે પોતાને પ્રાપ્ત થયેલા ગુણોની હાનિ થાય નહિ, પરંતુ ઉત્તમ પુરુષોનાં ચરિત્રના પક્ષપાતને કારણે વિશેષ વિશેષ પ્રકારના ગુણો માટે યત્ન થાય. **॥૮૦/૨૧૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

सान्ध्यविधिपालना ।।૮૧/૨૧૪।।

સૂત્રાર્થ :-

સંધ્યાની વિધિનું પાલન કરવું જોઈએ. ॥૮૧/૨૧૪॥

ટીકા :-

'सान्ध्यस्य' सन्ध्याकालभवस्य 'विधेः' अनुष्ठानविशेषस्य दिनाष्टमभागभोजनव्यवहारसङ्कोचादि-लक्षणस्य 'पालना' अनुसेवनमिति ।।૮૧/૨૧૪।।

ટીકાર્થ :-

'सान्ध्यस्य' ..... अनुसेवनमिति ।। સંધ્યાનું=સંધ્યાકાળમાં થનાર એવી સંધ્યાની વિધિનું=દિવસના આઠમા ભાગમાં ભોજનના વ્યવહારના સંકોચ આદિ રૂપ અનુષ્ઠાન વિશેષ રૂપ વિધિનું, પાલન કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૮૧/૨૧૪॥

ભાવાર્થ :-

વળી, શ્રાવક સંધ્યાના સમયે લગભગ સૂર્યાસ્તના દોઢ કલાક પૂર્વે ભોજનનો વ્યવહાર=ભોજનની પ્રવૃત્તિ કરે અને ત્યારપછી ઉચિત પચ્ચક્ખાણ કરીને સંકોચ કરે અને 'આદિ' પદથી વ્યાપાર આદિનો, આરંભ-સમારંભનો સંકોચ કરે; કેમ કે રાત્રીના સમયે જીવહિંસા થવાની સંભાવના રહેલી છે. વળી, સંધ્યા સમયનાં ઉચિત કૃત્યો કરવા માટે તે પ્રવૃત્તિ વિઘ્નભૂત બને છે અને શ્રાવકને પ્રધાનરૂપે ધર્મશક્તિનો સંચય કરવો છે,

તેથી દિવસ-રાત આરંભની પ્રવૃત્તિમાં ન રહે તે રીતે જ જીવવું જોઈએ જેથી શીઘ્ર સર્વવિરતિની શક્તિનો સંચય થાય. **॥૮૧/૨૧૪॥**

અવતરણિકા :-

एनामेव विशेषत आह –

અવતરણિકાર્થ :-

આને જ=સંધ્યાની વિધિને જ, વિશેષથી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં સામાન્યથી કહ્યું કે સંધ્યાવિધિનું પાલન કરવું જોઈએ. તેથી હવે કઈ કઈ સંધ્યાવિધિનું પાલન કરવું જોઈએ ? તે ક્રમસર સૂત્ર-૮૨ થી ૯૩ સુધી કહે છે –

સૂત્ર :-

यथोचितं तत्प्रतिपत्तिः ।।८२/२१५।।

સૂત્રાર્થ :-

યથોચિત તેનો સ્વીકાર કરવો જોઈએ. ॥૮૨/૨૧૫॥

ટીકા :-

'यथोचितं' यथासामर्थ्यं 'तत्प्रतिपत्तिः' सान्ध्यविधिप्रतिपत्तिरिति ।।८२/२१५।।

ટીકાર્થ :-

'यथोचितं' ..... प्रतिपत्तिरिति ।। यथाઉચિત=પોતાના સામર્થ્યને અનુરૂપ, તેનો=સંધ્યાવિધિનો, સ્વીકાર કરવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૮૨/૨૧૫॥

ભાવાર્થ :-

યથોચિત=યથાસામર્થ્ય, સ્વીકાર કરવો જોઈએ=સંધ્યાવિધિનો સ્વીકાર કરવો જોઈએ. આશય એ છે કે શ્રાવક માત્ર બાહ્ય કૃત્યથી તોષ પામે તેવી પ્રકૃતિવાળા પ્રાયઃ હોતા નથી પરંતુ જે કૃત્ય કરે તેના ફળને પ્રાપ્ત કરે તેવી નિર્મળ બુદ્ધિવાળા હોય છે માટે પોતાની ચિત્તની ભૂમિકાને વિચાર કરીને જે જે કૃત્યો કરવાથી પોતાનું ચિત્ત વિશેષ વિશેષ પ્રકારે ધર્મથી ભાવિત બને તે તે પ્રકારનાં ઉચિત કૃત્યોનો નિર્ણય કરીને સંધ્યાકાળમાં તે કૃત્યો કરવાનો સ્વીકાર કરે; જેથી ઉત્તરોત્તર ધર્મની શક્તિની વૃદ્ધિ થાય. **॥૮૨/૨૧૫॥**

અવતરણિકા :-

कीदृशीत्याह –

અવતરણિકાર્થ :-

કેવા પ્રકારની સંધ્યા વિધિનો સ્વીકાર કરવો જોઈએ ? તે કહે છે –

સૂત્ર :-

पूजापुरस्सरं चैत्यादिवन्दनम् ।।८३/२१६।।

સૂત્રાર્થ :-

પૂજાપૂર્વક ચૈત્યાદિનું વંદન કરવું જોઈએ. ।।૮૩/૨૧૬।।

ટીકા :-

तत्कालोचितपूजापूर्वकं 'चैत्यवन्दनं' गृहचैत्यचैत्यभवनयोः, 'आदि'शब्दाद् यतिवन्दनं मातापितृवन्दनं च ।।८३/२१६।।

ટીકાર્થ :-

तत्कालोचितपूजापूर्वकं ..... मातापितृवन्दनं च ।। તે કાળને ઉચિત=સંધ્યાકાળને ઉચિત એવી પૂજા પૂર્વક ગૃહચૈત્ય અને ચૈત્યભવનમાં ચૈત્યવંદન કરવું જોઈએ. 'आदि' શબ્દથી='चैत्यादि'માં રહેલા 'आदि' શબ્દથી, સાધુને વંદન કરવું જોઈએ અને માતા-પિતાને વંદન કરવું જોઈએ. ।।૮૩/૨૧૬।।

ભાવાર્થ :-

શ્રાવક ધર્મની વૃદ્ધિના અત્યંત અર્થી હોય છે, તેથી પોતાની શક્તિનો વિચાર કરીને જો પોતાનું ગૃહચૈત્ય હોય તો ત્યાં અને સંઘના ચૈત્યમાં ધૂપ આદિ ઉચિત પૂજાપૂર્વક ચૈત્યવંદન કરે, જેથી ભગવાનના ગુણોથી ચિત્ત વાસિત બને અને સર્વ ઉદ્યમથી સંસારનો ઉચ્છેદ કરવા માટે તત્પર થયેલા છે તેવા સુસાધુને વંદન કરીને તેમના ગુણોથી આત્માને વાસિત કરે; જેથી સર્વવિરતિની શક્તિનો સંચય અતિશય અતિશયતર થાય.

વળી, શ્રાવક પ્રાયઃ વિવેકસંપન્ન હોય છે, તેથી આલોકમાં પણ જે પોતાના ઉપકારી માતા-પિતા છે તેમને વંદન કરે, જેથી કૃતજ્ઞતાગુણ વૃદ્ધિ પામે. **।।૮૩/૨૧૬।।**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

साधुविश्रामणक्रिया ।।८४/२१७।।

સૂત્રાર્થ :-

સાધુ વિશ્રામણાની ક્રિયા કરે. ।।૮૪/૨૧૭।।

ટીકા :-

'साधूनां' निर्वाणाराधनयोगसाधनप्रवृत्तानां पुरुषविशेषाणां स्वाध्यायध्यानाद्यनुष्ठाननिष्ठोपहित-श्रमाणां तथाविधविश्रामकसाध्वभावे 'विश्रामणक्रिया,' विश्राम्यतां विश्रामं लभमानानां करणं विश्रामणा, सा चासौ क्रिया चेति समासः ।।८४/२१७।।

ટીકાર્થ :-

'साधूनां' ..... समासः ।। નિર્વાણના આરાધનના યોગને સાધવામાં પ્રવૃત્ત એવા પુરુષ વિશેષરૂપ અને સ્વાધ્યાય, ધ્યાનાદિ અનુષ્ઠાનની નિષ્ઠાથી ઉપહિત એવા શ્રમવાળા પુરુષવિશેષરૂપ સાધુઓની તેવા પ્રકારના વિશ્રામક સાધુઓનો અભાવ હોતે છતે=શ્રાન્ત થયેલા તે સાધુની ઉચિત વૈયાવચ્ચ કરી શકે તેવા સાધુનો અભાવ હોતે છતે, વિશ્રામણાની ક્રિયા કરે=શ્રાવક સાધુની વિશ્રામણાની ક્રિયા કરે.

વિશ્રામણાની ક્રિયાનો સમાસ સ્પષ્ટ કરે છે –

વિશ્રામના વિશ્રામ્યતાને પ્રાપ્તકર્તાનું કરણ વિશ્રામણા છે. અને તે વિશ્રામણા એવી આ ક્રિયા એ પ્રકારનો સમાસ છે. ।।૮૪/૨૧૭।।

ભાવાર્થ :-

જે સાધુઓ સતત મોક્ષની આચરણાને સાધનારા યોગોમાં પ્રવૃત્ત છે અને તેના ઉપાયભૂત સ્વાધ્યાય-ધ્યાનઆદિ અનુષ્ઠાનો સતત સેવી રહ્યા છે અને તેના કારણે શરીરથી શ્રાન્ત થયેલા હોય તેવા મહાત્માઓને ફરી વિશેષ પ્રકારની સાધનાનું કારણ બને તેવું શરીરબળ આધાન કરવું આવશ્યક છે, જેથી તેવા મહાત્માઓ શરીરના શ્રમથી દૂર થઈને સ્વાધ્યાય આદિની ઉચિત પ્રવૃત્તિ દ્વારા નિર્વાણને અનુકૂળ એવી સાધનાને વિશેષ પ્રકારે કરી શકે તેવા મહાત્માઓને પોતાની વિશેષ આરાધના અર્થે અન્ય પાસેથી વૈયાવચ્ચ કરાવવાની ભગવાનની અનુજ્ઞા છે. તેથી તેવા કોઈ સાધુની ભક્તિ કરીને હું નિર્જરાને પ્રાપ્ત કરું એ આશયથી શ્રાવક સાધુને વિશ્રામણાની ઉચિત પૃચ્છા અવશ્ય કરે, પરંતુ સામાન્ય રીતે સાધુ વિશ્રામણા કરાવે નહીં અને વિવેકી શ્રાવક વિશ્રામણા કરવાનો આગ્રહ કરે નહીં; કેમ કે વિશ્રામણાની ઉચિત યતના સુસાધુ સિવાય અન્ય કરી શકે નહિ. આથી આવા સાધુની વિશ્રામણા પણ અન્ય સુસાધુ જ પ્રાયઃ કરે. આવી વિશ્રામણા કરવા માટે સમર્થ તેવા કોઈ સાધુ ન હોય ત્યારે શ્રાવકે તેવા મહાત્માની વિશ્રામણા કરીને તે સાધુની વિશેષ સાધનામાં પોતે નિમિત્ત બને તે પ્રકારે ઉચિત યત્ન કરવો જોઈએ, જેથી ઉત્તમ પુરુષોની

ભક્તિ દ્વારા અને તેઓની વિશેષ સાધનામાં નિમિત્ત થવા દ્વારા પોતાને પણ શીઘ્ર સંયમની પ્રાપ્તિ થાય. **॥૮૪/૨૧૭॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

योगाभ्यासः ।।८५/२१८।।

સૂત્રાર્થ :-

શ્રાવકે યોગનો અભ્યાસ કરવો જોઈએ. ॥૮૫/૨૧૮॥

ટીકા :-

'योगस्य' सालम्बननिरालम्बनभेदभिन्नस्याभ्यासः पुनः पुनरनुशीलनम्, उक्तं च-

"सालम्बनो निरालम्बनश्च योगः परो द्विधा ज्ञेयः ।

जिनरूपध्यानं खल्वाद्यस्तत्तत्त्वगस्त्वपरः ।।१३८।।" **[षोड० १४।१]**

'त[त्त]त्त्वग' इति निर्वृतजिनस्वरूपप्रतिबद्ध इति ।।८५/२१८।।

ટીકાર્થ :-

'योगस्य' ..... इति ।। સાલંબન અને નિરાલંબન ભેદથી બે ભેદવાળા યોગનો અભ્યાસ=ફરી ફરી અનુશીલનરૂપ અભ્યાસ, કરવો જોઈએ.

અને કહેવાયું છે –

"પર=પ્રધાન એવો યોગ=ધ્યાનવિશેષરૂપ યોગ, સાલંબન અને નિરાલંબન બે પ્રકારનો જાણવો. આદ્ય=સાલંબન, જિનરૂપનું ધ્યાન છે. વળી, અપર=નિરાલંબન, તત્તત્ત્વ તરફ જનારું છે=જિનના સ્વરૂપ તરફ જનારું છે. ।।૧૩૮।।" **(ષોડશક-૧૪/૧)**

તત્ત્વગનો અર્થ કરે છે –

નિર્વૃત=મોક્ષમાં ગયેલા, જિનના સ્વરૂપ સાથે પ્રતિબદ્ધ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૮૫/૨૧૮॥

ભાવાર્થ :-

શ્રાવકને સ્વશક્તિ અનુસાર સર્વવિરતિની શક્તિ સંચય કરવાની ઇચ્છા છે, તેથી સંધ્યાકાળે ચૈત્યવંદન આદિ કર્યા પછી સાધુની વિશ્રામણા કરવાનો યોગ હોય તો સાધુને પૃચ્છા કરે. આવો કોઈ યોગ ન હોય તો વિશ્રામણા કરવાના શુભભાવથી શ્રાવકને નિર્જરાની પ્રાપ્તિ થાય છે, ત્યારપછી શ્રાવક શાસ્ત્ર-અભ્યાસથી સંપન્ન હોય તો સ્વભૂમિકા અનુસાર સાલંબન અને નિરાલંબન ધ્યાનમાં ઉદ્યમ કરે.

સાલંબનધ્યાનકાળમાં જિનપ્રતિમા આદિનું આલંબન લઈને પરમાત્માના પારમાર્થિક સ્વરૂપનું બાહ્ય આકૃતિથી અને અંતરંગ વીતરાગતા આદિ ભાવોથી ધ્યાન કરે અને જો ચિત્ત તે ધ્યાનમાં એકાગ્ર બને તો સાક્ષાત્ વીતરાગ-સર્વજ્ઞને પોતે જોઈ રહેલ હોય અને તેમના ગુણોથી પોતાનું ચિત્ત રંજિત હોય તે રૂપે તેમાં તન્મયભાવને પામે તો સાલંબન ધ્યાન થાય. અને ત્યારપછી સિદ્ધ અવસ્થામાં રહેલ દેહ અને કર્મથી રહિત એવા સિદ્ધ પરમાત્માના સ્વરૂપમાં એકાગ્રતા પ્રાપ્ત થાય તો નિરાલંબન ધ્યાન પ્રાપ્ત થાય, જે ધ્યાનના બળથી સંસારના ઉચ્છેદનું મહાસત્ત્વ શ્રાવક સંચિત કરી શકે છે. **॥૮૫/૨૧૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

नमस्कारादिचिन्तनम् ।।૮૬/૨૧૯।।

સૂત્રાર્થ :-

નમસ્કાર આદિનું ચિંતવન કરે. ॥૮૬/૨૧૯॥

ટીકા :-

'नमस्कारस्य', आदिशब्दात्तदन्यस्वाध्यायस्य च 'चिन्तनं' भावनम् ।।૮૬/૨૧૯।।

ટીકાર્થ :-

'नमस्कारस्य' ..... भावनम् ।। નમસ્કારનું અને 'આદિ' શબ્દથી તેનાથી અન્ય સ્વાધ્યાયનું ચિંતવન કરે=ભાવન કરે. ॥૮૬/૨૧૯॥

ભાવાર્થ :-

શ્રાવક પોતાની શક્તિને અનુરૂપ ધ્યાનાદિનો કાંઈક અભ્યાસ કર્યા પછી નવકાર આદિ સર્વ સૂત્રોને અર્થની અત્યંત ઉપસ્થિતિપૂર્વક ભાવન કરે, જેથી યોગમાર્ગમાં પ્રસ્થિત એવા સુસાધુઓનું, તીર્થંકરોનું, અને

યોગ અવસ્થાના સેવનના ફળરૂપ સિદ્ધ અવસ્થાનું અત્યંત સ્મરણ થાય અને તેઓના પ્રત્યે બહુમાનભાવ વધે એ રીતે નવકાર આદિ સૂત્રોનું પારાયણ કરે અને અન્ય પણ સૂત્રોનું અત્યંત ઉપયોગપૂર્વક ભાવન કરે, જેનાથી યોગમાર્ગવિષયક સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધ પ્રગટે અને આત્મા ઉત્તમ સંસ્કારોથી વાસિત થાય. **॥૮૬/૨૧૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

प्रशस्तभावक्रिया ।।૮૭/૨૨૦।।

સૂત્રાર્થ :-

પ્રશસ્ત ભાવોની નિષ્પત્તિની ક્રિયા શ્રાવક કરે. ॥૮૭/૨૨૦॥

ટીકા :-

तथा तथा क्रोधादिदोषविपाकपर्यालोचनेन 'प्रशस्तस्य' प्रशंसनीयस्य 'भावस्य' अन्तःकरणरूपस्य 'क्रिया' करणम्, अन्यथा महादोषभावात्, यदुच्यते-

"चित्तरत्नमसंक्लिष्टमान्तरं धनमुच्यते ।
यस्य तन्मुषितं दोषैस्तस्य शिष्टा विपत्तयः ।।१३९।।" **[हा० अष्टके २४।७] इति ।।૮૭/૨૨૦।।**

ટીકાર્થ :-

तथा तथा ..... इति ।। તે તે પ્રકારે ક્રોધાદિ દોષના વિપાકના પર્યાલોચનથી=શાસ્ત્રોમાં જે જે પ્રકારે કષાયોના શમનના ઉપાયરૂપે ક્રોધાદિ કષાયોના દોષો બતાવ્યા છે તે તે પ્રમાણે ક્રોધાદિ કષાયોના દોષના વિપાકના પર્યાલોચનથી, પ્રશસ્ત=પ્રશંસનીય, એવા અંતઃકરણરૂપ ભાવના કરણરૂપ ક્રિયા શ્રાવકે કરવી જોઈએ. અન્યથા=તે રીતે શ્રાવક ભાવન ન કરે તો, મહાદોષનો સદ્ભાવ છે=શ્રાવકની અન્ય સર્વ ઉચિત ક્રિયાઓ નિષ્ફળ બને તે પ્રકારના મહાદોષનો સદ્ભાવ છે. જે કારણથી કહેવાયું છે –

"અસંક્લિષ્ટ ચિત્તરત્ન અંતરંગ ધન કહેવાય છે. જેનું તે=અસંક્લિષ્ટ ચિત્તરત્ન, નાશ પામ્યું તેને દોષો વડે આપત્તિઓ પ્રાપ્ત થાય. ॥૧૩૯॥" **(હા. અષ્ટક ૨૪/૭)**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૮૭/૨૨૦॥

ભાવાર્થ :-

વળી, ઉપદેશક શ્રાવકને સંધ્યાકાળનાં ઉચિત કૃત્યો બતાવતાં કહે છે કે શ્રાવકે પોતાને જે જે કષાયો જે જે નિમિત્તને પામીને બાધકર્તા અનુભવાતા હોય તેનું સૂક્ષ્મ આલોચન કરીને તે તે કષાયોના જે અનર્થકારી વિપાકો છે તેના સ્વરૂપને કહેનારાં જે જે શાસ્ત્રવચનો છે તે સર્વને વારંવાર વિચારીને સ્થિર કરવાં જોઈએ. તેવાં સૂત્રોને કંઠસ્થ કરીને સુઅભ્યસ્ત કરવાં જોઈએ. તે સૂત્રના સૂક્ષ્મ પરમાર્થને યોગી પુરુષો પાસેથી જાણીને સ્થિર કરવા જોઈએ. ત્યારપછી, એકાંતમાં બેસીને અત્યંત ઉપયોગપૂર્વક આત્માને ભાવિત કરવો જોઈએ, જેથી શ્રાવકનું અંતઃકરણ ઉત્તમ ભાવોથી વાસિત બને. જો શ્રાવક તે પ્રકારે યત્ન ન કરે તો સ્વાધ્યાય, અધ્યયન કે અન્ય સર્વ ક્રિયાઓ પણ પોતાનામાં વર્તતા કાષાયિક ભાવોથી નિષ્ફળ પ્રાયઃ બને છે. જેથી, શ્રાવકના જીવનમાં મહાદોષની પ્રાપ્તિ થાય છે. માટે શ્રાવકે હંમેશાં પ્રશસ્ત ભાવોથી આત્માને વાસિત કરવાની ક્રિયા કરવી જોઈએ. **॥૮૭/૨૨૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

भवस्थितिप्रेक्षणम् ।।૮૮/૨૨૧।।

સૂત્રાર્થ :-

શ્રાવકે ભવસ્થિતિનું અવલોકન કરવું જોઈએ. ॥૮૮/૨૨૧॥

ટીકા :-

'भवस्थितेः' संसाररूपस्य 'प्रेक्षणम्' अवलोकनम्, यथा –

"यौवनं नगनदीस्यन्दोपमं, शारदाम्बुदविलासि जीवितम् ।

स्वप्नलब्धधनविभ्रमं धनं स्थावरं किमपि नास्ति तत्त्वतः ।।१४०।।" **[श्रावका० १४।१]**

"विग्रहा गदभुजङ्गमालयाः, सङ्गमा विगमदोषदूषिताः ।

संपदोऽपि विपदा कटाक्षिता, नास्ति किञ्चिदनुपद्रवं स्फुटम् ।।१४१।।" **[श्रावका० १४।२] इत्यादीति ।।૮૮/૨૨૧।।**

ટીકાર્થ :-

'भवस्थितेः' ..... इत्यादीति ।। ભવસ્થિતિનું=સંસારના સ્વરૂપનું પ્રેક્ષણ=અવલોકન કરવું જોઈએ.

અને તે અવલોકન 'યથા'થી સ્પષ્ટ કરે છે –

"યૌવન પર્વતમાંથી નીકળતી નદીના પ્રવાહની ઉપમાવાળું છે, શરદઋતુના વાદળાના વિલાસ જેવું જીવિત છે. સ્વપ્નમાં પ્રાપ્ત થયેલા ધનના વિભ્રમ જેવું ધન છે, તત્ત્વથી કંઈ પણ સ્થિર નથી. ॥૧૪૦॥" **(શ્રાવકા૦ ૧૪/૧)**

"શરીરો રોગરૂપી સર્પોનાં સ્થાનો છે. સંગમો=સંયોગો વિનાશદોષથી દૂષિત છે. સંપત્તિઓ પણ વિપત્તિઓથી જોવાયેલી છે. કંઈ પણ ઉપદ્રવ વગરનું સ્પષ્ટ નથી=સંસારમાં સર્વ ઉપદ્રવમય છે. ॥૧૪૧॥" **(શ્રાવકા૦ ૧૪/૨)**

ઇત્યાદિ ભવસ્થિતિનું અવલોકન કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૮૮/૨૨૧॥

ભાવાર્થ :-

શ્રાવકે પોતાને બાધ કરનારા કષાયોના શમનમાં યત્ન કરીને અંતઃકરણને નિર્મળ કરવું જોઈએ તેમ પૂર્વસૂત્રમાં બતાવ્યું. ત્યારપછી ચિત્તને વિશેષ નિર્મળ કરવા માટે શ્રાવકે પોતાને પ્રાપ્ત થયેલા ભવથી વાસ્તવિક સ્થિતિ કેવી છે તેનું સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ, જેથી મનુષ્યભવની ક્ષણો સંસારની નિરર્થક પ્રવૃત્તિમાં વ્યય કરીને પ્રાપ્ત થયેલો મનુષ્યભવ નિષ્ફળ ન થાય.

કઈ રીતે ભવસ્થિતિનું અવલોકન કરવું જોઈએ ? તે બતાવતાં કહે છે –

યૌવન અત્યંત અસ્થિર છે, પ્રાપ્ત થયેલું જીવન ક્ષણભરમાં પૂરું થાય તેમ છે અને પ્રાપ્ત થયેલું ધન સ્વપ્નમાં પ્રાપ્ત થયેલા ધનનાં જેવું છે અને યૌવન આદિ સર્વ અત્યંત અસ્થિર છે; કેમ કે સ્વપ્નમાં પ્રાપ્ત થયેલું ધન કોઈ ઉપયોગી નથી તેમ આત્મા માટે ધર્મરૂપી ધનથી અતિરિક્ત અસાર એવું બાહ્ય ધન કોઈ ઉપયોગી નથી. વળી, ધન આવ્યા પછી ગમે ત્યારે ચાલ્યું જાય તેવું અસ્થિર છે અને યૌવન આદિ ગમે ત્યારે નાશ પામે તેમ છે. વળી, આ શરીર રોગનું ઘર છે અને સંયોગો અવશ્ય વિયોગને પામનારા છે અને સંપત્તિઓ આપત્તિઓથી ઘેરાયેલી છે, માટે સંસારમાં અનુપદ્રવવાળી કોઈ વસ્તુ નથી તેમ વિચારીને અનુપદ્રવવાળા મોક્ષને અભિમુખ સદા ચિત્ત આક્ષિપ્ત રહે એ પ્રકારે ભવસ્થિતિનું ભાવન કરવું જોઈએ. **॥૮૮/૨૨૧॥**

સૂત્ર :-

तदनु तन्नैर्गुण्यभावना ॥૮૯/૨૨૨॥

સૂત્રાર્થ :-

ત્યારબાદ તેના નૈર્ગુણ્યની ભાવના કરવી જોઈએ. ॥૮૯/૨૨૨॥

ટીકા :-

'तस्या' भवस्थितेः 'नैर्गुण्यभावना' निःसारत्वचिन्तनम्, यथा –

"इतः क्रोधो गृध्रः प्रकटयति पक्षं निजमितः,
शृंगाली तृष्णेयं विवृतवदना धावति पुरः ।
इतः क्रूरः कामो विचरति पिशाचश्चिरमहो,
श्मशानं संसारः क इह पतितः स्थास्यति सुखम्? ।।१४२।।
एतास्तावदसंशयं कुशदलप्रान्तोदबिन्दूपमा,
लक्ष्म्यो बन्धुसमागमोऽपि न चिरस्थायी खलप्रीतिवत् ।
यच्चान्यत् किल किञ्चिदस्ति निखिलं तच्छारदाम्भोधर-
च्छायावच्चलतां बिभर्ति यदतः स्वस्मै हितं चिन्त्यताम् ।।१४३।।" [ ] **इति ।।८९/२२२।।**

ટીકાર્થ :-

'तस्या' ..... इति ।। ત્યારપછી=ભવસ્થિતિના સમ્યક્પ્રેક્ષણ પછી, તેના નૈર્ગુણ્યનું ભાવન કરવું જોઈએ=પ્રાપ્ત થયેલો ભવ તદ્દન નિર્ગુણ છે તે પ્રકારે ભાવન કરવું જોઈએ. નિઃસારતાનું ચિંતવન કરવું જોઈએ.

કઈ રીતે નિઃસારતાનું ચિંતવન કરવું જોઈએ ? તે 'यथा'થી બતાવે છે –

"આ બાજુ ક્રોધરૂપી ગીધ પોતાની પાંખોને ફફડાવે છે. પહોળા મોઢાવાળી આ તૃષ્ણારૂપી શિયાળી આગળ દોડે છે. આ બાજુ ક્રૂર કામરૂપી પિશાચ ચિરકાળ સુધી ફરે છે. સંસાર શ્મશાન છે. અહીં પડેલો=શ્મશાનમાં પડેલો, કોણ સુખપૂર્વક બેસે ? ।।૧૪૨।।" **(શ્રાવકા૦ ૧૪/૧)**

"ઘાસના તણખલાના અંતભાગમાં રહેલા પાણીના બિન્દુની ઉપમાવાળી આ લક્ષ્મી અસંશય ચિરસ્થાયી નથી અને ખલની પ્રીતિની જેમ બંધુનો સમાગમ પણ ચિરસ્થાયી નથી. અને જે કંઈક અન્ય નિખિલ=સર્વ છે તે શરદૃતુના વાદળાની છાયાની જેમ ચલતાને ધારણ કરે છે. આથી પોતાના હિત માટે વિચાર કરો. ।।૧૪૩।।" **(શ્રાવકા૦ ૧૪/૨)**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૮૯/૨૨૨।।

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં બાહ્ય પરિસ્થિતિને આશ્રયીને ભવસ્થિતિનું સ્વરૂપ બતાવ્યું. હવે તે ભવસ્થિતિ અંતરંગ પરિણામને આશ્રયીને સ્મશાન તુલ્ય છે તેમ વિચારીને શ્રાવક તેની નિઃસારતાનું ભાવન કરે તેમ બતાવે છે. જેમ સ્મશાનમાં ગીધડાંઓ, શિયાળીઓ અને પિશાચરો ફરતાં દેખાય છે તેમ સંસારમાં નિમિત્તોને પામીને ક્રોધનો પરિણામ, તૃષ્ણાનો પરિણામ અને કામનો પરિણામ સંસારી જીવોને થાય છે, તેથી સ્મશાન જેવા સંસારમાં વિવેકી પુરુષે નિશ્ચિત થઈને બેસવું જોઈએ નહિ, પરંતુ સતત ભવના ઉચ્છેદ માટે ઉદ્યમશીલ થવું જોઈએ.

વળી, સંસારના સર્વ પદાર્થો અત્યંત અસ્થિર છે, તેથી હંમેશાં તેની અસ્થિરતાનું ભાવન કરીને શ્રાવકે આત્મહિતનું ચિંતવન કરવું જોઈએ, જેથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય. **॥૮૯/૨૨૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अपवर्गालोचनम् ।।९०/२२३।।

સૂત્રાર્થ :-

અપવર્ગનું=મોક્ષનું, આલોચન કરવું જોઈએ. ।।૯૦/૨૨૩।।

ટીકા :-

'अपवर्गस्य' मुक्तेः 'आलोचनं' सर्वगुणमयत्वेनोपादेयतया परिभावनम्, यथा-

"प्राप्ताः श्रियः सकलकामदुधास्ततः किम्?
दत्तं पदं शिरसि विद्विषतां ततः किम्? ।
संपूरिताः प्रणयिनो विभवैस्ततः किम्?
कल्पं स्थितं तनुभृतां तनुभिस्ततः किम्? ।।१४४।।" **[वैराग्यश० ६७]**

"तस्मादनन्तमजरं परमं प्रकाशम्,
तच्चित्त! चिन्तय किमेभिरसद्विकल्पैः?
यस्यानुषङ्गिण इमे भुवनाधिपत्य-
भोगादयः कृपणजन्तुमतां भवन्ति ।।१४५।।" **[वैराग्यश० ६९] ।।९०/२२३।।**

ટીકાર્થ :-

'अपवर्गस्य' ..... भवन्ति ।। અપવર્ગનું=મુક્તિનું, આલોચન કરવું જોઈએ=સર્વ ગુણમયપણું હોવાને કારણે ઉપાદેયપણાથી પરિભાવન કરવું જોઈએ.

મોક્ષનું આલોચન કઈ રીતે કરવું જોઈએ ? તે 'યથા'થી બતાવે છે –

"સકલ કામનાને પૂરનાર લક્ષ્મી પ્રાપ્ત થઈ તેનાથી શું ? અર્થાત્ તેનાથી કાંઈ વળે નહિ. શત્રુઓનાં મસ્તક ઉપર પગ મુકાયો તેનાથી શું ? અર્થાત્ શત્રુઓને જીતી લીધા તેનાથી કાંઈ વળે નહિ. પ્રેમીઓને વૈભવથી પૂર્ણ કર્યા તેનાથી

શું ? અર્થાત્ તેનાથી કાંઈ વળે નહિ. શરીરધારીઓને શરીરની સાથે કલ્પ સ્થિતિ છે=દીર્ઘકાળ સ્થિતિ છે, તેનાથી શું ? અર્થાત્ તેનાથી કાંઈ વળે નહિ. ।।૧૪૪।।" **(વૈરાગ્યશ૦ ગાથા-૬૭)**

"તે કારણથી=સંસારનાં સર્વ સુખો અસાર છે તે કારણથી, અનંત=અંત વગરના, અજર=જરા વગરના, પરમ પ્રકાશ રૂપ મોક્ષને, તદ્‌ચિત્તવાળા હે પુરુષ ! તું ચિંતન કર. આ અસદ્ વિકલ્પો વડે શું ? કૃપણ જીવોને=ક્ષુદ્ર જીવોને, જેના અનુષંગી એવા આ=જે મોક્ષની સાધના કરતાં અનુષંગથી પ્રાપ્ત થતા એવા આ ભુવન આધિપત્યનાં ભોગાદિ થાય છે. ।।૧૪૫।।" **(વૈરાગ્યશ૦ ગાથા-૬૯) ।।૯૦/૨૨૩।।**

ભાવાર્થ :-

શ્રાવકે સંધ્યાકાળે જેમ ભવના નૈર્ગુણ્યનું ચિંતવન કરવું જોઈએ તેમ મોક્ષના પારમાર્થિક સ્વરૂપનું પણ ચિંતવન કરવું જોઈએ જેથી મોક્ષ પ્રત્યેનો પક્ષપાત સ્થિર સ્થિરતર થાય જેના કારણે સંસારના ઉચ્ચ વૈભવનું જે કાંઈપણ અલ્પ અલ્પતર આકર્ષણ છે તે ક્ષીણ થાય જેથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય.

કઈ રીતે મોક્ષનાં સ્વરૂપનો વિચાર કરે ? તે કહે છે –

જીવ સુખનો અર્થી છે અને સુખ આત્માને સ્વાભાવિક સ્વસ્થતામય ગુણથી થાય છે. મોક્ષ સંપૂર્ણ ગુણમય છે માટે આત્માને માટે અત્યંત ઉપાદેય છે. વળી, સંસારમાં પુણ્યનો પ્રકર્ષ હોય તો વિપુલ ભોગસામગ્રી મળી હોય, પુણ્યનો પ્રકર્ષ હોય તો વિપુલ રાજ્ય મળ્યું હોય, દીર્ઘ આયુષ્ય આદિ મળ્યું હોય તોપણ તે સર્વનો અંત થાય છે માટે તેવી અસાર વસ્તુથી આત્માને શું મળે ? આત્માને માટે જ્યાં મૃત્યુ નથી, જરા નથી અને પ્રકૃષ્ટ જ્ઞાનમય સુખ છે તેનું જ શ્રાવકે તદ્‌ચિત્ત થઈને ચિંતવન કરવું જોઈએ, જેથી તુચ્છ બાહ્ય ભોગો પ્રત્યેનું કંઈક વલણ છે તે પણ ક્ષીણ થાય અને સંસારના ઉચ્છેદ માટે સદ્‌વિવેક ઉલ્લસિત થાય. **।।૯૦/૨૨૩।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

श्रामण्यानुरागः ।।९१/२२४।।

સૂત્રાર્થ :-

સાધુપણાનો અનુરાગ કેળવવો જોઈએ. ।।૯૧/૨૨૪।।

ટીકા :-

'श्रामण्ये' शुद्धसाधुभावे 'अनुरागो' विधेयः, यथा –

"जैनं मुनिव्रतमशेषभवात्तकर्मसन्तानतानवकरं स्वयमभ्युपेतः ।

कुर्यां तदुत्तरतरं च तपः कदाऽहम्, भोगेषु निःस्पृहतया परिमुक्तसङ्गः? ।।१४६।।" [ ]

इति ।।९१/२२४।।

ટીકાર્થ :-

'श्रामण्ये' ..... इति ।। શ્રમણપણામાં=શુદ્ધસાધુભાવમાં, અનુરાગ કરવો જોઈએ.

તે શુદ્ધસાધુભાવનો રાગ કઈ રીતે કરવો જોઈએ ? તે 'યથા'થી બતાવે છે –

"જિનસંબંધી મુનિનું વ્રત અશેષભવોમાં બંધાયેલા કર્મનાં સંતાનને અલ્પ કરનારું સ્વયં તેનો સ્વીકાર કરાયેલો એવો હું ક્યારેય તેના ઉત્તર ઉત્તર એવા તપને કરીશ અને ભોગોમાં નિઃસ્પૃહપણાથી પરિમુક્ત સંગવાળો હું થઈશ. ।।૧૪૬।।" ()

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૯૧/૨૨૪।।

ભાવાર્થ :-

શ્રાવક મોક્ષનાં સ્વરૂપનું આલોચન કર્યા પછી મોક્ષના પ્રબળ કારણરૂપ શુદ્ધસાધુભાવ પ્રત્યે અત્યંત રાગ ઉલ્લસિત થાય એ પ્રમાણે શુદ્ધસાધુભાવના સ્વરૂપનું આલોચન કરે.

કઈ રીતે શુદ્ધસાધુભાવનું આલોચન કરે ? તેથી કહે છે –

સર્વજ્ઞે કહેલું મુનિવ્રત ૧૮ હજાર શીલાંગના સમૂહરૂપ છે અને તેવા શીલાંગધારી મુનિ સતત સર્વજ્ઞના વચન અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને આત્માને વીતરાગભાવથી ભાવિત કરે છે, જેથી અનંતકાળમાં અવીતરાગભાવથી બંધાયેલાં કર્મોનું સંતાન અલ્પ અલ્પતર થાય છે અને તેવા મુનિભાવને ક્યારે હું સ્વયં ગ્રહણ કરીશ અને તે મુનિભાવના ઉત્તર ઉત્તરના વૃદ્ધિના કારણીભૂત એવા તપથી ક્યારે હું મારા આત્માને વાસિત કરીશ અને ભોગો પ્રત્યેના નિઃસ્પૃહપણાથી સર્વથા સંગ વગરના પરિણામને હું ક્યારે પ્રાપ્ત કરીશ. આ પ્રકારે સૂક્ષ્મ બુદ્ધિથી આલોચન કરીને શુદ્ધસાધુભાવ પ્રત્યેના રાગભાવને અતિશયિત કરવા શ્રાવક યત્ન કરે. **।।૯૧/૨૨૪।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

यथोचितं गुणवृद्धिः ।।९२/२२५।।

સૂત્રાર્થ :-

યથાઉચિત ગુણવૃદ્ધિ કરવી જોઈએ. ॥૯૨/૨૨૫॥

ટીકા :-

'યથોચિતં' યો યદા વર્દ્ધયિતુમુચિતસ્તસ્ય સમ્યગ્દર્શનાદેર્ગુણસ્ય દર્શનપ્રતિમાવ્રતપ્રતિમાભ્યાસદ્વારેણ 'વૃદ્ધિઃ' પુષ્ટીકરણં કાર્યા ।।૯૨/૨૨૫।।

ટીકાર્થ :-

'યથોચિતં' ..... કાર્યા ।। યથાઉચિત=જે જ્યારે વૃદ્ધિ કરવા માટે ઉચિત છે તે સમ્યગ્દર્શનાદિ ગુણની દર્શનપ્રતિમા, વ્રતપ્રતિમાના અભ્યાસ દ્વારા વૃદ્ધિ કરવી જોઈએ=પુષ્ટિ કરવી જોઈએ. ॥૯૨/૨૨૫॥

ભાવાર્થ :-

શ્રાવક મોક્ષના સ્વરૂપનું આલોચન કરીને મોક્ષના પ્રબળ કારણભૂત સાધુપણાના અનુરાગને વિશેષ રીતે પ્રગટ કરવા માટે શુદ્ધસાધુભાવના પર્યાલોચનપૂર્વક તેવા પ્રકારના ભાવોની પ્રાપ્તિની ભાવના કરે. ત્યારપછી પોતાની જે પ્રકારની દેશવિરતિની ભૂમિકા છે તેનાથી વિશેષ વિશેષ દેશવિરતિના ઉપાયભૂત ભૂમિકામાં યત્ન કરે. વળી, જો પોતાનામાં તેવી શક્તિ પ્રગટ થયેલ છે તેમ જણાય તો શ્રાવક દર્શનપ્રતિમા, વ્રતપ્રતિમા આદિનો અભ્યાસ કરે, જેથી સર્વવિરતિની આસન્ન આસન્નતર ભૂમિકાની પ્રાપ્તિ થાય. આ પ્રકારે પ્રતિદિન પોતાની ભૂમિકા અનુસાર ઉત્તર ઉત્તરની ભૂમિકામાં યત્ન કરવાથી ભાવસાધુપણાની પ્રાપ્તિને અનુકૂળ સદ્વીર્યનો સંચય થાય છે. **॥૯૨/૨૨૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

सत्त्वादिषु मैत्र्यादियोग इति ।।૯૩/૨૨૬।।

સૂત્રાર્થ :-

સત્ત્વાદિમાં મૈત્રી આદિનો યોગ ભાવન કરવો જોઈએ. ॥૯૩/૨૨૬॥

ટીકા :-

'सत्त्वेषु' सामान्यतः सर्वजन्तुषु 'आदि'शब्दाद्दुःखितसुखितदोषदूषितेषु 'मैत्र्यादीनाम्' आशय-विशेषाणां 'योगो' व्यापारः कार्यः, मैत्र्यादिलक्षणं चेदम् –

"परहितचिन्ता मैत्री परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ।।१४७।।" **[षोड० ४।१५]**

'इतिः' परिसमाप्तौ ।।९३/२२६।।

ટીકાર્થ :-

'सत्त्वेषु' ..... परिसमाप्तौ ।। સત્ત્વમાં=સામાન્યથી સર્વ જીવોમાં અને સત્ત્વાદિમાં 'आदि' શબ્દથી સુખી જીવોમાં, દુઃખી જીવોમાં અને દોષથી દૂષિત જીવોમાં મૈત્રી આદિ આશયવિશેષોનો વ્યાપાર કરવો જોઈએ.

મૈત્રી આદિનું લક્ષણ આ પ્રમાણે છે –

"પરહિતની ચિંતા મૈત્રી છે, પરદુઃખના વિનાશને કરનારી કરુણા છે. પરસુખમાં આનંદ મુદિતા છે અને પરદોષોનું ઉપેક્ષણ ઉપેક્ષા છે. ।।૧૪૭।।" **(ષોડશક-૪/૧૫)**

'इति' શબ્દ સૂત્રની સમાપ્તિ અર્થે છે. ।।૯૩/૨૨૬।।

ભાવાર્થ :-

જેઓનું ચિત્ત મૈત્રી આદિ ચાર ભાવનાથી અત્યંત વાસિત છે તેઓનો સર્વ વ્યાપાર સર્વ જીવો સાથે આ ચાર ભાવોના નિયંત્રણ નીચે થાય છે, જે અત્યંત ઉચિત પ્રવૃત્તિના પરિણામ સ્વરૂપ છે. મૈત્રી આદિ ચાર ભાવોનો પરિણામ અપ્રમાદ ભાવથી સંયમમાં ઉદ્યમ કરનારા મુનિમાં સદા વર્તે છે અને શ્રાવકને પણ મુનિ તુલ્ય થવું છે, તેથી સદા મૈત્રી આદિ ચાર ભાવોનું સૂક્ષ્મ સ્વરૂપ સમાલોચન કરીને તેનાથી આત્માને ભાવિત કરે જેથી જીવમાત્ર સાથે અત્યંત ઉચિત પ્રવૃત્તિથી જ પોતાના ચિત્તનું યોજન થાય.

વળી, શ્રાવક મૈત્રી આદિ ચાર ભાવનાઓ આ રીતે કરે –

જગતના જીવ માત્ર સુખના અર્થી છે અને તે સુખ પણ સાનુબંધ સુખ બધાને ઇષ્ટ છે અને સાચો મિત્ર હોય તે પોતાના મિત્રને ઉત્તરોત્તર સુખની વૃદ્ધિ થાય તેવી ઇચ્છા કરે અર્થાત્ જગતના જીવ માત્ર ઉત્તરોત્તર સુખની વૃદ્ધિ પામે તેવા ભાવોથી હું મારા આત્માને વાસિત કરું, જેથી સ્વશક્તિ અનુસાર સર્વ જીવોના સુખને અનુકૂળ યત્ન કરવાની પરિણતિવાળો થાઉં. વળી, સંસારમાં જેઓ શારીરિક આદિ દુઃખોથી દુઃખિત છે કે કાષાયિક આદિ પ્રકૃતિઓથી દુઃખિત છે, તેવા દુઃખિત જીવોના દુઃખના નાશના અભિલાષવાળો હું થાઉં, એ પ્રકારે કરુણા ભાવનાથી આત્માને ભાવિત કરે. જેથી સ્વશક્તિ અનુસાર દુઃખિત જીવોનાં દુઃખ દૂર કરવા માટે પોતે સદા વ્યાપારવાળો બને.

વળી, જગતના જીવોને બાહ્યથી સુખી અને કષાયોના અક્લેશના કારણે સુખી જોઈને તેઓ પ્રત્યે પ્રમોદનો ભાવ થાય તે રીતે પ્રમોદ ભાવનાથી આત્માને ભાવિત કરે, જેથી બીજા જીવોના સુખમાં ઇર્ષ્યા થવાનો પ્રસંગ ન આવે અને ક્લેશવગરના સુખી જીવોને જોઈને તેઓના પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય.

વળી, સંસારવર્તી જીવો કેટલાક ઉત્કટ દોષવાળા હોય છે, તેથી તેઓને ઉચિત ઉપાયો દ્વારા સુખી કરવા માટે ઉપદેશ આદિ આપવામાં આવે તોપણ પોતાના દોષવાળી પ્રકૃતિનો ત્યાગ કરે તેવા ન હોય, તેઓને જોઈને પોતાને દ્વેષ ન થાય પરંતુ ઉપેક્ષા થાય તે પ્રકારના ભાવથી પોતાના આત્માને ભાવિત કરવો જોઈએ. જેથી અયોગ્ય જીવોના દોષને જોઈને અસહિષ્ણુ સ્વભાવ પોતાનામાં પ્રગટ ન થાય. આ પ્રકારનું ભાવન કરવાથી ચિત્ત સર્વત્ર અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનારું બને છે, તેથી સર્વવિરતિની શક્તિનો સંચય શીઘ્ર થાય છે. **॥૯૩/૨૨૬॥**

અવતરણિકા :-

सम्प्रत्युपसंहरन्नाह –

અવતરણિકાર્થ :-

હવે ઉપસંહાર કરતાં કહે છે –

ભાવાર્થ :-

ત્રીજા અધ્યાયના પ્રથમ ત્રણ શ્લોકોમાં કહેલ કે પૂર્વમાં વર્ણન કર્યા પ્રમાણે ધર્મના શ્રવણથી કોઈ પુરુષ તત્ત્વનો જાણનારો બને અને મહાસંવેગને પ્રાપ્ત કરે. તેથી ધર્મની ઉપાદેયતાને જાણીને ભાવથી ધર્મની પ્રાપ્તિની ઇચ્છાવાળો બની પોતાની શક્તિનું સમાલોચન કરીને ધર્મ ગ્રહણ કરવામાં તત્પર થાય. આવો જીવ ધર્મ માટે યોગ્ય છે. આના સિવાયના અન્ય જીવો ધર્મ પ્રાપ્તિ માટે યોગ્ય નથી. ધર્મ માટે યોગ્ય જીવોને ધર્મપ્રદાન કેવી રીતે કરવું જોઈએ ? તેનું વર્ણન અત્યાર સુધી કર્યું. હવે તે સર્વનો ઉપસંહાર કરતાં કહે છે –

શ્લોક :-

विशेषतो गृहस्थस्य, धर्म उक्तो जिनोत्तमैः ।
एवं सद्भावनासारः, परं चारित्रकारणम् ।।४।।

શ્લોકાર્થ :-

જિનોત્તમ એવા ભગવાન વડે ગૃહસ્થોનો વિશેષથી આવા પ્રકારનો=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારનો, સદ્ભાવનાસાર ધર્મ કહેવાયો છે, જે ધર્મ પરં=અવંધ્ય, ચારિત્રનું કારણ છે=સર્વવિરતિનું કારણ છે. ॥૪॥

ટીકા :-

'વિશેષતઃ' સામાન્યગૃહસ્થધર્મવૈલક્ષણ્યેન 'ગૃહસ્થસ્ય' ગૃહમેધિનો 'ધર્મઃ ઉક્તો' નિરૂપિતો 'જિનોત્તમૈઃ' અર્હદ્‌ભિઃ 'એવમ્' ઉક્તનીત્યા 'સદ્‌ભાવનાસારઃ' પરમપુરુષાર્થાનુકૂલભાવનાપ્રધાનઃ ભાવશ્રાવકધર્મ ઇત્યર્થઃ, કીદૃશોઽસાવિત્યાહ–'પરમ્' અવન્ધ્યમિહ ભવાન્તરે વા 'ચારિત્રકારણં' સર્વવિરતિહેતુઃ ।।૪।।

ટીકાર્થ :-

'વિશેષતઃ' ..... સર્વવિરતિહેતુઃ ।। વિશેષથી=સામાન્ય ગૃહસ્થધર્મના વિલક્ષણપણાથી, ગૃહસ્થનો ધર્મ જિનોત્તમ એવા અરિહંતો વડે કહેવાયો છે –

કેવા પ્રકારનો ગૃહસ્થનો ધર્મ કહેવાયો છે ? એથી કહે છે –

આ પ્રકારે=ઉક્તનીતિથી=પૂર્વમાં ત્રણ શ્લોકોમાં વર્ણન કર્યું એ નીતિથી, સદ્‌ભાવનાસાર એવો= પરમ પુરુષાર્થને અનુકૂળ એવી ભાવનાપ્રધાન એવો, ભાવશ્રાવકધર્મ ભગવાન વડે કહેવાયો છે.

વળી આ ભાવશ્રાવકધર્મ કેવો છે ? એથી કહે છે –

આ ભવમાં કે ભવાંતરમાં પરં=અવંધ્ય, સર્વવિરતિરૂપ ચારિત્રનો હેતુ છે. ।।૪।।

ભાવાર્થ :-

પૂર્વના શ્લોકોમાં અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે જે શ્રાવક પોતાની શક્તિનું સમાલોચન કરીને સ્વશક્તિ અનુસાર વિશેષથી ગૃહસ્થધર્મ સ્વીકારે છે અને અતિચાર આદિ દોષોને યથાર્થ જાણીને સ્વીકારાયેલાં વ્રતોમાં તે દોષોનો પરિહાર કરે છે અને પ્રતિદિન શ્રાવકે જે ઉચિત ક્રિયાઓ કરવાની વિધિ પૂર્વનાં સૂત્રોમાં બતાવી તે પ્રકારે સદા જે શ્રાવક યત્ન કરે છે તે શ્રાવક ઉત્તરોત્તર દેશવિરતિની શક્તિનો સંચય કરીને સર્વવિરતિને અનુકૂળ શક્તિના સંચયવાળો બને છે, તેથી તે શ્રાવકનું દેશવિરતિનું પાલન આ ભવમાં સર્વવિરતિનું કારણ બની શકે. કદાચ અંતરંગ તેવી શક્તિનો સંચય થયો ન હોય તો જન્માંતરમાં ભાવચારિત્ર પ્રાપ્ત કરીને શીઘ્ર સંસારનો અંત કરવાનું કારણ બનશે. **॥૪॥**

અવતરણિકા :-

ननु कथं परं चारित्रकारणमसावित्याशङ्क्याह –

અવતરણિકાર્થ :-

કેવી રીતે અવંધ્ય ચારિત્રનું કારણ આ દેશવિરતિ થશે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

શ્લોક :-

पदंपदेन मेधावी, यथारोहति पर्वतम् ।
सम्यक् तथैव नियमाद्धीरश्चारित्रपर्वतम् ।।५।।

શ્લોકાર્થ :-

બુદ્ધિમાન પુરુષ જે પ્રમાણે પર્વતને પગલે પગલે સ્ખલના વગર ચડે છે તે પ્રમાણે જ ધીર એવો શ્રાવક ચારિત્રરૂપી પર્વત ઉપર સમ્યગ્ આરોહણ કરે છે. ।।૫।।

ટીકા :-

इह 'पदं' पदिकोच्यते, ततः पदेन पदेन यदारोहणं तन्निपातनात् 'पदंपदेने'त्युच्यते, ततः 'पदंपदेन मेधावी' बुद्धिमान् 'यथे'ति दृष्टान्तार्थः 'आरोहति' आक्रामति 'पर्वतम्' उज्जयन्तादिकं 'सम्यक्' हस्तपादादिशरीरावयवभङ्गाभावेन 'तथैव' तेनैव प्रकारेण 'नियमाद्' अवश्यन्तया 'धीरो' निष्कलङ्कानुपालितश्रमणोपासकसमाचारः 'चारित्रपर्वतं' सर्वविरतिमहाशैलमिति ।।५।।

ટીકાર્થ :-

इह ..... महाशैलमिति ।। અહીં પદ એ પદિકા કહેવાય છે=પગલું કહેવાય છે. ત્યારપછી પગલે પગલેથી તે પ્રમાણે સમાસ કરવો અને પગલે પગલેથી જે પ્રમાણે આરોહણ થાય છે તેનું નિપાતન હોવાથી='पदंपदेन' એ પદ નિપાતન થયેલ હોવાથી 'पदंपदेन' એ પ્રમાણે કહેવાય છે, તેથી પગલે પગલે બુદ્ધિમાન પુરુષ જે પ્રમાણે ઉજ્જયંતાદિ પર્વતનું સમ્યક્ આરોહણ કરે છે અર્થાત્ હાથ-પગ આદિ શરીરનાં અવયવોના ભંગના અભાવથી આરોહણ કરે છે, તે પ્રમાણે જ નિયમથી=અવશ્યપણાથી, ધીર=નિષ્કંલક અનુપાલન કરાયેલા શ્રાવક ધર્મના સમાચારવાળો ધીર, ચારિત્રપર્વતને=સર્વવિરતિરૂપ મહાપર્વતને આરોહણ કરે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫।।

ભાવાર્થ :-

જેમ કોઈ બુદ્ધિમાન પુરુષ ઊંચા પર્વત ઉપર દરેક પગલાંને અસ્ખલિતરૂપે સ્થાપન કરીને સમ્યક્ આરોહણ કરે છે, જેથી દુષ્કર ચઢાણ હોવા છતાં પાતાદિ થવાનો સંભવ રહે નહિ અને તેના કારણે શરીરનાં અવયવોનો ભંગ થાય નહિ. તે પ્રમાણે જે શ્રાવક પોતે સ્વીકારેલી દેશવિરતિનું અતિચારરહિત પાલન કરીને ઉત્તર ઉત્તરની દેશવિરતિની શક્તિના સંચય દ્વારા સર્વવિરતિને અનુકૂળ શક્તિના સંચયવાળો થાય છે ત્યારે સર્વથા પાપના વિરામરૂપ મહાપર્વત ઉપર આરોહણ કરે છે.

અહીં વિશેષ એ છે કે સર્વવિરતિને વહન કર્યા પછી અસ્ખલિત રીતે જિનવચનનું દૃઢ અવલંબન લઈને સર્વ ઉચિત ક્રિયાઓ કરવા દ્વારા અને શાસ્ત્રવચનથી આત્માને ભાવિત કરવા દ્વારા અસંગભાવને અનુકૂળ સાધુ સદા ઉદ્યમ કરે છે અને તેવી ભૂમિકાની પ્રાપ્તિ અતિદુષ્કર હોવાથી અને તે ભૂમિકાની પ્રાપ્તિ વગર સંસારના ઉચ્છેદનો અસંભવ હોવાથી, તે સર્વવિરતિની ભૂમિકાના અત્યંત અર્થી એવા શ્રાવકો પોતાની શક્તિ અનુસાર દેશવિરતિના પાલન દ્વારા સર્વવિરતિની નજીક નજીકની ભૂમિકાને પ્રાપ્ત કરવા અર્થે સદા

ઉદ્યમ કરે છે અને જ્યારે જણાય કે હવે "પ્રતિમાદિ વહન દ્વારા હું વિશેષ શક્તિ સંચય કરીશ તો સર્વવિરતિને અનુકૂળ એવા ઉત્તમ ચિત્તનું સ્વયં નિર્માણ થશે" ત્યારે શ્રાવક પ્રતિમાદિના સેવન દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે અને સંચિત વીર્યવાળા તે મહાત્મા સર્વવિરતિ ચારિત્રપર્વત ઉપર આરોહણ કરે છે. ॥૫॥

અવતરણિકા :-

ननु एतदपि कथमित्थमित्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે – આ પણ=દેશવિરતિના પાલનના ક્રમથી સર્વવિરતિના પર્વત પર આરોહણ કરે છે એ પણ, કેવી રીતે છે ? એથી કહે છે –

સૂત્ર :-

स्तोकान् गुणान् समाराध्य, बहूनामपि जायते ।
यस्मादाराधनायोग्यस्तस्मादादावयं मतः ।।६।। इति ।।

સૂત્રાર્થ :-

જે કારણથી થોડા ગુણોની આરાધના કરીને, બહુ પણ ગુણોની આરાધનાને યોગ્ય જીવ થાય છે, તે કારણથી આદિમાં=સર્વવિરતિની પ્રાપ્તિની આદિમાં, આ=ગૃહસ્થધર્મ સંમત છે.

'इति' શબ્દ સૂત્રની સમાપ્તિ અર્થે છે. ॥૬॥

ટીકા :-

'स्तोकान्' तुच्छान् 'गुणान्' श्रमणोपासकावस्थोचितान् 'समाराध्य' पालयित्वा 'बहूनां' सुश्रमणोचितगुणानां 'स्तोकानामाराधनायोग्यो जात एव' इति 'अपि'शब्दार्थः, 'जायते' भवति 'यस्मात्' कारणादाराधनायोग्यः परिपालनोचितः अविकलाल्पगुणाराधनाबलप्रलीनबहुगुणलाभबाधककर्मकलङ्कत्वेन तद्गुणलाभसामर्थ्यभावात् 'तस्मात्' कारणादादौ प्रथमत एव 'अयम्' अनन्तरप्रोक्तो गृहस्थधर्मो 'मतः' सुधियां सम्मतः इति पुरुषविशेषापेक्षोऽयं न्यायः, अन्यथा तथाविधाध्यवसायसामर्थ्यात्तदा एवाबलीभूतचारित्रमोहानां स्थूलभद्रादीनामेतत्क्रममन्तरेणापि परिशुद्धसर्वविरतिलाभस्य शास्त्रेषु श्रूयमाणत्वात् ।।६।।

इति श्रीमुनिचन्द्रसूरिविरचितायां धर्मबिन्दुवृत्तौ विशेषतो गृहस्थधर्मविधिस्तृतीयोऽध्यायः समाप्तः।

ટીકાર્થ :-

'સ્તોકાન્' ..... શ્રૂયમાણત્વાત્ ।। થોડા=અલ્પ, શ્રમણોપાસક અવસ્થાને ઉચિત એવા ગુણોનું આરાધન કરીને=પાલન કરીને, ઘણા ગુણોની=સુશ્રમણ ઉચિત ગુણોની, આરાધનાને યોગ્ય=પરિપાલનાને ઉચિત જે કારણથી થાય છે; કેમ કે અવિકલ એવા અલ્પગુણોની આરાધનાના બળથી=સ્ખલના વગરના દેશવિરતિરૂપ અલ્પગુણોની આરાધનાના બળથી, પ્રલીન થયેલા બહુગુણના લાભના બાધક કર્મકલંકપણાના કારણે=નાશ થયેલા સર્વવિરતિરૂપ ઘણા ગુણના લાભના બાધક એવા કર્મમલના કારણે, તેના ગુણના લાભનું સામર્થ્ય થાય છે=ભાવથી સર્વવિરતિની પ્રાપ્તિરૂપ ગુણના લાભનું સામર્થ્ય પ્રગટે છે. તે કારણથી આદિમાં=પ્રથમથી જ=સર્વવિરતિના સ્વીકારના પૂર્વમાં જ, આ=અનંતર કહેવાયેલો ગૃહસ્થધર્મ, બુદ્ધિમાનોને સંમત છે. એથી પુરુષવિશેષની અપેક્ષાવાળો આ=જેઓમાં મહાવીર્ય સંચય થયેલું નથી તેવા પુરુષવિશેષની અપેક્ષાવાળાને દેશવિરતિધર્મ, ન્યાય્ય છે=યુક્ત છે. અન્યથા=પુરુષવિશેષની અપેક્ષાએ, આદિમાં દેશવિરતિ સ્વીકારવી ઉચિત કહેવામાં ન આવે અને સર્વજીવો માટે દેશવિરતિ સ્વીકાર્યા પછી જ સર્વવિરતિ સ્વીકારવી ઉચિત કહેવામાં આવે તો, તેવા પ્રકારના અધ્યવસાયના સામર્થ્યથી=સંસારની નિગુર્ણતાનાં દર્શનને કારણે સંસારના ઉચ્છેદ માટે મહાવીર્ય ઉલ્લસિત થાય તેવા પ્રકારના અધ્યવસાયના સામર્થ્યથી, ત્યારે જ=સંસારની નિગુર્ણતાનું અવલોકન થયું ત્યારે જ, અબલીભૂત ચારિત્ર મોહવાળા એવા સ્થૂલિભદ્રાદિ મહાત્માઓને=સર્વવિરતિરૂપ ચારિત્રનું બાધક કર્મ શિથિલ થયું છે જેમનું એવા સ્થૂલિભદ્રાદિ મહાત્માઓને, આ ક્રમ વગર પણ=ગૃહસ્થ ધર્મના સેવનના ક્રમ વગર પણ, પરિશુદ્ધ સર્વવિરતિના લાભનું=અસ્ખલિત અસંગભાવના બળનું આધાન કરે એવા નિર્મળ સર્વવિરતિના લાભનું, શાસ્ત્રમાં શ્રૂયમાણપણું હોવાથી સર્વ જીવોને આશ્રયીને દેશવિરતિના ક્રમની સંગતિ થાય નહિ, માટે પુરુષવિશેષને આશ્રયીને જ આ ન્યાય છે, એમ અન્વય છે. ।।૬।।

આ પ્રમાણે=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે, શ્રી મુનિચંદ્રસૂરિવિરચિત ધર્મબિન્દુની વૃત્તિમાં વિશેષથી ગૃહસ્થધર્મના વિધિરૂપ ત્રીજો અધ્યાય સમાપ્ત થયો.

ભાવાર્થ :-

જે શ્રાવકો સંસારના પારમાર્થિક સ્વરૂપના બોધથી અત્યંત ભાવિત થયા છે અને સંસારના નિસ્તારનો એક ઉપાય નિરવદ્ય જીવનના પાલનરૂપ સર્વવિરતિ છે તેવી સ્થિર બુદ્ધિવાળા છે અને પોતાના મન-વચન-કાયાના સમ્યક્ અવલોકનના કારણે જેઓને જણાયું છે કે સર્વવિરતિને ગ્રહણ કરવાને અનુકૂળ પોતાનામાં શક્તિસંચય થયો નથી તેવા શ્રાવકો સર્વવિરતિની શક્તિના સંચય અર્થે સ્વભૂમિકા અનુસાર શ્રાવકધર્મનું પાલન કરે છે. શ્રાવકધર્મના પાલનમાં ક્યાંય અતિચારો ન થાય તે રીતે અપ્રમાદભાવથી યત્ન કરે છે અને અનાભોગાદિથી ક્યારેક કોઈક વ્રતમાં સ્ખલના થાય તો તત્કાલ શાસ્ત્રવિધિ અનુસાર તેની શુદ્ધિ કરે છે,

જેથી સ્વીકારાયેલાં વ્રતો ઉત્તર ઉત્તરના દેશવિરતિના બળના સંચયનું કારણ બને છે. આ રીતે સ્વભૂમિકા અનુસાર ઉત્તર ઉત્તરની દેશવિરતિને સ્ખલના રહિત પાળીને તે મહાત્મા સર્વવિરતિની આરાધનાને યોગ્ય થાય છે; કેમ કે સ્ખલના વગર અલ્પગુણની આરાધનારૂપ દેશવિરતિના પાલનના બળથી, ઘણા ગુણના લાભનું કારણ એવાં સર્વવિરતિનાં બાધક કર્મો નાશ પામે છે, જેથી તે શ્રાવકને ભાવથી સર્વવિરતિના લાભનું સામર્થ્ય પ્રગટે છે, તેથી સર્વવિરતિના સ્વીકારના પૂર્વે વિધિશુદ્ધ ગૃહસ્થધર્મ પાલન કરવો જોઈએ એ પ્રમાણે બુદ્ધિમાન પુરુષોને સંમત છે.

વળી, દેશવિરતિના પાલનપૂર્વક સર્વવિરતિ ગ્રહણ કરવાનું વચન પુરુષવિશેષની અપેક્ષાએ છે. અર્થાત્ સંસારને નિર્ગુણ જાણ્યા પછી પણ જેઓ અસ્ખલિત સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમ કરી શકે તેવી સંચિત શક્તિવાળા નથી તેવા જીવવિશેષને આશ્રયીને છે.

વળી, કેટલાક જીવો જ્યારે સંસારના નિગુર્ણતાના સ્વરૂપનો બોધ પ્રાપ્ત કરે છે ત્યારે જ, સર્વ બળથી સંસારના ઉચ્છેદના અધ્યવસાયવાળા થાય છે અને તેવા સાત્ત્વિક પુરુષોનું ચારિત્રમોહનીયકર્મ સંસારના નિગુર્ણતાના બોધકાળમાં જ નષ્ટપ્રાયઃ બને છે તેવા સ્થૂલિભદ્રાદિ મહાત્માઓ દેશવિરતિના પાલનના ક્રમવગર પણ પરિશુદ્ધ સર્વવિરતિના પરિણામને પ્રાપ્ત કરી શકયા એમ શાસ્ત્રમાં સંભળાય છે. માટે તેવા મહાવીર્યવાળા જીવોને આશ્રયીને દેશવિરતિના પાલનના ક્રમથી સર્વવિરતિના ગ્રહણનો નિયમ નથી. ॥૬॥

ત્રીજો અધ્યાય સમાપ્ત

ચોથો અધ્યાય

અવતરણિકા :-

व्याख्यातस्तृतीयोऽध्यायः, साम्प्रतं चतुर्थ आरभ्यते, तस्य चेदमादिसूत्रम् –

અવતરણિકાર્થ :-

ત્રીજો અધ્યાય વ્યાખ્યા કરાયો. હવે ચોથા અધ્યાયનો પ્રારંભ કરાય છે અને તેનું=ચોથા અધ્યાયનું આ=આગળમાં કહેવાય છે એ આદિસૂત્ર છે=પ્રથમ શ્લોક છે.

ભાવાર્થ :-

ત્રીજા અધ્યાયમાં દેશવિરતિના પાલનરૂપ વિશેષ ગૃહસ્થધર્મનું વર્ણન કર્યું અને તેના પાલનથી જીવો સર્વવિરતિની શક્તિના સંચયવાળા થાય છે એમ પૂર્વમાં કહ્યું, તેથી હવે દેશવિરતિના પાલનથી કઈ રીતે સર્વવિરતિ શક્તિનો સંચય થાય છે ? તે બતાવીને સર્વવિરતિધર્મની ગ્રહણની વિધિ બતાવે છે –

શ્લોક :-

एवं विधिसमायुक्तः सेवमानो गृहाश्रमम् ।
चारित्रमोहनीयेन, मुच्यते पापकर्मणा ।।१।।

શ્લોકાર્થ :-

આ રીતે=પ્રથમ અધ્યાયમાં સામાન્ય ગૃહસ્થધર્મની વિધિ બતાવી અને ત્રીજા અધ્યાયમાં વિશેષથી શ્રાવકધર્મની વિધિ બતાવી એ રીતે, વિધિથી સમાયુક્ત ગૃહાશ્રમને સેવતો પુરુષ ચારિત્રમોહનીય પાપકર્મથી મુકાય છે. ।।૧।।

ટીકા :-

'एवम्' उक्तरूपेण 'विधिना' सामान्यतो विशेषतश्च गृहस्थधर्मलक्षणेन 'समायुक्तः' सम्पन्नः 'सेवमानः' अनुशीलयन् 'गृहाश्रमं' गृहवासम्, किमित्याह–'चारित्रमोहनीयेन' प्रतीतरूपेण 'मुच्यते' परित्यज्यते 'पापकर्मणा' पापकृत्यात्मकेन ।।१।।

ટીકાર્થ :-

'एवम्' ..... पापकृत्यात्मकेन ।। આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, વિધિથી=સામાન્યથી અને વિશેષથી ગૃહસ્થધર્મરૂપ વિધિથી સમાયુક્ત=સંપન્ન ગૃહવાસને સેવતો પુરુષ ચારિત્રમોહનીયપાપકર્મથી મુકાય છે. ।।૧।।

ભાવાર્થ :-

પ્રથમ અધ્યાયથી માંડીને અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સામાન્યથી ગૃહસ્થધર્મનું અને વિશેષથી ગૃહસ્થધર્મનું વર્ણન કર્યું તે રીતે ગૃહસ્થધર્મના યથાર્થ સ્વરૂપને જાણીને જે મહાત્મા તેવા ગૃહસ્થધર્મથી યુક્ત હોય અને ગૃહવાસનું સેવન કરતા હોય, તે ગૃહસ્થધર્મવાળા મહાત્મા ગૃહસ્થ અવસ્થાને અનુરૂપ સર્વ ઉચિત કૃત્યો દ્વારા ચારિત્રમોહનીયરૂપ પાપકર્મથી મુકાયા છે અર્થાત્ તે તે પ્રકારના ગૃહસ્થધર્મના આચારથી વિરુદ્ધ અનુચિત પ્રવૃત્તિ કરાવે તેવા પાપ આપાદક કર્મો વિદ્યમાન હતા તે વિવેકપૂર્વકના સેવાયેલા ગૃહસ્થધર્મથી ક્ષીણ-ક્ષીણતર થાય છે અને પ્રતિદિન તે આચારોને સેવવાથી તે તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરે તેવી ઉચિત પરિણતિવાળા તે મહાત્મા બને છે. તેથી સર્વવિરતિની આસન્ન ભૂમિકાવાળા ચારિત્રમોહનીયકર્મથી તેઓ મુક્ત થાય છે.

કઈ રીતે સર્વવિરતિને અનુકૂળ એવા ચારિત્રમોહનીયરૂપ પાપકર્મથી મુકાય છે ? તે સ્વયં ગ્રંથકારશ્રી આગળમાં બતાવે છે. **॥૧॥**

અવતરણિકા :-

एतदपि कथमित्याह –

અવતરણિકાર્થ :-

આ પણ=પૂર્વ શ્લોકમાં કહ્યું કે ગૃહસ્થધર્મને સેવતો શ્રાવક સર્વવિરતિને અનુકૂળ એવા ચારિત્રમોહનીયકર્મથી મુકાય છે એ પણ, કેવી રીતે છે ? એથી કહે છે –

શ્લોક :-

सदाज्ञाराधनायोगाद् भावशुद्धेर्नियोगतः ।
उपायसम्प्रवृत्तेश्च सम्यक्चारित्ररागतः ।।२।।

શ્લોકાર્થ :-

સદ્આજ્ઞા આરાધનાના યોગને કારણે અવશ્યપણાથી ભાવશુદ્ધિ થવાથી, અને સમ્યગ્ચારિત્રનો રાગ હોવાને કારણે ઉપાયથી સમ્યક્ પ્રવૃત્તિ હોવાથી ગૃહસ્થાશ્રમને સેવતો શ્રાવક ચારિત્રમોહનીય-કર્મથી મુકાય છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૨॥

ટીકા :-

'सन्' अकलङ्कितो य 'आज्ञाराधन(ना?)योगो' 'यतिधर्माभ्यासासहेनादौ श्रावकधर्मः अभ्यसनीयः' इत्येवंलक्षणो जिनोपदेशसंबन्धः, तस्माद् यका 'भावशुद्धिः' मनोनिर्मलता, तस्याः 'नियोगतः' अवश्यन्तया, तथा 'उपायसम्प्रवृत्तेश्च, उपायेन' शुद्धहेत्वङ्गीकरणरूपेण 'प्रवृत्तेः' चेष्टनात्, 'च'कारो

हेत्वन्तरसमुच्चये, इयमपि कुत इत्याह–'सम्यक्चारित्ररागतः' निर्व्याजचारित्राभिलाषात्, इदमुक्तं भवति–सदाज्ञाराधनायोगात् यका भावशुद्धिः या च सम्यक्चारित्रानुरागतः उपायसम्प्रवृत्तिः अणुव्रतादिपालनरूपा ताभ्यामुभाभ्यामपि हेतुभ्यां चारित्रमोहनीयेन मुच्यते, न पुनरन्यथेति ।।२।।

ટીકાર્થ :-

'सन्' ..... पुनरन्यथेति ।। સુંદર=અકલંકિત જે આજ્ઞાનું આરાધન તેનો યોગ=સાધુધર્મના અભ્યાસ માટે અસમર્થ એવા પુરુષ વડે આદિમાં શ્રાવકધર્મનો અભ્યાસ કરવો જોઈએ એવા સ્વરૂપવાળો જિનોપદેશનો સંબંધ તે રૂપ આજ્ઞા તેના આરાધનનો યોગ, તેનાથી જે ભાવશુદ્ધિ=મનોનિર્મળતા, તેના નિયોગથી=મનોનિર્મળતાના અવશ્યપણાથી, અને ઉપાયથી પ્રવૃત્તિ હોવાને કારણે=શુદ્ધ હેતુના સ્વીકારરૂપ ઉપાયથી પ્રવૃત્તિ હોવાને કારણે, શ્લોકમાં રહેલો 'च' કાર હેતુ અંતરના સમુચ્ચયમાં છે, અને આ પણ=ઉપાયથી પ્રવૃત્તિ પણ, કેમ છે ? એથી કહે છે –

સમયક્ચારિત્રના રાગને કારણે=નિર્વ્યાજચારિત્રના અભિલાષને કારણે, ઉપાયથી પ્રવૃત્તિ છે, એમ અન્વય છે. અને, તેથી ચારિત્રમોહનીયકર્મથી મુકાય છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

આ=આગળમાં કહેવાય છે એ, કહેવાયેલું=શ્લોકના વચનથી કહેવાયેલું, થાય છે –

સદ્આજ્ઞાના આરાધનાના યોગથી જે ભાવશુદ્ધિ થાય છે અને સમયક્ચારિત્રના અનુરાગથી જે ઉપાયમાં સમ્યક્ પ્રવૃત્તિ થાય છે=અણુવ્રતાદિ પાલનરૂપ ઉપાયમાં સમ્યક્ પ્રવૃત્તિ થાય છે તે બન્ને પણ હેતુ દ્વારા=સદ્આજ્ઞાઆરાધનાના યોગને કારણે થયેલી ભાવશુદ્ધિરૂપ અને સમ્યક્ચારિત્રના રાગને કારણે ઉપાયમાં થયેલી સમ્યક્ પ્રવૃત્તિરૂપ ઉભય હેતુ દ્વારા, ચારિત્રમોહનીયકર્મથી મુકાય છે, પરંતુ અન્યથા ચારિત્રમોહનીયકર્મથી મુકાતો નથી. ।।૨।।

ભાવાર્થ :-

જે શ્રાવક સર્વવિરતિ પાલન કરવા માટે સમર્થ નથી તેવા શ્રાવકે પ્રારંભમાં શ્રાવકધર્મનો અભ્યાસ કરવો જોઈએ એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે. જે શ્રાવકને ઉપદેશ દ્વારા સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે તે શ્રાવક ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને પોતાની ભૂમિકાનો નિર્ણય કરે છે અને પોતે દુષ્કર એવો સાધુધર્મ પાળી શકે તેમ નથી એવું જણાય તો સાધુધર્મની પ્રાપ્તિના ઉપાયભૂત શ્રાવકધર્મ એ રીતે સેવે છે કે જેથી સ્વીકારાયેલા શ્રાવકધર્મમાં અતિચાર લાગે નહિ. જેમ જેમ શ્રાવક ધર્મની શક્તિનો સંચય અધિક અધિક થાય છે તેમ તેમ ઉત્તર ઉત્તરના શ્રાવકધર્મને સેવે છે અને તેના કારણે તે મહાત્મા સ્વભૂમિકા અનુસાર ભગવાનની સદ્આજ્ઞાનું આરાધન કરે છે. ભગવાનની સદ્આજ્ઞાના આરાધનને કારણે તે મહાત્માને નક્કી ભાવશુદ્ધિની પ્રાપ્તિ થાય છે અર્થાત્ સર્વવિરતિની પ્રાપ્તિને અનુકૂળ એવી મનોનિર્મળતા પ્રાપ્ત થાય છે.

વળી, તે શ્રાવક દેશવિરતિનું પાલન કરે છે ત્યારે ભાવચારિત્રમાં અતિશય રાગ વર્તે છે, તેથી સ્વશક્તિ અનુસાર પ્રતિદિન સાધુધર્મની સામાચારી સાંભળીને પોતાનો સર્વવિરતિનો રાગ અતિશય અતિશય થાય તે રીતે યત્ન કરે છે અને ભાવચારિત્ર પાળનારા સુસાધુના ૧૮ હજાર શીલાંગનાના સ્વરૂપથી સદા પોતાના આત્માને વાસિત કરે છે. અને પોતાને તેવા પ્રકારના ભાવચારિત્રની પ્રાપ્તિ થાય તે પ્રકારે જ સ્વશક્તિ અનુસાર દેશવિરતિના પાલનરૂપ ઉપાયમાં જ પ્રવૃત્તિ કરે છે; કેમ કે દેશવિરતિના પાલનના બળથી ઉત્તર ઉત્તરની દેશવિરતિના પાલનની શક્તિનું આધાન થાય છે જે ઉત્કર્ષને પામીને પૂર્ણચારિત્રની પ્રાપ્તિનું કારણ બને છે.

તે મહાત્મા બે કારણો દ્વારા ચારિત્રમોહનીયકર્મનો નાશ કરે છે –

(i) સદ્આજ્ઞાના આરાધનાના યોગના કારણે થયેલી ભાવશુદ્ધિરૂપ એક કારણ અને

(ii) સર્વવિરતિરૂપ ચારિત્રના રાગથી તેના ઉપાયભૂત એવી દેશવિરતિમાં સમ્યગ્ પ્રવૃત્તિ કરવા રૂપ બીજું કારણ.

આ બન્ને કારણો દ્વારા તે મહાત્મા ૧૮ હજાર શીલાંગનાના પાલનરૂપ સર્વવિરતિના પ્રતિબંધક ચારિત્રમોહનીયકર્મનો નાશ કરે છે. જેથી ક્રમે કરીને સર્વવિરતિ રૂપ ભાવચારિત્રને તે મહાત્મા પ્રાપ્ત કરશે. ॥૨॥

અવતરણિકા :-

આહ–इदमपि कथं सिद्धं यथेत्थं चारित्रमोहनीयेन मुच्यते ततः परिपूर्णप्रत्याख्यानभाग् भवतीत्याशङ्क्याह –

અવતરણિકાર્થ :-

'આહ'થી શંકા કરે છે – આ પણ=પૂર્વ શ્લોકમાં કહ્યું એ પણ, કેવી રીતે સિદ્ધ થયું ? જે પ્રમાણે આ રીતે=શ્લોક-૨માં કહ્યું એ રીતે, ચારિત્રમોહનીયથી મુકાય છે. તેથી પરિપૂર્ણ પ્રત્યાખ્યાનવાળો થાય છે=પૂર્ણચારિત્રની પરિણતિવાળો થાય છે. એ પ્રકારની આશંકા કરીને કહે છે –

શ્લોક :-

विशुद्धं सदनुष्ठानं स्तोकमप्यर्हतां मतम् ।
तत्त्वेन तेन च प्रत्याख्यानं ज्ञात्वा सुबह्वपि ।।३।।

શ્લોકાર્થ :-

થોડું પણ વિશુદ્ધ એવું સદ્અનુષ્ઠાન તત્ત્વથી અરિહંતોને સંમત છે અને તેનાથી=થોડા પણ વિશુદ્ધ અનુષ્ઠાનથી, સુબહુ પણ પ્રત્યાખ્યાનને જાણીને કરે છે=શ્રાવક પ્રાપ્ત કરે છે. ॥૩॥

ટીકા :-

'विशुद्धं' निरतिचारं अत एव 'सत्' सुन्दरं 'अनुष्ठानं' स्थूलप्राणातिपातविरमणादि 'स्तोकमपि' अन्यतमैकभङ्गकप्रतिपत्त्या अल्पम्, बहु तावन्मतमेवेत्यपिशब्दार्थः, 'अर्हतां' पारगतानां 'मतम्' अभीष्टम्, कथमित्याह–'तत्त्वेन' तात्त्विकरूपतया, न पुनरतिचारकालुष्यदूषितं बह्वप्यनुष्ठानं सुन्दरं मतम्, 'तेन च' तेन पुनर्विशुद्धेनानुष्ठानेन करणभूतेन स्तोकेनापि कालेन 'प्रत्याख्यानम्' आश्रव-द्वारनिरोधलक्षणं 'ज्ञात्वा' गुरुमूले श्रुतधर्मतया सम्यगवबुध्य प्रत्याख्यानस्य फलं हेतुं च 'सुबह्वपि' सर्वपापस्थानविषयतया भूयिष्ठमपि करोतीति गम्यते, स्तोकं तावदनुष्ठानं सम्पन्नमेवेत्यपि'शब्दार्थः, अयमभिप्रायः-स्तोकादप्यनुष्ठानादत्यन्तविशुद्धात् सकाशात् कालेन प्रत्याख्यानस्वरूपादिज्ञातुर्भूयिष्ठ-मपि प्रत्याख्यानं सम्पद्यत इति ।।३।।

ટીકાર્થ :-

'विशुद्धं' ..... इति ।। विशुद्ध=निरतिचार, आथी ज सत्=सुंदर એવું અનુષ્ઠાન=સ્થૂલ પ્રાણાતિપાત વિરમણાદિરૂપ અનુષ્ઠાન, થોડું પણ=અન્યતમ એક ભંગની પ્રતિપત્તિથી અલ્પ પણ=૧૨ વ્રતના જે ભાંગાઓ છે તેમાંથી કોઈ એક ભાંગાના સ્વીકારથી અલ્પ પણ, અનુષ્ઠાન અરિહંતોને અભિમત છે=સંમત છે.

કેવી રીતે અભિમત છે ? તેથી કહે છે –

તત્ત્વથી અભિમત છે=તાત્ત્વિકરૂપપણાથી અભિમત છે. પરંતુ અતિચારના કાલુષ્યથી દૂષિત ઘણું પણ અનુષ્ઠાન સુંદર સંમત નથી=શક્તિનો વિચાર કર્યા વગર ઘણાં વ્રતો ગ્રહણ કરીને અતિચારોથી મલિન તેનું સેવન કરે તે અનુષ્ઠાન ભગવાનને સુંદરરૂપે સંમત નથી. વળી, તેનાથી=કરણભૂત એવા થોડા પણ વિશુદ્ધ અનુષ્ઠાનથી, આશ્રવદ્વારના નિરોધરૂપ પ્રત્યાખ્યાનને જાણીને=ગુરુ પાસે શ્રુતધર્મપણાથી પ્રત્યાખ્યાનનાં ફળ અને હેતુનો સમ્યગ્ બોધ કરીને, કાળથી=કેટલાક સમયથી, સુબહુ પણ=સર્વ પાપસ્થાનના વિષયપણાથી ઘણું પણ, કરે છે=ઘણું પણ પ્રત્યાખ્યાન કરે છે. આ અભિપ્રાય છે= શ્લોકનો આ અભિપ્રાય છે.

પ્રત્યાખ્યાનના સ્વરૂપ આદિને જાણનાર શ્રાવક અત્યંત વિશુદ્ધ એવા થોડા પણ અનુષ્ઠાનથી કાળે કરીને ઘણું પણ પ્રત્યાખ્યાન પ્રાપ્ત કરે છે. ।।૩।।

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે શ્લોક-૨માં કહ્યું એ પ્રમાણે કોઈ શ્રાવક સ્વશક્તિ અનુસાર દેશવિરતિનું પાલન કરતા હોય તેનાથી તેઓને પરિપૂર્ણ ચારિત્રની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે છે ? તેનો ઉત્તર આપતાં કહે છે –

સ્થૂલપ્રાણાવિપાતવિરમણ આદિ વ્રતોના જે અનેક ભાંગાઓ છે તે ભાંગાના યથાર્થ સ્વરૂપને જાણીને

કોઈ શ્રાવક પોતાની શક્તિ અનુસાર એક ભંગ આદિ દ્વારા થોડું પણ સ્વીકારે અને તે થોડું પણ સ્વીકારાયેલું વ્રત નિરતિચારરૂપે પાલન કરે તે ભગવાનને સંમત છે. અર્થાત્ તે અનુષ્ઠાન ઉત્તર ઉત્તરનાં અનુષ્ઠાનની પ્રાપ્તિ દ્વારા પૂર્ણ અનુષ્ઠાનની પ્રાપ્તિનું કારણ છે માટે તાત્ત્વિક છે તેમ ભગવાનને સંમત છે; પરંતુ અતિચારપૂર્વક ઘણું અનુષ્ઠાન સેવે તે તાત્ત્વિક રીતે ભગવાનને સંમત નથી. અને જે શ્રાવક પોતાની શક્તિ અનુસાર થોડું પણ વિશુદ્ધ અનુષ્ઠાન સેવે છે, તે હંમેશાં ગુરુ પાસે જઈને પૂર્ણ પ્રત્યાખ્યાનું સ્વરૂપ અને પૂર્ણ પ્રત્યાખ્યાનની પ્રાપ્તિનો હેતુ અને પૂર્ણ પ્રત્યાખ્યાનના સેવનનું ફળ સાંભળીને સમ્યગ્ બોધ કરે છે જેના કારણે તે અનુષ્ઠાન પ્રત્યેનો તેમનો રાગ સતત વધે છે, તેથી થોડા પાલનના બળથી અને પ્રતિદિન પૂર્ણ ચારિત્રના પાલનના સ્વરૂપના બોધથી તે શ્રાવકને પૂર્ણ ચારિત્ર સેવવાની સતત ઇચ્છાની વૃદ્ધિ થાય છે; કેમ કે પૂર્ણ ચારિત્રનું શ્રેષ્ઠ ફળ જાણીને કલ્યાણના અર્થી એવા તે શ્રાવકનું ચિત્ત સદા પૂર્ણ ચારિત્ર પ્રત્યે આવર્જિત થાય છે અને તેની પ્રાપ્તિનો હેતુ શક્તિ અનુસાર ઉત્તર-ઉત્તરની સુવિશુદ્ધ દેશવિરતિ છે તેવું જ્ઞાન થવાથી જેમ તે થોડું પણ સુવિશુદ્ધ અનુષ્ઠાન સેવે છે તેમ ઉત્તર-ઉત્તરના પણ દેશવિરતિનું શક્તિ અનુસાર સુવિશુદ્ધ સેવન ક્રમસર કરે છે તેના બળથી પૂર્ણ ચારિત્રના પાલનની શક્તિનો સંચય થાય છે ત્યારે પૂર્ણ ચારિત્રને પણ ગ્રહણ કરે છે.

આનાથી એ ફલિત થાય કે વિશુદ્ધ સેવાયેલું સદ્અનુષ્ઠાન ઉત્તર ઉત્તરની વૃદ્ધિ દ્વારા પૂર્ણ ચારિત્રની શક્તિના સંચયનું આધાન કરે છે. **॥૩॥**

સૂત્ર :-

इति विशेषतो गृहस्थधर्म उक्तः, साम्प्रतं यतिधर्मावसर इति यतिमनुवर्णयिष्यामः ।।१/२२७।।

સૂત્રાર્થ :-

આ પ્રકારે=અત્યાર સુધી વિશેષથી ગૃહસ્થધર્મનું વર્ણન કર્યું એ પ્રકારે વિશેષથી ગૃહસ્થધર્મ કહેવાયો. હવે યતિધર્મનો અવસર છે એથી યતિનું વર્ણન અમે કરીશું. ।।૧/૨૨૭।।

ટીકા :-

પ્રતીતાર્થમેવ ।।૧/૨૨૭।।

ટીકાર્થ :-

પ્રતીતાર્થમેવ ।। અર્થ સ્પષ્ટ છે, તેથી ટીકાકારશ્રીએ ટીકા કરેલ નથી. ।।૧/૨૨૭।।

ભાવાર્થ :-

ગ્રંથના પ્રારંભમાં ધર્મના વર્ણનની પ્રતિજ્ઞા કરેલ. તેમાં સૌ પ્રથમ સામાન્ય ગૃહસ્થ ધર્મનું વર્ણન કર્યું. ત્યારપછી વિશેષ ગૃહસ્થધર્મનું વર્ણન કર્યું. હવે મનુષ્યભવની પ્રાપ્તિમાં પૂર્ણધર્મના સેવનરૂપ યતિધર્મને કહેવાનો અવસર છે, તેથી ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે કે અમે યતિનાં સ્વરૂપનું વર્ણન કરીશું. **॥૧/૨૨૭॥**

અવતરણિકા :-

यत्यनुवर्णनमेवाह –

અવતરણિકાર્થ :-

યતિના અનુવર્ણનને જ કહે છે –

સૂત્ર :-

अर्हः अर्हसमीपे विधिप्रव्रजितो यतिः ।।२/२२८।।

સૂત્રાર્થ :-

પ્રવ્રજ્યાને યોગ્ય, યોગ્યગુરુ પાસે વિધિપૂર્વક પ્રવ્રજ્યાને પામેલો યતિ છે. ।।૨/૨૨૮।।

ટીકા :-

'अर्हः' प्रव्रज्यार्हो वक्ष्यमाण एव 'अर्हस्य' प्रव्रज्यादानयोग्यस्य वक्ष्यमाणगुणस्यैव गुरोः 'समीपे' पार्श्वे 'विधिना' वक्ष्यमाणेनैव 'प्रव्रजितः' गृहीतदीक्षः 'यतिः' मुनिरित्युच्यते इति ।।२/२२८।।

ટીકાર્થ :-

'अर्हः' ..... उच्यते इति ।। યોગ્ય=પ્રવ્રજ્યાને યોગ્ય વક્ષ્યમાણ સ્વરૂપવાળો જ, યોગ્યની પાસે=પ્રવ્રજ્યા આપવાને યોગ્ય એવા વક્ષ્યમાણ ગુણવાળા જ ગુરુ પાસે, વક્ષ્યમાણ જ એવી વિધિથી ગૃહીત દીક્ષાવાળો યતિ=મુનિ, કહેવાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨/૨૨૮।।

ભાવાર્થ :-

આગળમાં બતાવાશે એવા સર્વવિરતિને યોગ્ય ગુણોને ધારણ કરનાર જીવ પ્રવ્રજ્યાને યોગ્ય છે. વળી, તેવો યોગ્ય જીવ પણ આગળમાં બતાવાશે એવા પ્રવ્રજ્યા આપવાને યોગ્ય એવા ગુણોવાળા જ ગુરુ પાસે, પ્રવ્રજ્યા આપવાની વિશિષ્ટ વિધિ બતાવાશે તે વિધિપૂર્વક જ પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો તે વ્રત-ગ્રહણકાળમાં તે મહાત્મા ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા થવાથી યતિ કહેવાય છે અર્થાત્ સંસારના સર્વભાવોથી મૌનને ધારણ કરીને મોક્ષને અનુકૂળ ભાવોમાં યતમાન હોવાથી યતિ કહેવાય છે. **॥૨/૨૨૮॥**

અવતરણિકા :-

'यथोद्देशं निर्देशः' इति न्यायात् प्रव्रज्यार्हमेवाभिधित्सुराह –

અવતરણિકાર્થ :-

જે પ્રમાણે ઉદ્દેશ છે=જે પ્રમાણે સૂત્ર-૨માં યોગ્ય યોગ્ય સમીપ આદિ વચનમાં ક્રમ છે, તે પ્રમાણે નિર્દેશ કરવો જોઈએ એ પ્રકારના નિયમથી પ્રવ્રજ્યાયોગ્યને કહેવાની ઇચ્છાથી કહે છે –

સૂત્ર :-

अथ प्रव्रज्यार्हः-आर्यदेशोत्पन्नः १, विशिष्टजातिकुलान्वितः २, क्षीणप्राय-कर्ममलः ३, तत एव विमलबुद्धिः ४, 'दुर्लभं मानुष्यम्, जन्म मरणनिमित्तम्, संपदश्चपलाः, विषया दुःखहेतवः, संयोगे वियोगः, प्रतिक्षणं मरणम्, दारुणो विपाकः' इत्यवगतसंसारनैर्गुण्यः ५, तत एव तद्विरक्तः ६, प्रतनुकषायः ७, अल्पहास्यादिः ८, कृतज्ञः ९, विनीतः १०, प्रागपि राजाऽमात्यपौरजनबहुमतः ११, अद्रोहकारी १२, कल्याणाङ्गः १३, श्राद्धः १४, स्थिरः १५, समुपसम्पन्न १६ श्चेति ।।३/२२९।।

સૂત્રાર્થ :-

હવે પ્રવ્રજ્યાયોગ્ય કહે છે – (૧) આર્યદેશમાં ઉત્પન્ન થયેલો (૨) વિશિષ્ટ જાતિ-કુળથી યુક્ત (૩) ક્ષીણપ્રાયઃ કર્મમલવાળો (૪), તેથી જ=ક્ષીણપ્રાયઃ કર્મમલવાળો છે તેથી જ, વિમલબુદ્ધિવાળો (૫) દુર્લભ મનુષ્યપણું છે. જન્મ-મરણનું નિમિત્ત છે, સંપત્તિઓ ચલ છે=અસ્થિર છે. વિષયો દુઃખના હેતુ છે. સંયોગમાં વિયોગ છે. પ્રતિક્ષણ મરણ છે=પ્રતિક્ષણ આયુષ્યનો ક્ષય થતો હોવાથી જીવ મૃત્યુ તરફ જાય છે. દારુણ વિપાક છે=મૃત્યુનો વિપાક દારુણ છે એ પ્રકારે, જાણ્યો છે સંસારનો નિર્ગુણ ભાવ જેણે એવો. (૬) તેથી જ=સંસારના નિર્ગુણ ભાવને જાણનારો હોવાથી જ તેનાથી વિરક્ત=સંસારથી વિરક્ત, (૭) અલ્પ કષાયવાળો, (૮) અલ્પ હાસ્યાદિવાળો (૯) કૃતજ્ઞ=કરાયેલા ઉપકારને જાણનારો (૧૦) વિનીત=ગુણવાન પ્રત્યે વિનયવાળો (૧૧) પૂર્વમાં પણ=દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે પણ રાજા, મંત્રી, નગરના જનોને બહુમત=ઉચિત પ્રવૃત્તિ કરનારો હોવાથી સર્વને યોગ્ય તરીકે સંમત (૧૨) અદ્રોહકારી=કોઈને દ્રોહ ન કરે તેવી ઉત્તમ પ્રકૃત્તિવાળો. (૧૩) કલ્યાણ અંગ=શરીરનાં બધાં અંગોની વિકલતા વગરનો. (૧૪) શ્રાદ્ધ=ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળો. (૧૫) સ્થિર=ચંચલતારહિત (૧૬) સમુપસંપન્ન=સમ્યગ્ રીતે સંયમ ગ્રહણ કરવા માટે ગુરુ પાસે આવેલો, જીવ પ્રવ્રજ્યાને યોગ્ય છે.

इति શબ્દ પ્રવ્રજ્યાને યોગ્ય જીવના ગુણોની સમાપ્તિ અર્થે છે. ।।૩/૨૨૯।।

ટીકા :-

एतत् सर्वं सुगमम्, परम् अथेत्यान्तर्यार्थः, 'प्रव्रजनं' पापेभ्यः प्रकर्षेण शुद्धचरणयोगेषु 'व्रजनं' गमनं प्रव्रज्या, तस्या 'अर्हः' योग्यः 'प्रव्रज्यार्हो' जीवः, कीदृशः इत्याह–'आर्यदेशोत्पन्नः' मगधाद्यर्धषड्विंशतितममण्डलमध्यलब्धजन्मा, तथा 'विशिष्टजातिकुलान्वितः' विशुद्धवैवाह्य-चतुर्वर्णान्तर्गतमातृपितृपक्षरूपजातिकुलसम्पन्नः, तथा 'क्षीणप्रायकर्ममलः, क्षीणप्रायः' उत्सन्नप्रायः

'कर्ममलो' ज्ञानावरणमोहनीयादिरूपो यस्य स तथा, 'तत एव विमलबुद्धिः' यत एव क्षीणप्रायकर्ममलः तत एव हेतोः 'विमलबुद्धिः' निर्मलीमसमतिः, प्रतिक्षणं मरणमिति समयप्रसिद्धावीचिमरणापेक्षयेति, पठ्यते च –

"यामेव रात्रिं प्रथमामुपैति गर्भे वसत्यै नरवीर! लोकः ।
ततः प्रभृत्यस्खलितप्रयाणः स प्रत्यहं मृत्युसमीपमेति ।।१४८।।" [ ]

'नरवीर' इति व्यासेन युधिष्ठिरस्य संबोधनमिति । 'दारुणो विपाको' मरणस्यैवेति गम्यते, सर्वाभावकारित्वात्तस्येति । 'प्रागपि' इति प्रव्रज्याप्रतिपत्तिपूर्वकाल एवेति । 'स्थिर' इति प्रारब्ध-कार्यस्यापान्तराल एव न परित्यागकारी । 'समुपसम्पन्न' इति 'समिति' सम्यग्वृत्त्या सर्वथाऽऽत्म-समर्पणरूपया 'उपसंपन्नः' सामीप्यमागत इति ।।३/२२९।।

टीकार्थ :-

एतत् सर्वं ..... सामीप्यमागत इति ।। आ सर्व=प्रव्रજ્યાયોગ્યના ૧૬ ગુણો કહ્યા એ સર્વ, સુગમ છે, પરંતુ 'अथ' એ શબ્દ આનંતર્ય અર્થમાં છે='હવે'ના અર્થમાં છે. પ્રવ્રજન=પાપથી પ્રકર્ષ દ્વારા શુદ્ધ-ચરણયોગોમાં, વ્રજન=ગમન, પ્રવ્રજ્યા છે. તેને યોગ્ય એ પ્રવ્રજ્યાયોગ્ય જીવ છે.

કેવા પ્રકારનો છે ? એથી કહે છે –

આર્યદેશમાં ઉત્પન્ન છે=મગધ આદિ સાડા છવ્વીસ મંડલના મધ્યમાં પ્રાપ્ત થયેલા જન્મવાળો છે. અને વિશિષ્ટ જાતિકુલથી અન્વિત છે=વિશુદ્ધ વિવાહયોગ્ય ચાર વર્ણ અંતર્ગત માતૃ-પિતૃપક્ષરૂપ જાતિથી અને કુલથી સંપન્ન છે. અને ક્ષીણપ્રાયઃ કર્મમલવાળો છે. અર્થાત્ નાશ પામ્યા છે જ્ઞાનાવરણ-મોહનીય આદિ રૂપ કર્મમલ પ્રાયઃ કરીને જેમને તે, તેવા છે=ક્ષીણપ્રાયઃ કર્મમલવાળા છે, તેથી જ વિમલબુદ્ધિવાળા છે=જે કારણથી જ ક્ષીણપ્રાયઃ કર્મમલવાળા છે તે જ હેતુથી વિમલબુદ્ધિવાળા છે. પ્રતિક્ષણ મરણ શાસ્ત્રપ્રસિદ્ધ આવીચિમરણની અપેક્ષાએ છે=આયુષ્યના પ્રતિક્ષણ થતા ક્ષયરૂપ આવીચિમરણની અપેક્ષાએ છે અને કહેવાય છે –

"જે જ રાત્રીને પ્રથમ ગર્ભમાં વસવા માટે હે નરવીર ! લોક પ્રાપ્ત કરે છે ત્યારથી માંડીને અસ્ખલિત પ્રયાણ તે પુરુષ પ્રતિદિવસ મૃત્યુ સમીપે કરે છે. ।।૧૪૮।।" ()

ઉદ્ધરણના શ્લોકમાં નરવીર એ શબ્દ વ્યાસ દ્વારા યુધિષ્ઠિરને સંબોધન છે. મરણનો જ દારુણ વિપાક છે; કેમ કે તેનું=મરણનું, સર્વ અભાવકારીપણું છે=પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં જે કાંઈ અર્થઉપાર્જન કરીને અનુકૂળ સામગ્રીનો સંચય કર્યો છે તે સર્વના અભાવને કરનારું મૃત્યુ છે, આથી દારુણ વિપાકવાળું છે.

પૂર્વમાં પણ=પ્રવ્રજ્યાના સ્વીકારના પૂર્વકાળમાં જ, રાજા આદિને બહુમત છે એમ અન્વય છે. સ્થિર=પ્રારબ્ધ કાર્યના અંતરાલમાં જ તે કાર્યના પરિત્યાગને નહિ કરનારો તે સ્થિર ગણાય. સમુપસંપન્ન શબ્દમાં 'સમ્' એ સર્વથા આત્મસમર્પણ રૂપ સમ્યગ્ વૃત્તિથી ઉપસંપન્ન=સાન્નિધ્યમાં આવેલો અર્થાત્ ગુણવાન એવા ગુરુને સર્વ પ્રકારે આત્મસમર્પણ રૂપ સમ્યગ્ વૃત્તિથી સંયમ ગ્રહણ કરવા માટે ગુરુના સામીપ્યમાં આવેલો પ્રવ્રજ્યાયોગ્ય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩/૨૨૯॥

ભાવાર્થ :-

જે શ્રાવક પ્રવ્રજ્યાગ્રહણને સન્મુખ થયેલો છે તે શ્રાવકમાં પ્રસ્તુત સૂત્રમાં બતાવાયેલા ૧૬ ગુણોની અપેક્ષા શાસ્ત્રકારો રાખે છે. તેવા ગુણવાળા જીવો ઉત્તમ પ્રકૃતિવાળા હોય છે અને સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા હોવાથી, સદા મનુષ્યપણાની દુર્લભતા આદિનો વિચાર કરીને ભવથી અત્યંત વિરક્ત થયેલા હોય છે, અને તત્ત્વના સમાલોચન દ્વારા જેઓએ કષાયો અને નોકષાયો અલ્પ કર્યા છે અને સંસારનું વાસ્તવિક સ્વરૂપ અને મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ અને મોક્ષના ઉપાયભૂત સંયમનું વાસ્તવિક સ્વરૂપ જાણીને સ્થિર શ્રદ્ધાવાળા થાય છે કે આ સંસારના ઉચ્છેદનો એક ઉપાય જિનવચન અનુસાર સેવાયેલી પ્રવ્રજ્યા છે અને પ્રકૃતિથી સાત્ત્વિક હોવાથી જે કાર્ય પોતે સ્વીકારે તેને નિષ્ઠા સુધી વહન કરે તેવા સ્થિર પરિણામવાળા છે અને ગુણવાન એવા ગુરુનો નિર્ણય કરીને તેને સમર્પિત થવા માટે સંયમ લેવા તત્પર થયા છે એવા યોગ્ય જીવો પ્રવ્રજ્યાગ્રહણ માટે શાસ્ત્રકારોને સંમત છે. **॥૩/૨૨૯॥**

અવતરણિકા :-

इत्थं प्रव्रज्यार्हमभिधाय प्रव्राजकमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=સૂત્ર-૩માં કહ્યું એ પ્રમાણે પ્રવ્રજ્યાયોગ્યને કહીને પ્રવ્રાજકને કહે છે=પ્રવ્રજ્યા આપવા યોગ્ય ગુરુનું સ્વરૂપ કહે છે –

સૂત્ર :-

गुरुपदार्हस्तु इत्थम्भूत एव-विधिप्रतिपन्नप्रव्रज्यः १, समुपासितगुरुकुलः २, अस्खलितशीलः ३, सम्यगधीतागमः ४, तत एव विमलतरबोधात्तत्त्ववेदी ५, उपशान्तः ६, प्रवचनवत्सलः ७, सत्त्वहितरतः ८, आदेयः ९, अनुवर्तकः १०, गम्भीरः ११, अविषादी १२, उपशमलब्ध्यादिसम्पन्नः १३, प्रवचनार्थवक्ता १४, स्वगुर्वनुज्ञातगुरुपद १५ श्चेति ॥४/२३०॥

સૂત્રાર્થ :-

વળી, ગુરુપદને યોગ્ય આવા પ્રકારનો જ છે=આગળમાં બતાવે છે એવા સ્વરૂપવાળો જ છે - (૧) વિધિપૂર્વક સ્વીકારાયેલી પ્રવ્રજ્યાવાળા (૨) સમુપાસિત ગુરુકુલવાળા (૩) અસ્ખલિત શીલવાળા (૪) સમ્યગ્ રીતે ભણેલા આગમવાળા (૫) તેનાથી જ=સમ્યગ્ આગમનો અભ્યાસ કરેલો હોવાથી જ વિમલતર બોધ હોવાને કારણે=દીક્ષા લેતી વખતે જે વિમલતર બોધ હતો તેનાથી ઘણો અધિક વિમલતર બોધ હોવાને કારણે, તત્ત્વનાં જાણનારા (૬) ઉપશાંત પરિણામવાળા (૭) પ્રવચન પ્રત્યે વાત્સલ્યવાળા=ભગવાનના વચન પ્રત્યે અત્યંત રાગવાળા (૮) જીવોના હિતમાં રતિવાળા (૯) આદેય=ઉત્તમ પ્રકૃતિ હોવાથી લોકોમાં જેમનું વચન સ્વીકાર્ય થાય તેવા (૧૦) અનુવર્તક=શિષ્યોને જિનવચન અનુસાર યોગમાર્ગમાં પ્રવર્તક (૧૧) ગંભીર=તત્ત્વથી ભાવિત હોવાથી વિકાર વગરના (૧૨) અવિષાદી=પ્રતિકૂળ સંયોગોમાં વિષાદ વગરના (૧૩) ઉપશમલબ્ધિ આદિથી સંપન્ન (૧૪) પ્રવચનના અર્થને કહેનારા=જિનવચન અનુસાર શાસ્ત્રીય પદાર્થોને કહેનારા અને (૧૫) સ્વગુરુથી અનુજ્ઞાત ગુરુપદવાળા.

'इति' શબ્દ ગુરુ બનવાને લાયક જીવના ગુણોની સમાપ્તિ અર્થે છે. ।।૪/૨૩૦।।

ટીકા :-

'गुरुपदार्हः' પ્રવ્રાજકપદયોગ્યઃ, 'तुः' પૂર્વસ્માદ્ વિશેષણાર્થઃ, 'इत्थम्भूत एव' પ્રવ્રજ્યાર્હગુણયુક્ત એવ સન્ ન પુનરન્યાદૃશોઽપિ, તસ્ય સ્વયં નિર્ગુણત્વેન પ્રવ્રાજ્યજીવગુણબીજનિક્ષેપકરણાયોગાત્, કિમિત્યાહ -'विधिप्रतिपन्नप्रव्रज्यः' વક્ષ્યમાણક્રમાધિગતદીક્ષઃ, 'समुपासितगुरुकुलः' વિધિવદારાધિતગુરુપરિવાર-ભાવઃ, 'अस्खलितशीलः' પ્રવ્રજ્યાપ્રતિપત્તિપ્રભૃત્યેવાખણ્ડિતવ્રતઃ, 'सम्यगधीतागमः' સૂત્રાર્થોભયજ્ઞાન-ક્રિયાદિગુણભાજો ગુરોરાસેવનેનાધિગતપારગતગદિતાગમરહસ્યઃ, यतः पठ्यते –

"तित्थे सुत्तत्थाणं गहणं विहिणा उ तत्थ तित्थमिदं ।
उभयन्नू चेव गुरू विही उ विणयाइओ चित्तो ।।१४९।।
उभयन्नू वि य किरियापरो दढं पवयणाणुरागी य ।
ससमयपरूवगो परिणओ य पन्नो य अच्चत्थं ।।१५०।।" **[उपदेशपदे ८५१-८५२] त्ति ।**

[तीर्थे सूत्रार्थयोर्ग्रहणं विधिनैव तत्र तीर्थमिदम् ।
उभयज्ञ एव गुरुः विधिस्तु विनयादिकश्चित्रः ।।१।।
उभयज्ञोऽपि च क्रियापरो दृढं प्रवचनानुरागी च ।
स्वसमयप्ररूपकः परिणतश्च प्राज्ञश्चाऽत्यर्थम् ।।२।।]

'तत एव' सम्यगधीतागमत्वादेव हेतोर्यो 'विमलतरो बोधः' शेषान् सम्यगधीतागमानपेक्ष्य स्फुटतरः प्रज्ञोन्मीलः तस्मात् सकाशात् 'तत्त्ववेदी' जीवादिवस्तुविज्ञाता, 'उपशान्तः' मनोवाक्कायविकारविकलः, 'प्रवचनवत्सलः' यथानुरूपं साधुसाध्वीश्रावकश्राविकारूपचतुर्वर्णश्रमणसङ्घवात्सल्यविधायी, 'सत्त्वहितरतः' तत्तच्चित्रोपायोपादानेन सामान्येन सर्वसत्त्वप्रियकरणपरायणः, 'आदेयः' परेषां ग्राह्यवचनचेष्टः, 'अनुवर्तकः' चित्रस्वभावानां प्राणिनां गुणान्तराधानधियाऽनुवृत्तिशीलः, 'गम्भीरः' रोषतोषाद्यवस्थायामप्यलब्धमध्यः, 'अविषादी' न परीषहाद्यभिभूतः कायसंरक्षणादौ दैन्यमुपयाति, 'उपशमलब्ध्यादिसंपन्नः, उपशमलब्धिः' परमुपशमयितुं सामर्थ्यलक्षणा, 'आदि'शब्दादुपकरणलब्धिः स्थिरहस्तलब्धिश्च गृह्यते, ततस्ताभिः 'संपन्नः' समन्वितः 'प्रवचनार्थवक्ता' यथावस्थितागमार्थप्रज्ञापकः, 'स्वगुर्वनुज्ञातगुरुपदः, स्वगुरुणा' स्वगच्छनायकेनानुज्ञातगुरुपदः समारोपिताचार्यपदवीकः, 'च'कारो विशेषणसमुच्चये, 'इति'शब्दो गुरुगुणेयत्तासूचकः । अत्र षोडश प्रव्रज्यार्हगुणाः, पञ्चदश पुनर्गुरुगुणा निरूपिता इति ।।४/२३०।।

ટીકાર્થ :-

'गुरुपदार्हः' ..... निरूपिता इति ।। ગુરુપદને યોગ્ય=પ્રવ્રજ્યા આપવાને યોગ્ય 'तुः' શબ્દ પૂર્વથી વિશેષણના અર્થવાળો છે=પ્રવ્રજ્યાયોગ્ય જીવોના ગુણો બતાવ્યા તેનાથી વિશેષ ગુણવાળા ગુરુપદ યોગ્ય છે તે બતાવવા માટે છે. આવા પ્રકારના જ=પૂર્વમાં બતાવેલ છે એવા પ્રકારના જ, પ્રવ્રજ્યાયોગ્ય ગુણયુક્ત જ, છતાં ગુરુપદને યોગ્ય છે, અન્ય પ્રકારના પણ નહિ; કેમ કે તેનું=આવા ગુણોથી રહિત ગુરુનું, સ્વયં નિર્ગુણપણું હોવાને કારણે પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર જીવમાં ગુણનાં બીજના નિક્ષેપકરણનો અયોગ છે.

કેવા પ્રકારના=પ્રવ્રજ્યાયોગ્યગુણયુક્ત પણ કેવા પ્રકારના, ગુરુપદયોગ્ય છે ? એથી કહે છે –

વિધિપૂર્વક સ્વીકારાયેલી દીક્ષાવાળા=આગળમાં કહેવાશે એ ક્રમથી પ્રાપ્ત કરાયેલી દીક્ષાવાળા. (૨) સમુપાસિત ગુરુકુલવાળા=વિધિપૂર્વક આરાધના કરાયેલા ગુરુના પરિવારના ભાવવાળા (૩) અસ્ખલિત શીલવાળા=પ્રવ્રજ્યાના સ્વીકારથી માંડીને જ અખંડિત વ્રતવાળા. (૪) સમ્યગ્ રીતે ભણેલા આગમવાળા=સૂત્ર, અર્થ, ઉભયનું જ્ઞાન અને ક્રિયાદિ ગુણવાળા ગુરુના આસેવનથી પ્રાપ્ત કરાયેલા ભગવદ્કથિત આગમના રહસ્યવાળા, જે કારણથી કહેવાયું છે –

"તીર્થમાં=તીર્થસ્વરૂપ ગુરુ પાસે, વિધિપૂર્વક, સૂત્રાર્થનું ગ્રહણ, ત્યાં=સૂત્રના અવયવમાં, તીર્થ આ છે=ઉભયને જાણનારા=સૂત્ર-અર્થ ઉભયને જાણનારા, ગુરુ=વ્યાખ્યાતા સાધુ તીર્થ છે. વિધિ=સૂત્ર-અર્થના ગ્રહણના વિષયમાં વિધિ, વિનય આદિ અનેક પ્રકારની છે. ।।૧૪૯।।

ઉભયને જાણનારા પણ=સૂત્ર-અર્થને જાણનારા પણ ગુરુ, ક્રિયામાં તત્પર=સંયમની ક્રિયામાં બદ્ધલક્ષ્યવાળા, દૃઢ પ્રવચનના અનુરાગી, સ્વસમયના પ્રજ્ઞાપક=ભગવાનનાં શાસ્ત્રોના પદાર્થોને યથાર્થ સમજાવનારા, પરિણત=વ્રતથી

અને વયથી પરિણત, અત્યંત પ્રાજ્ઞ એવા ગુરુ દીક્ષા આપવાને યોગ્ય છે. ॥૧૫૦॥" (ઉપદેશપદ૦ ૮૫૧-૮૫૨)

(૫) તેનાથી જ=સમ્યગ્ રીતે શાસ્ત્ર ભણેલા હોવાથી જ, જે વિમલતર બોધ=શેષ એવા સમ્યગ્ ભણેલા આગમની અપેક્ષાએ સ્પષ્ટતર પ્રજ્ઞાનું ઉન્મીલન, તેના કારણે તત્ત્વવેદી=જીવાદિ વસ્તુના જાણનારા (૬) ઉપશાંત=મન-વચન-કાયાના વિકારોથી રહિત (૭) પ્રવચનના વાત્સલ્યવાળા=યોગ્યતાને અનુરૂપ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વર્ણ રૂપ શ્રમણ સંઘના હિતને કરનારા, (૮) સત્ત્વહિતમાં રત=તે તે પ્રકારના ચિત્ર ઉપાયના સેવન દ્વારા સામાન્યથી સર્વજીવોના પ્રિયને કરવામાં પરાયણ. (૯) આદેય=બીજાને ગ્રાહ્ય વચનની ચેષ્ટાવાળા (૧૦) અનુવર્તક=જુદા જુદા સ્વભાવવાળા જીવોના ગુણાન્તરના આધાનની બુદ્ધિથી યોગમાર્ગમાં પ્રવર્તાવવાના સ્વભાવવાળા, (૧૧) ગંભીર=રોષતોષ આદિ અવસ્થામાં પણ અલબ્ધ મધ્યવાળા. (૧૨) અવિષાદી=પરીષહાદિથી અભિભૂત કાયરક્ષણાદિમાં દીનતાને નહિ પામનારા (૧૩) ઉપશમલબ્ધિ આદિથી સંપન્ન=બીજાને કષાયોથી ઉપશાંત કરવાના સામર્થ્યવાળા. આદિ શબ્દથી ઉપકરણલબ્ધિ અને સ્થિરહસ્તલબ્ધિનું ગ્રહણ છે, તેથી તે લબ્ધિઓથી સમન્વિત છે. (૧૪) પ્રવચનાર્થવક્તા=જે પ્રમાણે આગમના પદાર્થો રહેલા છે તે પ્રમાણે અર્થને બતાવનારા (૧૫) સ્વગુરુથી અનુજ્ઞાત ગુરુપદવાળા=સ્વગચ્છના નાયક એવા સ્વગુરુથી સમારોપિત આચાર્ય પદવીવાળા. 'ચ'કાર શબ્દ ગુરુનાં બધાં વિશેષણનાં સમુચ્ચયમાં છે.

'ઇતિ' શબ્દ ગુરુના ગુણોની મર્યાદાનું સૂચક છે.

અહીં પ્રવ્રજ્યાયોગ્યના ૧૬ ગુણો, વળી ગુરુનાં ૧૫ ગુણો નિરૂપિત કરાયા.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪/૨૩૦॥

ભાવાર્થ :-

ગુણવાન ગુરુ પ્રવ્રજ્યા આપીને શિષ્યોને મોક્ષમાર્ગમાં દૃઢ પ્રવર્તાવી શકે તેવી શક્તિવાળા હોય તો જ ગુરુપદને યોગ્ય છે. અન્યથા પોતાનામાં આરાધક ભાવ હોય તો પોતે આરાધના કરી શકે પરંતુ અન્યને યોગમાર્ગમાં પ્રવર્તાવી શકે નહિ, તેથી કલ્યાણના અર્થી દીક્ષા લેનારને ગુરુના ગુણોનું પરિજ્ઞાન કરીને એવા યોગ્ય ગુરુ પાસે જ દીક્ષા ગ્રહણ કરવી જોઈએ, જેથી કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. તેવા ગુરુ માટે પ્રસ્તુત સૂત્રમાં ૧૫ ગુણો બતાવેલ છે. તેવા ગુણવાળા, કાળને ઉચિત ગુરુ પાસે દીક્ષા લેવી જોઈએ. **॥૪/૨૩૦॥**

અવતરણિકા :-

उत्सर्गपक्षश्चायम्, अथात्रैवापवादमाह –

અવતરણિકાર્થ :-

અને આ=દીક્ષા લેનારના અને દીક્ષા આપનારના જે ગુણો બતાવ્યા છે એ, ઉત્સર્ગમાર્ગ છે. હવે આમાં જ=દીક્ષા લેનાર અને દીક્ષા આપનારમાં જ, અપવાદને કહે છે –

ભાવાર્થ :-

ઉત્સર્ગથી પ્રવ્રજ્યાયોગ્યના બધા ગુણો દીક્ષા લેનારમાં હોય અને ગુરુયોગ્ય એવા બધા ગુણો દીક્ષા આપનારમાં હોય તે એકાંતે શ્રેય છે, તેથી ઉત્સર્ગમાર્ગ છે. આમ છતાં પણ ગુણોથી યુક્ત પરંતુ કાંઈક ગુણોથી ન્યૂનતાને કારણે દીક્ષા આપવામાં ન આવે તો તે જીવનું હિત થઈ શકે નહિ અને કાળના દોષને કારણે સર્વગુણોથી યુક્ત ગુરુ ન મળે તોપણ ઘણા ગુણોથી યુક્ત ગુરુને સ્વીકારવાથી હિત થઈ શકે, તેથી તેવા સંયોગમાં દીક્ષા લેનારના હિત અર્થે અપવાદમાર્ગને બતાવે છે –

સૂત્ર :-

पादार्द्धगुणहीनौ मध्यमाऽवरौ ।।५/२३१।।

સૂત્રાર્થ :-

પાદથી અથવા અર્ધગુણથી હીન, મધ્યમ અને જઘન્ય દીક્ષા આપનાર અને દીક્ષા લેનાર જાણવા. ।।૫/૨૩૧।।

ટીકા :-

'पादेन' चतुर्थभागेन 'अर्द्धेन' च प्रतीतरूपेण प्रस्तुत'गुणानां हीनौ' न्यूनौ प्रव्राज्यप्रव्राजकौ 'मध्यमाऽवरौ' मध्यमजघन्यौ क्रमेण योग्यौ स्यातामिति ।।५/२३१।।

ટીકાર્થ :-

'पादेन' ..... स्यातामिति ।। પાદથી=ચતુર્થભાગથી અને પ્રતીતરૂપ એવા અર્ધભાગથી પ્રસ્તુત ગુણોની હીનતામાં=ન્યૂનતામાં પ્રવ્રજ્યા લેનાર અને પ્રવ્રજ્યા આપનાર મધ્યમ અને અપર જાણવા=મધ્યમ અને જઘન્ય ક્રમથી યોગ્ય જાણવા.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫/૨૩૧।।

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કરાયેલા ૧૬ ગુણો જેમાં હોય તેવો જીવ સંયમ લેવા માટે અત્યંત યોગ્ય છે અને પૂર્વમાં વર્ણન કર્યું એવા ૧૫ ગુણો ગુરુમાં હોય તો તે દીક્ષા આપવા માટે અત્યંત યોગ્ય છે, તેથી તેવા ઉત્તમ ગુરુને પામીને પૂર્ણ યોગ્યતાવાળો દીક્ષા લેનાર જીવ એકાંતે હિતને સાધી શકે છે, તેથી ઉત્સર્ગથી તેવા જ જીવો દીક્ષા લેવા યોગ્ય છે અને ઉત્સર્ગથી તેવા જ ગુરુ દીક્ષા આપવાના અધિકારી છે અને કાળના દોષના કારણે દીક્ષા લેનાર જીવ ભવવિરક્ત આદિ અનેક ભાવો ધરાવતા હોય છતાં કોઈક અલ્પગુણોની ખામીના કારણે તેઓને અપવાદથી દીક્ષા અપાય છે તેમાં જે ૧૬ ગુણો કહ્યા તે ગુણોમાંથી ચોથા ભાગના ગુણોથી હીન હોય તો તે દીક્ષા લેનાર મધ્યમ કક્ષાની યોગ્યતાવાળો કહેવાય અને અર્ધા ભાગના ગુણોથી હીન હોય તે દીક્ષા લેનાર જઘન્ય યોગ્યતાવાળો કહેવાય. અને તેવા જીવો દીક્ષા લીધા પછી વિશેષ પ્રકારના ગુરુના શ્રમથી

ગુણવૃદ્ધિ કરી શકે છે.

વળી, દીક્ષા લેનારના કલ્યાણના પ્રબળ અંગભૂત ગુરુ પણ સર્વગુણોથી યુક્ત હોય તો શિષ્યને સન્માર્ગમાં તેની શક્તિ અનુસાર પૂર્ણ રીતે પ્રવર્તાવીને એકાંતે હિતનું કારણ બને છે. આમ છતાં કોઈક ગુરુ પૂર્વમાં બતાવેલા ગુણોમાંથી ચોથા ભાગથી ન્યૂન હોય તો દીક્ષાને આપવાને યોગ્ય મધ્યમ કક્ષાના છે. અને અર્ધગુણોથી ન્યૂન હોય તે ગુરુ દીક્ષાને આપવાને યોગ્ય જઘન્ય કક્ષાના છે, તેથી તેવા ગુરુથી શિષ્યનું હિત પણ તે પ્રમાણે જ થઈ શકે. છતાં અન્ય ઉપાય ન હોય તો અપવાદથી તેવા ગુરુનો આશ્રય કરવો ઉચિત છે. **॥૫/૨૩૧॥**

અવતરણિકા :-

અથૈતસ્મિન્નેવાર્થે પરતીર્થિકમતાનિ દશ સ્વમતં ચોપદર્શયિતુમિચ્છુઃ 'નિયમ એવાયમિતિ વાયુઃ' ઇત્યાદિકં 'ભવન્તિ અલ્પા અપિ ગુણાઃ કલ્યાણોત્કર્ષસાધકાઃ' ઇત્યેતત્પર્યન્તં સૂત્રકદમ્બકમાહ –

અવતરણિકાર્થ :-

હવે આ જ અર્થમાં=દીક્ષા લેનાર અને દીક્ષા આપનારની અપવાદિક યોગ્યતા સૂત્ર-૫માં બતાવી એ જ અર્થમાં, દશ પરતીર્થિકના મતને અને સ્વમતને દેખાડવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી 'નિયમ જ આ છે એ પ્રમાણે વાયુ કહે છે' (સૂત્ર-૬) ઇત્યાદિ સૂત્રથી માંડીને 'અલ્પ પણ ગુણો કલ્યાણના ઉત્કર્ષના સાધક થાય છે' (સૂત્ર-૨૧). ત્યાં સુધીના સૂત્રસમૂહને કહે છે –

સૂત્ર :-

नियम एवायमिति वायुः ।।६/२३२।।

સૂત્રાર્થ :-

નિયમ જ આ છે=પરિપૂર્ણ ગુણથી યુક્ત યોગ્ય હોય છે એ પ્રકારનો નિયમ જ છે, એ પ્રમાણે વાયુ નામના પ્રવાદિ વિશેષ કહે છે. ॥૬/૨૩૨॥

ટીકા :-

'नियम एव' अवश्यम्भाव एव 'अयं' यदुत परिपूर्णगुणो योग्यो नापरः पादप्रमाणादिहीनगुणः स्याद् 'इत्येवं वायुः' वायुनामा प्रवादिविशेषः, प्राहेति सर्वत्र क्रिया गम्यते ।।६/२३२।।

ટીકાર્થ :-

'नियम ..... गम्यते ।। નિયમ જ=અવશ્યંભાવ જ આ છે અને તે નિયમ જ, 'યદુત'થી કહે છે - પરિપૂર્ણ ગુણથી યુક્ત "પા ભાગ પ્રમાણ" આદિ હીનગુણવાળો અપર નહિ એ પ્રમાણે વાયુ નામનો પ્રવાદિવિશેષ કહે છે – 'કહે છે' એ પ્રમાણે આગળનાં સર્વસૂત્રોમાં ક્રિયાપદ અધ્યાહાર છે. ॥૬/૨૩૨॥

ભાવાર્થ :-

વાયુ નામના કોઈ દર્શનકારશ્રી એક નયની દૃષ્ટિથી વાસિત હોવાથી કહે છે – જેમને દીક્ષા આપવી હોય તે દીક્ષા લેનાર પુરુષમાં શાસ્ત્રકારે જેટલા ગુણો કહ્યા છે અને જે દીક્ષા આપનાર ગુરુ છે તેના માટે શાસ્ત્રે જેટલા ગુણો કહ્યા છે તે ગુણોવાળા જ દીક્ષા લેવા માટે અને દીક્ષા આપવા માટે અધિકારી છે, પરંતુ દીક્ષા લેનારના કે દીક્ષા આપનારના બતાવેલા ગુણોમાંથી કોઈપણ ગુણમાં ન્યૂનતા હોય તો તે દીક્ષા લેનાર કે દીક્ષા આપનાર અધિકારી નથી અર્થાત્ પૂર્ણ ગુણથી યુક્ત જ પુરુષ દીક્ષા લેવા માટે અને પૂર્ણ ગુણથી યુક્ત જ ગુરુ દીક્ષા આપવા માટે અધિકારી છે. **॥૬/૨૩૨॥**

અવતરણિકા :-

કુત ? ઇત્યાહ –

અવતરણિકાર્થ :-

કેમ પૂર્ણગુણથી યુક્ત જ દીક્ષા આપવાના અધિકારી છે ? એથી કહે છે –

સૂત્ર :-

समग्रगुणसाध्यस्य तदर्द्धभावेऽपि तत्सिद्ध्यसम्भवाद् ।।७/२३३ ।।

સૂત્રાર્થ :-

સમગ્ર ગુણથી સાધ્યની=સમગ્ર ગુણથી સાધ્ય એવા કાર્યની તેના અર્ધભાવમાં પણ=કારણ ગુણના અર્ધભાવમાં પણ, તેની સિદ્ધિનો અસંભવ છે=કાર્યની સિદ્ધિનો અસંભવ છે. ॥૭/૨૩૩॥

ટીકા :-

'समग्रगुणसाध्यस्य' कारणरूपसमस्तगुणनिष्पाद्यस्य कार्यस्य 'तदर्द्धभावेऽपि' तेषां गुणानामर्द्धभावे उपलक्षणत्वात् पादहीनभावे च 'तत्सिद्ध्यसंभवात् तस्माद्' गुणार्द्धात् पादोनगुणभावाद्वा या 'सिद्धिः' निष्पत्तिः तस्या 'असंभवाद्' अघटनात्, अन्यथा कार्यकारणव्यवस्थोपरमः प्रसज्यत इति ।।७/२३३।।

ટીકાર્થ :-

'समग्रगुणसाध्यस्य' ..... प्रसज्यत इति ।। સમગ્ર ગુણસાધ્યની=કારણરૂપ સમસ્ત ગુણથી નિષ્પાદ્ય એવા કાર્યની, તેના અર્ધભાવમાં પણ=કારણ ગુણના અર્ધભાવમાં પણ, અને ઉપલક્ષણથી પા ભાગ હીન એવા પોણા ભાગમાં પણ, તેની સિદ્ધિનો અસંભવ છે=કાર્યની નિષ્પત્તિનો અસંભવ છે.

'तत्सिद्ध्यसंभवात्'નો સમાસ સ્પષ્ટ કરે છે –

તેનાથી=ગુણ અર્ધથી કે પા ભાગ ન્યૂન ગુણના ભાવથી જે સિદ્ધિ છે=જે નિષ્પત્તિ પ્રસ્તુત એવા પૂર્ણ ગુણોરૂપ કારણથી અપેક્ષિત છે તેનો, અસંભવ છે. અન્યથા=તેવું ન સ્વીકારો તો, કાર્ય-કારણની વ્યવસ્થાનો લોપ પ્રાપ્ત થશે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૭/૨૩૩॥

ભાવાર્થ :-

વાયુ નામના ચિંતક કહે છે – કાર્ય હંમેશાં કારણથી થાય છે અને કારણમાં કાર્યને અનુરૂપ પૂર્ણ ગુણો ન હોય તો તે કારણથી અપેક્ષિત એવું કાર્ય નિષ્પન્ન થતું નથી. માટે દીક્ષા લેવાને યોગ્ય પુરુષના જે ગુણો શાસ્ત્રકારે કહ્યા છે તેમાંથી કોઈપણ ગુણ ન્યૂન હોય તો તે દીક્ષા લેવા માટે અધિકારી નથી. અને દીક્ષા આપવા માટે જે ગુરુના ગુણો કહ્યા છે તેમાંથી કોઈપણ ગુણ ન્યૂન હોય તો તે દીક્ષા આપવા માટે અધિકારી નથી. માટે પૂર્ણગુણવાળો પુરુષ દીક્ષા લેવા માટે યોગ્ય છે અને પૂર્ણગુણવાળો ગુરુ જ દીક્ષા આપવા માટે યોગ્ય છે. આ કથન કોઈક નયદૃષ્ટિથી સત્ય છે, એકાંત સત્ય નથી; કેમ કે પૂર્ણગુણવાળો જે રીતે હિત સાધી શકે તે રીતે પ્રાયઃ અન્ય જીવો તે પ્રકારે હિત સાધી શકતા નથી તોપણ તે સ્વીકારમાં એકાંત નથી. **॥૭/૨૩૩॥**

સૂત્ર :-

नैतदेवमिति वाल्मीकिः ।।૮/૨૩૪।।

સૂત્રાર્થ :-

આ=વાયુએ કહ્યું એ, એ પ્રમાણે નથી જ એ પ્રમાણે વાલ્મીકિ ઋષિ કહે છે. ॥૮/૨૩૪॥

ટીકા :-

'न' नैव 'एतत्' वायूक्तमिति एतत् प्राह 'वाल्मीकिः' वल्मीकोद्भवः ऋषिविशेषः ।।૮/૨૩૪।।

ટીકાર્થ :-

'न' ..... ऋषिविशेषः ।। આ=વાયુએ કહ્યું એ, એ પ્રમાણે નથી જ એ પ્રમાણે વાલ્મીકિ ઋષિ કહે છે=વલ્મીકમાંથી ઉદ્ભવ એવા ઋષિવિશેષ કહે છે. ॥૮/૨૩૪॥

ભાવાર્થ :-

વાયુ નામના ચિંતકે કહેલું કે પૂર્ણગુણવાળા પુરુષ જ દીક્ષા માટે યોગ્ય છે અને પૂર્ણગુણવાળા ગુરુ જ દીક્ષા આપવા માટે અધિકારી છે અન્ય નહીં, એ વસ્તુ એ પ્રમાણે નથી એમ વાલ્મીકિ કહે છે અર્થાત્ વાયુનું તે વચન પ્રમાણિક નથી. **॥૮/૨૩૪॥**

અવતરણિકા :-

કુત ? ઇત્યાહ –

અવતરણિકાર્થ :-

કેમ વાયુનું વચન પ્રમાણિક નથી ? એથી કહે છે –

સૂત્ર :-

निर्गुणस्य कथञ्चित्तद्गुणभावोपपत्तेः ।।९/२३५।।

સૂત્રાર્થ :-

નિર્ગુણને પણ=દીક્ષા આપવા યોગ્ય એવા ગુણરહિતને પણ, કોઈક રીતે તે ગુણના ભાવની ઉપપત્તિ છે=દીક્ષાના કાર્યભૂત સમગ્રગુણના ભાવની ઉપપત્તિ છે. ।।૯/૨૩૫।।

ટીકા :-

'निर्गुणस्य' सतो जीवस्य 'कथञ्चित्' केनापि प्रकारेण स्वगतयोग्यताविशेषलक्षणेन प्रथमं 'तद्गुणभावोपपत्तेः' तेषां समग्राणां प्रव्राज्यगुणानां प्रव्राजकगुणानां वा 'भावोपपत्तेः' घटनासम्भवात्, तथाहि–यथा निर्गुणोऽपि सन् जन्तुर्विशिष्टकार्यहेतून् प्रथमं गुणान् लभते तथा यदि तद्गुणाभावेऽपि कथञ्चिद्विशिष्टमेव कार्यं लप्स्यते तदा को नाम विरोधः स्यात्?, दृश्यते च दरिद्रस्यापि कस्यचिदकस्मादेव राज्यादिविभूतिलाभ इति ।।९/२३५।।

ટીકાર્થ :-

'निर्गुणस्य' ..... इति ।। निर्गुण छतां जीवने कोईक रीते=कोईक प्रकारथी=स्वगत योग्यता विशेषરૂપ कोईक प्रकारथी=दीक्षा पूर्वे सर्वथा योग्यता नहि होवा छतां दीक्षा ग्रहण कर्या पछी शीघ्र विशेष प्रकारना सात्त्विक भावने प्राप्त करे तेवा प्रकारनी स्वगत योग्यता विशेष प्रकारथी, प्रथम तद्गुणभावनी उपपत्ति होवाना कारणे=ते समग्र प्रव्राज्य गुणोना अथवा समग्र प्रव्राजक गुणोना भावनी उपपत्ति होवाना कारणे=जीवमां योजननो संभव होवाने कारणे, वायुए कह्युं ते युक्त नथी एम पूर्वसूत्र साथे संबंध छे.

નિર્ગુણ એવા જીવમાં પણ ક્યારેક સમગ્ર ગુણો પ્રગટે છે તે 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે નિર્ગુણ પણ એવો જીવ વિશિષ્ટ કાર્યના હેતુ એવા ગુણોને પ્રથમ જ પ્રાપ્ત કરે છે=પૂર્વમાં ન હોય અને તત્કાલ જ પ્રાપ્ત કરે છે. તે પ્રમાણે જો તે ગુણના અભાવમાં પણ કોઈક રીતે

વિશિષ્ટ કાર્યને જ પ્રાપ્ત કરે તો શું વિરોધ થાય ? અને દેખાય છે કે દરિદ્રને પણ કોઈક રીતે અકસ્માત્ જ રાજ્યાદિ વિભૂતિનો લાભ થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૯/૨૩૫॥

ભાવાર્થ :-

વાયુએ કહ્યું એ યુક્ત કેમ નથી એમાં વાલ્મીકિ ઋષિ યુક્તિ આપે છે – દીક્ષા લેનાર પૂર્વમાં સંપૂર્ણ નિર્ગુણ હોય છતાં કોઈક જીવમાં સ્વગત એવી યોગ્યતાવિશેષ હોય છે કે જેથી પ્રવ્રજ્યા ગ્રહણ કરતાની સાથે પૂર્ણગુણવાળા પુરુષ જે પ્રકારે મહાસત્ત્વથી પ્રવ્રજ્યામાં ઉદ્યમ કરે તે પ્રકારે જ નિર્ગુણ એવો પણ તે જીવ તત્કાલ તેવા ભાવને પ્રાપ્ત કરે છે.

વળી, કેટલાક દીક્ષા આપનાર ગુરુ પણ પૂર્વમાં સર્વથા નિર્ગુણ હોય અને યોગ્યને દીક્ષા આપ્યા પછી પૂર્ણગુણવાળા ગુરુ જે રીતે સ્વયં યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે અને યોગ્ય શિષ્યને યોગમાર્ગમાં પ્રવર્તાવે એવા મહાસત્ત્વવાળા બને છે, તેથી નિર્ગુણ એવા પણ ગુરુ ક્યારેક પ્રવ્રજ્યા આપવાના અધિકારી બની શકે છે. માટે વાયુએ જે નિયમ બાંધ્યો કે પૂર્ણગુણવાળા પુરુષ જ દીક્ષા લેવા માટે યોગ્ય છે અને પૂર્ણગુણવાળા ગુરુ જ દીક્ષા આપવાના અધિકારી છે તે ઉચિત નથી. **॥૯/૨૩૫॥**

સૂત્ર :-

अकारणमेतदिति व्यासः ।।१०/२३६।।

સૂત્રાર્થ :-

અકારણ=નિષ્ફળ, આ છે=વાલ્મીકિનું કથન છે, એ પ્રમાણે વ્યાસમુનિ કહે છે. ॥૧૦/૨૩૬॥

ટીકા :-

'अकारणम्' अप्रयोजनं निष्फलमित्यर्थः 'एतद्' वाल्मीकिनिरूपितं वाक्यम् 'इति' एतद् ब्रूते 'व्यासः' कृष्णद्वैपायनः ।।१०/२३६।।

ટીકાર્થ :-

'अकारणम्' ..... कृष्णद्वैपायनः ।। અકારણ=અપ્રયોજનવાળું=નિષ્ફલ, આ=વાલ્મીકિથી નિરૂપિત વાક્ય, છે, એને વ્યાસઋષિ=કૃષ્ણદ્વૈપાયન, કહે છે. ॥૧૦/૨૩૬॥

ભાવાર્થ :-

વાલ્મીકિઋષિએ કહ્યું કે નિર્ગુણ એવા કોઈક પ્રવ્રજ્યા લેનારને કે દેનારને તત્કાલ ગુણની પ્રાપ્તિ થાય છે માટે ગુણસંપન્ન જ પ્રવ્રજ્યા લેવાનો અધિકારી છે અને ગુણસંપન્ન જ પ્રવ્રજ્યા આપવાના અધિકારી છે એવો નિયમ નથી. એ પ્રકારનું વાલ્મીકિનું કથન નિષ્ફલ છે એ પ્રમાણે વ્યાસઋષિ કહે છે. **॥૧૦/૨૩૬॥**

અવતરણિકા :-

કુત ? ઇત્યાહ –

અવતરણિકાર્થ :-

કેમ વાલ્મીકિનું વચન નિષ્ફલ છે ? એથી કહે છે –

સૂત્ર :-

गुणमात्रासिद्धौ गुणान्तरभावनियमाभावात् ।।११/२३७।।

સૂત્રાર્થ :-

ગુણ માત્રની અસિદ્ધિ હોતે છતે ગુણાન્તર ભાવના નિયમનો અભાવ છે. ।।૧૧/૨૩૭।।

ટીકા :-

'गुणमात्रस्य' स्वाभाविकस्य तुच्छस्यापि गुणस्य प्रथमम् 'असिद्धौ' सत्यां 'गुणान्तरस्य' अन्यस्य गुणविशेषस्य 'भावः' उत्पादः गुणान्तरभावः, तस्य 'नियमाद्' अवश्यन्तया 'अभावाद्' असत्त्वात्, स्वानुरूपकारणपूर्वको हि कार्यव्यवहारः, यतः पठ्यते –

"नाकारणं भवेत् कार्यम्, नान्यकारणकारणम् ।
अन्यथा न व्यवस्था स्यात् कार्यकारणयोः क्वचित् ।।१५१।।" [ ]

नान्यकारणकारणमिति 'न' नैव अन्यस्य=आत्मव्यतिरिक्तस्य, कारणमन्यकारणम्, अन्यकारणं कारणं यस्य तत् तथा, पटादेः कारणं सूत्रपिण्डादिर्घटादेः कारणं न भवति इति भावः ।।११/२३७।।

ટીકાર્થ :-

'गुणमात्रस्य' ..... इति भावः ।। गुणमात्रनी=स्वाभाविक तुच्छ पण गुणनी, प्रथम असिद्धि होते छते गुणान्तरनो=अन्य गुणविशेषनो, भाव=उत्पाद अर्थात् गुणांतरनो भाव, तेनो=गुणान्तरभावनो नियमथी=अवश्यपणाथी अभाव होवाने कारणे वाल्मीकिनुं कथन निष्फल छे एम अन्वय छे. 'हि'= जे कारणथी, स्व-अनुरूप कारणपूर्वक कार्यनो व्यवहार छे. जेथी कहेवायुं छे –

"અકારણ કાર્ય થાય નહિ. અન્ય કારણ છે કારણ જેને એવું કાર્ય નથી. અન્યથા કોઈ સ્થાને કાર્યકારણની વ્યવસ્થા રહે નહિ. ।।૧૫૧।।" **()**

ઉદ્ધરણમાં આપેલ અન્ય કારણ કારણનો અર્થ ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

અન્યનું=આત્મવ્યતિરિક્તનું, કારણ તે અન્ય કારણ અને અન્ય કારણ છે કારણ જેને તે તેવું

છે=અન્ય કારણ કારણવાળું છે. અને તેવું કોઈ કાર્ય નથી જ, જેમ પટાદિનું કારણ સૂત્રપિંડાદિ ઘટાદિનું કારણ થતું નથી એ પ્રકારનો ભાવ છે. ।।૧૧/૨૩૭।।

ભાવાર્થ :-

વ્યાસઋષિ કહે છે કે દીક્ષા આપવા માટે જેનામાં લેશ પણ ગુણ ન હોય તેવા જીવોને દીક્ષાગ્રહણથી કોઈ નવા ગુણની પ્રાપ્તિ થાય તેવા નિયમનો અભાવ છે. માટે જેઓ દીક્ષા લીધા પછી સંયમના ગુણને પ્રાપ્ત કરે છે તેઓમાં અવશ્ય તેને અનુરૂપ કોઈ ગુણ હતો જ. માટે નિર્ગુણને પણ દીક્ષાથી કોઈક રીતે ગુણની પ્રાપ્તિ થાય છે એ વચન વાલ્મીકિનું અસંબદ્ધ છે.

તેમાં ટીકાકારશ્રી યુક્તિ આપે છે –

કાર્ય હંમેશાં તેને અનુરૂપ કારણપૂર્વક જ થાય છે પરંતુ કારણ વગર ક્યારેય કાર્ય થતું નથી અને અન્ય કારણની સામગ્રીથી અન્ય કાર્ય પણ થતું નથી. માટે દીક્ષા લેનાર જીવમાં કંઈક ગુણ હોય તો જ દીક્ષા પછી વિશેષ ગુણ પ્રગટ થઈ શકે.

વળી, દીક્ષા આપનાર ગુરુમાં પણ કંઈક ગુણ હોય તો દીક્ષા આપ્યા પછી શિષ્યને હિતમાર્ગમાં પ્રવર્તાવે તેવું કાર્ય તે કરે પરંતુ સર્વથા નિર્ગુણ ગુરુ શિષ્યને હિતમાં પ્રવર્તાવે તેવું કાર્ય કરી શકે નહીં. **॥૧૧/૨૩૭॥**

સૂત્ર :-

नैतदेवमिति सम्राट् ।।१२/२३८।।

સૂત્રાર્થ :-

અને આ=વ્યાસઋષિએ કહ્યું એ એ પ્રમાણે નથી, એમ સમ્રાટ નામના રાજર્ષિવિશેષ કહે છે. ।।૧૨/૨૩૮।।

ટીકા :-

'नैतदेवम्' इति प्राग्वत् 'सम्राट्' राजर्षिविशेषः प्राह ।।१२/२३८।।

ટીકાર્થ :-

'नैतदेवम्' ..... प्राह ।। આ=વ્યાસઋષિએ કહ્યું એ એ પ્રમાણે=સૂત્ર-૧૦-૧૧માં કહ્યું એ પ્રમાણે નથી એમ રાજર્ષિવિશેષ એવા સમ્રાટ કહે છે. ।।૧૨/૨૩૮।।

અવતરણિકા :-

कुत ? इत्याह –

અવતરણિકાર્થ :-

કેમ વ્યાસઋષિએ કહ્યું એ બરાબર નથી ? એથી કહે છે –

સૂત્ર :-

सम्भवादेव श्रेयस्त्वसिद्धेः ।।१३/२३९।।

સૂત્રાર્થ :-

સંભવ હોવાથી જ=યોગ્યપણું હોવાથી જ, શ્રેયપણાની સિદ્ધિ છે. ।।૧૩/૨૩૯।।

ટીકા :-

'सम्भवादेव' योग्यत्वादेव, न पुनर्गुणमात्रादेव केवलात् सम्भवविकलात्, 'श्रेयस्त्वसिद्धेः' सर्वप्रयोजनानां श्रेयोभावनिष्पत्ते, इदमुक्तं भवति–गुणमात्रे सत्यपि यावदद्यापि प्रव्राज्यादिर्जीवो विवक्षितकार्यं प्रति योग्यतां न लभते न तावत्तत्तेनारब्धमपि सिध्यति, अनधिकारित्वात्तस्य, अनधिकारिणश्च सर्वत्र कार्ये प्रतिषिद्धत्वात्, अतो योग्यतैव सर्वकार्याणां श्रेयोभावसम्पादिकेति ।।१३/२३९।।

ટીકાર્થ :-

'सम्भवादेव' ..... सम्पादिकेति ।। સંભવ હોવાથી જ=શ્રેયને અનુકૂળ અવ્યક્ત પણ યોગ્યપણું હોવાથી જ, પરંતુ સંભવવિકલ એવા કેવળ ગુણ માત્રથી નહિ, શ્રેયપણાની સિદ્ધિ છે=સર્વપ્રયોજનોના શ્રેયભાવની નિષ્પત્તિ છે.

આ કહેવાયેલું થાય છે –

ગુણમાત્ર હોવા છતાં પણ જ્યાં સુધી હજુ પણ પ્રવ્રજ્યાદિ જીવ વિવક્ષિત કાર્ય પ્રત્યે યોગ્યતાને પામે નહિ ત્યાં સુધી તે કાર્ય તેનાથી આરબ્ધ પણ સિદ્ધ થતું નથી; કેમ કે તેનું અનધિકારીપણું છે અને સર્વ કાર્યમાં અનધિકારીનો પ્રતિષેધ કરાયો છે. આથી યોગ્યતા જ સર્વ કાર્યોના શ્રેય ભાવની સંપાદિકા છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૩/૨૩૯।।

ભાવાર્થ :-

વ્યાસઋષિએ કહેલું કે અલ્પ પણ ગુણ ન હોય તો ગુણાન્તર ભાવ પ્રગટે એવો નિયમ નથી માટે અલ્પગુણવાળો જ પ્રવ્રજ્યાને માટે યોગ્ય છે, સર્વથા નિર્ગુણ નહિ.

તેનું નિરાકરણ કરતાં સમ્રાટઋષિ કહે છે –

વ્યાસઋષિએ કહ્યું તે બરાબર નથી; કેમ કે શ્રેયકારી એવી દીક્ષાને માટે તેને અનુરૂપ ગુણો જેમાં સંભવ હોય તેવા જીવને જ દીક્ષા આપવાથી શ્રેયની નિષ્પત્તિ થઈ શકે પરંતુ દીક્ષાથી શ્રેયની નિષ્પત્તિ માટે અપેક્ષિત

ગુણથી વિકલ યત્કિંચિત્ ગુણ માત્ર હોય એટલા માત્રથી જીવ દીક્ષાને યોગ્ય થઈ શકતો નથી. માટે અલ્પ પણ ગુણની સિદ્ધિ થવાથી દીક્ષાને યોગ્ય છે એમ જે વ્યાસઋષિ કહે છે તે અનુચિત છે. **॥૧૩/૨૩૯॥**

સૂત્ર :-

यत्किञ्चिदेतदिति नारदः ।।१४/२४०।।

સૂત્રાર્થ :-

આ=સમ્રાટે કહ્યું એ, યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે, એમ નારદ કહે છે. ।।૧૪/૨૪૦।।

ટીકા :-

'यत्किञ्चित्'=न किञ्चिदित्यर्थः, एतत्='सम्राडुक्तम्', इति 'नारदो' वक्ति ।।१४/२४०।।

ટીકાર્થ :-

'यत्किञ्चित्' ..... वक्ति ।। यત્કિંચિત્=કંઈ નથી=અર્થ વગરનું છે.

શું અર્થ વગરનું છે ? એથી કહે છે –

આ સમ્રાટે કહેલું અર્થ વગરનું છે, એમ નારદઋષિ કહે છે. ।।૧૪/૨૪૦।।

અવતરણિકા :-

कुत ? इत्याह –

અવતરણિકાર્થ :-

કેમ અર્થ વગરનું છે ? એથી કહે છે –

સૂત્ર :-

गुणमात्राद् गुणान्तरभावेऽप्युत्कर्षायोगात् ।।१५/२४१।।

સૂત્રાર્થ :-

ગુણમાત્રથી ગુણાન્તરના ભાવમાં પણ ઉત્કર્ષનો અયોગ છે. ।।૧૫/૨૪૧।।

ટીકા :-

'गुणमात्रात्' योग्यतामात्ररूपात् 'गुणान्तरस्य' तथाविधस्य 'भावेऽप्युत्कर्षायोगात्' उत्कृष्टानां गुणानामसम्भवात्, अन्यथा योग्यतामात्रस्य प्रायेण सर्वप्राणिनां सम्भवादुत्कृष्टगुणप्रसङ्गेन न कश्चित् सामान्यगुणः स्यात्, अतो विशिष्टैव योग्यता गुणोत्कर्षसाधिकेति सिद्धमिति ।।१५/२४१।।

ટીકાર્થ :-

'गुणमात्रात्' ..... सिद्धमिति ।। ગુણમાત્રથી=યોગ્યતા માત્રરૂપ ગુણમાત્રથી=પ્રવ્રજ્યાને અનુકૂળ એવી યોગ્યતા નહિ હોવા છતાં પ્રાથમિક ભૂમિકાની યોગ્યતા માત્રરૂપ ગુણમાત્રથી, ગુણાન્તરના=તેવા પ્રકારના ગુણાન્તરના=પ્રવ્રજ્યાના પાલનથી પૂર્વ કરતાં કંઈક વિશેષ પ્રકારના ગુણાન્તરના ભાવમાં પણ ઉત્કર્ષનો અયોગ છે=પ્રવ્રજ્યાથી નિષ્પાદ્ય એવા ઉત્કૃષ્ટ ગુણનો અસંભવ છે. અન્યથા યોગ્યતા-માત્રનો પ્રાયઃ કરીને સર્વ પ્રાણીઓમાં સંભવ હોવાથી ઉત્કૃષ્ટ ગુણનો પ્રસંગ હોવાથી કોઈ સામાન્ય-ગુણવાળો ન થાય. આથી વિશિષ્ટ જ યોગ્યતા ગુણઉત્કર્ષની સાધિકા છે એ પ્રમાણે સિદ્ધ થયું.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૫/૨૪૧।।

ભાવાર્થ :-

સમ્રાટ ઋષિએ જે કહ્યું તે યુક્ત નથી તેમ નારદઋષિ કહે છે. તેમાં યુક્તિ આપે છે કે પ્રવ્રજ્યા લેનાર કોઈ જીવમાં સામાન્ય યોગ્યતારૂપ ગુણ હોય તેનાથી તેને તેવા પ્રકારના ગુણાન્તરની પ્રાપ્તિ હોવા છતાં તે પ્રવ્રજ્યાના પાલનથી ઉત્કર્ષનો અયોગ છે. માટે પ્રવ્રજ્યાના ઉત્કર્ષના ફળ અર્થે ઉત્કૃષ્ટ યોગ્યતાની અપેક્ષા છે અને જેમાં તેવી ઉત્કૃષ્ટ યોગ્યતા નથી તેઓને પ્રવ્રજ્યાથી કંઈક ગુણાન્તર થવા છતાં પ્રવ્રજ્યાથી નિષ્પાદ્ય ઉત્કૃષ્ટ ગુણો થઈ શકે નહિ. માટે સમ્રાટે કહ્યું કે 'કાર્યનો સંભવ થાય એવા ગુણોથી શ્રેયની નિષ્પત્તિ છે' તેમ કહેવું ઉચિત નથી પરંતુ ઉત્કૃષ્ટ ગુણવાળા જીવોને જ પ્રવ્રજ્યાથી ઉત્કૃષ્ટ શ્રેય પ્રાપ્ત થાય છે. અને અલ્પગુણવાળા જીવોને તેનાથી અલ્પગુણાન્તરનો લાભ થઈ શકે પરંતુ ઉત્કૃષ્ટ શ્રેય થઈ શકે નહિ. માટે શ્રેયના અર્થીએ વિશિષ્ટ યોગ્યતાને પ્રાપ્ત કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઈએ, જેથી ગુણના ઉત્કર્ષની સિદ્ધિ થાય. **।।૧૫/૨૪૧।।**

સૂત્ર :-

सोऽप्येवमेव भवतीति वसुः ।।१६/२४२।।

સૂત્રાર્થ :-

તે પણ=ગુણનો ઉત્કર્ષ પણ, આ રીતે જ=ઉત્તર ઉત્તર ગુણોની નિષ્પત્તિ દ્વારા જ, થાય છે એ પ્રમાણે વસુ કહે છે. ।।૧૬/૨૪૨।।

ટીકા :-

'सोऽपि' गुणोत्कर्षः, किं पुनर्गुणमात्राद् गुणान्तरसिद्धिः इति अपिशब्दार्थः, 'एवमेव' पूर्वगुणा-नामुत्तरोत्तरगुणारम्भकत्वेन 'भवति'=निष्पद्यते, निर्बीजस्य कस्यचित् कार्यस्य कदाचिदप्यभावात् 'इति'=एतद् 'वसुः'=समयप्रसिद्धो राजविशेषो निगदति, एष च मनाग् व्यासमतानुसारीति ।।१६/२४२।।

ટીકાર્થ :-

'સોઽપિ' ..... મતાનુસારીતિ ।। તે પણ=ગુણનો ઉત્કર્ષ પણ, આ રીતે જ=પૂર્વ ગુણોનું ઉત્તર ઉત્તર ગુણોના આરંભકપણાથી જ, થાય છે; કેમ કે નિર્બીજ એવા કોઈ પણ કાર્યનો ક્યારેય પણ અભાવ છે, એ પ્રમાણે આ વસુ=શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા રાજાવિશેષ કહે છે અને આ=વસુનું વચન, કંઈક અંશથી વ્યાસના મતને અનુસરનારું છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૧૬/૨૪૨॥

ભાવાર્થ :-

સૂત્ર-૧૪-૧૫માં નારદે કહેલ કે ગુણમાત્રથી ગુણાન્તરનો ભાવ હોવા છતાં ઉત્કર્ષ થઈ શકે નહિ. તેને સામે રાખીને વસુ રાજા કહે છે –

પૂર્વ ગુણોને ઉત્તર ઉત્તર ગુણના આરંભકપણાથી પ્રવર્તાવવામાં આવે તો ગુણનો ઉત્કર્ષ પણ થાય છે. માટે કોઈ જીવ અલ્પગુણવાળો હોય તે પણ જો ઉત્તર ઉત્તરના ગુણ માટે યત્ન કરે તો ગુણના ઉત્કર્ષને પ્રાપ્ત કરી શકે છે અને ઘણા ગુણોવાળો પણ ઉત્તર ઉત્તરના ગુણ માટે યત્ન ન કરે તો ગુણના ઉત્કર્ષને પ્રાપ્ત કરી શકતો નથી; કેમ કે કારણથી જ કાર્ય થાય છે. માટે ઉત્તર ગુણની નિષ્પત્તિ પ્રત્યે પૂર્વ ગુણનું અવલંબન લઈને પુરુષ વ્યાપાર કરે તો ગુણના ઉત્કર્ષની પ્રાપ્તિ કરી શકે છે. આ કથન વ્યાસમુનિના વચન તુલ્ય કોઈક અંશથી છે; કેમ કે વ્યાસમુનિએ કહેલ કે કોઈ પુરુષમાં ગુણમાત્ર ન હોય તો ગુણાન્તર નિષ્પન્ન થઈ શકે નહિ, તેથી પ્રાથમિક કક્ષાના ગુણથી ઉત્તર ઉત્તરના ગુણની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે વ્યાસનું વચન અને વસુનું વચન સરખું છે અને વસુ કહે છે કે પૂર્વ પૂર્વના ગુણ દ્વારા ગુણનો ઉત્કર્ષ પણ પ્રયત્નથી થઈ શકે છે તે અંશથી વ્યાસના વચન કરતાં વસુના વચનનો ભેદ છે. **॥૧૬/૨૪૨॥**

સૂત્ર :-

अयुक्तं कार्षापणधनस्य तदन्यविढपनेऽपि कोटिव्यवहारारोपणमिति क्षीरकदम्बः ।।૧૭/૨૪૩ ।।

સૂત્રાર્થ :-

કાર્ષાપણધનવાળા પુરુષને=અતિ અલ્પ એવા રૂપિયાવિશેષ ધનવાળા પુરુષને, તેનાથી અન્યની વૃદ્ધિમાં પણ કોટિ વ્યવહારનું આરોપણ અયુક્ત છે એ પ્રમાણે ક્ષીરકદમ્બ કહે છે. ॥૧૭/૨૪૩॥

ટીકા :-

'अयुक्तम्' અઘટમાનકં 'कार्षापणधनस्य' અતિજઘન્યરૂપકવિશેષસર્વસ્વસ્ય વ્યવહારિણો લોકસ્ય 'तदन्यविढपनेऽपि, तस्मात्' કાર્ષાપણાદ્ 'अन्येषां' કાર્ષાપણાદીનાં 'विढपने' ઉપાર્જને, किं पुन-

स्तदन्याविढपने 'इति अपि'शब्दार्थः, 'कोटिव्यवहारारोपणं' कोटिप्रमाणानां दीनारादीनां व्यवहारे आत्मन आरोपणमिति, यतोऽतिबहुकालसाध्योऽयं व्यवहारः, न च तावन्तं कालं व्यवहारिणां जीवितं सम्भाव्यते । एवं च 'क्षीरकदम्बनारदयोः' न कश्चिन्मतभेदो यदि परं वचनकृत एवेति ।।१७/२४३।।

ટીકાર્થ :-

'अयुक्तम्' ..... एवेति ।। કાર્ષાપણધનવાળા પુરુષને=અતિજઘન્ય રૂપકવિશેષ સર્વસ્વ છે જેને એવા વ્યવહારી લોકને તેનાથી અન્યની વૃદ્ધિમાં પણ=પોતાની પાસે જે અલ્પધન છે તેનાથી અન્યધનના ઉપાર્જનમાં પણ, કોટિ વ્યવહારનું આરોપણ અયુક્ત છે એમ અન્વય છે=કોટિ પ્રમાણ દીનાર આદિના વ્યવહારમાં આત્માનું આરોપણ અયુક્ત છે, જે કારણથી અતિબહુકાલસાધ્ય આ વ્યવહાર છે=કોટિપતિ થવાનો વ્યવહાર છે અને તેટલા કાળ સુધી વ્યવહારીઓનું જીવન સંભવિત નથી એમ ક્ષીરકદમ્બ કહે છે. અને આ રીતે=ક્ષીરકદમ્બે કહ્યું એ રીતે, ક્ષીરકદમ્બ અને નારદના મતમાં કોઈ ભેદ નથી, ફક્ત વચનકૃત જ ભેદ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૭/૨૪૩।।

ભાવાર્થ :-

ક્ષીરકદમ્બ નામના ચિંતક કહે છે –

કોઈ પાસે અતિજઘન્ય એવો રૂપિયો માત્ર ધન હોય, અન્ય કંઈ ન હોય અને તે અન્ય ધન ઉપાર્જન કરે તોપણ કોટ્યાધિપતિ થઈ શકે નહિ, તેમ ભવથી કંઈક વૈરાગ્ય થાય તેવો સામાન્ય ગુણ કોઈનામાં હોય અને અન્ય અનેક પ્રકારની ક્ષુદ્ર પ્રકૃતિઓ હોય તેવો જીવ પ્રવ્રજ્યા ગ્રહણ કરીને ગુણના ઉત્કર્ષને પામી શકે નહિ, તેથી પ્રાથમિક ગુણથી પણ ઉત્તર ઉત્તરના ગુણના ઉત્કર્ષમાં યત્ન કરવાથી પ્રકૃષ્ટ ગુણરૂપ પ્રવ્રજ્યા પ્રાપ્ત થઈ શકે એમ વસુ કહે છે તે ઉચિત નથી. **॥૧૭/૨૪૩॥**

સૂત્ર :-

न दोषो योग्यतायामिति विश्वः ।।१८/२४४।।

સૂત્રાર્થ :-

યોગ્યતા હોતે છતે=કોટ્યાધિપતિ થવાની યોગ્યતા હોતે છતે, રૂપિયાના ધનવાળો પણ કોટ્યાધિપતિ થાય એમાં દોષ નથી એ પ્રમાણે વિશ્વ કહે છે. ।।૧૮/૨૪૪।।

ટીકા :-

'न'=नैव 'दोषः' अघटनालक्षणः कश्चित् 'योग्यतायां'=कार्षापणधनस्यापि तथाविधभाग्योदयात् प्रतिदिनं शतगुणसहस्रगुणादिकार्षापणोपार्जनेन कोटिव्यवहारारोपणोचितत्वलक्षणायाम्, श्रूयन्ते च

केचित् पूर्वं तुच्छव्यवहारा अपि तथाविधभाग्यवशेन स्वल्पेनैव कालेन कोटिव्यवहारमारूढा इत्येतत् विश्वो=विश्वनामा प्रवादी, प्राहेति, अयं च मनाक् सम्राट्मतमनुसरतीति ।।१८/२४४।।

ટીકાર્થ :-

'न' ..... अनुसरतीति ।। યોગ્યતા હોતે છતે=રૂપિયા જેટલા ધનવાળાની પણ તેવા પ્રકારના ભાગ્યના ઉદયથી પ્રતિદિવસ સોગુણ કે હજારગુણ આદિ રૂપિયાના ઉપાર્જનથી કોટિ વ્યવહારના આરોપણને ઉચિતપણારૂપ યોગ્યતા હોતે છતે, કોઈ અઘટમાન લક્ષણ દોષ નથી જ, અને સંભળાય છે કે પૂર્વમાં તુચ્છ વ્યવહારવાળા પણ તેવા પ્રકારના ભાગ્યના વશથી=અલ્પકાળમાં કોટ્યાધિપતિ થાય તેવા પ્રકારના ભાગ્યના વશથી, સ્વલ્પ જ કાળથી કોટિ વ્યવહારને આરુઢ થયેલા કેટલાક સંભળાય છે એ પ્રમાણે વિશ્વ નામના પ્રવાદી કહે છે. આ=વિશ્વ નામનો પ્રવાદી સમ્રાટમતને અનુસરે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૮/૨૪૪।।

ભાવાર્થ :-

વિશ્વ નામના કોઈક દર્શનકાર કહે છે કે રૂપિયા માત્ર ધનવાળા પણ ભાગ્યના ઉદયથી કોટ્યાધિપતિ થઈ શકે છે. તેમ જે જીવોમાં કંઈક યોગ્યતા પડી છે તેવા જીવો પ્રાથમિક ગુણની પ્રાપ્તિ કર્યા પછી પણ પ્રવ્રજ્યા પ્રાપ્ત કરીને પ્રવ્રજ્યાના ઉત્કર્ષને પ્રાપ્ત કરી શકે છે, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. આ કથન સમ્રાટના મતને કંઈક અનુસરે છે; કેમ કે સમ્રાટે કહેલ કે ગુણમાત્રથી શ્રેયની સિદ્ધિ થતી નથી, પરંતુ શ્રેયની સિદ્ધિને અનુકૂળ યોગ્યતાથી શ્રેયની સિદ્ધિ થાય છે, તેથી ગુણમાત્ર કરતાં યોગ્યતાને વિશેષગુણરૂપે સમ્રાટે સ્વીકારેલ. જ્યારે વિશ્વ નામના પ્રવાદીએ તો ગુણમાત્રવાળા જીવમાં પણ યોગ્યતા હોય તો ગુણના ઉત્કર્ષને પ્રાપ્ત કરી શકે છે તેમ કહ્યું, તેથી સમ્રાટ કરતાં વિશ્વનો મત કાંઈક જુદો છે, તોપણ યોગ્યતાવાળો જીવ ગુણના ઉત્કર્ષને પ્રાપ્ત કરી શકે છે તે અંશથી સમ્રાટ અને વિશ્વનો મત થોડો સમાન છે. **॥૧૮/૨૪૪॥**

સૂત્ર :-

अन्यतरवैकल्येऽपि गुणबाहुल्यमेव सा तत्त्वत इति सुरगुरुः ।।१९/२४५।।

સૂત્રાર્થ :-

અન્યતરના વૈકલ્યમાં પણ=પ્રવ્રજ્યાને યોગ્ય જીવોમાં અપેક્ષિત ગુણોમાંથી કોઈક ગુણના વૈકલ્યમાં પણ, ગુણબાહુલ્ય જ તત્ત્વથી તે=પૂર્વસૂત્રમાં કહેલ યોગ્યતા, છે. એ પ્રમાણે સુરગુરુ કહે છે. ।।૧૯/૨૪૫।।

ટીકા :-

'अन्यतरस्य'=कस्यचिद् गुणस्य, 'वैकल्येऽपि' किं पुनरवैकल्ये इति अपिशब्दार्थः, 'गुणबाहुल्यमेव'=

ગુણભૂયસ્ત્વમેવ 'સા'=પૂર્વસૂત્રસૂચિતા યોગ્યતા, 'તત્ત્વતઃ' પરમાર્થવૃત્ત્યા વર્તતે, અતો ન પાદગુણહીનાદિ-ચિન્તા કાર્યેત્યેતત્ 'સુરગુરુઃ'=બૃહસ્પતિઃ, ઉવાચેતિ ।।૧૯/૨૪૫।।

ટીકાર્થ :-

'અન્યતરસ્ય' ..... ઉવાચેતિ ।। અન્યતરના=દીક્ષા માટે અપેક્ષિત ગુણોમાંથી કોઈક ગુણના, વૈકલ્યમાં પણ ગુણબાહુલ્ય જ=ગુણનું ભૂયસ્ત્વ જ, તે=પૂર્વસૂત્રમાં કહેવાયેલી યોગ્યતા, તત્ત્વથી=પરમાર્થવૃત્તિથી, છે, આથી પાદગુણહીનાદિ ચિંતા=પા ગુણહીન આદિની વિચારણા, કરવી જોઈએ નહિ એ પ્રમાણે સુરગુરુ=બૃહસ્પતિ, કહે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૯/૨૪૫।।

ભાવાર્થ :-

સુરગુરુ નામના કોઈક ચિંતક કહે છે કે "દીક્ષા લેવાની યોગ્યતા હોય તો દીક્ષા આપવામાં દોષ નથી" તેમ જે વિશ્વ કહે છે તે દીક્ષા આપવા માટેની યોગ્યતા એટલે દીક્ષા માટે જે ગુણોની અપેક્ષા છે તેમાંથી મોટાભાગના ગુણો છે, કોઈક ગુણ જ વિકલ છે. માટે તેવા ઘણા ગુણોવાળા જીવને જ દીક્ષા આપી શકાય અને તેવા ઘણા ગુણવાળા ગુરુ જ દીક્ષા આપવાને યોગ્ય છે, અન્ય નહિ. **॥૧૯/૨૪૫॥**

સૂત્ર :-

सर्वमुपपन्नमिति सिद्धसेनः ।।२०/२४६।।

સૂત્રાર્થ :-

સર્વમાં=સર્વ ઉચિત કૃત્યોમાં, ઉપપન્ન હોય તે દીક્ષાને યોગ્ય છે એમ સિદ્ધસેન કહે છે. ।।૨૦/૨૪૬।।

ટીકા :-

समस्तेष्वपि धर्मार्थकाममोक्षव्यवहारेषु पुरुषपराक्रमसाध्येषु विषये यद् यदा 'उपपन्नं' घटमानं निमित्ततया बुद्धिमद्भिरुत्प्रेक्ष्यते तत् सर्वमखिलं सेत्यनुवर्तते उपपन्नत्वस्य योग्यताया अभिन्नत्वाद् इति 'सिद्धसेनो' नीतिकारः शास्त्रकृद्विशेषो जगाद ।।२०/२४६।।

ટીકાર્થ :-

समस्तेष्वपि ..... जगाद ।। પુરુષ પરાક્રમ સાધ્ય સમસ્ત પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ વ્યવહારોના વિષયમાં=ચારે પુરુષાર્થની ઉચિત પ્રવૃત્તિમાં, જે જ્યારે નિમિત્તપણાથી ઉપપન્ન=ઘટમાન, બુદ્ધિમાન વડે જોવાય છે તે સર્વ અખિલ યોગ્યતા છે; કેમ કે ઉપપન્નપણાનું યોગ્યતાથી અભિન્નપણું

છે=ઉચિત કાળે ઉચિત કૃત્ય શું કરવું જોઈએ ? એમાં જે પુરુષનું ઉપપન્નપણું છે, તે યોગ્યતાથી અભિન્ન છે અર્થાત્ યોગ્યતારૂપ છે એ પ્રમાણે સિદ્ધસેન નીતિકાર=શાસ્ત્રકૃતવિશેષ, કહે છે. ॥૨૦/૨૪૬॥

ભાવાર્થ :-

આત્માને માટે હિતનું કારણ બને એવા પુરુષના પરાક્રમથી સાધ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર કાર્યો છે અને એ ચાર કાર્યો વિષયક પોતાની ભૂમિકાનું સમ્યક્ આલોચન કરીને જે બુદ્ધિમાન પુરુષો ઉચિત કાળે ઉચિત પ્રવૃત્તિમાં જ યત્ન કરે છે તેવા જીવમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની યોગ્યતા છે; કેમ કે એવા બુદ્ધિમાન પુરુષો એકાંતે જેનાથી હિત થાય તેનો ઉચિત નિર્ણય કરીને તે તે કાળે ધર્મ, અર્થ આદિમાં યત્ન કરીને જ્યારે સંપૂર્ણ ધર્મ સેવવાની શક્તિનો સંચય થાય ત્યારે તે પુરુષ પ્રવ્રજ્યા ગ્રહણ કરવા તત્પર થાય છે, તેથી તેવા જીવમાં દીક્ષાની યોગ્યતા છે.

આ શ્રી સિદ્ધસેન નામના નીતિકારનું વચન વિશિષ્ટ પુરુષોને લાગુ પડે છે. આથી જ તીર્થંકર કે તેવા બુદ્ધિમાન પુરુષો ઉચિત કાળે તે તે પુરુષાર્થ સેવીને સંયમની યોગ્યતા પ્રગટે ત્યારે જ સંયમ લે છે. ॥૨૦/૨૪૬॥

અવતરણિકા :-

इत्थं दश परतीर्थिकमतान्युपदर्श्य स्वमतमुपदर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=સૂત્ર-૬થી અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, દશ પરતીર્થિકોના મતોને બતાવીને સ્વમતને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

સૂત્ર :-

भवन्ति त्वल्पा अपि असाधारणा गुणाः कल्याणोत्कर्षसाधका इति ॥२१/२४७॥

સૂત્રાર્થ :-

અલ્પપણ અસાધારણ ગુણો કલ્યાણના ઉત્કર્ષને સાધનારા થાય છે. ॥૨૧/૨૪૭॥

ટીકા :-

'भवन्ति' न न भवन्ति, 'तुः' पूर्वमतेभ्योऽस्य वैशिष्ट्यख्यापनार्थः, 'अल्पा अपि' परिमिता अपि, किं पुनरनल्पा इति अपिशब्दार्थः, 'गुणा' आर्यदेशोत्पन्नतादयः 'असाधारणाः' सामान्यमानवेष्वसम्भवन्तः 'कल्याणोत्कर्षसाधकाः' प्रव्रज्याद्युत्कृष्टकल्याणनिष्पादकाः,

असाधारणगुणानां नियमादितरगुणा-कर्षणावन्ध्यकारणत्वादिति युक्तमुक्तमादौ यदुत 'पादार्द्धगुणहीनौ मध्यमावरौ' योग्याविति । अत्र वायुवाल्मीकिव्याससम्राड्नारदवसुक्षीरकदम्बमतानां कस्यचित् केनापि संवादेऽप्यन्यतरेण निराक्रियमाणत्वादनादरणीयतैव, विश्वसुरगुरुसिद्धसेनमतेषु च यद्यसाधारणगुणानादरणेन योग्यता-ङ्गीक्रियते तदा न सम्यक्, तस्याः परिपूर्णकार्यासाधकत्वात्, अथान्यथा तदाऽस्मन्मतानुवाद एव तैः शब्दान्तरेण कृतः स्यात्, न पुनः स्वमतस्थापनं किञ्चित् इति ।।२१/२४७।।

ટીકાર્થ :-

'भवन्ति' ..... इति ।। 'तु' શબ્દ પૂર્વમતોથી આ મતના વૈશિષ્ટયને બતાવવા માટે છે.

તે વૈશિષ્ટ્યને જ સ્પષ્ટ કરે છે –

અલ્પ પણ=પરિમિત પણ, આર્યદેશ ઉત્પન્ન આદિ ગુણો જો અસાધારણ હોય=સામાન્ય માનવોમાં ન સંભવે તેવા હોય, તો કલ્યાણના ઉત્કર્ષના સાધક=પ્રવ્રજ્યાદિ ઉત્કૃષ્ટ કલ્યાણના નિષ્પાદક, થાય છે=નથી થતા એમ નહીં; કેમ કે અસાધારણ ગુણોનું નિયમથી ઈતર ગુણના આકર્ષણનું અવંધ્ય કારણપણું છે, એથી આદિમાં=અન્ય દર્શનકારોના મતના સ્થાપનના પૂર્વમાં પાંચમા સૂત્રમાં, યુક્ત કહેવાયું કે પા ભાગ કે અર્ધ ભાગ ગુણથી હીન, મધ્યમ કે અપર યોગ્ય છે=મધ્યમ કે જઘન્ય યોગ્ય છે. અહીં વાયુ, વાલ્મીકિ, વ્યાસ, સમ્રાટ, નારદ, વસુ અને ક્ષીરકદંબના મતોના કોઈક મતનું કોઈક પણ અપેક્ષાએ સંવાદમાં પણ=યથાર્થકથનમાં પણ, અન્યતર દ્વારા નિરાકીયમાણપણું હોવાથી=અન્ય અન્ય વાદી દ્વારા તે મતનું નિરાકરણ થતું હોવાથી, અનાદરણીયતા જ છે. વિશ્વ, સુરગુરુ અને સિદ્ધસેન મતમાં જો કે અસાધારણ ગુણોના અનાદરથી યોગ્યતા સ્વીકારાય છે તે સમ્યક્ નથી; કેમ કે તેનું=અસાધારણ ગુણથી રહિત એવી યોગ્યતાનું, પરિપૂર્ણ કાર્યનું અસાધકપણું છે અને જો અન્યથા છે=અસાધારણ એવી ગુણરૂપ જ યોગ્યતા સ્વીકારાય છે તો અમારા મતનો અનુવાદ જ તેઓ વડે=વિશ્વ આદિ ત્રણ પ્રવાદીઓ વડે, શબ્દાંતરથી સ્વીકારાયો છે પરંતુ કોઈ સ્વમતનું સ્થાપન કરાયું નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૧/૨૪૭।।

ભાવાર્થ :-

પરતીર્થિકનો મત બતાવ્યા પછી સર્વજ્ઞવચનાનુસાર દીક્ષા માટે કોણ યોગ્ય છે ? અને દીક્ષા વિષયક કલ્યાણના ઉત્કર્ષને કોણ સાધી શકે છે ? તે બતાવવા કહે છે –

જે જીવોમાં આર્યદેશઉત્પન્નાદિ પૂર્વમાં ૧૬ ગુણો બતાવ્યા તે અસાધારણ ગુણો હોય તો તેઓ પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો ઉત્કૃષ્ટ કલ્યાણના સાધક બને છે; કેમ કે અસાધારણ ગુણવાળા જીવો જે કાર્ય સ્વીકારે તે

કાર્યને ઉચિત યથાર્થ વિધિનું જ્ઞાન કરીને શક્તિના પ્રકર્ષથી તે રીતે યત્ન કરે છે, જેથી તેઓની ગ્રહણ કરાયેલી પ્રવ્રજ્યા પ્રકૃષ્ટથી ગુણવૃદ્ધિને અનુકૂળ બને છે.

જેમ અસાધારણ ગુણવાળા જીવો વિશિષ્ટ એવા ઉત્તમ કુલ આદિમાં થયેલા હોવાથી અત્યંત માર્ગાનુસારી બુદ્ધિવાળા હોય છે. તેથી ભવના સ્વરૂપનો યથાર્થ નિર્ણય સૌપ્રથમ કરે છે અને ભવથી અતીત એવી મુક્ત અવસ્થા જીવની સુંદર અવસ્થા છે તેવો નિર્ણય કરે છે અને ભવના કારણનો ઉચ્છેદ થાય તો તે સુંદર અવસ્થાની પ્રાપ્તિ થાય તેવો સ્થિર નિર્ણય કરીને ભવના કારણભૂત સંગની પરિણતિ સતત ક્ષીણ ક્ષીણતર થાય તે રીતે જ ભગવાને કહેલ પ્રવ્રજ્યાના સર્વ આચારોને પાળે છે, જેથી તેવા અસાધારણ ગુણવાળા જીવો અવશ્ય કલ્યાણના ઉત્કર્ષના નિષ્પાદક બને છે અને જેઓમાં તે અસાધારણ ગુણ જ ચોથા ભાગના ન્યૂન હોય અર્થાત્ સંખ્યાની અપેક્ષાએ ન્યૂન હોય તેના કારણે યોગમાર્ગનો સ્થિર નિર્ણય કરીને ઉત્તમપુરુષોમાં મહાધૈર્યપૂર્વક યોગમાર્ગમાં ચાલવાને અનુકૂળ જે અસાધારણ સત્ત્વ છે તેની અપેક્ષાએ ચોથા ભાગનું ન્યૂન સત્ત્વ છે તેઓ દીક્ષા માટે મધ્યમ યોગ્ય છે.

આર્યદેશઉત્પન્ન આદિ સર્વ ગુણોથી યુક્ત એવા ઉત્તમપુરુષોમાં મહાધૈર્યપૂર્વક યોગમાર્ગમાં ચાલવાને અનુકૂળ જે અસાધારણ સત્ત્વ છે તેની અપેક્ષાએ જેઓમાં અર્ધા ભાગે ન્યૂન સત્ત્વ છે તેઓ દીક્ષા માટે જઘન્ય યોગ્ય છે. આથી જ મધ્યમયોગ્યતાવાળા અને જઘન્ય યોગ્યતાવાળા જીવો પોતાની યોગ્યતાની અલ્પતાને કારણે અનેક સ્ખલનાઓથી પણ ચારિત્ર પાળીને આત્મહિત સાધી શકે છે તોપણ ઉત્કૃષ્ટ યોગ્યતાવાળા જીવોની જેમ તીવ્ર વેગથી ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકતા નથી.

ગ્રંથકારશ્રીએ સ્વસિદ્ધાંત અનુસાર પ્રવૃત્તિને યોગ્ય જીવોનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું. હવે પૂર્વમાં વાયુ આદિના જે મતો બતાવ્યા તેનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં કહે છે –

વાયુ આદિ સાત મત કોઈક અપેક્ષાએ યથાર્થ છે; કેમ કે તે તે નયદૃષ્ટિથી તે તે સ્થાનમાત્રને જ જોનારા છે, તોપણ તે સર્વ મતવાળા પોતાનું વચન એકાંતે સ્વીકારે છે, તેથી તેનાથી અન્ય મતવાળા, અન્ય દૃષ્ટિથી તેના મતનું નિરાકરણ કરે છે માટે તે મતો પોતપોતાના સ્થાને પ્રવ્રજ્યા આદિને યોગ્ય જીવોનું સ્વરૂપ બતાવનારા હોવા છતાં એકાંતવાદી હોવાથી અનાદરણીય જ છે. છતાં તે તે સ્થાનને આશ્રયીને તે તે મત ઉચિત છે તેવો બોધ કરાવવા અર્થે જ પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રીએ તે તે મતો બતાવ્યા છે.

વળી, વિશ્વ, સુરગુરુ અને સિદ્ધસેન દ્વારા દીક્ષા આપવા માટે જેનામાં યોગ્યતા છે તેને જ સ્વીકારે છે અને તે યોગ્યતા અસાધારણ ગુણરૂપ છે કે નહિ તે વિષયમાં તેઓએ કંઈ સ્પષ્ટતા કરી નથી, તેથી ટીકાકારશ્રી કહે છે –

જો તેઓ યોગ્યતાનો અર્થ અસાધારણ ગુણ સ્વીકારે તો તેઓએ અમારો જ મત સ્વીકાર્યો છે; કેમ કે અસાધારણ યોગ્યતાવાળા જીવો કલ્યાણના ઉત્કર્ષના સાધક છે અને તે અસાધારણ ગુણોમાં જ ન્યૂનતાને આશ્રયીને મધ્યમ અને જઘન્ય દીક્ષા લેવાને યોગ્ય જીવો છે અને જો વિશ્વ આદિ ત્રણે મતોવાળામાંથી કોઈ પણ મતવાળા યોગ્યતાનો અર્થ અસાધારણ ગુણ ન સ્વીકારે અને કહે કે ભવથી વિરક્ત થઈ પ્રવ્રજ્યાને

ગ્રહણ કરવાને તત્પર થયેલ જીવ પ્રવ્રજ્યાને યોગ્ય છે તો તેવા જીવોમાં સત્ત્વ ન હોય તો દીક્ષા ગ્રહણ કરીને પણ પરિપૂર્ણ કલ્યાણ સાધી શકે નહિ માટે વિશ્વ આદિ ત્રણે મતો ઉચિત છે તેમ સિદ્ધ થાય નહિ. ॥૨૧/૨૪૭॥

અવતરણિકા :-

इत्युक्तौ प्रव्राज्यप्रव्राजकौ, अधुना प्रव्रज्यादानविधिमभिधित्सुराह –

અવતરણિકાર્થ :-

આ પ્રમાણે પ્રવ્રાજ્ય પ્રવ્રાજક કહેવાયા=પ્રસ્તુત પ્રવ્રજ્યામાં દીક્ષા લેનાર કેવી યોગ્યતાવાળા જોઈએ અને દીક્ષા આપવાવાળા ગુરુ કેવી યોગ્યતાવાળા જોઈએ ? તેનું સ્વરૂપ કહેવાયું. હવે પ્રવ્રજ્યાના દાનની વિધિને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

સૂત્ર :-

उपस्थितस्य प्रश्नाऽऽचारकथनपरीक्षादिर्विधिः ।।२२/२४८।।

સૂત્રાર્થ :-

ઉપસ્થિતને=પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે ગુરુ પાસે આવેલાને પ્રશ્ન, આચારનું કથન, પરીક્ષા આદિ વિધિ છે=પ્રવ્રજ્યા આપવા વિષયક વિધિ છે. ॥૨૨/૨૪૮॥

ટીકા :-

'उपस्थितस्य' स्वयं प्रव्रज्यां ग्रहीतुं समीपमागतस्य, प्रश्नश्च आचारकथनं च परीक्षा च 'प्रश्नाचारकथनपरीक्षाः' ता आदिर्यस्य स तथा, आदिशब्दात् कण्ठतः सामायिकादिसूत्रप्रदान-तथाविधानुष्ठानाभ्यासग्रहः, 'विधिः' क्रमः प्रव्रज्याप्रदाने पूर्वसूत्रसूचित एषः, इदमुक्तं भवति-सद्धर्मकथाक्षिप्ततया प्रव्रज्याभिमुख्यमागतो भव्यजन्तुः पृच्छनीयः, यथा 'को वत्स ! त्वम्, किंनिमित्तं वा प्रव्रजसि ?' ततो यद्यसौ कुलपुत्रकः तगरानगरादिसुन्दरक्षेत्रोत्पन्नः 'सर्वाशुभोद्भवभवव्याधिक्षय-निमित्तमेवाहं भगवन्! प्रव्रजितुमुद्यतः' इत्युत्तरं कुरुते तदाऽसौ प्रश्नशुद्धः । ततोऽस्य 'दुरनुचरा प्रव्रज्या कापुरुषाणाम्, आरम्भनिवृत्तानां पुनरिह परभवे च परमः कल्याणलाभः, तथा यथैव जिनानामाज्ञा सम्यगाराधिता मोक्षफला तथैव विराधिता संसारफलदुःखदायिनी, तथा यथा कुष्ठादिव्याधिमान् क्रियां प्राप्तकालां प्रतिपद्यापथ्यमासेवमानो अप्रवृत्तादधिकं शीघ्रं च विनाश-माप्नोति एवमेव भावक्रियां संयमरूपां कर्मव्याधिक्षयनिमित्तं प्रपद्य पश्चादसंयमापथ्यसेवी अधिकं कर्म समुपार्जयति' इत्येवं तस्य साध्वाचारः कथनीय इति २। एवं कथितेऽपि साध्वाचारे निपुणमसौ परीक्षणीयः, यतः –

"असत्याः सत्यसङ्काशाः, सत्याश्चासत्यसन्निभाः ।

दृश्यन्ते विविधा भावास्तस्माद्युक्तं परीक्षणम् ।।१५२।। **[महाभारते शान्तिपर्वणि १२।११२।६१]**

अतथ्यान्यपि तथ्यानि, दर्शयन्त्यतिकौशलाः ।

चित्रे निम्नोन्नतानीव चित्रकर्मविदो जनाः ।।१५३।।" **[महाभारते अनुशासनपर्वणि]**

परीक्षा च सम्यक्त्वज्ञानचारित्रपरिणतिविषया तैस्तैरुपायैर्विधेया, परीक्षाकालश्च प्रायतः षण्मासाः, तथाविधपात्रापेक्षया तु अल्पो बहुश्च स्यात् ३ । तथा सामायिकसूत्रम् अकृतोपधानस्यापि कण्ठतो वितरणीयम्, अन्यदपि सूत्रं पात्रतामपेक्ष्याध्यापयितव्यः ४ ।।२२/२४८।।

ટીકાર્થ :-

'उपस्थितस्य' ..... अध्यापयितव्यः ।। ઉપસ્થિતને=સ્વયં પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે ગુરુની સમીપ દીક્ષા લેવા માટે આવેલા દીક્ષાર્થીને પ્રશ્ન, આચારનું કથન, અને પરીક્ષા તે છે આદિમાં જેને તે તેવા છે=પ્રશ્ન આચારકથન પરીક્ષા આદિવાળી વિધિ છે. 'આદિ' શબ્દથી કંઠથી=સામાયિક આદિ સૂત્રનું પ્રદાન તેવા પ્રકારનાં અનુષ્ઠાનનો અભ્યાસ=સર્વવિરતિને અનુકૂળ ઉત્તમ ભાવો કરી શકે તેવાં અનુષ્ઠાનોનો અભ્યાસ, ગ્રહણ કરવો એ વિધિ છે=પ્રવ્રજ્યાના પ્રદાનમાં પૂર્વસૂત્રથી સૂચિત આ વિધિનો ક્રમ છે. આ કહેવાયેલું થાય છે=સૂત્રના કથનથી આ કહેવાયેલું થાય છે. સદ્ધર્મની કથા વડે આક્ષિપ્તપણાથી પ્રવ્રજ્યાને અભિમુખ થયેલા ભવ્યજીવને પૃચ્છા કરવી જોઈએ. જે પ્રમાણે - "હે વત્સ ! તું કોણ છે ? કયા નિમિત્તે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઇચ્છા કરે છે ?", તેથી જો આ કુલપુત્રક તગરાનગરઆદિ સુંદર ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો છે અને "હે ભગવંત ! સર્વ અશુભના ઉદ્ભવરૂપ ભવવ્યાધિના ક્ષય નિમિત્તે હું પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે ઉદ્યત થયો છું" એ પ્રમાણે ઉત્તર આપે તો આ=પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને અભિમુખ જીવ, પ્રશ્નથી શુદ્ધ છે. ત્યારપછી આને=પ્રવ્રજ્યા લેનારને, ગુરુ કહે કે કાયરપુરુષોને પ્રવ્રજ્યા દુરનુચર છે=તેનું પાલન અશક્ય છે. વળી, આરંભ નિવૃત્તિવાળા જીવોને આ ભવમાં અને પરભવમાં પરમકલ્યાણનો લાભ છે. અને જે પ્રમાણે જ સમ્યગ્ આરાધિત જિનાજ્ઞા મોક્ષફલવાળી છે તે પ્રમાણે વિરાધિત જિનાજ્ઞા સંસારના ફલવાળી દુઃખદાયી છે. અને જે પ્રમાણે કુષ્ઠાદિ વ્યાધિવાળો પુરુષ પ્રાપ્તકાલવાળી ક્રિયાને સ્વીકારીને અપથ્યને સેવતો અપ્રવૃત્તથી=વ્યાધિની ચિકિત્સા માટે અપ્રવૃત્ત પુરુષથી, અધિક અને શીઘ્ર વિનાશને પામે છે એ રીતે જ સંયમરૂપ ભાવક્રિયાને કર્મવ્યાધિના ક્ષય નિમિત્તે સ્વીકારીને પાછળથી અસંયમરૂપ અપથ્ય સેવી અધિક કર્મ ઉપાર્જન કરે છે. એ પ્રકારે તેને સુંદર આચાર કહેવો જોઈએ. આ રીતે સાધુ આચાર કહેવાયે છતે પણ આ=દીક્ષા લેવા માટે તત્પર થયેલ જીવ નિપુણ રીતે પરીક્ષા કરવા યોગ્ય છે=સુંદર આચાર પાળી શકશે કે નહિ તેવી શક્તિવાળો છે કે નહિ તેની સૂક્ષ્મ રીતે પરીક્ષા કરવી જોઈએ.

જે કારણથી કહેવાયું છે –

"અસત્ય સત્યના જેવા સત્ય અસત્ય જેવા વિવિધ ભાવો દેખાય છે. તે કારણથી પરીક્ષા કરવી યુક્ત છે. ।।૧૫૨।।" **(મહાભારત, શાંતિપર્વ ૧૨/૧૧૨/૬૧)**

અતિકુશળ પુરુષો અતથ્ય પણ તથ્ય બતાવે છે. જેમ ચિત્રકર્મના જાણનારા લોકો ચિત્રમાં નિમ્નઉન્નતોને, અતથ્ય પણ તથ્ય બતાવે છે. ।।૧૫૩।।" **(મહાભારત, અનુશાસનપર્વ)**

અને પરીક્ષા સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રની પરિણતિવિષયક તે તે ઉપાયોથી કરવી જોઈએ અને પરીક્ષાનો કાળ બહુલતાએ છ મહિનાનો છે. તેવા પ્રકારના પાત્રની અપેક્ષાએ વળી અલ્પ અથવા અધિક થાય. ।।૩।।

અને સામાયિકસૂત્ર અકૃતઉપધાનવાળાને પણ કંઠથી આપવું જોઈએ. અન્ય પણ સૂત્ર પાત્રની અપેક્ષાએ ભણાવવાં જોઈએ.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪।। ।।૨૨/૨૪૮।।

ભાવાર્થ :-

યોગ્ય ઉપદેશક શ્રોતાની ભૂમિકા અનુસાર સદ્ધર્મનું વર્ણન કરે છે અને તે વર્ણન સાંભળીને જે શ્રોતાને પરિણામ થાય કે "હવે મારે ધર્મનું એકાંતે સેવન કરીને સંસારનો ઉચ્છેદ કરવો છે", તેથી તે પ્રવ્રજ્યાને અભિમુખ થઈને ગુરુને કહે કે હું સંસારથી ઉદ્વિગ્ન છું અને મારે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને આત્મહિત સાધવું છે. તેને પ્રવ્રજ્યા આપવા વિષયક શું વિધિ છે ? તે બતાવતાં કહે છે –

(૧) પ્રશ્ન, (૨) આચારનું કથન, (૩) પરીક્ષા, (૪) કંઠથી સામાયિક આદિ સૂત્રનું પ્રદાન. અને (૫) તેવા પ્રકારનાં અનુષ્ઠાનનો અભ્યાસ; એ પ્રવ્રજ્યા આપવા પૂર્વની વિધિ છે.

(૧) પ્રશ્ન :-

પ્રવ્રજ્યાને અભિમુખ થયેલા જીવને ગુરુ પ્રશ્ન કરે કે "હે વત્સ ! તું કોણ છે ?" આ પ્રકારે મધુર વચનથી ગુરુ પૃચ્છા કરે અને કહે કે "કયા નિમિત્તે તું પ્રવ્રજ્યા ગ્રહણ કરવા તૈયાર થયો છે ?" તેના ઉત્તર રૂપે પ્રવ્રજ્યા અભિમુખ થયેલો જીવ કહે કે "હું આ કુળમાં જન્મેલો પુત્ર છું". તેથી તે ઉત્તમકુળનો છે, હલકા કુળનો નથી તેવું નક્કી થાય.

વળી આવો જીવ કહે કે, "હું તગરાનગર આદિરૂપ સુંદર ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો છું." તેથી નક્કી થાય કે દીક્ષાર્થી સારા ક્ષેત્રમાં, સારા કુળમાં જન્મેલો છે તે અપેક્ષાએ તે દીક્ષાને યોગ્ય છે. વળી, કહે કે "સર્વ અશુભના ઉદ્ભવરૂપ આ ભવવ્યાધિ છે અને તેના ક્ષય નિમિત્તે હું પ્રવ્રજ્યા ગ્રહણ કરવા તત્પર થયો છું." આનાથી એ નક્કી થાય કે પ્રવ્રજ્યા અભિમુખ થયેલો જીવ સંસારનાં કારણોનો ઉચ્છેદ કરીને સંસારથી પર

એવી આત્માની આરોગ્યની અવસ્થાની પ્રાપ્તિનો અર્થી છે, તેથી દીક્ષાર્થીના ઉત્તરથી એ નક્કી થાય કે દીક્ષા માટે કરાયેલા પ્રશ્નની અપેક્ષાએ તે જીવ દીક્ષા યોગ્ય છે.

(૨) આચારનું કથન :-

ત્યારપછી ગુરુ તેને કહે કે કાયરપુરુષો માટે પ્રવ્રજ્યાનું પાલન દુષ્કર છે; કેમ કે અનાદિથી જીવે ઇન્દ્રિયોને અને દેહને અનુકૂળ પ્રવૃત્તિઓ કરીને તેના લાલનપાલનમાં જ અભ્યાસ કર્યો છે, દેહ અને ઇન્દ્રિયો પ્રત્યે નિરપેક્ષ થઈને આત્મગુણોને પ્રગટ કરવા માટે કોઈ ઉદ્યમ કર્યો નથી. છતાં જે સાત્ત્વિક પુરુષો છે તે જે સંકલ્પ કરે છે તે પ્રમાણે અપ્રમાદથી યત્ન કરીને દુષ્કર એવી પણ ઇન્દ્રિયોનો નિગ્રહ કરીને જિનવચન અનુસાર ઉદ્યમ કરીને પ્રકૃષ્ટથી શુભયોગમાં જવા માટે પ્રવ્રજ્યામાં ઉદ્યમ કરે છે. માટે જેઓનું સંસારના આરંભથી નિવૃત્ત થયેલું ચિત્ત છે તેઓ પ્રવ્રજ્યાનું સમ્યક્ પાલન કરીને આ ભવમાં અને પરભવમાં પરમ કલ્યાણને પ્રાપ્ત કરે છે. અર્થાત્ આ ભવમાં પ્રવ્રજ્યાના પાલન દ્વારા રાગાદિની આકુળતાને અલ્પ અલ્પતર કરીને આત્માની સ્વસ્થતાની પ્રાપ્તિરૂપ કલ્યાણને પ્રાપ્ત કરે છે અને પ્રવ્રજ્યાકાળમાં વર્તતા શુભયોગ દ્વારા પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરાને પ્રાપ્ત કરીને પરભવમાં કલ્યાણની પ્રાપ્તિ કરે છે.

વળી, દીક્ષા ગ્રહણ કર્યા પછી જેઓ જિનવચન અનુસાર અપ્રમાદથી યત્ન કરીને જિનાજ્ઞાનું આરાધન કરે છે તેઓની તે આરાધના ક્રમે કરીને મોક્ષફલવાળી થાય છે અને ઉત્સાહમાં આવીને સંયમ ગ્રહણ કર્યા પછી અનાદિના પ્રમાદને વશ થઈને જિનાજ્ઞાની વિરાધના કરે છે અને પ્રવ્રજ્યાની ક્રિયાઓ દ્વારા ચિત્તને નિર્લેપ નિર્લેપતર કરવા યત્ન કરતા નથી તેઓ તે વિરાધનાના ફળરૂપે દુઃખદાયી એવા કદર્થનારૂપ સંસારના ફળને પ્રાપ્ત કરે છે.

આ કથનને યુક્તિથી બતાવતાં ગુરુ કહે છે –

જેમ કુષ્ઠાદિ રોગી સુવૈદ્યની ક્રિયાને સ્વીકાર્યા પછી અપથ્યનું સેવન કરે તો ઔષધ નહિ કરનાર રોગી કરતાં પણ અધિક અને શીઘ્ર તે રોગી વિનાશને પ્રાપ્ત કરે છે, એ પ્રમાણે સંયમને ગ્રહણ કર્યા પછી કર્મવ્યાધિના ક્ષયના નિમિત્તને સેવવાનું છોડીને જેઓ અપથ્યરૂપ અસંયમનું સેવન કરે છે, તે જીવો ઘણાં કર્મો બાંધીને દુર્ગતિઓમાં ફરે છે.

આ પ્રકારે સાધ્વાચારનું કથન સાંભળીને જો તે શ્રોતા અલ્પસત્ત્વવાળો હોય તો દીક્ષા લેવાને અભિમુખ પરિણામવાળો હોવા છતાં કહે કે "મારામાં એવું સત્ત્વ નથી, પરંતુ હું યત્ન કરીશ તો તેવા શ્રોતાને ઉપદેશક દેશવિરતિમાં યત્ન કરવાનું કહી અને શક્તિસંચય માટે ઉપદેશ આપે. જે શ્રોતા ગુરુ દ્વારા બતાવાયેલા અતિ દુષ્કર પણ સાત્ત્વિક પુરુષ સેવી શકે તેવા સર્વવિરતિના સુંદર આચારો સાંભળીને સંસારના ઉચ્છેદ માટે કૃતનિશ્ચયવાળો છે તે શ્રોતા કહે કે, "હું સર્વપ્રમાદનો ત્યાગ કરીને જિનાજ્ઞા અનુસાર અવશ્ય ઉદ્યમ કરીશ, જેથી મારો કર્મવ્યાધિ નાશ પામે." તેવા સત્ત્વશાળી શ્રોતાને આચારનાં કથનથી ગુરુ યોગ્ય જાણે.

(૩) પરીક્ષા :-

આ રીતે યોગ્યતાનો નિર્ણય થયા પછી પણ નિપુણતાથી ગુરુએ તેની યોગ્યતાની પરીક્ષા કરવી જોઈએ; કેમ કે દીક્ષા ગ્રહણ કરતી વખતે ઉપદેશ આદિને સાંભળીને સત્ત્વશાળી જણાય તોપણ પ્રતિદિન પ્રવૃત્તિ દ્વારા સત્ત્વથી સંયમને અનુકૂળ ઉચિત ક્રિયાઓમાં ઉદ્યમ ન કરે તેવા જીવને દીક્ષા આપવાથી તેનો વિનાશ થાય છે. માટે ગુરુએ પરીક્ષા કરવી જોઈએ.

કઈ રીતે પરીક્ષા કરવી જોઈએ ? એથી કહે છે –

પ્રાયઃ કરીને તેવા જીવને છ મહિના પોતાની સાથે રાખીને તેની પરીક્ષા કરવી જોઈએ અને કોઈક પાત્રવિશેષ જણાય તો અલ્પકાળમાં પણ તેની પરીક્ષા કરીને નિર્ણય કરવો જોઈએ. કોઈક જીવવિષયક છ મહિનામાં પણ સ્પષ્ટ નિર્ણય ન થાય તો અધિક કાળ સાથે રાખીને પરીક્ષા કરવી જોઈએ. તે પરીક્ષાકાળ દરમ્યાન તેની ભગવાનના વચનની શ્રદ્ધા કેવી છે ? સમ્યક્ જ્ઞાન મેળવવા માટે તેનો યત્ન કેવો છે ? અને સંયમજીવનને અનુકૂળ એવી સંવરભાવની પરિણતિ કેવી છે ? તેનો તે તે ઉપાય વડે નિર્ણય કરવો જોઈએ.

(૪) કંઠથી સામાયિક આદિ સૂત્રનું પ્રદાન :-

દીક્ષાર્થીને સાથે રાખ્યા પછી તેની કાંઈક યોગ્યતા છે એમ જણાય તો ગુરુ સાક્ષાત્ શબ્દ દ્વારા તેને સામાયિક સૂત્ર આપે અને તેણે ઉપધાન ન કરેલ હોય તોપણ સામાયિક સૂત્ર આપીને તેની શક્તિ અનુસાર સામાયિક સૂત્રના પારમાર્થિક અર્થનો બોધ કરાવે, જેથી તેને જ્ઞાન થાય કે સંયમ ગ્રહણ કર્યા પછી મારે સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ સર્વ ભાવો પ્રત્યે તુલ્ય પરિણામો ધારણ કરીને સામાયિક પ્રત્યેનો રાગ પ્રતિદિન વૃદ્ધિ થાય તે રીતે તેના ઉપાયરૂપે સદા નવું નવું શ્રુતઅધ્યયન કરીને આત્માને શ્રુતના ભાવોથી વાસિત કરવાનો છે અને દેહ અને ઇન્દ્રિયની અનુકૂળતાની ઉપેક્ષા કરીને સંયમની સર્વ ઉચિત ક્રિયા દ્વારા આત્માને સંવર-સંવરતર કરવા માટે સદા ઉદ્યમ કરવાનો છે. જેથી મારો આ ભવવ્યાધિ ક્ષય પામે.

(૫) અન્ય પણ સૂત્રનું પાત્રતાની અપેક્ષાએ દાન :-

વળી સૂત્રને અને તેના પરમાર્થને ગ્રહણ કરવાની તેની શક્તિનો નિર્ણય કરીને સાધુજીવનનાં ઉપકારક અન્ય સૂત્રોને પણ ગુરુ કંઠથી આપે અને તેની ભૂમિકા અનુસાર તેના અર્થોનો બોધ કરાવે. જેથી તે સૂત્રથી વાસિત મતિવાળો થઈને સંયમ ગ્રહણ કર્યા પછી પ્રતિદિન તે તે સૂત્રોની ક્રિયા દરમ્યાન તે તે ભાવોથી આત્માને વાસિત કરીને કલ્યાણને સાધી શકે. આ રીતે તેની પરીક્ષા કરીને સર્વ રીતે યોગ્ય જણાય તો તેને દીક્ષા આપે. જેથી દીક્ષા લેનારનું એકાંતે કલ્યાણ થાય.

ગુરુ સામાયિક આદિ સૂત્ર પ્રદાન કર્યા પછી દીક્ષા માટે તત્પર જીવને પોતાની પાસે રાખે ત્યારે સર્વવિરતિને અનુકૂળ ઉત્તરોત્તર શક્તિ સંચિત થાય તે પ્રકારે સામાયિક આદિ ઉચિત અનુષ્ઠાનોનો અભ્યાસ

કરાવે, જેથી સામાયિક આદિ ગ્રહણ કરીને જો તે દીક્ષાર્થી સ્વભૂમિકા અનુસાર રત્નત્રયીની વૃદ્ધિ કરી શકે તો દીક્ષા ગ્રહણ કર્યા પછી તે પ્રકારે વિશેષ યત્ન કરી શકશે તેમ નિર્ણય થાય અને પરીક્ષાકાળમાં સર્વવિરતિને અનુકૂળ બલઆધાન થાય તે પ્રકારે તેને અનુષ્ઠાનનો અભ્યાસ કરાવે, જેથી દીક્ષા ગ્રહણ કર્યા પછી શીઘ્ર ચારિત્રના પરિણામને પ્રાપ્ત કરે. **॥૨૨/૨૪૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

સૂત્ર-૨૨માં કહ્યું તે પ્રમાણે દીક્ષા માટે ઉપસ્થિતને પ્રશ્ન આદિ દ્વારા દીક્ષાની યોગ્યતા જણાય ત્યારપછી દીક્ષાર્થીને શું કરવું ઉચિત છે ? તે બતાવે છે –

સૂત્ર :-

गुरुजनाद्यनुज्ञा ।।२३/२४९।।

સૂત્રાર્થ :-

ગુરુજનની અનુજ્ઞા લેવી જોઈએ. ॥૨૩/૨૪૯॥

ટીકા :-

'गुरुजनो' मातापित्रादिलक्षणः, 'आदि'शब्दात् भगिनीभार्यादिशेषसम्बन्धिलोकपरिग्रहः, तस्य 'अनुज्ञा' 'प्रव्रज त्वम्' इत्यनुमतिरूपा विधिरित्यनुवर्तते ।।२३/२४९।।

ટીકાર્થ :-

'गुरुजनो' ..... अनुवर्तते ।। ગુરુજન માતા-પિતાદિ સ્વરૂપ છે. 'आदि' શબ્દથી બહેન, પત્ની આદિ શેષ સંબંધી લોકનું ગ્રહણ કરવું, તેની અનુજ્ઞાથી દીક્ષા ગ્રહણ કરવી જોઈએ, એ પ્રકારની અનુમતિરૂપ વિધિ છે. ॥૨૩/૨૪૯॥

ભાવાર્થ :-

સંયમ જીવન સામાયિકના પરિણામ રૂપ છે અને સામાયિક અત્યંત ઉચિત પ્રવૃત્તિ પ્રધાનરૂપ છે, તેથી દીક્ષાર્થીની દીક્ષા માટેની પ્રશ્નાદિ દ્વારા યોગ્યતા જણાયા પછી ગુરુ કહે કે માતા, પિતા, બહેન, ભાર્યા આદિ સર્વની અનુજ્ઞાપૂર્વક દીક્ષા ગ્રહણ કરવી જોઈએ, જેથી દીક્ષાના નિમિત્તે કોઈને ક્લેશ થાય નહિ અને અનુમતિને કારણે તેઓ પણ ઉત્સાહથી દીક્ષા આપે જેથી તેઓને પણ હિતની પ્રાપ્તિ થાય. **॥૨૩/૨૪૯॥**

અવતરણિકા :-

યદા પુનરસૌ તત્તદુપાયતોઽનુજ્ઞાપિતોઽપિ ન મુઞ્ચતિ તદા યદ્ વિધેયં તદાહ –

અવતરણિકાર્થ :-

જ્યારે વળી આ=દીક્ષાર્થી, તે તે ઉપાયોથી માતા-પિતા આદિ સર્વની અનુજ્ઞા મેળવવા પ્રયત્ન કરે, આમ છતાં તેઓ રજા ન આપે તો જે કરવું જોઈએ તેને કહે છે –

સૂત્ર :-

तथा तथोपधायोगः ।।२४/२५०।।

સૂત્રાર્થ :-

તે તે પ્રકારે ઉપધાનો=માયાનો યોગ કરે=વ્યાપાર કરે. ।।૨૪/૨૫૦।।

ટીકા :-

'तथा तथा' तेन तेन प्रकारेण सर्वथा परैरनुपलक्ष्यमाणेन 'उपधायोगः' मायायाः प्रयोजनम् ।।२४/२५०।।

ટીકાર્થ :-

'तथा तथा' ..... प्रयोजनम् ।। સર્વથા બીજા વડે ખ્યાલ ન આવે તે તે પ્રકારે ઉપધાનો=માયાનો યોગ કરે=માયાનો વ્યાપાર કરે. ।।૨૪/૨૫૦।।

ભાવાર્થ :-

માતા-પિતા સંયમ માટે અનુજ્ઞા ન આપે તો તેઓને સંતોષ થાય તે રીતે ગૃહસ્થવાસમાં રહે અને કંઈક કાળક્ષેપ પછી તેઓને શંકા ન થાય તે રીતે માયા કરીને સંયમ લેવાની અનુજ્ઞા મેળવે જેથી માતા-પિતા આદિ સ્વઇચ્છાથી તેને અનુજ્ઞા આપે તો ક્લેશ થવાનો પ્રસંગ ન આવે અને દીક્ષામાં ઉચિત ઉત્સાહ વર્તે જે મંગલરૂપ છે. **।।૨૪/૨૫૦।।**

અવતરણિકા :-

કથમિત્યાહ –

અવતરણિકાર્થ :-

કેવી રીતે માયા કરે ? એથી કહે છે –

સૂત્ર :-

दुःस्वप्नादिकथनम् ।।२५/२५१।।

સૂત્રાર્થ :-

દુઃસ્વપ્નાદિનું કથન કરે. ।।૨૫/૨૫૧।।

ટીકા :-

'દુઃસ્વપ્નસ્ય' ખરોષ્ટ્રમહિષાદ્યારોહણાદિદર્શનરૂપસ્ય 'આદિ'શબ્દાન્માતૃમણ્ડલાદિવિપરીતાલોકનાદિગ્રહઃ, તસ્ય 'કથનં' ગુર્વાદિનિવેદનમિતિ ।।૨૫/૨૫૧।।

ટીકાર્થ :-

'દુઃસ્વપ્નસ્ય' ..... નિવેદનમિતિ ।। ગધેડો, ઊંટ, પાડાના આરોહણાદિ દર્શનરૂપ દુઃસ્વપ્નનું ગુરુ આદિને નિવેદન કરે. 'આદિ' શબ્દથી માતૃમંડલ આદિ વિપરીત આલોકનાદિનું ગ્રહણ કરવું=સ્વપ્નમાં માતૃમંડલ આદિને પોતે વિપરીત જોયું છે એવું કહે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૫/૨૫૧।।

ભાવાર્થ :-

માતાપિતાદિને પોતે અલ્પ આયુષ્યક છે તેવો નિર્ણય થાય તે પ્રકારનાં પોતાને ખરાબ સ્વપ્નો આવે છે તેવું પ્રસંગે પ્રસંગે કોઈને સંશય ન થાય તે રીતે કહે. જે સાંભળવાથી તેના પ્રત્યેના સ્નેહના પરિણામવાળા જીવોને દીક્ષા આપવાની અનુજ્ઞાનો પરિણામ થાય. જેથી દીક્ષામાં સર્વનો ઉત્સાહ રહે અને કોઈના ચિત્તમાં ક્લેશ આદિ ન થાય તેનો સમ્યક્ યત્ન કરે. **।।૨૫/૨૫૧।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

विपर्ययलिङ्गसेवा ।।૨૬/૨૫૨।।

સૂત્રાર્થ :-

વિપર્યય લિંગનું સેવન કરે. ।।૨૬/૨૫૨।।

ટીકા :-

'विपर्ययः' प्रकृतिविपरीतभावः, स एव मरणसूचकत्वात् 'लिङ्गम्,' तस्य 'सेवा' निषेवणं कार्यं येन स गुर्वादिजनः संनिहितमृत्युरयमित्यवबुध्य प्रव्रज्यामनुजानीते इति ।।૨૬/૨૫૨।।

ટીકાર્થ :-

'विपर्ययः' ..... इति ।। પ્રકૃતિથી વિપરીત ભાવરૂપ વિપર્યય ચિહ્નોનું સેવન કરે; કેમ કે તે વિપર્યય લિંગ મરણનું સૂચન છે તેના કારણે તે ગુરુ આદિ લોક આ સંનિહિત મૃત્યુવાળો છે એમ જાણીને પ્રવ્રજ્યાની અનુમતિ આપે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૬/૨૫૨।।

ભાવાર્થ :-

દીક્ષાર્થી જીવ અત્યાર સુધી જે તેની પ્રકૃતિ હતી તેનાથી વિપરીત ભાવોની ચેષ્ટા કરે, જે ચેષ્ટાને જોઈને ગુરુ આદિ લોકોને થાય કે આ પ્રકારનો પ્રકૃતિમાં વિકૃત ભાવ આસન્નમરણનો સૂચક છે. માટે તેને પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની અનુજ્ઞા આપીને તેના હિત માટે પ્રયત્ન કરવા દેવો જોઈએ. આ પ્રકારના યત્નથી પણ તેઓ પ્રવ્રજ્યાની અનુજ્ઞા આપે તો તે પ્રવ્રજ્યામાં સર્વની અનુજ્ઞાથી સર્વનું હિત થાય. **॥૨૬/૨૫૨॥**

અવતરણિકા :-

विपर्ययलिङ्गानि तेषु स्वयमेवाबुध्यमानेषु किं कृत्यमित्याह –

અવતરણિકાર્થ :-

વિપર્યય લિંગો તેઓ=માતાપિતાદિ, સ્વયં જાણી શકતા ન હોય તો શું કરવું જોઈએ ? એથી કહે છે –

સૂત્ર :-

दैवज्ञैस्तथा तथा निवेदनम् ।।२७/२५३।।

સૂત્રાર્થ :-

દૈવજ્ઞો વડે=નિમિત્તશાસ્ત્રના પાઠકો વડે, તે તે પ્રકારે નિવેદન કરે. ।।૨૭/૨૫૩।।

ટીકા :-

'दैवज्ञैः' निमित्तशास्त्रपाठकैः 'तथा तथा' तेन तेन निमित्तशास्त्रपाठादिरूपेणोपायेन 'निवेदनं' गुर्वादिजनस्य ज्ञापनं विपर्ययलिङ्गानामेव कार्यमिति ।।२७/२५३।।

ટીકાર્થ :-

'दैवज्ञैः' ..... कार्यमिति ।। દૈવના જાણનારા એવા નિમિત્તશાસ્ત્રના પાઠકો વડે તે તે પ્રકારે નિમિત્તશાસ્ત્ર પાઠાદિરૂપ ઉપાયોથી નિવેદન કરે=વિપર્યય લિંગના કાર્યને જ ગુરુ આદિ જનને નિવેદન કરે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૭/૨૫૩।।

ભાવાર્થ :-

દીક્ષાની અનુજ્ઞા માટે જે વિપર્યય લિંગોનું દીક્ષાર્થી સેવન કરે તે લિંગો શેનાં સૂચક છે તે નિમિત્તશાસ્ત્રના જાણનારા દ્વારા નિર્ણય કરાવીને ગુરુ આદિને જણાવે. જેથી તેઓને વિશ્વાસ થાય કે આ પ્રકારની અસંભવિત ચેષ્ટા તેના આસન્નમૃત્યુની સૂચક છે, તેથી સ્નેહીજન પણ તેના હિત અર્થે દીક્ષાની અનુજ્ઞા આપે. **॥૨૭/૨૫૩॥**

અવતરણિકા :-

નન્વેવં માયાવિનઃ પ્રવ્રજ્યાપ્રતિપત્તાવપિ કો ગુણઃ સ્યાદિત્યાશઙ્કયાહ –

અવતરણિકાર્થ :-

આ પ્રકારે માયાવીના પ્રવ્રજ્યાના સ્વીકારમાં પણ શું ગુણ થાય ? એથી કહે છે –

સૂત્ર :-

ન ધર્મે માયા ।।૨૮/૨૫૪।।

સૂત્રાર્થ :-

ધર્મમાં=માતાપિતા આદિ જીવોમાં ધર્મનિષ્પત્તિ અર્થે, માયા કરવામાં આવે તે માયા નથી. ।।૨૮/૨૫૪।।

ટીકા :-

'ન' નૈવ 'ધર્મે' સાધ્યે માયા ક્રિયમાણા 'માયા' વઞ્ચના ભવતિ, પરમાર્થતોઽમાયાત્વાત્તસ્યાઃ ।।૨૮/૨૫૪।।

ટીકાર્થ :-

'ન' નૈવ ..... અમાયાત્વાત્તસ્યાઃ ।। ધર્મ સાધ્ય હોતે છતે=સ્વપરમાં ધર્મનિષ્પત્તિ સાધ્ય હોતે છતે તેના ઉપાયરૂપે કરાતી માયા માયા નથી; કેમ કે તેનું=તે માયાનું પરમાર્થથી અમાયાપણું છે. ॥૨૮/૨૫૪॥

ભાવાર્થ :-

ચિત્તની વક્રતાથી કરાયેલી માયા કર્મબંધનું કારણ છે પરંતુ દીક્ષાર્થી જીવ ભવથી વિરક્ત છે અને પોતાના સંયમમાં વિઘ્ન કરીને કુટુંબીજનોને ક્લેશની પ્રાપ્તિ ન થાય અને પોતે પણ સંયમ ગ્રહણ કરીને વિશેષ હિત સાધી શકે, તેના અંગરૂપે જે સ્થૂળથી માયા કરાય છે તે પરમાર્થની માયા નથી, પરંતુ ધર્મના રાગમાંથી ઉત્પન્ન થયેલ ઉચિત પ્રવૃત્તિરૂપ યત્ન છે; કેમ કે તે માયાથી પણ દીક્ષાની અનુજ્ઞા આપીને ઉત્સાહથી સ્વજનો દીક્ષા આપવામાં પ્રયત્ન કરશે, જેથી તેઓ પણ હિતને પ્રાપ્ત કરશે અને દીક્ષાર્થીને પોતાને પણ હિતની પ્રાપ્તિ થશે. **॥૨૮/૨૫૪॥**

અવતરણિકા :-

એતદપિ કુત ? ઇત્યાહ –

અવતરણિકાર્થ :-

આ પણ કેમ છે ?=ધર્મના પ્રયોજનથી કરાયેલી માયા માયા નથી એ પણ કેમ છે ? એથી કહે છે –

સૂત્ર :-

उभयहितमेतत् ।।२९/२५५।।

સૂત્રાર્થ :-

ઉભયનું હિત આ=માયા છે. ।।૨૯/૨૫૫।।

ટીકા :-

'उभयस्य' स्वस्य गुर्वादिजनस्य च 'हितं' श्रेयोरूपम् 'एतद्' एवं प्रव्रज्याविधौ मायाकरणम्, एतत्फलभूतायाः प्रव्रज्यायाः स्वपरोपकारकत्वात्, पठ्यते च –

"अमायोऽपि हि भावेन माय्येव तु भवेत् क्वचित् ।

पश्येत् स्वपरयोर्यत्र सानुबन्धं हितोदयम् ।। ।।१५४।।" [ ] **इति ।।२९/२५५।।**

ટીકાર્થ :-

'उभयस्य' ..... इति ।। આ=આ પ્રકારે પ્રવ્રજ્યાની વિધિમાં માયા કરવી એ, ઉભયનું=સ્વનું અને ગુરુ આદિજનનું શ્રેયરૂપ હિત છે; કેમ કે આના ફલભૂત=માયાના ફલભૂત પ્રવ્રજ્યાનું સ્વપર ઉપકારક-પણું છે. અને કહેવાય છે –

"ભાવથી અમાયી પણ ક્વચિત્ માયી જ થાય છે જેમાં સ્વપરના સાનુબંધ હિતનો ઉદય દેખાય. ।।૧૫૪।।" ()

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૯/૨૫૫।।

ભાવાર્થ :-

ધર્મ અર્થે કરાયેલી માયા માયા કેમ નથી ? એથી કહે છે –

પ્રવ્રજ્યાની અનુજ્ઞા અર્થે કરાયેલી માયાથી માતા-પિતાદિ દીક્ષામાં સંમતિ આપે તો દીક્ષાના ગ્રહણ દ્વારા પોતાનો ઉપકાર થાય અને દીક્ષામાં સંમતિનો પરિણામ હોય તો માતાપિતાદિને પણ કંઈક અનુમોદનાનો લાભ થાય અને કદાચ તેવો પરિણામ ન થાય તો તત્કાલ લાભ થાય નહિ પરંતુ દીક્ષા ગ્રહણ કરીને પોતે શાસ્ત્રમાં નિપુણ થયા પછી તેઓને માર્ગની પ્રાપ્તિ થાય તેવો યત્ન કરે તો તેઓને પણ ઉપકાર થવાની

સંભાવના રહે અને જેનાથી દુઃસ્તર એવા સંસારથી તરવાને અનુકૂળ શુભભાવ થાય તે સર્વના હિતનું કારણ બને. માટે ઉભયના હિતને કરનારી માયા માયા નથી. **॥૨૯/૨૫૫॥**

અવતરણિકા :-

अथेत्थमपि कृते तं विना गुर्वादिजनो निर्वाहमलभमानो न तं प्रव्रज्यार्थमनुजानीते तदा किं विधेयमित्याशङ्क्याह –

અવતરણિકાર્થ :-

હવે આ રીતે પણ કરાયે છતે=માયા આદિ દ્વારા ગુરુ આદિની સંમતિ પ્રાપ્ત કરાયે છતે, તેના વગર ગુરુ આદિ જન નિર્વાહને પ્રાપ્ત ન કરે તો તેને પ્રવ્રજ્યાની અનુજ્ઞા ન આપે, ત્યારે દીક્ષા લેવાના અર્થી જીવે શું કરવું જોઈએ ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

સૂત્ર :-

यथाशक्ति सौविहित्यापादनम् ।।३०/२५६।।

સૂત્રાર્થ :-

યથાશક્તિ સૌવિહિત્યનું આપાદન કરે=તેઓની જીવનવ્યવસ્થા સુખપૂર્વક રહે એ પ્રકારના સૌસ્થ્યનું આપાદન કરે. ॥૩૦/૨૫૬॥

ટીકા :-

'यथाशक्ति' यस्य यावती शक्तिः शतसहस्रादिप्रमाणनिर्वाहहेतुद्रव्यादिसमर्पणरूपा तया 'सौविहित्यस्य' सौस्थ्यस्यापादनं विधानम्, येन प्रव्रजितेऽपि तस्मिन्नसौ न सीदति तस्य निर्वाहोपायस्य करणमिति भावः, एवं कृते कृतज्ञता कृता भवति, करुणा च मार्गप्रभावनाबीजम्, ततस्तेनानुज्ञातः प्रव्रजेदिति ।।३०/२५६।।

ટીકાર્થ :-

'यथाशक्ति' ..... प्रव्रजेदिति ।। યથાશક્તિ=જેની જેટલી શક્તિ છે=સો હજાર આદિ પ્રમાણ નિર્વાહના હેતુ દ્રવ્યાદિના સમર્પણરૂપ શક્તિ છે, તેનાથી સૌવિહિત્યનું=સૌસ્થ્યનું, આપાદન કરે, જેથી તે પ્રવ્રજિત થયે છતે ગુરુ વર્ગ સીદાય નહિ, તેના નિર્વાહના ઉપાયને કરવો જોઈએ. આ પ્રમાણે કરાયે છતે કૃતજ્ઞતા કરાયેલી થાય છે અને માર્ગપ્રભાવનાનું બીજ એવી કરુણા થાય છે. ત્યારપછી તેમના વડે અનુજ્ઞાત દીક્ષા ગ્રહણ કરે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૦/૨૫૬॥

ભાવાર્થ :-

દીક્ષાને અભિમુખ થયેલ જીવ પ્રશ્નાદિથી યોગ્ય જણાય અને ગુરુવર્ગની અનુજ્ઞા માગે અને ગુરુવર્ગની આજીવિકાના અભાવના કારણે તેને દીક્ષા ન આપે, ત્યારે તે દીક્ષાર્થીએ પોતાની ધનઅર્જનની જે શક્તિ છે તેને અનુરૂપ કંઈક યત્ન કરીને તેઓની જીવનવ્યવસ્થા માટે ઉચિત ધનનો સંચય કરે. અને તે ધનસંચયની ક્રિયા સુવિશુદ્ધ પ્રવ્રજ્યાનું અંગ હોવાથી એકાંતે કલ્યાણનું કારણ છે અને તેઓના નિર્વાહને અનુકૂળ ધનસંચય કર્યા પછી તેઓની અનુજ્ઞાથી પ્રવ્રજ્યા ગ્રહણ કરે. તેનાથી પોતાનાં ઉપકારી માતાપિતા આદિના ઉપકારને યાદ કરીને જે ધનસંચય કરે છે તેનાથી કૃતજ્ઞતા ગુણ વૃદ્ધિ પામે છે.

વળી, આ પ્રકારે માતા-પિતા આદિની ઉચિત કરુણા કરવાથી તે કરુણા 'માર્ગ પ્રભાવના'નું બીજ બને છે અર્થાત્ શિષ્ટ લોકોને થાય કે ભગવાનનું શાસન ઉચિત પ્રવૃત્તિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનું કહે છે માટે આ ભગવાનનો માર્ગ સુંદર છે. **॥૩૦/૨૫૬॥**

અવતરણિકા :-

અથૈવમપિ ન તં મોક્તુમસાવુત્સહતે તદા –

અવતરણિકાર્થ :-

હવે આ રીતે પણ=માયાવી આદિ દ્વારા પણ પોતાનું અલ્પ આયુષ્ય જણાય છતાં પ્રવ્રજ્યાની અનુજ્ઞા ન આપે અથવા આજીવિકાની વ્યવસ્થા થઈ જાય છતાં દીક્ષાની અનુજ્ઞા ન આપે અને તેઓ તેને દીક્ષા આપવા માટે અનુત્સાહિત થાય છે ત્યારે શું કરવું જોઈએ ? તે બતાવે છે –

સૂત્ર :-

ग्लानौषधादिज्ञातात्त्यागः ।।३१/२५७।।

સૂત્રાર્થ :-

ગ્લાનઔષધાદિનાં દૃષ્ટાંતથી ત્યાગ કરે=ગુરુ આદિનો ત્યાગ કરે. ॥૩૧/૨૫૭॥

ટીકા :-

'ग्लानस्य' तथाविधव्याधिबाधावशेन ग्लानिमागतस्य गुर्वादेर्लोकस्य 'औषधादिज्ञातात्' औषधस्य आदिशब्दात् स्वनिर्वाहस्य च ग्रहः, तस्य गवेषणमपि औषधादीत्युच्यते, ततो ग्लानौषधाद्येव 'ज्ञातं' दृष्टान्तः, तस्मात् 'त्यागः' कार्यो गुर्वादेरिति । इदमुक्तं भवति–यथा कश्चित् कुलपुत्रकः कथञ्चिदपारं कान्तारं गतो मातापित्रादिसमेतः, तत्प्रतिबद्धश्च तत्र व्रजेत्, तस्य च गुर्वादेः तत्र व्रजतो नियमघाती वैद्यौषधादिरहितपुरुषमात्रासाध्यः तथाविधौषधादिप्रयोगयोग्यश्च महानातङ्कः स्यात्, तत्र चासौ तत्प्रतिबन्धादेवमालोचयति – यथा न भवति नियमादेष गुरुजनो नीरुक् औषधादिक-

मन्तरेण, औषधादिभावे च संशयः कदाचित् स्यात् कदाचिन्नेति, कालसहश्चायम्, ततः संस्थाप्य तथाविधचित्रवचनोपन्यासेन तं तदौषधादिनिमित्तं स्ववृत्तिहेतोश्च त्यजन् सन्नसौ साधुरेव भवति, एष हि त्यागोऽत्याग एव, यः पुनरत्यागः स परमार्थतस्त्याग एव, यतः फलमत्र प्रधानम्, धीराश्चैतद्दर्शिन एव भवन्ति, तत औषधसम्पादनेन तं जीवयेदपीति सम्भवात् सत्पुरुषोचितमेतत् ।

एवं शुक्लपाक्षिको महापुरुषः संसारकान्तारपतितो मातापित्रादिसङ्गतो धर्मप्रतिबद्धो विहरेत्, तेषां च तत्र नियमविनाशकोऽप्राप्तसम्यक्त्वबीजादिना पुरुषमात्रेण साधयितुमशक्यः, सम्भवत्सम्यक्त्वाद्यौषधो दर्शनमोहाद्युदयलक्षणः कर्मातङ्कः स्यात्, तत्र स शुक्लपाक्षिकः पुरुषो धर्मप्रतिबन्धादेवं समालोचयति, यदुत–विनश्यन्त्येतान्यवश्यं सम्यक्त्वाद्यौषधविरहेण, तत्सम्पादने विभाषा, कालसहानि चेमानि व्यवहारतस्ततो यावद् गृहवासं निर्वाहादिचिन्तया तथा संस्थाप्य तेषां सम्यक्त्वाद्यौषधनिमित्तं स्वचारित्रलाभनिमित्तं च स्वकीयौचित्यकरणेन त्यजन् सन्नभीष्टसंयमसिद्ध्या साधुरेव, एष त्यागोऽत्यागस्तत्त्वभावनातः, अत्याग एव च त्यागो मिथ्याभावनातः, तत्त्वफलमत्र प्रधानं बुधानाम्, यतो धीरा एतद्दर्शिन आसन्नभव्याः, एवं च तानि सम्यक्त्वाद्यौषधसम्पादनेन जीवयेदात्यन्तिकम् अपुनर्मरणेनामरणावन्ध्यबीजयोगेन सम्भवात् सुपुरुषोचितमेतद्, यतो दुष्प्रतिकारौ नियमान्मातापितरौ शेषश्च यथोचितं स्वजनलोकः, एष धर्मः सज्जनानाम्, भगवानत्र ज्ञातं परिहरन्नकुशलानुबन्धिमातापित्रादिशोकमिति ।।३१/२५७।।

ટીકાર્થ :-

'ग्लानस्य' ..... पित्रादिशोकमिति ।। ગ્લાનના=તેવા પ્રકારની વ્યાધિની બાધાના વશથી અર્થાત્ ઔષધ કરવામાં ન આવે તો જીવી શકે તેમ નથી તેવા પ્રકારની વ્યાધિની બાધાના વશથી, ગ્લાનિને પામેલા ગુરુ આદિ લોકનાં, ઔષધ આદિ દૃષ્ટાંતથી=ઔષધનાં અને 'આદિ' શબ્દથી સ્વનિર્વાહનાં દૃષ્ટાંતથી, ગુરુ આદિનો ત્યાગ કરવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે સંયમ ગ્રહણ કરીને શાસ્ત્રમાં નિપુણ થયા પછી માતાપિતાનું ઔષધ તે જીવ કરશે હમણાં તો સંયમ લઈને સ્વહિત જ કરી શકશે. તેથી ગ્લાનના માટે ઔષધનું દૃષ્ટાંત કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

તેનું ગવેષણ પણ=સંયમ ગ્રહણ કરીને શાસ્ત્રઅધ્યયન દ્વારા માતાપિતાના ઔષધનું ગવેષણ પણ, ઔષધાદિ છે એ પ્રમાણે કહેવાય છે.

આ કહેવાયેલું થાય છે – જે પ્રમાણે કોઈક કુલપુત્ર કોઈક રીતે માતાપિતાદિ સહિત પાર કરવો દુષ્કર છે એવા જંગલમાં ગયો અને ત્યાં=જંગલમાં, તેમની સાથે જંગલ પાર કરવા માટે નગર તરફ જાય છે અને ત્યાં જતા તેના ગુરુ આદિને નિયમથી ઘાતી અને વૈદ્યના ઔષધ આદિથી રહિત પુરુષ

માત્રથી અસાધ્ય તેવા પ્રકારનાં ઔષધ આદિ પ્રયોગયોગ્ય=મટે તેવો મહાન રોગ થયો અને ત્યાં=જંગલમાં તેમના પ્રત્યેના રાગથી જ આ=કુલપુત્ર, આ પ્રમાણે વિચારે છે –

નિયમથી આ ગુરુજન ઔષધ આદિ વગરના રોગ વગરના થશે નહિ અને ઔષધ આદિના સદ્ભાવમાં કદાચ જીવશે એવો સંશય છે અને કદાચ નહિ જીવે એવો સંશય છે અને હું ઔષધ લાવીશ ત્યાં સુધી આ ગુરુવર્ગ કાલસહ છે=જીવી શકે તેમ છે, તેથી તેવા પ્રકારના અનેક પ્રકારનાં વચનના ઉપન્યાસથી તેઓને સ્થાપન કરીને=જંગલમાં કોઈક ઉચિત સ્થાને સ્થાપન કરીને તેનાં ઔષધ આદિ નિમિત્ત અને પોતાની આજીવિકાના હેતુથી તેઓનો ત્યાગ કરતો આ કુલપુત્ર સુંદર જ છે. જે કારણથી આ ત્યાગ અત્યાગ જ છે, જે વળી અત્યાગ છે તે પરમાર્થથી ત્યાગ જ છે. જે કારણથી આમાં=આવા પ્રસંગમાં ફલ પ્રધાન છે=તેઓ જીવે તે પ્રકારનું ફલ મુખ્ય છે અને ધીર પુરુષો આને=આવા પ્રસંગે માતાપિતાદિ રજા ન આપે તોપણ તેનો ત્યાગ કરીને જવું એને જોનારા જ થાય છે, તેથી ઔષધના સંપાદનથી તેઓને જીવાડે પણ એ પ્રકારના સંભવ હોવાથી આ=તેઓનો ત્યાગ, સત્પુરુષોને ઉચિત છે.

આ પ્રમાણે=પૂર્વમાં દૃષ્ટાંત આપ્યું એ પ્રમાણે, શુક્લ પાક્ષિક મહાપુરુષ=જે મહાત્મા અલ્પકાળમાં સંસારનો અંત કરે એવા મહાપુરુષ, સંસારરૂપી જંગલમાં પડેલાં માતાપિતાદિથી યુક્ત ધર્મપ્રતિબદ્ધ માનસવાળો વિહરે છે. અને તેઓને=માતાપિતાદિને, ત્યાં=સંસારરૂપી અટવીમાં, નિયમથી વિનાશક=અપ્રાપ્ત સમ્યક્ત્વ બીજાદિ દ્વારા પુરુષ માત્રથી સાધવા માટે અશક્ય, અને સંભવતા સમ્યક્ત્વાદિ ઔષધવાળું=સમ્યક્ત્વાદિ ઔષધથી મટે તેવી સંભાવનાવાળું, દર્શનમોહાદિના ઉદયરૂપ કર્મ નામનો મહારોગ થાય. ત્યાં=તે પ્રસંગમાં, તે શુક્લપાક્ષિક પુરુષ ધર્મનાં પ્રતિબંધથી જ=ધર્મ પ્રત્યેના રાગથી જ, આ પ્રમાણે વિચારે છે –

શું વિચારે છે ? તે 'યદુત'થી સ્પષ્ટ કરે છે –

આ=માતાપિતાદિ, સમ્યક્ત્વ આદિ ઔષધ વગર અવશ્ય વિનાશ પામશે. તેના સંપાદનમાં=સમ્યક્ત્વાદિ ઔષધના સંપાદનમાં, વિભાષા છે=કદાચ જીવે અથવા કદાચ ન જીવે એ પ્રકારની વિભાષા છે=કદાચ ધર્મ પામે અથવા કદાચ ધર્મ ન પામે એ પ્રકારનો વિકલ્પ છે. અને આ લોકો=માતાપિતાદિ વ્યવહારથી કાલસહ છે=જીવી શકે તેમ છે. તેથી ગૃહવાસ સુધી=જ્યાં સુધી ગૃહવાસમાં છે ત્યાં સુધી નિર્વાહ આદિની ચિંતાથી તે પ્રકારે સ્થાપન કરીને, તેઓના સમ્યક્ત્વ આદિ ઔષધ નિમિત્ત અને સ્વચારિત્રના લાભના નિમિત્ત, પોતાના ઔચિત્યના કરણથી ત્યાગ કરતો છતો અભિષ્ટ સંયમની સિદ્ધિથી સાધુ જ છે. આ ત્યાગ તત્ત્વના ભાવનથી અત્યાગ છે=સ્વપરના હિતના ભાવનથી અત્યાગ છે. અને મિથ્યાભાવનથી અત્યાગ જ ત્યાગ છે=સ્વપરનાં હિતાહિતના અવિચારરૂપ મિથ્યાભાવનથી માતાપિતાદિનો અત્યાગ જ ત્યાગ છે. અહીં=આવા પ્રસંગમાં, તત્ત્વનું ફલ=પારમાર્થિક ફલ, બુધપુરુષોને પ્રધાન છે, જે કારણથી ધીર એવા આસન્ન ભવ્યજીવો આને જોનારા છે=આવા પ્રસંગે ત્યાગ કરવો

ઉચિત છે કે અત્યાગ કરવો ઉચિત છે એને જોનારા છે. અને આ રીતે સમ્યક્ત્વ આદિ ઔષધના સંપાદન દ્વારા તેઓને જીવાડે; કેમ કે અમરણના અવન્ધ્યબીજના યોગરૂપ આત્યંતિક અપુનર્મરણથી સંભવે છે=જીવન સંભવે છે. સુપુરુષ ઉચિત આ છે=ઉત્તમપુરુષોને ઉચિત આવા પ્રસંગે માતા-પિતાદિનો ત્યાગ ઉચિત છે. જે કારણથી નિયમથી માતાપિતાદિ દુષ્પ્રતિકાર છે અને યથોચિત શેષ સ્વજનલોક દુષ્પ્રતિકાર છે. આ=માતાપિતાના હિતની ચિંતા કરવી એ, સજ્જનોનો ધર્મ છે. અહીં=માતાપિતાદિના હિતની ચિંતા કરવાના વિષયમાં અકુશલાનુબંધી માતાપિતાદિના શોકના પરિહારને કરતા વીરભગવાન દૃષ્ટાંત છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૧/૨૫૭॥

ભાવાર્થ :-

જેમ સંસારમાં કોઈ વિવેકી પુરુષ હોય તો પોતાનાં માતાપિતા આદિની એકાંત હિતચિંતા કરે, તેમ સંયમ લેવા માટે તત્પર શુક્લ પાક્ષિક મહાપુરુષ માતાપિતા આદિની એકાંત હિતચિંતા કરે. અને જેમ તે વિવેકી પુરુષ અટવીમાં રહેલાં માતાપિતા આદિને કોઈ રોગ લાગે અને માતાપિતાદિ લાગણીને વશ કહે કે "અમને છોડીને તું ઔષધ લેવા જાય તે અમને ઇષ્ટ નથી. અમે મૃત્યુ પામીએ પછી તારે જે કરવું હોય તે કરજે." તે વખતે તે વિચારક પુરુષ માતાપિતાના જીવિત અર્થે અટવીમાં પોતાનાં માતાપિતાદિનાં ભોજનઔષધ આદિ અર્થે સામગ્રી લેવા માટે માતાપિતાને મૂકીને જાય તે વિવેકીને ઉચિત છે, તેમ ભવરૂપી અટવીમાં અપ્રાપ્ત સમ્યક્ત્વ બીજાદિવાળા માતાપિતાને પોતે વર્તમાનમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવી શકે તેમ નથી, પરંતુ દીક્ષા લઈને શાસ્ત્રનો પારગામી થયા પછી તેઓને સમ્યક્ત્વ આદિ પ્રાપ્ત કરાવી શકે તેવી સંભાવના જણાય તો સંસારનાં અનંત મરણોમાંથી તેઓનું રક્ષણ કરવાના શુભ આશયથી અને પોતાના પણ સંયમના પાલન દ્વારા ધર્મધ્યાનના પાલનરૂપ આજીવિકા અર્થે તેઓને મૂકીને દીક્ષા ગ્રહણ કરે તે વખતે તત્કાલ તેઓને દ્વેષાદિ થાય, તેનાથી અશુભ કર્મબંધ પણ થાય, છતાં ભાવિમાં ધર્મની પ્રાપ્તિ દ્વારા તે દોષોનું નિવારણ થવાની સંભાવના જણાય ત્યારે તેઓનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરે. અને સંયમ ગ્રહણ કરીને શાસ્ત્રમાં પારગામી થયા પછી પોતાના ઉપકારી માતાપિતાદિને સંસારનો યથાર્થ બોધ કરાવીને સન્માર્ગની પ્રાપ્તિ કરાવે. તો દીક્ષા વખતે જે ક્લેશ થયો તેનાથી પણ અધિક હિતની પ્રાપ્તિ માતાપિતાદિને પ્રાપ્ત થાય. માટે તેઓનો ત્યાગ એ પણ ઉચિત પ્રવૃત્તિ રૂપ છે અને જો તેઓને પાછળથી પણ ધર્મપ્રાપ્તિની સંભાવના ન જણાય અને અકુશળની પરંપરાનું કારણ એવો શોક એમને થાય તેવું જણાય તો વિવેકી પુરુષ ભગવાનના દૃષ્ટાંતથી તેઓનો ત્યાગ કરે નહિ, પરંતુ ઉચિત કાળની અપેક્ષા રાખીને ઉચિત કાળે દીક્ષા ગ્રહણ કરે. **॥૩૧/૨૫૭॥**

અવતરણિકા :-

દીક્ષાને માટે તત્પર થયેલા જીવને ગુરુ પ્રશ્ન આદિ દ્વારા પરીક્ષા કરે, યોગ્ય જણાય તો દીક્ષાર્થીને ગુરુજનાદિની અનુજ્ઞા લઈને આવવાનું કહે અને તે ગુરુજનાદિની અનુજ્ઞાની ઉચિત વિધિ અત્યાર સુધી બતાવી તે પ્રમાણે કરીને ગુરુ પાસે આવ્યા પછી દીક્ષાર્થીએ શું કરવું જોઈએ ? તે કહે છે –

સૂત્ર :-

तथा गुरुनिवेदनम् ।।३२/२५८।।

સૂત્રાર્થ :-

અને ગુરુને સમર્પણ થવું જોઈએ. ।।૩૨/૨૫૮।।

ટીકા :-

'तथेति' विध्यन्तरसमुच्चयार्थः, 'गुरुनिवेदनं' सर्वात्मना 'गुरोः' प्रव्राजकस्यात्मसमर्पणं कार्यमिति ।।३२/२५८।।

ટીકાર્થ :-

'तथेति' ..... कार्यमिति ।। ગુરુને નિવેદન કરે=સર્વ આત્માથી=સર્વ પ્રકારથી ગુરુને પ્રવ્રાજક પોતાના આત્માનું સમર્પણ કરે.

સૂત્રમાં 'તથા' શબ્દ વિધિ અંતરનો સમુચ્ચયાર્થ છે=પૂર્વની વિધિ કરતાં હવે બતાવે છે તે અન્ય વિધિ છે તેનો સંગ્રહ કરવા અર્થે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૨/૨૫૮।।

ભાવાર્થ :-

માતાપિતા આદિની અનુજ્ઞા મેળવ્યા પછી ભગવાનના વચનને પરતંત્ર ચાલનારા સુગુરુને જો દીક્ષાર્થી પરતંત્ર થાય તો તેમના વચનાનુસાર બહિરંગ અને અંતરંગ ઉચિત પ્રવૃત્તિ કરીને પ્રકૃષ્ટથી પાપના ભાવથી પર થવા રૂપ પ્રવ્રજ્યાની પ્રાપ્તિ કરી શકે, ગુણવાન ગુરુ પણ તે યોગ્ય જીવને શાસ્ત્રનો પારગામી બનાવીને એકાંતે તેના હિતની ચિંતા કરે. તેથી ગુણવાન ગુરુને કલ્યાણના અર્થી દીક્ષા લેનારે એ રીતે સમર્પિત થવું જોઈએ જેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય. **॥૩૨/૨૫૮॥**

અવતરણિકા :-

इत्थं प्रव्रज्यागतं विधिमभिधाय प्रव्राजकगतमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે પ્રવ્રજ્યાગત વિધિને કહીને પ્રવ્રાજકગત એવા દીક્ષા આપનાર ગુરુ સંબંધી વિધિને કહે છે –

સૂત્ર :-

अनुग्रहधियाऽभ्युपगमः ।।३३/२५९।।

સૂત્રાર્થ :-

અનુગ્રહબુદ્ધિથી=દીક્ષા લેનારને એકાંતે હિતની પ્રાપ્તિ થાય તેવી બુદ્ધિથી તેનો સ્વીકાર કરવો જોઈએ. ॥૩૩/૨૫૯॥

ટીકા :-

गुरुणा 'अनुग्रहधिया' सम्यक्त्वादिगुणारोपणबुद्ध्या 'अभ्युपगमः' 'प्रव्राजनीयस्त्वम्' इत्येवंरूपः कार्यः, न पुनः स्वपरिषत्पूरणादिबुद्ध्येति ।।३३/२५९।।

ટીકાર્થ :-

गुरुणा ..... स्वपरिषत्पूरणादिबुद्ध्येति ।। ગુરુ વડે અનુગ્રહબુદ્ધિથી=સમ્યક્ત્વ આદિ ગુણોના આરોપણ-રૂપ અનુગ્રહબુદ્ધિથી સ્વીકાર કરવો જોઈએ="તું દીક્ષા આપવા યોગ્ય છે" એ પ્રમાણે સ્વીકાર કરવો જોઈએ, પરંતુ પોતાની પર્ષદાની પૂરણ આદિની બુદ્ધિથી દીક્ષા આપવી જોઈએ નહિ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૩/૨૫૯॥

ભાવાર્થ :-

દીક્ષા માટે તત્પર થયેલા યોગ્ય જીવને ગુરુએ સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમયક્ચારિત્રના આરોપણ દ્વારા તે જીવમાં તે તે રત્નત્રયીની પ્રવૃત્તિ દ્વારા ગુણવૃદ્ધિ થાય તે પ્રકારની અનુગ્રહબુદ્ધિથી તેને દીક્ષા આપવી જોઈએ, પરંતુ આ દીક્ષા લેશે તો મારી પર્ષદા વધશે અથવા મારી વૈયાવચ્ચ કરનાર થશે તેવી બુદ્ધિથી દીક્ષા આપવી જોઈએ નહિ. અને તેવી બુદ્ધિથી કોઈ દીક્ષા આપે તો દીક્ષાથી તે ગુરુને પણ પાપની પ્રાપ્તિ થાય. વળી શિષ્યમાં સમ્યક્ત્વ આદિ ગુણની વૃદ્ધિ થાય તેવી અનુગ્રહબુદ્ધિથી દીક્ષા આપે અને તે પ્રમાણે સદા ઉચિત યત્ન કરીને તેનો અનુગ્રહ કરે તો ગુરુને પણ ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય. **॥૩૩/૨૫૯॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

निमित्तपरीक्षा ।।३४/२६०।।

સૂત્રાર્થ :-

નિમિત્તની પરીક્ષા કરવી જોઈએ. ॥૩૪/૨૬૦॥

ટીકા :-

'निमित्तानां' भाविकार्यसूचकानां 'शकुनादीनां परीक्षा' निश्चयनं कार्यम्, निमित्तशुद्धेः प्रधानविधित्वात् इति ।।३४/२६०।।

ટીકાર્થ :-

'निमित्तानां' ..... इति ।। નિમિત્તોની=ભાવિ કાર્યના સૂચક એવા શુકનાદિની પરીક્ષા કરવી જોઈએ=નિર્ણય કરવો જોઈએ; કેમ કે નિમિત્તશુદ્ધિનું પ્રધાન વિધિપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૪/૨૬૦।।

ભાવાર્થ :-

દીક્ષા આપનાર ગુરુને શિષ્યના કલ્યાણ અર્થે દીક્ષા આપવા માટે વિચાર કરે ત્યારે ભાવિમાં શું કાર્ય થશે ? તેના સૂચક એવાં નિમિત્તોની પરીક્ષા કરે; કેમ કે સર્વ રીતે લાયક પણ જીવ ભાવિમાં કોઈક વિશિષ્ટ કર્મ વિપાકમાં આવે તો પ્રવ્રજ્યા ગ્રહણ કરીને હિતને બદલે અહિત પણ પ્રાપ્ત કરે. અને તેવું કર્મ વિદ્યમાન હોય તો નિમિત્તની અશુદ્ધિથી તેનો નિર્ણય થાય છે અને અનેક વખત પ્રયત્ન કરવા છતાં નિમિત્તશુદ્ધિ ન થાય તો પ્રવ્રજ્યા ન પણ આપે. માટે દીક્ષા આપવાના વિષયમાં નિમિત્તશુદ્ધિ એ મહત્ત્વની વિધિ છે. **॥૩૪/૨૬૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

उचितकालापेक्षणम् ।।३५/२६१।।

સૂત્રાર્થ :-

ઉચિત કાળની અપેક્ષા રાખવી. ।।૩૫/૨૬૧।।

ટીકા :-

'उचितस्य' प्रव्रज्यादानयोग्यस्य 'कालस्य' विशिष्टतिथिनक्षत्रादियोगरूपस्य गणिविद्यानाम-प्रकीर्णकनिरूपितस्य, 'अपेक्षणम्' आदरणमिति, यतस्तत्र पठ्यते –

"तिहिं उत्तराहिं तह रोहिणीहिं कुज्जा उ सेहनिक्खमणं ।
गणिवायए अणुन्ना महव्वयाणं च आरुहणा ।।१५५।।" **[पञ्चव० ११२]**

"चाउद्दसिं पन्नरसिं वज्जेज्जा अट्ठमिं च नवमिं च ।
छट्ठिं च चउत्थिं बारसिं च दोण्हं पि पक्खाणं ।।१५६।।" **[गणिविद्या० ७]**

[तिसृषूत्तरासु तथा रोहिण्यां कुर्यात्तु शैक्षनिष्क्रमणम् ।
गणिवाचकयोरनुज्ञां महाव्रतानां चारोपणा ।।१।।
चतुर्दशीं पञ्चदशीं वर्जयेत् अष्टमीं नवमीं च ।
षष्ठीं च चतुर्थीं द्वादशीं च द्वयोरपि पक्षयोः ।।२।।] **इत्यादि ।।३५/२६१।।**

ટીકાર્થ :-

'उचितस्य' ..... इत्यादि ।। પ્રવ્રજ્યા દાન યોગ્ય એવા ઉચિત કાળની=વિશિષ્ટ તિથિ, નક્ષત્ર આદિ યોગ રૂપ ગણિવિદ્યા નામના પ્રકીર્ણકથી નિરુપિત એવા કાળની, અપેક્ષા રાખવી જોઈએ=આદર કરવો જોઈએ. જે કારણથી ત્યાં=ગણિવિદ્યા નામના પ્રકીર્ણક ગ્રંથમાં કહેવાયું છે –

"ત્રણ ઉત્તરાઓમાં અને રોહિણીઓમાં શૈક્ષનું નિષ્ક્રમણ કરવું જોઈએ. ગણિપદ અને વાચકપદથી અનુજ્ઞા અને મહાવ્રતોની આરોપણા કરવી જોઈએ. ।।૧૫૫।।" **(પંચવસ્તુક પ્રકરણ - ગાથા-૧૧૨)**

"શુકલ અને કૃષ્ણપક્ષની બંને ચૌદશ, અમાસ, પૂનમ, આઠમ, નોમ, છટ્ઠ, ચોથ અને બારસ, આ તિથિઓમાં દીક્ષા ન આપવી. અને આ સિવાયની પણ અન્ય જે તિથિઓ દોષ રહિત હોય તેમાં દીક્ષા આપવી જોઈએ. ।।૧૫૬।।" **(ગણિવિદ્યા૦ ૭) ઈત્યાદિ. ।।૩૫/૨૬૧।।**

ભાવાર્થ :-

વળી નિમિત્તશુદ્ધિનો નિર્ણય કર્યા પછી ગુરુએ પ્રવ્રજ્યા માટે ઉચિત કાળની અપેક્ષા કરવી જોઈએ. અર્થાત્ જ્યાં સુધી ઉચિત નક્ષત્ર આદિ યોગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કાલક્ષેપ કરીને ઉચિત કાળે દીક્ષા આપવી જોઈએ; કેમ કે ફળની નિષ્પત્તિ પ્રત્યે જેમ બાહ્ય નિમિત્ત સૂચક છે તેમ ઉચિત કાળ પણ કારણ છે. **।।૩૫/૨૬૧।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

उपायतः कायपालनम् ।।३६/२६२।।

સૂત્રાર્થ :-

ઉપાયથી છ કાયનું પાલન પ્રવ્રજ્યા લેનાર પાસેથી ગુરુએ કરાવવું જોઈએ. ।।૩૬/૨૬૨।।

ટીકા :-

'उपायतः' उपायेन निरवद्यानुष्ठानाभ्यासरूपेण 'कायानां' पृथिव्यादीनां 'पालनं' रक्षणं प्रविव्रजिषुः प्राणी कार्यत इति ।।३६/२६२।।

ટીકાર્થ :-

'उपायतः' ..... इति ।। નિરવદ્ય અનુષ્ઠાનના અભ્યાસરૂપ ઉપાયથી પૃથ્વી આદિ છ કાયનું પાલન દીક્ષાર્થી પાસેથી ગુરુએ કરાવવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૬/૨૬૨।।

ભાવાર્થ :-

પ્રવ્રજ્યાને અભિમુખ થયેલા યોગ્ય જીવને દીક્ષા આપ્યા પૂર્વે દીક્ષા લીધા પછી જે છ કાયનું પાલન કરવાનું છે તેને અનુરૂપ ઉચિત ક્રિયાઓ દ્વારા અભ્યાસ કરાવવા અર્થે ગૃહસ્થ અવસ્થામાં કયા કયા પ્રકારના આચારો પાળવા જોઈએ તેનો ઉપદેશ આપે છે અને કહે છે કે દીક્ષા ગ્રહણ કર્યા પછી છ કાયના પાલનને અનુકૂળ શક્તિ સંચિત થયેલ હશે તો જ દીક્ષા ગ્રહણ કર્યા પછી આજીવન સુધી કંટક આકીર્ણ ભૂમિમાં ગમનાગમનની જેમ પ્રવૃત્તિ કરીને છ કાયનું રક્ષણ કરવાનું સામર્થ્ય પ્રગટશે અને મોહના પરિણામરૂપ શત્રુનો નાશ કરવા માટે સુભટના પરિણામ જેવું અંતરંગ વીર્ય સંચિત થશે. માટે દીક્ષા ગ્રહણ કર્યા પૂર્વે પણ સતત યતનાપૂર્વક ગમનાગમનની પ્રવૃત્તિ કરવી જોઈએ અને શ્રુતથી આત્માને વાસિત કરીને મોહની શક્તિનો નાશ કરવો જોઈએ તે પ્રકારે ઉપાય કરવાથી પોતાના ભાવપ્રાણનો અને છ કાયના પાલનનો યત્ન દીક્ષાર્થી પાસે ગુરુ કરાવે છે. **॥૩૬/૨૬૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

भाववृद्धिकरणम् ।।३७/२६३।।

સૂત્રાર્થ :-

ભાવવૃદ્ધિનું કરણ ।।૩૭/૨૬૩।।

ટીકા :-

'भावस्य' प्रव्रज्याभिलाषलक्षणस्य 'वृद्धिः' उत्कर्षः, तस्याः तैस्तैः प्रव्रज्याफलप्ररूपणादिवचनैः 'करणं' सम्पादनं तस्य ।।३७/२६३।।

ટીકાર્થ :-

'भावस्य' ..... तस्य ।। પ્રવ્રજ્યાના અભિલાષ રૂપ ભાવની વૃદ્ધિ=ઉત્કર્ષ, તેનું તે તે પ્રવ્રજ્યા-ફળના પ્રરૂપણાદિ વચનો વડે સંપાદન તેને=દીક્ષાર્થીને કરવું જોઈએ. ।।૩૭/૨૬૩।।

ભાવાર્થ :-

પ્રવ્રજ્યા આપતાં પૂર્વે ગુરુ દીક્ષાર્થી પાસે નિરવદ્ય અનુષ્ઠાનનો અભ્યાસ કરાવે છે. જે અનુષ્ઠાનો આદ્યભૂમિકાવાળા જીવોને અતિ કષ્ટસાધ્ય છે, તેથી પ્રવ્રજ્યાને અનુકૂળ એવી ભાવવૃદ્ધિ થાય તે પ્રકારે ગુરુ ઉપદેશ આપે અને કહે કે જ્યાં સુધી મોહના પ્રબળ સંસ્કારો છે ત્યાં સુધી જ પ્રવ્રજ્યામાં યત્ન કરવો દુષ્કર છે પરંતુ સમ્યગ્ અભ્યાસના બળથી મોહના સંસ્કારો અલ્પ થશે ત્યારે તે પ્રવ્રજ્યા જ તત્કાલ સમભાવના સુખની પ્રાપ્તિનું કારણ બનશે અને સમભાવનો પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને જીવની અસંગપરિણતિને પ્રગટ કરશે અને પ્રવ્રજ્યા કાળમાં વર્તતો સમભાવનો રાગ ઉત્તમ પુણ્યબંધનું કારણ થશે, તેથી આ પ્રકારના પાલનથી જન્માંતરમાં ઉત્તમ દેવભવ, ઉત્તમ મનુષ્યભવ અને પ્રવ્રજ્યાના ઉત્તમ સંસ્કારો સાથે આવશે, જેથી વિશેષ પ્રકારની પ્રવ્રજ્યાનું પાલન કરવાનું સામર્થ્ય પ્રગટશે અને પ્રવ્રજ્યાનું અંતિમ ફળ જન્મ-જરા-મૃત્યુ આદિ રૂપ સર્વ સંસારના ક્લેશોનો ક્ષય છે માટે કલ્યાણના અર્થીએ સદા પ્રવ્રજ્યાના ફળને સ્મૃતિમાં રાખીને પ્રવ્રજ્યાના સેવનમાં સદા અપ્રમાદ કરવો જોઈએ. આ પ્રકારે ગુરુ દીક્ષા આપ્યા પૂર્વે જ દીક્ષાર્થીમાં ભાવવૃદ્ધિનું સંપાદન કરે. **॥૩૭/૨૬૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अनन्तरानुष्ठानोपदेशः ।।३८/२६४।।

સૂત્રાર્થ :-

દીક્ષા ગ્રહણ કર્યા પછી સંયમજીવનમાં શું અનુષ્ઠાન કરવાનું છે ? તેનો ઉપદેશ આપે. ॥૩૮/૨૬૪॥

ટીકા :-

'अनन्तरानुष्ठानस्य' प्रव्रज्याग्रहणानन्तरमेव करणीयस्य 'गुर्वन्तेवासितातद्भक्तिबहुमानादेः' अनन्तराध्याये एव वक्ष्यमाणस्योपदेशः तस्य कार्यः ।।३८/२६४।।

ટીકાર્થ :-

'अनन्तरानुष्ठानस्य' ..... कार्यः ।। અનન્તર અનુષ્ઠાનનો=પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી અનન્તર જ કરણીય એવા ગુરુ અન્તેવાસિતા તદ્ભક્તિ=ગુરુની ભક્તિ, ગુરુના બહુમાન આદિ અનન્તર અધ્યાયમાં જ કહેવાનારા અનુષ્ઠાનનો, ઉપદેશ તેને કરવો જોઈએ=દીક્ષાર્થીને ઉપદેશ આપવો જોઈએ. ॥૩૮/૨૬૪॥

ભાવાર્થ :-

દીક્ષા લેવા માટે સન્મુખ થયેલા જીવને ઉપદેશક પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી શું શું ઉચિત અનુષ્ઠાન કરવાના છે તે સર્વ ઉચિત કૃત્યોનો દીક્ષાર્થીને ઉચિત બોધ થાય તે રીતે ઉપદેશ આપે અને તે ઉચિત કૃત્યો ગ્રંથકારશ્રી પાંચમા અધ્યાયમાં કહેવાના છે જેથી દીક્ષા ગ્રહણ કરનાર દીક્ષા ગ્રહણ કર્યા પછી તે તે કૃત્યો કરીને એકાંતે કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરશે. **॥૩૮/૨૬૪॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

शक्तितस्त्यागतपसी ।।३९/२६५।।

સૂત્રાર્થ :-

શક્તિથી ત્યાગ અને તપ કરાવે. ॥૩૯/૨૬૫॥

ટીકા :-

'शक्तितः' शक्तिमपेक्ष्य 'त्यागं' च अर्थव्ययलक्षणं देवगुरुसङ्घपूजादौ विषये 'तपश्च' अनशनादि कारणीयः स इति ।।३९/२६५।।

ટીકાર્થ :-

'शक्तितः' ..... इति ।। શક્તિને આશ્રયીને=દીક્ષાર્થી જીવની આર્થિક શક્તિ અને શારીરિક શક્તિને આશ્રયીને, દેવ-ગુરુ-સંઘપૂજાદિ વિષયમાં અર્થવ્યયલક્ષણ ત્યાગ અને અનશનાદિરૂપ તપ, તેને= દીક્ષાર્થીને, કરાવવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૯/૨૬૫॥

ભાવાર્થ :-

દીક્ષા લેવા માટે તૈયાર થયેલા યોગ્ય જીવને દીક્ષા આપવા પૂર્વે જો તેની આર્થિક સ્થિતિ સારી હોય તો ઉપદેશક કહે કે તીર્થંકરો, ગુરુ અને ચતુર્વિધ સંઘ આદિની ભક્તિમાં તે રીતે ધન વ્યય કરવો જોઈએ કે જેથી તીર્થંકર, ગુરુ અને ગુણવાન એવા સંઘ પ્રત્યેનો ગુણકૃત આદરભાવ પ્રવર્ધમાન થાય અને ધન વિદ્યમાન હોવા છતાં સુપાત્રમાં તેનો વ્યય ન કરી શકે તેવી ક્ષુદ્રપ્રકૃતિ દૂર થાય. શારીરિક શક્તિ અનુસાર તપાદિમાં યત્ન કરવો જોઈએ જેથી દેહ પ્રત્યેનું મમત્વ દૂર થાય. વળી, યોગ્ય ઉપદેશક પ્રસંગે પ્રસંગે બાહ્ય કૃત્યોમાં લોકની પ્રશંસા આદિની આશંસા ન થાય તે પ્રકારે અંતરંગ ગુણવૃદ્ધિના વ્યાપારપૂર્વક ધન વ્યય કરવાનો અને તપાદિ કરવાનો ઉપદેશ આપે. **॥૩૯/૨૬૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

क्षेत्रादिशुद्धौ वन्दनादिशुद्ध्या शीलारोपणम् ।।४०/२६६।।

સૂત્રાર્થ :-

ક્ષેત્રાદિની શુદ્ધિ થયે છતે વંદનાદિની શુદ્ધિ દ્વારા શીલનું આરોપણ=સર્વવિરતિ સામાયિકનું આરોપણ, કરવું જોઈએ. ॥૪૦/૨૬૬॥

ટીકા :-

'क्षेत्रस्य' भूमिभागलक्षणस्य 'आदि'शब्दाद्दिशश्च 'शुद्धौ' सत्यां 'वन्दनादिशुद्ध्या' चैत्यवन्दन-कायोत्सर्गकारणसाधुनेपथ्यसमर्पणादिसमाचारचारुतारूपया 'शीलस्य' सामायिकपरिणामरूपस्य करेमि भंते! सामायिकमित्यादिदण्डकोच्चारणपूर्वकमारोपणं प्रव्रज्यार्हे न्यसनं गुरुणा कार्यमिति । तत्र क्षेत्रशुद्धिः इक्षुवनादिरूपा ।

यथोक्तम् –

"उच्छुवणे सालिवणे पउमसरे कुसुमिए व वणसंडे ।
गंभीरसाणुणाए पयाहिणजले जिणहरे वा ।१५७।।" **[विशे० ३४०४]**

[इक्षुवणे सालिवने पद्मसरसि कुसुमिते वा वनखण्डे ।
गम्भीरे सानुनादे प्रदक्षिणावर्त्तजले जिनगृहे वा ।।१।।]

तथा –

"पुव्वाभिमुहो उत्तरमुहोव्व दिज्जाऽहवा पडिच्छेज्जा ।
जाए जिणादओ वा दिसाए जिणचेइयाइं वा ।।१५८।।" **[विशे० ३४०६]**

[पूर्वाभिमुख उत्तरमुखो वा दद्यादथवा प्रतीच्छेत् ।
यस्यां जिनादयो वा दिशि जिनचैत्यानि वा ।।२।।] **इति ।।४०/२६६।।**

टीकार्थ :-

'क्षेत्रस्य' ..... इति ।। क्षेत्रनी=भूमिभागરૂપ क्षेत्रनी अने 'आदि' शब्दथी दिशानी शुद्धि थये छते, वंदनादिनी शुद्धिथी=चैत्यवंदन, कायोत्सर्ग कराववुं, साधुनां वस्त्रोना समर्पण आदि सुंदर आचारोना सम्यक् पालनपणारूप वंदनानी शुद्धिथी शीलनुं=सामायिकना परिणामरूप शीलनुं, करेमि भंते ! सामायिकसूत्र ईत्यादि दंडकना उच्चारणपूर्वक आरोपण करवुं जोईએ=प्रव्रज्यायोग्य जीवमां गुरुએ शीलनुं स्थापन करवुं जोईએ. त्यां=क्षेत्रादिनी शुद्धिमां, क्षेत्रशुद्धि ईक्षुवनादिरूप छे,

जे कारणथी कहेवायुं छे –

"ઈક્ષુવન, ડાંગરનું વન, પદ્મસરોવર, કુસુમનાં વનખંડો, ગંભીર સાનુનાદ, પ્રદક્ષિણાવર્તવાળાં જળસ્થાનો, જિનગૃહમાં. ।।૧૫૭।।" **(विशेषावश्यकभाष्य ३४०४)**

तथा –

"પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ આપે=દીક્ષા આપે. અથવા દીક્ષા લેનાર દીક્ષા ગ્રહણ કરે. અથવા જે દિશામાં જિનાદિ હોય અથવા જિનચૈત્ય આદિ ગૃહો હોય તે દિશામાં દીક્ષા આપે. ।।૧૫૮।।" **(विशेषावश्यकभाष्य ३४०६)**

'इति' शब्द टीकानी समाप्ति अर्थे छे. ।।४०/२६६।।

भावार्थ :-

યોગ્ય જીવ દીક્ષા માટે સર્વ રીતે તૈયાર થઈ જાય ત્યાર પછી ક્ષેત્રાદિની શુદ્ધિ થાય ત્યારે દીક્ષા લેવાની વંદનાદિની જે વિધિ છે તે સર્વ વિધિનું દીક્ષા લેનારને ગુરુએ જે પૂર્વમાં જ્ઞાન કરાવ્યું છે તે પ્રમાણે ભાવોની

વૃદ્ધિ થાય તે પ્રકારે સર્વ ઉચિત ક્રિયાઓ ગુરુ કરાવે. ત્યારપછી ગુરુ સામાયિક સૂત્રના ઉચ્ચારણપૂર્વક શિષ્યમાં શીલનું આરોપણ કરે. તે શિષ્ય પણ વંદનાદિ વિધિકાળમાં સૂત્રમાં અત્યંત ઉપયોગપૂર્વક તે ક્રિયા કરે તો તે ક્રિયાના બળથી જ શીલને અભિમુખ પરિણામવાળો બને છે. જ્યારે ગુરુ સામાયિક સૂત્રનું આરોપણ કરે ત્યારે સૂત્ર-અર્થમાં અત્યંત ઉપયુક્ત રહે તો અવશ્ય ભાવથી સામાયિકનો પરિણામ પ્રગટ થાય છે અને તે પરિણામની પ્રાપ્તિમાં વંદન આદિની શુદ્ધિ અંતરંગ કારણ બને છે અને ક્ષેત્રાદિની શુદ્ધિ બહિરંગ નિમિત્ત કારણ બને છે. **॥૪૦/૨૬૬॥**

અવતરણિકા :-

शीलमेव व्याचष्टे –

અવતરણિકાર્થ :-

શીલને જ કહે છે –

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું કે ગુરુ 'કરેમિ ભંતે' સૂત્ર દ્વારા શીલનું આરોપણ કરે. ગુરુના તે શીલના આરોપણ દ્વારા દીક્ષાર્થીમાં જે શીલ ભાવરૂપે પ્રગટ થાય છે તેના સ્વરૂપને બતાવે છે –

સૂત્ર :-

असङ्गतया समशत्रुमित्रता शीलम् ।।४१/२६७।।

સૂત્રાર્થ :-

અસંગપણાથી=આત્માથી ભિન્ન દેહથી માંડીને સર્વ પુદ્ગલો પ્રત્યે અસંગપણું થવાને કારણે, સમશત્રુમિત્રતા શીલ છે. ॥૪૧/૨૬૭॥

ટીકા :-

'असङ्गतया' क्वचिदपि अर्थे प्रतिबन्धाभावेन 'समशत्रुमित्रता' शत्रौ मित्रे च समानमनस्कता शीलमुच्यत इति ।।४१/२६७।।

ટીકાર્થ :-

'असङ्गतया' ..... इति ।। અસંગપણું હોવાને કારણે=આત્માથી ભિન્ન એવા કોઈપણ અર્થમાં પ્રતિબંધનો અભાવ હોવાને કારણે=રાગના પરિણામનો અભાવ હોવાને કારણે, સમશત્રુમિત્રતા=શત્રુ અને મિત્રમાં સમાન મનપણારૂપ શીલ કહેવાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૧/૨૬૭॥

ભાવાર્થ :-

યોગ્ય દીક્ષાર્થી જીવને ગુરુ જ્યારે 'करेमि भंते સૂત્ર' દ્વારા શીલનું આરોપણ કરે છે ત્યારે બોલાતા સૂત્ર અને અર્થમાં ઉપયોગ રાખીને તે પ્રકારનો પોતાનો અંતરંગ ભાવ ઉલ્લસિત થાય તે રીતે પ્રતિજ્ઞાનું શ્રવણ દીક્ષા લેનાર કરે. પ્રતિજ્ઞામાં ગ્રહણ કરેલ કે હું સામાયિક કરું છું, તેથી સામાયિકના પરિણામના બળથી તે મહાત્માનું ચિત્ત આત્માના સમભાવના પરિણામથી અન્યત્ર કોઈપણ અર્થમાં રાગ વગરનું બને છે, તેથી જગતના સર્વપદાર્થો પ્રત્યે અસંગપણું થવાને કારણે તે મહાત્માનું ચિત્ત, શત્રુ-મિત્ર આદિ સર્વ જીવો પ્રત્યે સમાન વૃત્તિવાળું બને છે, જેથી શત્રુને કે મિત્રોને જોઈને તે પ્રકારનો રાગનો કે દ્વેષનો પરિણામ થતો નથી, પરંતુ સંયમને ઉચિત ક્રિયાઓમાં દૃઢ યત્ન કરીને પ્રગટ થયેલા શીલને અતિશયિત કરવા માટે જ તે મહાત્મા યત્ન કરે છે. **॥૪૧/૨૬૭॥**

અવતરણિકા :-

ननु स्वपरिणामसाध्यं शीलं तत् किमस्य क्षेत्रादिशुद्ध्यारोपणेनेत्याशङ्क्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે – સ્વપરિણામથી સાધ્ય શીલ છે=ગુરુના શીલના આરોપણકાળમાં દીક્ષાર્થીના અંતરંગ સ્વપરાક્રમરૂપ સ્વપરિણામથી સાધ્ય અસંગ પરિણામરૂપ શીલ છે, તેથી આને=દીક્ષાર્થીને, ક્ષેત્રાદિની શુદ્ધિના આરોપણથી શું ? અર્થાત્ ક્ષેત્રાદિની શુદ્ધિપૂર્વક વ્રતના આરોપણથી શું ? એ પ્રકારની આશંકાને કરીને કહે છે –

સૂત્ર :-

अतोऽनुष्ठानात्तद्भावसम्भवः ।।४२/२६८।।

સૂત્રાર્થ :-

આ અનુષ્ઠાનથી=સૂત્ર-૪૦માં કહ્યું તે વંદનાદિપૂર્વક શીલના આરોપણરૂપ અનુષ્ઠાનથી, તેના ભાવનો સંભવ છે=અસંગપરિણતિરૂપ સમભાવનો સંભવ છે. ॥૪૨/૨૬૮॥

ટીકા :-

'अतः' अस्माद् 'अनुष्ठानाद्' उक्तरूपशीलारोपणलक्षणात् 'तद्भावस्य' शीलपरिणामलक्षणस्य 'सम्भवः' समुत्पादः प्रागसतोऽपि जायते, सतश्च स्थिरीकरणमिति ।।४२/२६८।।

ટીકાર્થ :-

'अतः' ..... स्थिरीकरणमिति ।। આ અનુષ્ઠાનથી=પૂર્વમાં કહેલા શીલ આરોપણરૂપ અનુષ્ઠાનથી

તેના ભાવનો=શીલના પરિણામરૂપ ભાવનો, સંભવ છે=સમુત્પાદ છે અર્થાત્ પૂર્વમાં અવિદ્યમાન પણ શીલનો પરિણામ થાય છે અને વિદ્યમાન સ્થિર થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૨/૨૬૮॥

ભાવાર્થ :-

શીલના આરોપણ પછી યોગ્ય જીવમાં સામાયિકનો પરિણામ પ્રગટ થાય છે તેમ પૂર્વસૂત્રમાં કહ્યું. ત્યાં વિચારકને શંકા થાય કે સામાયિકનો પરિણામ જીવના સ્વપ્રયત્નથી થાય છે, તેથી ક્ષેત્રાદિની શુદ્ધિ દ્વારા અને કરેમિ ભંતે સૂત્ર દ્વારા શીલના આરોપણનું શું પ્રયોજન છે ? તેથી કહે છે –

યોગ્ય જીવ વંદનાદિની શુદ્ધિપૂર્વક ગુરુના મુખે 'કરેમિ ભંતે' સૂત્ર શ્રવણ કરે તે વખતે સૂત્રમાં અત્યંત ઉપયોગપૂર્વક યત્ન કરે તો પ્રવ્રજ્યાગ્રહણકાળમાં સામાયિકના પરિણામરૂપ શીલ ઉત્પન્ન થાય છે, તેથી શીલની ઉત્પત્તિમાં ક્ષેત્રાદિ શુદ્ધિ બાહ્ય નિમિત્તરૂપે કારણ બને છે, વંદનાદિની ક્રિયા પૂર્વભૂમિકાના ચિત્તની નિષ્પત્તિનું કારણ બને છે અને કરેમિ ભંતે સૂત્ર દ્વારા સામાયિકના આરોપણની ક્રિયા સાક્ષાત્ ઉપયોગ દ્વારા શીલનિષ્પત્તિનું કારણ બને છે. અને કેટલાક યોગ્ય જીવોને સર્વવિરતિ ગ્રહણ કરવાનો અભિલાષ થાય અને ગુરુ પાસે રહીને ઉચિત ક્રિયાઓ કરતા હોય ત્યારે જ ભાવથી સર્વવિરતિનો પરિણામ પ્રગટ થયેલો હોય તોપણ વંદનાદિપૂર્વક શીલના આરોપણ દ્વારા તે પરિણામ સ્થિર થાય છે, તેથી શીલના પરિણામની અપ્રાપ્તિવાળા જીવોને શીલનું આરોપણ શીલની પ્રાપ્તિમાં પ્રબળ કારણ બને છે અને શીલના પરિણામવાળા જીવોને વિશેષ પ્રકારની શીલની પ્રાપ્તિનું કારણ બને છે; કેમ કે સામાયિકના પરિણામના રાગથી જ પ્રવ્રજ્યાગ્રહણની ક્રિયા થાય છે અને પ્રવર્ધમાન એવો સામાયિકનો રાગ જ સામાયિકના પરિણામની પ્રાપ્તિનું કારણ બને છે, અને પ્રાપ્ત થયેલા સામાયિકના પરિણામની વૃદ્ધિનું કારણ બને છે. **॥૪૨/૨૬૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

तपोयोगकारणं चेति ।।૪૩/૨૬૯।।

સૂત્રાર્થ :-

તપોયોગ કરાવવો જોઈએ. ॥૪૩/૨૬૯॥

ટીકા :-

स एवं विधिप्रव्रजितः सन् गुरुपरम्परयाऽऽगतमाचाम्लादितपोयोगं कार्यत इति ।।४३/२६९।।

ટીકાર્થ :-

स एवं ..... इति ।। તે=દીક્ષાર્થી, આ રીતે=સૂત્ર-૪૦માં કહ્યું એ રીતે, વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરાયેલો છતો ગુરુપરંપરાથી આવેલા આયંબિલ આદિ તપયોગને કરાવાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૩/૨૬૯॥

ભાવાર્થ :-

દીક્ષા ગ્રહણ કર્યા પછી દીક્ષાનો દિવસ અત્યંત મંગલરૂપ બને, તેથી ગુરુપરંપરા અનુસાર આયંબિલ આદિ તપ દીક્ષાર્થીને કરાવવો જોઈએ, તેથી ગ્રહણ કરાયેલા સંયમમાં મંગલરૂપ એવો તે તપ અતિશયતાને કરાવે અર્થાત્ શક્તિ અનુસાર તપ કરીને તે મહાત્મા અસંગભાવમાં યત્ન કરે તે પ્રકારે ગુરુ યત્ન કરે. **॥૪૩/૨૬૯॥**

અવતરણિકા :-

अथोपसंहारमाह –

અવતરણિકાર્થ :-

હવે, ઉપસંહારને કહે છે –

ભાવાર્થ :-

પ્રવ્રજ્યા વિધિને બતાવ્યા પછી તે પ્રવ્રજ્યા વિષયક ઉપસંહારને કહે છે –

શ્લોક :-

एवं यः शुद्धयोगेन परित्यज्य गृहाश्रमम् ।
संयमे रमते नित्यं स यतिः परिकीर्तितः ।।४।।

શ્લોકાર્થ :-

આ રીતે=પૂર્વમાં અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે, જે દીક્ષાર્થી શુદ્ધ યોગ દ્વારા ગૃહ-આશ્રમનો ત્યાગ કરીને સંયમમાં નિત્ય રમે છે તે યતિ કહેવાયો છે. ॥૪॥

ટીકા :-

'एवम्' उक्तरूपेण 'यो' भव्यविशेषः 'शुद्धयोगेन' सम्यगाचारविशेषेण 'परित्यज्य' हित्वा 'गृहाश्रमं'

गृहास्थावस्थां 'संयमे' हिंसादिविरमणरूपे 'रमते' आसक्तिमान् भवति 'स' एवंगुणो 'यतिः' उक्तनिरुक्तः 'परिकीर्तित' इति ।।४।।

ટીકાર્થ :-

'एवम्' ..... इति ।। આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, જે ભવ્યવિશેષ=શીઘ્ર મોક્ષમાં જવાની યોગ્યતાવાળો જીવવિશેષ, શુદ્ધ યોગથી=સમ્યક્ આચારવિશેષથી=માતા-પિતા આદિ સર્વવિષયક ઉચિત કૃત્યના સેવનવિશેષથી, ગૃહસ્થઅવસ્થાનો ત્યાગ કરીને હિંસા આદિ વિરમણરૂપ સંયમમાં રમે છે=આસક્તિમાન છે તે આવા પ્રકારનો યતિ='યતમાન યતિ' એ પ્રકારની વ્યુત્પત્તિવાળો યતિ, કહેવાયો છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪।।

ભાવાર્થ :-

મોક્ષ માટે યત્નમાન હોય તે યતિ કહેવાય. એ પ્રકારે યતિ શબ્દની વ્યુત્પત્તિ છે. અને મોક્ષ માટે યત્ન કરનારે સર્વત્ર ઉચિત પ્રયત્ન કરવો આવશ્યક છે, તેથી દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે દીક્ષાને યોગ્ય ગુણો પોતાનામાં પ્રગટ થયા ન હોય તો તેને પ્રગટ કરવા માટે યત્ન કરવો આવશ્યક છે. દીક્ષાની યોગ્યતા પ્રગટ્યા પછી માતા-પિતા આદિની સર્વ ઉચિત વિધિથી અનુજ્ઞા મેળવવી આવશ્યક છે. તે અનુજ્ઞા મેળવ્યા પછી વિધિપૂર્વક ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને જે મહાત્મા સદા હિંસા આદિ પાપસ્થાનકોના વિરામપૂર્વક આત્માના શુદ્ધભાવોમાં જવા માટે શ્રુતવચનાનુસાર સદા ઉદ્યમ કરે છે તે યતિ કહેવાય છે. **॥૪॥**

અવતરણિકા :-

अत्रैवाभ्युच्चयमाह –

અવતરણિકાર્થ :-

આમાં જ=યતિના સ્વરૂપમાં જ, અભ્યુચ્ચયને કહે છે –

શ્લોક :-

एतत्तु सम्भवत्यस्य सदुपायप्रवृत्तितः ।
अनुपायात्तु साध्यस्य सिद्धिं नेच्छन्ति पण्डिताः ।।५।।

શ્લોકાર્થ :-

વળી, આ=યતિપણું, આને=પ્રવ્રજિત છતાં પુરુષને સદ્ઉપાયની પ્રવૃત્તિથી સંભવે છે. વળી, અનુપાયથી=આગળમાં જે વિધિ બતાવી તે વિધિથી વિપરીત પ્રવૃત્તિથી, પંડિતો સાધ્યની સિદ્ધિને

ઇચ્છતા નથી=પ્રવ્રજ્યાથી નિષ્પાદ્ય નિર્મળ પરિણતિરૂપ સાધ્યની સિદ્ધિને ઇચ્છતા નથી. ॥૫॥

ટીકા :-

'एतत्' पुनः यतित्वं 'सम्भवत्यस्य' प्रव्रजितस्य सतः, कुत इत्याह–'सदुपायप्रवृत्तितः' 'सता' सुन्दरेण 'उपायेन' 'अर्होऽर्हसमीपे' इत्याद्युक्तरूपेण 'प्रवृत्तेः' चेष्टनात्, अत्रैव व्यतिरेकमाह–'अनुपायात्तु' उपायविपर्ययात् पुनः 'सिद्धिं' सामान्येन सर्वस्य कार्यस्य निष्पत्तिं 'नेच्छन्ति' 'न' प्रतिपद्यन्ते 'पण्डिताः' कार्यकारणविभागकुशलाः, यतः पठन्ति – "नाकारणं भवेत् कार्यम्" [ ] **इत्यादि ।।५।।**

ટીકાર્થ :-

'एतत्' ..... इत्यादि ।। વળી, આ=યતિપણું, આને=પ્રવ્રજિત છતાં પુરુષને, સંભવે છે.

કેવી રીતે સંભવે છે ? એથી કહે છે –

'સદ્ઉપાયની પ્રવૃત્તિ હોવાના કારણે' સારા=સુંદર, "યોગ્ય યોગ્યને સમીપે" ઇત્યાદિ કહેવાયેલા સ્વરૂપવાળા ઉપાયથી, પ્રવૃત્તિ હોવાના કારણે=ચેષ્ટા હોવાના કારણે, સંભવે છે, એમ અન્વય છે.

આમાં જ=ઉપાયથી પ્રવૃત્તિ કરવાને કારણે યતિભાવ સંભવે છે એમાં જ, વ્યતિરેકને કહે છે –

વળી, અનુપાયથી=ઉપાયના વિપર્યયથી, સિદ્ધિને=સામાન્યથી સર્વકાર્યની નિષ્પત્તિને, પંડિત પુરુષો=કાર્યકારણના વિભાગમાં કુશળ પુરુષો, ઇચ્છતા નથી. જે કારણથી કહેવાય છે – "અકારણ કાર્ય થતું નથી." **() ઇત્યાદિ. ॥૫॥**

ભાવાર્થ :-

પૂર્વગાથામાં ભાવથી યતિ કેવા હોય તેનું સ્વરૂપ બતાવ્યું. હવે જેઓએ પૂર્વમાં બતાવ્યાં પ્રમાણે દીક્ષાને યોગ્ય ગુણો પ્રાપ્ત કર્યા છે અને દીક્ષા આપવા માટે યોગ્ય એવા ગુરુના સમીપમાં સર્વ ઉચિત વિધિ અનુસાર પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે; તેથી પ્રવ્રજ્યાગ્રહણની વિધિકાળમાં જ ચિત્ત તેવા પ્રકારનું ઉપશાંત થયેલું છે, જેથી દીક્ષા ગ્રહણ કર્યા પછી સદા સંયમયોગમાં આસક્ત થઈને સંયમના પરિણામને વહન કરે છે. તેઓમાં ભાવથી યતિપણું છે; કેમ કે ભાવથી યતિપણાની પ્રાપ્તિના ઉચિત ઉપાયપૂર્વક યતિ થયેલ છે. તેથી અવશ્ય યતિત્વ પ્રાપ્ત થાય છે.

વળી, જેઓએ દીક્ષાને યોગ્ય ગુણો કેળવ્યા નથી અને કદાચ દીક્ષાને યોગ્ય ગુણો કેળવ્યા હોય છતાં દીક્ષા આપવા યોગ્ય એવા ગુરુનો વિચાર કર્યા વગર દીક્ષા ગ્રહણ કરેલ છે, કદાચ દીક્ષા આપવા યોગ્ય ગુરુ પાસે પણ ઉચિત વિધિ વગર દીક્ષા ગ્રહણ કરેલ છે તેથી અનુપાયથી દીક્ષાની પ્રવૃત્તિ હોવાને કારણે ભાવથી યતિભાવરૂપ સિદ્ધિને તેઓ પ્રાપ્ત કરી શકતા નથી તેમ પંડિતપુરુષો કહે છે. **॥૫॥**

અવતરણિકા :-

ઉક્તવિપર્યયે દોષમાહ –

અવતરણિકાર્થ :-

ઉક્ત વિપર્યયમાં=પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની અત્યાર સુધી વિધિ બતાવી તેના વિપર્યયમાં દોષને કહે છે=દીક્ષા ગ્રહણ કરવાથી પ્રાપ્ત થતા દોષને કહે છે –

સૂત્ર :-

यस्तु नैवंविधो मोहाच्चेष्टते शास्त्रबाधया ।
स तादृग्लिङ्गयुक्तोऽपि न गृही न यतिर्मतः ।।६।।

સૂત્રાર્થ :-

વળી, જે પુરુષ આવા પ્રકારનો નથી=પૂર્વમાં બતાવેલી વિધિ પ્રમાણે દીક્ષામાં પ્રવૃત્ત નથી, મોહથી શાસ્ત્ર બાધા વડે ચેષ્ટા કરે છે તે જીવ તેવા લિંગયુક્ત પણ=શુદ્ધ સાધુના વેષ તુલ્ય વેષવાળો પણ ગૃહસ્થ મનાયો નથી અને યતિ મનાયો નથી. ।।૬।।

ટીકા :-

'यस्तु' यः पुनरद्याप्यतुच्छीभूतभवभ्रमणशक्तिः 'न' नैव 'एवंविधः' किन्तु उक्तविधिविपरीतः 'मोहाद्' अज्ञानात् 'चेष्टते' प्रवर्तते 'शास्त्रबाधया' शास्त्रार्थोल्लङ्घनेन 'स' प्राणी 'तादृग्लिङ्गयुक्तोऽपि' शुद्धयतितुल्यनेपथ्यसनाथोऽपि, किं पुनरन्यथाभूतनेपथ्य 'इत्यपि'शब्दार्थः, 'न गृही' गृहस्थाचार-रहितत्वात्, 'न यतिः' भावचारित्रविरहितत्वादिति ।।६।।

इति श्रीमुनिचन्द्रसूरिविरचितायां धर्मबिन्दुवृत्तौ यतिविधिः चतुर्थोऽध्यायः समाप्तः ।

ટીકાર્થ :-

'यस्तु' ..... विरहितत्वादिति ।। જે વળી હજી પણ અતુચ્છીભૂત ભવભ્રમણની શક્તિવાળો=જેણે ભવભ્રમણની શક્તિ ક્ષીણ કરી નથી તેવો, આવા પ્રકારનો નથી જ=પૂર્વમાં બતાવેલી વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ કરનારો નથી જ, પરંતુ ઉક્તવિધિથી વિપરીત છે. તે જીવ મોહથી=અજ્ઞાનથી, શાસ્ત્રની બાધા વડે=શાસ્ત્રની મર્યાદાના ઉલ્લંઘન વડે, પ્રવર્તે છે. તે પ્રાણી તેવા લિંગયુક્ત પણ=શુદ્ધ સાધુના તુલ્ય વસ્ત્રધારી પણ=શુદ્ધ સાધુની જેમ જીર્ણ, અસાર એવા વસ્ત્રને ધારણ કરનાર પણ, ગૃહસ્થ નથી; કેમ કે ગૃહસ્થના દાનશીલ આચારથી રહિતપણું છે, યતિ નથી; કેમ કે નિર્લેપ પરિણતિરૂપ ભાવચારિત્રનું રહિતપણું છે.

'तादृग्लिङ्गयुक्तोऽपि'માં 'अपि' શબ્દનો અર્થ કરે છે –

વળી શુદ્ધ યતિથી અન્યથા ભૂત વસ્ત્ર ધારણ કરનારનું તો શું કહેવું ? અર્થાત્ તેઓ તો યતિ નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૬॥

આ પ્રકારે=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે, શ્રી મુનિચંદ્રસૂરિવિરચિત ધર્મબિન્દુની વૃત્તિમાં યતિની વિધિ રૂપ ચોથો અધ્યાય સમાપ્ત થયો.

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારની વિધિ વગર જેઓ સંયમ ગ્રહણ કરે છે તેઓની ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રકૃતિ નહિ હોવાથી ભવભ્રમણની શક્તિ અલ્પ થયેલી નથી, તેથી ભગવાને કહેલી દીક્ષાગ્રહણ વિષયક ઉચિત વિધિને જાણ્યા વગર અજ્ઞાનથી શાસ્ત્રની મર્યાદાના ઉલ્લંઘનપૂર્વક સંયમ ગ્રહણ કરવામાં ચેષ્ટા કરે છે તેવા જીવો સંયમ ગ્રહણ કરીને શુદ્ધ યતિ તુલ્ય નિર્દોષ, જીર્ણ, અસાર વસ્ત્રાદિ ધારણ કરતા હોય અને બાહ્યથી સાધ્વાચારની ક્રિયાઓ કરતા હોય તોપણ તેઓ ગૃહસ્થ પણ નથી અને સાધુ પણ નથી. અર્થાત્ ગૃહસ્થના આચારો સેવીને કલ્યાણને પ્રાપ્ત કરી શકે તેવી યોગ્યતાવાળા નથી અને સાધ્વાચારની ક્રિયાઓ કરીને સાધુપણાના ભાવને સર્વથા પ્રાપ્ત કરી શકતા નહિ હોવાથી સંયમની ક્રિયા પણ તેઓને કલ્યાણનું કારણ બનતી નથી; કેમ કે વિવેકપૂર્વકના ગૃહસ્થના આચારોથી જે ઉત્તમભાવો થાય છે અને વિવેકપૂર્વકના સંયમના આચારોથી જે ઉત્તમભાવો થાય છે તે બન્ને ભાવોથી તેઓ ભ્રષ્ટ છે. **॥૬॥**

ચોથો અધ્યાય સમાપ્ત

પાંચમો અધ્યાય

અવતરણિકા :-

व्याख्यातश्चतुर्थोऽध्यायः, अथ पञ्चमो व्याख्यायते, तस्य चेदमादिसूत्रम् –

અવતરણિકાર્થ :-

ચોથો અધ્યાય વ્યાખ્યાન કરાયો. હવે પાંચમો અધ્યાય વ્યાખ્યાન કરાય છે. તેનું=પાંચમા અધ્યાયનું, આ પ્રથમ સૂત્ર છે –

શ્લોક :-

बाहुभ्यां दुस्तरो यद्वत् क्रूरनक्रो महोदधिः ।
यतित्वं दुष्करं तद्वदित्याहुस्तत्त्ववेदिनः ।।१।।

શ્લોકાર્થ :-

જેમ ક્રૂર એવા જલજંતુવાળો મોટો સમુદ્ર બાહુ દ્વારા તરવો દુષ્કર છે તેમ સાધુપણું દુષ્કર છે એ પ્રમાણે તત્ત્વના જાણનારાઓ કહે છે. ।।૧।।

ટીકા :-

'बाहुभ्यां' भुजाभ्यां 'दुस्तरः' कृच्छ्रेण तरीतुं शक्यः 'यद्वदिति' दृष्टान्तार्थः, 'क्रूरनक्रः' 'क्रूरा' भीषणा 'नक्रा' जलजन्तुविशेषा उपलक्षणत्वात् मत्स्यमकरसुसुमारादयश्च यत्र स तथा, 'महोदधिः' महासमुद्रः, 'यतित्वं' श्रामण्यं 'दुष्करं' दुरनुष्ठेयं 'तद्वदि'ति दार्ष्टान्तिकार्थः, 'इत्येतदाहुः' उक्तवन्तः, के इत्याह–'तत्त्ववेदिनः' प्रव्रज्यापरमार्थज्ञातार इति ।।१।।

ટીકાર્થ :-

'बाहुभ्यां' ..... इति ।। બે ભુજા દ્વારા જેમ ક્રૂરનક્રવાળો=ભીષણ એવા જલજંતુ વિશેષવાળો મહાસમુદ્ર મુશ્કેલીથી તરવો શક્ય છે તેની જેમ દૂર અનુષ્ઠેય એવું સાધુપણું દુષ્કર છે એ પ્રમાણે પ્રવ્રજ્યાના પરમાર્થને જાણનારા તત્ત્વવેદી કહે છે. ક્રૂરનક્રના ઉપલક્ષણથી માછલા-મગર-સુસુમાર આદિ જલજંતુનું ગ્રહણ કરવું.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧।।

ભાવાર્થ :-

પૂર્વના અધ્યયનમાં દીક્ષાને માટે તત્પર થયેલા યોગ્ય જીવે કઈ રીતે દીક્ષા ગ્રહણ કરવી જોઈએ ? તેનું

સ્વરૂપ બતાવ્યું. હવે દીક્ષા કેવા સ્વરૂપવાળી છે તે બતાવવા અર્થે પ્રથમ દીક્ષાનું પાલન કેવું દુષ્કર છે ? તે સ્પષ્ટ કરે છે –

જેમ કોઈ જીવ અનેક જલજંતુથી યુક્ત મોટા સમુદ્રમાં પડેલ હોય અને તે સમુદ્રમાંથી બે બાહુ દ્વારા તરીને બહાર નીકળવા માટે યત્ન કરે તે અતિદુષ્કર કાર્ય છે, છતાં સર્વથા અશક્ય નથી; કેમ કે તરવામાં કુશળ હોય અને મૃત્યુનો અત્યંત ભય હોય=જો હું શક્તિના પ્રકર્ષથી તરવા યત્ન નહીં કરું તો ડૂબીને મરી જઈશ એ પ્રકારનો મૃત્યુનો અત્યંત ભય હોય, તો અત્યંત કુશળતાપૂર્વક તે સમુદ્રને તરે છે તેમ સંસારરૂપી સમુદ્રમાં આપણો આત્મા પડેલો છે, જો સમુદ્રમાંથી તરીને બહાર ન નીકળે તો ચાર ગતિના પરિભ્રમણની વિડંબના સદા માટે તેને પ્રાપ્ત છે અને જેઓને સંસારસમુદ્રમાં પડેલા પુરુષની જેમ સંસારની વાસ્તવિક સ્થિતિનો બોધ છે, અને બે બાહુથી તરવામાં કુશળ તરવૈયાની જેમ જિનવચનના દૃઢ અવલંબનથી જેઓ અસંગ ભાવમાં જવા માટે યત્ન કરવામાં કુશળ છે તેઓ દુષ્કર પણ સંસારસમુદ્રને તરી શકે છે.

જેઓ તરવામાં કંઈક કુશળ છે છતાં ક્રૂર જલજંતુઓથી રક્ષણ કરવા સમર્થ નથી તેઓ પણ મહાસમુદ્રને તરી શકતા નથી તેમ ક્રૂર જલજંતુ જેવા અનાદિના મોહના સંસ્કારો અને કંઈક મોહના સંસ્કારોને જાગ્રત કરે તેવાં બાહ્ય નિમિત્તોથી જેઓ આત્માનું રક્ષણ કરી શકતા નથી તેઓ સૂક્ષ્મ બોધવાળા હોય, તરવાના અર્થી હોય અને જિનવચનના અવલંબનથી તરવા યત્ન કરતા હોય તોપણ પ્રમાદને વશ વિનાશને પામે છે. માટે સાધુપણું અતિદુષ્કર છે તેનું યથાર્થ જ્ઞાન કરીને અતિસંચિત વીર્યવાળા થઈને તેને ગ્રહણ કરવામાં અને પાલન કરવામાં ઉદ્યમ કરવો જોઈએ એ પ્રકારનો પ્રસ્તુત શ્લોકનો ધ્વનિ છે. **॥૧॥**

અવતરણિકા :-

अस्यैव दुष्करत्वे हेतुमाह –

અવતરણિકાર્થ :-

આના જ=યતિભાવના જ, દુષ્કરપણાના હેતુને કહે છે –

શ્લોક :-

अपवर्गः फलं यस्य जन्ममृत्यादिवर्जितः ।
परमानन्दरूपश्च दुष्करं तन्न चाद्भुतम् ।।२।।

શ્લોકાર્થ :-

જેનું ફળ=જે યતિપણાનું ફળ જન્મ-મૃત્યુ આદિપણાથી રહિત અપવર્ગ છે અને પરમઆનંદરૂપ છે. તે=યતિપણું દુષ્કર છે (એ), અદ્‌ભુત નથી જ=આશ્ચર્યકારી નથી જ. ॥૨॥

ટીકા :-

'अपवर्गो' मोक्षः 'फलं' कार्यं 'यस्य' यतित्वस्य 'जन्ममृत्यादिवर्जितः' जन्ममरणजरादि-

संसारविकारविरहितः, तथा 'परमानन्दरूपः' सर्वोपमातीतानन्दस्वभावः, 'च'कारो विशेषणसमुच्चये, 'दुष्करं' कृच्छ्रेण कर्तुं शक्यं 'तत्' यतित्वम्, 'न च नैवाद्भुतम्' आश्चर्यमेतत्, अत्यन्तमहोदयानां विद्यामन्त्रौषधादिसाधनानामिहैव दुष्करत्वोपलम्भात् इति ।।२।।

ટીકાર્થ :-

અપવર્ગો ..... इति ।। જેનું=યતિપણાનું, જન્મ-મૃત્યુ આદિથી વર્જિત જન્મ-મરણ-જરાદિ સંસારના વિકારથી રહિત એવું મોક્ષ ફળ છે=કાર્ય છે. અને પરમાનંદરૂપ છે=સર્વ ઉપમાઓથી અતીત એવા આનંદ સ્વભાવવાળો છે. તે યતિપણું દુષ્કર=મુશ્કેલથી કરવું શક્ય છે, એ અદ્‌ભુત નથી જ=આશ્ચર્યકારી નથી જ; કેમ કે અત્યંત મહોદયવાળી=અત્યંત કલ્યાણનું કારણ એવી મંત્ર-ઔષધ આદિ સાધનાનું અહીં જ=સંસારમાં જ, દુષ્કરપણાનો ઉપલંભ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨॥

ભાવાર્થ :-

પૂર્વશ્લોકમાં કહ્યું કે સાધુપણું અતિદુષ્કર છે.

અતિદુષ્કર કેમ છે ? તે યુક્તિથી બતાવે છે –

સંસારમાં કેટલીક વિદ્યાઓ આ ભવમાં મહાસમૃદ્ધિનું કારણ છે. તેવી વિદ્યાઓ પણ અલ્પસત્ત્વવાળા જીવો સાધી શકતા નથી, પરંતુ જેઓ ક્ષુધા-તૃષા-ઉપસર્ગો આદિ સર્વ ભાવોથી પર થઈને અત્યંત ઉપયોગપૂર્વક વિદ્યાને સાધવામાં યત્ન કરી શકે છે, તેઓ જ મહાન ઉદયવાળી એવી પણ વિદ્યા સાધી શકે છે. જ્યારે મોક્ષ તો સર્વ ઉપદ્રવોથી રહિત અને સર્વ ઉપમાઓથી અતીત આનંદ સ્વભાવવાળો છે. તેવા મોક્ષને સાધવા માટેના ઉપાયભૂત યતિપણું દુષ્કર હોય તે આશ્ચર્યકારી નથી. માટે મહાસંચિતવીર્યવાળા જીવે જ તેમાં ઉદ્યમ કરીને કલ્યાણ સાધવું જોઈએ. **॥૨॥**

અવતરણિકા :-

एवं तर्हि कथमतिदुष्करं यतित्वं कर्तुं शक्यं स्यादित्याशङ्कयाह –

અવતરણિકાર્થ :-

આ રીતે છે=શ્લોક-૧, ૨માં કહ્યું એ રીતે છે, તો અતિદુષ્કર યતિપણું કરવું કઈ રીતે શક્ય થાય એ પ્રકારની આશંકા કરીને કહે છે –

શ્લોક :-

भवस्वरूपविज्ञानात्तद्विरागाच्च तत्त्वतः ।
अपवर्गानुरागाच्च स्यादेतन्नान्यथा क्वचित् ।।३।।

શ્લોકાર્થ :-

ભવસ્વરૂપના વિજ્ઞાનથી અને તત્ત્વથી=પરમાર્થથી, તેના વિરાગના કારણે=ભવના વિરાગના કારણે અને મોક્ષના અનુરાગના કારણે આ=યતિપણું થાય=યતિપણાનું પાલન થાય અન્યથા ક્યારે=કોઈપણ ક્ષેત્રમાં કે કોઈપણ કાળમાં, ન થાય. ।।૩।।

ટીકા :-

'भवस्वरूपस्य' इन्द्रजालमृगतृष्णिकागन्धर्वनगरस्वप्नादिकल्पस्य 'विज्ञानात्' सम्यक्श्रुतलोचनेन अवलोकनात् प्राक्, तदनु 'तद्विरागात्' तप्तलोहपदन्यासोद्विजनन्यायेन भवस्वरूपोद्वेगात्, 'च'कारो हेत्वन्तरसमुच्चये, 'तत्त्वतः' निर्व्याजवृत्त्या, तथा 'अपवर्गानुरागात्' परमपदस्पृहातिरेकात्, 'च'शब्दः प्राग्वत्, 'स्याद्' भवेदेतद् यतित्वम्, 'नान्यथा' नान्यप्रकारेण 'क्वचित्' क्षेत्रे काले वा, सम्यगुपायमन्तरेणोपेयस्य कदाचिदभावादिति ।।३।।

ટીકાર્થ :-

'भवस्वरूपस्य' ..... कदाचिदभावादिति ।। ભવસ્વરૂપના=ઇન્દ્રજાળ, મૃગતૃષ્ણા, ગંધર્વનગર, સ્વપ્નાદિ સમાન એવા ભવસ્વરૂપના, વિજ્ઞાનથી=પૂર્વમાં સમ્યક્ શ્રુતચક્ષુના અવલોકનથી ત્યારપછી તત્ત્વથી=નિર્વ્યાજવૃત્તિથી=આત્માને ઠગ્યા વગર પ્રામાણિક દૃષ્ટિથી, તેના વિરાગને કારણે=તપ્ત લોહપદન્યાસના ઉદ્વેગના દૃષ્ટાંતથી ભવસ્વરૂપના ઉદ્વેગને કારણે, અને અપવર્ગના અનુરાગથી=પરમપદરૂપ મોક્ષની સ્પૃહાના અતિરેકથી આ=યતિપણું થાય. અન્યથા=અન્ય પ્રકારથી, ક્યારે પણ=કોઈપણ ક્ષેત્રમાં કે કોઈપણ કાળમાં, ન થાય; કેમ કે સમ્યક્ ઉપાય વગર ઉપેયનો= સાધ્યનો, ક્યારેય પણ અભાવ છે.

'च'કાર બન્ને, હેતુ અંતરના સમુચ્ચય માટે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩।।

ભાવાર્થ :-

જે મહાત્માઓને સંસાર પ્રત્યે ઉદ્વેગ થયો છે અને ભવના નિસ્તારના અર્થી છે તે મહાત્માઓ સમ્યક્ શ્રુતચક્ષુથી વારંવાર ભવસ્વરૂપનું દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે અવલોકન કરે; જેથી તે મહાત્માને બોધ થાય કે ઇન્દ્રજાળમાં જે બધું દેખાય છે, તે વાસ્તવિક કાંઈ નથી, તેમ સંસાર ભોગસામગ્રીથી ભરેલો દેખાય છે, વાસ્તવિક કાંઈ નથી. કોઈ ભોગસામગ્રીમાંથી સુખ આત્મામાં પ્રવેશ પામતું નથી; કેમ કે કોઈ પદાર્થનો ધર્મ બીજામાં સંક્રમણ પામી શકે નહિ. ફક્ત મોહવાસિત જીવ હોવાથી તે તે ઇન્દ્રિયને અનુકૂળ ભાવોને જોઈને તેનાથી પોતાને સુખ થાય છે તેવો ભ્રમાત્મક બોધ થાય છે. આ પ્રકારે બોધ કર્યા પછી જે

મહાત્મા તે બોધને અત્યંત સ્થિર કરવા ભવના તે સ્વરૂપથી આત્માને અત્યંત ભાવિત કરે, તેઓને ભવસ્વરૂપ પ્રત્યે ઉદ્વેગ થાય છે.

કેવો ઉદ્વેગ થાય છે ? તે બતાવે છે –

જેમ તપાવેલા ગોળા ઉપર પગને સ્થાપન કરવા માટે સંસારી જીવોને ઉદ્વેગ થાય છે, તેમ ભવનાં કારણો સેવવા પ્રત્યે તે મહાત્માને ઉદ્વેગ થાય છે.

આશય એ છે કે જેમ અગ્નિનો સંયોગ આત્માને દાહ ઉત્પન્ન કરે છે તેમ સંગના પરિણામથી જીવ અંતસ્તાપને પ્રાપ્ત કરે છે, તેથી જેમ અગ્નિના તપાવેલા ગોળા ઉપર પગ મૂકવાથી દાહની પીડા થાય છે તેમ સંસારના ભોગો પ્રત્યેના સંશ્લેષના પરિણામથી જીવ અંતરંગ તાપરૂપ પીડાને પ્રાપ્ત કરે છે. આવો બોધ થવાથી ભોગસ્વરૂપ ભવની પ્રવૃત્તિ પ્રત્યે તે જીવને ઉદ્વેગ થાય છે, તેથી સ્વાભાવિક તે મહાત્માની પાંચેય ઇન્દ્રિયો અને મન વિષયથી પરાઙ્મુખ બને છે અને આત્માની સ્વસ્થતારૂપ સમભાવની પરિણતિ પ્રત્યે તે મહાત્મા અભિમુખ બને છે.

વળી, મોક્ષ અંતરંગ સર્વ દ્વંદ્વ રહિત હોવાથી કષાયોની પીડા વગરનો છે અને બહિરંગ દેહકર્માદિનો સંયોગ નહિ હોવાથી દેહકૃત અને કર્મકૃત ઉપદ્રવ વગરનો છે તેવો બોધ શાસ્ત્રવચનથી, યુક્તિથી અને અનુભવથી જે મહાત્માને સ્પષ્ટ થયો છે તે મહાત્માને પરમપદની ઉત્કટ સ્પૃહા થાય છે જેથી પરમપદની પ્રાપ્તિના અનન્ય ઉપાયભૂત યતિપણામાં તે મહાત્મા યત્ન કરી શકે છે.

વળી, જે મહાત્માએ ભવસ્વરૂપ વિજ્ઞાન આદિ ત્રણે ઉપાયોને સમ્યગ્ સ્થિર કર્યા નથી તેઓ સંયમ ગ્રહણ કરે તોપણ કોઈ કાળમાં કે કોઈ ક્ષેત્રમાં સંસારના નિસ્તારનું એક કારણ એવું યતિપણું પ્રાપ્ત કરી શકે નહિ; કેમ કે સમ્યક્ ઉપાયથી જ ઉપેય એવા સાધ્યની સિદ્ધિ થાય છે અને યતિભાવરૂપ સાધ્યના ભવસ્વરૂપ વિજ્ઞાન આદિ ત્રણ ઉપાયો છે. માટે મોક્ષના અર્થીએ જેમ મોક્ષના ઉપાયભૂત યતિભાવની ઇચ્છા કરવી જોઈએ તેમ યતિભાવના ઉપાયભૂત ત્રણ કારણોની ઇચ્છા કરીને તે ત્રણે ભાવોને સ્થિર કરવા જોઈએ; જેથી દુષ્કર પણ યતિભાવ તે મહાત્માને અવશ્ય પ્રાપ્ત થાય છે. ॥૩॥

સૂત્ર :-

इत्युक्तो यतिः, अधुनाऽस्य धर्ममनुवर्णयिष्यामः, यतिधर्मो द्विविधः – सापेक्ष-यतिधर्मो निरपेक्षयतिधर्मश्च ।।१/२७०।।

સૂત્રાર્થ :-

આ પ્રમાણે=શ્લોક-૧, ૨ અને ૩માં બતાવ્યું એ પ્રમાણે યતિ કહેવાયો. હવે આના=યતિના, ધર્મનું વર્ણન કરીશું. યતિધર્મ બે પ્રકારનો છે : (૧) સાપેક્ષયતિધર્મ અને (૨) નિરપેક્ષયતિધર્મ. ।।૧/૨૭૦।।

ટીકા :-

प्रतीतार्थमेव, परं गुरुगच्छादिसाहाय्यमपेक्षमाणो यः प्रव्रज्यां परिपालयति स सापेक्षः, इतरस्तु निरपेक्षो यतिः, तयो'र्धर्मो'ऽनुक्रमेण गच्छवासलक्षणो जिनकल्पादिलक्षणश्चेति ।।१/२७०।।

ટીકાર્થ :-

प्रतीतार्थमेव ..... जिनकल्पादिलक्षणश्चेति ।। પ્રતીતાર્થ જ છે=સૂત્રનો અર્થ પ્રતીત જ છે. ફક્ત ગુરુગચ્છાદિ સહાયની અપેક્ષાવાળો જે પુરુષ પ્રવ્રજ્યાને પાળે છે તે સાપેક્ષ છે=સાપેક્ષયતિ છે. વળી, ઇતર=ગુરુગચ્છાદિની અપેક્ષા વગરનો નિરપેક્ષ છે=નિરપેક્ષયતિ છે. તેનો ધર્મ અનુક્રમથી ગચ્છવાસરૂપ અને જિનકલ્પાદિરૂપ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧/૨૭૦।।

ભાવાર્થ :-

શ્લોક-૩માં યતિધર્મ કેવો દુષ્કર છે અને દુષ્કર પણ યતિધર્મ કયા ઉપાયથી પ્રાપ્ત થાય છે તે બતાવ્યું, તેથી જે મહાત્માએ શ્લોક-૩માં બતાવેલા ત્રણ ઉપાયોને સેવીને વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે તે યતિ છે.

યતિ થયા પછી કયા પ્રકારના ધર્મનું પાલન કરે છે ? જેથી ઉત્તરોત્તરના ભાવ આરોગ્યની પ્રાપ્તિ દ્વારા ક્રમસર સર્વ કર્મથી મુક્ત થાય છે તે બતાવવા કહે છે –

આદ્યભૂમિકામાં સાપેક્ષયતિધર્મ છે. જેઓ ગુરુગચ્છાદિથી પ્રવ્રજ્યાને પાળીને અસંગભાવની નિષ્પત્તિમાં યત્ન કરે છે, તેઓ સાપેક્ષયતિ છે. બીજા પ્રકારનો નિરપેક્ષયતિધર્મ છે. જેઓ અસંગભાવમાં સ્થિર રહેવા માટે સમર્થ થયેલા છે તેઓ જિનકલ્પ આદિ ગ્રહણ કરીને વિશિષ્ટ પ્રકારના અસંગભાવની શક્તિનો સંચય કરે છે. તેઓ નિરપેક્ષયતિ છે. **॥૧/૨૭૦॥**

સૂત્ર :-

तत्र सापेक्षयतिधर्मः ।।२/२७१।।

સૂત્રાર્થ :-

ત્યાં=બે પ્રકારના યતિધર્મમાં, સાપેક્ષયતિધર્મ આ છે=આગળમાં બતાવે છે એ છે. ।।૨/૨૭૧।।

ટીકા :-

'तत्र' तयोः सापेक्षनिरपेक्षयतिधर्मयोर्मध्यात् सापेक्षयतिधर्मोऽयं भण्यते ।।२/२७१।।

ટીકાર્થ :-

'तत्र' ..... भण्यते ।। ત્યાં=સાપેક્ષ-નિરપેક્ષયતિધર્મમાં સાપેક્ષયતિધર્મ આ છે. ।।૨/૨૭૧।।

અવતરણિકા :-

યથા –

અવતરણિકાર્થ :-

'યથા'થી સાપેક્ષયતિધર્મ બતાવે છે –

સૂત્ર :-

गुर्वन्तेवासिता ।।३/२७२।।

સૂત્રાર્થ :-

ગુરુ અન્તેવાસિતા=ગુરુનો શિષ્યભાવ યાવત્ જીવ સુધી સ્વીકારવો જોઈએ. ।।૩/૨૭૨।।

ટીકા :-

'गुरोः' प्रव्राजकाचार्यस्य 'अन्तेवासिता' शिष्यभावः यावज्जीवमनुष्ठेया, तच्छिष्यभावस्य महाफलत्वात्, पठ्यते च –

"नाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य ।

धण्णा आवकहाए गुरुकुलवासं न मुंचंति ।।१५९।।" **[बृहत्कल्पभाष्ये ५७१३]**

[ज्ञानस्य भवति भागी स्थिरतरो दर्शने चारित्रे च ।

धन्या यावत्कथं (यावज्जीवं) गुरुकुलवासं न मुञ्चन्ति ।।१५९।।] **।।३/२७२।।**

ટીકાર્થ :-

'गुरोः' ..... मुंचंति ।। પ્રવ્રજ્યા આપનાર આચાર્યરૂપ ગુરુની અન્તેવાસિતા=શિષ્યભાવ. યાવજ્જીવ સુધી અનુષ્ઠેય છે; કેમ કે તેના શિષ્યભાવનું મહાફલપણું છે. અને કહેવાય છે –

"જ્ઞાનનો ભાગી થાય છે, અને દર્શન-ચારિત્રમાં સ્થિરતર થાય છે. ધન્યપુરુષો યાવત્ કાળ સુધી ગુરુકુલવાસને મૂકતા નથી. ।।૧૫૯।।" **(બૃહત્કલ્પભાષ્ય૦ ૫૭૧૩) ।।૩/૨૭૨।।**

ભાવાર્થ :-

સંયમ ગ્રહણ કર્યા પછી સાધુએ ભગવાનનાં વચન અનુસાર યોગમાર્ગમાં પ્રવર્તક એવા ગુરુનો શિષ્યભાવ યાવજ્જીવ સુધી સ્વીકારવો જોઈએ. અને જે ગુરુ ભગવાનનાં વચનના મર્મને જાણનારા છે તે ગુરુ શિષ્યને સતત રત્નત્રયીની વૃદ્ધિ થાય તે રીતે પ્રવર્તાવે છે અને જે શિષ્ય, ભાવથી શિષ્યભાવવાળો છે તે શિષ્ય તે ગુરુના વચનના અવલંબનથી સતત જ્ઞાનની વૃદ્ધિમાં અને દર્શન-ચારિત્રના સ્થિરભાવમાં યત્ન કરી શકે છે. અને જેઓ ગુરુના વચન અનુસાર અંતરંગ અને બહિરંગ ઉચિત યત્ન કરતા નથી તેઓ નામથી શિષ્ય છે, પરમાર્થથી શિષ્ય નથી અને જે ગુરુ શિષ્યને રત્નત્રયીની વૃદ્ધિ થાય તે રીતે અનુશાસન પામતા નથી તે ગુરુ નામથી ગુરુ છે, પરમાર્થથી ગુરુ નથી. **।।૩/૨૭૨।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

સાપેક્ષયતિધર્મનો પ્રથમ આચાર બતાવ્યા પછી બીજો આચાર બતાવે છે –

સૂત્ર :-

तद्भक्ति-बहुमानौ ।।४/२७३।।

સૂત્રાર્થ :-

ગુરુની ભક્તિ અને ગુરુ પ્રત્યે બહુમાન રાખવું જોઈએ. ।।૪/૨૭૩।।

ટીકા :-

'तस्मिन्' गुरौ 'भक्तिः' समुचितान्नपानादिनिवेदनपादप्रक्षालनादिरूपा 'बहुमान'श्च भावप्रतिबन्धः ।।४/२७३।।

ટીકાર્થ :-

'तस्मिन्' ..... भावप्रतिबन्धः ।। તેમાં=ગુરુમાં, સમુચિત અન્નપાનાદિ આપવા રૂપ અને પાદપ્રક્ષાલનાદિરૂપ ભક્તિ અને ભાવપ્રતિબંધરૂપ=અંતરંગપ્રીતિરૂપ, બહુમાન રાખવું જોઈએ. ।।૪/૨૭૩।।

ભાવાર્થ :-

સંયમ ગ્રહણ કર્યા પછી મોક્ષના અર્થી એવા શિષ્યે ગુણવાન ગુરુનો શિષ્યભાવ સ્વીકાર્યા પછી ગુણવાન ગુરુની ભક્તિ કરવી જોઈએ.

કઈ રીતે ભક્તિ કરવી જોઈએ ? એથી કહે છે –

ઉચિત એવા આહાર-પાનાદિ આપવાં જોઈએ, જેથી દેહની સ્વસ્થતાને કારણે ગુરુ સ્વયં યોગમાર્ગમાં સુદૃઢ યત્ન કરી શકે અને અન્યને કરાવી શકે. વળી, ગુરુ બહારથી આવ્યા હોય ત્યારે પાદપ્રક્ષાલન આદિ દ્વારા તેમની ભક્તિ કરવી જોઈએ.

વળી, ગુરુના ગુણોનું સ્મરણ કરીને હંમેશાં તેમના ગુણો પ્રત્યેનો બહુમાનભાવ ધારણ કરવો જોઈએ. અર્થાત્ જે ગુરુ સંસારસાગરથી તરવા માટે સતત ભગવાનના વચનથી ભાવિત થઈને સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે અને અન્યને કરાવે છે તે ગુણોનું સ્મરણ કરીને તેમના પ્રત્યે રાગનો અતિશય કરવો જોઈએ, તેથી ગુરુના અનુશાસનના બળથી શિષ્ય પણ સુખપૂર્વક સંસારસાગરને તરી શકે છે. **॥૪/૨૭૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

सदाज्ञाकरणम् ।।५/२७४।।

સૂત્રાર્થ :-

સદા આજ્ઞાનું પાલન કરવું જોઈએ. ।।૫/૨૭૪।।

ટીકા :-

'सदा' सर्वकालम् अह्नि रात्रौ चेत्यर्थः 'आज्ञायाः' गुरूपदिष्टस्वरूपायाः 'करणम्' ।।५/२७४।।

ટીકાર્થ :-

'सदा' ..... करणम् ।। सदा=सर्वकाल=દિવસ અને રાત્રિને વિષે, આજ્ઞાનું=ગુરુ ઉપદિષ્ટ સ્વરૂપવાળી આજ્ઞાનું પાલન કરવું જોઈએ. ।।૫/૨૭૪।।

ભાવાર્થ :-

વળી, ગુરુના શિષ્ય ભાવને સ્વીકાર્યા પછી મોક્ષના અર્થી સાધુએ દિવસ-રાત સર્વ કૃત્યો ગુરુની આજ્ઞા અનુસાર કરવાં જોઈએ. અર્થાત્ યોગ્ય ગુરુ જે જે ક્રિયા જે જે રીતે બાહ્યથી કરવાની કહે અને તે બાહ્ય ક્રિયાકાળમાં જે જે પ્રકારે અંતરંગ પ્રણિધાન કરવાનું કહે તે તે પ્રકારે દૃઢ વ્યાપાર કરીને તે આજ્ઞાનું પાલન કરવું જોઈએ જેથી તે આજ્ઞાના બળથી જ પોતે પ્રતિદિન સંયમના કંડકોની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે. **।।૫/૨૭૪।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

विधिना प्रवृत्तिः ।।६/२७५।।

સૂત્રાર્થ :-

વિધિથી પ્રવૃત્તિ કરવી જોઈએ. ॥૬/૨૭૫॥

ટીકા :-

'વિધિના' શાસ્ત્રોક્તેન 'પ્રવૃત્તિઃ' પ્રત્યુપેક્ષણાપ્રમાર્જનાભિક્ષાચર્યાદિષુ સાધુસમાચારેષુ વ્યાપારણમ્ ।।૬/૨૭૫।।

ટીકાર્થ :-

'વિધિના' ..... વ્યાપારણમ્ ।। શાસ્ત્રોક્તવિધિથી પ્રત્યુપેક્ષણા, પ્રમાર્જના, ભિક્ષાચર્યાદિરૂપ સાધુ સામાચારીમાં વ્યાપાર કરવો જોઈએ. ॥૬/૨૭૫॥

ભાવાર્થ :-

જે સાધુ ગુરુની આજ્ઞા અનુસાર સર્વ કૃત્ય કરે છે તે સાધુ શાસ્ત્રવિધિ અનુસાર જ સર્વ પ્રવૃત્તિ કરે છે; કેમ કે ગુરુની આજ્ઞા શાસ્ત્રવિધિ અનુસાર જ પ્રવૃત્તિ કરવાની છે. આમ છતાં શાસ્ત્રવિધિ અનુસાર કરવા પ્રત્યેનો બદ્ધરાગ કરાવવા અર્થે સ્વતંત્ર સૂત્રથી ગ્રંથકારશ્રી કહે છે કે શાસ્ત્રવિધિ અનુસાર સાધુના સર્વ આચારો પાળવા જોઈએ. તેમ કહેવાથી તે તે આચારોને કહેનારા ભગવાનનું સ્મરણ થાય છે અને ભગવાને આ ક્રિયાઓ આ વિધિપૂર્વક કરવાની કહી છે તેનું સ્મરણ થાય છે જેથી આજ્ઞાને દેનારા ગુરુ પ્રત્યે જેમ બહુમાન થાય છે તેમ શાસ્ત્રને બતાવનારા તીર્થંકરોનું હંમેશાં સ્મરણ થાય છે અને તેઓએ પોતાના તુલ્ય વીતરાગ થવા માટે આ પ્રકારની બહિરંગ વિધિપૂર્વક અને ક્રિયાકાળમાં આ પ્રકારે સમભાવની વૃદ્ધિને અનુકૂળ અંતરંગ વિધિપૂર્વક આ ક્રિયાઓ કરવાની કહી છે તેવી ઉપસ્થિતિ થવાથી તે પ્રકારનો દૃઢ યત્ન થાય છે; જેથી હૈયામાં સદા વીતરાગ સ્મૃતિમાં રહે છે અને વીતરાગ તુલ્ય થવાને અનુકૂળ યત્ન સદા થાય છે, તેના કારણે દીક્ષિતને હંમેશાં કલ્યાણની પ્રાપ્તિ થાય છે. **॥૬/૨૭૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

आत्मानुग्रहचिन्तनम् ।।૭/૨૭૬।।

સૂત્રાર્થ :-

આત્માના અનુગ્રહનું ચિંતન કરવું જોઈએ. ॥૭/૨૭૬॥

ટીકા :-

क्वचिदप्यर्थे गुर्वाज्ञायां 'आत्मानुग्रहस्य' उपकारस्य 'चिन्तनं' विमर्शनम्, यथा-

"धन्यस्योपरि निपतत्यहितसमाचरणघर्मनिर्वापी ।

गुरुवदनमलयनिसृतो वचनसरसचन्दनस्पर्शः ।।१६०।।" **[प्रशम० ७०] इति ।।७/२७६।।**

ટીકાર્થ :-

क्वचिदप्यर्थे ..... इति ।। કોઈપણ અર્થમાં ગુરુઆજ્ઞા થયે છતે આત્માના અનુગ્રહનું=પોતાના ઉપકારનું ચિંતવન કરે. જે પ્રમાણે કહ્યું છે –

"અહિતસમાચરણરૂપી જે ઘર્મ=તાપ, તેને શાંત કરનાર ગુરુના વદનરૂપી મલયાચલમાંથી નીકળેલો વચનરૂપી શીતલ ચંદનનો સ્પર્શ ધન્ય જીવો ઉપર પડે છે. ।।૧૬૦।।" **(प्रशमरति० ७०)**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭/૨૭૬।।

ભાવાર્થ :-

દીક્ષિત સાધુ કલ્યાણના અર્થી હોય છે છતાં અનાદિના સંસ્કારના કારણે કોઈની આજ્ઞાને પરતંત્ર રહેવામાં ચિત્ત ઉલ્લસિત ન થાય તો ગુરુનાં સુંદર વચનો પણ રાજાજ્ઞાની જેમ વેઠથી થઈ શકે છે, જે અત્યંત અકલ્યાણનું કારણ છે. જેથી કલ્યાણના અર્થી સાધુએ વિચારવું જોઈએ કે "આ ગુરુ મારા સંસારના ક્ષયનો હેતુ છે, તેથી અનાભોગથી પણ અહિત આચરણ કરીને હું અકલ્યાણને પ્રાપ્ત ન કરું તે અર્થે કેવલ મારા પર અનુગ્રહ કરવા અર્થે આ પ્રકારની આજ્ઞા કરે છે, તેથી હું પુણ્યશાળી છું કે જેથી આવી સુંદર આજ્ઞાના બળથી હું સુખપૂર્વક મારા સંયમના ફળને પ્રાપ્ત કરીશ." આ પ્રકારે વિચારવાથી સદા ગુણવાન ગુરુની આજ્ઞા વિધિપૂર્વક કરવાનો ઉત્સાહ થાય છે; કેમ કે ગુણવાન ગુરુ સદા શિષ્યના સંયમની વૃદ્ધિ થાય તેની જ ચિંતા કરે છે. **।।૭/૨૭૬।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

व्रतपरिणामरक्षा ।।८/२७७।।

સૂત્રાર્થ :-

વ્રતપરિણામની રક્ષા કરવી જોઈએ. ।।૮/૨૭૭।।

ટીકા :-

'વ્રતપરિણામસ્ય' ચારિત્રલક્ષણસ્ય તત્તદુપસર્ગપરીષહાદિષુ સ્વભાવત એવ વ્રતબાધાવિધાયિષુ સત્સુ 'રક્ષા' ચિન્તામણિમહૌષધ્યાદિરક્ષણોદાહરણેન પરિપાલના વિધેયા ।।૮/૨૭૭।।

ટીકાર્થ :-

'વ્રતપરિણામસ્ય' ..... વિધેયા ।। સ્વભાવથી જ વ્રતને બાધા કરનારા તે તે ઉપસર્ગ-પરીષહાદિ હોતે છતે ચારિત્રરૂપ વ્રતપરિણામની રક્ષા કરવી જોઈએ=ચિંતામણિ મહાઔષધિ આદિ રક્ષણના ઉદાહરણથી પરિપાલના કરવી જોઈએ. ।।૮/૨૭૭।।

ભાવાર્થ :-

વળી, સાધુએ ચારિત્રના પરિણામના રક્ષણ માટે સદા ઉદ્યમ કરવો જોઈએ.

કઈ રીતે ઉદ્યમ કરવો જોઈએ ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

સ્વભાવથી જ વ્રતપરિણામના બાધને કરનારા ઉપસર્ગ પરિષહાદિ પ્રાપ્ત થાય તો ચિંતામણિ મહાઔષધિ આદિના રક્ષણના ઉદાહરણથી ચારિત્રનું રક્ષણ કરવું જોઈએ.

આશય એ છે કે સાધુને સમભાવમાં અત્યંત રાગ હોય છે, તેથી સમભાવની વૃદ્ધિના ઉપાયભૂત સંયમની સર્વ ક્રિયાઓ તે રીતે ઉપયુક્ત થઈને કરે છે અને સદા શાસ્ત્રવચનથી આત્માને ભાવિત કરે છે જેથી સમભાવનો જ રાગ અતિશય અતિશય થયા કરે, જેનાથી ચારિત્રનો પરિણામ વિશુદ્ધ વિશુદ્ધતર બને છે. આમ છતાં સ્વભાવથી જ કેટલાક ઉપસર્ગ પરિષહો ચારિત્રના બાધક બને તેવા હોય છે, તે વખતે શાસ્ત્રની ઉચિત વિધિ દ્વારા તે ઉપસર્ગ પરિષહથી પોતાનું રક્ષણ કરીને ચારિત્રમાં ઉચિત યત્ન થાય તે પ્રકારે સાધુઓ સદા યત્ન કરવો જોઈએ; કેમ કે જેમ ચિંતામણિ સંસારી જીવો માટે અત્યંત રક્ષણીય છે, તેમ ચિંતામણિ તુલ્ય સર્વકલ્યાણનું એક કારણ ચારિત્રનો પરિણામ સાધુને સદા રક્ષણીય છે. અથવા વિશિષ્ટ પ્રકારની ઔષધીઓ સર્વ પ્રકારના રોગોનો નાશ કરે તેવા અનેક ફળવાળી હોય છે, જે ઔષધિઓનું સંસારી જીવો સર્વ યત્નથી રક્ષણ કરે છે તેમ સંસાર રૂપી ભાવરોગનો નાશ કરનાર મહાઔષધિતુલ્ય ચારિત્રના પરિણામનું સાધુએ સર્વ ઉદ્યમથી રક્ષણ કરવું જોઈએ. જેથી ઉપસર્ગ-પરિષહમાં પણ સમભાવની વૃદ્ધિને અનુકૂળ ચારિત્રનો પરિણામ નાશ ન પામે. **॥૮/૨૭૭॥**

સૂત્ર :-

आरम्भत्यागः ।।૯/૨૭૮।।

સૂત્રાર્થ :-

આરંભનો ત્યાગ કરવો જોઈએ. ।।૯/૨૭૮।।

ટીકા :-

'आरम्भस्य' षट्कायोपमर्दरूपस्य 'त्यागः' ।।૯/૨૭૮।।

ટીકાર્થ :-

'आरम्भस्य' ..... त्यागः ।। છ કાયના ઉપમર્દનરૂપ આરંભનો ત્યાગ કરવો જોઈએ. ॥૯/૨૭૮॥

ભાવાર્થ :-

સાધુએ સંયમની વૃદ્ધિ અર્થે ચેષ્ટાનું કોઈ પ્રયોજન ન હોય તો સદા સ્થિર આસનમાં બેસીને શાસ્ત્રથી આત્માને ભાવિત કરવો જોઈએ અને સંયમના કોઈક પ્રયોજનથી કાયિક ચેષ્ટાનું પ્રયોજન સાધુને જણાય તો કંટક આકીર્ણ ભૂમિમાં જે રીતે સંસારી જીવો અત્યંત ઉપયુક્ત થઈને ગમન કરે છે તેમ કાયાની સર્વ ચેષ્ટા કોઈ સૂક્ષ્મ પણ જીવની વિરાધનાનું કારણ ન બને એ પ્રકારની ઉચિત યતનાપૂર્વક કરવી જોઈએ. તો જ સાધુની સંયમજીવનની પ્રવૃત્તિથી છ કાયના જીવોનું રક્ષણ થાય. **॥૯/૨૭૮॥**

અવતરણિકા :-

एतदुपायमेवाह –

અવતરણિકાર્થ :-

આના=આરંભ ત્યાગના ઉપાયને જ બતાવે છે –

સૂત્ર :-

पृथिव्याद्यसङ्घट्टनम् ।।૧૦/૨૭૯।।

સૂત્રાર્થ :-

પૃથ્વી આદિનું અસંઘટ્ટન કરવું જોઈએ. ।।૧૦/૨૭૯।।

ટીકા :-

'पृथिव्यादीनां' जीवनिकायानाम् 'असङ्घट्टनम्, सङ्घट्टनं' स्पर्शनम्, तत्प्रतिषेधादसङ्घट्टनम्, उपलक्षणत्वादगाढगाढपरितापनाऽपद्रावणानां च परिहार इति ।।१०/२७९।।

ટીકાર્થ :-

'पृथिव्यादीनां' ..... इति ।। પૃથ્વી આદિ જીવનિકાયનું અસંઘટ્ટન=સ્પર્શનરૂપ સંઘટ્ટન, તેના પ્રતિષેધથી અસંઘટ્ટન, તેમાં યત્ન કરવો જોઈએ. અસંઘટ્ટનનું ઉપલક્ષણપણું હોવાથી અગાઢ ગાઢ પરિતાપના-અપદ્રાવણાનો પરિહાર કરવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૦/૨૭૯।।

ભાવાર્થ :-

સાધુ સંયમની વૃદ્ધિના ઉપાયરૂપે સદા ત્રણ ગુપ્તિમાં રહીને શાસ્ત્રવચનથી આત્માને ભાવિત કરે છે

જેનાથી અનાદિના સંગનો પરિણામ ક્ષીણ ક્ષીણતર થાય છે અને અસંગનો પરિણામ પ્રતિદિન વૃદ્ધિ પામે છે; આમ છતાં સંયમવૃદ્ધિના પ્રયોજનથી આહાર નિહાર આદિની પ્રવૃત્તિમાં છ કાયના આરંભનો ત્યાગ થાય તે રીતે સમિતિપૂર્વક સર્વપ્રવૃત્તિ કરે છે અને વિવેકસંપન્ન સાધુ પૃથ્વી આદિ છ કાયના સ્વરૂપને જાણનારા હોય છે, તેથી ગમન આદિ કાળમાં પૃથ્વી આદિ જીવોનું સંઘટ્ટન ન થાય તે રીતે યતનાપૂર્વક જાય છે. ક્વચિત્ અશક્ય પરિહાર હોય તો તેઓને અગાઢ પણ પરિતાપના ન થાય, માત્ર સ્પર્શ થાય એ પ્રકારની યતનાપૂર્વક પ્રવૃત્તિ કરે છે. અને અગાઢ પરિતાપનો પરિહાર શક્ય ન હોય તો પણ તે જીવોને ગાઢ પરિતાપના ન થાય અથવા નાશ ન થાય તે પ્રકારે શક્ય યત્ન કરે છે; જેથી આરંભના ત્યાગનો યત્ન થાય છે. **॥૧૦/૨૭૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

त्रिधेर्याशुद्धिः ।।११/२८०।।

સૂત્રાર્થ :-

ત્રણ પ્રકારની ઈર્યાની શુદ્ધિનું પાલન કરે. ।।૧૧/૨૮૦।।

ટીકા :-

'त्रिधा' ऊर्ध्वाधस्तिर्यग्दिगपेक्षया 'ईर्यायाः' चङ्क्रमणस्य 'शुद्धिः' युगमात्रादिदृष्टिनिवेशरूपा ।।११/२८०।।

ટીકાર્થ :-

'त्रिधा' ..... निवेशरूपा ।। ઉપર, નીચે અને તિર્છાની અપેક્ષાએ ત્રણ પ્રકારની ગમનક્રિયાની યુગમાત્રાદિ દૃષ્ટિના નિવેશરૂપ શુદ્ધિનું પાલન કરે. ।।૧૧/૨૮૦।।

ભાવાર્થ :-

સાધુ સંયમના પ્રયોજન અર્થે ગમનની ક્રિયા કરતા હોય ત્યારે પોતાનાથી આગળમાં યુગ માત્ર=૩॥ હાથ પ્રમાણ, દૃષ્ટિથી ભૂમિનું અવલોકન કરીને પાદન્યાસ થાય તે રીતે ગમન કરે છે. તે વખતે જેમ નીચેની ભૂમિ જુએ છે તેમ તિરછી દિશાથી કોઈ જંતુ આવીને પગ નીચે ન પડે તેનો પણ ખ્યાલ રાખે છે અને ઉપરથી પણ સહસા કોઈ જંતુ આવીને પગ નીચે ન પડે તેનો પણ ખ્યાલ રાખે છે. આ રીતે અત્યંત

ઉપયોગપૂર્વક છ કાયના દયાવાળા સાધુ સંયમની વૃદ્ધિના ઉપાયરૂપે ગમન કરતા હોય, તે ગમનની ક્રિયાથી પણ સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે. આ રીતે જે મહાત્માઓ વિહાર પણ અત્યંત ઉપયુક્ત થઈને શાસ્ત્રવિધિ અનુસાર કરતાં હોય ત્યારે ષટ્કાયના પાલનનો જ પરિણામ સતત વૃદ્ધિ પામે છે, જેથી ગુણસ્થાનકની અવશ્ય વૃદ્ધિ થાય છે. **॥૧૧/૨૮૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

भिक्षाभोजनम् ।।१२/२८१।।

સૂત્રાર્થ :-

ભિક્ષાથી ભોજન કરવું જોઈએ. ।।૧૨/૨૮૧।।

ટીકા :-

इह त्रिधा भिक्षा सर्वसम्पत्करी पौरुषघ्नी वृत्तिभिक्षा चेति ।

तल्लक्षणं चेदम् –

"यतिर्ध्यानादियुक्तो यो गुर्वाज्ञायां व्यवस्थितः ।
सदाऽनारम्भिणस्तस्य सर्वसम्पत्करी मता ।।१६१।।

वृद्धाद्यर्थमसङ्गस्य भ्रमरोपमयाटतः ।
गृहिदेहोपकाराय विहितेति शुभाशयात् ।।१६२।।

प्रव्रज्यां प्रतिपन्नो यस्तद्विरोधेन वर्तते ।
असदारम्भिणस्तस्य पौरुषघ्नी प्रकीर्तिता ।।१६३।।" **[हा० अष्टके ५।२, ३, ४]**

"निःस्वाऽन्धपङ्गवो ये तु, न शक्ता वै क्रियान्तरे ।
भिक्षामटन्ति वृत्त्यर्थं, वृत्तिभिक्षेयमुच्यते ।।१६४।।" **[हा० अष्टके ५।६] इति ।**

ततो 'भिक्षया' प्रस्तावात् सर्वसम्पत्करीलक्षणया पिण्डमुत्पाद्य 'भोजनं' विधेयमिति ।।१२/२८१।।

ટીકાર્થ :-

ઇહ ..... વિધેયમિતિ ।। અહીં=સંસારમાં ત્રણ પ્રકારની ભિક્ષા છે. (૧) સર્વસંપત્કરીભિક્ષા અર્થાત્ સર્વસંપત્તિને=સર્વકલ્યાણને, કરનારી, (૨) પૌરુષઘ્નીભિક્ષા અર્થાત્ પુરુષાર્થનો નાશ કરનારી અને (૩) વૃત્તિભિક્ષા અર્થાત્ આજીવિકારૂપ ભિક્ષા.

અને તેનું=ત્રણ ભિક્ષાનું, આ લક્ષણ છે=આગળમાં બતાવાય છે એ લક્ષણ છે –

"ધ્યાન આદિથી યુક્ત ગુરુઆજ્ઞામાં રહેલા સદા આરંભ વગરના જેવા સાધુ છે, તેમને સર્વસંપત્કરી ભિક્ષા કહેવાયી છે. ।।૧૬૧।।

વૃદ્ધાદિ માટે=બાલ, વૃદ્ધ, ગ્લાન માટે, ગૃહસ્થના ઉપકાર માટે અને પોતાના દેહના ઉપકાર માટે વિહિત છે=ભગવાન વડે વિહિત છે, એ પ્રકારના શુભાશયથી સંગ વગરના ભ્રમરની ઉપમાથી ભિક્ષા માટે ફરતા સાધુને સર્વસંપત્કરી ભિક્ષા છે, એમ અન્વય છે. ।।૧૬૨।।

પ્રવ્રજ્યાને સ્વીકારેલા જે સાધુ તેના વિરોધથી=પ્રવ્રજ્યાની મર્યાદાના વિરોધથી, વર્તે છે=જીવે છે, અસદ્આરંભી એવા તેની ભિક્ષા પૌરુષઘ્ની કહેવાયી છે. ।।૧૬૩।। **(હા૦ અષ્ટક૦ ૫/૨, ૩, ૪)**

જેઓ વળી ધન વગરના આંધળા, પંગુ ક્રિયાન્તરમાં સમર્થ નથી=ધન કમાવામાં સમર્થ નથી. આજીવિકા માટે ભિક્ષા ગ્રહણ કરે છે એ વૃત્તિભિક્ષા કહેવાયી છે. ।।૧૬૪।।" **(હા૦ અષ્ટક૦ ૫/૬)**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

તેથી ભિક્ષા વડે=પ્રસ્તાવથી સર્વસંપત્કરી લક્ષણ ભિક્ષા વડે, પિંડને ઉત્પાદન કરીને=આહારને પ્રાપ્ત કરીને સાધુએ ભોજન કરવું જોઈએ.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૨/૨૮૧।।

ભાવાર્થ :-

સાધુઓ સંયમ ગ્રહણ કર્યા પછી સંયમના સાધનભૂત દેહને ધારણ કરે છે, પરંતુ સંસારી જીવોની જેમ દેહરૂપ પરિગ્રહવાળા નથી. વળી, "ધર્મનું ઉપકરણ ધર્મની વૃદ્ધિનું કારણ બને તે રીતે તેનું રક્ષણ કરવું જોઈએ", એ પ્રકારની શાસ્ત્રમર્યાદાનું સ્મરણ કરીને સંયમવૃદ્ધિનું કારણ ઉપસ્થિત થાય ત્યારે ઉચિત વિધિપૂર્વક ભિક્ષા ગ્રહણ કરે તો તે ભિક્ષાગ્રહણકાળમાં શાસ્ત્રવચન અનુસાર યતના હોવાથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે અને તે ભિક્ષા દ્વારા દેહનું પાલન કરીને તે મહાત્મા વિશેષ પ્રકારનાં સંયમમાં ઉદ્યમ કરીને આત્માની અસંગભાવની શક્તિની વૃદ્ધિ કરે છે; તેથી જે સાધુ ભિક્ષાગ્રહણકાળમાં પણ અસંગભાવવાળા, ભિક્ષા વાપરવાના કાળમાં પણ અસંગભાવવાળા અને ભિક્ષાથી પુષ્ટ થયેલા દેહવાળા, ધ્યાનાદિમાં યત્ન કરીને વિશેષ અસંગભાવવાળા થાય છે, તેવા મહાત્માની ભિક્ષા સર્વકલ્યાણનું કારણ છે. માટે તે ભિક્ષાને સર્વ સંપત્કરી ભિક્ષા કહેવાય છે. **॥૧૨/૨૮૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

आघाताद्यदृष्टिः ।।१३/२८२।।

સૂત્રાર્થ :-

આઘાત આદિ=હિંસા આદિ સ્થાનોમાં, સાધુએ અદૃષ્ટિ કરવી જોઈએ. ।।૧૩/૨૮૨।।

ટીકા :-

'आघात्यन्ते' हिंस्यन्ते जीवा अस्मिन्निति 'आघातः' सूनादिस्थानम्, 'आदि'शब्दात् द्यूत-खलादिशेषप्रमादस्थानग्रहः, ततः आघातादेरदृष्टिः अनवलोकनं कार्यम्, तदवलोकने हि अनादिभवाभ्यस्ततया प्रमादानां तत्कौतुकात् कोपादिदोषप्रसङ्गात् इति ।।१३/२८२।।

ટીકાર્થ :-

'आघात्यन्ते' ..... इति ।। આઘાતનો અર્થ કરે છે –

આઘાત કરાય છે=હિંસા કરાય છે, જીવો જેમાં તે આઘાત કહેવાય=કતલખાનું કહેવાય. 'आदि' શબ્દથી જુગાર, ખલાદિ શેષ પ્રમાદસ્થાનોનું ગ્રહણ કરવું.

ત્યારપછી=આટલો અર્થ કર્યા પછી, સમાસ કરે છે –

આઘાત આદિમાં દૃષ્ટિ કરવી જોઈએ નહીં=અવલોકન કરવું જોઈએ નહીં; કેમ કે તેના અવલોકનમાં પ્રમાદોનું અનાદિભવઅભ્યસ્તપણું હોવાના કારણે તેના કૌતુક આદિથી કોપ આદિ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૩/૨૮૨।।

ભાવાર્થ :-

હિંસાના સ્થાનોનું અથવા ખલપુરુષોની કે અન્ય પણ સંસારી જીવની પ્રમાદની વાત ચાલતી હોય તેવા પ્રકારનાં સ્થાનોનું સાધુએ અવલોકન કરવું જોઈએ નહીં. વસ્તુતઃ સાધુ જિનવચન અનુસાર સ્વવસતિમાં રહીને ધ્યાન-અધ્યયન કરતા હોય છે છતાં ભિક્ષા આદિ માટે ગમન કરતા હોય કે અન્ય કોઈ પ્રયોજન

અર્થે ગમન કરતા હોય ત્યારે માર્ગમાં પ્રમાદનાં સ્થાનો જણાય તો જેમ સંસારી જીવો અવલોકન કરે છે તેમ સાધુ અવલોકન કરે નહિ; કેમ કે તે પ્રકારના અવલોકનમાં અનાદિ ભવઅભ્યસ્ત ભાવને કારણે પ્રમાદભાવ પ્રગટ થાય છે અને તેના કારણે તેવા પ્રસંગો જોવા કૌતુક થાય છે અને કૌતુક જોવાની ક્રિયામાં જેવો પ્રસંગ હોય તે અનુસાર કોપાદિ ભાવો થાય; જેથી અસંગભાવને અનુકૂળ થવાની સાધનાને બદલે નિરર્થક કૌતુકથી તે તે પ્રસંગને અનુકૂળ સંગના ભાવની પ્રાપ્તિ કરીને સાધુ કર્મબંધરૂપ અનર્થના ફળને પ્રાપ્ત કરે છે, માટે સાધુએ તેવાં કૃત્યોથી દૂર રહેવું જોઈએ. **॥૧૩/૨૮૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

तत्कथाऽश्रवणम् ।।१४/२८३।।

સૂત્રાર્થ :-

તેની કથાનું અશ્રવણ સાધુએ કરવું જોઈએ=હિંસાના સ્થાન આદિ પ્રમાદસ્થાનોની કથાનું સાધુએ શ્રવણ કરવું ન જોઈએ. ।।૧૪/૨૮૩।।

ટીકા :-

'तेषाम्' आघातादीनां 'कथायाः' परैरपि कथ्यमानायाः 'अश्रवणम्' अनाकर्णनम्, तच्छ्रवणेऽपि दोषः प्राग्वत् ।।१४/२८३।।

ટીકાર્થ :-

'तेषाम्' ..... प्राग्वत् ।। તેઓની=હિંસાસ્થાન આદિની કથાનું=બીજાઓ વડે કહેવાતી કથાનું શ્રવણ ન કરે; કેમ કે તેના શ્રવણમાં પણ પૂર્વસૂત્ર અનુસાર દોષની પ્રાપ્તિ છે. ॥૧૪/૨૮૩॥

ભાવાર્થ :-

સાધુ સંયમની મર્યાદા અનુસાર ગમનાદિ વખતે હિંસા આદિ પ્રમાદસ્થાનોનું અવલોકન તો ન કરે; પણ ત્યાં થતા પ્રસંગોનું અન્ય કોઈ વર્ણન કરે તો તેનું શ્રવણ પણ કરે નહિ; કેમ કે તે શ્રવણમાં પ્રમાદને કારણે કુતૂહલ થાય અને શ્રવણકાળમાં તે તે ક્રિયાને અનુરૂપ કોપાદિ ભાવો થાય જેથી કર્મબંધની પ્રાપ્તિ થાય. **॥૧૪/૨૮૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अरक्तद्विष्टता ।।१५/२८४।।

સૂત્રાર્થ :-

સાધુએ સર્વ પદાર્થોમાં રાગ, દ્વેષ રહિતતાને ધારણ કરવી જોઈએ. ।।૧૫/૨૮૪।।

ટીકા :-

સર્વત્ર પ્રિયકારિણિ 'अरक्तेन' अरागवता तदितरस्मिंश्च 'अद्विष्टेन' अद्वेषवता भाव्यम्, यतः पठ्यते –

"रागद्वेषौ यदि स्यातां तपसा किं प्रयोजनम्? ।।१६५।।" [ ] **इति ।।१५/२८४।।**

ટીકાર્થ :-

सर्वत्र ..... इति ।। सर्वत्र=પ્રિયકારી ભાવોમાં અરાગપણાથી અને तद्ईतरમાં=અપ્રિયકારી ભાવોમાં સાધુએ અદ્વેષવાળા થવું જોઈએ. જે પ્રમાણે કહેવાયું છે –

"જો રાગ-દ્વેષ થાય તો તપથી શું પ્રયોજન છે ? અર્થાત્ તપની ક્રિયા નિરર્થક છે. ।।૧૬૫।।" ()

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૫/૨૮૪।।

ભાવાર્થ :-

સાધુએ દેહની અનુકૂળતા, લોકોનાં અનુકૂળ વચનો, બાહ્ય અનુકૂળ સંજોગો આદિમાં રાગ કરવો જોઈએ નહિ અને દેહને પ્રતિકૂળ ભાવોમાં દ્વેષ કરવો જોઈએ નહિ; પરંતુ રાગના ઉચ્છેદના ઉપાયોમાં દૃઢ રાગ ધારણ કરીને સર્વ ઉચિત ક્રિયાઓમાં ચિત્તને પ્રવર્તાવવું જોઈએ અને કોઈક નિમિત્તથી રાગના ઉચ્છેદના ઉપાયોમાં થતા યત્નમાં સ્ખલના થાય તો ત્યાં દ્વેષને પ્રવર્તાવીને સદા રાગ-દ્વેષના ઉચ્છેદમાં યત્નશીલ બનવું જોઈએ. જો રાગદ્વેષના ઉચ્છેદમાં યત્ન થતો ન હોય તો સાધુના તપનું શું પ્રયોજન છે ? અર્થાત્ સાધુનો તપ કે કષ્ટમયજીવન વ્યર્થ છે. **।।૧૫/૨૮૪।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

ग्लानादिप्रतिपत्तिः ।।१६/२८५।।

સૂત્રાર્થ :-

ગ્લાનાદિની પ્રતિપત્તિ કરવી જોઈએ=ઉચિત ભક્તિ કરવી જોઈએ. ।।૧૬/૨૮૫।।

ટીકા :-

'ग्लानो' ज्वरादिरोगातुरः, 'आदि'शब्दाद् बालवृद्धबहुश्रुतप्राघूर्णकादिग्रहः, तेषां 'प्रतिपत्तिः' समुचितान्नपानादिसम्पादनरूपं वैयावृत्त्यम्, महाफलत्वात्तस्य, पठ्यते च –

"पडिभग्गस्स मयस्स व नासइ चरणं सुअं अगुणणाए ।
नो वेयावच्चचियं सुहोदयं नासई कम्मं ।।१६६।।" **[ओघनि० ५३५]**

[प्रतिभग्नस्य मृतस्य वा नश्यति चरणं श्रुतमगुणनया ।
न वैयावृत्यकृतं शुभोदयं नश्यति कर्म ।।१।।]

तथा –

"जह भमरमहुअरिगणा निवयंती कुसुमियम्मि वणसंडे ।
इय होइ निवइयव्वं गेलण्णे कइयवजढेण ।।१६७।।" **[निशीथभाष्ये २९७१]**

[यथा भ्रमरमधुकरीगणा निपतन्ति कुसुमिते वनखण्डे ।
इति भवति निपतितव्यं ग्लाने त्यक्तकैतवेन ।।२।।] **।।१६/२८५।।**

ટીકાર્થ :-

'ग्लानो' ..... कइयवजढेण ગ્લાન=જ્વરાદિ રોગથી યુક્ત અને 'આદિ' શબ્દથી બાલ, વૃદ્ધ, બહુશ્રુત અને પ્રાઘૂર્ણકાદિ=આગંતુક સાધુ આદિનું ગ્રહણ કરવું. તેઓની પ્રતિપત્તિ કરવી જોઈએ=સંયમને ઉપષ્ટંભક એવા આહાર-પાણી આદિનું સંપાદનરૂપ વૈયાવચ્ચ કરવું જોઈએ; કેમ કે તેનું=વૈયાવચ્ચનું મહાફલપણું છે અને કહેવાયું છે –

"પ્રતિભંગનું=સંયમના પરિણામથી શિથિલ થયેલાનું અને મૃતનું=મૃતસાધુનું ચારિત્ર નાશ પામે છે અને અગુણણાથી=સ્વાધ્યાય નહિ કરવાથી શ્રુત નાશ પામે છે અને વૈયાવચ્ચથી અર્જિત શુભ ઉદયવાળું કર્મ નાશ પામતું નથી. ।।૧૬૬।।" **(ઓઘનિર્યુક્તિ ૫૩૫)**

તથા

"જે પ્રમાણે ભ્રમર અને મધુકરનો સમુદાય ખીલેલા વનખંડમાં વસે છે એ રીતે ગ્લાનસાધુમાં ત્યક્તકૈતવવાળા સાધુએ વૈયાવચ્ચના અર્થે યત્ન કરવો જોઈએ. ॥૧૬૭॥" **(નિશીથભાષ્ય ૨૯૭૧) ॥૧૬/૨૮૫॥**

❖ અહીં ઉદ્ધરણમાં 'कइयवजढेण' છે તેનો અર્થ એ છે કે સાધુના નિર્જરારૂપ કૃત્યમાં યત્ન કરનારા એવા સાધુએ ગ્લાનમાં યત્ન કરવો જોઈએ એમ અન્વય છે.

ભાવાર્થ :-

સાધુ સંયમની વૃદ્ધિના અર્થી હોય છે અને તેના ઉપાયભૂત સમભાવમાં સદા યત્ન કરે છે. સમભાવનો ઉપાય જેમ પોતાની શક્તિને ગોપવ્યા વગર ચારિત્રના ઉચિત આચારોમાં યત્ન છે તેમ ચારિત્રમાં યત્ન કરનારા પણ ગ્લાનાદિ સાધુઓ વિશેષ પ્રકારે ચારિત્રમાં યત્ન કરી શકે તે અર્થે પોતાની શક્તિ અનુસાર સાધુએ તેઓની વૈયાવચ્ચ કરીને તેઓની સંયમની વૃદ્ધિમાં સહાયક થવું જોઈએ. જો શક્તિ હોવા છતાં ગ્લાનાદિની વૈયાવચ્ચ સાધુ ન કરે તો સર્વ જીવો પ્રત્યેનો સમભાવનો પરિણામ ગ્લાન થાય તેથી ગ્લાનાદિના હિતની ઉપેક્ષાનો ભાવ પ્રાપ્ત થાય છે.

વળી, જે સાધુ શક્તિ અનુસાર ગ્લાનાદિની વૈયાવચ્ચ કરે છે તે સાધુને તેઓની સંયમની વૃદ્ધિમાં સહાય કરવાનો નિર્મળ અધ્યવસાય હોવાથી ભવાંતરમાં સંયમની પ્રાપ્તિનું કારણ બને તેવું શુભ ઉદયવાળું કર્મ પ્રાપ્ત થાય છે અને તે બતાવવા માટે જ ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે કોઈ સાધુ ભગ્નપરિણામવાળા થાય તો ચારિત્ર નાશ પામે છે. વળી, કાળ કરી જાય તો દેવભવની પ્રાપ્તિના કારણે ચારિત્ર નાશ પામે છે. વળી, ભણેલું શ્રુત પણ સ્વાધ્યાય કરવામાં ન આવે તો નાશ પામે છે, પરંતુ વૈયાવચ્ચકાળમાં થયેલા શુભ અધ્યવસાયથી બંધાયેલું શુભ ઉદયવાળું કર્મ નાશ પામતું નથી. માટે કલ્યાણના અર્થી સાધુએ શક્તિને ગોપવ્યા વગર નિર્જરાના પ્રબળ કારણભૂત અને નિર્જરાના સહવર્તી બંધાયેલા ઉત્તમ પુણ્યના ફલરૂપે જન્માંતરમાં વિશેષ સંયમની પ્રાપ્તિ થાય છે એવા વૈયાવચ્ચમાં અપ્રમાદભાવ કરવો જોઈએ.

વળી, નિશીથભાષ્યના વચન અનુસાર જેમ ભ્રમરાદિ પુષ્પોના વનોમાં સદા જાય છે તેમ વૈયાવચ્ચ કરીને યોગ્ય જીવોના સંયમની વૃદ્ધિ કરવાનું સામર્થ્ય છે તેવા મહાત્માઓએ અવશ્ય તેમાં યત્ન કરવો જોઈએ. **॥૧૬/૨૮૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

परोद्वेगाहेतुता ।।१७/२८६।।

સૂત્રાર્થ :-

પરનાં ઉદ્વેગની અહેતુતા સેવવી જોઈએ. ।।૧૭/૨૮૬।।

ટીકા :-

'परेषाम्' आत्मव्यतिरिक्तानां स्वपक्षगतानां परपक्षगतानां च गृहस्थपाषण्डिरूपाणामुद्वेगस्य अप्रीतिरूपस्याऽहेतुता अहेतुभावः, यथोक्तम् –

"धम्मत्थमुज्जएणं सव्वस्सापत्तियं न कायव्वं ।
इय संजमोऽवि सेओ एत्थ य भयवं उदाहरणं ।।१६८।।
सो तावसासमाओ तेसिं अप्पत्तियं मुणेऊणं ।
परमं अबोहिबीअं तओ गओ हंतऽकाले वि ।।१६९।।
इय अन्नेण वि सम्मं सक्कं अप्पत्तियं सइ जणस्स ।
नियमा परिहरियव्वं इयरम्मि सतत्तचिंता उ ।।१७०।।" **[पञ्चव० १११४-५-६ पञ्चा० ७।१४-१६]**

[धर्मार्थमुद्यतेन सर्वस्याऽप्रीतिकं न कर्तव्यम् ।
संयमोऽप्येवमेव श्रेयः अत्र च भगवानुदाहरणम् ।।१६८।।
स तापसाश्रमात् तेषामप्रीतिकं ज्ञात्वा ।
परममबोधिबीजं ततो गतो हन्ताकालेऽपि ।।१६९।।
इति अन्येनाऽपि सम्यक् शक्यमप्रीतिकं सदा जनस्य ।
नियमात् परिहर्त्तव्यं इतरस्मिन् स्वतत्त्वचिन्तैव ।।१७०।।]

'इयरम्मि सतत्तचिंता उ' इतरस्मिन् अशक्यप्रतीकारेऽप्रीतिके 'स्वतत्त्वस्य' स्वापराधरूपस्य चिन्ता कार्या, यथा –

"ममैवायं दोषो यदपरभवे नार्जितमहो शुभं यस्माल्लोको भवति मयि कुप्रीतहृदयः ।
अपापस्यैवं मे कथमपरथा मत्सरमयं जनो याति स्वार्थं प्रति विमुखतामेत्य सहसा? ।।१७१।।" [ ] **।।१७/२८६।।**

ટીકાર્થ :-

'परेषाम्' ..... सहसा ? ।। પરની=આત્માથી વ્યતિરિક્ત એવા સ્વપક્ષગત અને પરપક્ષગત ગૃહસ્થ

અને પાખંડીરૂપ પરની=ગૃહસ્થ અને સાધુરૂપ પરની, અપ્રીતિરૂપ ઉદ્વેગની અહેતુતા=અહેતુભાવ સેવવો જોઈએ. જે પ્રમાણે કહેવાયું છે –

"ધર્મમાં ઉદ્યત પુરુષે સર્વનું અપ્રીતિક ન કરવું જોઈએ. એ રીતે સંયમ પણ શ્રેય છે અને એમાં=પરની અપ્રીતિના પરિહારમાં વીર ભગવાન ઉદાહરણ છે. ॥૧૬૮॥

તે=વીર ભગવાન, તેઓની પરમ અબોધિનાં બીજ એવી અપ્રીતિને જાણીને ત્યાંથી=તાપસ આશ્રમથી, અકાળે પણ ગયા=ચાતુર્માસમાં પણ વિહાર કરી ગયા. ॥૧૬૯॥

એ રીતે=જે રીતે ભગવાને પરની અપ્રીતિનો પરિહાર કર્યો એ રીતે, અન્ય પણ સાધુએ લોકની શક્ય અપ્રીતિક કાર્યનો સમ્યક્ સદા નિયમથી પરિહાર કરવો જોઈએ. ઇતરમાં=પરની અપ્રીતિના પરિહારનું અશક્યપણું હોતે છતે સ્વતત્ત્વની ચિંતા કરવી જોઈએ=મારો જ અપરાધ છે એ પ્રકારે ચિંતા કરવી જોઈએ. ॥૧૭૦॥" **(પંચવસ્તુક૦ ૧૧૧૪-૧૧૧૫-૧૧૧૬, પંચાશક૦ ૭/૧૪-૧૫-૧૬)**

કઈ રીતે સ્વતત્ત્વની ચિંતા કરવી જોઈએ ? તે 'યથા'થી બતાવે છે –

"મારો જ આ દોષ છે જે કારણથી પૂર્વભવમાં શુભકર્મ અર્જિત કર્યું નથી, જેથી મારામાં લોક કુપ્રીતિ હૃદયવાળો થાય છે. અપરથા=અન્યથા, સહસા સ્વાર્થ પ્રત્યે વિમુખતાને પ્રાપ્ત કરીને આ રીતે અપાપ એવા મારા ઉપર કેવી રીતે મત્સરમય લોક થાય ? ॥૧૭૧॥" **() ॥૧૭/૨૮૬॥**

ભાવાર્થ :-

સંયમજીવનમાં સાધુએ કોઈ નિમિત્તે પોતાનાથી ભિન્ન દર્શનના સાધુ હોય, પરદર્શનના સાધુ હોય, ગૃહસ્થ હોય કે અન્ય દર્શનના સંયમી હોય તેઓની પોતાના પ્રત્યે અપ્રીતિ ન થાય તેવો પ્રયત્ન શક્તિ અનુસાર કરવો જોઈએ, જેમ વીરભગવાને તાપસોના અબોધિના કારણીભૂત અપ્રીતિના પરિહાર અર્થે ચોમાસામાં વિહાર કર્યો. તેમ સાધુએ શક્તિના પ્રકર્ષથી અપ્રીતિના પરિહાર માટે ઉદ્યમ કરવો જોઈએ. સર્વ ઉદ્યમ કરવા છતાં પરની અપ્રીતિનો પરિહાર ન થાય તો સાધુએ સ્વઅપરાધનું ચિંતવન કરવું જોઈએ.

કઈ રીતે ચિંતવન કરવું જોઈએ ? એથી કહે છે –

પૂર્વભવમાં મેં તેવું પુણ્ય ઉપાર્જન કર્યું નથી, તેથી યત્ન કરવા છતાં અન્ય જીવોની અપ્રીતિનો પરિહાર હું કરી શકતો નથી; કેમ કે યત્નથી કાર્ય ન થાય ત્યારે અવશ્ય તે કાર્યની નિષ્પત્તિને અનુકૂળ પુણ્યનો અભાવ છે એમ નક્કી થાય છે. વળી, મેં ભૂતકાળમાં પાપ ન બાંધ્યું હોત તો કોઈને મારા પ્રત્યે અપ્રીતિ થઈ શકે નહિ, તેથી નક્કી થાય છે કે પરની અપ્રીતિના કારણીભૂત એવું પાપ મેં પૂર્વમાં બાંધ્યું છે. આ રીતે વિચારવાથી પોતાના ચિત્તમાં કોઈ ક્લેશ થતો નથી; પરંતુ ઉચિત પરિણામ થવાને કારણે ઘણાં કર્મોની નિર્જરા થાય છે અને જો તેમ વિચારવામાં ન આવે અને અપ્રીતિ કરનાર જીવનો વિચિત્ર સ્વભાવ છે તેના કારણે તે અપ્રીતિ કરે છે તેમ જોવામાં આવે તો તેના તે વિચિત્ર સ્વભાવને આશ્રયીને પોતાને જે પણ અલ્પ દ્વેષાદિ થાય. તદ્નિમિત્તક અવશ્ય કર્મબંધ થાય છે. માટે કર્મબંધથી આત્માના રક્ષણ માટે સાધુએ સદા ઉચિત યત્ન કરવો જોઈએ. **॥૧૭/૨૮૬॥**

અવતરણિકા :-

એતદેવાહ –

અવતરણિકાર્થ :-

આને જ=પરની અપ્રીતિના પરિહારને જ, કહે છે –

સૂત્ર :-

भावतः प्रयत्नः ।।१८/२८७।।

સૂત્રાર્થ :-

ભાવથી પ્રયત્ન કરવો જોઈએ=પરની અપ્રીતિનાં પરિહાર અર્થે પોતાના ઉત્તમ અધ્યવસાયરૂપ ભાવથી પ્રયત્ન કરવો જોઈએ. ।।૧૮/૨૮૭।।

ટીકા :-

'भावतः' चित्तपरिणामलक्षणात् 'प्रयत्नः' परोद्वेगाहेतुतायामुद्यमः कार्यः इति, अयमत्र भावः - यदि कथञ्चित् तथाविधप्रघट्टकवैषम्यात् कायतो वचनतो वा न परोद्वेगहेतुभावः परिहर्तुं पार्यते तदा 'भावतो'ऽरुचिलक्षणात् परोद्वेगं परिहर्तुं यत्नः कार्यः, भावस्यैव फलं प्रति अवन्ध्यहेतुत्वात् । उक्तं च –

"अभिसन्धेः फलं भिन्नमनुष्ठाने समेऽपि हि ।
परमोऽतः स एवेह वारीव कृषिकर्मणि ।।१७२।।" **[योगदृष्टि० ११८] इति ।।१८/२८७।।**

ટીકાર્થ :-

'भावतः' ..... इति ।। ભાવથી=ચિત્તના પરિણામરૂપ ભાવથી પ્રયત્ન કરવો જોઈએ=પરના ઉદ્વેગમાં અહેતુ થવા માટે પ્રયત્ન કરવો જોઈએ. અહીં=ભાવથી પ્રયત્નના વિષયમાં, આ ભાવ છે. જો કોઈક રીતે તેવા પ્રકારના સંયોગના વૈષમ્યથી કાયાથી અથવા વચનથી પરના ઉદ્વેગના હેતુભાવનો પરિહાર થઈ ન શકે તો અરુચિરૂપ ભાવથી પરના ઉદ્વેગના પરિહાર માટે યત્ન કરવો જોઈએ અર્થાત્ પરની અનુચિત પ્રવૃત્તિ જોઈને પોતાને લેશ પણ અરુચિ ન થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ; કેમ કે ફલપ્રાપ્તિ પ્રત્યે=પરની અપ્રીતિના પરિહારના ફલરૂપ નિર્જરાની પ્રાપ્તિ પ્રત્યે, પોતાના ભાવનું જ અવંધ્ય હેતુપણું છે. અને કહેવાયું છે –

"સમાન પણ અનુષ્ઠાનમાં અભિસંધિથી=અધ્યવસાયથી ફલ ભિન્ન છે આથી=અધ્યવસાયથી ફલ પ્રાપ્ત થાય છે આથી, અહીં=અનુષ્ઠાનના વિષયમાં ખેતીમાં પાણીની જેમ અધ્યવસાય જ પ્રધાન છે. ।।૧૭૨।।" **(યોગદૃષ્ટિ૦ ૧૧૮)**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૮/૨૮૭।।

ભાવાર્થ :-

પૂર્વ સૂત્રમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સાધુને પરના ઉદ્વેગના પરિહાર માટે શક્ય યત્ન કરવો જોઈએ. તેથી કાયિક કે વાચિક જે શક્ય હોય તે યત્ન કરીને પરના ઉદ્વેગનો પરિહાર કરવો જોઈએ, પરંતુ જો કાયાથી કે વચનથી પરના ઉદ્વેગનો હેતુનો પરિહાર થઈ શકે તેમ ન હોય તો ભાવથી પરના ઉદ્વેગના પરિહાર માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ.

કઈ રીતે ભાવથી યત્ન કરવો જોઈએ ? એથી કહે છે –

સામેના જીવને અપ્રીતિ નિમિત્તક પાપબંધ થશે અને તેનું અહિત થશે તે જોઈને તેના અહિતના પરિહાર માટે દયાળુ સ્વભાવ રાખીને પ્રયત્ન કરવો જોઈએ. અને તેના અપ્રીતિના પરિહાર અર્થે કાયિક-વાચિક શક્ય પ્રયત્ન કરવા છતાં તેવા પ્રકારના સંયોગોની વિષમતાના કારણે તેની અપ્રીતિનો પરિહાર ન થાય તોપણ તેના વિચિત્ર સ્વભાવને કારણે પોતાને લેશ પણ અરુચિ ન થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ; કેમ કે પરની અપ્રીતિના પરિહાર માટે કરાયેલા યત્નનું ફળ પોતાના ભાવને અનુરૂપ જ થાય છે, તેથી જો તેના વિચિત્ર સ્વભાવને કારણે સહેજ પણ ચિત્તમાં અરુચિ થાય તો તદ્નિમિત્તક પોતાને કર્મબંધ થાય છે, પરંતુ તેની અપ્રીતિના પરિહાર માટે કરાયેલા યત્નથી નિર્જરારૂપ ફળ થતું નથી, તેથી નિર્જરાના અર્થી સાધુએ શક્તિ અનુસાર કાયિક, વાચિક યત્ન કર્યા પછી પરની અપ્રીતિનો પરિહાર ન થાય તો ભાવથી પોતાના ચિત્તના ક્લેશના પરિહાર અર્થે ઉદ્યમ કરવો જોઈએ; કેમ કે કોઈપણ અનુષ્ઠાનનું કર્મબંધ કે નિર્જરારૂપ ફળ અધ્યવસાય અનુસાર થાય છે, તેથી પરની અપ્રીતિના પરિહાર અર્થે કાયિક-વાચિક યત્ન કર્યા પછી પોતાનાં ભાવનું રક્ષણ ન થાય તો પરની અપ્રીતિના પરિહાર અર્થે કરાયેલ યત્નનું નિર્જરારૂપ ફળ પ્રાપ્ત થઈ શકે નહિ. **॥૧૮/૨૮૭॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अशक्ये बहिश्चारः ।।१९/२८८।।

સૂત્રાર્થ :-

અશક્યમાં=પોતાનાથી ન થઈ શકે તેવા અનુષ્ઠાનમાં, બહિશ્ચાર કરવો જોઈએ=અપ્રયત્ન કરવો જોઈએ. ।।૧૯/૨૮૮।।

ટીકા :-

'अशक्ये' कुतोऽपि वैगुण्यात् समाचरितुमपार्यमाणे तपोविशेषादौ क्वचिदनुष्ठाने 'बहिश्चारो'

बहिर्भावलक्षणः तस्मात् कार्यः, अशक्यं नारब्धव्यमित्यर्थः, अशक्यारम्भस्य क्लेशैकफलत्वेन साध्यसिद्धेरनङ्गत्वात् ।।१९/२८८।।

ટીકાર્થ :-

'अशक्ये' ..... अनङ्गत्वात् ।। અશક્યમાં=કોઈપણ વિગુણપણાના કારણે આચરણ ન થઈ શકે તેવા તપવિશેષાદિરૂપ કોઈક અનુષ્ઠાનમાં બહિશ્ચાર=બહિર્ભાવલક્ષણ બહિશ્ચાર, તેનાથી કરવો જોઈએ=તે અનુષ્ઠાનથી દૂર રહેવું જોઈએ=અશક્ય અનુષ્ઠાનનો આરંભ કરવો જોઈએ નહિ; કેમ કે અશક્ય આરંભનું ક્લેશ એકફલપણું હોવાના કારણે સાધ્ય સિદ્ધિનું=સંયમની વૃદ્ધિરૂપ સાધ્ય સિદ્ધિનું, અનંગપણું છે=અકારણપણું છે. ।।૧૯/૨૮૮।।

ભાવાર્થ :-

સાધુએ સંયમના કંડકોની વૃદ્ધિ અર્થે શક્તિ અનુસાર તપાદિ અનુષ્ઠાનો સેવવાનાં હોય છે, આમ છતાં જે અનુષ્ઠાનથી જે પ્રકારના ભાવોની વૃદ્ધિની અપેક્ષા છે તે ભાવોની વૃદ્ધિના બદલે તે અનુષ્ઠાન સેવવાથી ચિત્ત ક્લેશને પામે તેવું હોય તે અનુષ્ઠાન બાહ્યથી સેવીને કર્મબંધની જ પ્રાપ્તિ થાય છે, પરંતુ નિર્જરાની પ્રાપ્તિ થતી નથી, તેથી સાધુએ સંયમના પરિણામોની વૃદ્ધિનું અંગ બને તેવાં જ અનુષ્ઠાનોમાં ઉદ્યમ કરવો જોઈએ અને સંયમમાં વ્યાઘાત કરે તેવા અશક્ય તપાદિ અનુષ્ઠાનનો આરંભ કરવો જોઈએ નહિ; કેમ કે તે અનુષ્ઠાન ક્લેશ એકફલવાળું હોવાથી નિર્જરારૂપ ફળની પ્રાપ્તિનું કારણ બનતું નથી. **॥૧૯/૨૮૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अस्थानाभाषणम् ।।२०/२८९।।

સૂત્રાર્થ :-

અસ્થાનમાં અભાષણ કરવું જોઈએ. ।।૨૦/૨૮૯।।

ટીકા :-

'अस्थाने' भाषितोपयोगायोग्यत्वेनाप्रस्तावे 'अभाषणं' कस्यचित् कार्यस्याभणनम्, एवमेव साधोर्भाषासमितत्वशुद्धिः स्यादिति ।।२०/२८९।।

ટીકાર્થ :-

'अस्थाने' ..... स्यादिति ।। અસ્થાનમાં=બોલવાના પ્રયત્નનું અયોગ્યપણું હોવાને કારણે અપ્રસ્તાવમાં અભાષણ=કોઈપણ કાર્યનું કથન કરવું જોઈએ નહિ. એ રીતે જ=અસ્થાનમાં અભાષણ કરવામાં આવે એ રીતે જ, સાધુની ભાષાસમિતિની શુદ્ધિ થાય.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૦/૨૮૯॥

ભાવાર્થ :-

જે વચન બોલવાથી પોતાના સંયમની શુદ્ધિ થતી હોય અથવા જે વચન બોલવાથી પોતાના સંયમની શુદ્ધિ પણ થતી હોય અને અન્યનો ઉપકાર પણ થતો હોય તો સાધુ માટે બોલવાનું ઉચિત સ્થાન છે. તે સિવાય સાધુએ કોઈપણ કાર્યનું કથન કરવું જોઈએ નહિ. અને એ રીતે જ અત્યંત ઉપયુક્ત થઈને શાસ્ત્રમર્યાદા અનુસાર જે સાધુ બોલે છે તે સાધુની ભાષાસમિતિની શુદ્ધિ થાય છે. અર્થાત્ ભાષાસમિતિના પાલન દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે. **॥૨૦/૨૮૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

स्खलितप्रतिपत्तिः ।।૨૧/૨૯૦।।

સૂત્રાર્થ :-

સંયમજીવનમાં થયેલી સ્ખલનાની પ્રતિપત્તિ કરવી જોઈએ=સ્વીકાર કરવો જોઈએ=ઉચિત પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરવી જોઈએ. ॥૨૧/૨૯૦॥

ટીકા :-

कुतोऽपि तथाविधप्रमाददोषात् 'स्खलितस्य' क्वचिन्मूलगुणादावाचारविशेषे स्खलनस्य विराधनालक्षणस्य जातस्य 'प्रतिपत्तिः' स्वतः परेण वा प्रेरितस्य सतोऽभ्युपगमः तत्रोदित-प्रायश्चित्ताङ्गीकारेण कार्यः, स्खलितकालदोषाद् अनन्तगुणत्वेन दारुणपरिणामत्वात् तदप्रतिपत्तेः, अत एवोक्तम् –

"उप्पण्णा उप्पण्णा माया अणुमग्गओ निहंतव्वा ।
आलोअणनिंदणगरिहणाहि न पुणो वि बीयं ति ।।१७३।।" **[पञ्चव० ४६४]**

"अणायारं परक्कम्म नेव गूहे न निण्हवे ।

सुई सया वियडभावे असंसत्ते जिइंदिए ।।१७४।।" **[दशवै० ८।३२]**

[उत्पन्नोत्पन्ना मायाऽनुमार्गतो निहन्तव्या ।

आलोचननिन्दनगर्हणाभिः न पुनश्च द्वितीयं [वारं] ।।१।।

अनाचारं पराक्रमं नैव गूहेत न निह्नुवीत ।

शुचिः सदा विकटभावः असंसक्तो जितेन्द्रियः ।।२।।] **।।२१/२९०।।**

टीकार्थ :-

कुतोऽपि ..... जिइंदिए ।। કોઈપણ તેવા પ્રકારના પ્રમાદદોષથી=જિનવચન અનુસાર કરાતી સંયમની ઉચિત આચરણામાં સ્ખલના કરાવે તેવા પ્રકારના કોઈક રીતે થયેલા પ્રમાદદોષથી, સ્ખલિતની=કોઈક મૂળગુણ આદિ આચાર વિશેષમાં વિરાધનારૂપ થયેલી સ્ખલનાની, પ્રતિપત્તિ કરવી જોઈએ=સ્વતઃ પ્રેરિત અથવા પરથી પ્રેરિત છતાં તે સ્ખલનાનો સ્વીકાર કરવો જોઈએ અર્થાત્ તે સ્ખલિતના વિષયમાં કહેવાયેલ પ્રાયશ્ચિત્તના અંગીકારથી સ્વીકાર કરવો જોઈએ; કેમ કે તેના અસ્વીકારનું સ્ખલિત કાળના દોષથી અનંતગુણપણારૂપે દારુણપરિણામપણું છે. આથી જ કહેવાયું છે=સ્ખલના થયેલા દોષની શુદ્ધિ કરવી જોઈએ. આથી જ કહેવાયું છે –

"ઉત્પન્ન ઉત્પન્ન એવી માયા અનુમાર્ગથી=તરત જ નાશ કરવી જોઈએ.

કેવી રીતે નાશ કરવી જોઈએ ? એથી કહે છે –

આલોચના, નિંદા, ગર્હા વડે નાશ કરવી જોઈએ. ફરી પણ બીજી વખત સેવવી જોઈએ નહિ. ।।૧૭૩।।" **(પંચવસ્તુક ૪૬૪)**

"સદા સુઈ=શુચિ=પવિત્ર, વિકટભાવમાં અસંસક્ત=પ્રાયશ્ચિત્ત કરવામાં ક્યાંય આત્મવંચના નહિ કરનાર જિતેન્દ્રિય એવા સાધુએ અનાચારરૂપ પરાક્રમ છુપાવવું જોઈએ નહિ કે અપલાપ કરવો જોઈએ નહિ. ।।૧૭૪।।" **(દશવૈકાલિકસૂત્ર-૮/૩૨) ।।૨૧/૨૯૦।।**

ભાવાર્થ :-

સાધુ શક્તિના પ્રકર્ષથી, સંસારના ઉચ્છેદ માટે પ્રયત્ન કરે છે છતાં અનાદિથી જીવે પ્રમાદ સેવેલો છે. આત્મામાં મોહના સંસ્કારો પડેલા છે, તેથી નિમિત્તને પામીને સાધુએ પણ તેવા પ્રકારનો પ્રમાદ દોષપ્રાપ્ત થાય તો મૂલગુણના કે ઉત્તરગુણના આચારમાં વિરાધનારૂપ સ્ખલનાની પ્રાપ્તિ થાય ત્યારે સાધુએ સ્વયંપ્રેરિત થઈને તેની શુદ્ધિ માટે ઉચિત યત્ન કરવો જોઈએ. વળી, ક્યારેક સ્વયં તે પ્રકારનો પ્રયત્ન થયો ન હોય અને પર કોઈ સાધુ તેની શુદ્ધિની પ્રેરણા કરે તેને સ્વીકારીને તેની શુદ્ધિના ઉપાયભૂત ઉચિત પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરવી જોઈએ; કેમ કે થયેલા દોષની શુદ્ધિ કરવામાં ન આવે તો તે દોષસેવનકાળમાં જે પ્રમાદ થયેલો

છે તેના સંસ્કારો આત્મામાં રહે છે. વળી તે પ્રમાદકાળમાં બંધાયેલા કર્મો આત્મામાં રહે છે, તેથી તે કર્મો અને પ્રમાદના સંસ્કારો ઘણા કાળ સુધી જીવની કદર્થનાનું કારણ બને છે. માટે સંયમજીવનમાં થયેલી સ્ખલનાની શુદ્ધિ સાધુએ અવશ્ય કરવી જોઈએ. **॥૨૧/૨૯૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

पारुष्यपरित्यागः ।।२२/२९१।।

સૂત્રાર્થ :-

પારુષ્યનો પરિત્યાગ કરવો જોઈએ. ।।૨૨/૨૯૧।।

ટીકા :-

'पारुष्यस्य' तीव्रकोपकषायोदयविशेषात् परुषभावलक्षणस्य तथाविधभाषणादेः स्वपक्ष-परपक्षाभ्यामसंबन्धयोग्यताहेतोः 'परित्यागः' कार्यः, अपारुष्यरूपविश्वासमूलत्वात् सर्वसिद्धीनाम्, यदुच्यते –

सिद्धेर्विश्वासिता मूलं यद्यूथपतयो गजाः ।
सिंहो मृगाधिपत्येऽपि न मृगैरनुगम्यते ।।१७५।। [ ] **इति ।।२२/२९१।।**

ટીકાર્થ :-

'पारुष्यस्य' ..... इति ।। તીવ્ર કોષકષાયના ઉદયવિશેષથી પરુષભાવરૂપ તેવા પ્રકારના ભાષણ આદિ સ્વરૂપ પરુષભાવનો પરિત્યાગ કરવો જોઈએ જે પરુષભાવ સ્વપક્ષ-પરપક્ષ દ્વારા અસંબંધની યોગ્યતાનો હેતુ છે=સ્વપક્ષ-પરપક્ષ સાથે સંબંધના વિનાશનો હેતુ છે તેનો પરિત્યાગ કરવો જોઈએ; કેમ કે સર્વસિદ્ધિઓનું અપારુષ્યરૂપ વિશ્વાસ મૂલપણું છે. જે કારણથી કહેવાય છે –

"સિદ્ધિનું મૂળ વિશ્વાસિતા છે=કાર્યની નિષ્પત્તિનું મૂળ સામેની વ્યક્તિને પોતાનામાં વિશ્વાસ પેદા થાય છે માટે પરુષ ભાવનો ત્યાગ કરવો જોઈએ. જે કારણથી યૂથપતિ અનુસરનારા ગજો હોય છે. મૃગઅધિપતિ હોવા છતાં પણ સિંહ મૃગલાઓ વડે અનુસરણ કરાતો નથી. ।।૧૭૫।।" **()**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૨/૨૯૧।।

ભાવાર્થ :-

પોતાના સમુદાયના કે અન્ય સમુદાયના સાધુઓ સાથે અસંબદ્ધ થવાની યોગ્યતાનું કારણ બને તેવી કઠોર ભાષાનો સાધુએ પરિહાર કરવો જોઈએ; કેમ કે મૃદુભાવ જ અન્યના વિશ્વાસની પ્રાપ્તિનું કારણ છે. જેથી પરના હિત અર્થે પણ કહેવાયેલું સાધુનું વચન મૃદુભાવયુક્ત હોય તો પોતાના અને પરના હિતનું કારણ બને છે. જો પારુષ્યભાવવાળું હોય તો અન્યના ચિત્તના સંક્લેશનું અને પોતાના ચિત્તના સંક્લેશનું કારણ હોવાથી કર્મબંધનું જ કારણ બને છે, માટે સાધુએ પારુષ્યભાવનો ત્યાગ કરવો જોઈએ.

સાધુએ પારુષ્યભાવનો ત્યાગ કરવો જોઈએ તેમાં સાક્ષી આપે છે –

સિદ્ધિનું મૂલ વિશ્વાસ છે. માટે પરુષભાષા ન બોલનાર સાધુ વિશ્વાસપાત્ર બને છે. જેથી સ્વપક્ષના કે પરપક્ષના પ્રયોજનની સિદ્ધિ તેના વચનથી થાય છે. જેમ તે હાથી યૂથપતિ બને છે; કેમ કે બીજા હાથીઓ સાથે બાખડતો નથી તેથી બીજા હાથીઓ તેનું અનુસરણ કરે છે, જ્યારે સિંહ મૃગલાનો અધિપતિ છે તેમ કહેવાય છે છતાં ક્રૂર હોવાથી મૃગલા તેનું અનુસરણ કરતાં નથી. માટે વિવેકીએ પરુષભાષાનો=કઠોર ભાષાનો, ત્યાગ કરવો જોઈએ. **॥૨૨/૨૯૧॥**

સૂત્ર :-

सर्वत्रापिशुनता ।।२३/२९२।।

સૂત્રાર્થ :-

સર્વત્ર=સ્વપક્ષ-પરપક્ષ સર્વત્ર, અપિશુનતા=બીજાના દોષો પ્રગટ ન કરવા જોઈએ. ।।૨૩/૨૯૨।।

ટીકા :-

'सर्वत्र' स्वपक्षे परपक्षे च परोक्षं दोषाणामनाविष्करणम्, परदोषग्राहितायां हि आत्मैव दोषवान् कृतः स्यात्, पठ्यते च –

"लोओ परस्स दोसे हत्थाहत्थिं गुणे य गिण्हंतो ।
अप्पाणमप्पणो च्चिय कुणइ सदोसं च सगुणं च ।।१७६।।" []

[लोकः परस्य दोषान् हस्ताहस्ति गुणांश्च गृह्णन् ।
आत्मानमात्मनैव करोति सदोषं च सगुणं च ।।१।।] **।।२३/२९२।।**

ટીકાર્થ :-

'सर्वत्र' ..... सगुणं च ।। સર્વત્ર=સ્વપક્ષમાં અને પરપક્ષમાં, દોષોના પરોક્ષને પ્રગટ કરવું જોઈએ નહીં=કોઈના દોષોને પ્રગટ કરવા જોઈએ નહીં. हि=જે કારણથી, પરદોષની ગ્રાહિતામાં આત્મા જ દોષવાળો કરાયેલો થાય છે.

અને કહેવાયું છે –

"પરના દોષોને અને ગુણોને હાથોહાથ ગ્રહણ કરતો લોક પોતાના આત્માને જ સદોષ કે સગુણ કરે છે. ।।૧૭૬।।" () **।।૨૩/૨૯૨।।**

ભાવાર્થ :-

સાધુએ બીજાના કોઈ દોષો દેખાય તોપણ તે દોષોને બીજા સમક્ષ કહેવા જોઈએ નહિ; તેથી એ પ્રાપ્ત થાય કે બીજાના દોષ પોતાને દેખાય અને તેના હિત માટે તે દોષોથી તેનું વારણ કરે તે દોષરૂપ નથી પરંતુ બીજાના દોષોને જોયા પછી કોઈક અન્ય આગળ તે કહીને જ પોતાને સંતોષ થાય તેવી પ્રકૃતિથી પરદોષને કહેવામાં આવે ત્યારે પોતે જ પરના દોષને ગ્રહણ કરીને પોતાની ક્ષુદ્ર પ્રકૃતિની જ વૃદ્ધિ કરે છે, તેથી કલ્યાણના અર્થી સાધુએ સર્વત્ર અપિશુનતા ગુણને ધારણ કરવા યત્ન કરવો જોઈએ.

આથી જ કોઈ સાધુને કોઈ અન્ય સાધુની સ્ખલના દેખાય અને તેને વારણા કરવાથી તેનું હિત થાય તેમ જણાય તો તેના હિતના અર્થે શુભ આશયપૂર્વક ગુરુને તે સ્ખલના કહે; જેથી ગુરુ ઉચિત યત્ન કરીને તે સાધુનું હિત કરી શકે ત્યારે પિશુનતા દોષની પ્રાપ્તિ નથી. **।।૨૩/૨૯૨।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

विकथावर्जनम् ।।२४/२९३।।

સૂત્રાર્થ :-

વિકથાનું વર્જન કરવું જોઈએ. ।।૨૪/૨૯૩।।

ટીકા :-

'विकथानां' स्त्रीभक्तदेशराजगोचराणां स्वभावत एवाकुशलाशयसमुन्मीलननिबन्धनानां 'वर्जनम्', एतत्कथाकरणे हि कृष्णनीलाद्युपाधिरिव स्फटिकमणिरात्मा कथ्यमानस्त्र्यादिचेष्टानामनुरूपतां प्रतिपद्यते ।।२४/२९३।।

ટીકાર્થ :-

'विकथानां' ..... प्रतिपद्यते ।। વિકથાનું=સ્ત્રી, ભોજન, દેશ, રાજાદિ વિષયક સ્વભાવથી જ અકુશલ

આશયને પ્રગટ કરવાનું કારણ એવી વિકથાનું, વર્જન કરવું જોઈએ. 'હિ'=જે કારણથી, આ કથાના કરણમાં=વિકથાના કરણમાં કૃષ્ણ-નીલાદિ ઉપાધિથી જેમ સ્ફટિક કૃષ્ણાદિ પરિણમને પામે છે તેમ વિકથા કરનાર આત્મા કહેવાતી સ્ત્રી આદિની ચેષ્ટાની અનુરૂપતાને પ્રાપ્ત કરે છે. ॥૨૪/૨૯૩॥

ભાવાર્થ :-

સાધુએ સંયમના પ્રયોજન સિવાયની કોઈ કથામાં યત્ન કરવો જોઈએ નહિ અને તેને છોડીને સ્ત્રીકથા, દેશકથા આદિ કથામાં અનાભોગ આદિથી પણ પૂર્વના સંસ્કારોથી કોઈક પરિણામ થઈ જાય તો તેને અનુરૂપ મલિન સંસ્કાર આત્મામાં આધાન થાય છે અને સંસારનાં કારણીભૂત એવાં કર્મોનો બંધ થાય છે. માટે સાધુએ અનાભોગ આદિથી પણ સંયમનું કારણ ન હોય તેવી નિરર્થક કથાનું વર્જન કરવું જોઈએ. **॥૨૪/૨૯૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

उपयोगप्रधानता ।।૨૫/૨૯૪।।

સૂત્રાર્થ :-

ઉપયોગની પ્રધાનતા રાખવી જોઈએ. ॥૨૫/૨૯૪॥

ટીકા :-

'उपयोगः प्रधानं' पुरस्सरः सर्वकार्येषु यस्य स तथा, तस्य भावस्तत्ता सा विधेया, निरुपयोगानुष्ठानस्य द्रव्यानुष्ठानत्वात्, 'अनुपयोगो द्रव्यम्' [ ] **इति वचनात् ।।૨૫/૨૯૪।।**

ટીકાર્થ :-

'उपयोगः प्रधानं' ..... वचनात् ।। ઉપયોગ પ્રધાન=પુરસ્સર, છે સર્વ કાર્યોમાં જેને તે તેવો છે= ઉપયોગપ્રધાન છે, તેનો ભાવ તત્તા=ઉપયોગપ્રધાનતા, રાખવી જોઈએ.

કેમ ઉપયોગપ્રધાનતા રાખવી જોઈએ ? તેમાં હેતુ કહે છે –

ઉપયોગ રહિત અનુષ્ઠાનનું દ્રવ્યઅનુષ્ઠાનપણું છે; કેમ કે "અનુપયોગ દ્રવ્ય છે" **() એ પ્રમાણે વચન છે. ॥૨૫/૨૯૪॥**

ભાવાર્થ :-

સાધુએ સંયમજીવનમાં સંયમનાં સર્વ અનુષ્ઠાનો કરતી વખતે જે જે અનુષ્ઠાનોથી જે જે પ્રકારના સમભાવની વૃદ્ધિને અનુકૂળ ભાવોને પ્રગટ કરવાના છે તેને સ્મૃતિમાં રાખીને તે તે અનુષ્ઠાનોની ક્રિયા તે તે પ્રકારના સમભાવની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે રાધાવેધ સાધક પુરુષની જેમ અત્યંત ઉપયુક્ત થઈને કરવી જોઈએ; જેથી સંયમનાં સર્વ અનુષ્ઠાનો ઉત્તરોત્તરની સંયમવૃદ્ધિનાં કારણ બને તેવા ઉત્તમ સંસ્કારોનું આત્મામાં આધાન કરીને નિર્જરાની પ્રાપ્તિનું કારણ બને.

કેમ ઉપયોગપૂર્વક સર્વ અનુષ્ઠાન કરવું જોઈએ ? તેમાં યુક્તિ બતાવે છે –

જે સાધુઓ સંયમનાં તપાદિ સર્વ અનુષ્ઠાનો તે તે પ્રકારના ઉપયોગ વગર કરે છે તે દ્રવ્ય અનુષ્ઠાન છે અર્થાત્ નિર્જરાની પ્રાપ્તિનું કારણ બને તેવાં અનુષ્ઠાન નથી, માત્ર કાયચેષ્ટારૂપ અનુષ્ઠાન છે; કેમ કે શાસ્ત્રમાં કહેલ છે કે "અનુપયોગ એ દ્રવ્ય છે." તેથી અનુપયોગપૂર્વકનું સેવાયેલું અનુષ્ઠાન કાયચેષ્ટારૂપ ક્રિયા છે. ગુણનિષ્પત્તિને અનુકૂળ ક્રિયા નથી. આથી અભ્યાસદશાવાળા સાધુઓ પણ "ઉપયોગપૂર્વક અનુષ્ઠાન કરવું જોઈએ" એ પ્રકારના શાસ્ત્રવચનને શ્રવણ કરીને સતત સ્વશક્તિ અનુસાર ઉપયોગને તીક્ષ્ણ પ્રવર્તાવવા યત્ન કરે છે અને અનાભોગથી પણ અનુષ્ઠાનકાળમાં જે સ્ખલનાઓ થાય છે તેની વારંવાર નિંદા કરીને તે પ્રકારના પ્રમાદના પરિહાર અર્થે સદા ઉદ્યમ કરે છે. **॥૨૫/૨૯૪॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

निश्चितहितोक्तिः ।।२६/२९५।।

સૂત્રાર્થ :-

નિશ્ચિત એવા હિતનું ભાષણ કરવું જોઈએ. ।।૨૬/૨૯૫।।

ટીકા :-

'निश्चितस्य' संशयविपर्ययाऽनध्यवसायबोधदोषपरिहारेण निर्णीतस्य 'हितस्य' च परिणाम-सुन्दरस्योक्तिः भाषणम्, अत एव पठ्यते –

"कुदृष्टं कुश्रुतं चैव कुज्ञातं कुपरीक्षितम् ।
कुभावजनकं सन्तो भाषन्ते न कदाचन ।।१७७।।" [ ] **।।२६/२९५।।**

ટીકાર્થ :-

'निश्चितस्य' ..... कदाचन ।। નિશ્ચિત એવા હિતનું=સંશય, વિપર્યય અને અનધ્યવસાય રૂપ બોધના દોષના પરિહારથી નિર્ણીત એવા પરિણામથી સુંદરનું, કથન કરવું જોઈએ. આથી જ કહેવાય છે –

"કુદૃષ્ટ=યથાર્થ જોવાયેલું ન હોય, કુશ્રુત=યથાર્થ સંભળાયેલું ન હોય, કુજ્ઞાત=યથાર્થ નિર્ણય થયેલો ન હોય, કુપરીક્ષિત=યથાર્થ પરીક્ષા કરીને આ આમ જ છે એવો નિર્ણય થયેલો ન હોય, કુભાવજનક=નિર્ણીત પણ કથન સામેની વ્યક્તિના કુભાવનું જનક સંત પુરુષો ક્યારેય પણ બોલતા નથી. ।।૧૭૭।।" **() ।।૨૬/૨૯૫।।**

ભાવાર્થ :-

સાધુએ શાસ્ત્રવચનથી પદાર્થ નિર્ણીત કરેલો હોય, યુક્તિ અને અનુભવથી તે વસ્તુ તેમ જ છે તેવો નિર્ણય કર્યો હોય અને તે વચન કહેવાથી શ્રોતાનું હિત થશે એવો નિર્ણય હોય એવું જ કથન કરવું જોઈએ, પરંતુ વિચાર્યા વગર યદ્તદ્ના પ્રલાપરૂપ જે તે કથન કરવું જોઈએ નહિ; કેમ કે તે પ્રકારના વચનપ્રયોગથી ભાષાસમિતિનો નાશ થાય છે, સંયમજીવનમાં મલિનતા પ્રાપ્ત થાય છે, માટે સારી રીતે નિર્ણય થયેલા પદાર્થને જ સામેના હિતનું કારણ બને તે રીતે કહેવું જોઈએ. **।।૨૬/૨૯૫।।**

સૂત્ર :-

प्रतिपन्नानुपेक्षा ।।૨૭/૨૯૬।।

સૂત્રાર્થ :-

સ્વીકારાયેલા વ્રતોની અનુપ્રેક્ષા કરવી જોઈએ. ।।૨૭/૨૯૬।।

ટીકા :-

'प्रतिपन्नस्य' अभ्युपगतस्य गुरुविनयस्वाध्यायादेः साधुसमाचारविशेषस्यानुपेक्षा अनवधीरणा, अवधीरितो हि समाचारो जन्मान्तरेऽपि दुर्लभः स्यात् ।।૨૭/૨૯૬।।

ટીકાર્થ :-

'प्रतिपन्नस्य' ..... स्यात् ।। સ્વીકારાયેલા=સ્વીકારાયેલા ગુરુવિનય, સ્વાધ્યાય આદિ સાધુસમાચાર-વિશેષની, અનુપ્રેક્ષા કરવી જોઈએ=અનવગણના કરવી જોઈએ; કેમ કે અવગણના કરાયેલો આચાર જન્માંતરમાં દુર્લભ થાય છે. ।।૨૭/૨૯૬।।

ભાવાર્થ :-

સાધુએ સંયમજીવનમાં સંયમની વૃદ્ધિના કારણભૂત ગુણવાન એવા ગુરુનો વિનય, વિનયપૂર્વક સ્વાધ્યાય આદિ સાધુ સામાચારી સ્વભૂમિકા અનુસાર સેવવી જોઈએ. વળી, તે સેવાતાં અનુષ્ઠાન સ્ખલના વગર કેમ

શુદ્ધ શુદ્ધતર થાય તેના માટે સદા અનુપ્રેક્ષા કરવી જોઈએ, પરંતુ તે પ્રકારના પ્રેક્ષણની ઉપેક્ષા કરીને માત્ર બાહ્યક્રિયા કરીને સંતોષ માનવો જોઈએ નહિ; કેમ કે તે પ્રકારની અનુપ્રેક્ષા ન કરવામાં આવે તો અવજ્ઞાથી સેવાયેલો તે આચાર બને છે, તેથી ઉત્તમ આચારો પ્રત્યેની અવજ્ઞા, જન્માંતરમાં તે ઉત્તમ આચારોની પ્રાપ્તિ દુર્લભ થાય તેવું ક્લિષ્ટ કર્મબંધનું કારણ બને છે અને જે મહાત્મા શક્તિ અનુસાર સદા તે પ્રકારની અનુપ્રેક્ષા કરે છે તેવા મહાત્માઓના સ્ખલનાવાળા આચારો પણ શુદ્ધ આશયપૂર્વક અનુપ્રેક્ષાવાળા હોય તો જન્માંતરમાં શુદ્ધ અનુષ્ઠાનની પ્રાપ્તિનું કારણ બને છે. **॥૨૭/૨૯૬॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

असत्प्रलापाश्रुतिः ।।૨૮/૨૯૭।।

સૂત્રાર્થ :-

અસત્પ્રલાપોની અશ્રુતિ કરવી જોઈએ. ।।૨૮/૨૯૭।।

ટીકા :-

'असतां' खलप्रकृतीनां 'प्रलापा' अनर्थकवचनरूपा असत्प्रलापाः तेषामश्रुतिः अनवधारणम् श्रुतिकार्यद्वेषाकरणेन अनुग्रहचिन्तनेन च, यथोक्तम् –

"निराकरिष्णुर्यदि नोपलभ्यते भविष्यति क्षान्तिरनाश्रया कथम्? ।

यदाश्रयात् क्षान्तिफलं मयाऽऽप्यते स सत्कृतिं कामिव नाम नार्हति ।।१७८।।" [] **।।૨૮/૨૯૭।।**

ટીકાર્થ :-

'असतां' ..... नार्हति ।। ખલપ્રકૃતિવાળા દુર્જન પુરુષનાં અનર્થકારી વચનરૂપ અસત્પ્રલાપોને સાધુએ સાંભળવા જોઈએ નહિ.

કઈ રીતે સાંભળવા જોઈએ નહિ ? એથી કહે છે –

શ્રુતિના કાર્ય એવા દ્વેષના અકરણથી અને અનુગ્રહના ચિંતનથી અસત્પ્રલાપોનું અશ્રવણ કરવું જોઈએ.

જે પ્રમાણે કહેવાયું છે –

"નિરાકરણ કરનાર પુરુષ જો પ્રાપ્ત ન થાય તો આશ્રય વગરની ક્ષમા કેવી રીતે પ્રાપ્ત થાય ? અર્થાત્ પ્રાપ્ત ન થાય. અને જે આશ્રયથી=ખલપુરુષોના પ્રલાપ વખતે નહિ દ્વેષ કરવાના આશ્રયથી, મારા વડે શાંતિનું ફલ નિર્જરા પ્રાપ્ત કરાય છે, તે=તે ખલપુરુષ, કોની જેમ સત્કૃતિને યોગ્ય નથી ? અર્થાત્ તેના પ્રત્યે દ્વેષ નહીં કરીને તે ખલપુરુષ સત્કાર કરવા યોગ્ય જ છે. ॥૧૭૮॥" () **॥૨૮/૨૯૭॥**

ભાવાર્થ :-

સાધુએ પોતાના આત્માને તત્ત્વથી સદા ભાવિત રાખવો જોઈએ, છતાં કોઈ ખલપુરુષ અસંબદ્ધ પ્રલાપ કરીને ક્લેશ ઉત્પન્ન કરાવે તેવા વચનપ્રયોગો કરે ત્યારે સાધુએ તે વચનોનું શ્રવણ કરવું જોઈએ નહિ.

અહીં પ્રશ્ન થાય કે કોઈનાં વચનો બોલાતાં હોય ત્યારે તેના શ્રવણનું નિરાકરણ કઈ રીતે થઈ શકે ? એથી કહે છે –

પ્રલાપ પ્રત્યે દ્વેષ નહિ કરવાથી અને તેના અનુગ્રહના ચિંતવનથી યત્ન કરીને તે શ્રવણની ક્રિયાના ફળને નિષ્ફળ કરવું જોઈએ.

આશય એ છે કે તેવા શ્રવણના વચનકાળમાં સાધુએ વિચાર કરવો જોઈએ કે કર્મવશ જીવો પોતાના કાલુષ્યના કારણે યથાતથા પ્રલાપો કરે છે તે પ્રલાપને સાંભળીને દ્વેષ કરવાથી પોતાને શું પ્રાપ્ત થાય ? કાલુષ્યની જ પ્રાપ્તિ થાય. માટે પોતાના કાલુષ્યના પરિહાર માટે યત્ન કરવો જોઈએ અને તે બોલનાર વ્યક્તિના ક્લેશના પરિહાર માટે પોતાનાથી શું ઉચિત યત્ન થઈ શકે તેમ છે ? તે વિચારવું જોઈએ; જેથી તેના અનુગ્રહના ઉત્તમ અધ્યવસાયથી તે ખલપુરુષોના પ્રલાપો પણ પોતાને નિર્જરાનું કારણ બને છે. આ રીતે શાસ્ત્રવચનથી જે સાધુ ભાવિત રહે છે તેને ક્ષમાનું ફળ નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૨૮/૨૯૭॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अभिनिवेशत्यागः ।।૨૯/૨૯૮।।

સૂત્રાર્થ :-

સાધુએ અભિનિવેશનો ત્યાગ કરવો જોઈએ. ।।૨૯/૨૯૮।।

ટીકા :-

'अभिनिवेशस्य' मिथ्याऽऽग्रहरूपस्याऽप्रज्ञापनीयतामूलबीजस्य सर्वकार्येषु 'त्याग' इति ।।૨૯/૨૯૮।।

ટીકાર્થ :-

'अभिनिवेशस्य' ..... इति ।। અપ્રજ્ઞાપનીયતા મૂળ બીજ છે જેને એવા મિથ્યાઆગ્રહરૂપ અભિનિવેશનો સર્વ કાર્યમાં ત્યાગ કરવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૯/૨૯૮।।

ભાવાર્થ :-

સાધુએ સંયમના કંડકોની વૃદ્ધિ થાય તેવાં સર્વ ઉચિત કૃત્યો કરવાં જોઈએ છતાં જો કોઈ સાધુને તપાદિ કોઈક અનુષ્ઠાનો પ્રત્યે મિથ્યા આગ્રહરૂપ અભિનિવેશ હોય તો બલવાન યોગનો નાશ કરીને પોતાના અભિનિવેશવાળા અનુષ્ઠાનમાં ઉદ્યમ કરે છે અને તેવા સાધુને ગીતાર્થ ઉચિત યુક્તિથી સમજાવે કે આ અનુષ્ઠાન તેના માટે હિતકારી નથી પરંતુ અન્ય ઉચિત અનુષ્ઠાન તેના માટે હિતકારી છે. આમ છતાં જો તે સાધુને તે અનુષ્ઠાન પ્રત્યે મિથ્યાઆગ્રહ હોય તો તે ગીતાર્થ ઉપદેશકનાં વચનથી પણ તે અનુષ્ઠાનનો ત્યાગ કરીને બલવાન અન્ય અનુષ્ઠાનો સેવવા તત્પર થાય નહિ, તેથી તેના હિતનો વ્યાઘાત થાય. માટે કલ્યાણના અર્થી સાધુએ સંયમનાં સર્વ કૃત્યોમાંથી કોઈપણ કૃત્ય પ્રત્યે અભિનિવેશ રાખવો જોઈએ નહિ પરંતુ જેનાથી સંયમની વિશેષ વૃદ્ધિ થાય તેવું ઉચિત અનુષ્ઠાન સેવવું જોઈએ.

અહીં વિશેષ એ છે કે સાધુએ સદા શ્રુત, શીલ અને સમાધિમાં જ અભિનિવેશ રાખવો જોઈએ. અન્ય કોઈ કૃત્યમાં અભિનિવેશ રાખવો જોઈએ નહિ, તેથી સદા શક્તિના પ્રકર્ષથી શ્રુતજ્ઞાનના યથાર્થ અર્થને જાણવા પ્રયત્ન કરવો જોઈએ અને તે શ્રુતથી જણાતી દિશા અનુસાર ઉચિત ક્રિયામાં ઉદ્યમ કરવો જોઈએ, જે શીલના પાલનરૂપ છે અને જે શીલના પાલનથી મોહની આકુળતા ઉત્તરોત્તર ક્ષીણ થાય તે રીતે સમાધિમાં યત્ન કરવો જોઈએ; જેથી શ્રુત, શ્રુતથી નિયંત્રિત ક્રિયા અને ક્રિયાથી જન્ય વિશુદ્ધ વિશુદ્ધતર સમાધિની પ્રાપ્તિ થાય તે રીતે યત્ન કરવાથી અસંગભાવની પરિણતિ પ્રતિદિન ઉત્કર્ષને પ્રાપ્ત કરે છે. **।।૨૯/૨૯૮।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अनुचिताग्रहणम् ।।૩૦/૨૯૯।।

સૂત્રાર્થ :-

અનુચિતનું અગ્રહણ કરવું જોઈએ. ।।૩૦/૨૯૯।।

ટીકા :-

'अनुचितस्य' साधुजनाचारबाधाविधायितयाऽयोग्यस्य अशुद्धपिण्डशय्यावस्त्रादेर्धर्मोपकरणस्य बालवृद्धनपुंसकादेश्चाप्रव्राजनीयस्य 'अग्रहणम्' अनुपादानं कार्यमिति । यथोक्तम्-

"पिंडं सेज्जं च वत्थं च चउत्थं पायमेव च ।
अकप्पियं न इच्छेज्जा पडिगाहेज्ज कप्पियं ।।१७९।।" **[दशवै० ६।४७]**

"अट्ठारस पुरिसेसुं वीसं इत्थीसु दस नपुंसेसु ।
पव्वावणाअणरिहा पन्नत्ता वीयरागेहिं ।।१८०।।"

ते चामी –

"बाले १ वुड्ढे २ नपुंसे ३ य जड्डे ४ कीवे ५ य वाहिए ६।
तेणे ७ रायावगारी ८ य उम्मत्ते ९ य अदंसणे ।।१८१।।
दासे ११ दुट्ठे १२ य मूढे १३ य अणत्ते १४ जुंगिए १५ इ य ।
ओबद्धए १६ य भयगे १७ सेहनिप्फेडिया १८ इ य ।।१८२।।
गुव्विणी बालवच्छा य पव्वावेउं न कप्पइ ।।१८३।।" **[निशीथ०] त्ति ।।**

तथा-

"पंडे १ कीवे २ वाइय ३ कुंभी ४ ईसालु ५ सउणी य ६।
तक्कम्मसेवि ७ पक्खियमपक्खिए ८ तह सुगंधि ९ आसित्ते १० ।।१८४।।" **[निशीथ०] त्ति ।**

एतत्स्वरूपं च निशीथाध्ययनात् ज्ञातव्यम् ।।३०/२९९।।

ટીકાર્થ :-

'अनुचितस्य' ..... ज्ञातव्यम् ।। સાધુજનના આચારને બાધા કરનાર હોવાથી અયોગ્ય એવા અશુદ્ધ પિંડ-શય્યા-વસ્ત્રાદિરૂપ ધર્મઉપકરણનું અને અપ્રવ્રજ્યા આપવા યોગ્ય બાલ-વૃદ્ધ-નપુંસક આદિ અનુચિતનું અગ્રહણ કરવું જોઈએ. જે કારણથી કહેવાયું છે –

"અકલ્પનીય એવું પિંડ, શય્યા, વસ્ત્ર અને ચોથું પાત્ર સાધુએ ઇચ્છવું જોઈએ નહિ અને કલ્પનીય ગ્રહણ કરવું જોઈએ. ।।૧૭૯।।" **(દશવૈકાલિકસૂત્ર૦ ૬/૪૭)**

"પુરુષોમાં અઢાર, સ્ત્રીઓમાં વીસ અને નપુંસકમાં દસને પ્રવ્રજ્યા આપવાને અયોગ્ય ભગવાને કહ્યા છે. ।।૧૮૦।।" **()**

અને તે આ છે –

"બાલ, વૃદ્ધ, નપુંસક, જડ, કલીબ (સત્ત્વહીન), રોગી, ચોર, રાજાનો અપકારી, ઉન્મત્ત, મિથ્યાદૃષ્ટિ, દાસ, દુષ્ટ, મૂઢ, દેવાદાર, જુંગિત, અવબદ્ધક, ભૃતક અને શૈક્ષનિસ્ફેટક=અપહરણ કરીને દીક્ષા આપવી તે એ અઢાર પુરુષોને પ્રવ્રજ્યા આપવાનો નિષેધ છે. ।।૧૮૧-૧૮૨।।

ગર્ભિણી સ્ત્રી, બાલવત્સા=નાના બાળકવાળી સ્ત્રીને પ્રવ્રજ્યા આપવી કલ્પતી નથી=પુરુષોના ઉપર બતાવેલા અઢાર પ્રકારો અને આ બે પ્રકારવાળી એમ વીસ પ્રકારની સ્ત્રીને પ્રવ્રજ્યા આપવાને નિષેધ છે. ।।૧૮૩।।" **(નિશીથસૂત્ર૦)**

અને

"પંડક, ક્લીબ, વાતિક, કુંભી, ઈર્ષ્યાળુ, શકુનિ, તત્કર્મસેવી, પાક્ષિક-અપાક્ષિક, સૌગંધિક અને આસક્ત આ દસ પ્રકારના નપુંસકને પ્રવ્રજ્યા આપવાનો નિષેધ છે. ।।૧૮૪।।" **(નિશીથસૂત્ર૦)**

અને આનું સ્વરૂપ નિશીથઅધ્યયનથી જાણવું. ।।૩૦/૨૯૯।।

ભાવાર્થ :-

સાધુને સંયમની વૃદ્ધિનું કારણ બને તેવા શુદ્ધ આહાર, શુદ્ધ વસતિ, શુદ્ધ વસ્ત્રાદિ ધર્મઉપકરણ ગ્રહણ કરવાં જોઈએ પરંતુ અત્યંત કારણ વગર અશુદ્ધ પિંડાદિનું ગ્રહણ કરવું જોઈએ નહિ. વળી, દીક્ષા આપવાને યોગ્ય નથી એવા બાલ, વૃદ્ધ, નપુંસક આદિને પ્રવ્રજ્યા આપવી જોઈએ નહિ; કેમ કે અયોગ્યને દીક્ષા આપવાથી તેઓનું કલ્યાણ થઈ શકે નહિ, ધર્મના લાઘવની પ્રાપ્તિ થાય અને આજ્ઞા વિરુદ્ધ દીક્ષા આપેલ હોવાથી દીક્ષા આપવાની ક્રિયા પાપબંધનું કારણ થાય.

વળી, અશુદ્ધ પિંડાદિનું ગ્રહણ પણ આજ્ઞા વિરુદ્ધ હોય તો અવશ્ય પાપબંધનું કારણ થાય. માટે સાધુએ સંયમની વૃદ્ધિ માટે અનુચિત હોય તેવી કોઈ વસ્તુ ગ્રહણ કરવી જોઈએ નહિ. **।।૩૦/૨૯૯।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

उचिते अनुज्ञापना ।।३१/३००।।

સૂત્રાર્થ :-

ઉચિતમાં=ઉચિત એવા આહારાદિમાં, અનુજ્ઞાપના કરવી જોઈએ. ।।૩૧/૩૦૦।।

ટીકા :-

'उचिते' अनुचितविलक्षणे पिण्डादौ 'अनुज्ञापना' अनुजानतोऽनुमन्यमानस्य स्वयमेव गुरोस्तद्-द्रव्यस्वामिनो वा प्रयोजनम्, यथा – अनुजानीत यूयं मम ग्रहीतुमेतदिति, अन्यथा अदत्तादान-प्रसङ्गात् ।।३१/३००।।

ટીકાર્થ :-

'उचिते' ..... प्रसङ्गात् ।। ઉચિતમાં=પૂર્વમાં બતાવેલા અનુચિતથી વિલક્ષણ એવા ઉચિત પિંડાદિમાં અનુજ્ઞાપના કરવી જોઈએ=અનુજ્ઞા આપેલા ગુરુને અથવા વસતિને આપનાર સ્વામીને પ્રયોજન જણાવવું જોઈએ=આ વસ્તુ ગ્રહણ કરવા માટે તમે મને અનુજ્ઞા આપો એમ કહેવું જોઈએ, અન્યથા અદત્તાદાનનો પ્રસંગ આવે. ।।૩૧/૩૦૦।।

ભાવાર્થ :-

સાધુને કલ્પે એવા વિશુદ્ધ પિંડાદિ ગુરુની અનુજ્ઞાથી ગૃહસ્થો પાસેથી ગ્રહણ કર્યા પછી ગુરુને અનુજ્ઞાપન કરવું જોઈએ કે તમારી અનુજ્ઞા અનુસાર આ પિંડ મેં ગ્રહણ કરેલ છે માટે તમે મને તેનો ઉપયોગ કરવા અનુજ્ઞા આપો. અથવા જે સ્વામીએ વસતિ આપેલ હોય તેને સાધુએ સ્વયં જ તે વસતિમાં રહેલ તૃણ-ડગલ આદિ ગ્રહણ કરવાના કે માત્રુ આદિ માટે તે તે સ્થાનનો ઉપયોગ કરવાના પ્રયોજનનું અનુજ્ઞાપન કરવું જોઈએ. જો તેમ ગુરુને કે દ્રવ્યના સ્વામીને કહ્યા વગર તે વસ્તુ સાધુ ગ્રહણ કરે તો સાધુને અદત્તાદાનનો પ્રસંગ પ્રાપ્ત થાય. **।।૩૧/૩૦૦।।**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

निमित्तोपयोगः ।।३२/३०१।।

સૂત્રાર્થ :-

નિમિત્તમાં ઉપયોગ રાખવો જોઈએ. ।।૩૨/૩૦૧।।

ટીકા :-

'निमित्ते' उचिताहारादेर्ग्रहीतुमभिलषितस्य शुद्ध्यशुद्धिसूचके शकुने उपयोगकारणे साधुजन-प्रसिद्धे, प्रवृत्ते सति गम्यते, 'उपयोगः' आभोगः कार्यः, अत्र च निमित्ताशुद्धौ चैत्यवन्दनादि-

कुशलक्रियापूर्वकं निमित्तान्तरमन्वेषणीयम्, एवं यदा त्रीन् वारान् निमित्तशुद्धिर्न स्यात् तदा तद्दिने न तेन 'किञ्चिद्' ग्राह्यम्, यदि परमन्यानीतं भोक्तव्यमिति ।।३२/३०१।।

ટીકાર્થ :-

'निमित्ते' ..... भोक्तव्यमिति ।। નિમિત્ત પ્રવૃત્ત થયે છતે=ગ્રહણ કરવા માટે અભિલષિત એવા ઉચિત આહાર આદિના, શુદ્ધિ અશુદ્ધિનાં સૂચક ઉપયોગના કારણ સાધુજનપ્રસિદ્ધ એવા શુકન પ્રવૃત્ત થયે છતે, ઉપયોગ કરવો જોઈએ. આહારગ્રહણના વિષયમાં નિમિત્ત જાણવા માટે પ્રયત્ન કરવો જોઈએ. અને અહીં=આહાર ગ્રહણ કરવાના વિષયમાં, નિમિત્તની અશુદ્ધિ થયે છતે ચૈત્યવંદન આદિ કુશલ ક્રિયાપૂર્વક અન્ય નિમિત્તનું અન્વેષણ કરવું જોઈએ. આ રીતે જો ત્રણ વખત કરવા છતાં નિમિત્તશુદ્ધિ ન થાય તો તે દિવસે સાધુએ કાંઈ ગ્રહણ કરવું જોઈએ નહિ. જો ચાલે તેમ ન હોય તો અન્યથી લાવેલું ભોજન વાપરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૨/૩૦૧।।

ભાવાર્થ :-

સાધુએ સંયમજીવનમાં ઉપષ્ટંભક એવા આહારાદિ ગ્રહણ માટે જતાં પૂર્વે પોતાને પ્રાપ્ત થતો આહાર શુદ્ધ મળશે કે અશુદ્ધ મળશે તેના સૂચક એવા શુકનમાં ઉપયોગ કરવો જોઈએ અને જો નિમિત્તની શુદ્ધિ ન દેખાય છતાં સાધુ જાય તો ભિક્ષાની પ્રાપ્તિમાં દોષની પ્રાપ્તિ થાય અને સંયમજીવન વિનાશ પણ પામે; તેથી શુકનનો યથાર્થ નિર્ણય કરીને ભિક્ષા માટે જવું જોઈએ. અને નિમિત્તમાં ઉપયોગ રાખવાથી જણાય કે નિમિત્તની શુદ્ધિ થઈ નથી તો શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદન આદિ કુશલ ક્રિયા કરીને ફરી નિમિત્તની ગવેષણા કરવી જોઈએ. જો નિમિત્તની શુદ્ધિ જણાય તો ભિક્ષા માટે જવું જોઈએ. જો આ રીતે ત્રણ વાર કરવા છતાં નિમિત્તની શુદ્ધિ ન થાય તો સાધુએ તે દિવસે કોઈ વસ્તુ ગ્રહણ કરવી જોઈએ નહિ અને જો ભિક્ષા વિના ચાલે તેમ ન હોય તો અન્ય સાધુ દ્વારા લાવેલો આહાર વાપરવો જોઈએ, પરંતુ સ્વયં આહાર ગ્રહણ કરવા માટે જવું જોઈએ નહિ.

આનાથી એ ફલિત થાય કે સાધુ કલ્યાણના અત્યંત અર્થી છે, તેથી જીવનમાં કોઈક એવા પણ કારણે અકલ્યાણની પ્રાપ્તિ ન થાય અને પોતાનું અહિત ન થાય તેના માટે જે જે ઉચિત ઉપાયો છે તેનું સેવન કરે છે તેમ પોતાના અહિતના નિવારણના ઉપાયરૂપ નિમિત્તશુદ્ધિમાં પણ ઉચિત યત્ન કરે છે, જેથી પોતાનું અકલ્યાણ કોઈ રીતે પ્રાપ્ત ન થાય. **॥૩૨/૩૦૧॥**

અવતરણિકા :-

નિમિત્તશુદ્ધાવપિ –

અવતરણિકા :-

નિમિત્તશુદ્ધિમાં પણ –

સૂત્ર :-

अयोग्येऽग्रहणम् ।।३३/३०२।।

સૂત્રાર્થ :-

અયોગ્યનું અગ્રહણ કરવું જોઈએ. ।।૩૩/૩૦૨।।

ટીકા :-

'अयोग्ये' उपकाराकारकत्वेनानुचिते पिण्डादावग्रहणम् अनुपादानं कार्यमिति ।।३३/३०२।।

ટીકાર્થ :-

'अयोग्ये' ..... कार्यमिति ।। ઉપકારના અકારકપણાથી અનુચિત એવા પિંડાદિને સાધુએ ગ્રહણ કરવા જોઈએ નહિ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૩/૩૦૨।।

ભાવાર્થ :-

સાધુએ જેમ શુદ્ધ પિંડનું ગ્રહણ કરવું આવશ્યક છે તેમ સંયમવૃદ્ધિમાં ઉપકારક હોય તેવા જ અને તેટલા જ આહારાદિ ગ્રહણ કરવા જોઈએ, પરંતુ શુદ્ધ મળે છે માટે ગ્રહણ કરવામાં વાંધો નથી કે નિમિત્તશુદ્ધિ થઈ છે તેમ વિચારીને ગ્રહણ કરવામાં વાંધો નથી તેવો વિકલ્પ કરીને પોતાને જે ગમે તેવા આહાર આદિ ગ્રહણ કરવા જોઈએ નહિ. આથી જ સાધુને નિર્દોષ વસતિ પ્રાપ્ત થતી હોય અને સંયમમાં ઉપકારક હોય તેનાથી અધિક પ્રમાણવાળી વસતિ ગૃહસ્થ તરફથી ઉપલબ્ધ હોય તોપણ પોતાને સંયમમાં જેટલી ઉપકારક હોય તેટલી જ વસતિ યાચના કરીને સાધુ ગ્રહણ કરે છે, અન્ય વસતિ ગ્રહણ કરતા નથી. તે રીતે આહાર આદિ સર્વ વસ્તુ પણ સંયમવૃદ્ધિમાં ઉપકારક હોય તેટલા જ પ્રમાણમાં અને સંયમને ઉપકારક હોય તેવી જ વસ્તુ સાધુ ગ્રહણ કરે પરંતુ અયોગ્ય આહારાદિને ગ્રહણ કરે નહિ. **।।૩૩/૩૦૨।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अन्ययोग्यस्य ग्रहः ।।३४/३०३।।

સૂત્રાર્થ :-

અન્ય યોગ્યનું=પોતાનાથી અન્ય ગુરુ આદિને યોગ્ય આહારનું ગ્રહણ કરવું જોઈએ. ॥૩૪/૩૦૩॥

ટીકા :-

'અન્યસ્ય' આત્મવ્યતિરિક્તસ્ય ગુરુગ્લાનબાલાદેઃ યદ્ 'યોગ્યમ્' ઉપષ્ટમ્ભકત્વેનોચિતં 'તસ્ય' ગ્રહો વિધેય ઇતિ ।।૩૪/૩૦૩।।

ટીકાર્થ :-

'અન્યસ્ય' ..... વિધેય ઇતિ ।। અન્યનું=આત્માથી વ્યતિરિક્ત એવા ગુરુ, ગ્લાન, બાલાદિને જે યોગ્ય=સંયમના ઉપષ્ટંભકપણાથી ઉચિત તેને=આહારાદિને ગ્રહણ કરવું જોઈએ.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૪/૩૦૩॥

ભાવાર્થ :-

સાધુ શાસ્ત્રવિધિ અનુસાર ભિક્ષા અર્થે ગયેલા હોય ત્યારે જેમ પોતાના સંયમને ઉપકારક ઉચિત આહાર ઉપલબ્ધ થાય તો ગ્રહણ કરે છે તેમ પોતાનાથી અન્ય ગુરુ, ગ્લાન, બાલાદિ સાધુઓને ઉપકારક થાય તેવો આહાર ઉપલબ્ધ થાય તો તેને પણ અવશ્ય ગ્રહણ કરે; કેમ કે સાધુ જેમ પોતાના સંયમની વૃદ્ધિના અર્થી છે તેમ અન્ય ગુરુ આદિના સંયમની વૃદ્ધિમાં કારણ બને તેવો ઉચિત આહાર પ્રાપ્ત થાય તો અવશ્ય ગ્રહણ કરીને તેઓની સંયમવૃદ્ધિમાં પોતે નિમિત્તભાવરૂપે થવા માટે યત્ન કરે છે. **॥૩૪/૩૦૩॥**

અવતરણિકા :-

एवं च गृहीतस्य किं कार्यमित्याह –

અવતરણિકાર્થ :-

અને આ રીતે=પૂર્વના સૂત્રમાં બતાવ્યું એ રીતે, ગ્રહણ કરાયેલા આહારને શું કરવું જોઈએ ? એથી કહે છે –

સૂત્ર :-

गुरोर्निवेदनम् ।।૩૫/૩૦૪।।

સૂત્રાર્થ :-

ગુરુને નિવેદન કરવું જોઈએ=લાવેલો આહાર ગુરુને સમર્પિત કરવો જોઈએ. ॥૩૫/૩૦૪॥

ટીકા :-

हस्तशताद् बहिर्गृहीतस्येर्याप्रतिक्रमणगमनाऽऽगमनालोचनापूर्वकं हस्तशतमध्ये तु एवमेव 'गुरोः निवेदनं' दायकहस्तमात्रव्यापारप्रकाशनेन लब्धस्य ज्ञापनं समर्पणं च कार्यमिति ।।३५/३०४।।

ટીકાર્થ :-

हस्तशताद् ..... कार्यमिति ।। સો હાથથી બહારથી ગ્રહણ કરાયેલા આહારને ઈર્યાપ્રતિક્રમણરૂપ ગમનઆગમનના આલોચનપૂર્વક ગુરુને નિવેદન કરે અને સો હાથ અંદરથી લાવેલા આહારને એ રીતે જ=ઈર્યાપ્રતિક્રમણ આદિની ક્રિયા રહિત જ, ગુરુને નિવેદન કરવું જોઈએ=દાયકના હસ્તમાત્રના વ્યાપારના પ્રકાશનથી પ્રાપ્ત થયેલા આહારનું જ્ઞાપન અને સમર્પણ કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૫/૩૦૪।।

ભાવાર્થ :-

સાધુ વિધિપૂર્વક ભિક્ષા લાવ્યા પછી તે ભિક્ષાનું ગુરુને જ્ઞાપન કરે અને સમર્પણ કરે.

કઈ રીતે સમર્પણ કરે ? તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

જો ભિક્ષા માટે સો ડગલાંથી અધિક ભૂમિમાં ફરેલા હોય તો આવ્યા પછી ઇરિયાવહિયાનું પ્રતિક્રમણ કરે જેથી અનાભોગથી થયેલી સંયમની સ્ખલનાની શુદ્ધિ થાય અને ગમન અને આગમનકાળમાં પોતે ઈર્યાસમિતિ, એષણાસમિતિ આદિ સર્વ ઉચિત સમિતિઓનું પાલન કર્યું છે કે નહિ તેનું આલોચન કરીને ગુરુને નિવેદન કરે. ત્યારપછી તે ભિક્ષા ગુરુને બતાવે અને ગુરુને સમર્પણ કરે. સો ડગલાં અંદરમાં જ સંયમને અનુકૂળ ભિક્ષા પ્રાપ્ત થઈ હોય તો ઈરિયાપથના પ્રતિક્રમણ વગર જ ગુરુને ભિક્ષાનું નિવેદન કરે.

સો ડગલાંની અંદરથી કે બહારથી લાવેલી ભિક્ષા ગુરુને કઈ રીતે નિવેદન કરે ? તે સ્પષ્ટ કરે છે –

ભિક્ષા આપનાર ગૃહસ્થના હાથનો અને પાત્રનો=ભાજનનો, કેવા પ્રકારનો વ્યાપાર હતો તેનું પ્રકાશન કરવાપૂર્વક પ્રાપ્ત થયેલ ભિક્ષા ગુરુને બતાવે; કેમ કે ભિક્ષા આપનાર ગૃહસ્થના હાથનું અને પાત્રનું યથાર્થ નિવેદન કરવાથી ગુરુ તે ભિક્ષા શુદ્ધ છે કે નહીં ? તેનો યથાર્થ નિર્ણય કરી શકે. ત્યારપછી તે ભિક્ષા ગુરુને સમર્પણ કરે.

આ પ્રકારની ઉચિત સામાચારીના પાલનને કારણે ગુરુનો પારતંત્ર્યનો પરિણામ સુવિશુદ્ધતર બને છે, જેથી સંયમની વૃદ્ધિ થાય છે. **॥૩૫/૩૦૪॥**

અવતરણિકા :-

अत एव –

અવતરણિકાર્થ :-

આથી જ=લાવેલી ભિક્ષાને ગુરુને સમર્પણ કરી છે આથી જ –

સૂત્ર :-

स्वयमदानम् ।।३६/३०५।।

સૂત્રાર્થ :-

સ્વયં દાન કરવું જોઈએ નહિ. ।।૩૬/૩૦૫।।

ટીકા :-

'स्वयम्'=आत्मना, 'अदानं'=लब्धस्यान्यस्मै अवितरणम्, गुर्वायत्तीकृतत्वात् तस्य ।।३६/३०५।।

ટીકાર્થ :-

'स्वयम्' ..... तस्य ।। स्वयं=પોતાનાથી અદાન=પ્રાપ્ત થયેલી ભિક્ષાનું અન્યને=ગ્લાનાદિને, અવિતરણ કરે=સ્વયં આપે નહિ; કેમ કે ભિક્ષાનું ગુરુ આયત્તીકૃતપણું છે=ભિક્ષા ગુરુને સમર્પિત કરેલ છે. ।।૩૬/૩૦૫।।

ભાવાર્થ :-

સાધુ ભિક્ષા લઈને આવ્યા હોય અને અન્ય યોગ્ય ભિક્ષાની પ્રાપ્તિ થઈ હોય તો પોતાના સંયમને યોગ્ય અને અન્યને યોગ્ય એવી સર્વ ભિક્ષા ગુરુને સમર્પણ કરે અને ત્યારપછી તે ભિક્ષા સ્વયં ગ્રહણ કરીને ગ્લાનાદિને આપે નહિ; કેમ કે લાવેલી ભિક્ષા ગુરુને સમર્પણ કરેલી છે, તેથી ગુરુની ઇચ્છા અનુસાર તે ભિક્ષા કોને આપવી તે ગુરુ નિર્ણય કરે અને પોતે ભિક્ષા લાવેલ છે, તેથી "હું ભિક્ષા યોગ્યને આપું" એ પ્રકારનો મિથ્યાભાવ ન થાય અને ઉચિત રીતે ગુરુને સમર્પણ ભાવ થાય તે માટે સાધુએ તે ભિક્ષા સ્વયં ગ્લાનાદિને આપવી જોઈએ નહિ. **।।૩૬/૩૦૫।।**

અવતરણિકા :-

ततो यदि गुरुः स्वयमेव कस्मैचित् बालादिकाय किञ्चिद् दद्यात् तत् सुन्दरमेव, अथ कुतोऽपि व्यग्रतया न स्वयं ददाति किन्तु तेनैव दापयति तदा –

અવતરણિકાર્થ :-

ત્યારપછી જો ગુરુ સ્વયં જ કોઈ બાલાદિકને કંઈક આપે તો સુંદર જ છે. હવે કોઈપણ વ્યગ્રપણાને કારણે=કોઈક અન્ય પ્રવૃત્તિમાં ગુરુ પ્રવૃત્ત હોવાને કારણે, સ્વયં ગુરુ ન આપે પરંતુ તેના વડે જ=ભિક્ષા લાવનાર સાધુ વડે જ, અપાવે તો –

સૂત્ર :-

तदाज्ञया प्रवृत्तिः ।।३७/३०६।।

સૂત્રાર્થ :-

તેમની આજ્ઞાથી=ગુરુની આજ્ઞાથી, પ્રવૃત્તિ કરે=તે સાધુ પ્રવૃત્તિ કરે=દાનની પ્રવૃત્તિ કરે. ॥૩૭/૩૦૬॥

ટીકા :-

'तस्य' गुरोः 'आज्ञया' निरोधेन 'प्रवृत्तिः' दाने कार्या ।।३७/३०६।।

ટીકાર્થ :-

'तस्य' ..... कार्या ।। તેમની=ગુરુની, આજ્ઞાથી=નિરોધથી=સૂચનથી, દાનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ= ગ્લાનાદિને આહારાદિ આપવા જોઈએ. ॥૩૭/૩૦૬॥

ભાવાર્થ :-

ગુરુની આજ્ઞાથી લાવેલી ભિક્ષા સાધુ બાલાદિને પ્રદાન કરે ત્યારે ગુરુની આજ્ઞાના પાલનનો અધ્યવસાય હોવાથી હું મારી ભિક્ષા સ્વયં આપું તેવો મિથ્યા પરિણામ થતો નથી પરંતુ ઉચિતને ગુરુ જ ભિક્ષા આપે તેવો પરિણામ થાય છે અને ગુરુને અન્ય ઉચિત પ્રવૃત્તિ કરવાની હોવાથી તેમની આજ્ઞાનું પોતે પાલન કરે છે તેવો જ શુભ અધ્યવસાય થાય છે, તેથી સંયમની શુદ્ધિ થાય છે. **॥૩૭/૩૦૬॥**

અવતરણિકા :-

तत्र च –

અવતરણિકાર્થ :-

અને ત્યાં=આહારાદિ દાનની પ્રવૃત્તિમાં –

સૂત્ર :-

उचितच्छन्दनम् ।।३८/३०७।।

સૂત્રાર્થ :-

ઉચિતનું છંદન=તેના માટે આહાર લાવવાની પૃચ્છા કરવી જોઈએ. ॥૩૮/૩૦૭॥

ટીકા :-

'उचितस्य' समानसंभोगस्य बालादेः साधोः, न पुनरन्यस्य, तं प्रति दानानधिकारितत्वात् तस्य, 'छन्दनं' छन्दस्य अभिलाषस्य अन्नादिग्रहणं प्रत्युत्पादनं कार्यम् ।।३८/३०७।।

ટીકાર્થ :-

'उचितस्य' ..... कार्यम् ।। ઉચિતને=સમાન સંભોગયોગ્ય બાલાદિ સાધુને છંદન કરવું જોઈએ= અન્નાદિગ્રહણ પ્રત્યે ઇચ્છાનું ઉત્પાદન કરવું જોઈએ પરંતુ અન્ય સાધુને નહિ; કેમ કે ઉચિત એવા બાલાદિથી અન્ય પ્રત્યે દાનનું અનધિકારીપણું છે. ॥૩૮/૩૦૭॥

ભાવાર્થ :-

સમાન સંભોગવાળા બાલાદિ=જેમની સાથે માંડલીવ્યવહાર હોય તેવા બાલાદિ, તેમને છોડીને અન્ય સાધુને તે અન્નગ્રહણ વિષયક પૃચ્છા કરવી જોઈએ નહિ પરંતુ જે બાલાદિ તે આહાર ગ્રહણ કરવાને ઉચિત છે તેઓને જ અન્નગ્રહણ વિષયક અભિલાષ ઉત્પન્ન થાય તે રીતે તમારા માટે હું ગોચરી લાવી આપું એ પ્રકારે પૃચ્છા કરવી જોઈએ. જો તેઓ ગોચરી લાવવાની અનુજ્ઞા આપે તો 'છંદના' સામાચારીના પાલન જન્ય નિર્જરાની પ્રાપ્તિ થાય. વળી જે સાધુઓ સાથે માંડલીવ્યવહાર નથી તેવા સાધુ કોઈ રીતે તે સ્થાનમાં ઊતરેલ હોય તોપણ તેમને ભિક્ષા ગ્રહણ માટે વિનંતી કરી શકાય નહીં; કેમ કે તેઓને આહાર આપવાનો અનધિકાર છે. **॥૩૮/૩૦૭॥**

અવતરણિકા :-

ततो दत्तावशिष्टस्यान्नादेः –

અવતરણિકાર્થ :-

ત્યારપછી=ઉચિત બાલાદિને અન્ન આપ્યા પછી અપાયેલા અન્નમાંથી અવશિષ્ટ એવા અન્નાદિથી -

સૂત્ર :-

धर्मायोपभोगः ।।३९/३०८।।

સૂત્રાર્થ :-

ધર્મ માટે ઉપભોગ કરે=સાધુ આહાર વાપરે. ॥૩૯/૩૦૮॥

ટીકા :-

'धर्माय' धर्माधारशरीरसंधारणद्वारेण धर्मार्थमेव च, न पुनः शरीरवर्णबलाद्यर्थमपि, 'उपभोगः' उपजीवनम्, तथा चार्षम् –

"वेयण १ वेयावच्चे २ इरियट्ठाए ३ य संयमट्ठाए ४।
तह पाणवत्तियाए ५ छट्ठं पुण धम्मचिंताए ६।।१८५।।" **[उत्तरा० २६।३३]**
[वेदनावैयावृत्ये ईर्यार्थं च संयमार्थम् ।
तथा प्राणप्रत्ययं षष्ठं पुनः धर्मचिन्तायै ।।१।।] **।।३९/३०८।।**

ટીકાર્થ :-

'धर्माय' ..... धम्मचिंताए ।। ધર્મ માટે=ધર્મના આધાર એવા શરીરના ટકાવવા દ્વારા અને ધર્મ માટે જ ઉપભોગ કરે=આહાર વાપરે, પરંતુ શરીરના વર્ણ-બલાદિ માટે પણ આહાર વાપરે નહિ અને તે પ્રમાણે આર્ષ=આગમ, છે –

"વેદના=ક્ષુધાવેદના, વૈયાવચ્ચ, ઈર્યાસમિતિ, સંયમ અને પ્રાણધારણ માટે અને છઠ્ઠું વળી ધર્મચિંતા માટે આહાર વાપરે." **(ઉત્તરાધ્યયનસૂત્ર-૨૬/૩૩) ॥૩૯/૩૦૮॥**

ભાવાર્થ :-

સાધુ લાવેલા આહારમાંથી જ ઉચિત એવા બાલાદિને જે સુંદર આહાર હોય તે આપ્યા પછી જે અવશિષ્ટ અન્નાદિ હોય તેને પણ ધર્મની વૃદ્ધિ અર્થે જ ઉપભોગ કરે પણ શરીરના બળના સંચય અર્થે કે શરીરની સ્વસ્થતા અર્થે આહાર વાપરે નહિ; કેમ કે શાસ્ત્રમાં છ કારણોથી જ આહાર વાપરવાની અનુજ્ઞા આપેલ છે.

(૧) ક્ષુધાવેદના ધર્મધ્યાનમાં વ્યાઘાતક થતી હોય તેના પરિહાર અર્થે સાધુ આહાર વાપરે. અથવા (૨) આહાર વાપરીને સંચિત બળ દ્વારા ગુણવાનની વૈયાવચ્ચ કરીને અધિક નિર્જરા થાય તેમ હોય તો આહાર વાપરે. અથવા (૩) આહાર નહિ વાપરવાથી ચક્ષુમાં અંધારા વગેરે આવે, તેથી ઈર્યાસમિતિનું પાલન ન થાય તેના નિવારણ અર્થે આહાર વાપરે. અથવા (૪) સંયમનાં ઉચિત અનુષ્ઠાનો અપ્રમાદભાવથી થાય તેમાં ઉપષ્ટંભક થાય તેટલો આહાર વાપરે અથવા (૫) અકાળે પ્રાણનો ત્યાગ ન થાય, તેથી પ્રાણના રક્ષણ માટે આહાર વાપરે. (૬) વળી, ધર્મના ચિંતવનમાં શિથિલતા આવે તેમ હોય તેના નિવારણ અર્થે સાધુ આહાર વાપરે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ આ છ કારણોમાંથી કોઈ ઉચિત કારણથી આહાર વાપરતા હોય તો તે આહારથી ધર્મની જ વૃદ્ધિ થાય છે; કેમ કે આહારથી પુષ્ટ થયેલા દેહના બળથી સુખપૂર્વક વિશિષ્ટ ધર્મના અનુષ્ઠાનમાં તે મહાત્મા ઉદ્યમ કરી શકે છે. **॥૩૯/૩૦૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

विविक्तवसतिसेवा ।।૪૦/૩૦૯।।

સૂત્રાર્થ :-

વિવિક્ત વસતિનું સેવન કરવું જોઈએ. ॥૪૦/૩૦૯॥

ટીકા :-

'વિવિક્તાયાઃ' સ્ત્રીપશુપણ્ડકવિવર્જિતાયાઃ 'વસતેઃ' આશ્રયસ્ય 'સેવા' પરિભોગો વિધેયઃ, અવિવિક્તાયાં હિ વસતૌ વ્રતિનાં બ્રહ્મચર્યવ્રતવિલોપપ્રસઙ્ગ ઇતિ ।।૪૦/૩૦૯।।

ટીકાર્થ :-

'વિવિક્તાયાઃ' ..... પ્રસઙ્ગ ઇતિ ।। સ્ત્રી, પશુ, નપુંસક આદિથી રહિત એવી વસતિનું=આશ્રયસ્થાનનું સેવન કરવું જોઈએ=પરિભોગ કરવો જોઈએ. હિ=જે કારણથી અવિવિક્ત વસતિમાં=સ્ત્રી આદિના સંસર્ગવાળી વસતિમાં વ્રતીના=ચારિત્રીઓના બ્રહ્મચર્યવ્રતના વિલોપનો પ્રસંગ છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૦/૩૦૯॥

ભાવાર્થ :-

સાધુઓ સંયમના ઉપષ્ટંભક વસતિનું યાચન કરીને સદા નિવાસ કરનારા હોય છે અને તેવી વસતિ ગ્રહણ કરતી વખતે જે વસતિની આજુબાજુ સ્ત્રી, પશુ, નપુંસક આદિ ફરતા હોય તેવી વસતિનો ત્યાગ કરવો જોઈએ; કેમ કે અનાદિનો મોહનો અભ્યાસ હોવાથી આત્મામાં પડેલા કામના સંસ્કારો સ્ત્રીને જોઈને ઉદ્ભવ પામે છે કે પશુની તે પ્રકારની ચેષ્ટા જોઈને ઉદ્ભવ પામે છે, નપુંસક જીવોની તે તે પ્રકારની કામની ચેષ્ટા જોઈને ઉદ્ભવ પામે છે. માટે સ્વાધ્યાય આદિમાં યતમાન પણ સાધુ તેવા નિમિત્તને પામીને વિકારવાળા થાય તો બ્રહ્મચર્ય વ્રતના વિનાશનો પ્રસંગ આવે માટે સદા તેવા આલંબન વાળી વસતિથી સાધુએ દૂર રહેવું જોઈએ. **॥૪૦/૩૦૯॥**

અવતરણિકા :-

અત એવ બ્રહ્મચર્યવ્રતપરિપાલનાય એતચ્છેષગુપ્તીરભિધાતું 'સ્ત્રીકથાપરિહારઃ' ઇત્યાદિ 'વિભૂષાપરિવર્જનમ્' ઇતિપર્યન્તં સૂત્રાષ્ટકમાહ, તત્ર –

અવતરણિકાર્થ :-

આથી જ=સ્ત્રી આદિથી રહિત વસતિના સેવનથી બ્રહ્મચર્યવ્રતનું પાલન સુખદ બને છે આથી જ, બ્રહ્મચર્યવ્રતના પરિપાલન માટે આની શેષ ગુપ્તિને=બ્રહ્મચર્યની શેષ ગુપ્તિને, કહેવા માટે સ્ત્રીકથાપરિહાર ઇત્યાદિથી વિભૂષાપરિવર્જન સુધી આઠ સૂત્રને કહે છે. ત્યાં=આઠ સૂત્રમાં –

સૂત્ર :-

स्त्रीकथापरिहारः ।।४१/३१०।।

સૂત્રાર્થ :-

સ્ત્રીકથાનો પરિહાર કરવો જોઈએ. ।।૪૧/૩૧૦।।

ટીકા :-

स्त्रीणां कथा 'स्त्रीकथा,' सा च चतुर्विधा-जाति १ कुल २ रूप ३ नेपथ्य ४ भेदात्,

तत्र जातिः ब्राह्मणादिका, तत्कथा यथा –

"धिक्! ब्राह्मणीर्धवाभावे या जीवन्ति मृता इव ।

धन्याः शूद्रीर्जने मन्ये पतिलक्षेऽप्यनिन्दिताः ।।१८६।।" [ ]

'कुलं' चौलुक्य-चाहुमानादि, तत्कथा –

"अहो चौलुक्यपुत्रीणां साहसं जगतोऽधिकम् ।

विशन्त्यग्नौ मृते पत्यौ याः प्रेमरहिता अपि ।।१८७।।" [ ]

'रूपं' शरीराकारः, तत्कथा –

"अहो अन्ध्रपुरन्ध्रीणां रूपं जगति वर्ण्यते ।

यत्र यूनां दृशो लग्ना न मन्यन्ते परिश्रमम् ।।१८८।।" [ ]

'नेपथ्यं' वस्त्रादिवेषग्रहः, तत्कथा –

"धिग् नारीरौदीच्या बहुवस्त्राच्छादिताङ्गलतिकत्वात् ।

यद्यौवनं न यूनां चक्षुर्मोदाय भवति सदा ।।१८९।।" [ ]

तस्याः 'परिहार' इति ।।४१/३१०।।

ટીકાર્થ :-

स्त्रीणां कथा ..... इति ।। સ્ત્રીઓની કથા=સ્ત્રીકથા તે ચાર પ્રકારની છે – (૧) જાતિ, (૨) કુલ, (૩) રૂપ અને (૪) વસ્ત્રના ભેદથી ચાર પ્રકારની છે.

ત્યાં જાતિ બ્રાહ્મણ આદિ, તેની કથા 'યથા'થી બતાવે છે –

"બ્રાહ્મણીને ધિક્કાર થાઓ જે પતિના અભાવમાં મરેલાની જેવી જીવે છે. શુદ્રી સ્ત્રી ધન્ય છે એમ હું માનું છું; કેમ કે ઘણા પતિઓ થવા છતાં પણ નિંદિત નથી. ।।૧૮૬।।" ()

વળી, કુલ ચૌલુક્ય, ચાહુમાન આદિ, તેની કથા—

"ચૌલુક્ય પુત્રીઓનું સાહસ જગતમાં ઘણું છે.

કેમ ? એથી કહે છે –

પતિ મર્યા પછી પ્રેમરહિત હોવા છતાં અગ્નિમાં પ્રવેશ કરે છે. ।।૧૮૭।।" ()

રૂપ=શરીરનો આકાર, તેની કથા –

"અહો અન્ધ્રદેશની સ્ત્રીઓનું રૂપ જગતમાં વર્ણન કરાય છે જેમાં યુવાનોની લાગેલી દૃષ્ટિ પરિશ્રમને માનતી નથી. ।।૧૮૮।।" ()

નેપથ્ય=વસ્ત્રાદિ-વેષનું ગ્રહણ, તેની કથા –

"ઉત્તર દેશની સ્ત્રીઓને ધિક્કાર થાઓ, ઘણાં વસ્ત્રોથી આચ્છાદિત અંગવાળી હોવાને કારણે જેમનું યૌવન યુવાનોનાં ચક્ષુના આનંદ માટે સદા થતું નથી. ।।૧૮૯।।" ()

તેનો=પૂર્વમાં બતાવાયેલ એવી સ્ત્રીકથાનો, પરિહાર કરવો જોઈએ.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૧/૩૧૦।।

ભાવાર્થ :-

સાધુ મોક્ષના અત્યંત અર્થી છે તોપણ વેદના ઉદયનો સર્વથા અભાવ નથી, તેથી નિમિત્તોને પામીને તે તે પ્રકારના વિકાર થવાનો સંભવ છે, તેથી પૂર્વમાં વર્ણન કર્યું તેવી કે અન્ય તેવા પ્રકારની સ્ત્રીવિષયક કોઈપણ પ્રકારની વિચારણા કરવાથી તે તે પ્રકારનાં પરિણામો થવાનો સંભવ રહે છે. માટે સાધુએ સર્વ પ્રકારની સ્ત્રીકથાનો અત્યંત પરિહાર કરવો જોઈએ. જેથી કોઈક નિમિત્તને પામીને રાગાદિ ઉદ્ભવ પામે નહિ. **।।૪૧/૩૧૦।।**

સૂત્ર :-

निषद्यानुपवेशनम् ।।४२/३११।।

સૂત્રાર્થ :-

નિષધામાં=સ્ત્રીના આસનમાં, સાધુએ બેસવું જોઈએ નહિ. ।।૪૨/૩૧૧।।

ટીકા :-

'निषद्यायां' स्त्रीनिवेशस्थाने पट्टपीठादौ मुहूर्त्तं यावत् स्त्रीषूत्थितास्वपि 'अनुपवेशनं' कार्यम्, सद्य एव स्त्रीनिषद्योपवेशने साधोस्तच्छरीरसंयोगसंक्रान्तोष्मस्पर्शवशेन मनोविश्रोतसिकादोषसंभवात् ।।४२/३११।।

ટીકાર્થ :-

'निषद्यायां' ..... मनोविश्रोतसिकादोषसंभवात् ।। સ્ત્રીના નિવેશસ્થાનરૂપ પટ્ટ-પીઠાદિમાં મુહૂર્ત સુધી સ્ત્રી ઉત્થિત હોવા છતાં પણ તેમાં સાધુએ બેસવું જોઈએ નહીં; કેમ કે તરત જ=સ્ત્રી ઊઠ્યા પછી

તરત જ, સ્ત્રીના બેસેલા આસનમાં બેસવામાં સાધુને તેના શરીરના સંયોગથી સંકાંત થયેલા ઉષ્મ સ્પર્શના વશથી મનના વિકાર દોષનો સંભવ છે. ॥૪૨/૩૧૧॥

ભાવાર્થ :-

કોઈક કારણસર કોઈક સ્થાને સ્ત્રી બેઠેલી હોય અને તે ઊઠીને અન્ય સ્થાનમાં જાય, તે સ્થાનમાં સાધુએ એક મુહૂર્ત સુધી બેસવું જોઈએ નહિ; કેમ કે સ્ત્રીઓના સંયોગને કારણે તે સ્થાનમાં ઉષ્મા ઉત્પન્ન થાય એવા સ્પર્શના વશથી મનોવિકારનો સંભવ છે માટે સાધુએ અત્યંત વિકારના પરિણામથી દૂર રહેવા માટે તેવા આસન આદિનો પરિહાર કરવો જોઈએ. **॥૪૨/૩૧૧॥**

સૂત્ર :-

इन्द्रियाप्रयोगः ।।૪૩/૩૧૨।।

સૂત્રાર્થ :-

ઇન્દ્રિયોનો અપ્રયોગ કરવો જોઈએ=સ્ત્રીના અંગોના નિરીક્ષણમાં અવ્યાપારવાળા થવું જોઈએ. ॥૪૩/૩૧૨॥

ટીકા :-

'इन्द्रियाणां' चक्षुरादीनां कथञ्चिद् विषयभावापन्नेष्वपि गुह्योरुवदनकक्षास्तनादिषु स्त्रीशरीरावयवेषु 'अप्रयोगः' अव्यापारणं कार्यम्, पुनस्तन्निरीक्षणाद्यर्थं न यत्नः कार्यः ।।૪૩/૩૧૨।।

ટીકાર્થ :-

'इन्द्रियाणां' ..... कार्यः ।। ચક્ષુ આદિ ઇન્દ્રિયોના કોઈક રીતે વિષયભાવને પામેલા પણ જોવાની ઉત્સુકતા વગર કોઈક રીતે સન્મુખ ઉપસ્થિત થયેલા પણ ગુપ્ત એવા ઊરુ, વદન, કક્ષા, સ્તનાદિ સ્ત્રીઓના અવયવોમાં અવ્યાપારવાળા થવું જોઈએ=કોઈ રીતે તેનું દર્શન થયેલું હોય તોપણ ફરી તેના અવયવોના નિરીક્ષણ માટે યત્ન ન કરવો જોઈએ. ॥૪૩/૩૧૨॥

ભાવાર્થ :-

સાધુએ બ્રહ્મચર્યની વૃદ્ધિને અર્થે સદા ઇન્દ્રિયોને ગુપ્ત રાખીને ભગવાનના વચન અનુસાર ઉચિત અનુષ્ઠાનમાં સતત યત્ન કરવો જોઈએ જેથી ઇન્દ્રિયો વિષયના ગ્રહણને અભિમુખ જ થાય નહિ. આમ છતાં કોઈક પ્રયોજનવિશેષથી પ્રવૃત્તિ થતી હોય અને સ્ત્રીના દર્શનની પ્રાપ્તિ થાય અને તેમના કોઈક અંગનું દર્શન થાય તોપણ તરત જ ત્યાંથી દૃષ્ટિને દૂર કરવી જોઈએ, પરંતુ તે અવયવોને જોવા માટે ફરી યત્ન ન કરવો જોઈએ. જો સાધુ બ્રાહ્મચર્યની ગુપ્તિના ઉપયોગવાળા ન હોય તો તથા સ્વભાવે સ્ત્રીનાં વિશેષ દર્શન માટે ઉપયોગ પ્રવર્તે તો બ્રહ્મચર્યના ભંગની પ્રાપ્તિ થાય. માટે જેમ સાધુએ સદા ઉચિત ક્રિયામાં મનનું

યોજન કરીને ઇન્દ્રિયની ઉત્સુકતાનો પરિહાર કરવો આવશ્યક છે તેમ કોઈક નિમિત્તે સ્ત્રીનાં દર્શન થાય તો બ્રહ્મગુપ્તિના દૃઢ વ્યાપારથી કોઈ અન્ય ઉપયોગ ન પ્રવર્તે તે રીતે સદા યતમાન રહેવું જોઈએ. **॥૪૩/૩૧૨॥**

સૂત્ર :-

कुड्यान्तरदाम्पत्यवर्जनम् ।।४४/३१३।।

સૂત્રાર્થ :-

કુડ્ય અંતરથી=ભીંતના અંતરથી દામ્પત્યનું વર્જન કરવું જોઈએ=સ્ત્રી-પુરુષનાં યુગલોની વાતચીત પણ સંભળાય તે સ્થાનનું વર્જન કરવું જોઈએ. ॥૪૪/૩૧૩॥

ટીકા :-

'कुड्यं'=भित्तिः तदन्तरं=व्यवधानं यस्य तत् तथा, 'दाम्पत्यं'=दयितापतिलक्षणं युगलम्, कुड्यान्तरं च तद् दाम्पत्यं चेति समासः, तस्य 'वर्जनम्,' वसतौ स्वाध्यायस्थानादौ च, न तत्र स्थातव्यं यत्र कुड्यान्तरं दाम्पत्यं भवतीति ।।४४/३१३।।

ટીકાર્થ :-

'कुड्यं' ..... भवतीति ।। કુડ્ય=ભીંત, તેનું અંતર=વ્યવધાન, છે જેને તે તેવું છે=કુડ્યાંતરના વ્યવધાનવાળું છે, અને તેવું દાંપત્ય=સ્ત્રી-પતિલક્ષણ યુગલ, કુડ્યાંતર એવું તે દાંપત્ય એ પ્રમાણે સમાસ છે. તેનું=કુડ્યંતરવાળા દાંપત્યનું, વર્જન કરવું જોઈએ=વસતિમાં અને સ્વાધ્યાય આદિ સ્થાનમાં તેનું વર્જન કરવું જોઈએ=ત્યાં ન રહેવું જોઈએ જ્યાં ભીંતના આંતરામાં દંપતી યુગલ હોય.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૪/૩૧૩॥

ભાવાર્થ :-

સાધુએ પાંચ ઇન્દ્રિયોના સંવર માટે જે યત્ન કરવાનો છે તેમાં પણ બ્રહ્મચર્યને અનુકૂળ ઇન્દ્રિયોનો સંવર અતિ દુષ્કર છે, તેથી અલ્પ પણ નિમિત્તને પામીને બ્રહ્મચર્યની ગુપ્તિની મલિનતા થવાનો સંભવ રહે, તેથી બ્રહ્મચર્યની ગુપ્તિના અત્યંત રક્ષણ અર્થે સાધુએ જે વસતિમાં નિવાસ કરવાનો હોય કે સ્વાધ્યાય આદિ અર્થે બેસવાનું હોય તે વસતિના દીવાલના આંતરાથી દંપતીયુગલ હોય તો તેઓના વચન શ્રવણ આદિના પ્રસંગના કારણે બ્રહ્મગુપ્તિ માટેનો યત્ન પણ સ્ખલના પામી શકે, તેથી સાધુએ બ્રહ્મગુપ્તિની સ્ખલનાના બળવાન નિમિત્ત એવું કુડ્યાંતરના વ્યવધાનવાળું સ્થાન અવશ્ય વર્જન કરવું જોઈએ; તેથી સુખપૂર્વક સંયમયોગોમાં દૃઢ ઉદ્યમ કરીને સાધુ સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે. **॥૪૪/૩૧૩॥**

સૂત્ર :-

पूर्वक्रीडितास्मृतिः ।।४५/३१४।।

સૂત્રાર્થ :-

પૂર્વની ક્રીડાનું=સંયમ પૂર્વે ગૃહસ્થ અવસ્થામાં કરેલી ભોગની ક્રીડાનું અસ્મરણ કરવું જોઈએ. ।।૪૫/૩૧૪।।

ટીકા :-

'પૂર્વં' પ્રવ્રજ્યાપ્રતિપત્તિકાલાત્ પ્રાક્ 'ક્રીડિતાનાં' પ્રૌઢપ્રમોદપ્રદપ્રમદાપ્રસઙ્ગપ્રભૃતિવિલસિતાનામસ્મૃતિઃ અસ્મરણમ્, અયં ચ ભુક્તભોગાન્ પ્રત્યુપદેશ ઇતિ ।।૪૫/૩૧૪।।

ટીકાર્થ :-

'પૂર્વં' ..... ઇતિ ।। પૂર્વમાં=પ્રવ્રજ્યા સ્વીકારેલા કાળની પૂર્વમાં, ક્રીડિતોનું=અત્યંત પ્રમોદને દેનાર સ્ત્રીના પ્રસંગ વગેરે વિલસિતોનું, અસ્મરણ કરવું જોઈએ. અને આ ભુક્તભોગવાળા સાધુઓ પ્રત્યે ઉપદેશ છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૫/૩૧૪।।

ભાવાર્થ :-

જે સાધુએ પૂર્વમાં ભોગો કરીને સંયમ ગ્રહણ કરેલ છે તેવા મહાત્માઓને ભોગ પ્રત્યેનો વિમુખભાવ થાય છે ત્યારે દીક્ષા ગ્રહણ કરે છે. આમ છતાં અનાદિથી અભ્યસ્ત જીવનો સ્વભાવ વિષયોમાંથી આનંદ લેવાનો છે અને યોગના સેવનથી પ્રાપ્ત થતો આનંદ આદ્યભૂમિકામાં અતિદુઃસાધ્ય છે, તેથી સંયમમાં યત્ન કરનારા પણ સાધુને કોઈક નિમિત્તને પામીને કે નિમિત્ત વગર પણ પૂર્વના સ્ત્રી સાથે કરાયેલા વિલાસનું સ્મરણ થાય તો કંઈક કામના વિકારો ઉત્પન્ન થાય છે, તેના નિવારણ અર્થે સાધુએ પૂર્વની ક્રીડાનું સ્મરણ ન થાય તે પ્રકારની બ્રહ્મગુપ્તિની મર્યાદાનું સ્મરણ કરીને આત્માને વાસિત રાખવો જોઈએ. જેથી બ્રહ્મચર્યનું પાલન વિશુદ્ધ વિશુદ્ધતર બને. **॥૪૫/૩૧૪॥**

સૂત્ર :-

प्रणीताभोजनम् ।।૪૬/૩૧૫।।

સૂત્રાર્થ :-

પ્રણીત આહારનું અભોજન=અતિ સ્નિગ્ધ આહારનું ભોજન સાધુએ કરવું જોઈએ નહિ. ।।૪૬/૩૧૫।।

ટીકા :-

'प्रणीतस्य' अतिस्निग्धस्य गलत्स्नेहबिन्दुलक्षणस्याहारस्याभोजनम् अनुपजीवनमिति ।।૪૬/૩૧૫।।

ટીકાર્થ :-

'प्रणीतस्य' ..... अनुपजीवनमिति ।। પ્રણીત એવા આહારનું=અતિસ્નિગ્ધ ગળતા સ્નેહબિન્દુવાળા આહારનું અભોજન કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૬/૩૧૫॥

ભાવાર્થ :-

સાધુને બ્રહ્મચર્યના પાલનમાં વ્યાઘાત કરનાર જેમ બાહ્ય આલંબનો છે તેમ સ્નિગ્ધ આહાર પણ છે, તેથી શરીરને અનુકૂળ છે તેવી બુદ્ધિ ધારણ કરીને જો સાધુ સ્નિગ્ધ આહારનો ઉપયોગ કરે તો તેનાથી પુષ્ટ થયેલ દેહમાં સહજ વિકારો ઉદ્ભવે છે જેથી બ્રહ્મચર્યના પાલનના પણ અર્થી સાધુને ઇન્દ્રિયોના વિકારો સદા બાધ કરે છે; માટે વિગઈઓથી યુક્ત એવો સ્નિગ્ધ આહાર સાધુએ વર્જન કરવો જોઈએ. **॥૪૬/૩૧૫॥**

સૂત્ર :-

अतिमात्राभोगः ।।४७/३१६।।

સૂત્રાર્થ :-

અતિમાત્રાનો અભોગ કરવો જોઈએ. ॥૪૭/૩૧૬॥

ટીકા :-

अप्रणीतस्याप्याहारस्य 'अतिमात्रस्य'=द्वात्रिंशत्कवलादिशास्त्रसिद्धप्रमाणातिक्रान्तस्य, 'अभोगः'= अभोजनम् ।।४७/३१६।।

ટીકાર્થ :-

अप्रणीतस्याप्याहारस्य ..... अभोजनम् ।। અસ્નિગ્ધ પણ આહાર અતિમાત્રાનું=૩૨ કવલાદિ શાસ્ત્રસિદ્ધ પ્રમાણથી અતિરિક્તનું, અભોગ=અભોજન, કરવું જોઈએ. ॥૪૭/૩૧૬॥

ભાવાર્થ :-

સાધુને જેમ સ્નિગ્ધ આહાર બ્રહ્મચર્યમાં બાધક છે તેમ પ્રમાણથી અધિક આહાર પણ વિકાર ઉત્પન્ન કરીને બ્રહ્મચર્યના પાલનમાં વિઘ્નભૂત છે, તેથી સંયમ માટે આવશ્યક હોય તેટલી મર્યાદાથી અધિક અસ્નિગ્ધ પણ આહાર સાધુએ ગ્રહણ કરવો જોઈએ નહિ. જેથી સુખપૂર્વક બ્રહ્મગુપ્તિનું પાલન થઈ શકે. **॥૪૭/૩૧૬॥**

સૂત્ર :-

विभूषापरिवर्जनम् ।।४८/३१७।।

સૂત્રાર્થ :-

વિભૂષાનું પરિવર્જન કરવું જોઈએ. ॥૪૮/૩૧૭॥

ટીકા :-

'विभूषायाः'=शरीरोपकरणयोः शृङ्गारलक्षणायाः, परिवर्जनमिति । एतेषां च स्त्रीकथादीनां नवानामपि भावानां मोहोद्रेकहेतुत्वात् निषेधः कृत इति ।।४८/३१७।।

ટીકાર્થ :-

'विभूषायाः' ..... कृत इति ।। શરીર અને ઉપકરણની શૃંગારરૂપ વિભૂષાનું પરિવર્જન કરવું જોઈએ. અને આ સ્ત્રીકથાદિ નવ પણ સૂત્રોમાં બતાવેલ ભાવોનું મોહઉદ્રેકનું હેતુપણું હોવાથી નિષેધ કરાયેલું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૮/૩૧૭॥

ભાવાર્થ :-

જેમ પુષ્ટ થયેલો દેહ ઇન્દ્રિયોના વિકારો કરે છે તેમ શરીર અને સંયમનાં ઉપકરણોને સ્વચ્છ રાખવા આદિરૂપે વિભૂષા કરવામાં આવે તો વિકારો થાય છે, તેથી સાધુએ શરીર અને ઉપકરણની વિભૂષાનો ત્યાગ કરવો જોઈએ. જેથી વિકાર ઉદ્ભવે નહિ અને શાસ્ત્રવચન અનુસાર આત્માને ભાવિત કરીને સાધુ બ્રહ્મગુપ્તિને અતિશયિત કરી શકે.

ઉપસંહાર :-

સૂત્ર-૪૦થી ૪૮ સુધીમાં જે સાધુના આચારો બતાવ્યા તે નવે આચારોનું જો પાલન કરવામાં ન આવે તો મોહનો ઉદ્રેક થવાનો સંભવ રહે છે, તેથી સાધુએ બ્રહ્મચર્યની નવ વાડ સ્વરૂપ આ નવ આચારોનું સદા સેવન કરવું જોઈએ. **॥૪૮/૩૧૭॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

तत्त्वाभिनिवेशः ।।४९/३१८।।

સૂત્રાર્થ :-

સાધુએ તત્ત્વ નો અભિનિવેશ કરવો જોઈએ. ॥૪૯/૩૧૮॥

ટીકાર્થ :-

'तत्त्वे' सम्यग्दर्शनज्ञानचारित्रानुसारिणि क्रियाकलापे 'अभिनिवेशः' शक्यकोटिमागते कर्त्तुमत्यन्तादरपरता, अन्यथा तु मनःप्रतिबन्ध एव कार्यः ॥४९/३१८॥

ટીકાર્થ :-

'तत्त्वे' ..... कार्यः ॥ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અનુસારી ક્રિયાકલાપરૂપ તત્ત્વમાં અભિનિવેશ કરવો જોઈએ=શક્ય હોય તે કૃત્યમાં અત્યંત આદરપરતા રાખવી જોઈએ. અન્યથા વળી=શક્ય ન હોય તેમાં મનનો પ્રતિબંધ રાખવો જોઈએ=મનમાં વારંવાર અભિલાષ કરવો જોઈએ. ॥૪૯/૩૧૮॥

ભાવાર્થ :-

સાધુએ સંયમજીવનમાં આત્માને વારંવાર ભાવિત કરીને તત્ત્વ પ્રત્યેનો અત્યંત પક્ષપાત કેળવવો જોઈએ.

કેવા પ્રકારનો તત્ત્વનો પક્ષપાત કેળવવો જોઈએ ? એથી કહે છે –

આત્માની પારમાર્થિક અવસ્થા મુક્ત અવસ્થા છે. તે જ આત્માને માટે તત્ત્વ છે. તેની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ત્રણ નિર્મળ પરિણતિ છે. તેની પ્રાપ્તિના ઉપાયભૂત જે ક્રિયાનો સમુદાય છે તેમાં જે ક્રિયા પોતે સુવિશુદ્ધ કરી શકે તેમ છે તે ક્રિયામાં તે પ્રકારે અત્યંત આદરપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. જેથી શીઘ્ર સંસારનો ઉચ્છેદ થાય. અને જે ક્રિયાઓ હજુ સુઅભ્યસ્ત નથી, તેથી તે ક્રિયાઓ સમ્યક્ થઈ શકે તેમ નથી તેવી ક્રિયાઓ પ્રત્યે અત્યંત રાગ ધારણ કરવો જોઈએ. જેથી તે ક્રિયાને અનુકૂળ શક્તિ પ્રગટ થાય ત્યારે તેને પણ સેવીને સાધુ હિત સાધી શકે. **॥૪૯/૩૧૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

युक्तोपधिधारणा ॥૫૦/૩૧૯॥

સૂત્રાર્થ :-

યુક્ત ઉપધિને ધારણ કરવી જોઈએ. ॥૫૦/૩૧૯॥

ટીકા :-

'युक्तस्य' शास्त्रप्रसिद्धप्रमाणसमन्वितस्य लोकपरिवादाविषयस्य स्वपरयो रागानुत्पादकस्य 'उपधेः' वस्त्रपात्रादिलक्षणस्य 'धारणा' उपभोगः, उपलक्षणत्वात् परिभोगश्च गृह्यते, यथोक्तम् –

"धारणया उवभोगो परिहरणा होइ परिभोगो ।।१९०।।" **[बृहत्कल्पभाष्ये २३६७, २३७२]**

।।५०/३१९।।

ટીકાર્થ :-

'युक्तस्य' ..... परिभोगो ।। शास्त्रप्रसिद्ध प्रमाणथी युक्त लोकना परिवादना अविषय=लोकनी निंदाने अविषय अने स्व-परना रागना अनुत्पादक એવી વસ્ત્ર-પાત્રાદિ લક્ષણ ઉપધિને સાધુએ ધારણ કરવી જોઈએ=ઉપભોગ કરવી જોઈએ અને ઉપલક્ષણ હોવાથી પરિભોગનું ગ્રહણ થાય છે. જે કારણથી કહેવાયું છે –

"ધારણાથી ઉપભોગ છે અને પરિહરણા પરિભોગ છે=વસ્ત્રાદિનું પ્રયોજન ન હોય ત્યારે ઉપયોગ ન કરવો, પરંતુ પાસે રાખવારૂપ પરિહરણા એ પરિભોગ છે. ।।૧૯૦।।" **(बृहत्कल्पभाष्य- २३६७, २३७२) ।।५०/३१९।।**

ભાવાર્થ :-

સાધુએ આત્માના અસંગ સ્વભાવને પ્રગટ કરવા અર્થે સર્વથા અપરિગ્રહ સ્વભાવથી આત્માને ભાવિત કરવા માટે ધર્મનાં ઉપકરણો સિવાય કોઈ વસ્તુને ધારણ કરવી જોઈએ નહિ. ધર્મનાં ઉપકરણો પણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા પ્રમાણથી યુક્ત ધારણ કરવાં જોઈએ, પરંતુ જે પ્રમાણે પોતાને અનુકૂળ જણાય તે પ્રમાણે નાના-મોટા વસ્ત્રાદિ ધારણ કરવાં જોઈએ નહિ.

વળી, લોકમાં નિંદ્યનો વિષય બને તેવાં પણ વસ્ત્રાદિ ધારણ કરવા જોઈએ નહિ. વળી, પોતાને કે બીજાને વસ્ત્ર-પાત્રાદિ પ્રત્યે રાગ થાય તેવાં સુંદર વસ્ત્ર આદિ ધારણ કરવા જોઈએ નહિ. શાસ્ત્રમર્યાદા અનુસાર ગ્રહણ કરાયેલાં તે વસ્ત્રાદિનો પણ પરિભોગ સંયમની વૃદ્ધિનું કારણ ન હોય ત્યારે કરવો જોઈએ નહિ, માત્ર પોતાની પાસે રાખવા જોઈએ અને સંયમની વૃદ્ધિનું પ્રયોજન જણાય ત્યારે જ પરિભોગ કરવો જોઈએ. જેથી તે વસ્ત્ર-પાત્રાદિ ધર્મનાં જ ઉપકરણ છે તેવો પરિણામ રહે છે, પરંતુ આ મારો પરિગ્રહ છે તેવો લેશ પણ ભાવ થતો નથી. જો તેવી યતના ન કરવામાં આવે તો તે વસ્ત્રાદિ પ્રત્યે પરિગ્રહનો પરિણામ થાય છે. માટે સાધુએ સદા યતનાશીલ રહેવું જોઈએ; જેથી અપરિગ્રહ સ્વભાવ વૃદ્ધિ પામે. **॥५०/३१९॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

मूर्च्छात्यागः ।।५१/३२०।।

સૂત્રાર્થ :-

મૂર્છાનો ત્યાગ કરવો જોઈએ. ।।૫૧/૩૨૦।।

ટીકા :-

'मूर्च्छाया' अभिष्वङ्गस्य सर्वत्र बाह्येऽर्थेऽभ्यन्तरे च शरीरबलादौ वर्जनम् ।।५१/३२०।।

ટીકાર્થ :-

'मूर्च्छाया' ..... वर्जनम् ।। મૂર્છાનો=અભિષ્વંગરૂપ રાગાત્મક પરિણામનો સર્વત્ર બાહ્ય અર્થમાં અને અભ્યંતર શરીરબલાદિમાં ત્યાગ કરવો જોઈએ. ।।૫૧/૩૨૦।।

ભાવાર્થ :-

સાધુએ સદા વીતરાગભાવથી અન્યત્ર ઉપેક્ષાનો પરિણામ ધારણ કરવો જોઈએ. અને નિમિત્તને પામીને બાહ્ય એવા પદાર્થો કે અંતરંગ શરીરબલ, જ્ઞાનશક્તિ, વીર્યશક્તિ કે અન્ય પણ અંતરંગ કોઈ શક્તિઓ હોય તેના પ્રત્યે રાગભાવ ન થાય તે પ્રકારે ઉપયુક્ત થઈને ભગવાનના વચનથી સદા ભાવિત થવા યત્ન કરવો જોઈએ. જેથી અનાદિના મૂર્છાના સંસ્કારો નિમિત્તને પામીને પુષ્ટ થાય નહિ અને તત્ત્વભાવનથી ક્ષીણ ક્ષીણતર થાય. **।।૫૧/૩૨૦।।**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अप्रतिबद्धविहरणम् ।।५२/३२१।।

સૂત્રાર્થ :-

અપ્રતિબદ્ધ વિહાર કરવો જોઈએ. ।।૫૨/૩૨૧।।

ટીકા :-

'अप्रतिबद्धेन' देशग्रामकुलादावमूर्च्छितेन 'विहरणं' विहारः कार्यः ।।५२/३२१।।

ટીકાર્થ :-

'અપ્રતિબદ્ધેન' ..... કાર્યઃ ।। દેશ-ગામ-કુલાદિમાં મૂર્ચ્છારહિત અપ્રતિબદ્ધ વિહાર કરવો જોઈએ. ।।૫૨/૩૨૧।।

ભાવાર્થ :-

સાધુને સર્વત્ર રાગના પરિહાર અર્થે અનુકૂળ આદિ ક્ષેત્રમાં રાગ ન થાય તે માટે ભગવાને નવકલ્પી વિહારો બતાવ્યા છે. કોઈ મહાત્મા તે રીતે નવકલ્પી વિહારો કરતા હોય આમ છતાં અંતરંગ રીતે રાગના પરિણામના પરિહાર માટે યત્નવાળા ન હોય તો તો નવકલ્પી વિહારનું પ્રયોજન સિદ્ધ થાય નહીં. તેથી સાધુએ કોઈ દેશ, કોઈ ગામ અને કોઈ કુલ આદિમાં રાગભાવ ન થાય તે રીતે ઉપયુક્ત થઈને વિહાર કરવો જોઈએ. અન્યથા જિનવચન અનુસાર નવકલ્પી વિહાર કરવા છતાં ક્ષેત્રાદિમાં રાગ થાય તો તે નવકલ્પી વિહાર પણ કલ્યાણનું કારણ બને નહિ. માટે અંતરંગ રીતે સર્વત્ર અપ્રતિબદ્ધ થઈને વિહારમાં યત્ન કરવો જોઈએ. **।।૫૨/૩૨૧।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

परकृतबिलवासः ।।५३/३२२।।

સૂત્રાર્થ :-

પરકૃત બિલમાં=વસતિમાં સાધુએ વાસ કરવો જોઈએ. ।।૫૩/૩૨૨।।

ટીકા :-

'परैः' आत्मव्यतिरिक्तैः 'कृते' स्वार्थमेव निष्पादिते बिल इव 'बिले' असंस्करणीयतया उपाश्रये 'वासः' ।।५३/३२२।।

ટીકાર્થ :-

'परैः' ..... वासः ।। ૫૨ વડે=પોતાનાથી અન્ય એવા ગૃહસ્થો વડે પોતાના માટે જ નિષ્પાદિત= કરાયેલા બિલ જેવા બિલમાં=અસંસ્કરણીયપણું હોવાને કારણે ઉપાશ્રયમાં વાસ કરવો જોઈએ. ।।૫૩/૩૨૨।।

ભાવાર્થ :-

સાધુઓ ક્ષેત્રના પ્રતિબદ્ધ વગર વિહાર કર્યા પછી કોઈ નગર આદિમાં નિવાસ કરે તેમાં પણ કંઈ આગળ પાછળ આરંભ-સમારંભ ન થાય તેના અર્થે કેવા સ્થાનમાં નિવાસ કરવો જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

ગૃહસ્થે પોતાના માટે જ નિષ્પાદિત કરેલા ઉપાશ્રય આદિમાં વાસ કરવો જોઈએ અર્થાત્ ગૃહસ્થે પોતાને ભગવદ્ભક્તિ અર્થે કે સ્નાત્રાદિ કે પૌષધાદિ અર્થે પોતાના માટે જ સ્થાન ઊભું કરેલું હોય અને સાધુના નિમિત્તે તેમાં સ્વચ્છતા આદિ કોઈ સંસ્કારો કરવામાં ન આવ્યા હોય તે સ્થાનમાં વાસ કરવો જોઈએ, તે બતાવવા માટે બિલની ઉપમા આપી છે. જેમ ઉંદરે પોતાના માટે બિલો બનાવ્યાં હોય તેની અંદર કોઈ જાતના સંસ્કારો કર્યા વગર તે બિલોમાં સાપ પોતાનો નિવાસ કરે છે તેમ ગૃહસ્થે પોતાના માટે કરેલા અને કોઈ પ્રકારે સાધુ માટે સંસ્કારો ન કરાયા હોય તેવા સ્થાનમાં સાધુએ વાસ કરવો જોઈએ. જેથી કોઈ પ્રકારના આરંભની અનુમતિ પ્રાપ્ત થાય નહિ; જેથી સાધુનો અસંગભાવ વૃદ્ધિ પામે. **॥૫૩/૩૨૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अवग्रहशुद्धिः ।।૫૪/૩૨૩।।

સૂત્રાર્થ :-

અવગ્રહની શુદ્ધિ કરવી જોઈએ. ।।૫૪/૩૨૩।।

ટીકા :-

'अवग्रहाणां' देवेन्द्रराजगृहपतिशय्यातरसाधर्मिकाभाव्यभूभागलक्षणानां 'शुद्धिः' तदनुज्ञया परिभोगलक्षणा कार्या ।।૫૪/૩૨૩।।

ટીકાર્થ :-

'अवग्रहाणां' ..... कार्या ।। દેવેન્દ્ર, રાજા, ગૃહપતિ, શય્યાતર અને સાધર્મિકના આભાવ્ય ભૂમિરૂપ અવગ્રહની તેમની અનુજ્ઞાથી પરિભોગરૂપ શુદ્ધિ કરવી જોઈએ. ।।૫૪/૩૨૩।।

ભાવાર્થ :-

સાધુએ અદત્તાદાનરૂપ ત્રીજા મહાવ્રતની શુદ્ધિ અર્થે જે ભૂમિમાં માસકલ્પ આદિ કરવાનો હોય તે

ભૂમિમાં દેવેન્દ્ર આદિ પાંચની અનુજ્ઞા મેળવીને નિવાસ કરવો જોઈએ. જેથી તે ભૂમિના સ્વામીની ભૂમિનો ઉપયોગ કરવાથી અદત્તાદાનરૂપ દોષની પ્રાપ્તિ થાય નહિ; જેમ કે જેની તે ભૂમિ હોય તેણે આપ્યા વગર કે તેમની અનુજ્ઞા વગર તે ભૂમિના ઉપભોગથી અદત્તાદાન દોષની પ્રાપ્તિ થાય છે.

સામાન્ય રીતે સૌધર્મ ઇન્દ્ર જંબુદ્વીપના અધિપતિ કહેવાય છે, તેથી તેની અનુજ્ઞા ભગવાનના કાળમાં દેવેન્દ્રે આપેલી છે, તેથી તેની અનુજ્ઞાથી અને વસતિ પરિભોગ કરીએ છીએ એ પ્રકારની બુદ્ધિ ગ્રહણ કરીને સાધુ વસતિ ગ્રહણ કરે છે.

વળી, દેવેન્દ્ર પછી તે નગર કે દેશનો રાજા માલિક કહેવાય, તેથી તેની અનુજ્ઞા સાધુએ ગ્રહણ કરીને તે નગર આદિમાં રહેવું જોઈએ.

વળી, તે નગરમાં પણ જે નિવાસસ્થાન હોય તેના માલિકની અનુજ્ઞા લેવી જોઈએ.

વળી, તે મકાનના સ્વામીથી અતિરિક્ત કોઈ તે મકાન ભાડે લે કે અન્ય રીતે તેનો ઉપયોગ કરતા હોય તે રૂપ શય્યાતરની અનુજ્ઞા લઈને સાધુએ તે વસતિમાં રહેવું જોઈએ.

વળી, તે વસતિમાં કોઈ અન્ય સાધુઓ ત્યાં કે નજીકના વસતિમાં રહેલા હોય તે સાધર્મિક સાધુનું તે ક્ષેત્ર માસકલ્પ આદિ દરમ્યાન આભાવ્ય છે, તેથી તેઓની અનુજ્ઞા લઈને તે વસતિમાં સાધુએ રહેવું જોઈએ.

આ પ્રકારના અનુજ્ઞાપૂર્વક વસતિનો પરિભોગ કરવાથી સાધુને સ્વામી અદત્ત નામના અદત્તાદાનના પરિહારની શુદ્ધિ થાય છે. **॥૫૪/૩૨૩॥**

સૂત્ર :-

मासादिकल्पः ।।५५/३२४।।

સૂત્રાર્થ :-

માસાદિ કલ્પ કરવો જોઈએ. ।।૫૫/૩૨૪।।

ટીકા :-

'मासः' प्रतीतरूप एव, 'आदि'शब्दाच्चतुर्मासी गृह्यते, ततो मासकल्पश्चतुर्मासीकल्पश्च कार्यः ।।५५/३२४।।

ટીકાર્થ :-

'मासः' ..... कार्यः ।। માસ પ્રતીતરૂપ જ છે. અને 'આદિ' શબ્દથી ચાર માસ ગ્રહણ કરાય છે, તેથી માસકલ્પ અને ચતુર્માસીકલ્પ કરવો જોઈએ. ।।૫૫/૩૨૪।।

ભાવાર્થ :-

સાધુને નવકલ્પી વિહાર કરવાનું શાસ્ત્રવચન છે, તેથી ચોમાસાના ચાર મહિના, અને શેષ કાળમાં એક-

એક માસ તેમ નવકલ્પી વિહાર કરે, તેથી કોઈ ક્ષેત્રમાં એક માસથી અધિક રહે નહિ. કારણ ન હોય તો અવશ્ય તે ક્ષેત્રમાં એક માસ સ્થિર રહે. જેથી સ્વાધ્યાય આદિનો વ્યાઘાત ન થાય અને મહિનો સમાપ્ત થતાં અવશ્ય તે ક્ષેત્રનો ત્યાગ કરીને અન્ય ક્ષેત્રમાં માસકલ્પ કરે. આ પ્રકારે આઠ માસમાં આઠ માસકલ્પ કરીને ચોમાસામાં ચાર મહિના સ્થિરતા કરે. જેથી ક્ષેત્ર પ્રત્યે રાગ પણ ન થાય અને પ્રયોજન વગર વિહાર કરીને સ્વાધ્યાય આદિમાં વ્યાઘાત ન થાય. ઉચિત સ્વાધ્યાય આદિ દ્વારા આત્માને વાસિત રાખીને સાધુ સદા અસંગભાવની શક્તિનો સંચય કરી શકે તે માટે માસકલ્પ આદિની શાસ્ત્રીય મર્યાદા છે. ॥૫૫/૩૨૪॥

अवतरणिका :-

यदा तु दुर्भिक्षक्षितिपतिविग्रहजङ्घाबलक्षयादिभिर्निमित्तैः क्षेत्रविभागेन मासादिकल्पः कर्त्तुं न पार्यते तदा किं कर्त्तव्यमित्याह –

अवतरणिकार्थ :-

વળી જ્યારે દુષ્કાળ હોય, રાજાનું યુદ્ધ ચાલતું હોય, જંઘાબળ ક્ષીણ થયું હોય ત્યારે તે આદિ નિમિત્તોથી ક્ષેત્ર વિભાગથી માસકલ્પ કરવું શક્ય ન હોય ત્યારે શું કરવું જોઈએ ? એથી કહે છે –

सूत्र :-

एकत्रैव तत्क्रिया ।।५६/३२५।।

सूत्रार्थ :-

એક જ સ્થાનમાં તે ક્રિયા કરવી જોઈએ=માસાદિ કલ્પની ક્રિયા કરવી જોઈએ. ।।૫૬/૩૨૫।।

टीका :-

'एकस्मिन्नेव' मासकल्पादियोग्ये क्षेत्रे वसत्यन्तरविभागेन वीथ्यन्तरविभागेन च सर्वथा निरवकाशतायां संस्तारकभूमिपरिवर्त्तेन 'तत्क्रिया' मासादिकल्पक्रियेति, अत एव पठ्यते –

"संथारपरावत्तं अभिग्गहं चेव चित्तरूवं तु ।
एत्तो चरित्तिणो इह विहारपडिमाइसु करेंति ।।१९१।।" [ ]

[संस्तारकपरावर्त्तमभिग्रहं चैव चित्ररूपं तु ।
अतश्चारित्रिण इह विहारप्रतिमादिषु कुर्वन्ति ।।१।।] **।।५६/३२५।।**

टीकार्थ :-

'एकस्मिन्नेव' ..... करंति ।। એક જ માસકલ્પાદિ યોગ્ય ક્ષેત્રમાં વસતિ અંતરના વિભાગથી અથવા

શેરી અંતરના વિભાગથી, સર્વથા અન્ય વસતિની અપ્રાપ્તિમાં સંથારાના ભૂમિના પરિવર્તનથી તે ક્રિયા=માસાદિ કલ્પ ક્રિયા કરવી જોઈએ. આથી જ કહેવાય છે –

"આથી જ વિહાર, પ્રતિમા આદિમાં સંથારાનું પરિવર્તન, ચિત્ર પ્રકારનો અભિગ્રહ અહીં=સંસારમાં, ચારિત્રીઓ કરે છે. ।।૧૯૧।।" () **।।૫૬/૩૨૫।।**

ભાવાર્થ :-

સાધુઓને નિર્લેપ થવા માટે ભગવાને નવકલ્પી વિહાર બતાવ્યો છે. આમ છતાં દુષ્કાળ હોય, રાજાનાં યુદ્ધો ચાલતાં હોય કે સાધુનું જંઘાબળ ક્ષીણ થયું હોય ત્યારે નવકલ્પી વિહાર સાધુ માટે અશક્ય છે. આમ છતાં કોઈક રીતે સાધુ તે પ્રકારે વિહાર કરે તો ક્લેશની પ્રાપ્તિ થાય અને ચિત્ત સમાધિપૂર્વક સંયમયોગમાં ઉલ્લસિત થઈ શકે નહિ. તેથી ચિત્તની સમાધિપૂર્વક શાસ્ત્રથી વાસિત થવા માટે તેવા સંજોગોમાં સાધુને એક સ્થાનમાં નિવાસ આવશ્યક બને છે. તેવા સંજોગોમાં પણ શાસ્ત્રમર્યાદા અનુસાર માસકલ્પના આચારના પાલન અર્થે તે નગર આદિમાં વસતિના નવ વિભાગો કરીને સાધુ નવ માસકલ્પ કરે અથવા તે નગરના શેરી આદિના વિભાગ દ્વારા નવ માસકલ્પ કરે અને તે પ્રકારે માસકલ્પ શક્ય ન જણાય તો એક જ સ્થાનમાં મહિને મહિને સંથારાના પરિવર્તન દ્વારા પણ સાધુ નવ માસકલ્પ કરે; જેથી ભગવાનના વચનનું પાલન થાય અને તે માસકલ્પના યત્ન દ્વારા સુસાધુ કોઈપણ ક્ષેત્ર પ્રત્યે મમત્વ ન થાય તેવો અંતરંગ યત્ન કરીને માસકલ્પના આચારને સફળ કરે છે. **।।૫૬/૩૨૫।।**

અવતરણિકા :-

તત્ર ચ –

અવતરણિકાર્થ :-

અને ત્યાં=એક ક્ષેત્રમાં માસાદિ કલ્પ કરે ત્યાં –

સૂત્ર :-

सर्वत्राममत्वम् ।।५७/३२६।।

સૂત્રાર્થ :-

સર્વત્ર=સર્વ વસ્તુમાં અમમત્વને કરે. ।।૫૭/૩૨૬।।

ટીકા :-

'सर्वत्र' पीठफलकादौ नित्यवासोपयोगिनि अन्यस्मिंश्च 'अममत्वम्' अममीकार इति ।।५७/३२६।।

ટીકાર્થ :-

'सर्वत्र' ..... इति ।। सर्वत्र=नित्यवासना उपयोगी એવા पीठफलकादिमां अने अन्य वस्तुमां अममत्वने साधु करे.

'इति' शब्द टीकानी समाप्ति अर्थे छे. ॥५७/३२६॥

ભાવાર્થ :-

સાધુએ નવકલ્પી વિહાર કરીને ક્ષેત્રના પ્રતિબંધરહિત થવા માટે સદા ઉદ્યમ કરવો જોઈએ. અને કોઈક એવા પ્રકારના સંયોગમાં તે ક્ષેત્રમાં માસાદિ કલ્પ કરીને નિવાસ કરવો પડે તો નિત્યવાસમાં ઉપયોગી એવી કોઈ સામગ્રીમાં મમત્વ ન થાય તે પ્રકારે અત્યંત ઉપયુક્ત થઈને આત્માને સદા ભાવિત કરવો જોઈએ. અન્યથા નિમિત્ત અનુસાર ઉપયોગી પદાર્થમાં અનુકૂળતાની બુદ્ધિ થાય તો સંયમમાં અતિચાર આદિની પ્રાપ્તિ થાય. **॥५७/३२६॥**

अवतरणिका :-

तथा –

अवतरणिकार्थ :-

अने –

सूत्र :-

निदानपरिहारः ।।५८/३२७।।

सूत्रार्थ :-

निदानનો પરિહાર કરવો જોઈએ. ॥५८/३२७॥

टीका :-

नितरां दीयते लूयते सम्यग्दर्शनप्रपञ्चबहलमूलजालो ज्ञानादिविषयविशुद्धविनयविधिसमुद्धुरस्कन्धबन्धो विहितावदातदानादिभेदशाखोपशाखाखचितो निरतिशयसुरनरभवप्रभवसुखसंपत्तिप्रसूनाकीर्णोऽनभ्यर्णीकृतनिखिलव्यसनव्यालकुलशिवालयशर्मफलोल्बणो धर्मकल्पतरुरनेन सुरद्ध्यद्याशंसनपरिणामपरशुनेति 'निदानं' तस्य 'परिहारः', अत्यन्तदारुणपरिणामत्वात् तस्य, यथोक्तम् –

"यः पालयित्वा चरणं विशुद्धं करोति भोगादिनिदानमज्ञः ।
ही वर्द्धयित्वा फलदानदक्षं स नन्दनं भस्मयते वराकः ।।१८८।।" **[ ] इति ।। ।।५८/३२७।।**

ટીકાર્થ :-

નિતરાં ..... ઇતિ ।। સમ્યગ્દર્શનના વિસ્તારરૂપ બહુલમૂલજાળવાળો, જ્ઞાનાદિ વિષયક વિશુદ્ધ વિનય અને વિધિરૂપ મોટા સ્કંધના બંધવાળો, વિહિત સુંદર દાનાદિ ભેદ શાખા-ઉપશાખાથી યુક્ત નિરતિશય દેવ-મનુષ્યભવમાં પ્રાપ્ત થતા સુખસંપત્તિરૂપ ફૂણગાથી આકીર્ણ, અને દૂર કરેલ છે સંપૂર્ણ આપત્તિઓરૂપ પશુઓનો સમૂહ એવા શિવાલયના ફલ આપવામાં સમર્થ એવો ધર્મરૂપી કલ્પવૃક્ષ આના વડે અત્યંત નાશ કરાય છે=દેવલોકની આશંસાના પરિણામરૂપ કુહાડા વડે નાશ કરાય છે એ નિદાનનો પરિહાર કરવો જોઈએ; કેમ કે તેનું=ધર્મ સેવીને કરાયેલા નિદાનનું અત્યંત દારુણ પરિણામપણું છે. જે કારણથી કહેવાયું છે –

"જે અજ્ઞ સાધુ વિશુદ્ધ ચારિત્રને પાળીને ભોગાદિ નિદાનને કરે છે તે વરાક=રાંકડો (દીન) ફલદાનમાં સમર્થ એવા નંદનને=બગીચાને વધારીને ભસ્મ કરે છે. ।।૧૮૮।।" **()**

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૮/૩૨૭।।

ભાવાર્થ :-

ધર્મ એ કલ્પવૃક્ષ છે, તેથી જેમ કલ્પવૃક્ષ સર્વ પ્રકારનાં ઇષ્ટ ફલને આપનાર છે તેમ ધર્મ આત્માને સંસારમાં રહે ત્યાં સુધી અધિક અધિક સુખને આપે છે અને અંતે સર્વ ઉપદ્રવોથી રહિત પૂર્ણ સુખમય મોક્ષ આપે છે. તે ધર્મકલ્પવૃક્ષનું મૂળ સમ્યગ્દર્શનના અનેક પ્રકારના પરિણામો છે, તેથી જે મહાત્માઓ સદા જિનવચનના પરમાર્થને જાણીને જિનવચન પ્રત્યેના રુચિના ભાવોને અતિશય અતિશયતર કરે છે તેઓમાં ધર્મકલ્પવૃક્ષનું મૂળ વિસ્તારને પામે છે. અને મૂળમાંથી વૃદ્ધિ પામેલું વૃક્ષ જેમ મજબૂત થડરૂપે બને છે, તેમ આત્મામાં સમ્યગ્દર્શનરૂપ મૂળ વૃદ્ધિ પામીને જ્ઞાનાદિ વિષયક વિશુદ્ધ વિનયનું સેવન અને વિધિરૂપ થડ પ્રગટ થાય છે. અને જેમ તે વૃક્ષના થડમાંથી શાખા-પ્રશાખા પ્રગટ થાય છે તેમ શાસ્ત્રમાં વિહિત એવા દાનાદિધર્મરૂપ શાખા-પ્રશાખા આત્મામાં પ્રગટ થાય છે. તે શાખા-પ્રશાખામાં જેમ પાંદડાઓ ફૂટે છે તેમ નિરતિશય એવા દેવભવની અને મનુષ્યભવની સુખસંપત્તિઓ આત્મામાં પ્રગટ થાય છે. જેમ તે વૃક્ષમાં ફળ પ્રગટ થાય છે તેમ તે ધર્મરૂપી કલ્પવૃક્ષમાં સર્વ ઉપદ્રવરહિત એવા મોક્ષસુખરૂપ ફળ પ્રગટ થાય છે. પરંતુ આલોક અને પરલોકની આશંસા કરવાથી તેવા સુંદર ધર્મરૂપી કલ્પવૃક્ષનો નાશ થાય છે, તેથી આલોક અને પરલોકની આશંસારૂપ નિદાનનો સાધુએ અત્યંત પરિહાર કરવો જોઈએ.

આ રીતે વારંવાર ભાવન કરવાથી સાધુને પોતાના સેવાયેલા ધર્મના ફળરૂપે આલોકના કે પરલોકના ફળની આશંસા થતી નથી અને સદા આત્માની ગુણવૃદ્ધિને અનુકૂળ ઉદ્યમ કરીને તે મહાત્મા પોતાના ધર્મરૂપી કલ્પવૃક્ષને પુષ્ટ પુષ્ટતર કરે છે. **।।૫૮/૩૨૭।।**

અવતરણિકા :-

તર્હિ કિં કર્ત્તવ્યમિત્યાહ –

અવતરણિકાર્થ :-

તો=આલોક અને પરલોકની આશંસારૂપ નિદાનનો પરિહાર કરવો જોઈએ તો, શું કરવું જોઈએ ? એને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું કે સાધુને સદ્અનુષ્ઠાન સેવનકાળમાં તે સદ્અનુષ્ઠાનના ફળ રૂપે કોઈ આશંસા થાય તે રૂપ નિદાનનો પરિહાર કરવો જોઈએ. તો પ્રશ્ન થાય કે જો આલોક પરલોકની કોઈ આશંસા અનુષ્ઠાનમાં કરવાની ન હોય તો શું કરવું જોઈએ ? જેથી તે અનુષ્ઠાન આત્મકલ્યાણનું કારણ બને એને કહે છે –

સૂત્ર :-

विहितमिति प्रवृत्तिः ।।૫૯/૩૨૮।।

સૂત્રાર્થ :-

વિહિત છે=ભગવાન વડે વીતરાગ થવાના ઉપાયરૂપે વિહિત છે એ રીતે પ્રવૃત્તિ કરવી જોઈએ= સાધુએ સર્વ કૃત્યોમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. ।।૫૯/૩૨૮।।

ટીકા :-

'विहितं' कर्तव्यतया भगवता निरूपितमेतदिति एवं सर्वत्र धर्मकार्ये 'प्रवृत्तिः' ।।૫૯/૩૨૮।।

ટીકાર્થ :-

'विहितं' ..... प्रवृत्तिः ।। વિહિત=ભગવાન વડે કર્તવ્યપણા રૂપે નિરૂપિત આ છે=પ્રસ્તુત કૃત્ય છે એ રીતે સર્વત્ર ધર્મકૃત્યોમાં પ્રવૃત્તિ કરવી જોઈએ=સાધુઓએ યત્ન કરવો જોઈએ. ।।૫૯/૩૨૮।।

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે નિદાનના પરિહારરૂપે સાધુએ યત્ન કરવો જોઈએ, તેથી જિજ્ઞાસા થાય કે ક્રિયાકાળમાં આલોકની અને પરલોકની આશંસા રાખ્યા વગર સાધુએ સર્વકૃત્યો કરવાનાં હોય તો અનુષ્ઠાનકાળમાં કેવો અધ્યવસાય રાખવો જોઈએ ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાને સાધુને "આ અનુષ્ઠાન કર્તવ્યરૂપે વિહિત છે" એ પ્રકારના ઉપયોગપૂર્વક સર્વ ધર્મકૃત્યોમાં યત્ન કરવો જોઈએ. આનાથી એ ફલિત થાય કે ભગવાને જીવને સ્વ સ્વ ભૂમિકા અનુસાર તે તે અનુષ્ઠાન તે તે રીતે કરવાનું કહેલ છે કે જેથી તે તે અનુષ્ઠાન સેવનકાળમાં તે મહાત્મા પોતાના વિદ્યમાન કષાયો તે તે અનુષ્ઠાનના કૃત્યો સાથે તે તે પ્રકારના ક્ષયોપશમભાવના પરિણામના પ્રતિસંધાનપૂર્વક પ્રવર્તાવે; જેથી તે અનુષ્ઠાનથી તે મહાત્મા સંયમના કંડકોની વૃદ્ધિને પ્રાપ્ત કરીને વીતરાગતાને આસન્ન આસન્નતર બની શકે, તેથી સાધુએ પોતાની ભૂમિકા અનુસાર જે વિહિત અનુષ્ઠાન હોય તે અનુષ્ઠાનના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરીને સંયમના કંડકોની વૃદ્ધિ થાય તે રીતે પ્રવૃત્તિ કરવી જોઈએ. **।।૫૯/૩૨૮।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

विधिना स्वाध्याययोगः ।।६०/३२९।।

સૂત્રાર્થ :-

વિધિપૂર્વક સ્વાધ્યાયનો વ્યાપાર કરવો જોઈએ. ।।૬૦/૩૨૯।।

ટીકા :-

'विधिना' कालविनयाद्याराधनरूपेण 'स्वाध्यायस्य' वाचनादेर्योगो व्यापारणमिति ।।६०/३२९।।

ટીકાર્થ :-

'विधिना' ..... व्यापारणमिति ।। વિધિથી=કાલ-વિનય આદિ આરાધનારૂપથી સ્વાધ્યાયનો=વાચનાદિનો વ્યાપાર કરવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૦/૩૨૯।।

ભાવાર્થ :-

સાધુને પ્રતિદિન નવા નવા સૂત્ર-અર્થને ગ્રહણ કરવાનું ભગવાને વિધાન કરેલ છે, તેથી ઉચિત કાળે ઉચિત વિનયપૂર્વક સાધુએ અત્યંત ઉપયુક્ત થઈને સૂત્રાદિનું ગ્રહણ કરવું જોઈએ. ગ્રહણ કરાયેલાં સૂત્રોનું અને અર્થોનું પરાવર્તન આદિ કરીને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ; જેથી તે સૂત્રના અર્થોથી વાસિત થઈને સાધુનું ચિત્ત સર્વજ્ઞના વચનરૂપ શ્રુતનાં ઉપયોગથી નિયંત્રિત થઈને સર્વજ્ઞ તુલ્ય થવા માટે સદા ઉદ્યમશીલ રહી શકે. **।।૬૦/૩૨૯।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

आवश्यकापरिहाणिः ।।६१/३३०।।

સૂત્રાર્થ :-

આવશ્યકના અપરિહારમાં ઉદ્યમ કરવો જોઈએ. ।।૬૧/૩૩૦।।

ટીકા :-

'आवश्यकानां' स्वकाले नियमात् कर्त्तव्यविशेषाणां प्रत्युपेक्षणादीनां 'अपरिहाणिः' अभ्रंशः, इयं च प्रधानं साधुलिङ्गम्, तथा च 'दशवैकालिकनिर्युक्तिः' –

"संवेगो निव्वेओ विसयविवेगो सुसीलसंसग्गी ।
आराहणा तवो नाणदंसणचरित्तविणओ य ।।१९२।।
खंती य मद्दवऽज्जव विमुत्तयाऽदीणया तितिक्खा य ।
आवस्सगपरिसुद्धी य भिक्खुलिंगाइं एयाइं ।।१९३।।" **[दश. नि. ३४८-३४९]**

[संवेगो निर्वेदो विषयविवेकः सुशीलसंसर्गः ।
आराधना तपो ज्ञानदर्शनचारित्रविनयश्च ।।१।।
क्षान्तिश्च मार्दवमार्जवं विमुक्तता अदीनता तितिक्षा च ।
आवश्यकपरिशुद्धिश्च भिक्षुलिङ्गान्येतानि ।।२।।] **।।६१/३३०।।**

ટીકાર્થ :-

'आवश्यकानां' ..... एयाइं ।। આવશ્યકોના=સ્વકાલે અર્થાત્ તે તે કાળમાં નિયમથી કર્તવ્યવિશેષ એવા પ્રત્યુપેક્ષણાદિરૂપ આવશ્યકોના, અપરિહાણિમાં=અભ્રંશમાં, યત્ન કરવો જોઈએ; અને આ= આવશ્યકની અપરિહાણિ, સાધુનું પ્રધાન લિંગ છે. અને તે પ્રમાણે દશવૈકાલિકનિર્યુક્તિ છે –

"સંવેગ, નિર્વેદ, વિષયોનો વિવેક, સુશીલનો સંસર્ગ, આરાધના, તપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લેપતા, અદીનતા, તિતિક્ષા=પ્રતિકૂળ સંયોગોમાં ચિત્તની અમ્લાનિ થાય તેવો યત્ન, આવશ્યકની પરિશુદ્ધિ આ સાધુનાં લિંગો છે. ।।૧૯૨-૧૯૩।।" **(દશવૈકાલિકનિર્યુક્તિ ૩૪૮-૩૪૯) ।।૬૧/૩૩૦।।**

ભાવાર્થ :-

સાધુએ સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ ઉચિત કાળે શાસ્ત્રવિધિનું સ્મરણ કરીને અપ્રમાદભાવથી સદા કરવી જોઈએ; જેથી સંયમજીવનના આવશ્યક કૃત્યો દ્વારા સાધુ સંયમના પરિણામોની વૃદ્ધિને પ્રાપ્ત કરીને આત્માને ઉત્તમ સંસ્કારોથી વાસિત કરી શકે.

સાધુનાં પ્રધાન લિંગો કયા છે ? તે દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં આ પ્રમાણે બતાવ્યાં છે –

(૧) સંવેગ :-

સાધુએ સદા મોક્ષનો અભિલાષ ધારણ કરીને મોક્ષના ઉપાયમાં યત્ન કરીને નિર્લેપતાનો પરિણામ વૃદ્ધિ પામે તે પ્રકારનો સંવેગનો પરિણામ ધારણ કરવો જોઈએ.

(૨) નિર્વેદ :-

વળી, સાધુએ સંસારનો અત્યંત ભય ધારણ કરીને સંસારની વૃદ્ધિને અનુકૂળ કોઈ પરિણામ ન થાય તે રીતે તૈલધારા પુરુષની જેમ પોતાના ભાવપ્રાણના રક્ષણ માટે ઉદ્યમ કરવો જોઈએ. જે નિર્વેદના પરિણામરૂપ છે.

(૩) વિષયોનો વિવેક :-

સાધુએ પાંચે ઇન્દ્રિયોના વિષયો સાથે ચિત્ત સંશ્લેષ ન પામે તે રીતે અત્યંત ઉપયુક્ત થઈને સર્વ ક્રિયાઓ કરવી જોઈએ તે વિષયનો વિવેક છે.

(૪) સુશીલનો સંસર્ગ :-

સાધુએ સદા પોતાનાથી અધિક ગુણવાળા પુરુષ સાથે સંસર્ગમાં રહેવું જોઈએ જેથી તેમના અપ્રમાદના યત્નના અવલંબનથી પોતાનામાં પણ વિશેષ પ્રકારનો અપ્રમાદભાવ ઉલ્લસિત થાય.

(૫) આરાધના :-

ભગવાનના વચનનું સ્મરણ કરીને સ્વ સ્વ ભૂમિકા અનુસાર જે જે ઉચિત કૃત્ય હોય તે તે સ્વ ઉચિત કૃત્યોને તે રીતે સેવવા યત્ન કરવો જોઈએ; જેથી ભગવાનનાં વચન અનુસાર સર્વ ઉદ્યમથી પોતાની શક્તિ પ્રવર્તે એ જિનવચનની આરાધના છે.

(૬) તપ :-

ઇન્દ્રિયોના વિકારના નિરોધમાં સહાયક થાય તે પ્રકારે શક્તિને ગોપવ્યા વિના ઉચિત બાહ્યતપ કરવો જોઈએ જેથી તપથી કાંઈક શિથિલ થયેલો દેહ વિકારમાં ન પ્રવર્તે અને મન પણ શિથિલ થયેલું હોવાથી વિકારને પામ્યા વગર પોતાને જ્યાં પ્રવર્તાવવું હોય ત્યાં પ્રવર્તી શકે તે તપ છે.

(૭-૧૦) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વિનય :-

સાધુએ શક્તિ અનુસાર જિનવચનના મર્મને સ્પર્શ કરે તેવું જ્ઞાન મેળવવું જોઈએ અને તે વચનથી ભાવિત થઈને જિનવચન જ પરમાર્થ છે. અન્ય નહિ તે પ્રકારે આત્માને અત્યંત વાસિત કરીને દર્શનમાં યત્ન કરવો જોઈએ અને જિનવચન અનુસાર ઉચિત ક્રિયાઓ કરીને આત્માના શુદ્ધ ભાવોમાં ચરણ થાય અર્થાત્ ગમન થાય તે રીતે યત્ન કરવો જોઈએ અને ગુણસંપન્નનો સદા વિનય કરવો જોઈએ.

(૧૧-૧૭) ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લેપતા, અદીનતા, તિતિક્ષા અને આવશ્યકપરિશુદ્ધિ :-

વળી, સાધુએ ક્ષમા, માર્દવ, આર્જવ અને વિમુક્તતા=નિર્લેપતામાં સદા યત્ન કરવો જોઈએ અર્થાત્ પદાર્થનાં નિમિત્તોને જોઈને પ્રજ્વલન સ્વભાવ ઉલ્લસિત ન થઈ શકે તેવો ક્ષમાનો પરિણામ કેળવવો જોઈએ. ઉત્તમ પુરુષો કરતાં પોતે અત્યંત નીચલી ભૂમિકામાં છે તે પ્રમાણે ભાવન કરીને માનરહિત એવો

માર્દવભાવ ધારણ કરવો જોઈએ. ગુણવાન પુરુષને પરતંત્રતા રહે એવો આર્જવભાવ ધારણ કરવો જોઈએ. કોઈ પદાર્થમાં સંગ ન થાય તે પ્રકારનો નિર્લેપ ભાવ ધારણ કરવો જોઈએ. પ્રતિકૂળ સંજોગોમાં અદીનતા ધારણ કરવી જોઈએ. ક્ષુધા-તૃષા આદિમાં વ્યાકુળતા ન થાય તે પ્રકારે તિતિક્ષા ભાવથી આત્માને ભાવિત કરવો જોઈએ. સાધુનાં સર્વ આવશ્યક અનુષ્ઠાનમાં પરિશુદ્ધિની પ્રાપ્તિ થાય તે પ્રકારે ઉદ્યમ કરવો જોઈએ. આ સર્વ ભાવસાધુનાં લિંગો છે. **॥૬૧/૩૩૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

यथाशक्ति तपःसेवनम् ।।६२/३३१।।

સૂત્રાર્થ :-

યથાશક્તિ=પોતાની શક્તિ અનુરૂપ તપનું સેવન કરવું જોઈએ. ॥૬૨/૩૩૧॥

ટીકા :-

'यथाशक्ति तपसः' अनशनादेः 'सेवनम्' आचरणम्, यथोक्तम् –

"कायो न केवलमयं परितापनीयो मिष्टै रसैर्बहुविधैर्न च लालनीयः ।
चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेन वश्यानि येन च तदाचरितं जिनानाम् ।।१९४।।" [ ] **।।६२/३३१।।**

ટીકાર્થ :-

'यथाशक्ति ..... जिनानाम् ।। યથાશક્તિ અનશનાદિ તપનું સેવન કરવું જોઈએ=સાધુએ આચરણ કરવું જોઈએ. જે કારણથી કહેવાયું છે –

"આ કાયા=શરીર, કેવલ પરિતાપનીય નથી=ઉપવાસ આદિ કરીને કષ્ટ આપવા સ્વરૂપ નથી અને ઘણા પ્રકારનાં ઇષ્ટ રસો વડે પોષણ કરવા યોગ્ય નથી. જે પ્રમાણે ચિત્ત અને ઇંદ્રિયો ઉત્પથથી=સંયમના કંડકોના ઉપાયનાં વૃદ્ધિમાં યત્નને છોડીને બાહ્ય પદાર્થો સાથે સંગના પરિણામ કરવારૂપ ઉત્પથથી, ચરે નહીં=ઇંદ્રિયો ઉત્પથમાં ન જાય, અને જેનાથી=જે તપથી, વશ થાય=ચિત્ત અને મન વશ થાય, તે=તે તપ જિનોનું આચરિત છે. ॥૧૯૪॥" () **॥૬૨/૩૩૧॥**

ભાવાર્થ :-

સાધુ મોક્ષના અત્યંત અભિલાષી છે, તેથી જ સર્વ બાહ્ય સંગનો ત્યાગ કરીને કેવલ અસંગ ભાવની

શક્તિના સંચય અર્થે સદા સંયમયોગમાં યત્ન કરે છે. આમ છતાં આહારાદિથી પુષ્ટ થયેલાં દેહ અને મન અનાદિના સંસ્કારોના કારણે નિયંત્રણમાં ન રહે તો મોક્ષમાર્ગના પથને છોડીને સંસારના પથરૂપ ઉત્પથમાં જાય છે; જેથી અસંગ માટે યત્ન કરનાર સાધુ પણ વારંવાર બાહ્ય પદાર્થો સાથે સંગ કરીને સંગના સંસ્કારોનું આધાન કરે છે. તેના નિવારણ અર્થે ભગવાને સાધુનેં તપ કરવાની આજ્ઞા કરી છે અને તે તપ દ્વારા કાંઈક કૃશ થયેલો દેહ હોવાથી ઇન્દ્રિયો અને મન શિથિલ બને છે, તેથી કાંઈક શિથિલ બનેલી તે ઇન્દ્રિયોને કલ્યાણના અર્થી સાધુ સુખપૂર્વક અન્ય ઉચિત યોગમાં દૃઢ પ્રવર્તાવીને અસંગભાવના સંસ્કારોને અતિશય અતિશયતર કરી શકે છે. માટે ઉચિત સંયમયોગમાં કરાતો યત્ન હાનિને પ્રાપ્ત ન કરે તે રીતે સાધુએ તપમાં યત્ન કરવો જોઈએ. **॥૬૨/૩૩૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

परानुग्रहक्रिया ।।६३/३३२।।

સૂત્રાર્થ :-

પર અનુગ્રહની ક્રિયા સાધુએ કરવી જોઈએ. ॥૬૩/૩૩૨॥

ટીકા :-

'परेषां' स्वपक्षगतानां परपक्षगतानां च जन्तूनां महत्या करुणापरायणपरिणामितया 'अनुग्रहकरणं' ज्ञानाद्युपकारसंपादनमिति ।।६३/३३२।।

ટીકાર્થ :-

'परेषां' ..... संपादनमिति ।। સ્વપક્ષગત અને પરપક્ષગત એવા જીવોની મહાન કરુણાપરાયણ પરિણામીપણાથી અનુગ્રહ કરવો જોઈએ=જ્ઞાનાદિ ઉપકારનું સંપાદન કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૬૩/૩૩૨॥

ભાવાર્થ :-

સાધુઓ શક્તિ અનુસાર સદા શાસ્ત્રઅધ્યયન કરીને ભગવાનના વચનના પરમાર્થને જાણનારા બને છે. જે સાધુઓ શાસ્ત્રાદિ અધ્યયન કરીને તે પ્રકારના વિશિષ્ટ બોધવાળા થયા છે કે જેઓ પોતાના આત્માને

જિનવચન અનુસાર યોગમાં પ્રવર્તાવી શકે છે તેમ અન્ય જીવોને પણ જ્ઞાનાદિનો બોધ કરાવીને વિશેષ પ્રકારે યોગમાં પ્રવર્તાવી શકે તેવા છે, તેવા મહાત્માઓએ આ સાધુ આપણા ગચ્છના છે કે આ સાધુ પરગચ્છના છે એવો વિભાગ કર્યા વગર યોગ્ય જીવો પ્રત્યે મહાકરુણાના પરિણામપૂર્વક તેઓના હિત અર્થે શાસ્ત્રઅધ્યયન કરાવવામાં યત્ન કરવો જોઈએ, પરંતુ હું તેઓને અધ્યયન કરાવીશ તો તેઓ મારી વૈયાવચ્ચ કરશે કે મારી ખ્યાતિ વધશે એવા કોઈ પરિણામને કર્યા વગર કેવલ આ સંસારસમુદ્રમાંથી તેઓ પણ સુખપૂર્વક નિસ્તારને પામી શકે તેવા શુભ અધ્યવસાયથી યથાર્થ બોધનું કારણ બને તે રીતે તેઓને અધ્યયન કરાવવું જોઈએ. **॥૬૩/૩૩૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

गुणदोषनिरूपणम् ।।६४/३३३।।

સૂત્રાર્થ :-

ગુણદોષનું નિરૂપણ કરવું જોઈએ=અવલોકન કરવું જોઈએ. ॥૬૪/૩૩૩॥

ટીકા :-

सर्वत्र विहारादौ कर्त्तव्ये 'गुणदोषयोर्निरूपणं' कार्यम् ।।६४/३३३।।

ટીકાર્થ :-

सर्वत्र ..... कार्यम् ।। સર્વત્ર વિહાર આદિ કર્તવ્યમાં ગુણદોષનું અવલોકન કરવું જોઈએ. ॥૬૪/૩૩૩॥

ભાવાર્થ :-

સાધુને માટે જે જે ઉચિત ક્રિયાઓ ભગવાને બતાવી છે તે ક્રિયામાંથી કઈ ઉચિત ક્રિયાઓ હું જિનવચન અનુસાર કરીને વિશેષ પ્રકારના સંયમના પરિણામને પ્રાપ્ત કરી શકું છું તે રૂપગુણનું અવલોકન કરવું જોઈએ અને કઈ ઉચિત ક્રિયાઓ શાસ્ત્રમાં વિહીત હોવા છતાં તેવા પ્રકારની પોતાની શક્તિના અભાવને કારણે તે પ્રવૃત્તિથી પોતાને ક્લેશરૂપ દોષની પ્રાપ્તિ થાય છે તેનું સૂક્ષ્મ બુદ્ધિથી સાધુએ સદા અવલોકન કરવું જોઈએ, જેથી સાધુ એકાંતે કલ્યાણની પ્રાપ્તિ થાય તેવી ઉચિત આચરણા કરી શકે. **॥૬૪/૩૩૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

बहुगुणे प्रवृत्तिः ।।६५/३३४।।

સૂત્રાર્થ :-

બહુ ગુણમાં=બહુ ગુણવાળા કાર્યમાં, પ્રવૃત્તિ કરવી જોઈએ. ।।૬૫/૩૩૪।।

ટીકા :-

यद् 'बहुगुणम्' उपलक्षणत्वात् केवलगुणमयं वा कार्यमाभासते तत्र 'प्रवर्त्तितव्यम्,' नान्यथेति ।।६५/३३४।।

ટીકાર્થ :-

यद् ..... नान्यथेति ।। જે બહુ ગુણવાળું કાર્ય ભાસે છે અથવા ઉપલક્ષણપણું હોવાથી કેવળ ગુણમય કાર્ય ભાસે છે તેમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. અન્યથા=બહુ ગુણવાળું ન હોય અથવા કેવળ ગુણમય ન હોય તેવા કાર્યમાં પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૫/૩૩૪।।

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સાધુએ સંયમની સર્વ પ્રવૃત્તિમાં ગુણદોષનું અવલોકન કરવું જોઈએ. અને તે પ્રકારે અવલોકન કરીને જે સાધુ સદા કઈ ઉચિત પ્રવૃત્તિઓ દ્વારા પોતે અપ્રમાદની વૃદ્ધિ કરીને સમભાવના પરિણામની વૃદ્ધિ કરી શકે છે તેનું અવલોકન કરે અને જે પ્રવૃત્તિમાં ક્વચિત્ નાનો દોષ હોય તોપણ ઘણા ગુણનું કારણ હોય તો તે પ્રવૃત્તિ કરવી જોઈએ. જેમ ઉત્સર્ગથી દોષિત ભિક્ષા સાધુને નિષિદ્ધ છે આમ છતાં તેવા કોઈક સંયોગોમાં નિર્દોષ ભિક્ષાની પ્રાપ્તિ ન હોય અને તે દોષિત ભિક્ષા દ્વારા દેહનું રક્ષણ કરીને વિશેષ પ્રકારનાં જ્ઞાનાદિની વૃદ્ધિ દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિ પ્રાપ્તિ થતી હોય તો તે દોષિત ભિક્ષા પણ બહુ ગુણવાળી હોવાથી સાધુને ઇષ્ટ બને છે. અને કોઈક સાધુ વિવેક વગર નિર્દોષ ભિક્ષા મળતી નથી માટે અપવાદનું અવલંબન લઈને દોષિત ભિક્ષા ગ્રહણ કરે અને તેના દ્વારા સંયમના કોઈ કંડકોની વૃદ્ધિને પ્રાપ્ત કરે નહિ તો તે ગ્રહણ કરાયેલી ભિક્ષા કેવળ દોષવાળી બને છે. એટલું જ નહિ પણ અપ્રામાણિક અપવાદનું આલંબન લીધા વગર નિર્દોષ ભિક્ષા દ્વારા દેહનું પાલન કરીને પણ સંયમની વૃદ્ધિમાં કોઈ યત્ન ન કરે તો તે નિર્દોષ ભિક્ષા પણ દોષવાળી બને છે.

વળી, સંયમીની કેટલીક પ્રવૃત્તિ કેવળ ગુણમય હોય, લેશપણ દોષનું કારણ ન હોય તેવી પ્રવૃત્તિમાં સાધુએ યત્ન કરવો જોઈએ. જેમ અપ્રમાદભાવની વૃદ્ધિ થાય તે રીતે તપમાં, જ્ઞાનાદિ અધ્યયનમાં કે ઉચિત વિવેકપૂર્વકના વૈયાવચ્ચમાં કોઈ સાધુ યત્ન કરે તો તે કૃત્યો કેવળ ગુણમય છે જેનાથી અવશ્ય સંયમના કંડકોની વૃદ્ધિ થાય તેવા સમભાવના પરિણામની વૃદ્ધિ થાય છે. માટે ગુણ-દોષના સમ્યક્ પર્યાલોચનપૂર્વક ગુણવૃદ્ધિનું કારણ બને તેવી ઉચિત પ્રવૃત્તિમાં સાધુએ સદા યત્ન કરવો જોઈએ. **॥૬૫/૩૩૪॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

क्षान्तिर्मार्दवमार्जवमलोभता ।।६६/३३५।।

સૂત્રાર્થ :-

ક્ષમા, માર્દવ, આર્જવ અને અલોભતામાં સાધુએ યત્ન કરવો જોઈએ. ॥૬૬/૩૩૫॥

ટીકા :-

एते क्षान्त्यादयश्चत्वारोऽपि कषायचतुष्टयप्रतिपक्षभूताः साधुधर्ममूलभूमिकास्वरूपाः नित्यं कार्या इति ।।६६/३३५।।

ટીકાર્થ :-

एते ..... इति ।। આ=ક્ષમાદિ ચારે પણ કષાય ચતુષ્ટયના પ્રતિપક્ષભૂત=ક્રોધ, માન, માયા, લોભ ચારના પ્રતિપક્ષભૂત, સાધુધર્મની મૂળભૂમિકા સ્વરૂપ નિત્ય કરવા જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૬૬/૩૩૫॥

ભાવાર્થ :-

સાધુને સંયમની સર્વ ક્રિયા દ્વારા આત્મામાં વર્તતા ક્રોધાદિ ચાર કષાયનાં પ્રતિપક્ષ એવા ક્ષમાદિ ચાર ભાવોમાં યત્ન થાય તે રીતે ઉદ્યમ કરવાની ભગવાનની આજ્ઞા છે, તેથી સાધુધર્મની મૂળભૂમિકા સ્વરૂપ એવા ક્ષમાદિ ચાર ભાવો છે તેને સ્મરણમાં રાખીને સદા તે ચાર ભાવોને અનુકૂળ ચિત્ત પ્રવર્તે તે રીતે સાધુ સદા આત્માને ભાવિત રાખે જેથી ક્રોધાદિ ચાર કષાયો વિશેષ વિશેષ રીતે ક્ષયોપશમભાવને પ્રાપ્ત કરીને ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ દ્વારા સમભાવના પરિણામની વૃદ્ધિને જ પ્રાપ્ત કરાવે. **॥૬૬/૩૩૫॥**

અવતરણિકા :-

અત એવ –

અવતરણિકાર્થ :-

આથી જ=સાધુએ ક્ષમાદિમાં ઉદ્યમ કરવો જોઈએ આથી જ –

સૂત્ર :-

क्रोधाद्यनुदयः ।।६७/३३६।।

સૂત્રાર્થ :-

ક્રોધાદિનો અનુદય થાય તે રીતે સદા ઉપયુક્ત રહેવું જોઈએ. ॥૬૭/૩૩૬॥

ટીકા :-

'क्रोधादीनां' चतुर्णां कषायाणाम् 'अनुदयो' मूलत एवानुत्थानम् ।।६७/३३६।।

ટીકાર્થ :-

'क्रोधादीनां' ..... एवानुत्थानम् ।। ક્રોધાદિ ચાર કષાયનો અનુદય=મૂળથી જ ઉત્થાનનો અભાવ થાય તેમ સાધુએ યત્ન કરવો જોઈએ. ॥૬૭/૩૩૬॥

ભાવાર્થ :-

સાધુએ આત્મામાં ક્રોધાદિના સંસ્કારો નિમિત્તને પામીને ઉદયને પ્રાપ્ત ન કરી શકે તે અર્થે ક્રોધાદિના પ્રતિપક્ષી ક્ષમાદિ ભાવોની સદા વૃદ્ધિ થાય તે પ્રકારના સૂક્ષ્મ ઉપયોગપૂર્વક સંયમની સર્વ ક્રિયાઓ કરવી જોઈએ; કેમ કે સંયમની સર્વ ક્રિયાઓ વીતરાગપ્રણીત છે અને વીતરાગપ્રણીત સર્વ ક્રિયાઓ વીતરાગતાના અભિમુખ રાગ વૃદ્ધિ પામે તે પ્રકારે જ કરવાની ભગવાને કહેલ છે. જે મહાત્મા તે પ્રકારે સર્વ ક્રિયાઓ કરે છે તેઓનો વીતરાગતાને અભિમુખ વધતો દૃઢ દૃઢતર રાગ ક્રોધાદિ કષાયોને મૂળથી જ ઉત્થિત થવામાં બાધક બને છે. અને તે દૃઢ થયેલો વીતરાગતાનો રાગ વીતરાગતાને અભિમુખ સંસ્કારોનું આધાન કરીને વિદ્યમાન ક્રોધાદિ કષાયોનો ક્ષયોપશમ ભાવ અતિશય અતિશયતર કરીને વિશિષ્ટ વિશિષ્ટતર ક્ષમાદિ ભાવોની નિષ્પત્તિનું કારણ બને છે; માટે સાધુએ ક્રોધાદિ કષાયોનો મૂળથી જ ઉદય ન થાય તે પ્રકારે અપ્રમાદભાવથી સદા ઉચિત અનુષ્ઠાનોમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૬૭/૩૩૬॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

वैफल्यकरणम् ।।६८/३३७।।

સૂત્રાર્થ :-

ઉદયમાન ક્રોધાદિ કષાયોને સાધુએ વિફલ કરવા જોઈએ. ।।૬૮/૩૩૭।।

ટીકા :-

'वैफल्यस्य' विफलभावस्य कथञ्चिदुदयप्राप्तानामपि क्रोधादीनां 'करणम्,' क्रोधादीनामुदये यच्चिन्तितं कार्यं तस्याकरणेन क्रोधाद्युदयो निष्फलः कार्य इति भावः, एवं च कृते पूर्वोक्ताः क्षान्त्यादय आसेविता भवन्ति ।।६८/३३७।।

ટીકાર્થ :-

'वैफल्यस्य' ..... भवन्ति ।। વૈફલ્યને=કથંચિત્ ઉદય પ્રાપ્ત પણ ક્રોધાદિ કષાયોના વિફલભાવને, કરવો જોઈએ. ક્રોધાદિનો ઉદય થયે છતે જે ચિંતવન કરાયું તેના અકરણ દ્વારા ક્રોધાદિનો ઉદય નિષ્ફલ કરવો જોઈએ અને એ રીતે કરાયે છતે=ક્રોધાદિના વિફલભાવને કરાયે છતે, પૂર્વમાં કહેલી ક્ષમાદિ આસેવન કરાયેલી થાય છે. ।।૬૮/૩૩૭।।

ભાવાર્થ :-

સાધુએ સદા જિનવચન અનુસાર ક્ષમાદિની વૃદ્ધિ થાય તે રીતે સર્વ ક્રિયાઓમાં ઉદ્યમ કરવો જોઈએ જેથી સમભાવરૂપ સામાયિકનો પરિણામ જ પ્રતિદિન વૃદ્ધિ પામે. આમ છતાં અનાદિના પ્રમાદના સ્વભાવના કારણે કોઈક રીતે કોઈક નિમિત્તને પામીને બાહ્ય પદાર્થોની સાથે ઇન્દ્રિયોનો સંસર્ગ થાય અને તેના નિમિત્તને આશ્રયીને ક્રોધાદિ ચારમાંથી કોઈપણ પરિણામ થાય તો તે પરિણામને વિફલ કરવા માટે જિનવચન અનુસાર ઉચિત ચિંતવન કરવું જોઈએ. જેમ નાના બાળકને જોઈને તેની મૃદુ ચેષ્ટાઓ જોવા માત્રથી પણ ઇષદ્રાગ થાય તો પાંચમા પરિગ્રહવ્રતના અતિચારરૂપ તે ઇષદ્રાગ છે તેમ શાસ્ત્ર કહે છે, તેથી તે નિમિત્તને પામીને ઇષદ્ લોભનો પરિણામ થાય ત્યારે જે મહાત્મા સૂક્ષ્મ બુદ્ધિથી શાસ્ત્રાનુસાર અવલોકન કરે છે ત્યારે ખ્યાલ આવે છે કે સામાયિકના વૃદ્ધિના પરિણામનો ત્યાગ કરીને મારો ઉપયોગ રાગમાં વર્તે છે, તેથી સામાયિક દ્વારા નિર્લેપતાની વૃદ્ધિને બદલે વર્તમાનમાં લોભનો પરિણામ વર્તે છે તે લોભનો પરિણામ મારા ચારિત્રને નાશ કરીને મારા વિનાશનું કારણ બનશે તે પ્રકારનું ચિંતવન કરીને સુસાધુ આત્માને તત્ત્વથી ભાવિત કરે તો તે વિદ્યમાન લોભનો પરિણામ નિષ્ફળ જાય છે જેનાથી કાંઈક નિર્લોભતાને અનુકૂળ ઉદ્યમ થાય છે. તે રીતે અન્ય ક્રોધાદિ ભાવોમાં પણ સૂક્ષ્મ અવલોકન કરીને સાધુએ તેને વિફલ કરવા યત્ન કરવો જોઈએ. **॥૬૮/૩૩૭॥**

અવતરણિકા :-

ક્રોધાદ્યનુદયાર્થિના च यत् कार्यं तदाह –

અવતરણિકાર્થ :-

અને ક્રોધાદિના અનુદયના અર્થી સાધુએ જે કરવું જોઈએ તેને કહે છે –

સૂત્ર :-

विपाकचिन्ता ।।६९/३३८।।

સૂત્રાર્થ :-

વિપાકનું ચિંતવન કરવું જોઈએ=ક્રોધાદિ કષાયના અનર્થકારી ફળનું ચિંતવન કરવું જોઈએ. ।।૬૯/૩૩૮।।

ટીકા :-

'विपाकस्य' क्रोधादिकषायफलस्य 'चिन्ता' विमर्शो विधेयः, यथा -

"क्रोधात् प्रीतिविनाशं मानाद् विनयोपघातमाप्नोति ।

शाठ्यात् प्रत्ययहानिं सर्वगुणविनाशनं लोभात् ।।१९५।।" **[प्रशम. २५] इति ।।६९/३३८।।**

ટીકાર્થ :-

विपाकस्य ..... इति ।। વિપાકનું=ક્રોધાદિ કષાયના ફલની ચિંતા કરવી જોઈએ=સૂક્ષ્મબુદ્ધિથી વિચારણા કરવી જોઈએ. અને તે વિચારણા 'યથા'થી બતાવે છે –

"ક્રોધથી પ્રીતિનો વિનાશ થાય છે, માનથી વિનયનો ઉપઘાત પ્રાપ્ત કરે છે, માયાથી અર્થાત્ શઠપણાથી વિશ્વાસની હાનિ થાય છે અને લોભથી સર્વગુણોનો નાશ થાય છે. ।।૧૯૫।।" **(પ્રશમ. ૨૫)**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૯/૩૩૮।।

ભાવાર્થ :-

સાધુએ સદા જિનવચન અનુસાર સામાયિકના પરિણામની વૃદ્ધિ થાય તેમ યત્ન કરતા હોય છતાં જિનવચનનો દૃઢ ઉપયોગ ન હોય તો નિમિત્તને પામીને આત્મામાં રહેલા કષાયના સંસ્કારો અને નિમિત્તને પામીને ઉદયમાન એવાં કર્મોનો વિપાક પ્રાપ્ત થાય તો સૂક્ષ્મથી કે સ્થૂલથી કષાયો પ્રાદુર્ભાવ થાય તેથી નિમિત્તની પ્રાપ્તિ પૂર્વે જ કલ્યાણના અર્થી સાધુએ તે કષાયો કેવા વિષમ વિપાકવાળા છે ? અને અનર્થની પરંપરાની પ્રાપ્તિ કરાવનારા છે તેનું સમાલોચન સદા કરવું જોઈએ, જેથી નિમિત્તને પામીને તે ઉદયમાન કર્મો ક્ષયોપશમભાવને પામે તેથી ક્ષમાદિ પરિણામો જાગ્રત થાય. વળી, ક્રોધાદિના સ્પષ્ટ તત્કાલ દેખાતા

ફળને સામે રાખીને કહ્યું છે કે ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે, માનથી વિનયનો ઉપઘાત થાય છે જેથી યોગમાર્ગમાં ચાલતા સાધુ પણ વિનયરહિત બને તો શાસ્ત્ર પણ સમ્યક્ પરિણમન પામે નહિ. વળી, શઠતાથી લોકમાં વિશ્વાસની હાનિ થાય છે, તેથી અવિશ્વસનીય બનેલ વ્યક્તિ લોકમાં પણ અનાદરણીય બને છે અને લોભ સર્વગુણોનો નાશ કરે છે. માટે હું કષાયોના તિરોધાન માટે ઉદ્યમ કરું જેથી ક્રોધાદિના વિપાકોથી મારું અહિત થાય નહિ. આ સિવાય કષાયોના પરલોકના અનર્થોનું પણ સાધુ શાસ્ત્રાનુસાર સૂક્ષ્મ ચિંતવન કરે જેથી કષાયો તિરોધાન પામે. **॥૬૯/૩૩૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

धर्मोत्तरो योगः ।।७०/३३९।।

સૂત્રાર્થ :-

સાધુએ ધર્મ છે ઉત્તરમાં જેને એવો=ધર્મ છે ફલ જેને એવો, યોગ=વ્યાપાર કરવો જોઈએ. ।।૭૦/૩૩૯।।

ટીકા :-

'धर्मोत्तरो' धर्मफलः सर्व एव 'योगो' व्यापारो विधेयः, न पुनरट्टट्टहासकेलिकिलत्वादिः पापफल इति ।।७०/३३९।।

ટીકાર્થ :-

'धर्मोत्तरो' ..... इति ।। ધર્મ છે ઉત્તરમાં જેને=ધર્મ છે ફલ જેને, એવો સર્વ જ યોગ=વ્યાપાર કરવો જોઈએ, પરંતુ અટ્ટહાસ્ય કેલિ=રમૂજ, કિલત્વાદિ=કિલકિલાટ આદિ, પાપફલવાળો વ્યાપાર કરવો જોઈએ નહિ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૦/૩૩૯।।

ભાવાર્થ :-

સાધુએ જિનવચનના સ્મરણથી નિયંત્રિત થઈને સર્વ ઉચિત પ્રવૃત્તિમાં મન-વચન અને કાયાનો વ્યાપાર તે રીતે કરવો જોઈએ જેથી ચિત્ત વીતરાગભાવને આસન્ન આસન્નતર થાય તેવા સંસ્કારોનું આત્મામાં આધાન થાય. આ પ્રકારની મન-વચન અને કાયાની સાધુની પ્રવૃત્તિ ઉત્તર-ઉત્તરના ધર્મને નિષ્પન્ન કરનાર

છે અર્થાત્ અસંગભાવની પરિણતિને અભિમુખ એવા ઉત્તમ સંસ્કારોના આધાનરૂપ ધર્મને નિષ્પન્ન કરનાર છે. માટે સાધુએ તેવા જ મન, વચન અને કાયામાં યત્ન કરવો જોઈએ, પરંતુ આત્મામાં સંગના સંસ્કારો વૃદ્ધિ પામે તેવા પાપફલવાળો વ્યાપાર કરવો જોઈએ નહિ. જેમ કોઈક નિમિત્તને પામીને અટ્ટહાસ્ય કરે, નાના બાળક સાથે કાલું કાલું બોલીને કેલિ ભાવો કરે, કિલકિલાટ કરે કે અન્ય કોઈપણ સંગની વૃદ્ધિ કરે તેવા વ્યાપારો સાધુએ કરવા જોઈએ નહિ. **॥૭૦/૩૩૯॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

आत्मानुप्रेक्षा ।।७१/३४०।।

સૂત્રાર્થ :-

આત્માની અનુપ્રેક્ષા કરવી જોઈએ. ॥૭૧/૩૪૦॥

ટીકા :-

'आत्मनः' स्वस्य 'अनुप्रेक्षा' पर्यालोचना भावप्रत्युपेक्षारूपा, यथा –

किं कयं किं वा सेसं किं करणिज्जं तवं च न करेमि ।

पुव्वावरत्तकाले जागरओ भावपडिलेहा ।।१९६।। **[ओघ. नि० २६३] त्ति ।**

[किं कृतं किं वा शेषं किं करणीयं तपो न करोमि ।

पूर्वापरत्रकाले जागरतो भावप्रतिलेखनेति ।।१।।] **।।७१/३४०।।**

ટીકાર્થ :-

'आत्मनः' ..... पडिलेहा ।। આત્માની=પોતાની અનુપ્રેક્ષા કરવી જોઈએ=ભાવની પ્રત્યુપેક્ષારૂપ પર્યાલોચના કરવી જોઈએ. તે અનુપ્રેક્ષા જ 'યથા'થી સ્પષ્ટ કરે છે –

"શું કરાયું ? અને શું કર્તવ્ય શેષ છે અને કરી શકાય એવો તપ હું કરતો નથી. પૂર્વ અને ઉત્તર કાળમાં=રાત્રીના પૂર્વકાળમાં અથવા રાત્રીના ઉત્તર કાળમાં અર્થાત્ સવારના કાળમાં જાગતો સાધુ ભાવથી પ્રતિલેખના કરે=પોતાના પરિણામોનું અવલોકન કરે. ॥૧૯૬॥" **(ओघनिर्युक्ति० २६३)**

'त्ति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૭૧/૩૪૦॥

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું કે આત્મામાં ધર્મ નિષ્પન્ન થાય તેવો વ્યાપાર સાધુએ કરવો જોઈએ, તેથી હવે સાધુ જે સાધ્વાચારનાં કૃત્યો કરે છે તે ધર્મનિષ્પત્તિનું જ કારણ બને તે માટે સાધુએ સદા આત્માના પરિણામોનું સૂક્ષ્મ અવલોકન કરવું જોઈએ.

કઈ રીતે સૂક્ષ્મ અવલોકન કરવું જોઈએ ? એથી કહે છે –

સંયમનાં ઉચિત કૃત્યો જે મેં સેવ્યાં છે તે અસંગની વૃદ્ધિનું કારણ બને તે રીતે મેં કર્યાં છે કે નહીં ? તેનું સૂક્ષ્મ અવલોકન કરવું જોઈએ. શેષ કયાં કૃત્યો હું કરી શકું એમ છું ? જેના બળથી સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકું અને જે કૃત્યો કરવાનાં બાકી છે તેનું સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ જેથી તે ઉચિત કૃત્યો કરીને પોતે સંયમમાં વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે.

વળી, જે સ્વાધ્યાય આદિ ૧૨ પ્રકારનો તપ છે અને મારી ભૂમિકા અનુસાર હું કરી શકું તેમ છું, છતાં યથાશક્તિ કરતો નથી તેનું સૂક્ષ્મ અવલોકન કરવું જોઈએ જેથી પ્રમાદના ત્યાગપૂર્વક તે કૃત્યો કરીને પોતે સંયમની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે.

આ પ્રકારનું પર્યાલોચન સાધુએ ક્યારે કરવું જોઈએ ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

રાત્રીના પૂર્વ કાળમાં સૂતા પહેલાં જાગ્રત અવસ્થામાં પોતાના ભાવોનું નિરીક્ષણ કરવું જોઈએ અથવા ઉત્તર કાળમાં=સવારમાં જાગ્રત થયા પછી પ્રાતઃકાળમાં, જાગ્રત થઈને પોતાના ભાવોનું નિરીક્ષણ કરવું જોઈએ, જેથી અપ્રમાદપૂર્વક સર્વ ઉચિત કૃત્યોમાં યત્ન કરીને સાધુ આત્મામાં ધર્મની નિષ્પત્તિ કરી શકે. **॥૭૧/૩૪૦॥**

અવતરણિકા :-

एवमात्मन्यनुप्रेक्षिते यत् कृत्यं तदाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વસૂત્રમાં કહ્યું એ રીતે, આત્માનું અનુપ્રેક્ષણ કરાયે છતે જે કરવું જોઈએ એને કહે છે –

સૂત્ર :-

उचितप्रतिपत्तिः ।।७२/३४१।।

સૂત્રાર્થ :-

ઉચિત અનુષ્ઠાનનો સ્વીકાર કરવો જોઈએ. ॥૭૨/૩૪૧॥

ટીકા :-

'उचितस्य' गुणबृंहकस्य प्रमादनिग्राहिणश्चानुष्ठानस्य 'प्रतिपत्तिः' अभ्युपगम इति ।।७२/३४१।।

ટીકાર્થ :-

'उचितस्य' ..... इति ।। ઉચિતનો=ગુણની વૃદ્ધિને કરનાર અને પ્રમાદને ઘટાડનાર એવા અનુષ્ઠાનનો સ્વીકાર કરવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૨/૩૪૧।।

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું એમ સાધુ આત્માના ભાવોનું સૂક્ષ્મ અવલોકન કરે ત્યારપછી સંયમનાં કયાં ઉચિત કૃત્યો કરીને પોતે સામાયિકના પરિણામની ઉત્તરોત્તર વૃદ્ધિ કરી શકે છે ? અને કયા ઉચિત કૃત્યો કરવાથી ક્રિયાકાળમાં પોતાનો પ્રમાદનો ભાવ છે તેની હાનિ થાય છે ? તે પ્રકારનો યથાર્થ નિર્ણય કરીને તે અનુષ્ઠાન સેવવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ અને તે રીતે દૃઢ સંકલ્પ કરીને પોતાના ગુણોની વૃદ્ધિ થાય તથા વીતરાગના વચનને છોડીને અન્યત્ર યત્ન કરાવે તેવા પ્રકારના અનાદિના પ્રમાદનો નિગ્રહ થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ, જેથી સદા સંયમના કંડકોની વૃદ્ધિ સાધુને પ્રાપ્ત થાય. **॥૭૨/૩૪૧॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

प्रतिपक्षासेवनम् ।।७३/३४२।।

સૂત્રાર્થ :-

સાધુએ પ્રતિપક્ષનું આસેવન કરવું જોઈએ=જે દોષ પોતાના સંયમયોગમાં વારંવાર સ્ખલના કરતો હોય તે દોષના પ્રતિપક્ષભૂત એવા ગુણનું આસેવન કરવું જોઈએ. ।।૭૩/૩૪૨।।

ટીકા :-

यो हि यदा येन दोषेण बाध्यमानो भवति तेन तदा तत्प्रतिपक्षभूतस्य गुणस्यासेवनं कार्यम्, हिमपातपीडितेनेवाग्नेरिति ।।७३/३४२।।

ટીકાર્થ :-

यो हि ..... अग्नेरिति ।। જે=જે સાધુ, જ્યારે=જે કાળમાં, જે દોષથી બાધા પામતો હોય તે સાધુ વડે ત્યારે=દોષના બાધાકાળમાં, તેના પ્રતિપક્ષભૂત ગુણનું આસેવન કરવું જોઈએ. જેમ ઠંડીથી પીડિત પુરુષે અગ્નિનું સેવન કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૭૩/૩૪૨॥

ભાવાર્થ :-

જેમ શીતાદિથી પીડિત પુરુષ અગ્નિનું તાપણું કરીને ઠંડીની બાધાને દૂર કરે છે તેમ સાધુએ આત્માના અનુપ્રેક્ષણ દ્વારા પોતાનામાં વર્તતા ચારિત્રના બાધક દોષોનું સૂક્ષ્મ અવલોકન કરીને જે દોષ આપાદક કર્મો પોતાનામાં પ્રચુર છે તેના કારણે પોતે વિશેષ પ્રકારના ચારિત્રમાં ઉદ્યમ કરી શકતા નથી અને નિમિત્તને પામીને સંયમની ક્રિયા કરવા છતાં સ્ખલના પામે છે તે દોષોને સ્મૃતિમાં રાખીને તે દોષો જ્યાં સુધી મંદ ન થાય ત્યાં સુધી તે દોષના પ્રતિપક્ષભૂત ગુણોનું સ્મરણ કરીને તે ગુણમાં ઉપયોગ વર્તે તે પ્રકારે સદા યત્ન કરવો જોઈએ. જેમ કોઈ સાધુ બુદ્ધિમાન હોય, શાસ્ત્રમાં નિપુણ પ્રજ્ઞાવાળા હોય, સંવેગયુક્ત ઉચિત ઉપદેશ દ્વારા ઘણા જીવોનો ઉપકાર કરી શકતા હોય અને તે ગુણના કારણે મહાત્માઓ અને શ્રાવકો તેમના ગુણની સદા પ્રશંસા કરતા હોય અને તે પ્રશંસાને કારણે પોતાના ચિત્તમાં કાંઈક પ્રીતિ થતી હોય તો તે સાધુનો માનકષાય તેના ચારિત્રને કાંઈક બાધા કરે છે. અને તે બાધાનું સૂક્ષ્મ પ્રજ્ઞાથી અવલોકન કરીને જો તે સાધુ વિચારે કે સિંહ જેવા પરાક્રમ કરનારા અને મહા બુદ્ધિધન પૂર્વના ઋષિઓ આગળ હું અતિ નીચલી ભૂમિકામાં છું માટે સદા પોતાની હીનતાનું ભાવન કરીને તેવા ઉત્તમ પુરુષના ગુણોનું અવલંબન લઈને આત્માને ભાવિત કરે તો તે બાધ કરતો દોષ ક્રમે કરીને નિવર્તન પામે છે તે રીતે જે જે દોષો પોતાને સ્ખલના કરતા હોય તે તે દોષોનું પ્રતિપક્ષ ભાવન સાધુ કરે તો ક્રમસર ચારિત્ર નિરાબાધ થતું હોય છે. **॥૭૩/૩૪૨॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

आज्ञानुस्मृतिः ।।७४/३४३।।

સૂત્રાર્થ :-

આજ્ઞાની સ્મૃતિ કરવી જોઈએ. ॥૭૪/૩૪૩॥

ટીકા :-

'आज्ञाया' भगवद्वचनस्य पदे पदे हृदयेऽनुस्मृतिः कार्या, भगवद्वचनानुस्मरणस्य भगवत्स्मरणरूपत्वेन महागुणत्वात्, यदुक्तम्-

"अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।

हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसंसिद्धिः ।।१९७।।" **[षोडश० २।१४] इति ।।७४/३४३।।**

ટીકાર્થ :-

'आज्ञाया' ..... इति ।। સાધુએ આજ્ઞાનું=ભગવાનનાં વચનનું પદેપદે=દરેક પ્રવૃત્તિ કરતી વખતે હૃદયમાં અનુસ્મરણ કરવું જોઈએ; કેમ કે ભગવાનનાં વચનના સ્મરણનું ભગવાનના સ્મરણરૂપપણું હોવાથી મહાગુણપણું છે. જે કારણથી કહેવાયું છે –

"આ હૃદયમાં હોતે છતે=ભગવાનનું વચન હૃદયમાં હોતે છતે તત્ત્વથી મુનીન્દ્ર=વીતરાગ એવા તીર્થંકર હૃદયમાં છે અને વીતરાગ એવા તીર્થંકર હૃદયમાં હોતે છતે નિયમથી સર્વ પ્રયોજનની સંસિદ્ધિ છે. ।।૧૯૭।।" **(ષોડશક - ૨/૧૪) ।।૭૪/૩૪૩।।**

ભાવાર્થ :-

સાધુએ સંયમજીવનના પ્રારંભથી માંડીને પ્રતિદિન જે કાંઈ સંયમની ઉચિત ક્રિયા કરવાની હોય તે ક્રિયાના પ્રારંભમાં ભગવાનના વચનનું સ્મરણ કરવું જોઈએ અને વિચારવું જોઈએ કે ભગવાને આ ક્રિયા આ બાહ્ય વિધિથી અને આ અંતરંગ ઉપયોગથી આ રીતે કરીને પોતાના તુલ્ય થવા માટે=ભગવાનના તુલ્ય થવા માટે, ઉપદેશ આપેલો છે, તેથી સાધુની દરેક ક્રિયા પૂર્વે વીતરાગ, વીતરાગરૂપે સ્મરણમાં આવે છે અને વીતરાગ થવાના યત્નરૂપે જ તે ક્રિયામાં યત્ન થાય છે, તેથી આજ્ઞાના સ્મરણપૂર્વક કરાયેલી ક્રિયાથી સતત વીતરાગતાને અનુકૂળ અંતરંગ શક્તિનો સંચય થાય છે અને તે તે ક્રિયામાં ક્યાંય સ્ખલના થાય ત્યારે પણ વીતરાગનાં વચનનું સ્મરણ કરીને તે સ્ખલનાની શુદ્ધિનો સંકલ્પ કરીને સાધુ ઉચિત કાળે તે સ્ખલનાની શુદ્ધિ કરે છે. તેથી જે સાધુના હૈયામાં વીતરાગ થવાના ઉપાયરૂપે વીતરાગનું સ્મરણ સદા વર્તતું હોય તે મહાત્માને સર્વ પ્રયોજનોની સિદ્ધિ થાય છે; કેમ કે વીતરાગના ગુણોથી ભાવિત થયેલું તે મહાત્માનું ચિત્ત સદ્ગતિઓની પરંપરા દ્વારા શીઘ્ર તે મહાત્માને વીતરાગ તુલ્ય બનાવશે. **।।૭૪/૩૪૩।।**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

समशत्रुमित्रता ।।७५/३४४।।

સૂત્રાર્થ :-

સમશત્રુમિત્રતામાં સાધુએ યત્ન કરવો જોઈએ. ।।૭૫/૩૪૪।।

ટીકા :-

शत्रौ मित्रे च समानपरिणामता, एको हि तत्र निर्भर्त्सनादिभिरन्यस्तु स्तुतिवन्दनादिभिः स्वचित्तसंतोषं घटयन्तौ मां निमित्तमात्रमवलम्ब्य प्रवृत्तौ द्वावपि, न तु मत्कार्यं किञ्चनेति, ततः कोऽनयोरूनोऽधिको वा ममेति भावनया ।।७५/३४४।।

ટીકાર્થ :-

शत्रौ ..... भावनया ।। શત્રુ અને મિત્રમાં સમાન પરિણામતા સાધુએ ધારણ કરવી જોઈએ.

કઈ રીતે સમાન પરિણામતા ધારણ કરવી જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

તે બેમાં એક નિર્ભર્ત્સનાદિ વડે, વળી અન્ય સ્તુતિ વંદનાદિ વડે, સ્વચિત્તના સંતોષને કરતાં મારું નિમિત્ત માત્રનું અવલંબન લઈને બન્ને પણ પ્રવૃત્ત છે પરંતુ મારું કંઈ કાર્ય નથી=નિર્ભર્ત્સના આદિથી કે સ્તુતિથી મારું કંઈ પણ કાર્ય થતું નથી, માટે આ બન્નેમાં મને કોણ ન્યૂન કે અધિક છે ?=મારા માટે બંને સરખા છે, એ પ્રકારની ભાવનાથી સાધુએ સમાન પરિણામતા ધારણ કરવી જોઈએ. ।।૭૫/૩૪૪।।

ભાવાર્થ :-

સાધુએ જેમ ભગવાનની આજ્ઞાના સ્મરણરૂપે સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ તેમ પોતાના વિષયક અન્યનાં નિંદાના વચનો કે સ્તુતિવચનો સ્પર્શે નહિ તે પ્રકારે મનોગુપ્તિને સ્થિર કરવા અર્થે સદા સૂક્ષ્મ બુદ્ધિથી સમાલોચન કરવું જોઈએ કે કોઈ પોતાની નિંદા કરે છે કે કોઈ પોતાની સ્તુતિ, વંદના કરે છે ? તેઓ પોતાના નિમિત્તમાત્રનું અવલંબન લઈને પોતાની પ્રકૃતિ અનુસાર ચિત્તમાં સંતોષ પામે છે પરંતુ તેઓની તે પ્રવૃત્તિથી પોતાને કોઈ અર્થની પ્રાપ્તિ થતી નથી કે પોતાને કોઈ અનર્થની પણ પ્રાપ્તિ થતી નથી. કેવળ પોતે પરમાર્થથી ભાવિત ન હોય તો શત્રુના વચનથી ક્લેશ કરીને કર્મ બાંધે છે કે સ્તુતિ-વંદનાદિના વચનથી ક્લેશ કરીને કર્મ બાંધે છે, તેથી પોતાના માટે નિંદા કરનાર કે પ્રશંસા કરનાર તુલ્ય છે તે પ્રકારના પરમાર્થને સૂક્ષ્મ પ્રજ્ઞાથી અવલોકન કરીને સદા આત્માને ભાવિત રાખે તો શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવવાળું ચિત્ત થાય છે અને પોતાના સમભાવના પરિણામથી જ પોતાને હિતની પ્રાપ્તિ થાય છે તે પ્રકારે ભાવિત થઈને સાધુએ સદા સમભાવમાં યત્ન કરવો જોઈએ. **।।૭૫/૩૪૪।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

परीषहजयः ।।७६/३४५।।

સૂત્રાર્થ :-

સાધુએ પરિષહજય કરવો જોઈએ. ।।૭૬/૩૪૫।।

ટીકા :-

'परीषहाणां' क्षुत्पिपासादीनां द्वाविंशतेरपि 'जयः' अभिभवः, तत्र दर्शनपरीषहस्य मार्गाच्यवनार्थं शेषाणां च कर्मनिर्जरार्थं कार्य इति, यथोक्तम् – "मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः" **[तत्त्वार्थ० ९।८] इति ।।७६/३४५।।**

ટીકાર્થ :-

'परीषहाणां' ..... इति ।। ક્ષુધા-તૃષા આદિ બાવીસે પણ પરિષહોનો જય=અભિભવ સાધુએ કરવો જોઈએ. ત્યાં=૨૨ પરિષહમાં, દર્શનપરિષહનું માર્ગ અચ્યવન માટે અને બાકીના પરિષહોનો કર્મનિર્જરા માટે જય કરવો જોઈએ. જે કારણથી કહેવાયું છે –

"માર્ગના અચ્યવન માટે=રક્ષણ માટે અને નિર્જરા માટે પરિષહો સહન કરવા જોઈએ." **(તત્ત્વાર્થ૦ ૯/૮)**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૬/૩૪૫।।

ભાવાર્થ :-

સાધુ સમભાવને ધારણ કરીને ભગવાનની આજ્ઞાનું પદે પદે સ્મરણ કરીને સર્વ ઉચિત ક્રિયાઓ કરતા હોય તો સૂક્ષ્મ રીતે શાતાની અર્થિતા અંદરમાં હોય તો વિશેષ સમભાવનો પરિણામ ઉત્થિત થાય નહીં, તેથી સમભાવને વ્યાઘાત ન થાય તેને સ્મૃતિમાં રાખીને ક્ષુધા પિપાસા વગેરે પ્રતિકૂળ ભાવોમાં પણ સમભાવની વૃદ્ધિનો યત્ન સ્ખલના ન પામી શકે તે માટે શક્તિને ગોપવ્યા વગર ક્ષુધા તૃષા આદિ ભાવોની ઉપેક્ષા કરીને દૃઢ ઉદ્યમપૂર્વક સ્વાધ્યાય આદિમાં યત્ન કરવો જોઈએ જેથી ક્ષુધા-તૃષા આદિ ભાવો પણ સમભાવની વૃદ્ધિમાં બાધક થવાને બદલે સમભાવની વૃદ્ધિનાં ઉપષ્ટંભક બને. આથી જ વીર ભગવાન શીતકાળમાં સૂર્યનાં કિરણો ન આવે ત્યાં ધ્યાનમાં ઊભા રહેતા હતા અને ગ્રીષ્મઋતુમાં સૂર્યનો તાપ પ્રાપ્ત થાય ત્યાં ઊભા રહેતા હતા, તેથી તે પ્રતિકૂળ ભાવમાં પણ અંતરંગ ઉદ્યમ સ્ખલના ન પામે તેવા વીર્યનું આધાન થાય

છે જેનાથી કર્મની નિર્જરાની પ્રાપ્તિ થાય છે. વળી, સમ્યગ્દર્શન પરિષહનો જય પોતે માર્ગથી ભ્રષ્ટ ન થાય તેના માટે સાધુએ કરવો જોઈએ. જેમ કોઈ સાધુ શાસ્ત્રના સૂક્ષ્મ પદાર્થોમાં હજુ નિષ્પન્ન થયા ન હોય અને ભગવાનનાં વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા થઈને સમભાવની વૃદ્ધિમાં યત્ન કરતા હોવા છતાં તેવા સાધુ અન્ય દર્શનના વિદ્વાનોની યુક્તિઓ સાંભળે અને સૂક્ષ્મપ્રજ્ઞાનો અભાવ હોય તો ભગવાનના વચનમાં તે સાધુને સંશય થાય. તેથી તેના રક્ષણ માટે તે સાધુએ અન્ય દર્શનના વિદ્વાનોથી દૂર રહીને સમ્યગ્દર્શન પરિષહનો જય કરવો જોઈએ. **॥૭૬/૩૪૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

उपसर्गातिसहनम् ।।७७/३४६।।

સૂત્રાર્થ :-

ઉપસર્ગોનું અતિસહન કરવું જોઈએ=ઉપસર્ગોનો અભિભવ કરવો જોઈએ. ।।૭૭/૩૪૬।।

ટીકા :-

उपसृज्यन्ते पीडापरिगतैर्वेद्यन्ते ये ते 'उपसर्गाः,' ते च दिव्यमानुषतैरश्चाऽऽत्मसंवेदनीयभेदाच्चतुर्धा, तेषामतिसहनम् अभिभवनम्, अन्यथा व्यसनमयत्वेन संसारस्य तेषामनतिसहने मूढमतित्वप्रसङ्गात्, यथोक्तम् –

"संसारवर्त्यपि समुद्विजते विपद्भ्यो यो नाम मूढमनसां प्रथमः स नूनम् ।
अम्भोनिधौ निपतितेन शरीरभाजा संसृज्यतां किमपरं सलिलं विहाय ।।१९८।।" []

इति ।।७७/३४६।।

ટીકાર્થ :-

उपसृज्यन्ते ..... इति ।। પીડાથી પરિગત એવા જીવ વડે જે વેદન થાય તે ઉપસર્ગ કહેવાય. અને તે=ઉપસર્ગો દેવ સંબંધી, મનુષ્ય સંબંધી, તિર્યંચ સંબંધી અને આત્માના સંવેદનીયના ભેદથી ચાર પ્રકારના છે. તેઓનું=ઉપસર્ગોનું અતિસહન=અભિભવ=પોતાની સાધનામાં વ્યાઘાતક ન બને તે રીતે તેના પ્રત્યે ઉપેક્ષામાં યત્ન કરવાથી તેનું નિષ્ફલીકરણ, કરવું જોઈએ. અન્યથા=ઉપસર્ગોનો અભિભવ ન કરવામાં આવે તો, સંસારનું વ્યસનમયપણું હોવાને કારણે=સંસારનું આપત્તિમયપણું હોવાને

કારણે, તેના અનતિસહનમાં=તેનો અભિભવ નહીં કરવામાં, મૂઢમતિપણાનો પ્રસંગ છે=નિમિત્તો પ્રમાણે ભાવો કરવા રૂપ મૂઢમતિપણાનો પ્રસંગ છે. જે કારણથી કહેવાયું છે –

"સંસારવર્તી પણ જે પુરુષ આપત્તિથી ઉદ્વેગ પામે છે તે ખરેખર મૂઢમનવાળામાં પ્રથમ છે=મોખરે છે.

કેમ મોખરે છે ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

દરિયામાં પડેલા પુરુષ વડે પાણીને છોડીને બીજું શું સંસર્ગને પામે ? અર્થાત્ પાણીનો જ સંસર્ગ થાય તેમ સંસારરૂપી સમુદ્રમાં આપત્તિનો જ સંસર્ગ થાય. ।।૧૯૮।।" ()

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૭/૩૪૬।।

ભાવાર્થ :-

સાધુએ સંયમના કંડકોની વૃદ્ધિ અર્થે સતત તત્ત્વનું ભાવન કરવું જોઈએ. જેથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય અને તેના ઉપાયરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે સાધુએ ઉપસર્ગોને તે રીતે સહન કરવા જોઈએ જેથી ઉપસર્ગોની ઉપેક્ષા કરીને સમભાવની વૃદ્ધિને અનુકૂળ દૃઢ વ્યાપાર કરી શકે. ક્વચિત્ સમભાવને અનુકૂળ યત્ન કરવાનો જે શક્તિસંચય થયો છે તેને વ્યાઘાત કરે તેવા ઉપસર્ગોની પ્રાપ્તિ થાય તો, સાધુ વિવેકપૂર્વક તેનો પરિહાર કરીને સમભાવમાં ઉદ્યમ કરે; પરંતુ ઉપસર્ગને નહિ સહન કરવાની વૃત્તિને ધારણ કરીને સદા તેના નિવારણમાં જ ઉદ્યમ કરે અને ઉપસર્ગ આવે ત્યારે ખેદ આદિ દોષોને ધારણ કરે તો મૂઢમતિની પ્રાપ્તિ થાય; કેમ કે સંસાર જન્મ-જરા-મરણ આદિ આપત્તિથી ભરાયેલો છે અને તેની ઉપેક્ષા કરીને તેના ઉચ્છેદ માટે જેઓ યત્ન કરતા નથી તેઓ મૂઢમતિવાળા છે. માટે આત્મવંચના કર્યા વગર સાધુએ સદા સંયમના કંડકોની વૃદ્ધિનું કારણ બને તે રીતે ઉપસર્ગોને જીતવામાં યત્ન કરવો જોઈએ. **।।૭૭/૩૪૬।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

सर्वथा भयत्यागः ।।૭૮/૩૪૭।।

સૂત્રાર્થ :-

સર્વથા ભયનો ત્યાગ કરવો જોઈએ. ।।૭૮/૩૪૭।।

ટીકા :-

'सर्वथा' सर्वैः प्रकारैरिहलोकपरलोकभयादिभिर्भयस्य भीतेस्त्यागः परित्यागः, निरतिचार-

यतिसमाचारवशोपलब्धसमुत्कृष्टोपष्टम्भतया मृत्योरपि नोद्विजितव्यम्, किं पुनरन्यभयस्थानेभ्य इति, अत एवोक्तमन्यत्र –

"प्रायेणाकृतकृत्यत्वान्मृत्योरुद्विजते जनः ।
कृतकृत्याः प्रतीक्षन्ते मृत्युं प्रियमिवातिथिम् ।।१९९।।" [ ] **।।७८/३४७।।**

टीकार्थ :-

'सर्वथा' ..... प्रियमिवातिथिम् ।। सर्वथा=આલોક અને પરલોકના ભયાદિ સર્વ પ્રકારથી, ભયનો ત્યાગ કરવો જોઈએ; કેમ કે નિરતિચાર યતિના સમાચારના વશથી પ્રાપ્ત થયેલા ઉત્કૃષ્ટ ઉપષ્ટંભકપણાને કારણે=પ્રાપ્ત થયેલા ઉત્કૃષ્ટ સત્ત્વને કારણે, સાધુએ મૃત્યુથી પણ ઉદ્વેગ કરવો જોઈએ નહીં. તો વળી અન્ય ભયસ્થાનોથી કેવી રીતે ઉદ્વેગ પામે ? આથી જ=સાધુએ નિર્ભય થવું જોઈએ આથી જ, અન્યત્ર કહેવાયું છે –

"પ્રાયઃ કરીને અકૃત ઉચિત કૃત્યપણું હોવાથી લોક મૃત્યુથી ઉદ્વેગ પામે છે. કૃતકૃત્ય પુરુષો તો પ્રિય અતિથિની જેમ મૃત્યુની પ્રતીક્ષા કરે છે. ।।૧૯૯।।" () **।।૭૮/૩૪૭।।**

ભાવાર્થ :-

સાધુએ પોતાના યોગમાર્ગના પ્રયત્નના પ્રકર્ષ અર્થે સર્વથા ભયનો ત્યાગ કરવો જોઈએ=આ લોકના પ્રતિકૂળ સંયોગો આવશે, મૃત્યુ આવશે ઇત્યાદિનો ભય ધારણ કરવો જોઈએ નહિ અને પરલોકમાં ક્યાં જઈશું, શું થશે ? ઇત્યાદિનો ભય ધારણ કરવો જોઈએ નહિ. પરંતુ વિચારવું જોઈએ કે સંસાર ભયથી વ્યાપ્ત હોવા છતાં, તેમાંથી છૂટવાના પ્રબળ આલંબનરૂપ ભગવાનનું અને ભગવાનનાં વચનનું જેને શરણ મળ્યું છે તેને કોઈ ભય નથી. અને પોતે ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે અને જાણ્યા પછી સ્વભૂમિકા અનુસાર ધર્મ સેવવા યત્ન કરે છે તો અવશ્ય પોતાનાથી કરાયેલો ધર્મ તેનું રક્ષણ કરશે. આથી જ નિરતિચાર ચારિત્ર પાળનારા મહાત્માઓ નિરતિચાર ચારિત્રના પાલનના બળથી ઉત્કૃષ્ટ શક્તિનો સંચય કર્યો હોવાથી મૃત્યુથી પણ ભય પામતા નથી પરંતુ સર્વત્ર નિર્ભય થઈને સમભાવમાં ઉદ્યમ કરે છે; કેમ કે સમભાવનો જ પ્રકર્ષ આત્માને મોક્ષઅવસ્થામાં સંપૂર્ણ ભયથી પર કરશે. **।।૭૮/૩૪૭।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

तुल्याश्मकाञ्चनता ।।७९/३४८।।

સૂત્રાર્થ :-

પત્થર અને સુવર્ણ પ્રત્યે તુલ્યતાનો પરિણામ ધારણ કરવો જોઈએ. ॥૭૯/૩૪૮॥

ટીકા :-

'तुल्ये' समाने अभिष्वङ्गाविषयतया 'अश्मकाञ्चने' उपलसुवर्णे यस्य स तथा, तद्भावस्तत्ता ॥૭૯/૩૪૮॥

ટીકાર્થ :-

'तुल्ये' ..... तद्भावस्तत्ता ॥ तुल्य=રાગના અવિષયપણાથી સમાન એવા પત્થર અને સુવર્ણ છે જેને તે પુરુષ તેવો છે=તુલ્યપત્થરસુવર્ણવાળો છે, તેનો ભાવ તેપણું=તુલ્યપત્થરસુવર્ણતા સાધુએ ધારણ કરવી જોઈએ. ॥૭૯/૩૪૮॥

ભાવાર્થ :-

સાધુએ આત્માના સમભાવના પરિણામથી અન્યત્ર ઉપેક્ષાના પરિણામની નિષ્પત્તિ અર્થે સદા વિચારવું જોઈએ કે પત્થર પણ પુદ્ગલ છે અને સુવર્ણ પણ પુદ્ગલ છે. પત્થર પણ આત્માને અનુપયોગી છે અને સુવર્ણ પણ આત્માને અનુપયોગી છે. આત્માનો મોક્ષને અનુકૂળ ભાવ જ આત્મા માટે ઉપયોગી છે, તેથી જગતના અસાર એવા પત્થરાદિ ભાવો અને સારભૂત એવા સુવર્ણાદિ ભાવો આત્માને સદા તુલ્ય ભાસે તે પ્રકારે પદાર્થના સૂક્ષ્મ અવલોકનથી આત્માને ભાવિત કરવો જોઈએ જેથી પુદ્ગલાત્મક સુંદર પદાર્થો કે પુદ્ગલાત્મક અસુંદર પદાર્થોને જોઈને ક્યાંય પક્ષપાતનો પરિણામ ન થાય જેથી બાહ્ય પદાર્થોને અવલંબીને થતા કાલુષ્યિનો અભાવ થાય.

અહીં પત્થરમાં અને સુવર્ણમાં તુલ્યતા કહેવાથી અર્થથી સર્વ પુદ્ગલો પ્રત્યે તુલ્યતાનું ભાવન સાધુએ કરવું જોઈએ એમ બતાવેલ છે. **॥૭૯/૩૪૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अभिग्रहग्रहणम् ॥૮૦/૩૪૯॥

સૂત્રાર્થ :-

અભિગ્રહનું ગ્રહણ કરવું જોઈએ. ॥૮૦/૩૪૯॥

ટીકા :-

'अभिग्रहाणां' द्रव्यक्षेत्रकालभावभेदभिन्नानाम् –

"लेवडमलेवडं वा अमुगं दव्वं च अज्ज घेच्छामि ।

अमुगेण व दव्वेण व अह दव्वाभिग्गहो एस ।।२००।।" **[पञ्च० २९८]**

[लेपकृदलेपकृद्वा अमुकं द्रव्यं चाऽद्य ग्रहीष्यामि ।

अमुकेन द्रव्येण वा अथ द्रव्याभिग्रहो एषः ।।१।।]

इत्यादिशास्त्रसिद्धानां 'ग्रहणम्' अभ्युपगमः कार्यः ।।८०/३४९।।

ટીકાર્થ :-

'अभिग्रहाणां' ..... कार्यः ।। द्रव्य, क्षेत्र, કાળ અને ભાવના ભેદથી અનેક પ્રકારના અભિગ્રહોનો=

"લેપવાળા અથવા અલેપવાળા અમુક દ્રવ્યોને આજે હું ગ્રહણ કરીશ અથવા અમુક દ્રવ્ય વડે અપાયેલી ગોચરી હું ગ્રહણ કરીશ આ દ્રવ્યઅભિગ્રહ છે. ।।२००।।" **(પંચવસ્તુક० २९८)**

ઈત્યાદિ શાસ્ત્રપ્રસિદ્ધ અભિગ્રહનો=સાધુએ સ્વીકાર કરવો જોઈએ, એમ અન્વય છે. ।।८०/३४९।।

ભાવાર્થ :-

સાધુ ગોચરી અર્થે જાય ત્યારે આહાર મળશે તો તેના દ્વારા દેહને પુષ્ટ કરીને સંયમમાં દૃઢ યત્ન કરીશ અને આહાર નહિ મળે તો તપ દ્વારા આત્માને ભાવિત કરીને સંયમની વૃદ્ધિ કરીશ એ પ્રકારના ભાવોથી ભાવિત થઈને આહારની પ્રાપ્તિ અને આહારની અપ્રાપ્તિ પ્રત્યે સમભાવને ધારણ કરતાં ભિક્ષા માટે જાય છે તે વખતે વિશેષ પ્રકારના સમભાવની વૃદ્ધિ અર્થે અભિગ્રહો ગ્રહણ કરે છે અને તે અભિગ્રહના બળથી સમભાવની વૃદ્ધિ કરે છે; કેમ કે સાધુને સામાન્યથી સર્વ દોષોથી રહિત ભિક્ષા પણ દુર્લભ હોય છે. તે દોષોના પરિહાર અર્થે પ્રયત્ન કર્યા પછી વિશેષ પ્રકારના અભિગ્રહો ગ્રહણ કરે અને તે પ્રકારે ભિક્ષા મળે તો જ ગ્રહણ કરવું અન્યથા નહિ, એ પ્રકારના દૃઢ સંકલ્પપૂર્વક ભિક્ષા માટે યત્ન કરે છે ત્યારે ભિક્ષાની પ્રાપ્તિ અતિદુર્લભ હોવા છતાં મનની કોઈ જાતની ગ્લાનિ વગર ઉચિત ગવેષણા કરે ત્યારે સમભાવનો પરિણામ વિશેષ વૃદ્ધિ પામે છે, તેથી સમભાવના અર્થી સાધુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને શાસ્ત્રમાં કહેલા અનેક પ્રકારના અભિગ્રહોમાંથી સ્વશક્તિ અનુસાર અભિગ્રહ ગ્રહણ કરીને સંયમની વૃદ્ધિ કરે છે.

જેમ વીર ભગવાને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અભિગ્રહ ગ્રહણ કરેલ જેનું પારણું ૫ મહિના અને ૨૫ દિવસે ચંદનબાળાના હાથે થયેલ. **॥८०/३४९॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

विधिवत् पालनम् ।।८१/३५०।।

સૂત્રાર્થ :-

વિધિપૂર્વક પાલન કરવું જોઈએ=સ્વીકારાયેલા અભિગ્રહનું પાલન કરવું જોઈએ. ।।૮૧/૩૫૦।।

ટીકા :-

'विधिवद्' विधियुक्तं यथा भवति, 'पालनम्' अभिग्रहाणामिति ।।८१/३५०।।

ટીકાર્થ :-

'विधिवद्' ..... अभिग्रहाणामिति ।। विधिवાળું=વિધિયુક્ત જે પ્રમાણે થાય તે પ્રમાણે અભિગ્રહનું પાલન કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૮૧/૩૫૦।।

ભાવાર્થ :-

સાધુને ભિક્ષા ગ્રહણ કરવા માટે શાસ્ત્રમાં જે અભિગ્રહ ગ્રહણ કરવાના કહ્યા છે, તે અભિગ્રહ-ગ્રહણનું મુખ્ય પ્રયોજન એ છે કે અભિગ્રહના કારણે ભિક્ષાની અપ્રાપ્તિ થાય ત્યાં સુધી સાધુ પ્રતિદિન વિધિપૂર્વક અને ચિત્તની ઉત્સુકતા વગર ભિક્ષા અર્થે જાય છે અને જ્યાં સુધી ભિક્ષા અપ્રાપ્ત થાય ત્યાં સુધી સાધુને ભિક્ષાની અપ્રાપ્તિના કારણે સહેજ પણ ગ્લાનિ થતી નથી, પરંતુ ઉચિત યતનાના બળથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય તે પ્રકારનો સાધુનો અંતરંગ ઉપયોગ પ્રવર્તે એ અભિગ્રહની વિધિનું મુખ્ય અંગ છે. તેથી સાધુએ ગ્રહણ કરાયેલા અભિગ્રહનું તે રીતે વિધિપૂર્વક પાલન કરવું જોઈએ, જેથી અદીનભાવપૂર્વકની ભિક્ષાની ગવેષણાની પ્રવૃત્તિથી સમભાવની વૃદ્ધિ થાય. **।।૮૧/૩૫૦।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

यथार्हं ध्यानयोगः ।।८२/३५१।।

સૂત્રાર્થ :-

યથાયોગ્ય ધ્યાનયોગનું સેવન કરવું જોઈએ. ।।૮૨/૩૫૧।।

ટીકા :-

'यथार्हं' यो यस्य योग्यस्तदनतिक्रमेण 'ध्यानयोगो' ध्यानयोर्धर्मशुक्ललक्षणयोर्योगः, अथवा 'यथार्ह'मिति यो देशः कालो वा ध्यानस्य योग्यस्तदनुल्लङ्घनेनेति ।।८२/३५१।।

ટીકાર્થ :-

यथार्हं ..... उल्लङ्घनेनेति ।। યથાયોગ્ય=જે સાધુ જેને યોગ્ય હોય=જે પ્રકારના ધ્યાનને યોગ્ય હોય તેના અનતિક્રમ વગર ધ્યાનયોગનું સેવન કરવું જોઈએ=ધર્મધ્યાન, શુક્લ ધ્યાનરૂપ બે પ્રકારનાં ધ્યાનનું સેવન કરવું જોઈએ અથવા યથાયોગ્ય એટલે જે દેશ, કાળ ધ્યાનને યોગ્ય છે તેના અનુલ્લંઘનથી ધ્યાન કરવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૮૨/૩૫૧।।

ભાવાર્થ :-

સાધુએ સંયમની સર્વ ક્રિયાઓ તે પ્રકારના દૃઢ ઉપયોગપૂર્વક કરવી જોઈએ; જેથી ક્રિયાકાળમાં અસ્ખલિત સૂત્ર-અર્થ અનુસાર ચિત્ત ગમન કરી શકે તે પ્રકારની સ્થિરતાને પ્રાપ્ત કરે. અને તે પ્રકારે સર્વક્રિયા કરવાને કારણે બાહ્ય પદાર્થોમાંથી આનંદ લેવાની ઉત્સુકતા શાંત થાય છે અને સૂત્ર-અર્થ અનુસાર ભાવ કરીને શાંતરસમાંથી આનંદ લેવાને અનુકૂળ ચિત્ત નિષ્પન્ન થાય છે અને તેવા સાધુ પોતાની યોગ્યતાનો વિચાર કરીને, વિચારે કે "કયા પ્રકારના ધ્યાનમાં હું યત્ન કરીશ કે જેથી દીર્ઘકાળ સુધી જિનવચનના અર્થને સ્પર્શનાર કોઈ એક પદાર્થ વિષયક ચિત્તનો ઉપયોગ પ્રવર્તી શકે" અને તે પ્રમાણે ધ્યાનમાં પ્રયત્ન કરવાથી વિશેષ પ્રકારનું સ્થૈર્ય પ્રગટે છે અને તે ધ્યાન ધર્મધ્યાન અને શુક્લધ્યાનનાં બે ભેદવાળું છે.

વળી, ધ્યાનને માટે આદ્યભૂમિકાવાળા સાધુએ ઉપવન આદિ યોગ્ય દેશમાં અને ઉચિતકાળમાં ધ્યાનને માટે યત્ન કરવો જોઈએ, પરંતુ દેશ-કાળનો વિચાર કર્યા વગર માત્ર ધ્યાન કરવા યત્ન કરે તો પરમાર્થથી ચિત્ત તે પ્રકારના પરિણામને સ્પર્શી શકે નહિ, જેથી પારમાર્થિક ધ્યાનની પ્રાપ્તિ થાય નહિ.

વળી, સાધુને માટે વીતરાગતાને અભિમુખ જિનવચન અનુસાર એકાગ્રતાવાળું ચિત્ત થાય તે રીતે જ ધ્યાન અભિમત છે, માત્ર સામાન્ય વિચારો ધ્યાનરૂપ નથી. વળી, સાધુ સૂત્ર-અર્થમાં દૃઢ યત્ન કરીને ક્રિયાઓ કરે છે તેમાં પણ તે સામાન્ય વિચારો કરતાં ઘણા વિશેષ ભાવો પ્રગટે છે અને તેનાથી પણ વિશેષ પ્રકારના ભાવો સાધુ ધ્યાનયોગથી પ્રાપ્ત કરે છે. **॥૮૨/૩૫૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अन्ते संलेखना ।।८३/३५२।।

સૂત્રાર્થ :-

અંતે=આયુષ્યના પર્યંત કાળમાં સંલેખના કરવી જોઈએ. ।।૮૩/૩૫૨।।

ટીકા :-

'अन्ते' आयुःपर्यन्ते विज्ञाते सति 'संलेखना' शरीरकषाययोस्तपोविशेषभावनाभ्यां कृशीकरणम् ।।८३/३५२।।

ટીકાર્થ :-

'अन्ते' ..... कृशीकरणम् ।। અંતે=આયુષ્યનો પર્યંતકાળ જણાયે છતે સંલેખના કરવી જોઈએ=તપવિશેષ અને ભાવના દ્વારા શરીર અને કષાયોને પાતળા કરવા જોઈએ. ।।૮૩/૩૫૨।।

ભાવાર્થ :-

સાધુ સંસારના અંતને કરવા માટે સદા ઉદ્યમ કરે છે, જેથી ભિક્ષાગ્રહણકાળથી દેહને સ્વભૂમિકા અનુસાર તપાદિ દ્વારા કૃશ કરે છે. અને નવું નવું શ્રુતઅધ્યયન કરીને આત્માને સદા ભાવિત કરે છે જેથી કષાયો સદા કૃશ થાય છે. તોપણ, જીવનનો અંત સમય નજીક છે તેનો નિર્ણય ઉપાય દ્વારા કરીને વિશેષ પ્રકારે દેહને અને કષાયોને કૃશ કરવા માટે સાધુ સંલેખના કરે છે. જે સંલેખના કાળ દરમ્યાન સતત સૂત્ર-અર્થથી આત્માને વાસિત કરે છે અને તપવિશેષથી દેહને અને કષાયોને અત્યંત કૃશ કરે છે, જેના બળથી ઉત્તરનો યોગમાર્ગનો સાધક એવો ઉચિત દેવભવ પ્રાપ્ત થાય છે અને સંઘયણ આદિ અનુકૂળ હોય તો આ ભવમાં કેવળજ્ઞાન આદિ પ્રાપ્ત થઈ શકે છે; કેમ કે કૃશ-કૃશતર થતા કષાયો અને દેહ, ક્ષાયિક ક્ષમાદિ ભાવમાં વિશ્રાંત થાય તો તે મહાત્મા વીતરાગ બને છે. માટે સંસારના ઉચ્છેદના અર્થી સાધુએ જીવનના અંત સમયે સંલેખના કરવી જોઈએ. **॥૮૩/૩૫૨॥**

અવતરણિકા :-

પરમત્ર –

અવતરણિકાર્થ :-

પરંતુ અહીં=સંલેખનામાં, શું કરવું જોઈએ ? તે બતાવે છે –

સૂત્ર :-

संहननाद्यपेक्षणम् ।।८४/३५३।।

સૂત્રાર્થ :-

સંહનન આદિની અપેક્ષા રાખવી જોઈએ. ।।૮૪/૩૫૩।।

ટીકા :-

'संहननस्य' शरीरसामर्थ्यलक्षणस्य आदिशब्दात् चित्तवृत्तेः सहायसम्पत्तेश्च 'अपेक्षणम्' आश्रयणं कार्यम्, संहननाद्यपेक्ष्य संलेखना विधेयेति भाव इति ।।८४/३५३।।

ટીકાર્થ :-

'संहननस्य' ..... इति ।। શરીરના સામર્થ્યરૂપ સંઘયણની, 'આદિ' શબ્દથી=સંહનન આદિમાં રહેલ 'આદિ' શબ્દથી, ચિત્તની વૃત્તિની અને સહાયસંપત્તિની અપેક્ષા રાખવી જોઈએ=સંઘયણ આદિની અપેક્ષા રાખીને સંલેખના કરવી જોઈએ એ પ્રકારનો ભાવ કરાય છે. ।।૮૪/૩૫૩।।

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું કે સાધુ સંયમનું પાલન કરીને અને સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને સંપન્ન થયેલા હોય તે મહાત્મા પોતાના ઉત્તરના વિશિષ્ટ ભવની પ્રાપ્તિ અર્થે અંત સમયે સંલેખના કરે. તેથી હવે સંલેખના કરતાં પૂર્વે સાધુએ પોતાના શરીરનું સામર્થ્ય, પોતાના ચિત્તની વૃત્તિ અને સંલેખનામાં સહાયક એવા ગીતાર્થ સાધુની અપેક્ષા રાખીને યત્ન કરવો જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે જો શરીરનું સામર્થ્ય ન હોય તો દેહની પીડામાં આર્ત થયેલા સાધુ જિનવચન અનુસાર ચિત્તને પ્રવર્તાવીને સદ્ગતિની પ્રાપ્તિ કરી શકતા નથી. માટે પોતાના શરીરના સામર્થ્યનો ઉચિત વિચાર કરીને સંલેખના સ્વીકારવી જોઈએ.

વળી, શરીરનું સામર્થ્ય કદાચ હોય, તેથી ક્ષુધા આદિ પીડાથી આકુળ ન થાય પરંતુ સંલેખનાકાળમાં પોતાનું ચિત્ત જિનવચન અનુસાર આત્માને ભાવિત કરવામાં યત્ન કરી શકે તેમ ન હોય અને સંલેખનાને કારણે નિદ્રાળુ કે અન્યમનસ્કતાવાળું ચિત્ત બને તો સંલેખનાના ફળરૂપ વિશિષ્ટ ભવની પ્રાપ્તિ થઈ શકે નહિ. માટે જે સાધુ સંલેખનાકાળ દરમ્યાન પ્રધાનરૂપે નિદ્રાનો પરિહાર કરીને અને બહુલતાએ જિનવચન અનુસાર ચિત્ત પ્રવર્તાવી શકે તેવી સંપન્ન ભૂમિકાને પામેલ હોય તેવા સાધુએ અનશનમાં યત્ન કરવો જોઈએ.

વળી, અનશન કાળ દરમ્યાન કોઈક નિમિત્તથી જીવ પ્રમાદમાં વર્તે કે વારંવાર ક્ષુધાદિ ભાવો પ્રત્યે ચિત્ત જાય કે વારંવાર વિચાર આવે કે આયુષ્ય જલ્દી પૂરું થાય કે અન્ય તેવા નિરર્થક વિચારમાં જીવ પ્રવર્તે ત્યારે

તેના ચિત્તને માર્ગમાં લાવવામાં ગીતાર્થ સહાયક બને છે, તેથી તેવા પરિણત ગીતાર્થની સહાયના બળથી સાધુએ અનશનમાં યત્ન કરવો જોઈએ.

વળી, જેઓ પોતાના સંહનન, ચિત્તવૃત્તિ કે સહાયનો વિચાર કર્યા વગર અનશનમાં યત્ન કરે છે તેઓને અનશન કરતી વખતે અનશન કરવાનો સુંદર ભાવ હોવા છતાં શાસ્ત્રવચનનું અપર્યાલોચન હોવાથી કે શાસ્ત્રવચનનું જ્ઞાન હોવા છતાં તેનો અનાદર કરીને ઉપેક્ષા કરે તો શાસ્ત્રવચન પ્રત્યે ઉપેક્ષાનો અધ્યવસાય હોવાથી તે અનશનનો પરિણામ જ મલિન બને છે. વળી, અનશનકાળમાં શું કરવું જોઈએ તેના વિષયમાં અનાભોગના કારણે અનશન કરે તો શુભભાવ હોવા છતાં શરીર આદિની શક્તિના અભાવને કારણે દુર્ધ્યાન થાય તો તિર્યંચ આદિ ભવની પણ પ્રાપ્તિ થાય. માટે સાધુએ શાસ્ત્રમર્યાદાનું સમાલોચન કરીને અનશનમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૮૪/૩૫૩॥**

અવતરણિકા :-

નન્વનયોર્દ્રવ્યસંલેખનાભાવસંલેખનયોઃ કાઽત્યન્તમાદરણીયેત્યાહ –

અવતરણિકાર્થ :-

'નનુ'થી શંકા કરે છે કે આ દ્રવ્યસંલેખનામાં અને ભાવસંલેખનામાં કઈ અત્યંત આદરણીય છે ? એથી કહે છે –

સૂત્ર :-

भावसंलेखनायां यत्नः ।।८५/३५४।।

સૂત્રાર્થ :-

ભાવસંલેખનામાં યત્ન કરવો જોઈએ. ॥૮૫/૩૫૪॥

ટીકા :-

'भावसंलेखनायां' कषायेन्द्रियविकारतुच्छीकरणरूपायां 'यत्नः' आदरः कार्यः, द्रव्यसंलेखनाया अपि भावसंलेखनार्थमुपदेशात्, अयमत्र भावः – इह मुमुक्षुणा भिक्षुणा प्रत्यहं मरणकालपरिज्ञानयत्नपरेण स्थेयम्, मरणकालपरिज्ञानोपायाश्च आगमदेवतावचनसुप्रतिभातथाविधानिष्टस्वप्नदर्शनादयोऽनेके शास्त्रलोकप्रसिद्धा इति, ततो विज्ञाते मरणकाले पूर्वमेव द्वादश वर्षाणि यावदुत्सर्गतः संलेखना कार्या, तत्र च –

"चत्तारि विचित्ताइं विगईनिज्जूहियाइं चत्तारि ।
संवच्छरे य दोण्णि उ एगंतरियं च आयामं ।।२०१।।

नाइविगिट्ठो य तवो छम्मासे परिमियं च आयामं ।
अन्ने वि य छम्मासे होइ विगिट्ठं तवोकम्मं ।।२०२।।

वासं कोडीसहियं आयामं काउमाणुपुव्वीए ।
गिरिकंदरं तु गंतुं पायवगमणं अह करेइ ।।२०३।।" **[पञ्च. १५७५-१५७६-१५७७]**

[चत्वारि (वर्षाणि) विचित्राणि विकृतिनिर्व्यूढानि चत्वारि ।
संवत्सरौ च द्वौ तु एकान्तरितं च आयामम् ।।१।।

नातिविकृष्टं च तपः षण्मासान् परिमितं चाऽऽयामम् ।
अन्यानपि च षण्मासान् भवति विकृष्टं तपःकर्म ।।२।।

वर्षं कोटीसहितमायामं कृत्वानुपूर्व्या ।
गिरिकन्दरां तु गत्वा पादपोपगमनमथ करोति ।।३।।]

यदा तु कुतोऽपि संहननादिवैगुण्यान्न शक्यते इयान् संलेखनाकालः साधयितुं तदा मासवर्षपरिहाण्या जघन्यतोऽपि षण्मासान् यावत् संलेखना कार्या, असंलिखितशरीरकषायो हि भिक्षुरनशनमधिष्ठितः सहसा धातुक्षये समुपस्थिते न सुगतिफलं तथाविधं समाधिमाराधयितुं साधीयान् स्यादिति ।।८५/३५४।।

टीकार्थ :-

'भावसंलेखनायां' ..... स्यादिति ।। કષાયના અને ઈન્દ્રિયોનાં વિકારોને તુચ્છકરણરૂપ ભાવસંલેખનામાં સાધુએ યત્ન કરવો જોઈએ; કેમ કે દ્રવ્યસંલેખનાનો પણ ભાવસંલેખના માટે ઉપદેશ છે=દ્રવ્યસંલેખનાનાં બળથી ભાવસંલેખનામાં ઉદ્યમ થાય તે અર્થે દ્રવ્યસંલેખના કરવાની વિધિ છે. અહીં=સંલેખનાના વિષયમાં, આ=આગળમાં કહે છે એ, ભાવ છે=તાત્પર્ય છે. અહીં=સંસારમાં, મુમુક્ષુ એવા સાધુએ પ્રતિદિવસ મરણકાલના પરિજ્ઞાનમાં યત્ન પર એવું જોઈએ=તત્પર થવું જોઈએ અને મરણકાલના પરિજ્ઞાનનાં ઉપાયો આગમ, દેવતાનું વચન, સુપ્રતિભા, તેવા પ્રકારના અનિષ્ટ સ્વપ્ન દર્શનાદિ અનેક શાસ્ત્રમાં અને લોકમાં પ્રસિદ્ધ છે, તેથી તેનાથી=મરણકાલના ઉપાયથી મરણકાલનું જ્ઞાન થયે છતે પૂર્વમાં જ ઉત્સર્ગથી=મરણકાલના ૧૨ વર્ષ પૂર્વનાં જ ઉત્સર્ગથી સંલેખનાનો પ્રારંભ કરવો જોઈએ. અને ત્યાં સંલેખનાના વિષયમાં આ વિધિ છે –

"ચાર વર્ષ વિચિત્ર તપ કરે છે, ચાર વર્ષ વિકૃતિથી નિર્વ્યૂઢ એવા તપ કરે છે અને બે વર્ષ એકાંતરિત આયંબિલને કરે છે. ।।૨૦૧।।

"અને છ માસ અતિવિકૃષ્ટ તપ કરતા નથી અને પરિમિત આયંબિલને કરે છે અને અન્ય છ માસ વિકૃષ્ટ તપઃ કર્મ થાય છે. ।।૨૦૨।।

"કોટિસહિત આયંબિલને એક વર્ષ કરીને આનુપૂર્વીથી, વળી ગિરિકંદરામાં જઈને પાદપોપગમનઅનશન સાધુ કરે છે. ॥૨૦૩॥" **(પંચવસ્તુક૦ ૧૫૭૫-૧૫૭૬-૧૫૭૭)**

વળી, જ્યારે કોઈપણ સંહનનાદિના વૈગુણ્યને કારણે=બળના અભાવને કારણે, આટલો સંલેખનાકાલ સાધવા માટે શક્ય ન હોય ત્યારે માસ, વર્ષના પરિહારથી જઘન્યથી પણ ૬ મહિના સંલેખના કરવી જોઈએ=જઘન્યથી સાધુએ અવશ્ય ૬ મહિનાની સંલેખના કરવી જોઈએ. જે કારણથી અસંલિખિત શરીર અને કષાયવાળા અનશનથી અધિષ્ઠિત=આહારત્યાગવાળા સાધુ સહસા ધાતુક્ષય ઉપસ્થિત થયે છતે, સુગતિના ફલવાળી તેવી સમાધિને આરાધવા માટે સમર્થ થતા નથી.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૮૫/૩૫૪॥

ભાવાર્થ :-

સાધુ સંયમ ગ્રહણ કરે છે ત્યારથી જ પ્રધાનરૂપે કષાયને પાતળા કરવા માટે સદા યત્ન કરે છે જે ભાવસંલેખના છે અને શાસ્ત્ર અધ્યયનમાં વ્યાઘાત ન થાય તે પ્રમાણે બાહ્ય તપ કરે છે તે દ્રવ્યસંલેખના છે. તે દ્રવ્યસંલેખના કષાયને પાતળા કરવામાં પ્રબળ કારણ હોવાથી આવશ્યક છે, છતાં પ્રધાનરૂપે સાધુએ સદા ભાવસંલેખનામાં જ ઉદ્યમ કરવો જોઈએ. અને જીવનના અંત સમયે વિશિષ્ટ પ્રકારની ભાવસંલેખનામાં સાધુએ ઉદ્યમ કરવો જોઈએ. તેથી જે સાધુ સૂત્રો અને અર્થોથી સંપન્ન થયા છે અને સૂત્રોના અર્થોથી આત્માને ભાવિત કરીને સદા અકષાયની વૃદ્ધિ કરે છે તે સાધુ પણ મરણ સમયે ઉત્તરના વિશિષ્ટ ભવની પ્રાપ્તિ અર્થે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ અર્થે અત્યંત શરીર પ્રત્યે નિરપેક્ષ થઈને ભાવસંલેખનામાં ઉદ્યમ કરે છે અને તે સંલેખના કરવા માટે સાધુએ સંયમજીવનના પ્રારંભથી સદા મરણકાલના જ્ઞાનને જાણવા ઉદ્યમશીલ રહેવું જોઈએ; કેમ કે મરણનો કાળ બાલ્યાવસ્થામાં, યુવાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં પણ આવી શકે છે અને સંલેખના વગર પરભવમાં સાધુ જાય તો તેવા પ્રકારનું વિશિષ્ટ ફળ મળે નહિ. માટે ઉચિત ઉપાય દ્વારા મરણનો નિર્ણય કરીને શક્તિ હોય તો મરણકાળના પૂર્વે ૧૨ વર્ષથી સંલેખનાનો પ્રારંભ કરવો જોઈએ તે આ પ્રમાણે –

(૧) ચાર વર્ષ શક્તિ અનુસાર વિવિધ પ્રકારના છઠ્ઠ, અઠ્ઠમ, દશમ કે, તેથી પણ અધિક તપ કરે અને પારણામાં વિગઈનું ગ્રહણ કરે.

(૨) ત્યારપછી ચાર વર્ષ છઠ્ઠાદિતપના પારણે વિગઈવાળો આહાર ગ્રહણ કરે પણ નિવિયાતાવાળો આહાર ગ્રહણ કરે.

(૩) ત્યારપછી બે વર્ષ સુધી નિયમથી એકાંતરિત જ આયંબિલ તપ કરે અર્થાત્ એક ઉપવાસ અને પારણે પણ શક્તિ અનુસાર અલ્પ અલ્પતર આયંબિલનો આહાર ગ્રહણ કરે.

(૪) આ રીતે ૧૦ વર્ષ આરાધના કર્યા પછી છ મહિના ન્યૂન એવા ચોથભક્તાદિ તપને કરે અને પારણે આયંબિલમાં ઊણોદરી કરે.

(૫) ત્યારપછી છ મહિના અટ્ઠમાદિ તપને કરે જેથી શરીરની ક્ષીણતા વધતી જાય અને શારીરિક પ્રતિકૂળ સંયોગોમાં પણ શુભઅધ્યવસાય કરવાનું પોતાનું સામર્થ્ય સંચિત થાય.

(૬) આ રીતે ૧૧ વર્ષ આરાધના કર્યા પછી એક વર્ષ સુધી કોટિસહિત અર્થાત્ પ્રતિદિન આયંબિલ કરે અને પછી પર્વતની ગુફામાં જઈને પાદોપગમન અનશન કરે.

જો આ રીતે બાર વર્ષની સંલેખના ન કરી શકે તો પૂર્વમાં બતાવ્યું એ જ ક્રમથી સંલેખનાના બાર વર્ષના કાળથી અડધા છ વર્ષના કાળ સુધી કે તેનાથી પણ અડધા ત્રણ વર્ષના કાળ સુધી અવશ્ય સંલેખના કરે, છેવટે જઘન્યથી ૬ મહિનાની સંલેખના કરે; કેમ કે સંલેખનાકાળમાં દેહ કૃશ થાય છે તેની પીડાની ઉપેક્ષા કરીને સાધુ ક્રમસર સૂત્રથી અને અર્થથી આત્માને ભાવિત કરવામાં સમર્થ સમર્થતર બને છે જેથી મરણકાળમાં સહસા ધાતુના ક્ષયના કારણે દુર્ધ્યાન થવાની સંભાવના દૂર થાય છે અને સંલેખના ન કરી હોય અને સહસા તે પીડામાં સાધુ ઉપયુક્ત રહે તો આર્તધ્યાનાદિથી તિર્યંચગતિમાં પણ સાધુ જાય એ પ્રકારે પંચવસ્તુકમાં કહેલ છે. માટે ઉત્તમગતિની પ્રાપ્તિના અર્થી સાધુએ અંત સમયે વિશિષ્ટ સમાધિની પ્રાપ્તિના અર્થે ભાવસંલેખનામાં ઉદ્યમ કરવો જોઈએ. અને તેના અંગભૂત ઉચિત દ્રવ્યસંલેખનામાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૮૫/૩૫૪॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

विशुद्धं ब्रह्मचर्यम् ।।૮૬/૩૫૫।।

સૂત્રાર્થ :-

વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. ॥૮૬/૩૫૫॥

ટીકા :-

'विशेषेण' अतिनिबिडब्रह्मचर्यगुप्तिविधानरूपेण शुद्धं 'ब्रह्मचर्यं' प्रतीतमेव विधेयम्, यदत्र संलेखनाधिकारे विशुद्धब्रह्मचर्योपदेशनं तद्वेदोदयस्य क्षीणशरीरतायामपि अत्यन्तदुर्धरत्वख्यापनार्थमिति ।।૮૬/૩૫૫।।

ટીકાર્થ :-

'विशेषेण' ..... ख्यापनार्थमिति ।। વિશેષથી=અતિનિબિડ બ્રહ્મચર્યની ગુપ્તિના સેવનરૂપ વિશેષથી,

શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઈએ; અહીં=સંલેખનાના અધિકારમાં જે વિશુદ્ધ બ્રહ્મચર્યનો ઉપદેશ છે તે વેદોદયનું ક્ષીણ શરીરતામાં પણ અત્યંત દુર્ધરપણું બતાવવા માટે છે=ક્ષીણ શરીરમાં પણ બ્રહ્મચર્યના કંઈક વિકારો થવાની સંભાવના બતાવવા માટે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૮૬/૩૫૫॥

ભાવાર્થ :-

અનશન સ્વીકારતી વખતે સાધુએ અત્યંત સાવધાન થઈને વિશુદ્ધ બ્રહ્મચર્યમાં ઉદ્યમ કરવો જોઈએ; કેમ કે જીવ અનાદિથી મોહવાસિત છે અને વિકારોમાંથી આનંદ લેવાના સ્વભાવવાળો છે અને વેદનો ઉદય વર્તી રહ્યો છે, તેથી તપાદિથી ક્ષીણ શરીરની દશામાં પણ જો કષાયની સંલેખનામાં ઉપયોગ વર્તે તે પ્રકારે સૂત્ર-અર્થના પારાયણમાં દૃઢ યત્ન ન કરી શકે તો બાહ્ય નિમિત્તને પામીને કે અંતરંગ વેદાદેયના નિમિત્તને પામીને કે તથાવિધ માનસિક સ્મૃતિના નિમિત્તને પામીને કોઈક રાગાદિના પરિણામને સ્પર્શે તો સંલેખનાની પ્રવૃત્તિ ભાવસંલેખનાને છોડીને રાગાદિની વૃદ્ધિમાં જીવને પ્રવર્તાવે, તેથી સતત પરલોકને સ્મૃતિમાં રાખીને સાધુએ ત્રણ ગુપ્તિમાં દૃઢ યત્ન કરવો જોઈએ અને સૂત્ર-અર્થ અનુસાર ભાવમાં યત્ન કરીને વિશિષ્ટ વિશિષ્ટતર બ્રહ્મગુપ્તિને પ્રાપ્ત કરી શકે તે પ્રકારે અતિનિબિડ બ્રહ્મગુપ્તિમાં સાધુએ યત્ન કરવો જોઈએ. **॥૮૬/૩૫૫॥**

અવતરણિકા :-

अथ संलेखनानन्तरं आशुघातके वा विषविशूचिकादौ दोषे सति यद्विधेयं तदाह –

અવતરણિકાર્થ :-

હવે સંલેખના અનન્તર શીઘ્ર નાશ કરે તેવા વિષ કે વિશૂચિકાદિ દોષો થાય ત્યારે શું કરવું જોઈએ ? તેને કહે છે –

ભાવાર્થ :-

કોઈ સાધુ સંલેખનાનો પ્રારંભ કરે અને અનશન કરતાં પૂર્વે તપાદિના પારણે શીઘ્ર મૃત્યુ પ્રાપ્ત થાય તેવું કોઈક વિષ આહારાદિમાં પ્રાપ્ત થાય કે તપાદિના પારણામાં અતિ વાયુપ્રકોપ આદિ તેવા પ્રકારના થાય કે જેથી તત્કાલ મૃત્યુની સંભાવના જણાય ત્યારે સાધુએ શું કરવું જોઈએ ? તે બતાવે છે –

સૂત્ર :-

विधिना देहत्याग इति ॥૮૭/૩૫૬॥

સૂત્રાર્થ :-

વિધિથી દેહનો ત્યાગ કરવો જોઈએ. ॥૮૭/૩૫૬॥

ટીકા :-

'विधिना' आलोचनव्रतोच्चारपरक्षामणाऽनशनशुभभावनापञ्चपरमेष्ठिस्मरणलक्षणेन 'देहस्य त्यागः' परित्यजनम्, पण्डितमरणाराधनमित्यर्थः, 'इति'शब्दः परिसमाप्तौ ।।८७/३५६।।

ટીકાર્થ :-

'विधिना' ..... सापेक्षयतिधर्मः ।। વિધિથી=આલોચના, વ્રતનું ઉચ્ચારણ, અન્ય સાધુઓને ક્ષમાપન, અનશન, શુભભાવના અને પંચપરમેષ્ઠિના સ્મરણરૂપ વિધિથી, દેહનો ત્યાગ કરવો જોઈએ=પંડિત-મરણ સ્વીકારવું જોઈએ. 'इति' શબ્દ પરિસમાપ્તિમાં છે. ।।૮૭/૩૫૬।।

ભાવાર્થ :-

સાધુએ ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષ પૂર્વે અને જઘન્યથી છ મહિના પૂર્વે સંલેખના કરીને પંડિતમરણને સાધવું જોઈએ અર્થાત્ જે મરણ ઘણાં મરણની પરંપરાનો અંત કરે અને પરિમિત મરણો દ્વારા અમરણધર્મરૂપ અમર અવસ્થાની પ્રાપ્તિનું કારણ બને.

આવા પંડિતમરણ માટે ઉદ્યમ કરતા સાધુને અનશન સ્વીકાર્યા પૂર્વે જ સંલેખનાકાળમાં કોઈક રીતે મૃત્યુ ઉપસ્થિત થાય તો વિધિપૂર્વક દેહનો ત્યાગ કરવો જોઈએ તે વિધિ સંક્ષેપથી બતાવે છે –

દીક્ષાના પ્રારંભથી માંડીને જે કાંઈ અતિચારો સંયમજીવનમાં થયા હોય જેની આલોચના કરીને પૂર્વમાં શુદ્ધિ કરેલ છે તેવા પણ અતિચારોનું સૂક્ષ્મબુદ્ધિથી આલોચન કરીને ગીતાર્થ આગળ નિવેદન કરવું જોઈએ અને તે અતિચારો પ્રત્યે અત્યંત જુગુપ્સા થાય તેવો યત્ન કરવો જોઈએ.

વળી, દીક્ષા વખતે પોતે મહાવ્રતોને ઉચ્ચરાવેલાં છે તે મહાવ્રતોને ફરી ઉચ્ચરાવવાં જોઈએ. જેથી તે મહાવ્રતો પ્રત્યેનો પરિણામ અત્યંત દૃઢ થાય.

વળી, સમુદાયમાં ગુર્વાદિની સાથે કે કોઈક અન્ય સાધુ સાથે અનાભોગથી પણ કોઈક અપ્રીતિકારક વચન બોલાયેલું હોય તે સર્વનું સ્મરણ કરીને અત્યંત ભાવપૂર્વક ખમાવવા જોઈએ જેથી અલ્પ પણ દ્વેષના સંસ્કારો કોઈના પ્રત્યે રહે નહિ.

વળી, તે મહાત્માએ સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરીને અનશન સ્વીકારવું જોઈએ અને આ ચાર ગતિઆત્મક સંસાર કેવો વિડંબનારૂપ છે અને તેનાથી નિસ્તારના ઉપાયનું કારણ સર્વજ્ઞના વચન અનુસાર કરાયેલો દૃઢ ઉદ્યમ છે અને તેના ફળરૂપ શાશ્વત મુક્ત અવસ્થા આત્માની સુંદર અવસ્થા છે ઇત્યાદિ શુભ ભાવનાથી આત્માને અત્યંત ભાવિત કરવો જોઈએ. જ્યારે ઉપયોગની શિથિલતા થાય, વિચારની શક્તિઓ ક્ષીણ થવા લાગે ત્યારે પંચપરમેષ્ઠિના સ્વરૂપાત્મક નવકારમાં=સાધુને અર્થથી જે અત્યંત આત્મસાત્ થયેલ છે અને સાધુજીવનમાં પોતાનો આત્મા જેનાથી અત્યંત વાસિત છે તેવા પંચપરમેષ્ઠિના સ્વરૂપાત્મક નવકારમાં, ઉદ્યમ કરવો જોઈએ. આ પ્રકારની વિધિથી જે સાધુ દેહનો ત્યાગ કરે છે તે પંડિતમરણની આરાધનાને પ્રાપ્ત કરે છે. **॥૮૭/૩૫૬॥**

અવતરણિકા :-

इत्युक्तः सापेक्षयतिधर्मः, अथ द्वितीयधर्मप्रस्तावनायामाह –

અવતરણિકાર્થ :-

આ રીતે સાપેક્ષયતિધર્મ કહેવાયો. હવે બીજા ધર્મની પ્રસ્તાવનામાં કહે છે –

ભાવાર્થ :-

પાંચમા અધ્યયનના ત્રીજા શ્લોકનું વર્ણન કર્યા પછી સૂત્ર-૧માં કહેલ કે યતિધર્મ બે પ્રકારનો છે. સાપેક્ષયતિધર્મ અને નિરપેક્ષયતિધર્મ. તેમાંથી સાપેક્ષયતિધર્મનું વર્ણન અત્યાર સુધી કર્યું. હવે નિરપેક્ષયતિધર્મને કહેવાની પ્રસ્તાવના છે. તે પ્રસ્તાવનામાં કહે છે –

સૂત્ર :-

निरपेक्षयतिधर्मस्तु ।।८८/३५७।।

સૂત્રાર્થ :-

વળી, નિરપેક્ષયતિધર્મ આ છે=આગળમાં કહેવાય છે એ છે. ।।૮૮/૩૫૭।।

ટીકા :-

निरपेक्षयतीनां धर्मः पुनरयं वक्ष्यमाणः ।।८८/३५७।।

ટીકાર્થ :-

निरपेक्षयतीनां ..... वक्ष्यमाणः ।। વળી, નિરપેક્ષ સાધુઓનો આ કહેવાનારો ધર્મ છે. ।।૮૮/૩૫૭।।

ભાવાર્થ :-

જે સાધુઓ સાપેક્ષયતિધર્મ સેવીને શાસ્ત્રઅધ્યયન દ્વારા અનેક પ્રકારે સંપન્ન થયેલા છે, વળી સુવિશુદ્ધ સાપેક્ષયતિધર્મ સેવી સેવીને અતિશય શક્તિસંચયવાળા થયા છે એવા પૂર્વધર આદિ સાધુઓ જગતમાં સર્વભાવો પ્રત્યે નિરપેક્ષ થઈને જે સાધુધર્મ પાળે છે તેઓ નિરપેક્ષયતિધર્મ સેવનારા છે અને તેઓનું સ્વરૂપ ગ્રંથકારશ્રી હવે પછી બતાવે છે. **।।૮૮/૩૫૭।।**

અવતરણિકા :-

तमेवाह –

અવતરણિકાર્થ :-

તેને જ=નિરપેક્ષયતિધર્મને જ કહે છે –

સૂત્ર :-

वचनगुरुता ।।८९/३५८।।

સૂત્રાર્થ :-

વચનગુરુતા સ્વીકારે. ।।૮૯/૩૫૮।।

ટીકા :-

वचनमेव=आगम एव, 'गुरुः' सर्वप्रवृत्तौ निवृत्तौ चोपदेशकत्वेन यस्य स तथा, तद्भावस्तत्ता ।।८९/३५८।।

ટીકાર્થ :-

'वचन'मेव ..... तद्भावस्तत्ता ।। વચન જ=આગમ જ, સર્વપ્રવૃત્તિમાં અને નિવૃત્તિમાં ઉપદેશક હોવાથી ગુરુ છે જેને તે તેવા છે=વચનગુરુ છે તેનો ભાવ=વચનગુરુનો ભાવ, તે વચનગુરુતા છે. ।।૮૯/૩૫૮।।

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મ સેવનારા સાધુઓ જે કાંઈ મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ કરે છે અને સંસારના ભાવોથી આત્માની નિવૃત્તિ કરે છે, તે સર્વમાં ઉપદેશક ગુરુ આગમ જ છે, તેથી સતત પોતે જે શાસ્ત્રો ભણેલા છે તે શાસ્ત્રોનાં સૂત્રોનું અને અર્થોનું પારાયણ કરીને તે મહાત્માઓ સતત આશ્રવભાવની નિવૃત્તિમાં અને સંવરભાવની અતિશયતામાં પ્રવર્તે છે, તેથી ભગવાનનું વચન જ સૂત્ર-અર્થના પારાયણ દ્વારા તેઓના આત્માના પરિણામની સદા વિશુદ્ધિ કરે છે. **।।૮૯/૩૫૮।।**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

अल्पोपधित्वम् ।।९०/३५९।।

સૂત્રાર્થ :-

અલ્પઉપધિપણું હોય છે. ।।૯૦/૩૫૯।।

ટીકા :-

'अल्पः' स्थविरापेक्षया 'उपधिः' वस्त्रपात्रादिरूपो यस्य स तथा, तद्भावस्तत्त्वम्, उपधिप्रमाणं च विशेषशास्त्रादवसेयम् ।।९०/३५९।।

ટીકાર્થ :-

'अल्पः' ..... विशेषशास्त्रादवसेयम् ।। સ્થવિરની અપેક્ષાએ અલ્પ વસ્ત્ર-પાત્રાદિરૂપ ઉપધિ છે જેને તે તેવા છે=અલ્પઉપધિવાળા છે તેનો ભાવ તત્ત્વ=અલ્પઉપધિપણું છે અને ઉપધિનું પ્રમાણ વિશેષ શાસ્ત્રથી જાણવું. ।।૯૦/૩૫૯।।

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મ સેવનારા મુનિઓને પક્ષીની પાંખ જેટલી અલ્પ ઉપધિ હોય છે. જેના કારણે લેશ પણ દેહનું કે કોઈ વસ્તુનું મમત્વ થાય નહિ તે રીતે સુખપૂર્વક તેઓ વિહરે છે. **॥૯૦/૩૫૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

निष्प्रतिकर्मशरीरता ।।९१/३६०।।

સૂત્રાર્થ :-

નિષ્પ્રતિકર્મ શરીરતા સેવે છે. ।।૯૧/૩૬૦।।

ટીકા :-

'निष्प्रतिकर्म' तथाविधग्लानाद्यवस्थायामपि प्रतीकारविरहितं शरीरं यस्य स तथा, तद्भावस्तत्त्वम् ।।९१/३६०।।

ટીકાર્થ :-

'निष्प्रतिकर्म' ..... तद्भावस्तत्त्वम् ।। નિષ્પ્રતિકર્મ=તેવા પ્રકારની ગ્લાનાદિ અવસ્થામાં પણ પ્રતીકારથી રહિત શરીર છે જેને તે તેવા છે=નિષ્પ્રતિકર્મશરીરવાળા છે તેનો ભાવ તત્ત્વ=નિષ્પ્રતિકર્મતા છે. ।।૯૧/૩૬૦।।

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મ સેવનારા આત્માઓ પગમાં કંટક આદિ પેસે તોપણ તેને કાઢવા માટે ઉદ્યમ કરતા નથી; પરંતુ દેહ પ્રત્યે અત્યંત નિરપેક્ષ હોવાથી દેહ સાથે અસંબદ્ધ પરિણામને ધારણ કરે છે, તેથી સમતાના વિશિષ્ટ પરિણામમાં સદા ઉપયુક્ત રહી શકે છે, તેથી રોગાદિ અવસ્થામાં પણ રોગાદિનો કોઈ પ્રતીકાર કરતા નથી. અને નિષ્પ્રતિકર્મ શરીરના બળથી જ વિશેષ પ્રકારના સમભાવના પરિણામમાં સદા વર્તે છે. **॥૯૧/૩૬૦॥**

અવતરણિકા :-

અત એવ –

અવતરણિકાર્થ :-

આથી જ=નિરપેક્ષયતિધર્મવાળા સાધુ નિષ્પ્રતિકર્મ શરીરવાળા છે આથી જ –

સૂત્ર :-

अपवादत्यागः ।।૯૨/૩૬૧।।

સૂત્રાર્થ :-

અપવાદનો ત્યાગ છે. ॥૯૨/૩૬૧॥

ટીકા :-

'अपवादस्य' उत्सर्गापेक्षयाऽपकृष्टवादस्य त्यागः कार्यः, न हि निरपेक्षो यतिः सापेक्षयतिरिव उत्सर्गासिद्धावपवादमपि समालम्ब्य अल्पदोषं बहुगुणं च कार्यमारभते किन्तूत्सर्गपथप्राप्तं केवलगुणमयमेवेति ।।૯૨/૩૬૧।।

ટીકાર્થ :-

'अपवादस्य' ..... केवलगुणमयमेवेति ।। અપવાદનો=ઉત્સર્ગ અપેક્ષાએ અપકૃષ્ટવાદનો, ત્યાગ કરવો જોઈએ જે કારણથી સાપેક્ષયતિની જેમ ઉત્સર્ગની અસિદ્ધિ હોતે છતે અપવાદનું પણ આલંબન કરીને અલ્પદોષ બહુગુણવાળા કાર્યનો આરંભ નિરપેક્ષયતિ કરતા નથી પરંતુ ઉત્સર્ગપથપ્રાપ્ત કેવલ ગુણમય જ કાર્યનો પ્રારંભ કરે છે. ॥૯૨/૩૬૧॥

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મવાળા સાધુઓ જગતના સર્વ ભાવો પ્રત્યે અત્યંત નિરપેક્ષ હોય છે, તેમ આત્માથી ભિન્ન એવા દેહ પ્રત્યે અને દેહને થતી પીડાઓ પ્રત્યે પણ અત્યંત નિરપેક્ષ હોય છે; તેથી મહાવીર્યથી સદા શ્રુતના

ઉપયોગમાં રહીને સમતાના કંડકોની વૃદ્ધિ કરી શકે છે, તેથી માત્રુ આદિ પરઠવવા અર્થે ઉચિત ભૂમિની પ્રાપ્તિ ન થાય તો પ્રાણ નાશ થાય ત્યાં સુધી પણ અપવાદનું સેવન કર્યા વગર સમભાવની વૃદ્ધિને અનુકૂળ અંતરંગ ઉદ્યમ કરી શકે છે, તેથી કેવલ સમભાવના કંડકોની વૃદ્ધિરૂપ ગુણમય એવા ઉત્સર્ગપથનું આશ્રયણ કરે છે. જ્યારે સાપેક્ષયતિધર્મવાળા મુનિ તો નિરપેક્ષયતિધર્મવાળા મુનિઓ કરતાં પ્રાથમિક ભૂમિકામાં છે, તેથી ઉત્સર્ગની પ્રવૃત્તિથી સંયમનું પાલન અશક્ય જણાય ત્યારે અપવાદને સેવીને આર્તધ્યાનથી આત્માનું રક્ષણ કરે છે, તેથી અપવાદના અલ્પ દોષો દ્વારા બહુગુણવાળા એવા સ્વાધ્યાયાદિમાં ઉદ્યમ કરીને આત્માના સમભાવનું રક્ષણ કરે છે. **॥૯૨/૩૬૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

ग्रामैकरात्रादिविहरणम् ।।९३/३६२।।

સૂત્રાર્થ :-

ગ્રામમાં એક રાત્રી આદિ વિહરણ કરે છે. ॥૯૩/૩૬૨॥

ટીકા :-

'ग्रामे' प्रतीतरूपे उपलक्षणत्वान्नगरादौ च एका चासौ रात्रिश्चेत्येकरात्रः, 'आदि'शब्दात् द्विरात्रस्य मासकल्पस्य च ग्रहः, तेन विहरणम्, किमुक्तं भवति? यदा प्रतिमाकल्परूपो निरपेक्षो यतिधर्मः प्रतिपन्नो भवति तदा ऋतुबद्धे काले ग्रामे ज्ञातः सन् स एकरात्रम् अज्ञातश्च एकरात्रं द्विरात्रं वा वसति, यथोक्तम् –

"ना एगरायवासी एगं व दुगं व अन्नाए ।" **[पञ्चा० १८/८]**

जिनकल्पिकयथालन्दकल्पिकशुद्धपरिहारिका ज्ञाता अज्ञाताश्च मासमिति ।।९३/३६२।।

ટીકાર્થ :-

'ग्रामे' ..... मासमिति ।। પ્રતીતરૂપ એવા ગામમાં અને ઉપલક્ષણથી નગર આદિમાં એક એવી રાત્રી એ એક રાત્રી, આદિ શબ્દથી બે રાત્રી અને માસકલ્પનું ગ્રહણ છે. તેનાથી=એક રાત્રી, બે રાત્રી કે માસકલ્પથી વિહરે છે.

શું કહેવાયેલું થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

જ્યારે પ્રતિમાકલ્પરૂપ નિરપેક્ષયતિધર્મ સ્વીકારાયેલો થાય છે ત્યારે ઋતુબદ્ધ કાલમાં=ચોમાસા સિવાયના કાલમાં, ગ્રામમાં=નાના ગામમાં, જ્ઞાત છતાં=આ મહાત્મા નિરપેક્ષયતિધર્મ પાળનારા છે એ પ્રમાણે જ્ઞાત છતાં, તે સાધુ એક રાત્રી રહે છે. અને અજ્ઞાત હોય તો=કોઈને ખ્યાલ ન હોય કે આ મહાત્મા નિરપેક્ષયતિધર્મવાળા છે તો એક રાત્રી, બે રાત્રી યાવત્ માસકલ્પ રહે છે.

જે કારણથી કહેવાયેલું છે –

"જ્ઞાત થયે છતે એક રાત્રીવાસી અને અજ્ઞાત હોતે છતે એક અથવા બે રાત્રીવાસી." **(પંચાશક૦ ૧૮/૮)**

જિનકલ્પિક, યથાલંદકલ્પિક અને શુદ્ધ પરિહારકો જ્ઞાત અને અજ્ઞાત હોય તોપણ માસકલ્પ કરે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૯૩/૩૬૨॥

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મવાળા સાધુ કોઈ નાના ગામમાં કે નગરમાં પોતે જ્ઞાત ન હોય તો બે રાત્રી-ચાર રાત્રી અને તેટલા સમયમાં પણ જ્ઞાત ન થાય તો ઉત્કૃષ્ટથી માસકલ્પ કરે અને જ્ઞાત થાય તો એક જ રાત્રી રહે છે. બીજી રાત્રી તે સ્થાનમાં રહેતા નથી. આ પ્રકારની વિહારની મર્યાદા ચાતુર્માસકાળ સિવાયની છે. ચાતુર્માસમાં તેઓ પણ ચાર મહિના નિયત એક સ્થાનમાં વાસ કરે છે. **॥૯૩/૩૬૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

नियतकालचारिता ।।૯૪/૩૬૩।।

સૂત્રાર્થ :-

નિયતકાલચારિતા હોય છે. ॥૯૪/૩૬૩॥

ટીકા :-

'नियते' तृतीयपौरुषीलक्षणे 'काले' भिक्षाद्यर्थं सञ्चरणम्, यथोक्तम् –

"भिक्खा पंथो य तइयाए ।।२०४।।" **[बृहत्कल्पभाष्ये गा० १४१४, १४३०] इति ।।૯૪/૩૬૩।।**

ટીકાર્થ :-

'नियते' ..... इति ।। तृतीय पोरसीરૂપ નિયતકાલમાં ભિક્ષા માટે સંચરણ કરે, જે કારણથી કહેવાયું છે –

"ત્રીજી પોરસીમાં ભિક્ષા અને પંથ=વિહાર કરે છે. ।।૨૦૪।।" **(બૃહત્કલ્પભાષ્ય૦ ૧૪૧૪, ૧૪૩૦)**

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૯૪/૩૬૩।।

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મ પાળનારા મુનિઓ સદા ધર્મધ્યાનથી કે શુક્લધ્યાનથી આત્માને ભાવિત કરે છે અને દેહના ધર્મ અર્થે, ભિક્ષા વાપરવા માટે, માત્રુ-સ્થંડિલ આદિ માટે કે ગ્રામાંતર જવા માટે જે કોઈ ક્રિયા કરવાની હોય તે દિવસના ત્રીજા પહોરમાં જ કરે છે અને સાત પહોર સુધી સ્થિર આસનમાં ઊભા રહીને શાસ્ત્રથી આત્માને ભાવિત જ કરે છે જેથી અનાદિના મોહના સંસ્કારો ક્ષીણ ક્ષીણ થાય અને શીઘ્ર સંસારનો અંત થાય તે માટે જ અપ્રમાદથી તેમનો યત્ન વર્તે છે અને ભિક્ષાચર્યાદિ પ્રવૃત્તિકાળમાં પણ કોઈ પદાર્થમાં લેશપણ સંશ્લેષ ન થાય તે રીતે સર્વ ઉચિત પ્રયત્ન સ્વાભાવિક રીતે તે મહાત્મા કરે છે. **।।૯૪/૩૬૩।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

प्राय ऊर्ध्वस्थानम् ।।९५/३६४।।

સૂત્રાર્થ :-

પ્રાયઃ ઊર્ધ્વસ્થાનમાં રહે છે. ।।૯૫/૩૬૪।।

ટીકા :-

'प्रायो' बाहुल्येन 'ऊर्ध्वस्थानं' कायोत्सर्गः ।।९५/३६४।।

ટીકાર્થ :-

'प्रायो' ..... कायोत्सर्गः ।। प्रायः=બહુલતાએ, ઊર્ધ્વસ્થાન=કાયોત્સર્ગમાં રહે છે. ।।૯૫/૩૬૪।।

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મવાળા મહાત્માઓ મોટાભાગે કાયોત્સર્ગમાં રહે છે. તે કાયોત્સર્ગ ક્વચિત્ ઊભા ઊભા

કરે કે ક્વચિત્ ગોદોહિકા આદિ આસનથી કરે પણ સાપેક્ષયતિધર્મવાળા સાધુઓની જેમ ભૂમિ ઉપર બેસીને કે શયન આદિ કરીને=શવાસનમાં કાઉસ્સગ્ગ કરતા નથી. ક્વચિત્ જંઘાબળ ક્ષીણ થયું હોય તો બેસીને કોઈક આસનમાં રહીને સાધના કરે અને આયુષ્યની અલ્પતા જણાય તો તે પ્રકારના ઉચિત આસનમાં રહીને અનશન પણ કરે તે બતાવવા માટે 'પ્રાયઃ' કહેલ છે. **॥૯૫/૩૬૪॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

देशनायामप्रबन्धः ।।९६/३६५।।

સૂત્રાર્થ :-

દેશનામાં અપ્રબંધ છે=અવ્યાપાર છે. ॥૯૬/૩૬૫॥

ટીકા :-

'देशनायां' धर्मकथारूपायां धर्मं श्रोतुमुपस्थितेष्वपि तथाविधप्राणिषु 'अप्रबन्धः' अभूरिभावः, "एगवयणं दुवयणं वा" [ ] **इति वचनप्रामाण्यात् ।।९६/३६५।।**

ટીકાર્થ :-

'देशनायां' ..... वचनप्रामाण्यात् ।। દેશનામાં=ધર્મકથારૂપ દેશનામાં, ધર્મ સાંભળવા માટે ઉપસ્થિત પણ તેવા પ્રકારના જીવો હોવા છતાં અપ્રબંધ છે=અભૂરિ ભાવ છે=અલ્પ શબ્દથી ઉત્તર આપ્યા સિવાય કાંઈ કહે નહિ; કેમ કે "એકવચન અથવા બે વચન" **() એ પ્રકારના વચનનું પ્રામાણ્યપણું છે. ॥૯૬/૩૬૫॥**

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મવાળા મુનિઓ આત્માના નિરપેક્ષભાવમાં સંસ્થિત હોય છે અને નિરપેક્ષભાવની વૃદ્ધિને અનુકૂળ સદા શ્રુતના ઉપયોગથી પ્રયત્ન કરતા હોય છે જે પ્રયત્ન પણ સહજભાવે તે પ્રકારનો દૃઢ પ્રવર્તે છે જેથી ધ્યાન દ્વારા જે ઉત્તમ ભાવો તેઓ કરી શકે છે તેવા ઉત્તમ ભાવો દેશના આદિથી પણ થતા નથી, તેથી તેવા મહાત્માઓ પાસે ધર્મ સાંભળવા માટે ઉપસ્થિત થયેલા પણ કલ્યાણના અર્થી જીવો હોય તોપણ દેશનામાં પ્રયત્ન કરતા નથી અને જો તેઓ વારંવાર કોઈ પૃચ્છા કરતા હોય તો એક બે વચનથી તેઓને શું કરવું ઉચિત છે તે દિશામાત્ર બતાવે છે; જેથી તે યોગ્ય જીવો ઉચિતસ્થાને જઈને ધર્મની પ્રાપ્તિ કરી શકે છે. **॥૯૬/૩૬૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

सदाऽप्रमत्तता ।।९७/३६६।।

સૂત્રાર્થ :-

સદા અપ્રમત્તતા સેવે છે. ।।૯૭/૩૬૬।।

ટીકા :-

'सदा' दिवा रात्रौ 'चाप्रमत्तता' निद्रादिप्रमादपरिहारः ।।९७/३६६।।

ટીકાર્થ :-

'सदा' ..... निद्रादिप्रमादपरिहारः ।। સદા=દિવસ અને રાત્રી સદા, નિદ્રાદિ પ્રમાદના પરિહારરૂપ અપ્રમત્તતા સેવે છે. ।।૯૭/૩૬૬।।

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મ સેવનારા યોગીઓ સદા નિરપેક્ષભાવની વૃદ્ધિમાં યતમાન હોય છે અને નિરપેક્ષભાવની વૃદ્ધિજન્ય શ્રુતમાં મગ્નતા હોવાને કારણે તેના સુખમાં જ વિશેષ પ્રકારના આનંદનો અનુભવ હોય છે, તેથી દિવસ કે રાત્રી સર્વકાળમાં તેઓનો ઉપયોગ દેહના ક્ષુધાદિ ધર્મ સાથે કે ઇન્દ્રિયોના વિષયો સાથે યોજન પામતો નથી પરંતુ કોઈક વિશેષ પ્રકારના સ્વસ્થતાના સુખમાં અત્યંત દૃઢ ઉપયોગ પ્રવર્તે છે, તેથી નિદ્રાદિ પ્રમાદ પણ તેઓને પ્રાપ્ત થતા નથી. **।।૯૭/૩૬૬।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

ध्यानैकतानत्वमिति ।।९८/३६७।।

સૂત્રાર્થ :-

ધ્યાનએકતાનપણું સેવે છે. ॥૯૮/૩૬૭॥

ટીકા :-

'ધ્યાને' ધર્મધ્યાનાદાવેક એવ 'તાનઃ' ચિત્તપ્રસર્પણરૂપો યસ્ય સ તથા, તદ્ભાવસ્તત્ત્વમ્, 'ઇતિ'શબ્દઃ સમાપ્તૌ ।।૯૮/૩૬૭।।

ટીકાર્થ :-

'ધ્યાને' ..... સમાપ્તૌ ।। ધ્યાનમાં=ધર્મધ્યાન આદિમાં=ધર્મધ્યાન આદિના વિષયોમાં ચિત્ત પ્રસર્પણરૂપ એક જ તાન છે જેને તે તેવા છે=ધ્યાનએકતાનવાળા છે. તેનો ભાવ=ધર્મધ્યાનએકતાનવાળાનો ભાવ, તે પણું એ ધ્યાનએકતાનપણું છે. 'ઇતિ' શબ્દ સમાપ્તિમાં છે=નિરપેક્ષયતિધર્મના કથનની સમાપ્તિમાં છે. ॥૯૮/૩૬૭॥

ભાવાર્થ :-

નિરપેક્ષયતિધર્મવાળા મુનિઓ સદા અપ્રમત્તભાવથી પ્રાયઃ કાઉસ્સગ્ગ મુદ્રામાં રહીને શુદ્ધ આત્મભાવને પ્રગટ કરવા અર્થે અધ્યયન કરેલાં સૂત્રો-અર્થોથી આત્માને ભાવિત કરીને ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં પ્રવર્તાવવા માટે ઉદ્યમવાળા છે, તેથી તે વખતે તેમનું સૂત્ર-અર્થનું ચિંતવન લક્ષ્યની નિષ્પત્તિને અનુકૂળ એકતાનવાળું હોય છે, તેથી તેઓનો શ્રુતનો ઉપયોગ રત્નત્રયીના ક્ષયોપશમની વૃદ્ધિ દ્વારા, ક્ષાયિકભાવના રત્નત્રયીને પ્રગટ કરવાને અનુકૂળ એકતાનથી ધ્યાનમાં પ્રવર્તે છે; જેના બળથી તે મહાત્માઓ ઉત્તર ઉત્તરના અસંગભાવને સ્પર્શીને આત્મામાં દીર્ઘસંસાર ચલાવવાની જે સંગશક્તિ છે તેના સંસ્કારોને નાશ કરીને અસંગશક્તિના સંસ્કારોનું આધાન કરે છે. **॥૯૮/૩૬૭॥**

અવતરણિકા :-

અથોપસઞ્જિહીર્ષુરાહ –

અવતરણિકાર્થ :-

હવે ઉપસંહાર કરવાની ઇચ્છાથી કહે છે –

ભાવાર્થ :-

પાંચમા અધ્યાયના પ્રારંભમાં યતિધર્મ કેવો દુષ્કર છે ?, કેવા ઉત્તમ ફળવાળો છે ? અને દુષ્કર હોવા છતાં મહાત્માઓ કેમ તેમાં યત્ન કરી શકે છે ? તે શ્લોક-૩ દ્વારા બતાવ્યું. ત્યારપછી ૯૮ સૂત્રો દ્વારા સાપેક્ષયતિધર્મનું અને નિરપેક્ષયતિધર્મનું સ્વરૂપ બતાવ્યું. હવે શ્લોક-૪માં તે સર્વ કથનનો ઉપસંહાર કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

सम्यग् यतित्वमाराध्य महात्मानो यथोदितम् ।
सम्प्राप्नुवन्ति कल्याणमिहलोके परत्र च ।।४।।

શ્લોકાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારના યતિપણાની સમ્યક્ આરાધના કરીને મહાત્માઓ આલોકમાં અને પરલોકમાં યથાઉદિત કલ્યાણને પ્રાપ્ત કરે છે. ।।૪।।

ટીકા :-

'सम्यग् यतित्वम्' उक्तरूपमाराध्य समासेव्य 'महात्मानो' जना 'यथोदितं' यथा शास्त्रे निरूपितम्, किमित्याह–'सम्प्राप्नुवन्ति' लभन्ते 'कल्याणं' भद्रम्, क्वेत्याह–'इहलोके परत्र चे'ति प्रतीतरूपमेव ।।४।।

ટીકાર્થ :-

सम्यग् ..... प्रतीतरूपमेव ।। ઉક્તરૂપવાળું સમ્યક્ યતિપણું આરાધન કરીને યથાઉદિત=જે પ્રમાણે શાસ્ત્રમાં નિરૂપણ કરાયું છે તે પ્રકારના, કલ્યાણને=ભદ્રને, મહાત્માઓ શું ? તેથી કહે છે –

કલ્યાણને=ભદ્રને, સંપ્રાપ્ત કરે છે=મેળવે છે.

ક્યાં પ્રાપ્ત કરે છે ? તે કહે છે –

પ્રતીતરૂપ જ આલોકમાં અને પરલોકમાં કલ્યાણ પ્રાપ્ત કરે છે. ।।૪।।

ભાવાર્થ :-

પાંચમા અધ્યાયના પ્રારંભમાં યતિપણાનું દુષ્કરપણું બતાવીને શ્લોક-૩માં કહ્યું તે પ્રકારે યોગ્ય જીવોને સંસારના સ્વરૂપનું જ્ઞાન થાય અને તેના કારણે ચિત્ત ભવથી વિરક્ત બને અને મોક્ષની ઉત્કટ ઇચ્છા થાય ત્યારે તે મહાત્માઓ અત્યાર સુધી વર્ણન કર્યું તે બે પ્રકારના યતિધર્મમાંથી સ્વભૂમિકા અનુસાર યતિધર્મ આરાધીને આલોકમાં અને પરલોકમાં કલ્યાણને પ્રાપ્ત કરે છે.

તે કલ્યાણ કેવા સ્વરૂપવાળું છે ? એથી કહે છે –

જે પ્રકારે શાસ્ત્રમાં કલ્યાણનું સ્વરૂપ નિરૂપણ કર્યું છે તે પ્રકારના કલ્યાણને પ્રાપ્ત કરે છે.

આશય એ છે કે પ્રસ્તુત ગ્રંથના પ્રારંભમાં પ્રથમ અધ્યાયના શ્લોક-૨માં કહેલ કે ધર્મ, ધનાર્થીને ધન દેનારો છે, કામાર્થીને સર્વ કામને દેનારો છે અને પરંપરાથી મોક્ષનો સાધક છે તે વચન અનુસાર કલ્યાણની પ્રાપ્તિને કરાવનારો આ યતિધર્મ છે, તેથી જે મહાત્માઓ સ્વભૂમિકા અનુસાર આ યતિધર્મ સેવે છે તેઓ

તત્કાલ મોક્ષમાં ન જાય તો પરલોકમાં દેવભવની પ્રાપ્તિકાળમાં ઘણા ભોગોની પ્રાપ્તિ કરે છે અને તે ભોગની પ્રાપ્તિકાળમાં યતિધર્મના સેવનના સંસ્કારો વિદ્યમાન હોવાથી યતિધર્મ પ્રત્યેનો પક્ષપાત વર્તે છે. માટે ભોગના રાગ કરતાં પણ મોક્ષ અને મોક્ષના ઉપાયભૂત યતિધર્મ પ્રત્યેનો રાગ અતિશય વર્તે છે, તેથી પૂર્વના ભવમાં સેવાયેલા યતિધર્મનાં ફળરૂપે જે ભોગો મળ્યા છે તેમાં પણ તીવ્ર સંશ્લેષ થતો નથી. વળી, તે ભોગોને ભોગવીને પણ ભોગના સંસ્કારો ક્ષીણ કરે છે, તેથી ઉત્તરના ભવમાં વિશેષ પ્રકારના યતિધર્મની પ્રાપ્તિ કરે છે અને આ રીતે જ્યાં સુધી સંસારમાં રહે ત્યાં સુધી ઉત્તર ઉત્તરના ભવમાં ભોગાદિને પણ પ્રાપ્ત કરે છે અને સુખી થાય છે, તેથી કલ્યાણને પામે છે અને વિશેષ વિશેષ યતિધર્મના પક્ષપાતને કારણે પૂર્વ પૂર્વ કરતાં વિશેષ વિશેષ યતિધર્મને પામીને ઉપશમ ભાવના સુખની વૃદ્ધિને પામે છે, તેથી આત્માની સ્વસ્થતારૂપ પણ કલ્યાણને પ્રાપ્ત કરે છે. આ રીતે પરલોકમાં સદ્ગતિની પરંપરારૂપ કલ્યાણની પ્રાપ્તિ છે તેમ વર્તમાનના ભવમાં પણ યતિધર્મના સેવનના કારણે જે મોહની આકુળતા મંદ મંદતર થાય છે તે સુખરૂપ હોવાથી આ ભવમાં પણ કલ્યાણને પામે છે. માટે જે પ્રકારનું શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રકારનું કલ્યાણ યતિધર્મના સેવનથી મહાત્માઓ પ્રાપ્ત કરે છે. **॥૪॥**

અવતરણિકા :-

एतदेव विवरीषुराह –

અવતરણિકાર્થ :-

આને જ=આલોક અને પરલોકના કલ્યાણને જ, વિવરણ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

क्षीराश्रवादिलब्ध्योघमासाद्य परमाक्षयम् ।
कुर्वन्ति भव्यसत्त्वानामुपकारमनुत्तमम् ।।५।।

શ્લોકાર્થ :-

ક્ષીરાશ્રવાદિલબ્ધિના સમૂહને પ્રાપ્ત કરીને ભવ્ય જીવોના પરમઅક્ષય અનુત્તમ એવા ઉપકારને કરે છે. ॥૫॥

ટીકા :-

'क्षीरं' दुग्धं श्रोतृजनकर्णपुटेषु 'आश्रवति' क्षरति भाषमाणो यस्यां लब्धौ सा 'क्षीराश्रवा,' आदिशब्दान्मध्वाश्रवा सर्पिराश्रवा अमृताश्रवा चेत्यादिको यो 'लब्ध्योघो' लब्धिसङ्घातः तम् 'आसाद्य' उपलभ्य 'परमाक्षयं परमं' सर्वसुन्दरं 'अक्षयं' च अनेकदा उपजीव्यमानमपि अनुपरमस्वभावम्,

किमित्याह–'कुर्वन्ति' विदधति 'भव्यसत्त्वानाम्' उपकर्तुं योग्यानाम् 'उपकारं' सम्यक्त्वज्ञान-चारित्रलाभलक्षणम् 'अनुत्तमं' निर्वाणैकफलत्वेन अन्योपकारातिशायिनमिति ।।५।।

ટીકાર્થ :-

'क्षीरं' ..... अतिशायिनमिति ।। જે લબ્ધિમાં બોલતો પુરુષ હોય ત્યારે શ્રોતૃજનના કર્ણપુરમાં=શ્રોતાના કાનમાં, ક્ષીર=દૂધ ઝરે છે તે ક્ષીરાશ્રવ લબ્ધિ છે. 'આદિ' શબ્દથી મધુરાશ્રવ=મધુનું ઝરણ, સર્પિરાશ્રવ=ઘીનું ઝરણ, અમૃતાશ્રવ=અમૃતનું ઝરણ ઇત્યાદિ જે લબ્ધિનો સમૂહ તેને પ્રાપ્ત કરીને પરમ=સર્વસુંદર, અક્ષય=અનેકવખત ઉપયોગ કરાતું પણ અનુપરમ સ્વભાવવાળું, ભવ્ય સત્ત્વોનું=ઉપકાર કરવા યોગ્ય જીવોનું, અનુત્તમ=નિર્વાણ એકફલપણું હોવાને કારણે અન્ય ઉપકારથી અતિશાયી એવા સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્રના લાભરૂપ ઉપકારને કરે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ તેલધારાપાત્ર ધારણ કરનારાના દૃષ્ટાંતથી અપ્રમાદભાવપૂર્વક સદા જિનવચન અનુસાર રાત્રીદિવસ સર્વ ઉચિત ક્રિયાઓ કરીને યતિભાવનું સેવન કરે છે તેનાથી તેઓમાં તથાસ્વભાવે ક્ષીરાદિ અનેક લબ્ધિઓ પ્રગટે છે, તેથી તે મહાત્માઓ જ્યારે કોઈપણ વચનપ્રયોગ કરે ત્યારે તે વચન જે શ્રોતાના કાનમાં જાય ત્યારે તે શ્રોતાને જેમ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમ તે મહાત્માના વિશેષ પ્રકારના ભાષાના પુદ્ગલોના બળથી ક્ષીરાદિ દ્રવ્યો ઝરે છે; જેથી તે શ્રોતાને પણ વિશેષ પ્રકારનો આહ્લાદ ઉત્પન્ન થાય છે અને આવી અનેક લબ્ધિઓને પ્રાપ્ત કરીને તે મહાત્મા યોગ્ય જીવોને અનુત્તમ કોટિનો ઉપકાર કરે છે, જે ઉપકાર નિર્વાણપદની પ્રાપ્તિનું એક કારણ છે, સર્વસુંદર છે અને અક્ષય પામનારું છે; કેમ કે તે મહાત્માના ઉપદેશથી જે જીવોને માર્ગની પ્રાપ્તિ થઈ છે તે જીવો અનેક વખત અન્ય અન્ય જીવોને ઉપકાર કરે તોપણ પોતાને પ્રાપ્ત થયેલો ઉપકાર ક્યારેય ક્ષય પામતો નથી. જેમ પોતાને ધન પ્રાપ્ત થયેલું હોય અને તે ધન બીજાને આપવામાં આવે તો તેને ઉપકાર થાય તોપણ પોતાનું ધન એટલા અંશમાં ક્ષય પામે છે. જ્યારે તે મહાત્માથી પ્રાપ્ત થયેલ રત્નત્રયીરૂપ ઉપકાર તે યોગ્ય જીવો અન્ય અન્યને ઉપકાર કરે તોપણ ક્ષય ન પામે તેવો સર્વશ્રેષ્ઠ ઉપકાર છે. માટે યતિધર્મથી પ્રાપ્ત થયેલું કલ્યાણ આ ભવમાં પણ ઘણા જીવોની કલ્યાણની પરંપરાનું કારણ બને છે અને પોતાને પણ અનેક પ્રકારની લબ્ધિનું કારણ બને છે અને અંતે પરલોકમાં પણ મહાકલ્યાણ પ્રાપ્ત થશે તે ગ્રંથકારશ્રી સ્વયં આગળના શ્લોકમાં બતાવશે.

અહીં વિશેષ એ છે કે શ્લોક-૪ના ભાવાર્થમાં જે આલોક અને પરલોકના કલ્યાણનું વર્ણન કર્યું તે કલ્યાણ સામાન્ય સર્વ યતિઓને પ્રાપ્ત થાય છે અને પ્રસ્તુત શ્લોકમાં જે આલોકના કલ્યાણનું વર્ણન કર્યું તે વિશેષ પ્રકારના યતિઓને થાય છે, તેથી પરસ્પર વિરોધ નથી. **॥૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

સૂત્ર :-

मुच्यन्ते चाशु संसारादत्यन्तमसमञ्जसात् ।
जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतात् ।।६।।

સૂત્રાર્થ :-

જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-રોગ-શોક આદિ ઉપદ્રવવાળા એવા અત્યંત અસમંજસ સંસારથી શીઘ્ર મુક્ત થાય છે. ।।૬।।

ટીકા :-

'मुच्यन्ते' परिहीयन्ते, 'चः' समुच्चये, 'आशु' शीघ्रं 'संसारात्' भवात्, कीदृशादित्याह–'अत्यन्तम्' अतीव, 'सङ्गतं' युक्तम् 'अञ्जः' स्वरूपं यस्य स तथा, तत्प्रतिषेधादसमञ्जसस्तस्मात्, अत एव 'जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतात्, जन्मना' प्रादुर्भावेन 'मृत्युना' मरणेन 'जरया' स्थविरभावलक्षणया 'व्याधिना' कुष्ठादिरूपेण 'शोकेन' इष्टवियोगप्रभवमनोदुःखविशेषेण 'आदि'शब्दाच्छीतवातादिभिरुपद्रवैरुपद्रुतात्' विह्वलतामानीतादिति ।।६।।

इति श्री मुनिचन्द्रसूरिविरचितायां धर्मबिन्दुवृत्तौ यतिधर्मविधिः पञ्चमोऽध्यायः समाप्तः।।५।।

ટીકાર્થ :-

'मुच्यन्ते' ..... विह्वलतामानीतादिति ।। જે મહાત્મા યતિધર્મ સેવે છે તે સંસારથી=ભવથી શીઘ્ર મુક્ત થાય છે. કેવા પ્રકારના સંસારથી મુક્ત થાય છે ? અત્યંત સંગત=યુક્ત, અંજસ્=સ્વરૂપ છે જેને તે તેવું છે=સંગતસ્વરૂપવાળું છે તેના પ્રતિષેધથી અસમંજસ અને અત્યંત અસમંજસ સંસારથી મુક્ત થાય છે એમ અન્વય છે. આથી જ=સંસાર અત્યંત અસમંજસ છે આથી જ, જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-રોગ-શોક આદિ ઉપદ્રવવાળો છે. જન્મથી=પ્રાદુર્ભાવથી, મૃત્યુથી=મરણથી, સ્થવિરભાવરૂપ જરાથી, કુષ્ઠાદિરૂપ વ્યાધિથી, ઇષ્ટવિયોગપ્રભવમનોદુઃખવિશેષરૂપ શોકથી, 'આદિ' શબ્દથી શીત-વાતાદિ ઉપદ્રવોથી, ઉપદ્રુત હોવાને કારણે=વિહ્વળતાને પામેલું હોવાને કારણે અત્યંત અસમંજસ સંસાર છે એમ અન્વય છે. ।।૬।।

એ પ્રમાણે શ્રી મુનિચંદ્રસૂરિ વિરચિત ધર્મબિન્દુ વૃત્તિમાં 'યતિધર્મવિધિ' પાંચમો અધ્યાય સમાપ્ત થયો. ॥૫॥

ભાવાર્થ :-

જે મહાત્માઓ બુદ્ધિમાન છે તેઓ સર્વ ઉદ્યમથી મહાઉપદ્રવકારી સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમ કરે છે. સંસારના ઉચ્છેદ માટે યત્ન કરવો એ જ યતિભાવ છે અને તેવા મહાત્માઓ જ્યારે તે યતિભાવને સેવીને આત્માની અસંગ પરિણતિને પ્રગટ કરે છે ત્યારે સંસારના કારણીભૂત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયનો નાશ થાય છે. અને તેવા મહાત્માઓ શીઘ્ર યોગનિરોધ કરીને અત્યંત અસમંજસ એવા સંસારથી શીઘ્ર મુક્ત થાય છે. અર્થાત્ જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-રોગ-શોક-શીત-વાતાદિ ઉપદ્રવેથી અત્યંત અસમંજસ એવા સંસારથી મુક્ત થાય છે, જે તેઓની બુદ્ધિમત્તાનું શ્રેષ્ઠ ફળ છે. **॥૬॥**

પાંચમો અધ્યાય સમાપ્ત

અનુસંધાન : ધર્મબિંદુ પ્રકરણ ભાગ-૩

पदंपदेन मेधावी, यथारोहति पर्वतम् ।
सम्यक् तथैव नियमाद्धीरश्चारित्रपर्वतम् ।।

બુદ્ધિમાન પુરુષ જે પ્રમાણે પર્વતને પગલે પગલે
સ્ખલના વગર ચડે છે તે પ્રમાણે જ ધીર એવો શ્રાવક
ચારિત્રરૂપી પર્વત ઉપર સમ્યગ્ આરોહણ કરે છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેકસ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in